ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૪

**અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના**
**૨૮ થી ૪૪ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૨ અક્ષરશઃ પ્રવચનો**

**પ્રકાશક**
**શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ**
**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
| --- | --- | --- |
| ૨૫૪૯ | ૨૦૭૯ | ૨૦૨૩ |

**પ્રકાશન**

પ્રશમમૂર્તિ બહેનશ્રી ચંપાબહેનનો ૧૧૦મો
જન્મ જયંતિ મહોત્સવ, તા. ૧-૯-૨૦૨૩

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદ્દઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું ‘સમયસાર રહસ્ય’ નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની

મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો ‘પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.’

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજૂ

કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગર, શ્રીમતી પારૂલબેન શેઠ, વિલેપાર્લા અને શ્રીમતી ઉપમાબેન દોશીનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદ્ઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો પ્રથમ ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા



| પ્રવચન | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૯૯ | ૧૦–૦૬–૧૯૭૨ | ગાથા–૨૮–૨૯, કળશ–૨૫ | ૦૦૧ |
| ૧૦૦ | ૧૭–૦૬–૧૯૭૨ | ગાથા–૩૦–૩૧, કળશ–૨૫–૨૬ | ૦૧૭ |
| ૧૦૧ | ૧૮–૦૬–૧૯૭૨ | ગાથા–૩૧ | ૦૩૨ |
| ૧૦૨ | ૧૯–૦૬–૧૯૭૨ | ગાથા–૩૧ | ૦૪૫ |
| ૧૦૩ | ૨૦–૦૬–૧૯૭૨ | ૩૧–૩૨ | ૦૫૭ |
| ૧૦૪ | ૨૧–૦૬–૧૯૭૨ | ગાથા–૩૨ | ૦૭૦ |
| ૧૦૫ | ૨૨–૦૬–૧૯૭૨ | ગાથા–૩૨–૩૩ | ૦૮૩ |
| ૧૦૬ | ૨૩–૦૬–૧૯૭૨ | ગાથા–૩૩ | ૦૯૭ |
| ૧૦૭ | ૨૪–૦૬–૧૯૭૨ | ગાથા–૩૪, શ્લોક–૨૮ | ૧૧૧ |
| ૧૦૮ | ૨૫–૦૬–૧૯૭૨ | ગાથા–૩૪–૩૫ | ૧૨૫ |
| ૧૦૯ | ૨૬–૦૬–૧૯૭૨ | ગાથા–૩૪–૩૫ | ૧૩૮ |
| ૧૧૦ | ૨૭–૦૬–૧૯૭૨ | ગાથા–૩૬, શ્લોક–૨૯ | ૧૪૯ |
| ૧૧૧ | ૨૮–૦૬–૧૯૭૨ | ગાથા–૩૬ | ૧૬૩ |
| ૧૧૨ | ૨૯–૦૬–૧૯૭૨ | ગાથા–૩૬, શ્લોક–૩૦ | ૧૭૬ |
| ૧૧૩ | ૩૦–૦૬–૧૯૭૨ | ગાથા–૩૭ | ૧૯૧ |
| ૧૧૪ | ૦૧–૦૭–૧૯૭૨ | ગાથા–૩૭–૩૮, શ્લોક–૩૧ | ૨૦૨ |
| ૧૧૫ | ૦૨–૦૭–૧૯૭૨ | ગાથા–૩૮ | ૨૧૭ |
| ૧૧૬ | ૦૩–૦૭–૧૯૭૨ | ગાથા–૩૮ | ૨૨૯ |
| ૧૧૭ | ૦૪–૦૭–૧૯૭૨ | ગાથા–૩૮ | ૨૪૦ |
| ૧૧૮ | ૩૧–૦૭–૧૯૭૨ | ગાથા–૩૮ | ૨૫૨ |
| ૧૧૯ | ૦૧–૦૮–૧૯૭૨ | ગાથા–૩૮ | ૨૬૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૨૦ | ૦૨-૦૮-૧૯૭૨ | ગાથા-૩૮ | ૨૭૬ |
| ૧૨૧ | ૦૩-૦૮-૧૯૭૨ | ગાથા-૩૮ | ૨૮૭ |
| ૧૨૨ | ૦૪-૦૮-૧૯૭૨ | ગાથા-૩૮ | ૩૦૧ |
| ૧૨૩ | ૦૫-૦૮-૧૯૭૨ | ગાથા-૩૮, શ્લોક-૩૨ | ૩૧૫ |
| ૧૨૪ | ૦૬-૦૮-૧૯૭૨ | શ્લોક-૩૨-૩૩ | ૩૨૮ |
| ૧૨૫ | ૦૭-૦૮-૧૯૭૨ | શ્લોક-૩૩, ગાથા-૩૪ થી ૪૩ | ૩૪૧ |
| ૧૨૬ | ૦૮-૦૮-૧૯૭૨ | ગાથા-૩૪ થી ૪૩ | ૩૫૬ |
| ૧૨૭ | ૦૯-૦૮-૧૯૭૨ | ગાથા-૩૪ થી ૪૪ | ૩૭૦ |
| ૧૨૮ | ૧૦-૦૮-૧૯૭૨ | ગાથા-૪૪ | ૩૮૬ |
| ૧૨૯ | ૧૧-૦૮-૧૯૭૨ | ગાથા-૪૪ | ૩૯૯ |
| ૧૩૦ | ૧૨-૦૮-૧૯૭૨ | શ્લોક-૩૪ | ૪૧૨ |

## શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

સહજ ચિદાનંદ

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના શબ્દશઃ સળંગ પ્રવચનો)

(ભાગ-૪)

## ગાથા-૨૮

तथा हि —

इणमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी।
मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं।।२८।।
इदमन्यत् जीवाद्देहं पुद्गलमयं स्तुत्वा मुनिः।
मन्यते खलु संस्तुतो वन्दितो मया केवली भगवान्।।२८।।

यथा कलधौतगुणस्य पाण्डुरत्वस्य व्यपदेशेन परमार्थतोऽतत्स्वभावस्यापि कार्तस्वरस्य व्यवहारमात्रेणैव पाण्डुरं कार्तस्वरमित्यस्ति व्यपदेशः, तथा शरीरगुणस्य शुक्ललोहितत्वादेः स्तवनेन परमार्थतोऽतत्स्वभावस्यापि तीर्थकरकेवलिपुरुषस्य व्यवहारमात्रेणैव शुक्ललोहित-स्तीर्थकरकेवलिपुरुष इत्यस्ति स्तवनम्। निश्चयनयेन तु शरीरस्तवनेनात्मस्तवनमनुपपन्नमेव।

જીવથી જુદા પુદ્ગલમયી આ દેહને સ્તવીને મુનિ
માને પ્રભુ કેવળી તણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.

ગાથાર્થઃ- [जीवात् अन्यत्] જીવથી ભિન્ન [इदम् पुद्‌गलमयं देहं] આ પુદ્‌ગલમય દેહની [स्तुत्वा] સ્તુતિ કરીને [मुनिः] સાધુ [मन्यते खलु] એમ માને છે કે [मया] मैं [केवली भगवान्] કેવળી ભગવાનની [स्तुतः] સ્તુતિ કરી, [वन्दितः] વંદના કરી.

ટીકાઃ- જેમ, પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, ચાંદીનો ગુણ જે શ્વેતપણું, તેના નામથી સુવર્ણનું 'શ્વેત સુવર્ણ' એવું નામ કહેવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કહેવામાં આવે છે; તેવી રીતે, પરમાર્થથી શુકલ-રકતપણું તીર્થંકર-કેવળીપુરુષનો સ્વભાવ નહિ હોવા છતાં પણ, શરીરના ગુણો જે શુકલ-રકતપણું વગેરે, તેમના સ્તવનથી તીર્થંકર-કેવળીપુરુષનું 'શુકલ-રકત તીર્થંકર-કેવળીપુરુષ' એવું સ્તવન કરવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું જ નથી.

ભાવાર્થઃ- અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનયે તો અસત્યાર્થ કહ્યો છે અને શરીર જડ છે તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે? તેનો ઉત્તરઃ- વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે.વળી છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી, શરીર દેખાય છે, તેની શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાન્ત ભાવ થાય છે. આવો ઉપકાર જાણી શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે; તથા શાન્ત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે એ પણ ઉપકાર છે.

---

**જયેષ્ઠ સુદ-૫, શુક્રવાર, તા. ૧૬-૦૬-૧૯૭૨**
**ગાથા-૨૮-૨૯, કળશ-૨૫, પ્રવચન-૯૯**

'આ જ વાત હવેની ગાથામાં કહે છે :—'

इणमण्णं जीवादो देहं पोग्गलमयं थुणित्तु मुणी।
मण्णदि हु संथुदो वंदिदो मए केवली भयवं।।२८।।

જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ
માને પ્રભુ કેળવી તણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.

એની ટીકા. શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નથી એમ સિદ્ધ કરવું છે. વ્યવહારથી

એમ કહેવામાં આવે છે કે ભગવાન આવા છે અને ભગવાન આવા છે. અતિશયવાળા છે. વાણી આવી છે. એ બધું વ્યવહારથી સ્તવન કહેવાય. શુભવિકલ્પ હોય છે ત્યારે એવું સ્તવન હોય છે. પરમાર્થે એ સ્તવન નહિ.

'**ટીકા :- જેમ પરમાર્થથી શ્વેતપણું સુવર્ણનો સ્વભાવ નહિ હોવા છતાં...**' ખરેખર ધોળાપણું એ સોનાનો સ્વભાવ નહિ '**પણ, ચાંદીનો ગુણ જે શ્વેતપણું,...**' એ તો રૂપાનો ગુણ ધોળો છે. પુસ્તક નથી? પુસ્તક છે. '**તેના નામથી સુવર્ણનું 'શ્વેત સુવર્ણ' એવું નામ કહેવામાં આવે છે...**' ધોળું સોનું. એમ કહે છેને તમારે શું કહે છે? છાશીયું સોનું તમારે? સફેદ. સોનું સફેદ નથી. સોનું તો ચાંદીના કારણે એને સફેદ કહેવાય છે. સોનું તો સોનું છે. '**તે વ્યવહારમાત્રથી જ કહેવામાં આવે છે;...**' સોનાને ધોળું, ચાંદીમાં સાથે ગળાયેલ એક લઠ્ઠાને કારણે એમ એને સોનું ધોળું વ્યવહારમાત્રથી કહેવામાં આવે છે. '**તેવી રીતે, પરમાર્થથી શુક્લ-રક્તપણું...**' ભગવાન પીળા છે અને ધોળા છે. આવે છેને? સોળ સુવર્ણવર્ણી. ચોવીસ તીર્થંકરમાં આવે છે. સોળ સુવર્ણવર્ણી. બે રાતા વર્ણી, બે કાળા વર્ણી અને બે લીલાવર્ણી એવું આવે છે. એ તીર્થંકર ધોળા અને રાતા '**કેવળીપુરુષનો સ્વભાવ નહિ હોવા છતાં...**' એ કાંઈ એના આત્માનો સંબંધ નથી. એ તો શરીરના સ્વભાવની સ્તુતિ કહેવામાં આવે વ્યવહાર સ્તુતિ હોય છે.

'**શરીરના ગુણો જે શુક્લ-રક્તપણું વગેરે, તેમના સ્તવનથી તીર્થંકર-કેવળીપુરુષનું 'શુક્લ-રક્ત તીર્થંકર-કેવળીપુરુષ' એવું સ્તવન કરવામાં આવે છે તે વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયે...**' સત્યદૃષ્ટિથી જોઈએ તો '**શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું જ નથી.**' શરીરના વખાણ કરવાથી કાંઈ આત્મા ભગવાનના વખાણ એ નથી. એ તો પુણ્ય પ્રકૃતિનું ફળ વાણી આવી હોય અને શરીર આવું હોય અને દશે દિશા ઉજળી કરે એ બધી ભાષા છે વ્યવહારની.

મુમુક્ષુ :- તો એવી વ્યવહારની ભાષા કરી શું કરવા?

ઉત્તર :- છેને. આવે છેને. એવો નિમિત્ત સંબંધ છેને. નિમિત્તનો શુદ્ધ ઉપાદાનથી .. એવું શરીર, વાણી નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા એવું .. આવે. એનો અર્થ કે શુભરાગ હોય ત્યારે એવા સંબંધથી સ્તુતિ થાય એમ કહેવું.

મુમુક્ષુ :- એમ કે પહેલા .. કચરો નાખો અને પછી કાઢી નાખો.

ઉત્તર :- એ કચરા નાખવાની ક્યાં વાત કરો છો? પણ એવો આવે શુભભાવ. નિશ્ચય અંતર ભાન હોય છતાં તીર્થંકર... સવારમાં નહોતું આવ્યું? મહાપુરુષ પંચ પરમેષ્ઠીની ભક્તિ, એની શ્રદ્ધા એને વ્યવહાર સમકિત આવે, હોય. સવારમાં આવ્યું હતું કે નહિ? નિયમસાર.

મુમુક્ષુ :- નિશ્ચય ભક્તિ કહે છે.

ઉત્તર :- હા, તો હોય છેને સર્વજ્ઞ પરમાત્મા વિકલ્પ ઉઠે ત્યારે સર્વ દ્રવ્ય ઉપર એનું લક્ષ જાય છે. એટલે એ વ્યવહારથી ભગવાન! એ સ્તુતિ વ્યવહારે કહેવામાં આવે છે. વાણી ભગવાનની છે એમ કહેવું એ તો વ્યવહાર છે. ભગવાને આ સમજાવ્યું, ભગવાનની કૃપાથી મુક્તિ થાય. ભગવાનની કૃપાથી મુક્તિ થાય. કેમકે એની વાણીથી જ્ઞાન થાય, જ્ઞાનથી મુક્તિ થાય અને જ્ઞાનમાં ભગવાનની વાણી નિમિત્ત છે. એ વાણી આપ્તપુરુષની છે, વીતરાગની છે. પંડિતજી! આ સમયસારમાં આવ્યુંને. ભગવાનની વાણી પણ પૂજનિક છે વ્યવહારે. કળશમાં આવ્યું હતુંને. જિનવાણી છેને? વીતરાગ વાણી નિમિત્તથી છે. વાણી વાણીથી છે, પણ એમાં નિમિત્તપણું કેવળજ્ઞાનીનું છે એથી વાણી પણ પૂજ્ય કહેવામાં આવે છે. વ્યવહારે. નિશ્ચયથી પૂજ્ય આત્મા છે. આહા..હા..!

**'વ્યવહારમાત્રથી જ કરવામાં આવે છે. પરંતુ નિશ્ચયનયે શરીરનું સ્તવન કરવાથી આત્માનું સ્તવન બનતું જ નથી.'** એમ. **'બનતું જ નથી.'** ત્યારે આમાંથી એ .. કાઢે કેટલાક. જુઓ આમાં વ્યવહારનો નિષેધ કર્યો છે. એ ભગવાનની પ્રતિમા, મૂર્તિ અને પૂજા, સ્તવનનો ઉલ્લેખ .. કર્યો એવું કાઢે કેટલાક સ્થાનકવાસી. જુઓ, અહીં ના પાડી છે. મૂર્તિની પૂજા અને બધું વ્યવહાર છે. પણ વ્યવહાર છે કે નહિ? ત્યારે એનો નિષેધ કર્યો કે નહિ? આહા..હા..! ભગવાનની ભક્તિ, પૂજા, સ્તવન હોય છે. શુભભાવ જ્યારે આવે એ જાતનો. શુભભાવના ઘણાં પ્રકાર. જ્યારે એ જાતનો શુભભાવ હોય તો ભગવાનની સ્તુતિ, વંદન આદિ હોય છે. હોય છે. એથી મૂર્તિ નથી અને પ્રતિમા નથી એમ આમાં નિષેધ નથી થાતો કાંઈ.

મુમુક્ષુ :- દૂધમાં પણ પગ રાખવો અને દહીંમાં પણ પગ રાખવો.

ઉત્તર :- દૂધ દહીમાં નથી. દૂધ દૂધમાં છે અને દહીં દહીંમાં છે. વ્યવહાર વ્યવહારમાં છે, નિશ્ચય નિશ્ચયમાં છે. આહા..હા..! એને તો વધારે લેશે ભાવાર્થવાળા તો. અહીં તો ના પાડે છે. આગળ લઈ જશે. આવે છે. સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ આત્મા એક સમયમાં જેને પૂર્ણદશા. **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।'** ભગવાનના પર્યાયમાં પૂર્ણતા એવી જેને પ્રતીત થાય એવી પ્રતીતનું વલણ એનું આત્મા તરફ જાય. .. આવે કે અરિહંત આવા છે, એના ગુણ આવા છે, એની પર્યાય આવે છે. **'सो जाणदि अप्पाणं'** એમ આવે છે. ... કહ્યો. આવે છે, પણ એ વ્યવહાર નિશ્ચયનું કારણ છે એમ નથી. કોઈ નયે નથી. વ્યવહારથી કહેવાય, એ વ્યવહારથી કહેવાય એનો અર્થ શું? વ્યવહાર રાગ છે એ હોય છે. પણ એનાથી નિશ્ચય થાય છે એમ નથી. નિશ્ચય તો સ્વદ્રવ્યને આશ્રયે એ અહીં કહેશે. કેવળીની સ્તુતિ કોને કહેવી? ત્યારે આ કેવળી એટલે ભગવાન નહિ નાખે, આ આત્મા નાખે. આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એની એકાગ્રતા એ કેવળીની સ્તુતિ છે. વ્યવહાર આવે ખરો, પણ

એનું ફળ છે પુણ્યબંધન. લ્યો ઠીક! આવે ખરું એય..! ગીરધરભાઈ! એણે ગીરધરભાઈએ નવું દેરાસર કર્યું છે. એવો ભાવ હોય છે. પૂર્ણ ન હોય ત્યારે. અજ્ઞાનમાં પણ એવો શુભભાવ તો હોય છેને. કે ભગવાન હોય, પ્રતિમા હોય એ ભાવ હોય છે, પણ એ ભાવનું ફળ મુક્તિ નહીં. આહા..હા..! પાપથી બચવા અથવા એ કાળે તે પ્રકારનો જ ભાવ આવે પાછો એમ. અજીબ વાત છે. એના નિયમમાં એવો ભાવ આવે. એથી એ આત્માનું સ્તવન છે એમ નહિ. પણ એથી કરીને વ્યવહાર ન હોય એમ નહિ.

કબીર કહે છેને કે 'મૂર્તિ પૂજે હરિ મિલે તો મૈં પૂજું મોટા પહાડ, પત્થરથી શક્તિ ભલી .. સંસાર.' એ બધું વાંચ્યું છે. દુકાન ઉપર વાંચ્યું છે. એ વાડીલાલ મોતીલાલ હતાને ભાઈ! એની ભેટ આવી છે. વાડીલાલ મોતીલાલ ..પત્રકાર હતા અમદાવાદથી. દુકાન ઉપર ત્યાં મગાવતા અમે. હું (વાંચુ)ને બીજા બધા કોઈ વાંચે નહિ. આપણે મગાવીએ. એમાં આ ભેટ આવ્યું હતું. કબીરના દોહા. એ વખતે હોં! ૬૪-૬૫ની વખતે. જાતા પહેલા. એમાં આ બધું હતું. 'કબીર કહે મુક્તિ ફળ પૂજે હરિ મિલે તો મૈં પૂજું મોટા પહાડ.' 'પત્થર પૂજે હરિ મિલે તો મૈં પૂજું બડા પહાડ. પત્થરથી તો શક્તિ ભલી .. ખાય સંસાર.' એમ. એ બધી વાર્તા છે. એકલા જ્ઞાન દ્વારા સમજે નહિ તત્ત્વને. એવો સમ્યક્ આત્માના ભાનમાં પણ સ્વરૂપમાં સ્થિર થઈ શકે નહિ ત્યારે એવો શુભભાવ ભક્તિનો આવ્યા વિના રહે નહિ. હોય છે ખરું, પણ એ પરમાર્થસ્વરૂપ નહિ. વ્યવહાર સ્વરૂપે સ્વરૂપ વ્યવહાર હોય છે ખરો. પણ એનાથી એ મુક્તિથી સમકિત થાય અને વ્યવહારથી સમકિત થાય અને એનાથી જ્ઞાન થાય એ વાતમાં માલ કાંઈ નથી. કહો, ચીમનભાઈ! ભારે આકરું. એક તો મૂર્તિ પૂજક નહોતી એમાં મૂર્તિ પૂજક કર્યા ત્યાં એમાં પછી આ વાત. એવો શુભભાવ હોય છે.

સંસારના પાપભાવ કરે છે છોકરાને પરણાવવાના, દીકરીના લગનના. જુઓ કરે છે કે નહિ કેવા સરસ કરે છે. જમાઈને પાસ કરવા. પાસ એટલે પસંદ કરવા. .. આઠ લાખ ખર્ચ્યા લ્યો છોડીના લગનમાં. તો પછી આ એને માટે તો ધર્મને માટે એને ભાવ હોય કે નહિ? કેટલી ખુશી કર્યા લે બોલો! .. સામાન્ય... સુમનભાઈએ એમ કહ્યું ને કે જો .. પાઈ પાઈ લેશું. અમારે તો એક જ દીકરી હતી અને અમારે દીકરા દીકરી ઘણા છે. અત્યારે.. ચીમનભાઈ કહે કે તમારી દીકરી અમે લીધી, અમે તમને આપી. તો જેટલા પૈસા અમે ખર્ચ્યા છે એટલા પાછા સામા લેશું. એ વાતું તો બેય કરે. ઓલા બિચારાએ જવાબ દીધો કે ભાઈ જો તમારે તો એક જ દીકરી નારણભાઈને. અહીં અમારે દીકરા ઘણા, દીકરીયું ઘણી. તો એમાં લજ્જા માટે કરે છે કે નહિ? તોપણ એક લાખ આપ્યા કહે સામે છોડીને એક લાખ આપ્યા. પચાસ હજાર બીજા. દસ લાખ ખર્ચ્યા હતા. ત્યારે એવું કરે છે કે નહિ? અહીં તો એ કહેવું છે.

તો ધર્મને માટે પરમાત્મા, ત્રિલોકનાથ વીતરાગદેવ એના મંદિરો એવો ભાવ આવે. સમજાણું કંઈ? પણ એ ભાવની મર્યાદા પુણ્ય જેટલી છે. જુઓ, એકકોર હા પાડે, વળી બીજી કોર ના પાડે. એ વસ્તુનું સ્વરૂપ જ એવું સ્યાદ્વાદ છે. અને તે મૂર્તિ ભગવાન નથી સાક્ષાત્ ત્યાં. એ તો સ્થાપના છે. એનું પ્રતિનિધિત્વ સ્થાપે ત્યાં કે ભગવાન આવા હતા. ભગવાન આવા હતા. વીતરાગતા દેખે. એ આવે છે.

**'ભાવાર્થ :- અહીં કોઈ પ્રશ્ન કરે કે વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે...'** વ્યવહારનયને જૂઠો કહ્યો ૧૧માં. **'અને શરીર જડ છે તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે?' 'તેનો ઉત્તર :- ' 'વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે?'** એવા શરીરના વખાણ કરવા અને આવા કરવા અને ફલાણું કરવું અને ઢીંકણું કરવું. **'વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી,...'** વ્યવહાર વિષય નથી જ એમ નથી. અસત્યાર્થ તો ત્રિકાળની અપેક્ષાએ અસત્યાર્થ કહ્યો છે. પર્યાયને અભૂતાર્થ કીધી જુઓ. નથી એમ કીધું. ત્રિકાળ વસ્તુ તે સત્યાર્થ છે અને એક સમયની પર્યાય તો અસત્યાર્થ છે. કઈ અપેક્ષાએ? ગૌણ કરીને નથી એમ કહ્યું છે. અભાવ કરીને નથી એમ નહિ. આહા..હા..! ભારે ભિન્ન-ભિન્ન કથન. .. શાસ્ત્રમાં ક્યાંય પ્રતિમા છે? કે ના કોઈ ઠેકાણે તત્ત્વાર્થસૂત્રમાં ક્યાંય પ્રતિમા નથી. સ્થાનકવાસી આવી વાત કરે. મરી જઈશ. એ જ્ઞાન સમ્યક્ થાય એને જ્ઞેયના ભેદોના ચાર પ્રકાર પડે એવું એનું જ્ઞાન નય વિષયી છે અને એની સ્થાપના આદિ એનો વિષય છે. એ આવ્યા વિના રહે નહિ.

એ પ્રશ્ન અમારે ભાઈ થયેલો. દામોદર શેઠ સાથે. દામોદર શેઠ કહે કે મૂર્તિ તો મિથ્યાદષ્ટિ હોય ત્યાં સુધી હોય. પૂજા મૂર્તિ. સમ્યગ્દષ્ટિ પછી નહિ. કીધું સમ્યગ્દર્શન પછી જ મૂર્તિ હોય, પહેલાં હોય જ નહિ. આ તો ૭૬ની વાત છે. ... કેમ? કે સમ્યગ્જ્ઞાન જ્યાં આત્માનું થાય શુદ્ધ જ્ઞાન ચૈતન્ય મૂર્તિ અખંડ. એ શ્રુતજ્ઞાનનો ભેદ પડે તે નય. તો એમાં નિશ્ચય અને વ્યવહાર બે. વ્યવહારનય છે એ વિષયી છે. એને નિક્ષેપ સામે વિષય એવો આવ્યા વિના રહે નહિ. એને જ વિષય નિક્ષેપ હોય. ગીરધરભાઈ! આ વાત તો ૮૩માં બહુ થયેલી ઘણી. ખરેખર તો સમ્યગ્દષ્ટિને આત્માને આશ્રયે જ્યાં ધર્મ સમ્યક્ થાય છે ત્યારે એને શ્રુતજ્ઞાન થાય છે. ભાવશ્રુતજ્ઞાન. એ પ્રમાણ છે અને એનો ભેદ તે નય છે. તે નય છે એટલે વિષયી છે-વિષય કરનાર. ત્યારે સામી ચીજ છે એ વિષય છે. નામ, સ્થાપના, દ્રવ્યભાવ જ્ઞેયના ભાગ છે. એ જ્ઞેયના ભાવ વિષય નયનો વિષય થયા વિના રહે નહિ. વસ્તુકી સ્થિતિ ઐસી હૈ. ખેંચાતાણ કરે એમ ન ચાલે. જેમ હોય એમ લેવું જોઈએ. એ તો વાત સંપ્રદાયમાં કરેલી. દામોદર શેઠ બહુ તાણતા. મૂર્તિ નથી. મૂર્તિ તો મિથ્યાદષ્ટિ હોય ત્યાં સુધી પૂજા. અરે કીધું સમ્યગ્દષ્ટિ પછી જ એ મૂર્તિનો વિષય અને એ પૂજ્ય હોય છે. મૂર્તિ વિના વ્યવહાર

નહિ અને વ્યવહારનો વિષય નય થયા વિના વિષય કેવો આવે? હજી નય જ ઉઘડી નથી, પ્રમાણ ઉઘડ્યું નથી આત્મા. પૂર્ણાનંદ અખંડ અભેદ છું એવી દૃષ્ટિ થઈ નથી એટલે ભાવશ્રુત જ્ઞાન થયું નથી. ભાવશ્રુત જ્ઞાન વિના નય કોને? એને જ નય હોય અને એને જ એ સામો વિષય. શાંતિભાઈ! અહીં તો ભાઈ વાત એવી છે આ.

માટે ચર્ચા કરો. કેટલા વર્ષ પહેલા? ૮૩ લ્યો તો ૧૭ અને ૨૮, ૪૫ વર્ષ થયા. ૪૫ વર્ષ પહેલાં તકરારું-તકરારું વાંધા કાઢ્યા કરે મારા. ભાઈ એમ ન હોય કીધું ભાઈ અહીં તો. ધીરૂભાઈ! આ દામોદર શેઠ સ્થાનકવાસી દામગનર. એણે કોર્ટમાં આપ્યું સાક્ષી તરીકે. આ તમારે જિન આવે છે એ જિન જક્ષની મૂર્તિ છે. બોટાદમાં. બોટાદની તકરાર. કોર્ટમાં ગયા હતાને. કોર્ટમાં એણે એવું સાક્ષી કર્યું કે શાસ્ત્રમાં જિન શબ્દ આવે છે, તીર્થંકરની મૂર્તિ આવે છે. જિન પ્રતિમા. એ જિન પ્રતિમા એ જક્ષની મૂર્તિ છે. આહા..હા..! ગજબ કર્યો છેને. એમ નથી. શાશ્વત પ્રતિમાઓ છે. શાશ્વત જેમ વીતરાગભાવ જગતમાં છે તો વીતરાગભાવની સ્થાપનારૂપ શાશ્વત એ મૂર્તિઓ પણ શાશ્વત છે. વસ્તુની સ્થિતિ એમ છે. કાઢી નાખે તો .. એમ વસ્તુ ન નીકળે. સમજ મેં આયા? આહા..હા..!

અહીં કહે છે કે વ્યવહાર તો અસત્યાર્થ કહ્યો છે, પણ કઈ અપેક્ષાએ? નિશ્ચયની અપેક્ષાએ અસત્યાર્થ છે. પોતાની અપેક્ષાએ તો છે. નથી? શુભરાગ ભગવાનનો વિષય, લક્ષ હોય છે. હેયબુદ્ધિએ હોય છે ભલે, પણ એ આવ્યા વિના રહેતો નથી. ભારે. કહો, પ્રકાશદાસજી! એ પછી તમારું ત્યાં ન ચાલે ત્યાં ઓલા પત્થર પૂજે તો હરિ મિલે. એ તે દિ' ચાલ્યું હતું એમાં. એ તો ૬૪-૬૫નું પુસ્તક આવ્યું હતું ભેટ દુકાનમાં. વાંચતો હતો તે દિ'. એકાંત છેને. જ્ઞાન છે (તેનું) ભાન નથી. ચૈતન્ય સ્વરૂપનું જ્ઞાન, ભાન નહિ. વાત આવે છે નિયમસારમાં આવે છે નહિ? વિદ્યાનંદજી. હા એ. નિયમસાર છેને. એ. વિદ્યાનંદ. શ્લોક આવ્યો. આમાં છે. નિયમસાર છેને. વિદ્યાનંદસ્વામીનો શ્લોક, ગાથા-૬ પછીનો છે. 'ઇષ્ટ ફળની સિદ્ધિનો ઉપાય સુબોધ છે.' ઇષ્ટફળ મુક્તિ. સિદ્ધિનો ઉપાય સુબોધ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન વિના કાંઈ મુક્તિ મળે? 'અર્થાત્ મુક્તિની પ્રાપ્તિનો ઉપાય સમ્યગ્જ્ઞાન છે. સુબોધ સુશાસ્ત્રથી થાય છે.' લ્યો! સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. રાગ સિદ્ધ કરવો છેને અહીંયાં. નિમિત્ત સાથે .. હોય ખરેખર જ્ઞાન તો પોતાના સ્વને આશ્રયે થાય છે, પણ વ્યવહારે શાસ્ત્ર આવ્યું એને કહ્યું કે આમ થાય એવું લક્ષ થાય છેને? એટલે સુબોધ સમ્યગ્જ્ઞાન સુશાસ્ત્રથી થાય છે. સુશાસ્ત્રની ઉત્પત્તિ આપ્તથી થાય છે. એની ઉત્પત્તિ સર્વજ્ઞથી થાય છે. ભગવાન એક સમયમાં ત્રણકાળ જોયો છે એમાંથી ઉત્પત્તિ થાય છે. 'માટે તેમના પ્રસાદને લીધે આપ્તપુરુષ બુધજનો વડે પૂજવાયોગ્ય છે. મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી.' ઠીક! સર્વજ્ઞના જ્ઞાનમાં આવ્યું છે કે આ સમયે આને મુક્તિ એ એની કરૂણા છે, એ એની કૃપા છે એમ કહેવું છે. શ્રીમદ્

પણ કહે છેને 'કરૂણા હમ પાવત હૈ તુમકી.' .. કરૂણા છે પ્રભુ! તમારા સ્વભાવની.. પર્યાયમાં આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ સમયે થયું એ આપ જ્ઞાનમાં જાણો છો એ આપની કૃપા છે બસ. એવી વાત છે. વ્યવહારની વાત વ્યવહારના સ્થાનમાં બરાબર ગણવી જોઈએ. ખેંચાતાણ કરે તો એમ ન ચાલે. આહા..હા..!

કહે છે 'મુક્તિ સર્વજ્ઞદેવની કૃપાનું ફળ હોવાથી, સર્વજ્ઞદેવ જ્ઞાનીઓ વડે પૂજનીય છે. કેમકે કરેલા ઉપકારને સાધુ પુરુષો ભૂલતા નથી.' પાઠ છે. '**न हि कृतमुपकारं साधवो विस्मरन्ति**' સજ્જન પુરુષો કરેલા ઉપકારને ભૂલતા નથી. પરમાત્મા દેવ-ગુરુ આદિથી જે ઉપકાર થયો તે ઉપકારને જ્ઞાની ભૂલતા નથી. વ્યવહારથી વિકલ્પ વિનય, બહુમાન આવ્યા વિના રહે નહિ એને, પણ એથી એમ નહિ કે એ આવ્યું માટે એનાથી સમ્યગ્દર્શન અને અનુભવ થાય આનંદ. એ વચ્ચે એવો ભાવ એક હોય છે. આટલી મર્યાદા છે. ખેંચાતાણ કરે તો ન ચાલે. કહે છે કે પ્રશ્ન કરે કે '**વ્યવહારનય તો અસત્યાર્થ કહ્યો છે અને શરીર જડ છે તો વ્યવહારના આશ્રયે જડની સ્તુતિનું શું ફળ છે?**' '**વ્યવહારનય સર્વથા અસત્યાર્થ નથી, નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે.**' નિશ્ચયને મુખ્ય કરીને, મુખ્ય કરીને. એને ગૌણ કરીને. પાછો એનો અર્થ એવો કરે કે જુઓ ત્યારે વ્યવહારથી થાય કે નહિ નિશ્ચય? એ ક્યા વાત છે અહીંયાં? એ તો કારણકાર્યમાં નિષેધ કર્યો નહિ? સવારમાં કહ્યું હતું. અકાર્યકારણ શક્તિ આત્મામાં છે. એ વ્યવહાર છે તો નિશ્ચય સમકિત થાય એમ વસ્તુનું સ્વરૂપ એમ નથી. અને નિશ્ચય થયો એણે વ્યવહાર ઉત્પન્ન કર્યો એમ પણ નથી. આહા..હા..! એવી વાતું ભારે!

માટે કહે છે '**નિશ્ચયને પ્રધાન કરી અસત્યાર્થ કહ્યો છે. વળી છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી,...**' પ્રત્યક્ષ. ઈન્દ્રિય વડે બહારથી દેખાય નહિ. શરીર દેખાય. ભગવાનનું શરીર દેખાય લ્યો! ભગવાનનો આત્મા દેખાય છે? વ્યવહારથી વાત છે. '**તેની શાંતરૂપ મુદ્રાને દેખી...**' ભગવાનની હોં શરીર. શાંત... શાંત... મૂર્તિ પણ વીતરાગ મૂર્તિ હોં. વીતરાગ. જ્ઞાની અંતરમાં કેવળજ્ઞાનમાં કેલી કરતા હોય અને રાગની ક્રિયાનો જેને અભાવ હોય એવી શાંત. ભગવાનની, ભગવાનના શરીરની અને ભગવાનની મૂર્તિની. '**શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાંત ભાવ થાય છે.**' કરે એને. આવો વીતરાગ ભાવ. આહા..હા..! જેની પ્રતિમામાં દોષ નહિ. .. આવે છેને બોલ સમયસાર નાટક. પ્રતિમાના વખાણ બહુ કર્યા છે. બનારસીદાસ. 'જાકી અલ્પ ભવ સ્થિતિ જાકી સોહી પ્રમાણે જિન પ્રતિમા જિન સારખી.' લો બનારસીદાસ. જેની અલ્પભવ સ્થિતિ છે. અલ્પભવ સમ્યગ્દર્શનસહિત છે અને એને અલ્પભવ છે. એ 'સોહી પ્રમાણે જિન પ્રતિમા જિન સારખી.' ભગવાન સાક્ષાત્ વ્યવહારે છે એની મહિમા. પ્રતિમાની પાસે વીતરાગતા અને પરમાત્મા છે એમ માને છે. જેને અલ્પભવ

સ્થિતિ છે એવા સમ્યગ્દષ્ટિની વાત છે. આવે છે બનારસીદાસમાં. છે કે નહિ? બનારસી નથી આમાં? નાટક. સમયસાર નાટકમાં આવ્યું. કળશમાં નથી આવ્યું. કળશમાં છે? નાટક નથી. ચૌદ ગુણસ્થાન શરૂ કર્યાને જ્યાં પોતે. એનું વર્ણન કર્યું છે.

'**જિન પ્રતિમા જિન સારખી, નમૈ બનારસિ તાહિ,**' બનારસીદાસ. '**જાકી ભક્તિ પ્રભાવસૌ, કીનૌ ગ્રન્થ નિવાહિ.**' જિન પ્રતિબિંબ કા વાચન. વ્યવહાર છેને. '**જાકે મુખ દરસસૌં ભગતકે નૈનનિકૌં,...**' જેણે ભગવાનની પ્રતિમા દેખવાથી મુક્તિ થવાથી '**ભગતકે નૈનનિકૌં,...**' એના ભગત છે એની આંખમાં '**થિરતાકી બાનિ બઢૈ ચંચલતા વિનસી. મુદ્રા દેખિ કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં,**' ભગવાનની મુદ્રા દેખી કેવળી યાદ આવે ઓહો..! આવા કેવળી. રાગરહિત જ્ઞાનમાં ઠરી ગયેલા, નિષ્ક્રિય બિંબ. '**મુદ્રા દેખિ કેવલીકી મુદ્રા યાદ આવૈ જહાં, જાગે આગૈ ઈંદ્રકી વિભૂતિ દીસૈ તિનસી.**' ભગવાનની મુદ્રા દેખીને એવું હૃદયમાં થાય કે એની આગળ ઈન્દ્રની વિભૂતિ તરણા જેવી લાગે. '**જાકો જસ જપત પ્રકાસ જગૈ હિરદેમૈં,...**' ભગવાનનો જશ ગાતા અંદર હૃદયમાં પ્રકાશ જાગે. '**સોઈ સુદ્ધમતિ હોઈ હુતિ જુ મિલનસી.**' મલિન મતિ નિર્મળ થાય શુભ. '**કહત બનારસી સુમહિમા જાકી, સોહૈ જિનકી છબિ સુવિદ્યમાન જિનસી.**' લ્યો! એય..! કબીર ઉથાપે ત્યાં આ સ્થાપે. માર્ગ એ છે.

'**જાકે ઉર અંતર સુદ્રિષ્ટિકી લહર લસી,...**' '**જિન-મૂર્તિ પૂજકોંકી પ્રશંસા**' '**જાકે ઉર અંતર સુદ્રિષ્ટિકિ લહર લસી,...**' સમ્યગ્દર્શન પ્રગટ્યું, સાચી દષ્ટિ ઉઘડી '**વિનસી મિથ્યાત મોહનિદ્રાકી મમારખી.**' જુઓ, મિથ્યાત્વ ગયું એને આ પ્રતિમાની. '**સૈલી જિનશાસનકી ફૈલી જાકૈ ઘટ ભયૌ,**' શૈલી જિનશાસન. વીતરાગ શાસનની શૈલી '**ફૈલી જાકૈ ઘટ ભયો, ગરબકૌ ત્યાગી ષટ-દરબકો પારખી.**' સમ્યગ્દષ્ટિ '**ગરબકો ત્યાગી ષટ-દરબકો પારખી.**' ષટ્ દ્રવ્ય ભગવાને કહ્યા. .. '**આગમકૈ અચ્છર પરે હૈં જાકે શ્રવનમૈં,...**' ભગવાનના આગમના અક્ષર જેના કાને પડ્યા '**હિરદૈ-ભંડારમૈં સમાની વાની આરખી.**' અરીસામાં જેમ દેખાય એમ જેની વાણી જ્ઞાનમાં જણાય કે ભગવાન આમ કહે. '**કહત બનારસી અલપ ભવથિતિ જાકી, સોઈ જિન પ્રતિમા પ્રવાંનૈ જિન સારખી.**' હવે અહીં નિષેધ કર્યો છે અને અહીં હા પાડે છે. એનો અર્થ શું? વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હોય છે.

**'જિન-પ્રતિમા જન દોષ નિકંદૈ, સીસ નમાઈ બનારસિ બંદૈ.**
**ફિર મનમાંહિ વિચારૈ ઐસા. નાટક ગરંથ પરમ પદ જૈસા.**
**પરમ તત્ત પરચૈ ઈસ માંહી, ગુનથાનનકી રચના નાંહી.**
**યામૈં ગુનથાનક રસ આવૈ, તો ગરંથ અતિ સોભા પાવૈ.'**

આ ગુણસ્થાન બનાવવા પહેલા જિન પ્રતિમાનું માહાત્મ્ય ગાઈને ગુણસ્થાન લખ્યા છે. કહો, પંડિતજી! લ્યો વળી અહીં જિનપ્રતિમાનું અહીં સ્થાન છે. છેને. વ્યવહાર નથી? વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે. શુભભાવ હોય છે. '**છદ્મસ્થને પોતાનો, પરનો આત્મા સાક્ષાત્ દેખાતો નથી, શરીર દેખાય છે, તેની શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાંત ભાવ થાય છે.**' શુભભાવ તો થાય, પણ અંદરમાં જોવે તો આવા છે ભગવાન એમ જો અંતર્મુખમાં જાય તો સ્વભાવ સન્મુખ થઈને શાંતભાવ પૂર્ણ થાય.

એક જણો કહેતો હતો રાજકોટમાં. ભગવાનને દેખીને વીતરાગતા આવે છે કહે. તમે નિમિત્તથી.. ઓલો હતોને ચુનિલાલની સાથે બ્રહ્મચારી આઠ પડિમાવાળો? છઠ્ઠી, પાંચની સાલ. આઠ પડિમાવાળો હતો કોક. ચુનિલાલ.. એ કહે લ્યો હું કહું કે ભગવાનને દેખીને વીતરાગતા આવે છે. ભાઈ! કઈ અપેક્ષાએ? સાંભળને! એ તો એનો વિચાર કરતા આ ભગવાન છે આવા એમ કરતા અંદરમાં જાય તો એનું લક્ષ છૂટી જાય ત્યારે એને વીતરાગતા થાય. એનું નામ સ્યાદ્વાદ થાય. સાત પડિમાવાળો કહે. પણ એ કહે ક્ષુલ્લક થયા વિના લોકમાં આદર ન પમાય. માટે આપણે આઠ પડિમા છોડીને ક્ષુલ્લક થાવું. લ્યો ઠીક! લૌકિકની દૃષ્ટિ. તે દિ' ચંદુભાઈને ત્યાં આહાર કરવા ગયા હતાને. એમના .. આહાર કરવા ગયા હતા. આહા..હા..! અરેરે! એમ કે આઠ પડિમાવાળાને બરાબર આદર નથી આપતા, પણ જો ક્ષુલ્લક થઈ જઈએ તો વહોરવાનું બધું આવે, .. દુનિયા માટે કરવું એને. આહા..હા..!

અહીં તો ભગવાનની પ્રતિમા દેખીને જેને અંતરના વિચારમાં રાગથી રહિત સ્વરૂપ ભગવાનનું છે એવું જેણે અંતરમાં જોયું, જાણ્યું ત્યારે એને શાંતભાવ થાય. ભગવાનને દેખીને થાય એ તો વ્યવહારની વાત છે. એય..! આવી વાતું. ઝઘડા... ઝઘડા... ઝઘડા... '**શાંતરૂપ મુદ્રાને દેખી પોતાને પણ શાંત ભાવ થાય છે. આવો ઉપકાર જાણી શરીરના આશ્રયે પણ સ્તુતિ કરે છે;...**' એટલે વ્યવહાર સ્તુતિ પણ આ રીતે હોય છે. '**તથા શાંત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે...**' જુઓ, પોતે કરે અંદરથી તો આવા વીતરાગ! આહા..હા..! જાણે કે લોકાલોકને દેખતા હોય. પ્રતિમા દેખીને. એવો હું છું એવો અંતરમાં જાય તેને વીતરાગભાવ પણ થાય. ત્યારે ઓલાથી થયું એમ નિમિત્તમાં કહેવામાં આવે છે. સમકિતના કારણ.. ઓલામાં આવે છેને જિનબિંબના દર્શનથી મિથ્યાત્વના ટૂકડા થઈ જાય. ધવલમાં આવ્યું છે. જિનબિંબના દર્શનથી, પણ જિનબિંબ ક્યું? એ જિનબિંબ દેખીને પછી આ જિનબિંબ. આહા..હા..! એકલા ભગવાનની સામું જોઈ રહે એ તો શુભરાગ છે. એય..! ધવલમાં આવે છે. જિનબિંબ સામું જોઈ જોઈને ટૂકડા થાતા હશે? એની સામું જોવે ત્યાં તો વિકલ્પ, રાગ છે. અંતર્મુખ ચૈતન્યમૂર્તિ એને દેખીને અંદર. આહા..હા..! આવો જ્ઞાન રસ નિષ્ક્રિય રાગની સામે મારું તત્ત્વ એમ અંતર દૃષ્ટિ કરે તો વીતરાગતા આવે. પોતાના

સ્વભાવને આશ્રયે વીતરાગતા આવે છે. કોઈ પરના લક્ષે ન આવે. પણ એમ કહેવાય જ્યારે એને દેખીને અંદરમાં જાય ત્યારે એનાથી સમકિત થયું એમ પણ કહેવાય. આવે છેને શાસ્ત્રમાં. વેદનાથી સમકિત થયું, બહુ આકરી વેદના. વેદના તો અનંતવાર થઈ.

મુમુક્ષુ :- વેદનાથી થયું અને જિનબિંબના દર્શન...

ઉત્તર :- જિનબિંબના દર્શન, જાતિસ્મરણ. તો એ બધા વ્યવહારની વાતું છે. એનાથી ખસીને અંતરમાં જ્ઞાન કર્યું ત્યારે આનાથી થયું એમ વ્યવહારથી કહેવાય. એવી વાતું છે. વાદવિવાદે પાર ન પડે ભાઈ આ. સત્ય વસ્તુ એવી છે. 'જ્યાં જ્યાં જેને જેમ હોય તેમ તેને સમજવું જોઈએ.' 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે.' આવે છેને. 'તહાં સમજવું તે ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન તેહ.' આવે છે. શ્રીમદ્‌માં આવે છે.

'**શાંત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે...**' એમ કહ્યું છેને. વીતરાગભાવનો નિશ્ચય થાય. આવો વીતરાગભાવ. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ ચૈતન્ય સ્વભાવ શુદ્ધ જ્ઞાયક પવિત્ર સ્વભાવ, એવો વીતરાગ સ્વભાવ એનો નિર્ણય થાય. 'જિન સોહીએ આત્મા.' સ્તુતિમાં આવે છે. એ જિનસ્તુતિમાં આવે છેને. એ સમયસાર નાટકમાં? આમાં અર્થ કરે છે. ત્યારે જિનસ્વરૂપ લેવું છે હોં. શું કીધું? ૩૧માં આવે છેને? કેટલામું છે? ૩૧મી ગાથા. ૨૯મી. ૨૮મી. શ્લોક ક્યો? કળશ? ૩૧મો કળશ. ૨૭મો ઠીક. ૩૧માં વ્યવહાર. '**તન ચેતન વિવહાર એકસે, નિહચૈ ભિન્ન ભિન્ન હૈં દોઈ. તનકી થુતિ વિવહાર જીવથુતિ, નિયતદૃષ્ટિ મિથ્યા થુતિસોઈ.**' હવે આવ્યું જુઓ. '**જિન સો જીવ જીવ સો જિનવર.**' '**જિન સો જીવ જીવ સો જિનવર.**' પોતે જિનવરસ્વરૂપ છે. '**જિન સો જીવ...**' જીવ એ આ જીવ. '**જીવ સો જિનવર, તન જિન એક ન માનૈ કોઈ.**' તનને માને ન કોઈ. '**તા કારન તનકી સંસ્તુતિસૌં, જિનવરકી સંસ્તુતિ નાહિ હોઈ.**' મારે તો અહીં આ કહેવું છે. '**જિન સો જીવ જીવ સો જિનવર.**' એમ સાબિત કર્યું છે. કહો, સમજાણું? આ જીવ પોતે જિન, જિન એટલે જિનવર. એય..! આહા..હા..! આ તો શ્રીમદ્‌માં આવે છે 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ.' પણ આ તો '**જિન સો જીવ જીવ સો જિનવર,...**' તો એ જિનવર જ પોતે છે. આહા..હા..! રાગ, શરીર, વાણી રહિત એનું સ્વરૂપ છે. એ જિનવર સ્વરૂપ છે આત્માનું. આહા..હા..! પંડિતજી! '**તન જિન એક ન માનૈ કોઈ. તા કારન તનકી સંસ્તુતિસૌં, જિનવરકી સંસ્તુતિ નાહિ હોઈ.**'

મુમુક્ષુ :- નિશ્ચય...

ઉત્તર :- એ. પણ અહીં તો બીજું કહેવું છે. કે જીવને જિનવર કહ્યો છે. એમ શબ્દ. જીવ પોતે જિનસ્વરૂપે જ છે. કારણ કે આસ્રવ રહિત તત્ત્વ છેને એ? આસ્રવ તો રાગ

છે. આત્મતત્ત્વ તો એને કહીએ કે શરીર, કર્મ અને આસ્રવરહિત. તો આસ્રવરહિત એટલે શું થયું? એ તો જિનસ્વરૂપ થયું, વીતરાગ સ્વરૂપ થયું. કર્મ અને રાગસહિત નથી. અસહિત છે. એનો અર્થ? રાગ અને કર્મસહિત નથી. એટલે કે જિનસ્વરૂપે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ૧૪મી ગાથા છેને પુરુષાર્થસિદ્ધિ ઉપાય. જિવ રાગાદિ અને શરીરાદિ સહિત નથી. એટલે કે જીવ રાગાદિ શરીર સહિત નથી એટલે કે એ વીતરાગભાવસહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજ મેં આયા? વહ ૧૪મી ગાથા છેને. હા એ. રાગાદિ યુક્ત એવ પ્રતિભાતિ બાલિશાનાં ભવબીજં. આહા..હા..! જુઓને એ એનો અર્થ થયો કે ભગવાન આત્મા રાગ એટલે વિકલ્પ અને શરીર એ સહિત નથી. એટલે કે વીતરાગ સ્વભાવ સહિત છે. એટલે અકષાય સ્વભાવસ્વરૂપ તે આત્મા છે. આહા..હા..! રાગવાળો માનવો કષાય સ્વભાવ એ છે એને રાગવાળો માનવો એટલે મિથ્યાત્વ છે એમ કહે છે. હોય છે. એનાવાળો માનવો એને. આહા..હા..! ગજબ વાત છે. અહીં શુભરાગ છે એમ સિદ્ધ કર્યો છે. ભગવાનની સ્તુતિ વ્યવહારનો અર્થ છેને એ? પણ એ છે વ્યવહાર વ્યવહારના સ્થાનમાં. પણ એ રાગસહિત આત્મા છે એમ નથી. આહા..હા..! ભારે વાત! એકકોર વ્યવહાર સ્તુતિ છે એ નિશ્ચય નથી. પણ પછી એનો અર્થ એ થયો કે વ્યવહારનો રાગ જે ભક્તિ આદિનો હોય છે, વ્યવહાર વ્યવહારના સ્થાનમાં, પણ વ્યવહારસહિત આત્મા છે એમ નથી. આહા..હા..! કેટલી ચોખ્ખી વાત છે!

**'શાંત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે...'** અહીં તો એના ઉપર અર્થ થયો. **'વીતરાગ ભાવનો નિશ્ચય થાય છે...'** એ ભગવાન આત્મા. ભગવાનની પ્રતિમા કે ભગવાન પોતે જેમ રાગ વિનાની નિષ્ક્રિય ચીજ દેખાય એમ આ આત્મા રાગ અને શરીરથી રહિત હું છું એવો મારો ભાવ એ વીતરાગભાવ સહિત છું તે હું આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં તકરારને સ્થાન પણ ક્યાં છે? જિનસ્વરૂપી ભગવાન એવી જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં રાગસહિત છું એ તો ન આવ્યું. રાગ હોય છે ખરો, એમ કીધું. વ્યવહાર સ્થાપે છે ખરો, વ્યવહાર સ્થાપે છે, સ્થાપવાયોગ્ય છે. એમ આવે છેને. અનુસરવા યોગ્ય નથી. આહા..હા..! એવી વાત છે ભારે વાત ભાઈ! દિગંબર સંતોની કથની પૂર્વાપર વિરોધરહિત અને સત્યને જેમ છે તેમ સ્થાપન કરનારી છે.

કહે છે ભગવાનની **'શાંત મુદ્રા દેખી અંતરંગમાં વીતરાગ ભાવનો...'** એકલો ભગવાન રાગ વિનાનો આત્મા. નિર્દોષ અકષાય સ્વરૂપ આત્મા એનો એને નિર્ણય થાય તો એ શાંત દેખીને થયો એમ વ્યવહારે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'એ પણ ઉપકાર છે.'** લ્યો!.

## ગાથા-૨૯

तथा हि —

तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो।
केवलिगुणे थुणदि जो सो तच्चं केवलि थुणदि।।२९।।
तन्निश्चये न युज्यते न शरीरगुणा हि भवन्ति केवलिनः।
केवलिगुणान् स्तौति यः स तत्त्वं केवलिनं स्तौति।।२९।।

यथा कार्तस्वरस्य कलधौतगुणस्य पाण्डुरत्वस्याभावान्न निश्चयतस्तद्व्यपदेशेन व्यपदेशः,कार्तस्वरगुणस्य व्यपदेशेनैव कार्तस्वरस्य व्यपदेशात्; तथा तीर्थकरकेवलिपुरुषस्य शरीरगुणस्य शुक्ललोहितत्वादेरभावान्न निश्चयतस्तत्स्तवनेन स्तवनं, तीर्थकरकेवलिपुरुषगुणस्य स्तवनेनैव तीर्थकरकेवलिपुरुषस्य स्तवनात्।

ઉપરની વાતને ગાથાથી કહે છેઃ-

પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળી તણા;
જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.

ગાથાર્થઃ- [तत्] તે સ્તવન [निश्चये] નિશ્ચયમાં [न युज्यते] યોગ્ય નથી [हि] કારણ કે [शरीरगुणाः] શરીરના ગુણો [केवलिनः] કેવળીના [न भवन्ति] નથી; [यः] જે [केवलिगुणान्] કેવળીના ગુણોની [स्तौति] સ્તુતિ કરે છે [सः] તે [तत्वं] પરમાર્થથી [केवलिनं] કેવળીની [स्तौति] સ્તુતિ કરે છે.

ટીકાઃ- જેમ ચાંદીનો ગુણ જે સફેદપણું, તેનો સુવર્ણમાં અભાવ છે માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું, સુવર્ણના ગુણ જે પીળાપણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે; તેવી રીતે શરીરના ગુણો જ શુકલ-રકતપણું વગેરે, તેમનો તીર્થંકર-કેવળીપુરુષમાં અભાવ છે માટે નિશ્ચયથી શરીરના શુકલ-રકતપણું વગેરે ગુણોનું સ્તવન કરવાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન નથી થતું. તીર્થંકર-કેવળીપુરુષના ગુણોનું સ્તવન કરવાથી જ તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થાય છે.

## ગાથા-૨૯ ઉપર પ્રવચન

'ઉપરની વાતને ગાથાથી કહે છે :—' ૨૯.

तं णिच्छये ण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो।
केवलिगुणे थुणदि जो सो तच्चं केवलि थुणदि।।२९।।

નીચે હરિગીત.

**પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળી તણા;**
**જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.**

'ટીકા :- **જેમ ચાંદીનો ગુણ જે સફેદપણું, તેનો સુવર્ણમાં અભાવ છે...**' ચાંદીનો ગુણ જે સફેદપણું. સફેદ સોનું કહેતા હતાને? સફેદ સોનું. પણ કહે છે કે ચાંદીનો ગુણ સફેદ એ તો એમાં અભાવ છે સોનામાં. '**માટે નિશ્ચયથી સફેદપણાના નામથી સોનાનું નામ નથી બનતું,...**' એમ. ખરેખર સફેદપણાના નામથી ધોળું છાશીયું સોનું એમ કહેવાથી સુવર્ણનું નામ બનતું નથી. એમ સોનાનું નામ આવતું નથી. નહિ એમ કહે છે બનતું જ નથી. સોનું સોનું જ છે. એ તો સાચું નિમિત્તથી કહ્યું ઓલું જોડે છે એટલે. વસ્તુ એમ નથી. આહા..હા..! '**સુવર્ણના ગુણ જે પીળાપણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે;...**' લ્યો! સોનું તો પીળું, ચીકણું, વજનદાર એવા ગુણથી સોનાપણું પ્રસિદ્ધ થાય છે. '**તેમના નામથી જ સુવર્ણનું નામ થાય છે;...**' ત્યારે એને નામ સંજ્ઞા લાગુ પડે છે એમ કહે છે. તો. પીળાશ આદિ ગુણ હોય તો નામ લાગુ પડે છે. ઓલામાં આવે છેને .. નહિ? ઉપદેશ. સમકિત ત્યારે નામ પડે છે. ૪૪. ૧૪૪. આહા..હા..! અહીં ૧૪૪ ગાથા. સમ્યગ્દર્શન અને જ્ઞાન એને જ નામ પડે છે. વ્યવહાર સમકિત ફમકિતને .. નામ પડતું નથી. આહા..હા..! વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હોય, છતાં વ્યવહારથી એને ઓળખાવો એ સાચી વાત નથી. એમ કહે છે. સ્થાપન તો કરે છેને. .. સમજાવે. એ વિકલ્પ ન મળે બીજું શું થાય? આત્મા... આત્મા.. શું આત્મા પણ? વ્યવહારથી કહે કે આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા. ભેદ પાડીને કહ્યું. ભેદ થઈ જાય છે અંદર? વ્યવહારને સ્થાપવા, આ વ્યવહાર છે એમ સ્થાપવા યોગ્ય છે. અનુસરવાયોગ્ય નથી. એનો અર્થ કે વ્યવહાર છે એમ છે, પણ એનો આશ્રય કરીને લાભ થાય એમ છે નહિ. આહા..હા..! પદ્ધતિ તે પદ્ધતિ! આના ઉંધા અર્થ કાઢે પછી લ્યો આ સ્થાકનવાસી આર્જિકા હોયને. .. જુઓ એમાં વ્યવહારનો નિષેધ કર્યો છે. નિશ્ચય.. પણ છે એનો નિષેધ કર્યો છેને કે નથી એનો?

'**સુવર્ણના ગુણ જે પીળાપણું આદિ છે તેમના નામથી જ સુવર્ણનું નામ થાય**

છે; તેવી રીતે શરીરના ગુણો...' ધોળા ને રાતા ને પીળા એવું ભગવાનનું કહ્યું **'તેમનો તીર્થંકર-કેવળીપુરુષમાં અભાવ છે...'** એમાં તીર્થંકર કેવળીપુરુષમાં તો એ રંગનો તો અભાવ છે. દેહનો અભાવ એ વાણીનો અભાવ બધું એમાં અભાવ છે એ તો. આહા..હા..! ભગવાનનો દેહ દશે દિશાને ધોવે, ભગવાનની વાણી અમૃત ખરે. એ તો વ્યવહારે છે, પણ એ વસ્તુમાં નથી. એના આત્મામાં એ કાંઈ નથી. પુણ્ય ફળા અર્હંતા. પુણ્ય ફળા અર્હંતા તો બહારની ક્રિયાની વાત છે એ તો. આત્મામાં ક્યાં છે એ? એ લગાવે બધા. ખાણિયા ચર્ચામાં એમ લખ્યું છે. 'પુણ્ય ફળા અર્હંતા.' જુઓ આમાં કહ્યું છે, પણ શું કહ્યું છેએ? પુણ્યનું ફળ તો એના દેહની ક્રિયા, હાલવા, ચાલવાની ક્રિયા, બોલવાની ક્રિયા એ પુણ્યનું ફળ, સમવસરણ એ પુણ્યના ફળની વાત છે. ઓલું તો અરિહંતપણું છે કેવળી એ વાત ક્યાં છે અહીંયાં? આહા..હા..! હવે આવા અર્થ કરે શું કરવું?

મુમુક્ષુ :- કરે કરે એવું એનો રખડવાનો કાળ છે.

ઉત્તર :- કાંઈક સામાન્ય વિચાર તો કરવો જોઈએ કે નહિ? પુણ્યનું ફળ કેવળજ્ઞાન છે? એમ કહ્યું છે ત્યાં? પુણ્યનું ફળ વાણી, સમવસરણ આદિ એ સંયોગની વાત છે. એ જે ઉદયભાવ છે એની વાત છે. પાઠમાં એમ છેને. એનો અર્થ ઉંધો કરે લ્યો!

મુમુક્ષુ :- ...સ્યાદ્વાદ...

ઉત્તર :- એ વળી જુદું. આ પુણ્યનું ફળ છે. 'પુણ્યફળા અર્હંતા.' ૪૫. **'अथैवं सति तीर्थकृतां पुण्यवियाकोऽकिंचित्कर एवेत्यवधारयति'** એમ પાઠ તો આવો છે મોટો. કે તીર્થંકરોને પુણ્યનો વિપાક અકિંચિત્કર જ છે. છે? તો એ કહે પુણ્યફળા અર્હંતા. પુણ્યના ફળમાં અરિહંત પદ મળે. કઈ અપેક્ષાએ? આમ તો પાઠ છે. તીર્થંકરનો પુણ્યનો વિપાક અકિંચિત્કર છે. કાંઈ કરતો નથી. સ્વભાવનો કિંચિત્ ઘાત કરતો નથી એમ અહીં તો સિદ્ધ કરવું છે. ઉદય હો વાણીનો બોલવાનું એથી આત્માને કાંઈ છે નહિ. એમ અહીં તો સિદ્ધ કરવું છે. એના ઠેકાણે પુણ્યના ફળમાં અરિહંત પદ મળે. આવા ઉંધા અર્થો. અરે આવા ટાણા બાપા! ખોવાઈ જશે, ભાઈ! ખોવાઈ જશે આત્મા. પુણ્યના ફળમાં કેવળીપણું ખોવાઈ ગયો તું.

અહીં કહે છે **'તીર્થંકર-કેવળીપુરુષમાં...'** એ રંગનો આવા ધોળા સોળ તીર્થંકર સુવર્ણવર્ણનો એ બધો એનો અભાવ છે. ભગવાનના ગુણ આત્મામાં ક્યાંથી? **'માટે નિશ્ચયથી શરીરના શુક્લ-રક્તપણું વગેરે ગુણોનું સ્તવન કરવાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન નથી થતું,...'** લ્યો! વ્યવહારે વ્યવહાર છે, પણ વ્યવહારથી નિશ્ચય નથી એમ કહે છે. સમજાણું કાંઈ? બે ભિન્ન ચીજ સિદ્ધ કરે છે. પણ **'તીર્થંકર-કેવળીપુરુષના ગુણોનું સ્તવન કરવાથી જ...'** અસ્તિ-નાસ્તિ કરવાથી જ **'તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન નથી થતું, તીર્થંકર-કેવળીપુરુષના ગુણોનું...'** આ આત્માના જે ગુણો છે અંદર કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ આદિ

એના **'સ્તવન કરવાથી જ તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થાય છે.'** પણ એનો અર્થ એ કરશે પાછો. કારણ કે જિન એ જિનવર છે. આ જિનવરના ગુણોનું એકાગ્રપણું એ કેવળીની સ્તુતિ છે. કહો. ઓલા કેવળીના ગુણો એટલે આમ નહિ એમ. કેવળીના ગુણ આ. જિન સ્વરૂપે ભગવાન જિનવર છે એમાં એકાગ્રતા એ કેવળીના ગુણની સ્તુતિ છે. નિશ્ચય સ્તુતિ આ છે. આમ ભગવાન અનંતજ્ઞાન દર્શન એ બધો વ્યવહાર. પર ઉપર લક્ષ જાય છે તો વ્યવહાર છે. એ વ્યવહાર સ્તુતિ છે. નિશ્ચય સ્તુતિ તો આ જિનવર, પોતે જિનવર છે જીવ એમાં એકાગ્ર થાય, અણેન્દ્રિય સ્વભાવમાં એણે કેવળીની સ્તુતિ કરી સાચી એમ કહેવામાં આવે છે. આહા..હા..!

ત્યારે **'હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે...'** લ્યો! તમે કાઢી નાખો છો એમાંથી બધું? **'તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી?'** શરીરનો આધાર છે. અધિષ્ઠાતા છે, ધણી છે. શિષ્યનો પ્રશ્ન. **'શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છે :—'**

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૩૦

कथं शरीरस्तवनेन तदधिष्ठातृत्वादात्मनो निश्चयेन स्तवनं न युज्यत इति चेत् —

णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि।
देहगुणे थुव्वंते ण केवलिगुणे थुदा होंति।।३०।।
नगरे वर्णिते यथा नापि राज्ञो वर्णना कृता भवति।
देहगुणे स्तूयमाने न केवलिगुणाः स्तुता भवन्ति।।३०।।

**હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી**

આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુકત નથી? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છેઃ-

વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,
કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.

ગાથાર્થઃ- [यथा] જેમ [नगरे] નગરનું [वर्णिते अपि] વર્ણન કરતાં છતાં [राज्ञः वर्णना] રાજાનું વર્ણન [न कृता भवति] કરાતું (થતું) નથી, તેમ [देहगुणे स्तूयमाने] દેહના ગુણનું સ્તવન કરતાં [केवलिगुणाः] કેવળીના ગુણોનું [स्तुताः न भवन्ति] સ્તવન થતું નથી.

ટીકાઃ- ઉપરના અર્થનું (ટીકામાં) કાવ્ય કહે છેઃ-

**જયેષ્ઠ સુદ-૬, શનિવાર, તા. ૧૭-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૦-૩૧, કળશ-૨૫-૨૬, પ્રવચન-૧૦૦**

સમયસાર. ૩૦મી ગાથા. 'હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી?' એમ પ્રશ્ન છે. 'એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહે છે :—'

णयरम्मि वण्णिदे जह ण वि रण्णो वण्णणा कदा होदि।
देहगुणे थुव्वंते ण केवलिगुणे थुदा होंति।।३०।।
વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,
કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.

એ ટીકામાં જ કાવ્ય છે નહિ? ટીકા એની નથી. કાવ્ય જ છેને. ટીકા નથી. કાવ્ય જ કર્યું છે.

## શ્લોક-૨૫

(आर्या)

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।

-- इति नगरे वर्णितेऽपि राज्ञः तदधिष्ठातृत्वेऽपि प्राकारोपवनपरिखादिमत्त्वाभावाद्वर्णनं न स्यात्।

શ્લોકાર્થઃ- [इदं नगरम् हि] આ નગર એવું છે કે જેણે [प्रकार-कवलित-अम्बरम्] કોટ વડે આકાશને ગ્રસ્યું છે (અર્થાત્ તેનો ગઢ બહુ ઉંચો છે), [उपवन-राजी-निर्गीर्ण-भूमितमल्] બગીચાઓની પંકિતઓથી જે ભૂમિતળને ગળી ગયું છે (અર્થાત્ ચારે તરફ બગીચાઓથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે) અને [परिखावलयेन पातालम् पिबति इव] કોટની ચારે તરફ ખાઈનાં ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે (અર્થાત્ ખાઈ બહુ ઊંડી છે). ૨૫.

આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી કારણ કે, જોકે રાજા તેનો અધિષ્ઠાતા છે તોપણ, કોટ-બાગ-ખાઈ-આદિવાળો રાજા નથી.

## શ્લોક-૨૫ ઉપર પ્રવચન

(आर्या)

प्राकारकवलिताम्बरमुपवनराजीनिगीर्णभूमितलम्।
पिबतीव हि नगरमिदं परिखावलयेन पातालम्।।२५।।

'**શ્લોકાર્થ :- આ નગર એવું છે...**' દૃષ્ટાંત આપે છે. જુઓ શરીરની સ્તુતિ કરતાં આત્માની સ્તુતિ નથી એમ નગરનું વર્ણન કરતાં નગરના રાજાનું વર્ણન નથી એમ સિદ્ધ કરવું છે. '**આ નગર એવું છે કે જેણે કોટ વડે આકાશને ગ્રસ્યું છે (અર્થાત્ તેનો ગઢ બહુ ઊંચો છે),...**' પણ એ તો નગરનું વર્ણન થયું. એમાં રહેલા રાજાનું નહિ. '**उपवन-राजी-निर्गीर्ण-भूमितमल्**' '**બગીચાઓની પંકિતઓથી...**' તીરછી બગીચાઓની ચારેકોર પંક્તિ એટલી હોય. '**જે ભૂમિતળને ગળી ગયું છે...**' ભૂમિ ન દેખાતી હોય એમ. એકલા બગીચા નગરને. પણ એ તો નગરનું વર્ણન છે. એમાં રહેલા રાજાનું નહિ. '**(અર્થાત્ ચારે તરફ બગીચાઓથી પૃથ્વી ઢંકાઈ ગઈ છે) અને...**' '**परिखावलयेन पातालम् पिबति इव**' '**કોટની ચારે તરફ ખાઈનાં ઘેરાથી જાણે કે પાતાળને પી રહ્યું છે (અર્થાત્ ખાઈ બહુ ઊંડી છે).**' એમ. નગરને ચારે બાજુ ઊંડી ખાઈ છે. એટલે જાણે પાતાળને પી ગયું હોય એમ. આકાશને અડી ગયું હોય અને પાતાળને પી ગયું હોય એવી વનરાજી છવાઈ ગઈ હોય એમ. બગીચાની.

**'આમ નગરનું વર્ણન કરવા છતાં તેનાથી રાજાનું વર્ણન થતું નથી...'** આ તો દૃષ્ટાંત આપ્યો. **'જોકે રાજા તેનો અધિષ્ઠાતા છે...'** વ્યવહાર તરીકે. **'તોપણ, કોટ-બાગ-ખાઈ-આદિવાળો રાજા નથી.'** રાજાનું તો ઓલામાં વર્ણવ્યું છે. દાન, પુરુષ અને જાણપણું એ એના ગુણ છે રાજાના. ઓલામાં કળશટીકામાં. દાન આદિ દેવું. દીનથી રાજને જાળવવું દીન ન હોય કે જાણપણું ન હોય. એ કાંઈ નગરનું વર્ણનથી કાંઈ રાજાનું વર્ણન નથી. રાજાના ગુણ જુદાં, નગરનું જુદું.

## શ્લોક-૨૬

तथैव —

(आर्या)

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररुपं परं जयति।।२६।।

— इति शरीरे स्तूयमानेऽपि तीर्थकरकेवलिपुरुषस्य तदधिष्ठातृत्वेऽपि सुस्थितसर्वांगत्व-लावण्यादिगुणाभावात्स्तवनं न स्यात्।

તેવી રીતે શરીરનું સ્તવન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છે:-

શ્લોકાર્થ :- [जिनेन्द्ररुपं पर जयति] જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે. કેવું છે તે? [नित्यम्-अविकार-सुस्थित-सर्वाङ्गम्] જેમાં સર્વ અંગ હંમેશા અવિકાર અને સુસ્થિત (સારી રીતે સુખરૂપ સ્થિત) છે, [अपूर्व-सहज-लावण्यम्] જેમાં (જન્મથી જ) અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્ય છે (અર્થાત્ જે સર્વને પ્રિય લાગે છે) અને [समुद्रं इव अक्षोभम्] જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ નથી. ૨૬.

**આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર-કેવળીપુરુષનું સ્તવન થતું નથી કારણ કે, જોકે તીર્થંકર-કેવળીપુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે તોપણ, સુસ્થિત સર્વાંગપણું લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી તીર્થંકર-કેવળીપુરુષને તે ગુણોનો અભાવ છે.**

## શ્લોક-૨૫ ઉપર પ્રવચન

**'તેવી રીતે શરીરનું સ્તવન કર્યે તીર્થંકરનું સ્તવન થતું નથી તેનો પણ શ્લોક કહે છે :—'** આ હવે શ્લોક આપે છે દૃષ્ટાંતથી.

(आर्या)

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररुपं परं जयति।।२६।।

જિનેન્દ્રનું રૂપ હોં આ. શરીરની વાત ચાલે છેને? **'જિનેન્દ્રનું રૂપ ઉત્કૃષ્ટપણે જયવંત વર્તે છે.'** એટલે એમ ને એમ રહે છે એમ એનો અર્થ. એના રૂપનું વર્ણન સ્વરૂપ એમ ને એમ રહે છે. જીવે ત્યાં સુધી દેહ રહે ત્યાં સુધી રૂપ એવું ને એવું રહે છે. જયવંત વર્તે છે. એમાં ફેરફાર પડતો નથી. પણ એ તો શરીરનું વર્ણન થયુંને. ભગવાન આત્માનું વર્ણન ન થયું એમાં કાંઈ. જેમ ઓલા નગરનું વર્ણનથી કાંઈ રાજાનું વર્ણન ન થયું. **'पर जयति'** એટલે એ રૂપ એવું ને એવું રહે છે એમ એનો અર્થ છે. જેવું પહેલેથી હોય સ્વરૂપ એવું ને એવું.

**'नित्यम्-अविकार-सुस्थित-सर्वाङ्गम्' 'જેમાં સર્વઅંગ...'** અવયવો શરીરના. **'હંમેશા અવિકાર અને સુસ્થિત (સારી રીતે સુખરૂપ સ્થિત) છે,...'** એટલે જ્યાં જોઈએ ત્યાં એની અનુકૂળતા, નમણાઈ આદિ શરીરના બધા અંગો સુસ્થિત અને વિકાર છે. જેમ આ બાળપણું, મૂઢતા, યુવાનપણું મદાનતા, વૃદ્ધપણું શિથિલતા એવું એમાં હોતું નથી. એથી એનું સર્વાંગ બધા અવયવો શરીરના એવા ને એવા સુસ્થિત અને સુંદર અવિકારી રહે છે. પણ એ તો શરીરનું વર્ણન થયું. **'अपूर्व-सहज-लावण्यम्' 'જેમાં (જન્મથી જ) અપૂર્વ અને સ્વાભાવિક લાવણ્ય છે (અર્થાત્ જે સર્વને પ્રિય લાગે છે)...'** સર્વને પ્રિય લાગે એવા શરીર. તીર્થંકરો એ તો પુણ્ય હોય ભગવાનનું. સહજ-જન્મથી જ અપૂર્વ-બીજામાં ન હોય એવું. સ્વભાવિક પાછું લાવણ્ય-સર્વને પ્રિય લાગે એવું. **'समुद्रं इव अक्षोभम्'** લ્યો! **'જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે,...'** શાંત... શાંત... શરીર હોય તો આમ શાંત લાગે તીર્થંકરનો આત્મા તો શાંત છે, શરીર પણ સ્થિર શાંત. **'જે સમુદ્રની જેમ ક્ષોભરહિત છે, ચળાચળ નથી.'** બાળકની જેમ હોયને ચળાચળ આમ થાય ને આમ થાય.

હમણા એક મળ્યા હતા તે જોયો હતો. આમથી આમ. પૈસાવાળો માણસ. અહીંનો પ્રેમ. આવીને બેઠો. મોટરમાં. લેવા આવ્યા હતા. આમ આમ થયા જ કરે. પૈસાવાળો માણસ છે. અને પૈસાવાળોને પાછો ગણતરીમાં ગણાય એવો લૌકિકનો એવો હતો. હુશિયાર છે. પણ એની એ જાતની એક શૈલી હોય. ... નામ હતું કાંઈક. પણ છતાં જોયું તો આ શું

થયું? આવું શું થયું? એટલા પૈસા અને આબરૂ મોટી. ચળવળ... ચળવળ... દેખાય. ભાઈને બતાવ્યું હતું નહિ? ભગવાનનું શરીર તો શાંત... શાંત.. મેરુ પર્વત જેમ સ્થિર હોય એવું શરીર, પણ એ તો શરીરની વાત છે. ભગવાન આત્માની નહિ.

**'આમ શરીરનું સ્તવન કરવા છતાં તેનાથી તીર્થંકર-કેવળીપુરુષનું...'** એનો જે આત્મા. એનું **'સ્તવન થતું નથી કારણ કે, જોકે તીર્થંકર-કેવળીપુરુષને શરીરનું અધિષ્ઠાતાપણું છે...'** માથે આધાર છેને આમ વ્યવહારે? નગરનું જેવું. રાજા અધિષ્ઠા છે એમ શરીરનું અધિષ્ઠાતા કહેવામાં આવે છે. **'તોપણ, સુસ્થિત સર્વાંગપણું લાવણ્ય આદિ આત્માના ગુણ નહિ હોવાથી તીર્થંકર-કેવળીપુરુષને તે ગુણોનો અભાવ છે.'** હવે સ્તુતિ આવી બહુ સારી લ્યો. આ શ્લોક.

---

## ગાથા-૩૧

अथ निश्चयस्तुतिमाह। तत्र ज्ञेयज्ञायकसंकरदोषपरिहारेण तावत् --

जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।।३१।।

य इन्द्रियाणि जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानम्।
तं खलु जितेन्द्रियं ते भणन्ति ये निश्चिताः साधवः।।३१।।

यः खलु निरवधिबन्धपर्यायवशेन प्रत्यस्तमितसमस्तस्वपरविभागानि निर्मलभेदाभ्यासकौश-लोपलब्धान्तःस्फुटातिसूक्ष्मचित्स्वभावावष्टम्भबलेन शरीरपरिणामापन्नानि द्रव्येन्द्रियाणि, प्रतिविशिष्टस्वस्वविषयव्यवसायितया खण्डशः आकर्षन्ति प्रतीयमानाखण्डैकचिच्छक्तितया भावेन्द्रियाणि, ग्राह्यग्राहकलक्षणसम्बन्धप्रत्यासत्तिवशेन सह संविदा परस्परमेकीभूतानिव चिच्छक्तेः स्वयमेवानुभूयमानासंगतया भावेन्द्रियावगृह्यमाणान् स्पर्शादीनिन्द्रियार्थांश्च सर्वथा स्वतः पृथक्करणेन विजित्योपरतसमस्तज्ञेयज्ञायकसंकरदोषत्वेनैकत्वे टंकोत्कीर्णे विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततया नित्यमेवान्तःप्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता ज्ञानस्वभावेन सर्वेभ्यो द्रव्यान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं संचेतयते स खलु जितेन्द्रियो जिन इत्येका निश्चयस्तुतिः।

**જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

ગાથાર્થઃ- [यः] જે [इन्द्रियाणि] ઇંદ્રિયોને [जित्वा] જીતીને [ज्ञानस्वभावाधिकं] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક [आत्मानम्] આત્માને [जानाति] જાણે છે [तं] તેને, [ये निश्चिताः साधवः] જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે [ते] તેઓ, [खलु] ખરેખર [जितेन्द्रियं] જિતેંદ્રિય [भणन्ति] કહે છે.

ટીકાં :- (જે મુનિ દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો- એ ત્રણેયને પોતાનાથી જુદાં કરીને સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે) અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે. (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઇ રહી છે કે ભેદ દેખાતો નથી) એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી; એ દ્રવ્યેન્દ્રિયોનું જીતવું થયું. જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડખંડ ગ્રહણ કરે છે (અર્થાત્ જ્ઞાનને ખંડખંડરૂપ જણાવે છે) એવી ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતા અખંડ એક ચૈતન્યશકિતપણા વડે સર્વથા પોતાથી જુદી જાણી; એ, ભાવેન્દ્રિયોનું જીતવું થયું. ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (અનુભવ) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા જે ઇંદ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશકિતનું સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા; એ, ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થોનું જીતવું થયું. આમ જે (મુનિ) દ્રવ્યેન્દ્રિયો ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો- એ ત્રણેને જીતીને, જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો તે સઘળો દૂર થવાથી એકત્વમાં *ટકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે તે નિશ્ચયથી 'જિતેન્દ્રિય જિન' છે. (જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક, જુદો જ છે.) કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આ વિશ્વની (સમસ્ત પદાર્થોની) ઉપર તરતો (અર્થાત્ તેમને જાણતાં છતાં તે-રૂપ નહિ થતો), પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનશ્વર સ્વતઃસિદ્ધ અને પરમાર્થસત્ -એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.

આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો આ થઈ.

(જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો, ભાવેન્દ્રિયો તથા ઇંદ્રિયોના વિષયભૂત પદાર્થો અને જ્ઞાયક પોતે આત્મા-એ બન્નેનું અનુભવન, વિષયોની આસકતતાથી, એક જેવું થતું હતું; ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો એમ અહીં જાણવું.)

## ગાથા-૩૧ ઉપર પ્રવચન

પ્રથમ જિન-જિન. 'હવે, (તીર્થંકર-કેવળીની) **નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય-જ્ઞાયકતા સંકરદોષનો પરિહાર કરી (નિશ્ચય) સ્તુતિ કહે છે :-**'

**जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहू।३१।।**
**જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

હવે અહીંથી ધર્મનું વાસ્તવિક સ્વરૂપ શરૂ થાય છે. ભગવાનની સ્તુતિ એટલે શું? કેવળી અને તીર્થંકરની સ્તુતિ, સ્તવન એટલે શું? એનો અર્થ એ કર્યો અહીંયાં. કે ભગવાન આત્મા પોતે જ્ઞેય-જ્ઞાયક સંકર કીધોને માથે? આવશે. ભાવ ઇન્દ્રિય છે ખંડ-ખંડ, જડ ઇન્દ્રિય છે અને ઇન્દ્રિયના વિષયો વાણી આદિ, રૂપ આદિ એ ત્રણેયને ઇન્દ્રિય કહેવામાં આવે છે. એને જે જીતે એટલે કે જ્ઞેય છે એ પરજ્ઞેય છે. ભાવ ઇન્દ્રિય, ખંડ-ખંડ જે એક-એક વિષયને જણાવે એવું જ્ઞાન. એ પણ પરજ્ઞેય છે. આ જડ ઇન્દ્રિયો એ પરજ્ઞેય છે. અને બહારના વિષયો સ્ત્રી, પુરુષ, દેશ, ભગવાન, ભગવાનની વાણી એ બધા ઇન્દ્રિય ગણવામાં આવ્યા છે. ઇન્દ્રિયના વિષયો તે ઇન્દ્રિય ગણવામાં આવ્યા છે. સમજાણું? એ ત્રણેને પરજ્ઞેય ગણવામાં આવ્યા છે. એ જ્ઞાયક આત્મા અને પરજ્ઞેય બેને એક માને છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એને વીતરાગ આત્માની સ્તુતિની સાચી ખબર નથી. એમ કહેવું છે. કહો, સમજાણું કાંઈ?

**જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

શબ્દાર્થ કરીએ પહેલો. છેને સામે ગાથાર્થ. 'જે ઇન્દ્રિયોને જીતીને...' આ શબ્દ છે. ઇન્દ્રિયના પ્રકાર ત્રણ પાડશે. ભાવ ઇન્દ્રિય, ખંડ ખંડ દ્રવ્ય ઇન્દ્રિય અને એના વિષયો આ બધું. એકકોર જ્ઞાયકસ્વભાવ એ તો રહ્યા પરજ્ઞેયભાવ. એ એને જીતીને. જુઓ આ જૈન. જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન વસ્તુનું સ્વરૂપ છે. જે અણિન્દ્રિય સ્વરૂપ છે એ જૈનસ્વરૂપ છે. એ અણિન્દ્રિયને આશ્રય કરીને ખંડ ઇન્દ્રિય શબ્દો, જડ ઇન્દ્રિય અને વિષય એના લક્ષને છોડી દઈ અને.. છોડી દઈનો અર્થ એ કે અણિન્દ્રિય સ્વભાવનો અનુભવ કરીને જે અનુભવમાં ઇન્દ્રિય ભાવ, જડ અને વિષય અનુભવમાં ન આવે એણે ઇન્દ્રિયોને જીતી એમ કહેવામાં આવે છે. ભગવાનજીભાઈ! ઝીણી વાત છે. માથે કહ્યું હતુંને જ્ઞેય-જ્ઞાયક સંકર.

આત્મા જ્ઞાયકસ્વરૂપ અને એ જ્ઞેયસ્વરૂપ. બેની એકતા જ્ઞેય અને જ્ઞાયક એક છે એવી માન્યતા તે મિથ્યાત્વભાવ છે. એ અજૈનભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યબિંબ, સ્વજ્ઞેય જ્ઞાયક, સ્વજ્ઞેય જ્ઞાયક. અને પરજ્ઞેય ભાવ ઈન્દ્રિય જડ અને શબ્દ આદિ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ. એ જ્ઞાયક સ્વભાવમાં પરજ્ઞેયની એકતાની માન્યતા એ અજૈન છે તે મિથ્યાદષ્ટિ છે તે ઈન્દ્રિયથી જીતાઈ ગયો છે. એ જૈન નથી. એ જિન નથી. જેણે જિન એટલે જીતવું. શું જીતવું? અહીં શરૂ કર્યું છે. જિન એટલે જીતવું અને જિન એ જૈન. આહા..હા..! પોતાનો ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવ સ્વરૂપ અણિન્દ્રિય એવું જ એનું સ્વરૂપ છે. એની દૃષ્ટિ કરીને, એને ધ્યેય બનાવીને ભાવ જડ અને વિષયો ઉપર તેના તરફથી પડખું ફેરવી નાખીને. પડખું સમજો છો? કરવટ. ભાવ ઈન્દ્રિય. જે એક એક ખંડ જ્ઞાન, એક એક વિષયને જણાવે છે. એ ખરેખર તો પરજ્ઞેય છે. સ્વજ્ઞેય નહિ. આહા..હા..! એમ આ જડ ઈન્દ્રિયો પાંચ એ પણ પરજ્ઞેય છે. અને એના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એમાં ભગવાન અને ભગવાનની વાણી પણ આવી ગઈ. સ્ત્રી ને પૈસા ને મકાન ને બધું આવી ગયું. એ બધા વિષયો એ ઈન્દ્રિયનો વિષય તેને ઈન્દ્રિય ગણીને. એ પરજ્ઞેયને પરજ્ઞેયમાં ત્રણે આવે છે. એ ત્રણે સ્વજ્ઞેયમાં નહિ. ખંડ ઈન્દ્રિય, જડ અને ભગવાનની વાણી, ભગવાન, ભગવાનની પ્રતિમા અને પોતે ભગવાન સમવસરણ. પંડિતજી! એ પરજ્ઞેયમાં જાય છે. સ્વજ્ઞેય નહિ. સ્વને જાણવાલાયક જ્ઞેય એ નહિ. પરજ્ઞેય એટલે પરતરીકે જાણવા લાયક એ જ્ઞેય છે. આહા..હા..!

આ જૈન એટલે કોઈ પક્ષ નથી, કોઈ સંપ્રદાય નથી. વસ્તુ જે છે અણિન્દ્રિય સચ્ચિદાનંદ જિનસ્વરૂપ. જિન સ્વરૂપ એટલે અકષાયસ્વરૂપ, અણિન્દ્રિય સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, જ્ઞાયકસ્વભાવભાવ સ્વરૂપ. એવો જે સ્વભાવ એની દૃષ્ટિ કરીને પરને ભિન્ન પાડવું, ભાવ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય અને વિષયો એને ભિન્ન થવા એણે એને જીત્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આ પણ ઉતરાવામાં આમ ઉતારવું એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- જાણવાવાળાને જાણ્યો ..

ઉત્તર :- એ ઓલું નહિ. ભાવ ઈન્દ્રિય ખંડ ખંડ પણ પરજ્ઞેયમાં જાય છે. અંશ છેને. એ ત્રિકાળી વસ્તુ નથી. ત્રિકાળી જ્યારે સ્વજ્ઞેય ત્યારે ખંડ જ્ઞાન પણ પરજ્ઞેયમાં જાય છે. આવી શૈલી તો જુઓ! આહા..હા..! સમજાણું કાંઈ? તો પછી આ જડ ઈન્દ્રિયો તો પરમાં જાય એમાં કાંઈ વિશેષતા નથી. ભાવ ઈન્દ્રિય જે જ્ઞાનમાં અંશ, જે જ્ઞાનનો અંશ એક એક વિષયને જાણે એવું જે ખંડજ્ઞાન, અંશજ્ઞાન, ખંડજ્ઞાન એ પણ ત્રિકાળી અખંડ જ્ઞાયક સ્વભાવની અપેક્ષાએ તેને પરજ્ઞેય તરીકે ગણ્યું છે. આહા..હા..! ..ભાઈ! આવો માર્ગ છે ભાઈ! અહીં

શરૂ થાય છે હવે ૩૧મી ગાથા.

'**ઇન્દ્રિયોને જીતીને...**' શી રીતે? '**જ્ઞાનસ્વભાવ વડે...**' જ્ઞાનસ્વભાવ વડે. એટલે ઓલો ભાવ લીધો ત્રિકાળી. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, સ્વભાવભાવ. એવા વડે એટલે કે એનો આશ્રય કરીને '**અન્યદ્રવ્યથી અધિક...**' શબ્દાર્થ થાય છે. ખંડજ્ઞાન એ અન્યદ્રવ્ય છે. લ્યો ઠીક! આ જડ ઇન્દ્રિયો એ અન્ય દ્રવ્ય છે. એય..! પ્રાણભાઈ! અને ભગવાન? ભગવાનની વાણી એ અન્યદ્રવ્ય છે. છે કે નહિ આમાં? આ તમારા બાપનો પ્રશ્ન છે એ. આ તો હવે બીજી વાત છે. આ તો હજી એના બાપની વાત ચાલે છે. એમ કે દેવ-ગુરુ શુદ્ધ એ પર? લ્યો! અહીં તો કહે છે કે ખંડ ઇન્દ્રિય પરદ્રવ્ય. એ તો ત્યાં લીધું હતું. અત્યારે અહીં તો આ શૈલીથી ઉપાડ્યું છે.

અખંડ જ્ઞાયકસ્વભાવ પૂર્ણ સ્વભાવ, એક સ્વભાવ, સામાન્ય સ્વભાવ, જ્ઞાનભાવ સ્વભાવભાવ. એને '**અન્યદ્રવ્યથી અધિક...**' એટલે અન્ય દ્રવ્યથી જુદું. અધિક શબ્દે જુદું. એની સાથે એક નહિ. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વભાવ. જાણકસ્વભાવ એ દ્વારા એટલે કે એનો આશ્રય લઈને '**અન્યદ્રવ્યથી અધિક...**' ખંડ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય, ભગવાનની વાણી, સમ્મેદશિખર, શેત્રુંજય અને ત્રણલોકના નાથનું સમવસરણ. અને ભગવાન પોતે. એ બધા અન્ય દ્રવ્યમાં જાય છે. છે એમાં? શિવલાલભાઈ! '**અન્યદ્રવ્યથી અધિક...**' અધિક એટલે જુદો. જ્ઞાયકસ્વભાવ, ચૈતન્ય સ્વભાવ, નિત્યધ્રુવ. જેના અવલંબે પરજ્ઞેય જીતાઈ જાય છે એટલે પરજ્ઞેયની એકતા રહેતી નથી. સમજાણું કાંઈ? એનો એનો ઝીણો અર્થ છે. એ સ્વજ્ઞેયની સાથે ત્રિકાળ જ્ઞાયકભાવની સાથે, ખંડ ઇન્દ્રિયને એકપણે માન્યું છે એ અભેદપણું મિથ્યાત્વભાવ છે. એ અજૈનપણું છે. એ ઇન્દ્રિયથી જીતાઈ ગયો છે. ઇન્દ્રિયને જીતી નથી એણે.

એનાથી અધિક. એટલે ખંડજ્ઞાન આ બધું આ. હવે લોકો કહે છેને કે પુણ્ય હોય તો જો વાણી મળે, પુણ્ય હોય તો શરીર મળે. .. માટે સાધન છે એમ કહે છે લ્યો. પુણ્ય હોય તો આ બધી સારી ઇન્દ્રિય મળે જડ. સાંભળવાનું પુણ્ય હોય તો મળે. ભગવાનજીભાઈ! પૈસા બૈસા ત્યાં છે છોકરા કામ કરે છે. પૈસા ન હોય તો શું થાય? બધી વાતું ખોટી છે. આહા..હા..! અહીં તો કહે છે કે એ મળ્યું છે આ દ્રવ્ય ઇન્દ્રિય અને ભાવ ઇન્દ્રિય મળેલી છે ખંડખંડ ક્ષયોપશમ એવો ભાવ. જુઓ! આ કઈ શૈલી? ગજબ વાત છેને અને આ મળ્યું છે બહારનું સાંભળવાનું. બધું જ મળ્યું એનાથી ખસી જવું છે તારે. એનાથી તને લાભ થાય એમ નથી. સમજાણું કાંઈ? જિનેન્દ્ર સ્વરૂપ ઝીણું છે, ભાઈ! આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયક સ્વભાવી વસ્તુ.

'એ વડે...' એમ કહ્યુંને? એવા વડે એટલે એનો આશ્રય લઈને અંતરમાં એકાગ્ર થવું

અને ખંડ જ્ઞાન ઇન્દ્રિયો ને ભગવાનની વાણી કે ભગવાન પોતે એનાથી ભિન્ન પાડવો આત્માને જુદો. કારણ કે એ પરજ્ઞેય છે એમાં સ્વજ્ઞેય આવતો નથી અને સ્વજ્ઞેયમાં પરજ્ઞેય આવતું નથી. આહા..હા..! આવી વાત છે. એવો ભગવાન સ્વજ્ઞેય એટલે કે જ્ઞાનમાં જણાવાલાયક પોતે જ્ઞાયકભાવ. એ દ્વારા, એ વડે ખંડ ઇન્દ્રિય આદિને પરદ્રવ્યથી અધિક એટલે જુદો જાણવો અંદરમાં એનું નામ ઇન્દ્રિયને જીતી કહેવાય અને એનું નામ આ કેવળી અને તીર્થંકરના આત્માની સ્તુતિ એટલે પોતાની સ્તુતિ એ ભગવાનની સ્તુતિ એમ કીધું છે અહીં તો. ભાવ ઇન્દ્રિય મળી બહુ સારું. એ તો સ્તુતિ પરની થઈ ગઈ. ભાઈ! દ્રવ્ય ઇન્દ્રિય પાંચ મળી અને સારું એ તો પરની સ્તુતિ થઈ ગઈ. કાન મળ્યા તો સાંભળવાને મળ્યું એ તો સ્તુતિ કાનની પરની થઈ ગઈ. આહા..હા..! વાતે તે પણ વાત. વાણી સાંભળવાને મળી માટે લાભ. હવે એ તો પરની વાત થઈ ગઈ. એ તો પરજ્ઞેય થઈ ગયું. એનાથી તો લાભ છે જ નહિ. ત્યાંથી તો ખસવાનું છે. જેનાથી જુદું પડવું છે એનાથી લાભ થાય એમ કેમ બને? ન્યાય સમજાય છે કાંઈ?

એ દ્વારા સ્વભાવનું સાધકપણું કેટલું પ્રગટ્યું છે એને અહીંયાં બતાવે છે. એનું નામ સ્તુતિ. સ્તુતિ એટલે સ્તવન. કોનું? કે જ્ઞાયકભાવનું, કઈ રીતે? કે જે ત્રિકાળી જ્ઞાયકભાવ છે એના તરફ ઢળવું અને જ્ઞેય, ભાવ જડ અને એનાથી ખસવું તેનું નામ સ્વભાવની સ્તુતિ, એનું નામ ભગવાનના ગુણની સ્તુતિ. ભારે! આત્માને. છેને? '**ज्ञानस्वभावाधिकं**' એમ કીધુંને? ભાવ અને ભાવવાળો એમ. આ તો શબ્દાર્થ ગાથાર્થ છે. ભગવાન આત્મા જે જ્ઞાનસ્વભાવી વસ્તુ (તે) વિભાવ સ્વભાવિક, ખંડજ્ઞાન સ્વભાવિ પરભાવસ્વભાવિક એ વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક...**' ખંડ જ્ઞાન છે એ અન્ય દ્રવ્ય છે. અન્યજ્ઞેય કહો કે અન્ય દ્રવ્ય કહો. શું કીધું? જેના વડે ભગવાનની વાણી ભણાય. એવો જે જ્ઞાનનો અંશ એને અહીંયાં પરદ્રવ્ય કીધું. પરજ્ઞેય કહો, કે પરદ્રવ્ય. છેને. જ્ઞેય-જ્ઞાયક સંકર છેને આમાં? પરજ્ઞેયને પોતામાં માનવું એટલે કે પરદ્રવ્યને પોતાના જ્ઞાયકભાવની સાથે માનવું એ સંકરદોષ ખીચડો કર્યો એણે. દાણા અને કાંકરા ભેગા કર્યા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માનવા અંતરમાં એકાગ્ર થાવું એ. એમ નહિ. એને વિષય લક્ષમાં આવવો જોઈએને. આ જ્ઞાયકભાવ વડે આત્માને એનાથી અધિક જુદો પાડીને જાણે એનું નામ માન્યું અને જાણ્યું કહેવાય. ઝીણી વાતું છે. ક્યાં ગયા તમારે બે બીજા? રોકાણા છે ત્યાં? ભાવનગર ગયા છે ઠીક. માલ લેવા. કહો, સમજાણું કાંઈ? હળવે હળવે આવે છે. આહા..હા..!

'**જ્ઞાનસ્વભાવ વડે...**' એ સ્વભાવ કોનો છે? કે આત્માનો. એમ. એવા '**આત્માને જાણે છે.**' છેને? 'जानाति' '**જાણે છે.**' જાણેની વ્યાખ્યા? અનુભવે. આહા..હા..! કહો,

ચેતનજી! ક્યાં વાત છે આવી ક્યાંય? કોની પાસે છે? આ ઓછું ખાય છે, આ ફલાણું ખાય છે, આ આમ કરે છે. એ ક્યાં વાત રહી? ખાય કોણ અને પીવે કોણ? અહીં તો ખંડ ઇન્દ્રિય જે છે ભાવ ઇન્દ્રિય એ અંશ છે એ પરદ્રવ્ય છે. પરજ્ઞેય કહો, પરદ્રવ્ય કહો, એને જ્ઞાયકભાવ સાથે એકત્વ માનવું અથવા એનાથી લાભ માનવો અથવા જડ ઇન્દ્રિયથી લાભ માનવો અથવા શ્રવણથી લાભ માનવો એ બધું પરદ્રવ્યની સાથે સ્વદ્રવ્યને એકતા કરવાની માન્યતા છે. દેવચંદજી! જ્ઞેયજ્ઞાયક છેને? જ્ઞેય એટલે પરદ્રવ્ય અને જ્ઞાયક એટલે સ્વદ્રવ્ય. 'जानाति' 'જાણે છે...' આ એનું નામ સમ્યગ્દર્શન. એનું નામ ધર્મની પહેલી દશા.

બીજી રીતે કહીએ તો એ જ્ઞાનનો અંશ જે ખંડ છે એ ઉપર દૃષ્ટિ એ પર્યાયદૃષ્ટિ છે, પરદ્રવ્ય બુદ્ધિ છે, પરજ્ઞેય બુદ્ધિ છે. આહા..હા..! કેવી વાત કરી છે? એનું લક્ષ છોડી, ભાવ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય અને વાણી આદિ કે ભગવાન અને ભગવાનનું સમવસરણ એના લક્ષમાં જે, એનું લક્ષ છોડી દઈને. કેવી વાત છે! અલૌકિક વાત છે. વસ્તુની સ્થિતિ આવી છે. આ જિનની સ્તુતિનું વર્ણન ચાલે છે એટલે કે આત્માના ગુણોનું સ્તવન. એટલે કે આત્મા અણિન્દ્રિય છે એના તરફ ઝુકાવ થઈને પરજ્ઞેયને જીતવું એટલે પરજ્ઞેયને એમાં આવવા દેવું નહિ એનું નામ જીતવું અને એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. કહો, પ્રકાશદાસજી! આવી વાત છે. આહા..હા..! કેવી શૈલીએ વાત કરી! ગજબ કરી છે.

અહીં તો કહે છે કે ખંડ ઇન્દ્રિયથી લાભ થાય એમ માનનાર પરજ્ઞેયને, પરદ્રવ્યને પોતાનું માને છે, ભાઈ! આહા..હા..! આ જડ ઇન્દ્રિય છે તો આપણને સાંભળવાને તો મળ્યું. એનાથી લાભ માને એ પરજ્ઞેયને અને પરદ્રવ્યને પોતાનું માને છે. આહા..હા..! ગજબ વાત છે. અને શાસ્ત્ર શ્રવણ અને વીતરાગની વાણીનું સાંભળવું એનાથી મને લાભ થાય એનો અર્થ પરદ્રવ્યથી મને લાભ થાય તો પરદ્રવ્યને અને સ્વદ્રવ્યને એક માન્યું છે. એય..! પંડિતજી! આહા..હા..! આ મૂર્તિ અને ભગવાનની પ્રતિમા એને જોઈને મને લાભ થાય. (એમ નથી)

મુમુક્ષુ :- થોડું ધીમું કરો.

ઉત્તર :- એ અમારે એક કહે છે ત્યાં. પૂનમચંદ છેને શું કહેવાય? ઘાસીલાલ પૂનમચંદ. કહેવરાવ્યું. કાંઈક કાનજીસ્વામી થોડુંક મૂકે, અમે થોડુંક મૂકીએ. ભેગા થઈએ. વાણિયાવડ છે? ઓલો પાંચ હજાર માગતો હોય તો ઓલો કહે બે હજારમાં એક પાઈ નથી મારી પાસે વધારે. ઓલો કહે પાંચ હજારમાં એક પાઈ ઓછી લેવી નથી વાણિયો કહે. એમ કરતાં-કરતાં પછી એક હજાર પંદરસોએ ભેગા થાય. એવું હશે આ? આવું સત્યમાં બીજું શું હોય પણ? સત્યમાં ભેળસેળ અસત્યની હોય? દાણામાં ભેળસેળ કરીને નથી નાખતા? નહોતો એક માણસ આપણે આવ્યો ભાવનગરથી? કરિયાણાની દુકાન હતી. ૩૫ ચીજ લીધી તપાસવાવાળો. એમાં ૨૭-૨૮ તો ભેળસેળવાળી નીકળી. પાંચ-છ ચીજ સારી નીકળી. એમાં

... નહિ? ભાવનગરના આવ્યા હતા. તે દિ' એક માણસ આવ્યો હતો ભાવનગરથી. કરિયાણાની દુકાન હતી. લગભગ ૩૦-૩૫ ચીજ એકફેરી લઈ આવ્યો હતો. પછી જોયું તો ૨૭-૨૮ ચીજ ભેળસેળવાળી, પાંચ-સાત ભેળસેળ વિનાની એવો આ દગો અત્યારે થઈ ગયો. એમાં આ ભેળસેળ કરવા.. એ ખંડ ઈન્દ્રિયથી જ્ઞાન થાય, જડથી લાભ થાય, ભગવાનની વાણીથી લાભ થાય એવું કાંઈ નાખવાનું છે અંદર ભેળસેળ? ધૂળેય ન થાય. વ્યવહારથી કહેવામાં આવે એટલે નથી અને કહેવું એનું નામ વ્યવહાર. આહા..હા..!

અનેકાંત એ કે નિશ્ચયથી થાય અને વ્યવહારથી લાભ થાય નહિ એનું નામ અનેકાંત છે. આવી વાત છે. કહો, પંડિતજી! આ ૩૧મી ગાથા. આહા..હા..! જે કોઈ ક્ષયોપશમભાવનો અંશ છે એના ઉપર બુદ્ધિ છે એ પણ પરદ્રવ્ય બુદ્ધિ છે એમ કહે છે. ત્રિકાળી જ્ઞાયકભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ત્રણલોકના નાથ કેવળી એના કથનો અને કેવળી પ્રરૂપેલ ધર્મ. આવેને મંગળિકમાં? 'કેવળી પણ્ણંતં ધમ્મં શરણં' પણ કહેવો કોને કેવળી પણ્ણંતો ધર્મ? હવે પરની દયા પાળવી, વ્રત પાળવા એ કેવળી પણ્ણંતં ધમ્મં. દયા પાળી એ તો રાગ છે, એ તો પર ઉપર લક્ષ જાય છે. રાગ તો પરદ્રવ્ય છે. એ પરદ્રવ્ય છે. એના ઉપર જ્યાં સુધી લક્ષ છે ત્યાં સુધી પરદ્રવ્યને પોતાનું માને છે. આહા..હા..! વાત ભારે ગજબ!

મુમુક્ષુ :- પર્યાય એ પરદ્રવ્ય પછી આ બધું સમજવું...

ઉત્તર :- એને કાળે જે ઠેકાણે જે પ્રકારનું હો ત્યાં. મોક્ષમાર્ગની પર્યાયનું વર્ણન કરવું છે તો પર્યાય દ્રવ્યમાંથી આવે, તો માટે ત્યાં એને પરદ્રવ્ય કીધું એ અપેક્ષાએ છે વાત. પણ અહીં તો સ્તુતિનું વર્ણન છે. અહીંયાં પણ મોક્ષમાર્ગનો અધિકાર છેને? એ પર્યાય પર્યાયમાંથી ન આવે એટલું સિદ્ધ કરીને જ્ઞાયકમાંથી આવે એમાંથી પરદ્રવ્ય પર્યાય એમ કરીને સિદ્ધ કર્યું છે. તારું છે. તારું સહિત સિદ્ધ કર્યું છે. અહીંયાં તો જીવનો અધિકાર છે. જીવ એને કહીએ કે જે ખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય અને એનો વિષય. એનું લક્ષ છોડી દઈને એ છે તો લાભ છે એમ છોડી દઈને, એ છે તો હું છું એમ છોડી દઈને. હું છું તો એ છે એમ છોડી દઈને. આ તો સ્પષ્ટીકરણ છે. એવો ભગવાન જ્ઞાયકભાવ એવા સ્વભાવનો આશ્રય લઈને ખંડ ઈન્દ્રિય અને ભાવ ઈન્દ્રિયની ભિન્નતા પડે, પરમાં એકતા ન રહે એનું નામ જીવ કહેવામાં આવે છે. એને જીવ કહીએ એમ કહે છે. જીવ અધિકાર છેને? એને જીવ કહીએ. આ જે ખંડ ઈન્દ્રિયથી લાભ થાય, શબ્દથી લાભ થાય, જડથી લાભ થાય એને જીવ ન કહીએ એમ કહે છે.

મુમુક્ષુ :- તો શું જીવ મટી જાય?

ઉત્તર :- મટી જ ગયો છે. એની દૃષ્ટિમાં તો મટી ગયો છેને. એય..! દૃષ્ટિમાં મટી ગયો છે, જીવ રહ્યો જ નથી. જીવનું સ્વરૂપ તો જ્ઞાયકભાવ એના સ્વભાવ વડે કરીને એમાં

એકતા થાય અને અહીંથી એકતા તૂટે એનું નામ જીવ. એની સાથે એકતા થાય એ જીવ રહ્યો છે ક્યાં એને? હો, ભલે પણ દૃષ્ટિમાં રહ્યો નથી. એને ક્યાં છે?

મુમુક્ષુ :- દૃષ્ટિમાં સ્વીકાર નથી ને તો પર્યાયનું શું કામ છે?

ઉત્તર :- ચેતનજી! પર્યાયનો સ્વીકાર પરદ્રવ્ય તરીકે સ્વીકાર છે. સ્વદ્રવ્ય તરીકે નહિ. સમજાણું કાંઈ? એય..! ચેતનજી! તમારો પ્રશ્ન .. એમ ચાલતું હતું. આહા..હા..! હોય છે. વસ્તુસ્થિતિ આવી છે. આવી વસ્તુસ્થિતિ જ આવી છે ત્યાં વસ્તુની મર્યાદા વસ્તુમાં છે. એ મર્યાદા જ્ઞાયકભાવને છોડીને ખંડ ઇન્દ્રિય આદિ જડ ઇન્દ્રિય, પોતાનું અસ્તિત્વ માનવું એનો અર્થ થયો કે એની સ્તુતિ થઈ. ભગવાન આત્માની સ્તુતિ ન થઈ. આહા..હા..! એની સ્તુતિ થઈ. રાગ હોય તો લાભ થાય, નિમિત્ત હોય તો લાભ થાય. આ બધું આમાં એય..! આવ્યું. ઓલા કહે છે નિમિત્ત નિમિત્ત અકિંચિત્કર. એય..! નિમિત્ત અકિંચિત્કર શું લાખવાર છે સાંભળને હવે. નિશ્ચય.. આવે છેને છ ઢાળામાં 'નિશ્ચય ઉર આણો' 'લાખ વાતની વાત.' અનંતવારની વાત મૂળ તો એમ કહેવું છે. લાખ તો શબ્દ પછી ગોઠવ્યો છે. 'અનંત બાતકી બાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ ફંદ એક નિજ આતમ ધ્યાવો.' પર ભગવાન પણ નહિ. પર ભગવાન તો પરદ્રવ્યમાં ગયા. આહા..હા..! એય..! શિવલાલભાઈ! આવું તો સાંભળ્યું પણ નહોતું. ... વાત છે. આહા..હા..!

આની કોરનો ઓલો પાક્યો છે એ વસંતભાઈ મોઢ. મારા એ પણ વૈષ્ણવ સામાન્ય રામાયણ-મહાભારતનો બહુ અભ્યાસ. સાંભળ્યા છે. એ શું છે? આ વાત છે આ. આત્મા છેને આમાં ક્યાં? આત્મા ક્યા મોઢ? આત્મા તો અહીંયાં ઇન્દ્રિયને જીતે તે આત્મા. આ ઇન્દ્રિયમાં રહે અને ટકે એ આત્મા નહિ ત્યાં પ્રશ્ન શું અહીં તો આ? આહા..હા..! એય..! દેવચંદજી! આહા..હા..! લલ્લુજી આમ કહી ગયા છે કે ભક્તિ કરતા થશે. કોની ભક્તિ પણ? આ ભક્તિની વાત ચાલે છે આ. સ્તુતિ કહો કે ભક્તિ કહો. એક છે. પણ વસ્તુસ્થિતિ આવી ભગવાન છે ત્યાં પછી બીજું શું કરીએ? એમાં મોળું શું કહીએ ઢીલાપણું. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા એમ ફરમાવે છે. અને એ છે એમ ફરમાવે છે. ભાઈ! તું જ્ઞાયક સ્વભાવે રહેલો પ્રભુ ત્રિકાળ. એની દૃષ્ટિ કર તો તને જ્ઞેયની, પરજ્ઞેયની એકતા તૂટતા સ્વભાવની એકતા થશે. આમ ત્રિકાળી સ્વભાવમાં એકતા થતા ખંડ ઇન્દ્રિય જડ અને પરની એકતા તૂટશે ત્યારે તેને પરદ્રવ્યથી જુદો પાડીને, ભગવાને કીધું કે આત્માની સ્તુતિ આવી, એવી સ્તુતિ એણે કરી એ જીવ થઈને સ્તુતિ કરી. જીવ જીવપણે રહીને થઈને સ્તુતિ કરી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હવે સ્વાધ્યાયનો કાળ છેને બધો શાંતિનો?

મુમુક્ષુ :- વિહારનો કાળ મટી ગયો.

ઉત્તર :- વિહારનો કાળ મટી ગયો. ત્યાં તો અમુક શૈલીથી કહેવું પડે કે અમુક વાત આવે. અહીં તો માખણ ચાલે.

મુમુક્ષુ :- દૃષ્ટાંત

ઉત્તર :- દૃષ્ટાંત કહો એમ વળી કહે. ભાઈ હવે આવતું હોય એ આવવા દેને. કોક કહેતું હતું. આહા..હા..! એ તો અહીં કહેતા હતા. દૃષ્ટાંત એકલું સત્ત્વ આવે છે. હવે જેવું આવે એ આવે. પછી વળી બીજે દિ' છેલ્લે દિ' દૃષ્ટાંતો ગણાવે. ત્યારે આ આવ્યા ત્યાં ક્યાં તૈયાર કરી રાખ્યા હોય? અંદર એને મળતું હોય અને જરી સ્વભાવ એવો હોય ત્યાં. આહા..હા..! અને તે વાણીને કાળે વાણી નીકળે છે એને જાણીને આત્મામાં વિકાર ક્યાં છે? આહા..હા..! એવી વાત છે.

કહે છે '**તેને, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે...**' જે ધર્માત્મા, કેવળીઓ અને સંતો જે છે તે. '**તેઓ, ખરેખર જિતેન્દ્રિય કહે છે.**' આવા આત્માને જિતેન્દ્રિય ભગવાન કહે છે, મુનિઓ કહે છે. ચાર જ્ઞાનના ધણી સંતો, ગણધરો કહે છે. એવા આત્માને. કે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા એને જ્ઞેય જે ખંડ અને જડ ઈન્દ્રિય કહો, એનાથી એકતા અને એના અસ્તિત્વમાં હું છું એવી જે માન્યતા હતી તેને તોડીને એટલે કે તોડીને એ વ્યવહાર છે. આહા..હા..! સ્વભાવમાં એકતા થતાં પરની એકતા તૂટી છે એને જીવ થઈને એણે પોતાના ગુણનું સ્તવન કર્યું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એય..! જેઠાલાલભાઈ! આહા..હા..! એવા જીવને. એવા જીવને એટલે? જેણે જ્ઞાયકભાવના સ્વભાવનો આશ્રય લઈ સ્વદ્રવ્યનો આશ્રય લઈ અને ખંડ ઈન્દ્રિય જડની વિષય પરદ્રવ્યની એકતા જેને તૂટી ગઈ છે અને સ્વભાવમાં એકતા જેને થઈ છે એવા જીવને સંતો જિતેન્દ્રિય કહે છે, એવા જીવને સંતો ચાર જ્ઞાનના ધણી ઋષિઓ મુનિ પરમાત્મા એવા પરમાત્મા એને જિતેન્દ્રિય કહેવામાં આવે. એકલી ઈન્દ્રિયને જીતી એ કામ ન આવે. આખું ફોડી નાખે. સમજાણું? કાનમાં ખીલા નાખે. એ જિતેન્દ્રિય નહિ. આવે છેને અન્યમતિમાં ઓલું સુરદાસ. સુરદાસ. આંખો ફોડી. જુવાન સ્ત્રી ઉપર નજર ગઈ. અરે આંખ ફોડી નાખું. આંખોનો શું વાક છે? એમાં આવે છે એ. વેશ્યાનો પ્રેમ હતો તો સર્પ લટકતો હતો એને પકડીને દોરી છે એમ જાણીને વેશ્યાના ઘરે વયો ગયો સુરદાસ. સર્પ લટકતો હતો અને અંદર બારીમાં જાવું હતું. એ એકદમ પરસ્ત્રી.. કાનમાં લાકડા નાખવા કાંઈ બીજું ન સંભળાય જાય. તમને નહિ કાંઈક બીજી વાત આવે ત્યાં ઉં..હું.. ઉ..હું.. શું છે પણ? પોપટભાઈ બહુ કરતા. કાંઈક એવી વાત આવેને. શું છે પણ સાંભળને.

અહીં તો કહે છે કે સાંભળવું એના તરફથી લક્ષ છોડવું એ વસ્તુ છે. અહીં તો એ કહે છે. આહા..હા..! એય..! ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવવાળો પ્રભુ અંદર એની અંતર

દૃષ્ટિ કરીને, એમાં એકાગ્ર થઈને જેણે આ જીત્યો એ નાસ્તિથી વાત કરી, આમ અસ્તિથી આ. જ્ઞાયકસ્વભાવનો આશ્રય લીધો એ અસ્તિથી. ત્યારે આ જ્ઞેયથી એકતા તૂટી એને જિતેન્દ્રિય ઈન્દ્રિયો જીતી એ નાસ્તિથી જીતી એમ કીધું. બાકી ખરેખર તો અણિન્દ્રિયમાં એકાગ્ર થયો છે ત્યારે ઈન્દ્રિય જીતાઈ ગઈ છે એને જિતેન્દ્રિય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! કેટલું સંઘર્યું છે! એક ગાથામાં કેટલો સંગ્રહ! સ્વપર જ્ઞેય અને સ્વપર દ્રવ્ય. પાછા કોને કહેવા અને એમાંથી ખસવું? આહા..હા..! આવી વાત પરમસત્ય. બીજે ક્યાંય હોય નહિ. ...

આવા જેણે જ્ઞાનસ્વભાવી વસ્તુ ભગવાન, એનો જેણે આશ્રય કર્યો એને ખંડ ઈન્દ્રિય, ભાવ જડઈન્દ્રિય પર જીતાઈ ગયા એટલે એનો આશ્રય રહ્યો નહિ, એના તરફથી લાભબુદ્ધિ, એકતાબુદ્ધિ તૂટી ગઈ અને સ્વભાવની એકતા થઈ તેને સંતો વીતરાગી મુનિઓ તેને જિતેન્દ્રિય કહે છે. એ જીવને જિતેન્દ્રિય કહે છે. આહા..હા..! ઈન્દ્રિયના વિષય ભોગવે નહિ અને બ્રહ્મચારી હોય માટે જિતેન્દ્રિય છે એમ નહિ. આહા..હા..! આખી જિંદગી ઈન્દ્રિયનો વિષય સ્ત્રીનો લીધો ન હોય એથી એ જિતેન્દ્રિય છે એમ નહિ. આહા..હા..! જેને એ વિષય તો પરજ્ઞેય છે અને એના તરફનું લક્ષ જવું એ રાગ છે અને તેને જાણવાનું ખંડ જ્ઞાન એ પણ પરદ્રવ્ય છે. આહા..હા..! એ ખંડજ્ઞાન જાણનારું રાગને, રાગ અને ઓલું. ત્રણેને રુચિ છોડી એટલે કે તેના ઉપરનું લક્ષ છોડી દઈ અને જ્ઞાયકભાવના આશ્રયે દૃષ્ટિ જાય એને જીતેન્દ્રિય કહેવામાં આવે છે અને જેણે શરીરથી સ્ત્રીને સેવી નહિ માટે જિતેન્દ્રિય છે એમ નથી. એય..!

એવા '**નિશ્ચયનયમાં સ્થિતિ સાધુઓ છે...**' એમ ભાષા છે જુઓ! એય..! વ્યવહારમાં સ્થિત સાધુઓ જેમ આને કહે છે એમ નથી કીધું. આહા..હા..! સંતો. કેટલી શૈલી છે! આહા..હા..! જેને સ્વભાવમાં સ્થિત મુનિઓ સંતો ભલે પંચ મહાવ્રતનો વિકલ્પ હોય તોપણ એ એમાં સ્થિત નથી. સ્થિત સ્વભાવમાં છે. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે નિશ્ચયમાં સ્થિત સાધુઓ. ભાષા તો જુઓ! પહેલાં જિતેન્દ્રિય કહેનારા કેવા એની વાત કરે છે. જિતેન્દ્રિય કહેનારા કોણ? જિતેન્દ્રિય થયો એ તો થયો, પણ એને જીતેન્દ્રિય કહેનાર કેવા હોય છે એમ કહે છે. આહા..હા..! है कि नहीं उसमें? '**निश्चिताः साधवः**' આહા..હા..! જેણે સ્વરૂપને વ્યવહાર છોડી, લક્ષ છોડી નિશ્ચય સાધન કર્યું છે. ભગવાન જ્ઞાયક સ્વભાવનું જેણે સાધન કર્યું છે. એવા નિશ્ચયમાં સ્થિત જે સંતો આવા જીવને જિતેન્દ્રિય તરીકે સ્વીકારવામાં આવે છે. છેને એમાં? ભણંતિ એમ કીધુંને? કહે છે. કહે છે કહો કે એને સ્વીકારે છે એ જિતેન્દ્રિય છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આ તો ૧૭મી વાર ચાલે છે આ સમયસાર. આહા..હા..! કહો, શાંતિભાઈ! જુઓ આ સમયસાર. ૩૧મી ગાથા. '**તેને,...**' '**खलु**' '**ખરેખર જિતેન્દ્રિય કહે છે.**' એને જ સાચો જિતેન્દ્રિય કહે છે. આહા..હા..! ટીકા. આ તો શબ્દાર્થ કર્યો. આ તો સ્વાધ્યાયનો કાળ છેને આ તો હળવે.. હળવે...

'**જે મુનિ...**' મુનિ નામ આત્મા. જુઓ અહીંયાં મુનિ પ્રધાનથી કથન છેને. '**દ્રવ્યેન્દ્રિયો,...**' આ જડ પાંચ. જે અજીવ પર્યાય છે આ. પુદ્‌ગલની પર્યાય છે. '**ભાવેન્દ્રિયો...**' જે ખંડ જ્ઞાનનો અંશ છે. એ પણ પરદ્રવ્યમાં જાય છે અહીં તો. આહા..હા..! પરદ્રવ્ય કહો, પરજ્ઞેય કહો. બેય છેને. અન્યદ્રવ્યથી અધિક કીધુંને લખાણમાં. '**ज्ञानस्वभावाधिकं**' અન્ય દ્રવ્ય કીધું. ભાવઈન્દ્રિય અન્ય દ્રવ્ય છે એટલે કે અન્ય જ્ઞેય છે. અન્યજ્ઞેય કહો કે અન્ય દ્રવ્ય કહો. એ તો. '**તથા ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો...**' શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. ચાહે તો સ્ત્રીનો વિષય હો કે ચાહે તો ભગવાનની વાણી હો કે ભગવાન હો એ બધા ઈન્દ્રિયના વિષયો છે. આ રાડ નાખેને બધા. સોગાનીમાં આવે છેને કે સ્ત્રીનો વિષય અને ભગવાનની વાણી બેય વિષય જ છે કહો. હાય.. હાય.. દ્રવ્યદૃષ્ટિમાં આવેને? દ્રવ્યદૃષ્ટિપ્રકાશ. ત્રીજો ભાગ આવ્યું છેને? વિષય તરીકે તો ભગવાનની વાણી અને સ્ત્રી તરીકે બેય વિષય જ છે એમ કહ્યું. પણ આ શું કીધું? અહીં તો ઈન્દ્રિય કીધી પરને. ભગવાનની વાણીને ઈન્દ્રિય કીધી. આત્મા નહિ, અણિન્દ્રિય નહિ. સમજાય છે? શાસ્ત્ર સાંભળવા એ બધા ઈન્દ્રિય. ઈન્દ્રિયનો વિષય છે એમ કીધું. આહા..હા..! ગજબ વાત છેને. વસ્તુસ્થિતિ એમ છે ત્યાં બધું શું થાય? આવે, હો, પણ એ વસ્તુ પરજ્ઞેય તરીકે છે. આહા..હા..!

એવા '**ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો—એ ત્રણેયને...**' પાઠમાં તો ઈન્દ્રિયને જીતીને જ કહ્યું છે એટલે એ ત્રણને ઈન્દ્રિયો કીધી. '**પોતામાંથી જુદાં કરીને...**' જોયું! ઓલામાં અધિક નાખ્યું હતું જુદા કરીને, સંકરદોષ ટાળીને. '**સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન પોતાના આત્માને અનુભવે છે તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે.)**' હવે એનું સ્પષ્ટીકરણ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૭, રવિવાર, તા. ૧૮-૦૬-૧૯૭૨
## ગાથા-૩૧, પ્રવચન-૧૦૧

૩૧મી ગાથા. સમયસાર. શબ્દાર્થ આવી ગયા છે. ટીકા. ફરીને. જે કોઈ આત્મા. મુનિ એટલે આત્મા. દ્રવ્ય ઈન્દ્રિય આ જડ-જડ એ પરદ્રવ્ય છે. ભાવેન્દ્રિય. જે ખંડ-ખંડ જ્ઞાન છે એ પણ ઈન્દ્રિય છે એ ખરેખર પરદ્રવ્ય છે. એ પરજ્ઞેય છે. જેમ આ શરીરની ઈન્દ્રિયો

જડ પરજ્ઞેય છે એવી જ ભાવેન્દ્રિય ખંડ ખંડ જે છે જે સૂક્ષ્મ અંશ એક એક વિષયને જાણે એવું જ્ઞાન ખંડ એ પણ પરજ્ઞેય છે. એ પરદ્રવ્ય છે. એ સ્વદ્રવ્ય નહિ. જ્ઞાયકભાવ એવો જો જ્ઞાનસ્વભાવભાવ એકરૂપ ત્રિકાળ સ્વભાવભાવ એ જ્ઞાયક એ સ્વ. અને આ જડ ઈન્દ્રિય અને ભાવ ઈન્દ્રિય અને એના વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ એ બધા પરજ્ઞેય છે એ પરજ્ઞેયને અને સ્વજ્ઞેય જ્ઞાયક. બેને એક માનવા એ અજૈનપણું છે, અજિતેન્દ્રિય છે.

મુમુક્ષુ :- એ કોણ માને?

ઉત્તર :- અનાદિ માને છે. આ ઈન્દ્રિય હોય તો લાભ થાય, ખંડ ઈન્દ્રિય ઉઘાડ છે, ક્ષયોપશમ એવો મળ્યો છે, .. આત્માને લાભ થાય, શબ્દ વાણી રસ આપણે સાંભળીએ, ભગવાનની વાણી સાંભળીએ તો એનાથી લાભ થાય એ બધું પરદ્રવ્યથી લાભ થાય એમ માન્યું છે. પરજ્ઞેયને સ્વજ્ઞેય માન્યું છે એમ કહેવું છે. એ બધું પરજ્ઞેય છે. સ્વજ્ઞેય નહિ. સ્વજ્ઞેય તો જ્ઞાયકસ્વભાવ, ત્રિકાળ ધ્રુવ સ્વભાવ એ સ્વજ્ઞેય અને આ ભાવઈન્દ્રિય, જડઈન્દ્રિય અને એના વિષયો ચાહે તો ભગવાનની વાણી હો કે ભગવાન પોતે હો કે સમ્મેદશિખર આદી હો એ બધા ઈન્દ્રિયોમાં ગણવામાં આવ્યા છે. અણિન્દ્રિય એવો જે સ્વજ્ઞાયકભાવ એનાથી એને ભિન્ન કહેવામાં આવ્યા છે. ..ભાઈ! કાલે તો હતા તમે. સમજાણું કાંઈ? આ જિતેન્દ્રિય એટલે જિન કોને કહેવા? જિન કોને કહેવા? કે જે કોઈ જડઈન્દ્રિયો આ શબ્દો જાણવામાં નિમિત્ત છે જડ, ભાવેન્દ્રિય એ બધા ત્રણેને ઈન્દ્રિયમાં. પાઠમાં તો ત્રણેને ઈન્દ્રિય કીધી છે. ત્રણ ઈન્દ્રિય છે. એ અણિન્દ્રિય આત્મા નહિ એમ એનો અર્થ. અણિન્દ્રિય એવો જે ભગવાન આત્મા એ સ્વજ્ઞાયકભાવ એ આ ત્રણ નહિ. ભાવઈન્દ્રિય, જડઈન્દ્રિય અને એના વિષયો ત્રણે પરજ્ઞેય, પરદ્રવ્ય અને નિશ્ચયથી સ્વજ્ઞેય જ્ઞાયકભાવ જીવ જ્યારે કહીએ તો એની અપેક્ષાએ ત્રણ તે અજીવ છે. જીવ-અજીવ અધિકાર છેને.

જ્ઞાયકનું હોવાપણું ધ્રુવ ચૈતન્ય એકરૂપ સ્વભાવ તેનું હોવાપણું તે સ્વજ્ઞેય અને તે જીવ. જેનો જ્ઞાયકસ્વભાવભાવ એવો જીવ એમ. બે ભાવ, આ ભાવ અને આ ભાવ એમ. એવો જ્ઞાયકસ્વભાવ, ધ્રુવસ્વભાવ, શુદ્ધ ઉપાદાન જ્ઞેય સ્વભાવ એ એકલો જ્ઞાયક એ સ્વવિષય અથવા સ્વજ્ઞેય અને જ્ઞાનીનો તે સ્વધ્યેય. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આવું ઝીણું બહુ પણ ભારે. શિયાળાના ઉપરનું પાણી ઠંડા અને પાતળા લૂગડા.. આ બહુ ઝીણું છે. વસ્તુ જે છે એક સમયમાં જ્ઞાયકસ્વભાવભાવ, જ્ઞાનભાવ, સ્વરૂપ સ્વભાવ ત્રિકાળ. '**णाणसहाव**' કહ્યું હતુંને પાઠમાં? '**णाणसहावाधियं**' પોતે જ્ઞાનસ્વભાવભાવ એનાથી ખંડ ઈન્દ્રિય, દ્રવ્ય ઈન્દ્રિય અને વિષયો તેનાથી અધિક છે એટલે જુદું છે. એ તત્ત્વ તદ્દન જુદું છે. ખંડ ઈન્દ્રિયથી, જડ ઈન્દ્રિયથી અને એના વિષયો એનાથી એ તત્ત્વ તદ્દન જુદું છે. અધિક છે એટલે તદ્દન ભિન્ન છે. એને આત્મા કહીએ. અને એ કેવળી ગુણના સ્તવન કરનારો કહીએ. કેવળ ગુણ

પરમાત્માના એ પોતે કેવળ અનંતગુણ. શુદ્ધ સ્વભાવ અનંત-અનંત અપરિમિત શક્તિ અને એ શક્તિનું આખું સત્ત્વ ..વાળું એવો જે આખો જ્ઞાયક તત્ત્વ, સત્ વસ્તું એનું જે સત્ત્વ. સત્ વસ્તુ એનું જ્ઞાયકભાવ એનું સત્ત્વ. એ સ્વજ્ઞેય એની સાથે ખંડ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય અને શબ્દો આદિ એ એકપણું માનવું એ પરજ્ઞેય અને સ્વજ્ઞેયને એકપણે માન્યા. એટલે કે ખંડ ઇન્દ્રિયથી લાભ થાય, જડથી લાભ થાય, શબ્દ સાંભળવાથી લાભ થાય એવી જેની બુદ્ધિ છે એ પરજ્ઞેયને અને સ્વજ્ઞેયને બે એક માને છે.

મુમુક્ષુ :- નિમિત્ત તરીકે તો લાભ થાય

ઉત્તર :- નિમિત્ત તરીકે આ કહે છે આ પંડિત ત્યાં હતા. .. એ બીજો છે બોલ. પહેલો બોલ તો ચાર ગતિમાં ભ્રમણ અને વિકારનું કારણ કર્મ છે એ ... જીવીત શરીરથી લાભ થાય ધર્મનો. અરર! આવા કથન તે પ્રભુ વ્યવહારના માર્ગ! આ જીવીતથી શરીર એટલે ટકતું. જીવતું એટલે ચૈતન્યસહિત છે આ?

મુમુક્ષુ :- સાથે તો રહે છે.

ઉત્તર :- સાથે રહે એટલે શું થયું? સાથે એટલે એક ક્ષેત્રમાં, આકાશના ક્ષેત્રની અપેક્ષાએ સાથે છે. પોતાનું ક્ષેત્ર તો ભિન્ન છે તદ્દન.

કહે છે કે એવી જે '**દ્રવ્યેન્દ્રિયો,...**' શરીર પરિણામ પ્રાપ્ત. '**ભાવેન્દ્રિયો...**' ખંડ ખંડ જ્ઞાનને જણાવે એવો ભાવ '**તથા ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો—**' શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. ચાહે તો ભગવાનની પ્રતિમા હો કે ચાહે તો ભગવાન સાક્ષાત્ હો એ ઇન્દ્રિય છે અથવા ઇન્દ્રિયનો વિષય છે. એય..! એ ઇન્દ્રિય છે. અણિન્દ્રિયથી ઇન્દ્રિય પદાર્થ ભિન્ન છે. જેમ ખંડ ઇન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને એનો વિષય એ ત્રણે એક ગણીને તેને પરજ્ઞેય કહ્યા છે, પરદ્રવ્ય કહ્યા છે. આ જીવનો જ્ઞાયકભાવ ત્રિકાળની અપેક્ષાએ આ જીવ એમાં નથી. આવડો એમાં નથી. એથી એને અજીવ કહીને, અજીવથી જ્ઞાયકભાવ ભિન્ન છે એવો જે જ્ઞાયકભાવમાં એકાગ્ર થવું એણે ઇન્દ્રિયોને જીતી એટલે ઇન્દ્રિયોથી જુદો પડ્યો એને જિન, નિશ્ચયમાં સ્થિત એવા સંતો એને જિતેન્દ્રિય કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ છે. અહીં તો કહે છે કે શબ્દો સાંભળવાથી લાભ થાય એ ઇન્દ્રિયથી લાભ થાય એમ માનનારા છે એમ કહે છે. પરજ્ઞેયથી લાભ થાય એમ માનનારા છે. એય..! અહીંયાં તો પરજ્ઞેયમાં નાખ્યા છે. એવી વાત છે.

'**એ ત્રણેયને પોતાનાથી જુદાં કરીને...**' એટલે કે ત્રણે ઉપરથી લક્ષ છોડી દઈને. ભાવેન્દ્રિય ઉપરથી રુચિ છોડી દે, જડ ઉપરથી છોડી દે અને પરના વિષય જે છે શબ્દાદિ. આહા..હા..! જગતને આકરું પડે છે. સ્ત્રી રાગનો વિષય છે એમ ભગવાન પણ રાગનો જ વિષય છે. જયંતિભાઈ! એ ત્રણેયને પોતાના જ્ઞાયકસ્વભાવનો આશ્રય લઈને જે જુદા કર્યા

એટલે ભિન્ન પાડ્યા. ભિન્ન પાડ્યાનો અર્થ એ. એકરૂપ જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી, સ્વભાવમાં એકતા થતાં ખંડ ઇન્દ્રિય આદિ જુદાં રહી ગયા. એને પરથી જુદાં પાડ્યા અથવા પરથી અધિક આત્માને જુદો કર્યો એવા જીવને સંતો જે નિશ્ચયમાં સ્થિત સંતો છે એવા જીવને જીતેન્દ્રિય કહે છે. કહો, સમજાય છે આમાં? શશીભાઈ! આવું ઝીણું છે આ બધું સમજવું પડશે હોં હિત કરવું હોય તો. થોથા છે ચારેકોર. આહા..હા..!

એક સમયમાં ભગવાન આત્મા જ્ઞાયકભાવ. પાઠમાં એમ આવ્યુંને? કે જ્ઞાનસ્વભાવ વડે એમ આવ્યું હતુંને? '**ज्ञानस्वभावाधिकं**' એટલે આત્મા વડે એમ પહેલું ન કહેતા જ્ઞાનસ્વભાવ એવો જે આત્મા એ. જ્ઞાનસ્વભાવ વડે અન્ય દ્રવ્યથી અધિક આત્માને એમ કીધુંને? આત્મા શબ્દ નાખ્યો પણ આ રીતે. જ્ઞાયકસ્વભાવ વડે આત્માને એ ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ છે એવી દૃષ્ટિ કરીને જેણે આ ત્રણ જ્ઞેયોને પરજ્ઞેય તરીકે ન માનતા સ્વજ્ઞેયમાં લાભદાયક માન્યા હતા એને જુદા પાડ્યા. એટલે કે તેનો આશ્રય લક્ષ છોડી એટલે કે પર્યાયબુદ્ધિ અને નિમિત્ત બુદ્ધિને છોડી. લ્યો! જેણે વસ્તુના સ્વભાવ ત્રિકાળી ભગવાન એવી જેણે બુદ્ધિ કરી એને જીતેન્દ્રિય (કહીએ). આમ શરીરથી બ્રહ્મચર્ય પાળે આખી જિંદગી તોપણ એ જિતેન્દ્રિય નહિ. કેમકે હજી હું શરીરથી બ્રહ્મચર્ય પાળું એ બધો વિકલ્પ અને પરાશ્રયભાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો દેખાય છતાં જે ખંડ ઇન્દ્રિયથી પાર જ્ઞાયકભાવને પ્રાપ્ત કર્યો છે એ જિતેન્દ્રિય છે. સમજાણું કાંઈ? એ છન્નું હજાર સ્ત્રીના વિષયના ભોગકાળે પણ એ જિતેન્દ્રિય છે. કેમકે એની દૃષ્ટિ ખંડ અને ઇન્દ્રિય ઉપર નથી. એ કાળે પણ એની દૃષ્ટિ જ્ઞાયકભાવ, ખંડ ઇન્દ્રિય અને વિષયોના એ વિષય છે એ ઇન્દ્રિય છે. એના તરફનું લક્ષ જાય છે એ ભાવ ઇન્દ્રિય છે અને એમાં જડ ઇન્દ્રિય એ નિમિત્ત પડે છે આ પરમાણું છે એ. બધાય તે ઇન્દ્રિયો અને પરદ્રવ્ય એના ઉપરથી દૃષ્ટિ ખસી ગઈ છે અને જ્ઞાયકભાવમાં દૃષ્ટિ સ્થિર થઈ છે. એને જિન કહેવામાં આવે છે. કેમકે ચૈતન્ય સ્વભાવ તે જિનસ્વભાવ છે. એ ખંડઇન્દ્રિય ને એ કાંઈ જિનસ્વભાવ નહિ. અન્ય સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વ્યાખ્યા જિન એટલે જિતનારો તે જિન એ શબ્દ છેને મુખ્ય જૈનમાં? જૈન શબ્દમાં જિતે તે જૈન. કોને જિતે? એટલે શું? જીતવું એટલે શું? જે પોતાનો જ્ઞેયભાવ, ત્રિકાળસ્વભાવ એના ધ્યેયને બનાવી એટલે ખંડ ઇન્દ્રિય આદિ ઇન્દ્રિયના વિષયોના લક્ષ છોડી દીધા છે અને અહીં લક્ષને જમાવ્યું છે. આહા..હા..! આવો માર્ગ છે. એણે જીવને પ્રાપ્ત કર્યો અથવા એ જીવની સ્વભાવ તરફની એકાગ્રતાની દશાવાળો જીવ અહીં લીધું છેને. ઓલાવાળો નહિ પણ એકાગ્રતાવાળો. ખંડઇન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિય અને વિષયવાળો નહિ. સમજાણું કાંઈ? દાસ! આવો માર્ગ છે.

સ્વદ્રવ્યને જેના જ્ઞાયકસ્વભાવભાવ વડે, જ્ઞાયકસ્વભાવભાવ વડે પરજ્ઞેય એવા જે ખંડ ઈન્દ્રિયો, જ્ઞાન ક્ષયોપશમનો અંશ. ત્યારે તો ભાઈ ૫૦મી ગાથામાં કહ્યું કે ભાઈ પરદ્રવ્ય ચોખ્ખું કહ્યું ત્યાં પર્યાયનું કેમ કહ્યું? પણ એમ જ કહ્યું હવે. એ ખંડ ઈન્દ્રિયનો પર્યાયનો અંશ જે છે એ સ્વદ્રવ્ય નહિ. સ્વજીવ નહિ, સ્વજ્ઞેય નહિ. .. જીવ અજીવ છે ત્રિકાળી જ્ઞાયકભાવને માટે અજીવ છે. આવો ભાવ જેમાં નથી એટલે ઓલો અજીવ સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ એવો. વીતરાગ એટલે તારો માર્ગ એમ. 'જિન સોહી હૈ આત્મા' આવે છેને? સમયસાર નાટકમાં આવે છે. એ વર્ણન નહિ. જિનનું વર્ણન તો ચૈતન્યસ્વરૂપ છે. જીવ એ જિન અને જિન એ જિનવર. જીવ એ જિન અને જિન એ જિનવર એમ ત્રણ બોલ આવે છે. સમયસાર નાટક.

ભગવાન આત્મા એ જિન છે અને અકષાયસ્વભાવ સ્વરૂપ જ છે એ. અને એ જિનવર છે. આહા..હા..! અહીં તો જિનની પ્રતિમા, ભગવાન, સમવસરણ બધું ઉડી જાય છે. એના સ્થાનમાં વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હો, પણ વસ્તુ વ્યવહારથી ભિન્ન છે. ધર્મી વ્યવહારસહિત નથી. ધર્મી વ્યવહારરહિત છે. વ્યવહાર છે ખરો, પરજ્ઞેય આદિ છે ખરું. આહા..હા..! આવું તત્ત્વ ઝીણું ભારે! એક સમયમાં જ્ઞાયકભાવ ધ્રુવ અસ્તિ આદિ અને અંત વિનાની ચીજ એવો જે સ્વભાવભાવ એવો આત્મા. એ વડે જેણે આ જ્ઞેય, પરજ્ઞેયને જીત્યા. જીત્યાનો અર્થ? તેના ઉપર રુચિ છોડી દઈને સ્વભાવની રુચિ કરી, એનો આશ્રય છોડ્યો એનો એણે જીત્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! એ નાસ્તિથી કથન છે. એને જીત્યું. જીત્યું એટલે શું? જેણે પર્યાયબુદ્ધિ દ્રવ્ય આ જડ બુદ્ધિ આ પર્યાયને નિમિત્તબુદ્ધિ. આહા..હા..! ગજબ વાત છેને. કેટલી વાત કરી છે! લોકોને એક શાંતિથી સમજવાની દરકાર. એ આ નિમિત્તથી થાય, એ આના નિમિત્તથી થાય. અહીં તો ભગવાનની વાણીને, ભગવાનને અજીવમાં ગણ્યા. આ જીવ નહિ. પરજ્ઞેયમાં ગણ્યા. એનાથી લાભ થાય તો પરજ્ઞેય અને સ્વજ્ઞેયને એક માન્યા. પંડિતજી!

મુમુક્ષુ :- સામાન્ય

ઉત્તર :- ...પણ એવું સાંભળવાનું મળતું નથી એમ કહે. આનાથી આમ થાય, આનાથી આમ થાય. ભગવાનની પ્રતિમા દેખે તો સમકિત થાય. લ્યો! ભગવાનની વાણીથી સમકિત થાય. વેદના આકરી દેખે તો સમકિત થાય. જાતિસ્મરણથી સમકિત થાય, દેવઋદ્ધિ દેખે મોટી ઋદ્ધિ દેવની સમકિત. જુઓ શાસ્ત્રમાં આવો શબ્દ છે. આહા..હા..! એ તો ક્યાંથી લક્ષ છૂટ્યું હતું એ બતાવવાની વાતું છે. વસ્તુ તો ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ. પહેલી ગાથા જ આ લીધી. વચ્ચે ૧૧મી વર્ણવી, પણ સ્તુતિ તરીકે ગુણમાં સ્તવન તરીકે, સ્કંધ અને દ્રવ્ય અને પરની સ્તુતિ નહિ. પર સારા છે એમ વખાણ નહિ એમ કહે છે. પછી

એમ કે પછી અહીંથી થઈ ભક્તિમાં બેસે પાછા. આવી વાતું છે. એય..! પંડિતજી! એકવાર સાંભળતો ખરો. આહા..હા..!

ત્રણલોકનો નાથ જ્ઞાયકસ્વભાવ જેમાં અનંત-અનંત કેવળજ્ઞાનની પર્યાય સંઘરીને પડ્યો આખો. એવું જે ચૈતન્ય જીવનું સ્વરૂપ અસ્તિત્વ એને અહીંયાં જીવ કહેવામાં આવે છે. એની સ્તુતિનો અર્થ કે એમાં એકાગ્રતા. એ ઓલો રાગમાં એકાગ્રતા, પરમાં એ પરની સ્તુતિ થઈ. પરના વખાણ થયા. સમજાણું કાંઈ? ... આ તો નિશ્ચય-નિશ્ચય કરે. પણ આ શું કહે છે? સાંભળતો ખરો. શાસ્ત્ર શું કહે છે? ભગવાનને ઇન્દ્રિયમાં નાખ્યા એણે ભગવાનને, પરદ્રવ્યમાં નાખ્યા. શિવલાલભાઈ! એના બા કહેતા દેવ-ગુરુ એ શુદ્ધ? શુદ્ધ એ પરદ્રવ્ય. શુદ્ધ-શુદ્ધ. એ તો શુદ્ધ છે. હવે સિદ્ધ શુદ્ધ એ પરદ્રવ્ય છે સાંભળને. એનું પરદ્રવ્ય છે. એના ઉપર વિકલ્પ જશે તો વિકલ્પ જ ઉઠશે. ઇન્દ્રિયનો વિષય છે એને લક્ષ જશે તો રાગ જ થશે. ભલે શુભ થાઓ. પ્રવિણભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! આવા વિના એનો વિસ્તાર નથી, એનો ઉદ્ધાર નથી. સમજાણું કાંઈ? વિષયભૂત. આહા..હા..! શાસ્ત્રો એ પરજ્ઞેય, શાસ્ત્ર અજીવ નિમિત્તથી ન થાય પહેલું ન શીખવવું કહે. છોકરાવને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સત્યથી કરવું કે અસત્ય કરવું? અસત્યથી કરવું એમાંથી ઉપરથી સત્યનો લાભ થાય? દેવચંદજી! બાળપોથી છેને આપણે બાળપોથી. એ છેને શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. હરિભાઈએ લખ્યું છેને એમાં? શાસ્ત્રથી જ્ઞાન થાય નહિ, જ્ઞાનથી જ્ઞાન થાય. આવું શીખવું પહેલું હવે? હવે સાંભળ તો ખરો પહેલું. એને સાંભળવાની .. યોગ્યતા હોય તો આવ્યા વિના રહેશે નહિ. જાશે ક્યાં? સમજાણું કાંઈ? આ સ્તુતિની પહેલી ગાથા છે આ. સ્તુતિની. ગુણના સ્તવનનો કરનારો એટલે ત્રિકાળ ગુણનો આદર કરીને એકાગ્ર થનારો એ જીવની સ્તુતિ છે, એ ભગવાનની સ્તુતિ છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ પોતે ભગવાન છે.

ઉત્તર :- .. આહા..હા..! ભગવાનજીભાઈ! એ ભગવાન પોતે થયો. આહા..હા..! કેવળીના ગુણની સ્તુતિ કોને કહેવી? એમ પ્રશ્ન છે. તો એના ઉત્તરમાં આ જવાબ આપ્યો. કે ભગવાનના ગુણ એમ નહિ. કારણ કે ભગવાનના જે ગુણ છે એની સામું જોવે તો એ તારા ભગવાનના ગુણ નહિ. કેટલાક કહે છેને ઓલામાં આવ્યું હતું. તદ્‌ગુણલબ્ધયે. મોક્ષમાર્ગ નેતારં ભેતારં કર્મ ભૂભૃતામ, જ્ઞાતારં વિશ્વ તત્ત્વાનં વંદે તદ્‌ગુણલબ્ધયે. જુઓ એના ગુણની લબ્ધિ માટે વંદન કરે. એ લખાણું છે બધું આવ્યું. ભગવાનના દર્શન કરવા, વંદન-સ્તુતિ કરવી ત્યાં એને શું વાર લાગે? એમ કહે છે. વંદેતદ્‌ગુણલબ્ધયે. એમ છે. એ ત્રણકાળના જ્ઞાની છે કેવળજ્ઞાની પરમાત્મા એને વંદન કરવા એના લાભમાં તદ્‌ગુણલબ્ધયે. જે ભગવાનના ગુણ છે એ લાભ

માટે વંદન કરે છે. એય..! દેવચંદજી! લખ્યું છે. જવાબ છે. ત્યાં તમે ના પાડો તો કહે નહિ. ભગવાન આવા છે એના ગુણગાન પરમેશ્વર આવા છે. .. લ્યો અરે! પણ પરમેશ્વર ત્રણલોકનો નાથ આવો છે એમ કહે. પરદ્રવ્ય એ વિકલ્પ છે, રાગ છે લ્યો! એય..! તંબોળી! અહીં તો આવી વાત છે. આહા..હા..! એય..! પ્રવિણભાઈ! લ્યો આ રવિવારે આવ્યા છે પ્રવિણભાઈ. આહા..હા..!

**'એ ત્રણેયેને પોતાનાથી જુદાં...'** પોતે એટલે જ્ઞાયકભાવ. સ્વયંસિદ્ધ વસ્તુ ધ્રુવ. આહા..હા..! જે સત્‌ને ત્રિકાળી સત્‌ને. ખરેખર તો ઉત્પાદ-વ્યયની પર્યાયને પણ વસ્તુ અને પરની અપેક્ષા નથી. સમજાણું? તો આ ભગવાન જ્ઞાયકસ્વરૂપ અંદર ચૈતન્ય એને પ્રાપ્ત કરવામાં કર્મના અભાવની પણ જેને અપેક્ષા નથી. જેને ભગવાનની વાણી સાંભળવાની પણ અપેક્ષા નથી. પોતાની અપેક્ષાએ એટલે? છે અંદર. અંદર આમાં છે એમાં .. એમાં અપેક્ષા ક્યાં? છે. છે એને છે રીતે સ્વીકાર્યું. સમજાણું કાંઈ? અહીં તો બીજું કહ્યું હતું નહિ? સર્વજ્ઞસ્વભાવ ઘણું કહ્યું હતું. .. એ આવ્યું હતું. સર્વજ્ઞ સ્વભાવી આત્મા છે એમ સ્વીકારનાર. અલ્પજ્ઞ નહિ, નિમિત્ત નહિ, હું તો સર્વજ્ઞ છું. એમ સર્વજ્ઞના મુખમાં એ આવ્યું છે. સર્વજ્ઞ થયા, જે સ્વભાવમાં હતા શક્તિરૂપે એ થયા. એના મુખમાંથી વાણી એ આવી છે કે તારો આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે ત્યાં દૃષ્ટિ કર. અને અલ્પજ્ઞ અને અમારી વાણી ઉપરથી પણ લક્ષ છોડી દે. એમ ભગવાનની વાણીમાં એમ આવ્યું છે. એમ આવ્યું કે નહિ આમાં? ઇન્દ્રિયને જીતી એટલે કે મારા સામું જોવું છોડી દે. આહા..હા..! આવી વાત! અમારી વાણીથી પણ તને લાભ નહિ થાય. તારો જ્ઞાયકસ્વભાવ ત્રિકાળ પડ્યો ત્યાં એકાગ્ર થા. તે ગુણનું સ્તવન અને કેવળીનું સ્તવન અને જિનપણું એને કહેવાની જિતેન્દ્રિય. નિશ્ચયમાં સ્થિત સંતો એને જિતેન્દ્રિય કહે છે. જુઓને બે વાત પાછી લીધી. આવાને જિતેન્દ્રિય કહે છે. આમ ઇન્દ્રિયમાં ભોગ ન લે, વિષય ન લે, સાંભળે નહિ. દુઃખ સહન કરે. .. કરે છેને. અમારે ભોગીભાઈ કરતા એય..! ... શું છે પણ? શબ્દ એવા સાંભળે. પણ એ શબ્દ સાંભળ્યા એ તો પરજ્ઞેય છે એમાં તારે વાંધો શું આવ્યો? એમાં રાગ કર તો તું કર. એ ક્યાં કરાવે છે શબ્દ? આહા..હા..!

એ પરજ્ઞેય અને સ્વજ્ઞેયની અહીંયાં વહેંચણીની વાત છે. આહા..હા..! આવી વાત! કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા એકલો સર્વજ્ઞ સ્વભાવ.. સ્વભાવ.. એવા આત્મા વડે, સર્વજ્ઞ સ્વભાવવડે આત્માને સર્વજ્ઞ સ્વભાવ જ્ઞાયકભાવ પરિણામિકભાવ કહેતા તો પરમાણુને પણ પારિણામિકભાવ છે. એ અહીં તો અહીંયાં તો જ્ઞાયકભાવરૂપ પરિણામિકભાવ એવો જે ચૈતન્ય સ્વભાવ ધ્રુવ એ વડે આત્માને ખંડ ઇન્દ્રિયો આદિથી રુચિ છોડીને સ્વભાવમાં એકાગ્ર થાય એને જિતેન્દ્રિય, એને જિન, એને જૈનદર્શનને પહેલે પગથિયે આવ્યો હવે સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? એને જૈન કહીએ. આ વાડામાં પડ્યા અને બધા જૈન છે એ જૈન નહિ એમ

કહે છે. એય..! આહા..હા..!

ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અંદર વસ્તુ છેને? વસ્તુ છે તે પૂર્ણ છે. વસ્તુ અપૂર્ણ હોઈ શકે નહિ. અપૂર્ણતા અને ભેદો બધા પર્યાયમાં હોય. વસ્તુ તરીકે છે એ પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ છે લ્યો. એની પોતાની જાતની એને ખબર ન મળે. એય..! જયંતિભાઈ! અને ધર્મનો લાભ જાણે બહારથી ક્યાંકથી આવશે. જેમાથી પર્યાય પ્રગટ થાય એવી જે ચીજ, એની એને ખબરું ન મળે અને એનો એને ધર્મ કરવો. પંડિતજી! આ તો હવે ટાઢા પહોરનો સ્વાધ્યાય છેને. બહાર હતા મોટા માણસો બબ્બે હજાર ને પાંચ-પાંચ હજાર. આવું માગે તો શું આ કહે? વજુભાઈ! પોતે પાછા બહાર વાંચે. ૧૧મી ગાથા વાંચતા હતા તોપણ ફુલચંદજી હળવેક દઈને કહે. ઓલા શેઠિયા આવ્યાને ભાઈ! શાહુજીને. ૭૨ વાંચો ૭૨ જરી સમજાય સીધું. ત્યાં એમ કહ્યું. ત્યાં . કહ્યું હતું હોં. જયપુર. ૭૧ વંચાણી પછી ૭૨ આવવાની હતી. ત્યાં એમ હતું. ત્યાં ભાઈ ઉઠ્યા કૈલાસચંદજી. હતા તમે? કૈલાસચંદજી. ત્યાં ઓલો આવ્યો શાહુજી. પોતે વાંચે. ૭૨ મૂકીને ૭૩ વાંચી અને ૧૧મી મૂકીને ૭૨ વાંચી. ફુલચંદજીએ એમ કહ્યું લ્યો! હવે આ બધા માથા મોટા પૈસાવાળા. ૪૦ કરોડ અને ૧૫ કરોડ. કેડો ભાંગી નાખે એવા. કહો, શિવલાલભાઈ! પૈસાવાળા.

છાપામાં એવું આવ્યું હતું ભાઈ! પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણેથી શેઠિયાઓ ઉતર્યા હતા કહે. છાપામાં એવું આવ્યું. ચાર દિશાને. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણેથી શેઠિયાઓ ફતેપુર ઉતર્યા હતા. ... ૩૦ લાખ હશે. પણ બહુ બહુ રૂપિયા. પૈસા એમ નહિ પૈસાવાળો છતાં એને પૈસાનું ઓલું નથી એમ. હવે ધૂળમાં પૈસા શું છે? પૈસા તો અજીવ છે અહીં તો અજીવ છે. અહીં તો ખંડ ઇન્દ્રિયને અજીવ કીધો તો ધૂળ તો ક્યાંય રહી ગઈ.

મુમુક્ષુ :- આપ પહેલા નિશ્ચયની વાત કરો છો પછી ઓલી વાત તો અમને ઝટ દઈને બેસતી નથી

ઉત્તર :- એણે ખુબ કહ્યું હતું. કોણ જાણે કેમ કહેવું એ કાંઈ ખબર ન પડી. બેઠા પછી એકલા હોં. .. એકલા. બેઠા. પાટે હાથ રાખે ને આમ .. બેઠા અને મારાથી કહેવાઈ ગયું. કીધું આ બધા તમે સમાજના અગ્રેસરમાં મુખ્યપણે ... છે લ્યો! એય..! રતિભાઈ! કોક કહેતું હતું કે આ ભોગીભાઈને લાગુ પડે. ... આ વાત કરીને ત્યાં. એ જેને લાગુ પડે એ સમજો. આ તો સિદ્ધાંત આવો છે. સમાજ ભેગા થાય અને મોઢા આગળ બેસાડે. માન... માન... માન... શું છે કીધું આમાં? અમારી શ્રદ્ધા શું છે અમને ખબર નહિ. તમે જૈન અને અજૈનની શ્રદ્ધા બે સરખી માનો. બધું ગોટા છે. .. શાંતિથી. આહા..હા..! કોઈ .. મારે કાંઈ તમારી પાસેથી લેવું છે? આહા..હા..! આવો માર્ગ, આવો કાળ આવ્યો. આહા..હા..! અરે નરક અને નિગોદમાંથી નીકળ્યો. માંડ-માંડ નીકળ્યો છે. માંડ એને ખબર નથી. આ

માણસપણું મળ્યું, એમાં શું કરવાનું છે? એની સૂઝ નહિ પડે તો એ માણસપણું મળ્યું એ શું ચીજ એને? કાંઈ ન મળે. બહારની ચીજો હો, ન હો. એની સાથે કાંઈ સંબંધ નથી. અહીં તો ખંડ ઇન્દ્રિય સંબંધમાં પડી છે એનો પણ જ્યાં આશ્રય લેવો નથી. આહા..હા..! ખંડ ઇન્દ્રિય જે સમીપ એટલે એની પર્યાયમાં અવસ્થામાં છે. આહા..હા..! કહો, ધીરૂભાઈ! આ તો માટી જડ, ધૂળ છે આ તો. રજકણોની અવસ્થા અજીવની, સીધી અજીવની. પણ જે જ્ઞાનનો ખંડ છે જ્યાં શબ્દ, રૂપ, રસને જાણે જે જ્ઞાનનો અંશ. એ નહિ.. એ નહિ.. એ અજીવ જીવ નહિ. એ પરજ્ઞેય છે. આહા..હા..! વીતરાગના ઘરમાં આવી વાતું હોય, એ વાતું બીજે ક્યાંય ન મળે.

વીતરાગ એમ કહે કે અમારી વાણી તારે માટે ઇન્દ્રિય છે. ગજબ વાત છે. અમે તારા માટે ઇન્દ્રિય છીએ. તું અણિન્દ્રિય છો અને અમે ઇન્દ્રિય છીએ. આહા..હા..! અમારાથી જુદો પડ ભાઈ! તું જુદો છો. આહા..હા..! જે જ્ઞાનના અંશમાં અમારી વાણીથી અમને તું જાણે છો એ જ્ઞાનના અંશથી પણ જુદો પડ. આહા..હા..! ગજબ વાત કરે છેને. તારું રક્ષણ ત્યાં નથી. ત્યાં ચિદાનંદ નાથ પડ્યો છેને. તું વસ્તુ છોને. છે એને આદિ છે? છે એને અંત હોય? છે એ સ્વભાવથી ખાલી હોય? તો જ્ઞાનસ્વભાવથી ભરપૂર ભરેલું તત્ત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છે હોં! અજબ-ગજબનો આશ્રયભાવ છે. અરે! એકવાર એકભાવને પણ યથાર્થ સમજે તો એકને સમજે તો બધા ભાવ યથાર્થ થઈ જાય એવી વાત છે.

જુઓ, કહે છે. ભાષા એણે લીધી જુઓને. '**સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન...**' એમ ભાષા લીધી છેને? પાઠમાં એમ હતું અન્યદ્રવ્યથી અધિક. અન્ય દ્રવ્ય કહી દીધા એને. ખંડ ઇન્દ્રિયને અન્ય દ્રવ્ય, જડઇન્દ્રિયને અન્યદ્રવ્ય આ બધું અન્યદ્રવ્ય પરવસ્તુ છે. આહા..હા..! રૂપિયા ને બગીચા ને બાગ ને બાયડી, છોકરા ને દેવ ને ગુરુ બધા પરદ્રવ્ય. એ પરદ્રવ્યથી મને લાભ થાય, મને ઠીક થાય છે ત્યાં સુધી તેણે પરદ્રવ્ય અને સ્વદ્રવ્યને એક માન્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૈસાથી મને સુખ થાય, બાયડીથી મને સુખ મળે છે, આબરૂથી મને સુખ મળે છે હજીરા મોટા પાંચ-દસ લાખના. હજીરો એટલે મકાન. એનાથી મને ઠીક પડે છે. એ બધા જડને માનનારા છે એમ કહે છે. એય..! આહા..હા..! ૪૦ લાખનો બંગલો છે ગોવામાં શાંતિ ખુશાલ. શાંતિલાલ ખુશાલ છેને? ૪૦ લાખનો બંગલો. એવા બે અને બધા .. શેઠ સાહેબ... શેઠ સાહેબ... શેઠ સાહેબ.. આહા..હા..! ભારે ભગવાન! ક્યાં તે પોતાનું માન્યું? ક્યાં તે પોતાને જાણ્યું? ક્યાં તારું અસ્તિત્વ તે બીજામાં સ્વીકાર્યું? એ તને ખબર નથી. કહો, પંડિતજી!

ભગવાનના સમવસરણ દેખીને સમકિત થાય એમ જોર કરે છે. અહીં તો ના પાડે છે.

એમ કે ભગવાનના સમવસરણમાં જાય એને સમકિત થાય. અરે! અભવિને મિથ્યાદર્શન આવે છેને ભાઈ! અભવિ મિથ્યાદષ્ટિ ન જાય. સમ્યક્ મિથ્યાદષ્ટિ જાય. એમ નથી. ત્યાં મિથ્યાદષ્ટિ બધા જાય સાંભળવા. સાંભળવા જાય એમાં શું થયું? સમ્યગ્દર્શન થઈ જાય? સમ્યગ્દર્શન તો ત્યાં છે. આહા..હા..! ભગવાનની વાણી અને એનું જે જ્ઞાન અને આ જડ ઇન્દ્રિય. ત્રણેને ઇન્દ્રિય ગણીને એના ઉપરથી રુચિ છોડી ભગવાન જ્ઞાયક સ્વભાવ બિરાજમાન છે એમાં દૃષ્ટિને સ્થાપે ત્યારે એને જીવના ગુણની, કેવળીના ગુણની સ્તુતિ કરી. નહિતર તો ખંડ ઇન્દ્રિયથી મને લાભ, જડથી લાભ એ પરના ગાણાં ગાયા મિથ્યાત્વના.

મુમુક્ષુ :- મિથ્યાત્વની સ્તુતિ કરે છે.

ઉત્તર :- મિથ્યાત્વની સ્તુતિ કરે છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**'પોતાના આત્માને અનુભવે છે...'** છે? **'સર્વ અન્યદ્રવ્યોથી ભિન્ન...'** અન્ય દ્રવ્ય જ એ બધા છે. **'પોતાના આત્માને અનુભવે છે...'** એટલે સ્વભાવ સન્મુખ થઈને એકાગ્ર થાય. એ અનુભવે, આનંદને અનુભવે. ત્રિકાળી જ્ઞાયકનો આનંદ સ્વભાવ ત્રિકાળ. એમાં શુદ્ધાત્મ પરિણામ દ્વારા સન્મુખ થાય એને અનુભવે **'તે મુનિ નિશ્ચયથી જિતેન્દ્રિય છે.'** તે જીવને સંતો જે નિશ્ચયમાં સ્થિત છે. પાઠ એમ છેને? નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ. વ્યવહારમાં સ્થિત છે એની તો અહીં વાત કરી જ નથી. વ્યવહારથી ધર્મી વ્યવહારમાં સ્થિત હોય જ નહિ. આહા..હા..! પાઠ છેને ભાઈ! નિશ્ચયમાં સ્થિત. સમકિતી નિશ્ચયમાં સ્થિત છે. વ્યવહારમાં સ્થિત નથી. કારણ કે એ તો પરજ્ઞેય છે, તેના જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા મુનિઓ કે જે નિશ્ચયમાં, સ્વભાવમાં સ્થિત છે. એ મુનિઓ એમ કહે છે. જુઓ, એ વ્યવહાર આવી ગયો પાછો. .. એમ આવ્યુંને ભાઈ! સાધુઓ છે તે આમ જિતેન્દ્રિ કહે છે, વાણીમાં આમ આવે છે. એ વ્યવહાર થઈ ગયો. વાણીમાં એમ આવે છે. આહા..હા..! એ તો શબ્દાર્થ કરીને વાત કરી. હવે એક એક જડ ઇન્દ્રિય, ભાવ ઇન્દ્રિય અને વિષયો એને જીતનાર કઈ શક્તિ વડે જીતે? એ ત્રણેની ભિન્ન-ભિન્ન અપેક્ષા કરશે. વાત સમુચ્ચય જ્ઞાનસ્વભાવ વડે આત્મા એમ કીધું. છતાં એને પ્રકાર આમાંથી ભિન્ન પાડશે.

હવે કહે છે. આ તો ધર્મકથા છે. આ કોઈ વાર્તા નથી કે ચકલો લાવ્યો ચોખાનો દાણો, ચકલી લાવી મગનો દાણો એની કરી ખીચડી, પછી ખાધી અને પછી ફલાણાને આપી. આવે છેને છોકરાવને. કુંભારને આપી, કુંભારે ઘડુલો આપ્યો, ઘડુલો બીજાને આપ્યો, એણે આપ્યો ખજુર. એવું આવે છે કાંઈક. એક એક રજકણ... એક એક રજકણ... આહા..હા..! એક એક આ પરમાણુ છે જુદો આ. એ અનંત પરમાણુનો પિંડ છે એ. એનું એક એક રજકણ ભિન્નપણે તે સમયની જે પર્યાય જે પ્રકારે છે તે પ્રકારે પોતાથી થાય છે. આહા..હા..! આવું તો જડનું સ્વયંસિદ્ધ ઉત્પાદ, વ્યય અને ધ્રુવવાળું સ્વરૂપ છે. અહીં તો ભગવાન આત્માનું

જે ઉત્પાદ-વ્યયવાળું સ્વરૂપ છે એનું પણ લક્ષ છોડી દે એમ કહે છે. કરે છે લક્ષ પર્યાય. જાણે છે પર્યાય, એકાગ્ર થાય છે પર્યાય જિતેન્દ્રિયપણું એ પર્યાય છે. આહા..હા..! એવી પર્યાય. સ્વતરફ ઢળી છે એવો પર્યાય એને સ્વજ્ઞેયનું એ વલણમાં છે એ પર્યાય. જે પર્યાય પરજ્ઞેયના રાગાદિના વલણમાં હતી એ મિથ્યા પર્યાય છે. એ પર્યાય ખંડ ઈન્દ્રિય, જડ ઈન્દ્રિય અને વિષયો શબ્દાદિ. એમાંથી એ પર્યાયે લક્ષ છોડી દઈને. કામ તો પર્યાયમાં થાય છેને. એનાથી હું જુદો છું. જુદો છું કોણ છે? કોણ જાણે છે? દ્રવ્ય જાણે? ગુણ જાણે?

આત્માને... 'जानाति' એમ કીધુંને? અધિક, જુદો જાણે છે એટલે કે અધિક, જુદો અનુભવે છે. કોણ અનુભવે? પર્યાય અનુભવે કે ધ્રુવ અનુભવે? આહા..હા..! આમ વળેલી પર્યાય ધ્રુવને અનુભવે છે એમ કહેવાય. એ પર્યાય આમ જે વળતી હતી રાગને, વિકારને, ઝેરને વેદતી હતી એ પર્યાય આમ વળી અમૃતને વેદે છે. આહા..હા..! એને નિશ્ચયથી જિતેન્દ્રિય જીવ છે એમ કહ્યું. આહા..હા..! હવે શરીરની પર્યાયને પહેલી લે છે. '**અનાદિ અમર્યાદરૂપ...**' નિરવધિ છેને બંધ પર્યાય વસેલ નિરવધિ.. એટલે કહે છે '**અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે...**' આ જડની અવસ્થાની પર્યાય છે એ તો અનાદિથી છેને એમ કહે છે. '**જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી)...**' આ જડ ઈન્દ્રિય. પાછું જડ ઈન્દ્રિયથી જ કામ થાય આ ટાણે એમ કહે છેને કેટલાક? આત્મા એકલો શું કરે? જડ ઈન્દ્રિય હોય તો જાણવાનું કામ કરે, ચાલવાનું કામ કરે. સાંભળને.

એ '**બંધપર્યાયના વશે સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે...**' જડ ઈન્દ્રિય તે હું એમ અજ્ઞાનીને સ્વપરની વહેંચણી અસ્ત થઈ ગઈ છે. સ્વપરનો વિવેક, વિભાગ આથમી ગયો છે અનાદિથી. આ તો શરીરની પર્યાય છે, માટીની છે આ તો અવસ્થા. ભગવાન એનાથી જુદો છે અંદર. શરીરની પર્યાય રૂપાળી હોય તો કહે એ મને. એ હું છું. નિરોગ હોય તો કહે હું છું એવો, સરોગ હોય તો કહે હું છું એવો, પણ એ તો જડની અવસ્થા છે. આહા..હા..! કહે છે '**અનાદિ...**' નિરવધિ '**અમર્યાદરૂપ બંધપર્યાયના વશે સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે...**' જડની, શરીરની અવસ્થા અને આત્મા બે જુદાં એ એને આથમી ગયા છે અનાદિથી.

'**(અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે...**' માની છે. થઈ રહી નથી. સમજાણું? એક ક્ષેત્રે આત્માની પર્યાય, એક ક્ષેત્ર જડની પર્યાય છે. એથી એને એવું નિમિત્ત છેને ત્યાં જાણવા માટે એ મૈત્રી છૂટતી નથી. એક જેવું એને લાગે છે. કાન ન હોય તો આપણને શી રીતે જ્ઞાન થાય? એમ જડની ઈન્દ્રિયના પર્યાય આ છે એની સાથે, એકમેક થઈ ગયેલો '**એવી શરીરપરિણામને પ્રાપ્ત...**' એ તો શરીરની પર્યાયને પ્રાપ્ત છે

આ ઈન્દ્રિયો. આ કાંઈ આત્માની પર્યાયને પ્રાપ્ત છે એમ નહિ. આ તો શરીર પર્યાયને પ્રાપ્ત છે આ બધી જડ. ભારે કામ આવું! આહા..હા..! એ કીધુને અનાદિનો અમર્યાદિત, મર્યાદા વિનાનો કાળ છે. શરીરની પર્યાયને પોતાની માની છે. કારણ કે એની પર્યાય ઉપર બુદ્ધિ છે અને એ પર્યાય ઉપર બુદ્ધિ છે તો પર ઉપર લક્ષ જાય છે એનું. આમ જાય છે... આમ જાય છે... આહા..હા..! અહીં તો પર્યાયની પાછળ મોટો ભગવાન છે એની તો ખબર નથી. પર્યાયની અપેક્ષા અવ્યક્ત છે, વસ્તુ અપેક્ષાએ વ્યક્ત છે. આહા..હા..! પ્રગટ પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી. એક સમયની પર્યાયમાં દ્રવ્ય આવ્યું નથી એટલે એ પર્યાયમાં દ્રવ્ય આવે તે શું છે આ તે ચીજ? ખ્યાલ જ આવતો નથી એનો, પ્રતીતમાં આવતો નથી.

પ્રગટ અવસ્થા જે ક્ષયોપશમની વર્તે છે એમાં એની બુદ્ધિ છે. એનું અસ્તિત્વ એટલું માન્યું છે એણે. એથી એની બુદ્ધિ શરીરની પર્યાયને પોતાની માને છે. પણ એ પર્યાય જેની છે એવો દ્રવ્ય સ્વભાવ એને એ જાણતો નથી. આહા..હા..! એવી વસ્તુ છે. છે? '**અનાદિ અમર્યાદરૂપ બંધપર્યાયના વશે જેમાં સમસ્ત સ્વપરનો વિભાગ અસ્ત થઈ ગયો છે (અર્થાત્ જેઓ આત્માની સાથે એવી એક થઈ રહી છે કે ભેદ દેખાતો નથી)**' એમ. ભેદ દેખાતો નથી. છે તો ભેદ જ છે, જુદે જુદું જ છે. '**એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિયો...**' આ કાન, આંખ, નાક, જુદા છે જડ, માટી. દ્રવ્યેન્દ્રિયો. '**તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી...**' દેખો હવે. હવે જુદી પાડવાની વ્યાખ્યા. જીતવાની વ્યાખ્યા આ. એનાથી રહિત છે એવો રહિત થવાની વ્યાખ્યા હવે. સહિત નથી.

'**એવી શરીરપરિણામને પ્રાપ્ત જે દ્રવ્યેન્દ્રિય તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતા...**' દેખો! કોઈ ક્રિયા કરે અને રાગની મંદતા કરે અને ભેદ અભ્યાસ થાય એમ નહિ કહે છે. '**તેમને તો નિર્મળ ભેદ-અભ્યાસ...**' જડ પરિણામની પર્યાયથી જુદું પાડવાનો નિર્મળ ભેદજ્ઞાન અભ્યાસની પ્રવીણતા, વિચિક્ષણતા, પ્રવીણ-હુશિયાર. શરીરની પર્યાયથી ભગવાન જુદો છે એને ભેદ પાડવામાં હુશિયાર. આ પ્રવીણ ભાઈ જુઓ પ્રવિણભાઈ! આ પ્રવીણ. છેને. પ્રવીણતા છે જુઓ. એનું નામ પ્રવીણ કહેવાય. '**પ્રવીણતાથી પ્રાપ્ત...**' ભાષા જોઈ! જુદું પાડવાની પ્રવીણતાથી આ પ્રાપ્ત છે. '**નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત...**' છે. ક્યું? એ પછી કહેશે. કેવળ. રાગની મંદતાથી કે શરીરની પર્યાયની સહાયથી પ્રાપ્ત એમ નથી. જીવ શરીર છેને એટલે એનાથી પ્રાપ્ત થાય ધર્મ એમ નથી કહે છે. એનાથી નિર્મળ ભેદ અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત અંતર વસ્તુ. શું?

'**જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...**' લ્યો! આહા..હા..! અંતરંગમાં. આ તો બહિરંગ છે. '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...**' જોયું અહીં પાછું પ્રગટ લીધું. એ તો પર્યાયની અપેક્ષાએ અવ્યક્ત છે, વસ્તુ અપેક્ષાએ પ્રગટ જ છે, સત્

છેને. છેને સત્તા? ચૈતન્ય સ્વભાવનું હોવાપણું ભાવસ્વભાવ છે. '**અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ**...' પાછું અતિસૂક્ષ્મ. જડના પરિણામ છેને એની સાથે જુદું પાડવું છે. અતિસૂક્ષ્મ. એટલે? પુણ્યના, પાપના પરિણામ તો સ્થૂળ છે. એ વડે જુદું ન પડે. એનાથી જુદુ પાડવું છે તો એ વડે ન પડે. આવો ઉપદેશ કેવો? ઓલી તો છ કાયની દયા પાળો, ચોવિહાર કરો, રાત્રે.. અપવાસ કરો, ચોવિહાર કરો, અઠમ કરો. એમાં એક અપવાસ સવારમાં પહોરથી ચડાવે તો પચ્ચીસ અપવાસનું લાભ. લાભ થાય એમ. એમ કહે. અઠમ કરેને એના ઉપર એક .. ચડાવે તો પચ્ચીસ અપવાસનું પુણ્ય થાય. પુણ્ય નહિ ધર્મ થાય. એય..! ભગવાનજીભાઈ! .. આમ કહેતા કે નહિ? એ બધા કરતા હતા વૈષ્ણવ. પણ એ કહેતા હતા એને એમ કહે છે. બીજો કહેતો હતો...

મુમુક્ષુ :- એક પચ્ચીસ ઉપાવસ.

ઉત્તર :- એક અઠમ છેને અઠમ. ત્રણ અપવાસ કરેને, ત્રણ અપવાસ કર્યા ઉપરથી પહોર ચડાવી. .. સમજે? ત્રણ કલાક. સવારના નવ પછી ખપે. તો એક પહોરથી ચડાવી તો પચ્ચીસ અપવાસનું પુણ્ય. હવે આ બાયડું ચડી જાય બધી. ખેંચી નાખે. અહીંયાં અપવાસ હતા તો છોકરો કાંઈક તોફાન કરતો હતો. એ બાઈ એમ બોલી કે પણ મોઢે મારે અપવાસ છેને. મોઢે અપવાસ છે એમ બોલી. વાત પણ સાચી, આત્મામાં ક્યા હતા. મોઢે અપવાસ અને તું આ કજીયા કરે છે? મેં કીધું વાત સાચી.

એવા '**જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે**...' દેખો! ચૈતન્યના સ્વભાવના અવલંબનના બળ વડે '**સર્વથા પોતાથી જુદી કરી**...' શરીરના પરિણામ પર્યાય પ્રાપ્ત ઇન્દ્રિયો એને અંતર સર્વથા જુદી કરી. એનું નામ દ્રવ્ય ઇન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. એ .. વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૮, સોમવાર, તા. ૧૯-૦૬-૧૯૭૨
## ગાથા-૩૧, પ્રવચન-૧૦૨

લ્યો પહેલા શરીરની વ્યાખ્યા થઈ. શરીરને પ્રાપ્ત જે આ ઈન્દ્રિયો એ ખરેખર પરજ્ઞેય છે. એને જ્ઞાયક સ્વભાવ એવો જે આત્મા એની સાથે જ્ઞેય જ્ઞાયકની એકતા એ મિથ્યાત્વભાવ છે. કહો, પંડિતજી! જીવિત શરીરથી ધર્મ ક્રિયા થાય છે એ પ્રશ્ન નથી ખાણિયા ચર્ચામાં? અહીં તો ના પાડે છે. શરીર પરિણામને પ્રાપ્ત એ તો અજીવ પ્રાપ્ત એમ કહ્યું હતું. કે નહિ સર્વથા અજીવ લો. શરીર પરિણામને પ્રાપ્ત આ તો પાંચ ઈન્દ્રિય જડ. એને '**નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી પ્રાપ્ત જે અંતરંગમાં પ્રગટ અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ તેના અવલંબનના બળ વડે સર્વથા પોતાથી જુદી કરી?...**' એમ કહ્યું. કથંચિત્ શરીરની પર્યાયથી જુદી અને કથંચિત્ એક. (એમ ન કહ્યું)

મુમુક્ષુ :- સર્વસ્વ

ઉત્તર :- સર્વથા લખ્યું છેને ખાણિયા ચર્ચામાં. જીવિત શરીર શરીરથી ધર્મપણું થાય, અધર્મપણું થાય છે લ્યો! એમ કેમ. કેવળીને ઉદયભાવ ક્ષાયિક છે. જુઓ એ ધર્મ થયો ત્યાં. અને પ્રવચનસારમાં કહ્યું કે .. શરીરની થઈ જાય .. બહિરંગ ચેષ્ટા . છેદ છે. બહિરંગ છેદ છે. લ્યો! શરીર કહ્યું કે નહિ? ત્યાં બહિરંગ છેદ છે એમ કહ્યું પ્રવચનસાર. ઉપયોગ છે .. માનવાનો નહિ પણ શરીરમાં નિમિત્તપણું થઈ ગયું છે.. એ તો વ્યવહારની વાત કરીને. છેદ એટલે જાણવું એનું ... કેવળીના ઉદયની ક્રિયા વળી એમ કહે કે ઉદયની ક્રિયા ક્ષાયિક થઈ માટે એને ધર્મ થયો. ...

અહીં તો કહે છે કે શરીરના પરિણામને પ્રાપ્ત પરમાણુની પર્યાય છે આ તો જડની. એનાથી સર્વથા જુદું કરવું. હું જ્ઞાયક ચૈતન્ય અતિસૂક્ષ્મ સ્વભાવ. એના અવલંબન વડે એમાં એકાગ્ર થવું. આ જડને જીત્યું એમ કહેવામાં આવે છે. પોતામાં ન ભેળવવી એનું નામ જીતવું એમ કહેવામાં આવે છે. આમ છે.

મુમુક્ષુ :- જીતવું તો લડાઈ ક્યારે થઈ?

ઉત્તર :- એ લડાઈ થઈ. પોતાના અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ એનું અવલંબન કર્યું. ઈન્દ્રિયો એમાં અનુભવમાં સાથમાં આવી નહિ એ જીતવું. એવી વાત છે.

'**નિર્મળ ભેદ-અભ્યાસની પ્રવીણતાથી...**' એ કારણ આપ્યું. શું? કે '**અંતરંગમાં પ્રગટ**

**અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવ...**' ભગવાન અતિસૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ '**તેના અવલંબનથી...**' ત્રિકાળી જ્ઞાયક સ્વભાવના અવલંબનથી. અવલંબન લીધું એટલે શરીરની પર્યાયની એકતા તૂટી ગઈ. શરીરની પર્યાય પરજ્ઞેય તરીકે રહી. ઝીણું ભારે. આ તો સ્થૂળ છે. હવે પ્રવચનસારમાં નથી કહ્યું? શરીરની પર્યાયને . મેં કરી નથી, કરાવી નથી, કરતાને રૂડું જાણ્યું નથી. આવે છે કે નહિ? અહીંયાં કારણ નથી. શરીરની આ પર્યાય થાય એમાં હું કારણ નથી. એ તો જડના પરમાણુ એને કારણે થાય છે. આહા..હા..! અકારણ આવે છેને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કર્તા નહિ, કરાવતા નહિ, અનુમોદતા નહિ અને કારણ નહિ. એય..! સુજાનમલજી! તો શું થાય છે? આ પંડિત લોકો કહે છેને શરીરની ક્રિયાથી ધર્મ થાય છે. એ એક વાત થઈ. એ દ્રવ્ય ઇન્દ્રિયનું જીતવું થયું.

હવે ભાવ ઇન્દ્રિય. છે એમાં? '**જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી જેઓ વિષયોને ખંડ ખંડ ગ્રહણ કરે છે એવી ભાવેન્દ્રિયોને,...**' આ ભાવ ઇન્દ્રિયની વ્યાખ્યા કરી કે જે '**જુદા જુદા પોતપોતાના...**' જ્ઞાનનો ક્ષયોપશમનો અંશ કાન એ શબ્દને જાણે. જાણવામાં નિમિત્ત. ઓલું ખંડ જ્ઞાન છેને એ હોં અહીં લેવું. એ શબ્દને જાણે. અહીંયાં ખંડજ્ઞાન રૂપને જાણે, આ સ્પર્શનો સ્પર્શને જાણે. એવું જે '**જુદા જુદા પોતપોતાના વિષયોમાં વ્યાપારપણાથી...**' એ ખંડજ્ઞાનનો, જ્ઞાનના વર્તમાન ક્ષયોપશમનો ખંડજ્ઞાન એનો વેપારથી '**જેઓ વિષયોને ખંડ ખંડ ગ્રહણ કરે છે...**' વિષયને ખંડ ખંડ જાણે છે એટલે કે જ્ઞાનને ખંડ ખંડપણે જાણે છે. વસ્તુ છે ચૈતન્ય અખંડ એ ખંડ ખંડપણે જણાવે એ ભાવ ઇન્દ્રિય. છે? '**જે ખંડ ખંડ ગ્રહણ કરે છે...**' એટલે જ્ઞાનને ખંડ ખંડરૂપે જણાવે છે. અખંડરૂપે જણાવે નહિ. વર્તમાન અંશમાં જ્ઞાનનો અંશ જે ખંડ છે એ જ્ઞાનને ખંડરૂપે જણાવે છે. ક્ષયોપશમનો અંશ જે. એ પરજ્ઞેય છે નિશ્ચયથી. આહા..હા..! ખંડપણે જણાવે એવું જે જ્ઞાન. ખંડ ખંડપણે જણાવે એવું જે જ્ઞાન. આ તો ક્યાંય પર રહી ગઈ પહેલી. એ તો પહેલી કહી વાત. આ તો જેને આત્માનું હીત કરવું હોય એ કેમ થાય એની વાત છે.

એ ખંડ ખંડ જે જ્ઞાન છે એ જણાવે એવી ભાવેન્દ્રિયોને. આ તો પર છે શરીરના પર્યાયો તો. પણ હવે ઓલો ખંડ ખંડ જ્ઞાન જણાવે એ પણ પર અંશ છેને? ત્રિકાળી દ્રવ્યસ્વભાવની અપેક્ષાએ અખંડ થવાની અપેક્ષાએ એ ખંડ છે. ખંડ છે તે અપેક્ષાએ પરજ્ઞેય છે. પરરૂપે જાણવાલાયક છે, સ્વરૂપે જાણવાલાયક નથી. કહો, સમજાણું? જે જ્ઞાનમાં ખંડ ખંડપણું જ્ઞાનને જણાવે તે જ્ઞાનને અહીં ભાવેન્દ્રિય કહે છે અને એ ભાવેન્દ્રિય પોતપોતાના એક એકને વિષયને જાણે તેથી ખંડજ્ઞાનરૂપ જે વિષય એ પર છે. પોતે ભગવાન અંદર ચૈતન્ય સ્વરૂપે. એની સામે છે જુઓ. '**પ્રતીતિમાં આવતા...**' અંદરમાં શ્રદ્ધામાં પ્રતીતમાં

આવતા **'અખંડ એક ચૈતન્યશક્તિપણા...'** લ્યો ખંડની સામે એ લીધું. ખંડ ખંડની સામે અખંડ લીધું. **'અખંડ એક ચૈતન્યશક્તિપણા...'** એકરૂપ ચૈતન્ય શક્તિની સત્ત્વભાવ એક અખંડ ચૈતન્ય શક્તિપણાના ભાવ વડે. **'વડે સર્વથા પોતાથી જુદી જાણી?...'** ખંડ જ્ઞાનને પણ સર્વથા પોતાથી જુદી જાણી એમ કહ્યું. જાણીનો અર્થ અખંડ જ્ઞાન પ્રતીતમાં આવ્યું, એમાં એ ખંડ જ્ઞાન છે એમ જાણવામાં વ્યવહાર આવી જાય છે. આવો ભારે ધર્મ, ભાઈ!

મુમુક્ષુ :- એ તો ઉપયોગની વાત થઈ.

ઉત્તર :- અંતરની વાત થઈ. પ્રતીતિમાં ખંડ જ્ઞાન એ તો ઉપયોગ તો ઉપયોગ તો ત્રિકાળી ઉપયોગ છે. પોતામાં લાગે એ પણ ઉપયોગ છે. પણ આ ખંડ ખંડ જ્ઞાન એ ઉપયોગ ખંડ ખંડ જ્ઞાન એ જ્ઞાનની એકતાને અખંડતા જણાવતું નથી, ખંડ ખંડ જણાવે માટે તે પર છે. અખંડ ચૈતન્ય સ્વરૂપ અંદર.

મુમુક્ષુ :- ઉપયોગની વાત તો ઠીક પણ લબ્ધિવાળી વાત

ઉત્તર :- નહિ લબ્ધ લબ્ધ એ બધું ખંડ જ્ઞાન.

મુમુક્ષુ :- લબ્ધ બાહ્ય ઈન્દ્રિય

ઉત્તર :- ભલે હો. એ લબ્ધ ભાવેન્દ્રિય અખંડ જ્ઞાનમાં એકરૂપ જ્ઞાનમાં ખંડ ખંડ જણાવે એ પર છે.

મુમુક્ષુ :- લબ્ધ અને ઉપયોગ બેય એમ.

ઉત્તર :- બેય પર છે.

મુમુક્ષુ :- એ પર્યાય થઈ ગઈ.

ઉત્તર :- પર્યાય છે પણ ખંડખંડપણું છેને એ? અંશપણું છે. પર્યાયબુદ્ધિ અહીં છોડાવે છે. વસ્તુ અખંડ પૂર્ણ સ્વરૂપ જે ચૈતન્ય એને પ્રતીતમાં આવતા અખંડ એક ચૈતન્યશક્તિ. જોયું! અખંડ એક ચૈતન્ય શક્તિ સત્ત્વ. વસ્તુ આત્મા એની ચૈતન્ય શક્તિ એનું સત્ત્વ અખંડ એકરૂપ. એવી દૃષ્ટિ વડે એ ભાવેન્દ્રિય ઉપરથી લક્ષ છોડ્યું અને અખંડ ચૈતન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ એણે ભાવેન્દ્રિયને જીતી એટલે કે જુદી પાડી એટલે કે જુદી પાડીને સ્વભાવમાં એકત્વ થયો. ત્યારે જુદી છે એને જાણવામાં આવે છે. આહા..હા..! ઓલામાં જુદી કરી હતી શરીરમાં. અહીં જુદી જાણી એવો શબ્દ છે. .. એક જ સાથે. અહીં જુદી જાણી શબ્દ કેમ મૂક્યો? પણ એનો અર્થ એ થયો કે પોતામાં અખંડ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિથી એકરૂપ ચૈતન્ય સ્વભાવ શક્તિ ઉપર જ્યાં દૃષ્ટિ પડી એટલે ખંડખંડ જ્ઞાનની એકતા તૂટી ગઈ. પછી છે એને જાણવામાં રહી અને શરીરની પર્યાય પણ છે એમ જાણવામાં રહી. સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ આકરો. ઓલું તો કહે દયા પાળવી એ ધર્મ જાવ. ભગવાનની ભક્તિ કરવી. સહેલું સટ સમજાય. ધૂળેય નથી સાંભળને. દયા કોણ પાળે કોની? વસ્તુ.. એ તો પરતત્ત્વનો

ભાવ છે. ધર્મ નથી. અશુભથી બચવા એ કાળનો ભાવ હોય તો હો. વસ્તુ છે એ ધર્મ એ નથી. કહો, સમજાણું?

**'भावेन्द्रियाणि' 'खण्डशः आकर्षन्ति'** એમ છે. **'प्रतिविशिष्टस्वस्वविषयव्यवसायितया खण्डशः आकर्षन्ति'** ખંડ ખંડ જણાવે છે એમ લીધું. ખંડ ખંડ આકર્ષે છે, ખંડ ખંડ જણાવે છે. એ આ જીવની સ્તુતિ, ભગવાનની સાચી સ્તુતિ આને કહેવી એમ કહે છે. પરમાત્મા બહાર છે, વીતરાગ તીર્થંકરની મૂર્તિ એની સ્તુતિ એ તો વિકલ્પ છે શુભરાગ. એ સાચી સ્તુતિ નથી. સાચી સ્તુતિ તો આત્મા અખંડ ચૈતન્યમૂર્તિ પ્રતીતમાં આવતા એમાં એકાગ્ર થાય એનું નામ ભગવાનની સાચી સ્તુતિ કહેવામાં આવે છે. આકર્ષણ એકલી પ્રતિમાનું. આકર્ષણ ખંડ જણાવે છે. જણાવે છે એમ આવ્યુંને? ગ્રહણ કરે છે. **'ભાવેન્દ્રિયોને, પ્રતીતિમાં આવતા...'** શ્રદ્ધામાં આવતા અખંડ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ શક્તિરૂપ ત્રિકાળ એની પ્રતીતિમાં આવતું એ વસ્તુ. **'અખંડ એક ચૈતન્યશક્તિપણા...'** અખંડ એક ચૈતન્યશક્તિ, એકરૂપ સ્વભાવ ત્રિકાળ. એના આશ્રય દ્વારા **'સર્વથા પોતાથી જુદી જાણી...'** લ્યો! ભાવેન્દ્રિયને આ રીતે જુદા જાણીને કરી એનું નામ ચૈતન્યને સ્વભાવની સ્તુતિ કરી ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. લ્યો આનું નામ ભગવાનની સ્તુતિ. કહો, સમજાણું?

સર્વથા શબ્દ છેને? સર્વથા શબ્દ છે. એ દરેકને એ જ લાગુ પડે છે. સર્વથા સ્વતઃ. બે બોલ થયા. ઈન્દ્રિયને જીતે તે જિન. તે વીતરાગનું સ્તવન કરે છે એમ અહીંયાં કહેવામાં આવે છે. ઈન્દ્રિયને જીતે એટલે કે શરીરને પર્યાયનું પ્રાપ્ત. હવે એ શરીર પર્યાયને પ્રાપ્ત ઓલા કહે કે નહિ. એ સર્વથા તે .. જુઓ. આણે તો કીધું શરીર પરિણામને પ્રાપ્ત. શરીરની પર્યાય છે આ તો જડની. કામ.. એનાથી ભિન્ન અતિસૂક્ષ્મ ચૈતન્યનું અવલંબન લઈને ભિન્ન લઈ લઈએ. એને ભિન્ન પાડી. એમ અતી પ્રતીતમાં ચૈતન્ય શક્તિ સ્વભાવ સૂક્ષ્મ પ્રતીતમાં આવતા અખંડરૂપ આખું. એની દૃષ્ટિ થતાં ભાવેન્દ્રિય ભિન્ન રહી ગઈ. કહો, સમજાણું કાંઈ? આવું ઝીણું ભાઈ! પછી ઓલા વ્યવહારના પૂજા, ભક્તિ, દયા, દાન, અપવાસ કરવા. .. ભક્તિથી મોક્ષ થાય. એય..! ..ભાઈ! આ કઈ ભક્તિથી? આ આત્માની ભક્તિ. એને જેવો છે એવો સ્વીકાર્યો એનું નામ ભક્તિ. જેવો છે એવો ન સ્વીકારે અને ખંડ ખંડ સ્વીકારે એ અભક્તિ. એ પાછા ઓલા .. પ્રકારની .. ઓલામાં નથી આવતું જયસેનાચાર્યની ટીકામાં બાર અંગનું જ્ઞાન, ભક્તિ, નિવૃત્તિ અને સમુદ્ઘાત પર્યાય .. જયસેનાચાર્યમાં ચાર બોલ આવે છે. બાર અંગનું જ્ઞાન. સમજાણું? ભક્તિ અને ત્રીજું પરિણામ. કેવળજ્ઞાન સમુદ્ઘાત. એ સમુદ્ઘાત સંસારના છેદનું કારણ એમ આવ્યું છે. જુઓ આમાં સંસાર છેદનું કારણ છે. આહા..હા..! છે કે નહિ? કીધું ને શરીરની ક્રિયા ખાણિયા ચર્ચા. એમ કે કેવળજ્ઞાન સમુદ્ઘાત છે તે સંસારનું છેલ્લું કારણ છે. એમ આ પણ .. છેલ્લું કારણ. પરમાત્મા પોતે જ નિજસ્વરૂપ

છે, એની અંદરમાં ભક્તિ એકાગ્રતા. એ સંસારના છેદનું કારણ છે. એમ કહેવું એ પણ વ્યવહાર છે. સંસારનો છેદ કરનારો. કેમકે જ્ઞાનરૂપે રહે છે ત્યારે સંસારનો ભાવ નથી રહેતો એથી સંસારનું છેદ કરનારો એમ કહેવાય. જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું એનું નામ પચ્ચખાણ એ જ્ઞાન પરરૂપે થયું નથી કોઈ દિ' જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા ચૈતન્યબિંબ એ કાંઈ પરરૂપે થયો નથી, ખંડ જ્ઞાનરૂપે થયો નથી ખરેખર તો. એ પોતાને અખંડ જ્ઞાયકસ્વભાવરૂપ એકરૂપ છે એને જાણ્યો, અંતરમાં એ સ્વનું પૂર્ણનો સ્વીકાર એ સ્વજ્ઞેયની ભક્તિ. એ ભગવાનની ભક્તિ સાચું તત્ત્વ એ. પરમેશ્વર આ પરમાત્મા અને આ બધા ભગવાન એ બધું શુભરાગ છે, પુણ્ય છે એ. કાલે આવ્યું હતું સ્વાધ્યાયમાં નહિ? પંચાસ્તિકાય. .. આવ્યું હતું. .. તીર્થંકર પદાર્થની રુચિ ત્યાં સુધી મુક્તિ ન થાય. ૧૭૦માં આવ્યું હતું સવારે સજ્ઝાયમાં પંચાસ્તિકાય. તીર્થંકરની રુચિ રહે ત્યાં સુધી મુક્તિ નહિ. પરપદાર્થ છે. વિકલ્પ રાગ છે. નવ પદાર્થની રુચિ જ્યાં સુધી મુક્તિ નહિ એમ કહે છે. રાગ છેને વિકલ્પ. તીર્થંકર નવ તત્ત્વ...

અહીંયાં કહે છે એ સર્વથા પોતાથી ભિન્ન જાણે. જાણે કહો કે જુદી કરી કહો. ભાવેન્દ્રિયને ઇન્દ્રિયને જીત્યો એમ કહેવામાં આવે છે. ઇન્દ્રિયને જીત્યો એટલે કે અણિન્દ્રિયમાં ગયો, અણિન્દ્રિય એવું સ્વરૂપ ચૈતન્યનું અંતર ગયો એણે ભાવેન્દ્રિયને જીતી એમ કહેવામાં આવે છે. આવું મૂળચંદભાઈ! ઝીણું બહુ. .. . કરે તો સમજાય એવું છે. ગ્રીક લેટિન જેવું લાગે. એ આપી દીધું છે ક્યાંયથી? '**અખંડ એક ચૈતન્યશક્તિપણા...**' જુઓ, ભાષા. ઓલી ખંડ ખંડ અનેક ખંડ પર્યાય.. ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ અખંડ એકરૂપ ચૈતન્યસ્વભાવ. શક્તિ કહો આ તો. ત્યાં સ્વભાવ હતો. ત્યાં સ્વભાવ લીધો હતો. સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ લીધો. પ્રગટ અંશ છેને. જુઓ, શક્તિ છે ત્રિકાળ. ત્રિકાળ શક્તિ ભગવાન એનો આશ્રય લેતા એ વડે સર્વથા એટલે એનો અર્થ એ. એનો આશ્રય લેતા ભાવેન્દ્રિયનું એકપણું જે હતું અણિન્દ્રિય આત્માની .. એ જુદું થઈ ગયું. .. . આવ્યું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શ્રદ્ધા. એ તો જ્ઞેયપણે જ્ઞાનપણે આવતા.. આ પ્રતીતિમાં આવતા એટલું ખંડ ખંડપણું છે એ નહિ પણ અખંડપણું પ્રતીતિમાં આવતા એમ. શુદ્ધ અખંડ ચૈતન્ય શક્તિ, એક અખંડ એક ચૈતન્યશક્તિ, અખંડ એ ચૈતન્યશક્તિ એ દૃષ્ટિ પડતાં આ પ્રતીતમાં આવ્યું એ વસ્તુ એ પ્રતીતમાં આવતા ખંડ ખંડ જ્ઞાન જુદું પડી ગયું. એ પરજ્ઞેય તરીકે રહીને. સ્વજ્ઞેયમાં એની એકતા ન રહી. એનું નામ ઇન્દ્રિયને જીતી કહેવામાં આવી. પરદ્રવ્ય લેવી છેને?

અખંડ એક દ્રવ્ય ચૈતન્ય શક્તિની અપેક્ષાએ એ ખંડ ખંડ જ્ઞાનને અજીવ કહી દીધું છે. એનું વાસ્તવિક સ્વરૂપ જ એ છે. દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામ. વસ્તુના સ્વરૂપની હયાતી

ભગવાન ચૈતન્ય શક્તિની હયાતી પોતાનું સત્ એનું જે સત્ત્વ એની હયાતી પૂર્ણ એ જ આત્મા. એને જીવ કહીએ, એને આત્મા કહીએ. એને ભાવેન્દ્રિયને જીતનારો આત્મા કહીએ. એ ભગવાનની સાચી સ્તુતિ કરે છે. એ કેવળીના ગુણની સ્તુતિ કરે છે એમ એને કહીએ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતે જ કેવળી છે. એકલું જ્ઞાનસ્વરૂપ. એકલો જ્ઞાનસ્વભાવ એ કાંઈ શબ્દે કાંઈ પાર પડે એવું નથી.

મુમુક્ષુ :- શબ્દ..

ઉત્તર :- અંદરમાં. પર્યાયને સ્વજ્ઞેયને પૂર્ણ સ્વજ્ઞેય બનાવીને તે દ્વારા વાણીને જીતી એને જીત્યું કહેવામાં આવે છે. ચંદુભાઈ! આવું છે. નવા માણસને એવું લાગે આવો ધર્મ કઈ જાતનો? આવો ધર્મ શું કહે છે? વીતરાગનો ધર્મ .. તારો ધર્મ આ છે. બાકી બધી વાતું છે. શેત્રુંજય જઈ આવ્યા જાત્રા થઈ ધર્મ લ્યો. પાપ મૂકી આવ્યા હવે પછી નવા કરો. એય..! ઓલા ગીતામાં એમ કહે કે તારા પાપ સોંપી દે એમને. ચાલે છેને? કોને સોંપે? ભગવાન કેટલાકના પાપ સંઘરે? એવી બધી વાતું તત્ત્વથી વિરૂદ્ધ છે. પોતે ભગવાન પર્યાયમાં એકતાને જુવે છે રાગ અને ખંડજ્ઞાન એ છોડી દઈને સ્વના જ્ઞાનનું ભાન કરે એને બધું અર્પી દીધું, છોડી દીધું. ભગવાનને શરણે છોડી દીધું એમ. આને શરણે આવ્યું એ છોડી દીધું. કહો, સમજાણું કાંઈ? .. સર્વ ધર્મ .. શબ્દ આવે છેને એમાં. સર્વ ધર્મ .. ... એનો અર્થ કીધું આ. સર્વધર્મ એટલે જ્ઞાન ધર્મ બધા. છોડી દઈને .. સ્વરૂપ અખંડ છે એનું શરણ કર. એ પોતે કર્મ ક્રશે તો કૃષ્ણ પોતે છે. .. નહિ? બાપુ! આ તો આત્માની વાત છે. પોતાનો ધર્મ જે અતિસૂક્ષ્મ અખંડ સ્વભાવ એને શરણે અંદર જા. જાવ. બીજા ધર્મ છોડી દે. ખંડ ખંડ જ્ઞાનનો સ્વભાવ દૃષ્ટિમાંથી છોડી દે. બે બોલ થયા.

દ્રવ્ય ઈન્દ્રિયનું જીતવું અને ભાવેન્દ્રિયનું જીતવું. આ જૈન શબ્દની શરૂઆત અહીંથી થાય એમ કહે છે. જિન-જિન એટલે જૈન. જિનને માને જૈન. જિન એટલે વીતરાગી સ્વભાવ એને માને એ જૈન.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોઈ માનતું નથી. બસ .. વીતરાગની સ્તુતિ રાગની કરે છે. જિન ચૈતન્ય શરીરથી ચૈતન્ય ભિન્ન તે જિન. એની સ્તુતિ એટલે એમાં એકાગ્રતા એ જૈનની સ્તુતિ. ત્યાંથી જિનપણું શરૂ થાય છે, ત્યારથી જૈનપણું શરૂ થાય છે. આવા જિનને માને તે જૈન છે. એ જૈન કોઈ સંપ્રદાય નથી, વસ્તુ છે અંતર નિર્દોષ અકષાય સ્વભાવ. અખંડ એક જ્ઞાયકભાવ. બસ એને શરણે જવું, એનો સ્વીકાર કરીને એમાં રહેવું એ જ સાચી ભક્તિ અને જિનનો માનનારો જૈન થયો. રાગથી લાભ માને એ જૈન નહિ. એ અજૈન છે. શુભરાગ વ્યવહારથી

લાભ માને, આ દ્રવ્ય ઇન્દ્રિયથી કાંઈક લાભ થશે એમ માને એ બધા અજૈન છે એમ કહે છે.

મુમુક્ષુ :- પરંપરા.

ઉત્તર :- ધૂળેય નથી પરંપરા. એ તો એનો અભાવ કરીને કરે એ અપેક્ષાએ પરંપરા. બાર અનુપ્રેક્ષામાં તો આસ્રવને પરંપરા મૂલ કહ્યું. કુંદકુંદચાર્ય છે ને પણ વસ્તુ પોતાના સ્વભાવથી ભિન્ન વિકલ્પ રાગ. એ રાગથી વીતરાગતાને શું મદદ કરે? વિરોધ કરે છે. આકરી વાત. એટલે લોકોને આ તો નિશ્ચય-નિશ્ચયની. એટલે સાચે સાચું તત્ત્વ. ખોટું કાંઈ નાખતા નથી અંદર. .. શું કહે? **'પોતે અખંડ એક ચૈતન્યશક્તિપણું...'** એને પ્રતીતમાં લેતા ભાવેન્દ્રિય ખંડ જ્ઞાનનું લક્ષ છૂટી જાય. એ પરજ્ઞેયની રુચિ છૂટી જાય અને સ્વજ્ઞેય પૂર્ણની રુચિ થાય એને ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. એ જૈન થયો હવે. જિનનું સ્વરૂપ આ રીતે માન્યું એ જૈન થયો. શિવલાલભાઈ! આવું સ્વરૂપ છે.

ત્રીજો બોલ. હવે અહીંયાં વિષયો. ત્રણને ઇન્દ્રિય કહીને આચાર્યે ત્રણનો ખુલાસો અમૃતચંદ્રાચાર્યે કર્યો. પાઠમાં તો એટલું જ છે. **'जो इंदिये जिणित्ता'** પણ એ ઇન્દ્રિયના પાછા ત્રણ પ્રકાર શરીરને પ્રાપ્ત આ જડ ઇન્દ્રિય એક ખંડ ઇન્દ્રિય અને એના વિષયો એ પણ ઇન્દ્રિય છે. અણિન્દ્રિયનો જેમાં અભાવ તે બધી ઇન્દ્રિય એમ. અણિન્દ્રિય એવો જે અખંડ સ્વભાવ ચૈતન્યનો એ ખંડ ઇન્દ્રિયમાં અભાવ, જડમાં અભાવ અને પરમાં અભાવ માટે એ બધાને ઇન્દ્રિય કહીને જીતવું એને એટલે એમાં એકત્વ ન થવું એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! પંડિતજી! એવી વાત સાંભળવા મળવા મુશ્કેલ છે. એથી લોકોને બિચારાને નવું છે નવું. નવું લાગે એટલે એય.. એ તો નિશ્ચય. પણ નિશ્ચય એટલે સત્ય સાંભળને. નિશ્ચય એટલે સત્ય આવ્યું નથી છ ઢાળામાં. નિશ્ચય એટલે સત્યાર્થ છે, વ્યવહાર અસત્યાર્થ છે. આહા..હા..! છે ખરું. વસ્તુની અપેક્ષાએ તે અસત્યાર્થ છે. બાકી ધર્મની અપેક્ષાએ તે અસત્ છે. સત્ય જીવની અપેક્ષાએ એક સમયનો પર્યાય પણ અસત્ય છે લ્યો! આહા..હા..! આવી જિનવાણી વીતરાગપણાને બતાવે એ વીતરાગપણાનું પોષણ કરે એને જિનવાણી કહીએ. રાગ કરો અને એથી લાભ માને એ જિનવાણી જ નહિ. અજ્ઞાનીની વાણી છે. સમજાણું કાંઈ? આ વાત જ મૂળ સાંભળવા મળે નહિ. આ તો કરો ભગવાનની ભક્તિ અને કરો પૂજા અને કરો મંદિર. આહા..હા..! એ તો પર છે.

મુમુક્ષુ :- સાધુને આહાર આપવો.

ઉત્તર :- સાધુને આહાર દેવો, ધર્મ ભોજન. લાડવા આપવા અમારા ઉમરાળામાં નાની ઉંમરમાં છોકરા .. માણભટ્ટ. માણ હોયને મોટી? એ ગાતા. ઘણા વર્ષ ૭૦ વર્ષ પહેલાંની વાત છે. માણભટ્ટ આવતા. બ્રાહ્મણને લાડવા જમાડો તો તમારું આમ થાશે. બે-ચાર જણા

હોય. એક-એક ગોતી રહે કોક દરરોજ લાડવા જમાડનાર. જાવ. અહીં તો કહે છે કે લાડવાથી તો લાભ નહિ, એના દેવાનો જે વિકલ્પ છે એ રાગ છે. એનાથી નહિ, પણ રાગને જાણનારું જે જ્ઞાન છે ખંડ-ખંડ એનાથી લાભ નહિ. એ વાતું બાપા! અનંતકાળમાં એણે એ વાત લક્ષમાં લીધી નથી.

હવે કહે છે કે '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા...**' ગ્રાહ્ય એટલે જણાવાલાયક. ભગવાનની વાણી, ભગવાન તીર્થંકર સાક્ષાત્, મંદિર, મૂર્તિ અને .. એ ગ્રાહ્ય છે, પણ જણાવાલાયક છે. અને ગ્રાહક. ગ્રાહક-જાણનાર આત્મા પર્યાયમાં. ગ્રાહ્યગ્રાહક. જ્ઞેયજ્ઞાયક. પ્રેમેય.. આહા..હા..! શબ્દ કાને પડે આ એ પણ પરજ્ઞેય છે. આ જિનવાણી કાને પડે એ પણ પરજ્ઞેય છે. એ જણાવાલાયક છે, જાણનારો આત્મા છે. પણ બેની એકતા છે એ મૂઢતા છે. તમારે આફ્રિકામાં તો બહુ દસ-દસ લાખના મકાન, મંદિર કરાવ્યા છેકે નહિ? નાઈરોબીમાં કરાવ્યુંને? મોમ્બાસા દસ લાખ. બસ ખુશી થઈ જાય. ૫૦-૫૦ હજાર આપે.

મુમુક્ષુ :- દેખાય લોકોને.

ઉત્તર :- દેખાય લોકોને. આહા..હા..! આ ફેતહપુરમાં પંદર દિ' લ્યોને પાંચ લાખનો ખર્ચ. ચાર લાખનું મંદિર, નવ લાખ. નવ લાખ થઈ ગયા પાછા .. ગયા. .. ફતેહપુર-ફતેહપુર. કઈ દીધું બાપા! ધર્મની. પ્રભાવના ક્યાં થાતી હશે? આત્મામાં થાતી હશે? બહારમાં થાય. શુભરાગ છે, પુણ્ય તરીકે કહેવાય. આવી વાત છે.

મુમુક્ષુ :- .. વસ્તુ છે એના ઉપર...

ઉત્તર :- આ ભગવાન આત્મા પર્યાયમાં જાણનાર અને એ જણાવાલાયક એટલો જે આમ સંબંધ એ પણ જૂઠો છે. ગ્રાહ્ય છેને? ગ્રાહ્ય. આ તો નીતરતું સત્ય છે. પરમસત્ય. એણે કોઈ દિ' કર્યું નથી અને એમ ને એમ ઓઘે ઓઘે જિંદગીયું ગાળી છે. પ્રકાશદાસજી! આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે '**ગ્રાહ્ય...**' જે ભગવાન સાક્ષાત્ પરમાત્મા હોય તોપણ એ જ્ઞાનમાં જણાવાલાયક જ્ઞેય છે. શિવલાલભાઈ! આમાં આવ્યું કે નહિ? પણ આ ત્યારે વાંચ્યું નહિ હોય કોઈ દિ' સાંભળ્યું નહિ હોય? ગ્રાહ્ય-ગ્રહવાલાયક એટલે જાણવાલાયક. ચાહે તો સાક્ષાત્ ભગવાન ત્રિલોકનાથ હો કે એની દિવ્ય ધ્વનિ ૐ ધ્વનિ હોય, પણ એ જણાવાલાયક છે અને આત્માની પર્યાયમાં જાણવાલાયક એટલી વાત બસ. એવા '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની નિકટતાને...**' બહુ નજીક એટલે જાણે એને એમ થઈ જાય કે આ શબ્દ સાંભળ્યા માટે મને જ્ઞાન થયું, આ રૂપ દેખ્યું માટે જ્ઞાન થયું, મૂર્તિને જોઈ માટે મને જ્ઞાન થયું. એવું નિકટ સંબંધને લઈને ભ્રમણા અજ્ઞાનીની થઈ જાય છે. ભારે! '**ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળું...**' જુઓ, ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળું. શું? સંબંધ એને પરની સાથે આમ. '**નિકટતાને લીધે જેઓ**

**પોતાના સંવેદન (જ્ઞાન) સાથે પરસ્પર એક જેવા થઈ ગયેલા દેખાય છે...'** જાણે શબ્દથી લાભ થયો, ભગવાનને દેખવાથી થયો, મૂર્તિથી થયો, મંદિરથી થયો. આ શાસ્ત્રથી થયો. શાસ્ત્ર આ તો જડ છે. એને એમ થઈ જાય કે આનાથી લાભ થયો. આહા..હા..! શાસ્ત્ર વાંચવાથી લાભ થયો એમ માને એ પણ પરજ્ઞેયને માને એમ કહે છે. શાસ્ત્ર ભગવાનના શાસ્ત્ર સાંભળવાથી લાભ થાય એ જણાવાલાયક અને જાણનારને બેને એક માન્યા એમ કહે છે. અહીં તો વાત એવી છે પરમસત્ય.

મુમુક્ષુ :- લાભ ન થાય તો હાનિ થાય?

ઉત્તર :- એ તો સમજી લેવું એનો અર્થ તમારે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જુઓ અખંડ આખું.

**'એવા, ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા...'** ઠીક! ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં આવતા. શું? શબ્દ, રૂપ, રસ, વાણી, શાસ્ત્ર ભગવાનની.. આહા..હા..! તીર્થક્ષેત્ર, સમ્મેદશિખર, શેત્રુંજય વગેરે. જ્યાંથી ભગવાન મોક્ષ પધાર્યા. એ કહે છે કે ભાવેન્દ્રિયો વડે જાણવામાં આવતા. છે? **'જે ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો...'** એ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ જે વિષય લક્ષમાં આવ્યા એ તો મનનો વિષય એ પણ પર આવે છેને? કર્તાકર્મમાં નહિ? શરીરનો.. મડદું. આ મૃતકકલેવર આ છે. ભગવાન આત્મા અમૃતસ્વરૂપ આત્મા. અમૃત અતીન્દ્રિય સાગર પ્રભુ. આ મૃતકકલેવર. અમૃત સ્વરૂપ મૃતકકલેવરમાં મૂર્છાણો છે. એ મનનો વિષય ધર્માસ્તિ આદિ આવે છેને. આહા..હા..! ભારે ભાઈ! ઓહો..હો..! ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ અંદર વસ્તુ તરીકે અખંડ આત્મા, એની દૃષ્ટિ કરીને જેણે આ જાણવાલાયક પદાર્થની લાભ થાય એવી એકતા બુદ્ધિ જેણે તોડી એણે સાચા ભગવાનની સ્તુતિ કરી. મૂળચંદભાઈ! આવું છે. દેવચંદજી! બધા શેઠિયાઓને તો આ અંદર બેઠી હોયને કાંઈક. હંમેશા પૂજા કરવી, સ્તુતિ કરવી એમાંથી આપણું કલ્યાણ થઈ જશે. અને આ સાંભળે ત્યાં એવું લાગે ઘા વાગે.

મુમુક્ષુ :- ભગવાનના દર્શન કરવાથી બધું મળી ગયું.

ઉત્તર :- બધું મળી ગયું. ધૂળેય નથી ત્યાં સાંભળને. ભગવાન તારો અહીં છે ત્યાં ક્યાં હતો? આહા..હા..! એ તો પર છે. પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે. એનાથી લાભ થાય એમ જાણવાલાયક નથી એમ કીધું અહીં. આહા..હા..! છતાં જણાવાલાયક ચીજ શબ્દ, રૂપ, રસ, ગંધ આદિ, વાણી આદિ. જાણવાલાયક આત્મા. બેની નિકટ સંબંધ એવો સંબંધ કે જેવો શબ્દ પડે એવું અહીંયાં જ્ઞાન થાય એ જાતનું એટલે એને એમ થઈ જાય કે આ શબ્દથી મને જ્ઞાન થયું. ભગવાનની મૂર્તિ દેખે તો કેવળજ્ઞાન થાય. એવું થાય. તો એમ જાણે કે આ મને ભગવાન દેખીને થયું. એવી ભાવેન્દ્રિયો વડે જણાવવામાં આવતા પદાર્થ અને જ્ઞાન નિકટ સંબંધ છે આવો એથી એને ભ્રમ પડી જાય છે. આનાથી મને આ થયું.

**'ગ્રાહ્યગ્રાહકલક્ષણવાળા સંબંધની...'** છેને? **'નિકટતાને લીધે જેઓ પોતાના સંવેદન (જ્ઞાન) સાથે...'** જ્ઞાનની પર્યાયમાં જાણવામાં જાણે બે એક થઈ ગયા હોય એમ એને લાગે છે. અખંડમૂર્તિ પ્રભુ અંદર ચૈતન્યનો દરિયો ભગવાન આત્મા એનું લક્ષ કરીને જે જ્ઞાન થાય તેને ધર્મ અને તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આટલા આટલા પૈસા ખર્ચીએ તોપણ કહે ધર્મ ન થાય. પૈસાવાળા ખર્ચે, ગરીબ માણસ ખર્ચે?

મુમુક્ષુ :- જે પૈસાવાળો હોય

ઉત્તર :- માન્યું છેને અજ્ઞાનીએ. પૈસાવાળો કે દિ' હતો? જડવાળો? જડ તો જડના છે. એના આત્માના ક્યા છે?

મુમુક્ષુ :- એ આમાં ક્યાંય આવ્યું?

ઉત્તર :- આમાં આવી ગયું. એ જ્ઞેય છે પર. એને મેં આપ્યા ને મેં દીધા ને મેં લીધા. મૂઢ છે. આપતું હતું કોણ એ? જે પરમાણુ જ્યાં જવાના એ જવાના જ. અને જે પરમાણુ જે ક્ષેત્રે જે કાળે પરિણમવાના તે પ્રકારે ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય પૈસાદાર કોણ? ફતેહપુરમાં બધા શેઠિયા ભેગા થયા. કરોડોપતિ. ઉત્તર અને દક્ષિણના કરોડપતિઓ. એટલે માણસો એમ કહે. આહા..હા..! શું કેટેગરી એની! ૪૦ કરોડ. શાંતિપ્રસાદ. બેઠા ત્યાં અંદર જાવું હતુંને ત્યારે. કોણ જાણે કેમ મન થઈ ગયું? અને તે બેસે. અંદર પ્રેમ છે. આ તમે બધા સમાજમાં જ્યાં હોય ત્યાં મોટા થવાના અભિમાનીઓ છો. સમાજમાં માન આપે, પાંચ-દસ હજાર ખર્ચે. જુઓ આ મોટો. ધૂળમાંય નથી કીધું. આ માનમાં ચડી ગયા છે. સાંભળતા હતા હોં. એમાં અમારે શું પણ? કાંઈ લેવું છે? નરમ માણસ છે હોં. કોણ જાણે કેમ કહેવાણું એ ખબર ન પડી. એ બેઠા હતાને આમ પાટ પાસે બેસી અને હાથ મૂકીને બેઠા. શેઠ કે શાહુજી એમ કાંઈ કીધા નહિ. મેં કીધું આ બધા સમાજમાં હોય ત્યાં મોટા થાવું છે પાંચ-દસ હજાર ખર્ચે અને મોટપ લેવી, મોટપ લેવી. આમ ને આમ જિંદગી માનમાં જાય છે. સાંભળતા હતા. પછી અમે પૂછ્યું કે તમારી શ્રદ્ધા શું છે? એ બધાને .. ગોટા વાળે. એક જણો કહે. એમ નથી. .. બહારમાં તો છે. સમાજમાં તો છે. પણ સમાજ ક્યાં ગળે વળગ્યો હતો? તું કોણ છો એનું કરને. સમાજ સમાજમાં પડ્યો રહેશે. આ તો વ્યક્તિગત સ્વતંત્ર કામ કરવું એની વાત છે. બે થઈને ભેગા થઈને કામ. ભેગા થાય ક્યાં પણ? પોતાનું કલ્યાણ કરવું હોય એની વાત છે આ તો. કલ્યાણ એ સ્વના.. જુઓને.

**'ભાવેન્દ્રિયો વડે ગ્રહવામાં...'** શબ્દ, રૂપ, રસ, ગંધ. આહા..હા..! માણસને વિચારવું જોઈએ. અહીં તો સાક્ષાત્ ભગવાનની વાણી પરમાત્મા. ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞ સો

ઈન્દ્રના પૂજનિક એ ઈન્દ્ર સાંભળવા આવે તોપણ ભગવાન એમ કહે. ભાવેન્દ્રિય જે જાણવામાં આવે એ અમે એ બધો પરની સાથેનો એકત્વભાવ છે. પંડિતજી! અખંડ આત્મા અંદર ચૈતન્ય પ્રભુ ભિન્ન બિરાજે છે એનું એને ભાન નથી. એ નિકટતાને લઈને. બહુ નજીકપણું. જેવો શબ્દ પડે એવું જ્ઞાન. જિનમૂર્તિ દેખે એવું જ્ઞાન. જેવો વીંછી કરડે એવું જ્ઞાન. સર્પ કરડે એવું જ્ઞાન. માખણ ચોપડે થઈ રહ્યું.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અહીં તો સત્ જાહેર કરું છું હું અખંડાનંદ પ્રભુ છું. પરની સાથે મારે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

નિકટતાને લીધે.. તે જીવો પોતાના જ્ઞાનમાં સાથે પરસ્પર. પરસ્પર જોયું! જ્ઞાનની પર્યાય અને જ્ઞેય. એક જેવા. એક જેવા થઈ ગયેલા દેખાય છે. એક થયા નથી. એને લાગે છે. એક જેવા થઈ ગયેલા દેખાય છે. એવા '**ભાવેન્દ્રિય વડે ગ્રહવામાં આવતા...**' ભાવેન્દ્રિય ગ્રાહ્ય (કરનાર). જ્ઞેયરૂપ ગ્રાહ્ય. '**જે ઈન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો તેમને, પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું...**' જ્ઞાનસ્વરૂપી ભગવાન અંદર ચૈતન્ય બ્રહ્મ એ પોતાના સ્વભાવથી '**સ્વયમેવ અનુભવમાં આવતું...**' સ્વયમેવ જેણે કોઈની અપેક્ષા નથી. આહા..હા..! જુઓ એની સાથે આમ લીધું. ઓલા શબ્દ, રૂપ, રસ ને વાણી આદિ? એનાથી થતું નથી જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**સ્વયમેવ અનુભવમાં આવતું...**' ઓલા પરસ્પર એક જેવા થઈ ગયેલા એમ અનુભવમાં આવતું. આ એકરૂપ સ્વભાવ સ્વયમેવ ચૈતન્યશક્તિ, પોતાની ચૈતન્યશક્તિ જ્ઞાનતત્ત્વ ભગવાન, જાણકસ્વભાવ બ્રહ્મ, પ્રજ્ઞાબ્રહ્મ. એવી શક્તિ વડે '**શક્તિનું સ્વયમેવ અનુભવમાં આવતું...**' એને પરની વ્યવહારની અપેક્ષા નથી એમ કહે છે. જોયું! કોઈ વાણી સાંભળી, ભગવાનને જોયા માટે કાંઈ લાભ. એવી અપેક્ષા છે જ નહિ એમાં એ કહે છે. દેવચંદજી! શું કરવું આમાં?

પરજ્ઞેયનો હારડો હારડો છોડી દે લક્ષમાંથી. ત્યાં શાસ્ત્ર વાંચવાથી, સાંભળવાથી, એનાથી તને લાભ થાય એ દૃષ્ટિ છોડી દે એમ કહે છે. ભારે વાત! આવું સ્વરૂપ છે. સત્ય સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ સચ્ચિદાનંદ આત્મા પૂર્ણ સ્વભાવથી ભરેલો સ્વયમેવ અનુભવમાં આવતો. કહે છે કે એ નિમિત્ત ગ્રાહ્ય થવાલાયક એને કારણે અનુભવમાં આવતું એ ચીજ નહિ. '**પોતાની ચૈતન્યશક્તિનું સ્વયમેવ...**' પોતાની કેમ કહી? પરની ચૈતન્યશક્તિ નહિ એમ અહીં કહેવું છે. આહા..હા..! ભગવાન આત્મામાં ચૈતન્યશક્તિ તો છે. એ નહિ. પોતાની જે ચૈતન્ય સ્વરૂપ ભગવાન એ શક્તિનું '**સ્વયમેવ અનુભવમાં આવતું જે અસંગપણું...**' દેખો! એ આ શબ્દવાણી છેને એટલે એનાથી (ભિન્ન) પાડીને સંગ જ્યાં નથી, અસંગ છે ભગવાન. આહા..હા..! એ સંગથી લાભ થાય એમ નથી એમ કહે છે. સત્સમાગમથી પણ લાભ થાય એમ નથી

એમ કહે છે એય..! તું સત્ નથી? સોગાનીએ નથી કહ્યું સત્સંબંધ તું સત્ નથી? તું સત્ છો કો નહિ? કે અસત્ છો? અખંડ પ્રભુ સત્ છે એના સંગે લાભ થાય. સમજાણું કાંઈ?

સ્પર્શાદિ પદાર્થો તેમને. સ્પર્શ આદિ પદાર્થ છે. આમાં કોઈ એમ કહે કે ભાઈ આ તો સ્પર્શાદિ પદાર્થો છે. એમાં બીજા આત્મા ક્યાં આવ્યા? પણ બીજા આત્મા એ બધા આવ્યા. સમજાણું કાંઈ? સમજાય છેને? **'ઇન્દ્રિયોના વિષયભૂત સ્પર્શાદિ પદાર્થો...'** સ્પર્શ આદિ પદાર્થોથી કાઢ્યું એણે. બધા આત્માઓ. બધા પુદ્ગલો. આહા..હા..! તેમનાથી પોતે અસંગપણું તે વડે. અસંગ છે ભગવાન અંદર. ચૈતન્ય શક્તિ વડે અનુભવમાં આવે એવો જે આત્મા, પોતાના જ્ઞાનના સ્વભાવથી અનુભવમાં આવે એવો આત્મા. એવું અસંગપણું **'તે વડે સર્વથા પોતાથી જુદા કર્યા;...'** લ્યો! આહા..હા..! આવું સ્વરૂપ છે. કાંતિભાઈ! ...

ત્રણ વાત થઈ. ઇન્દ્રિયને જીતે તે જિતેન્દ્રિય. તે આત્માની ભક્તિ અને ભગવાનની સેવા કરનારો. એટલે આ ભગવાન. એટલે કે શરીરાદિ જે આ જડ એનું લક્ષ છોડીને ચૈતન્ય શક્તિ અનુભવમાં સહજ સ્વભાવ અતિસૂક્ષ્મ. આ સ્થૂળ છેને તો ઓલું અતિસૂક્ષ્મ. એનો આશ્રય લઈને શરીરને પર્યાયને જુદી થઈ. છે એવી રહી. પર છે એમ રહી અને સ્વમાં એકત્વ થયો એણે ભગવાનની સાચી સ્તુતિ કહી છે. તેમ ભાવેન્દ્રિય ખંડ ખંડ ઇન્દ્રિયથી જણાતું ખંડ ખંડ જ્ઞાન તેને અખંડ જ્ઞાનની સાથે જે એકત્વ કરતો એ અભક્તિ હતી ભગવાનની. પોતાના સ્વભાવની અભક્તિ હતી. એ પોતે પોતાનો સ્વભાવ જે ચૈતન્ય સ્વભાવ પ્રતીતમાં આવતો એ ચૈતન્ય શક્તિ એનો આશ્રય લઈ અને ભાવેન્દ્રિયને જુદી કરી. એ જુદી થઈ. એનાથી અધિક નામ જુદો કર્યો. જુદો રહ્યો. એણે ભગવાનની સ્તુતિ કરી. કહો આ બધા ભૂખ્યા રહે છેને ... સાધુ. .. મુનિ. ૯૯ની સાલ. ક્યાં? શ્વેતાંબર. .. આમ ખાય, આમ થાય.. પાણી ક્યાં પીવે કોણ? છોડે કોણ? આહા..હા..!

આતો ભાવેન્દ્રિયમાં જાણવામાં આવતા જે પદાર્થ છે. છૂટ્યા કે રહ્યા એનો જે સંબંધ છે એ તોડી નાખવાનો છે અહીં તો. આહા..હા..! ભારે વાત. અને ત્રીજામાં આ બધા પરપદાર્થ. પહેલામાં શરીર, બીજામાં ભાવેન્દ્રિય ખંડ ખંડ અને ત્રીજામાં ખંડ ખંડ ઇન્દ્રિય દ્વારા જણાય એવા પદાર્થો બીજા. ત્રણેથી પણ જુદો પડીને પોતાના સ્વભાવની એકતા કરે એ ઇન્દ્રિયોનું જીતવું. એ ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થનું જીતવું થયું. આહા..હા..! સમજાણું? આમ જે આત્મા દ્રવ્યેન્દ્રિય ભાવેન્દ્રિય ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો ત્રણેને જીતીને. આ રીતે જીતીને. પરની સાથે જે એકત્વ બુદ્ધિ હતી જ્ઞેય, પરજ્ઞેય, ખંડ ઇન્દ્રિય શરીર અને ભગવાન એ પરની સાથે એથી લાભ થાય એ એકત્વબુદ્ધિ હતી તે છૂટી ગઈ. સ્વમાં એકત્વ થતાં એ બુદ્ધિ છૂટી જાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૯, મંગળવાર, તા. ૨૦-૦૬-૧૯૭૨
## ગાથા-૩૧-૩૨, પ્રવચન-૧૦૩

જીવ-અજીવ અધિકાર. ૩૧મી ગાથા. અહીંયાં આવ્યું જુઓ. ઈન્દ્રિયને જીતીને અણિન્દ્રિય આત્મામાં જે એકાગ્ર થાય એને કેવળીના ગુણની સાચી સ્તુતિ કહેવામાં આવે છે. પોતે જ કેવળી છે. પોતે જ તીર્થંકર થવાનો સ્વભાવ છે આત્માનો. એ સ્વભાવની પૂર્ણ શુદ્ધ તરફની સન્મુખતા થતાં દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને ઈન્દ્રિયોના વિષય પદાર્થ એ ત્રણેને જીતીને. એટલે કે ત્રણે ઉપરથી લક્ષ, રુચિ છોડી દઈ '**જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો...**' હવે ખુલાસો કરે છે. દ્રવ્યેન્દ્રિય આ જડ એ પરજ્ઞેય છે. એ મારા છે એમ માન્યતા હતી એ જ્ઞેયજ્ઞાયક સંકરનો ખીચડો હતો. પરજ્ઞેય અને જ્ઞાયક એક છે એવી માન્યતા એ સંકર એટલે ખીચડો હતો મિથ્યાત્વ.

મુમુક્ષુ :- ખીચડો તો ખાવામાં સારો.

ઉત્તર :- એ ખીચડો નહિ આ તો દાણા અને કાંકરાનો ખીચડો. લાલન સાથે વાત થતી હતી. લાલન કહે એ ખીચડો છેને. આ ખીચડી નહિ તમારી. દાણા અને કાંકરાનો ખીચડો. અનાજનો ખીચડો થાય છે. બાજરો, ઘઉં, દાળ, અડદની, તુવરની એ બધી ભેગી કરીએને ખીચડો છે. આ તો દાણા અને કાંકરા. પરજ્ઞેય અને સ્વજ્ઞેયને બેને એક માન્યું એમ કહે છે. શરીરાદિ જે પ્રાપ્ત ઈન્દ્રિયો એનાથી લાભ થાય જાણવાનું એનો અર્થ થયો કે એના અસ્તિત્વથી મને લાભ થાય. મારું અસ્તિત્વ ત્રિકાળ છે એનાથી લાભ થાય એ વાત ન રહી. આહા..હા..! એ પરજ્ઞેય છે જુઓને.

'**જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો...**' દ્રવ્યેન્દ્રિયો શરીરના પરિણામને પ્રાપ્ત એ જીતેન્દ્રિયમાં એને વાંધો આવ્યો ને! જીવિત શરીરથી ક્રિયા થાય છે. કોઈ કહે ભાઈ એ તો શરીર પરિણામમાં અજીવ છે. કહે ના. ત્યારે શું કથંચિત્ અજીવ અને જીવ એમ લેવું છે તમારે? શું લેવું છે? અહીંયાં તો કહે છે જ્ઞાયક એવો જે ચૈતન્ય સ્વભાવ ત્રિકાળી વસ્તુ એમાં જડ ઈન્દ્રિયો જે છે આ શરીરની. એનાથી મને લાભ થાય અને એ ઈન્દ્રિયો છે તો મને જાણવાનું થાય છે. એવી જે માન્યતા હતી એ પરજ્ઞેય અને જ્ઞાયક સ્વ, બેની એક માન્યતા એ મિથ્યાત્વ હતું. કહો, આ તો સમજાય એવું છેને? મૂળચંદભાઈ! એ તમારા જમાઈએ એવો પ્રશ્ન કર્યો હતો. ગયા? છે? એમ કે આત્મા ક્યાંથી? આત્મા શું હશે? એમ

પ્રશ્ન કર્યો હતો. ડોક્ટર થયા મોટા. મોટી ઉંમર.. પણ છે ક્યાં એની ખબર નથી? રાતે તો એમ પ્રશ્ન કર્યો હતો આત્મામાં અંત કે દિ' આવે? આત્મા આત્મા અંત મૂળ અભ્યાસ ન મળે.

મુમુક્ષુ :- મોટા ડોક્ટર .. એટલે શું?

ઉત્તર :- એ તો વળી. અહીં તો કહે એકકોર જ્ઞેય અને એકકોર જ્ઞાયક. જ્ઞાયક એટલે ચૈતન્ય વસ્તુ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ. એકકોર આ જડ ઇન્દ્રિય એ જ્ઞેય અને ભાવેન્દ્રિય ખંડ ખંડ જ્ઞાન. ભાઈએ પ્રશ્ન કર્યો હતોને. જે અંદર જ્ઞાનના અંશથી જે ચીજ જણાય આ શબ્દ, રૂપ, રસ, ગંધ. એક એક ઇન્દ્રિયનું જ્ઞાન એક એક વિષયને જાણે એ ઇન્દ્રિય જ્ઞાન ખંડ હોં! એ ખંડરૂપે જ્ઞાનને ખંડરૂપે જણાવે છે. અખંડરૂપે નહિ. એ પણ ખરેખર ખંડરૂપ ભાવ ઇન્દ્રિય એ પણ પરજ્ઞેય છે. પરજ્ઞેય છે. એને એનાથી રુચિ છોડી આત્મા જ્ઞાયકસ્વભાવ, અણિન્દ્રિય સ્વભાવ એમાં એકાગ્ર થાય, અનુભવે એટલે એને જીતી એમ કહેવામાં આવે છે. ભારે ભાઈ! અને ઇન્દ્રિયોના વિષય પદાર્થ. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. એને ઇન્દ્રિય કીધી. એ ત્રણેને જીતીને જ્ઞેયજ્ઞાયક-સંકર નામનો દોષ આવતો હતો **'તે સઘળો દૂર થવાથી...'** ખંડ ખંડ ઇન્દ્રિય ઉપર ખ્યાલ હતો. જડ ઉપર અને પર ઉપર. એ ખ્યાલ છોડી દઈને. જ્ઞાયકભાવ જે, જુઓ છે.

**'એકત્વમાં ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે...'** એકરૂપ **'પથ્થરમાં ટાંકણાથી કોતરેલી મૂર્તિની જેમ એકાકાર...'** જ્ઞાયકભાવ સ્વભાવભાવ. વસ્તુ છેને. આહા..હા..! વસ્તુ છે અરૂપી પણ પદાર્થ છેને? અરૂપી પણ એનું સ્વરૂપ છેને? સ્વરૂપ છેને. અરૂપ તો વર્ણ, ગંધ, રસની અપેક્ષાએ અરૂપ છે, પણ એનું સ્વરૂપ છેને વસ્તુ. જ્ઞાયકસ્વરૂપ એ **'એકત્વમાં ટંકોત્કીર્ણ અને જ્ઞાનસ્વભાવ વડે...'** પોતાનું જે એકરૂપ જ્ઞાયકભાવ એવા સ્વભાવનો આશ્રયે, અવલંબે **'સર્વ અન્યદ્રવ્યોથી પરમાર્થે જુદા...'** સર્વ અન્યદ્રવ્યો એટલે જુઓ અહીંયાં દ્રવ્ય લઈ લીધું. ખંડ ઇન્દ્રિય અન્ય દ્રવ્ય, દ્રવ્યેન્દ્રિય અન્યદ્રવ્ય, ભગવાનની વાણી અને ભગવાન અન્યદ્રવ્ય, દેશ અન્યદ્રવ્ય. આ પોતાનો દેશ કહે છેને. પોતાના દેશ માટે મરવું. પણ દેશ ક્યાં હતો એનો? પોતાનો દેશ તો અહીં અસંખ્ય પ્રદેશી છે. એ પરદેશ-પરવસ્તુ. એનાથી જુદો.

**'સર્વ અન્યદ્રવ્યો...'** એટલે બધું આવી ગયું દેખો! **'પરમાર્થે જુદા એવા પોતાના આત્માને અનુભવે છે...'** અંતર્મુખ થઈને, બહિર્મુખ ભાવેન્દ્રિય, જડેન્દ્રિય અને વિષયો એનું લક્ષ, રુચિ, આશ્રય, અવલંબન છોડી દઈને, ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ એકત્વસ્વરૂપ છે એવા અન્યદ્રવ્યોથી જુદો પોતાના આત્માને અનુભવે. અનંતગુણાનું સ્વરૂપ જે અપરિમિત વસ્તુ એને અનુસરીને થવું એનું નામ અનુભવ. લ્યો! એનું નામ જિતેન્દ્રિય. છે? **'તે નિશ્ચયથી 'જિતેન્દ્રિય**

જિન' છે.' લ્યો! એ જિતેન્દ્રિય જિન એ છે. સમ્યગ્દર્શનથી જિન શરૂ થાય છે. કેમકે વસ્તુ પોતે જ્ઞાયકસ્વરૂપ જિનસ્વરૂપ છે. વીતરાગ અકષાયસહિત જિનસ્વરૂપ છે. એનો જેને પર્યાયમાં સન્મુખ થઈને સ્વીકાર થયો એ પર્યાયમાં જિન થયો. આવો ધર્મ ભારે આકરો. ઓલા કહે કે ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત પાળવા, અપવાસ કરવા.

એ ભગવાન આત્મા ચૈતન્ય મહાસત્ત્વ. જ્ઞાયકભાવરૂપ મહાસત્ત્વ. સત્‌નું સત્ત્વ. એના અવલંબનમાં, એનો આશ્રય લઈને એમાં એકાગ્ર થાય તેને અહીંયાં જિતેન્દ્રિય જિન કહેવામાં આવે છે. એ જિન થયો હવે. વસ્તુએ જિન હતો, પર્યાયે જિન થયો. એ શું? વસ્તુ તો જિનસ્વરૂપ જ છે. અવિકારી, અકષાય વીતરાગસ્વભાવભાવરૂપ એ આત્મા. એ જિન જ છે. 'જિવ સો જિન, જિન અને જિન સો જિનવર.' એ આવી ગયું છે. સમયસાર નાટકમાં આવી ગયું. 'જિવ સો જિન અને જિન સો જિનવર' એ જિનવરની સ્તુતિ. કહો, શિવલાલભાઈ! આ બધા ટોકરી વગાડીને બેસવું શ્રીમદ્‌નો ફોટો રાખીને. એય..! દિલીપ! તમારો દાદો પણ કરતા હતા.

મુમુક્ષુ :- રખડવાનું કરતા.

ઉત્તર :- રખડવાનું. અને એ સ્તુતિ સ્તુતિ નહિ એમ કહે છે. વિકલ્પ છે પુણ્યબંધનું કારણ અબંધસ્વરૂપને બંધ થાય એ કાંઈ સ્તુતિ કહેવાય? એ તો જિનસ્વરૂપ છે પ્રભુ પોતે. જિનસ્વરૂપ કહો કે અબદ્ધસ્વરૂપ કહો, અબંધસ્વરૂપ કહો. અબંધસ્વરૂપ કહો, અબદ્ધસ્વરૂપ, અબદ્ધ નામ મુક્તસ્વરૂપ કહો. એવી તો ચીજ પોતે જ છે. એમાં એકાગ્ર થવું એ ખરેખર જિનસ્વરૂપની જિનની સ્તુતિ કહેવામાં આવે છે. એને જિતેન્દ્રિય અને જિન છે. લ્યો! આહા..હા..! કેટલી સરસ વાત છે!

ભગવાન એમ કહે છે કે અમે પણ ઇન્દ્રિય છીએ તારી. તું અણેન્દ્રિય છો એ અમે નહિ. આહા..હા..! તો અમારું લક્ષ છોડ. એમ કહે છે. વાણીમાં એમ કહે ભગવાન. ઓહો..હો..! એકકોર કહે કે સાંભળ! સુન. આવે છે કે નહિ? વોચ્છામી. પંચાસ્તિકાયમાં ન આવ્યું?

મુમુક્ષુ :- હે સકર્ણા સાંભળો.

ઉત્તર :- સકર્ણા એ દર્શનપાહુડમાં. પણ આ પંચાસ્તિકાયમાં આવ્યું છે કાંઈક. સુણો. સાંભળ. પંચાસ્તિકાયમાં કહે છે સાંભળ. સમયસારને કહેશે વોચ્છામી પાહુડ શ્રુત કેવલી ભણીયં સાંભળ. એનો અર્થ થયો કે નહિ? સાંભળ શું? આહા..હા..! ગજબ વાત છે. કે અમને સાંભળવાથી તારું જ્ઞાન નહિ સાચું થાય એમ કહે છે. સાંભળ વ્યવહાર આવે. આહા..હા..! આવો માર્ગ! એ વસ્તુની સ્થિતિ જ એવી છે. માર્ગ એટલે વસ્તુ જ એવી છે ત્યાં. અખંડ જિનસ્વરૂપ એ જિનવર અને એની સ્તુતિ તે જિનની સ્તુતિ છે. ત્યારે ઓલા લોકો કહે ગામમાંથી કાઢીને સ્થાનકવાસી .. કહે જુઓ, વ્યવહાર સ્તુતિ અને પૂજા, ભક્તિનો નિષેધ

કર્યો છે ત્યાં. પણ એ તો નિશ્ચયની અપેક્ષાએ નથી એ તો. શુભભાવ અને પૂજા, ભક્તિનો ભાવ ગુણાનુરાગ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! એ ગુણાનુરાગ વિકલ્પ એ ભૂમિકામાં આવે, પૂર્ણ વીતરાગ નથી ત્યારે જિનસ્વરૂપી દૃષ્ટિ થઈ છતાં જિનસ્વરૂપનો વીતરાગભાવ પર્યાયમાં પૂર્ણ આવ્યો નથી. એથી એવો ભાવ એમાં એનો નિષેધ નથી. નિષેધ નથી એટલે? એ ન આવે, ન હોય એમ નથી. ધર્મની દૃષ્ટિએ નિષેધ છે એ ધર્મ નથી. સમજાણું કાંઈ? ભારે! આ તો બહુ પરિચય કરે તો માંડ સમજાય એવું છે. ઓલું .. નથી આ. મૂળચંદભાઈ! થોડું નિવૃત્તિ લઈને બરાબર સાંભળે સમજે તો આ સમજાય. તદ્દન અજાણ્યું. લ્યો આ હમણા પૂછ્યું હતું કમલેશને. કીધું આત્મા ક્યા રહે છે? કહે જુદો. પણ જુદા? કેવી રીતે જુદો? આ લૂગડું રહે એવું? આ લૂગડું અને શરીર જુદું આમાં? એય..! કમલેશ! પૂછ્યું હતુંને. જુદો, પણ કઈ રીતે જુદો? લ્યો! આ પુસ્તક અને આ એમ? આ આત્મા અને આ શરીર એમ જુદો? એ અંદરમાં જુદો, શરીરના રજકણથી જુદો એમ છે. ખંડ ઇન્દ્રિયથી જુદો, દ્રવ્યેન્દ્રિયથી તો જુદો. દ્રવ્ય ઇન્દ્રિય આ શરીર પરિણામને પ્રાપ્ત એટલે એનાથી તો જુદો. એમાં રહ્યો છતાં. એમાં રહ્યો નથી. એ તો પોતાના સ્વભાવમાં છે. શરીર પરિણામ ઇન્દ્રિય પ્રાપ્ત એમાં તો નથી, પણ ભાવેન્દ્રિયમાં એ નથી. ખંડ ખંડ અંશ જે આખી ચીજમાં અંશપણે જે જ્ઞાન જણાવે, ચીજ અખંડ પરિપૂર્ણ વસ્તુ છે વસ્તુ. જે જ્ઞાન ખંડપણે જણાવે એમાં એ આત્મા નથી અખંડ એમ કહે છે. આહા..હા..!

એને '(**જ્ઞાનસ્વભાવ અન્ય અચેતન દ્રવ્યોમાં નથી તેથી તે વડે આત્મા...**' પાછા અચેતન એકલા એક નહિ પર. જ્ઞાનનો અંશ છે એ ખરેખર જ્ઞાનસ્વભાવ એમાં નથી આવતો. ખંડ ઇન્દ્રિય છેને. '**અન્ય અચેતન દ્રવ્યોમાંથી નથી તેથી તે વડે આત્મા સર્વથી અધિક,...**' '**णाणसहावाधियं**' છેને? અધિક. '**સર્વથી અધિક, જુદો જ છે.**' તદ્દન જુદો છે. આહા..હા..! શરીરના પરિણામની પ્રાપ્ત પર્યાય એનાથી જુદો, પણ જે શરીરને જાણે છે જે જ્ઞાનનો અંશ. આ શરીર છે, આ ટાઢું છે, ઉનું છે. એ જ્ઞાનનો અંશ તેનાથી જુદો. એમ જે જુદો '**કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આ વિશ્વની ઉપર તરતો (અર્થાત્ તેમને જાણતાં છતાં, તે-રૂપ નહિ થતો),...**' જ્ઞાયકસ્વભાવભાવ ત્રિકાળ સ્વભાવભાવ, ઇન્દ્રિયો, વિષયો અને ખંડ એને જાણતા છતાં તે રૂપ તે થતો નથી. અરે! કહો, પ્રકાશદાસજી! શું છે આ તે? આવો ચૈતન્ય સાહેબ! આ તો સ્વાધ્યાયનો કાળ છેને શાંતિનો? ઓલા ચાર મહિનામાં તો ધમાલ મોટી. હજારો માણસો દોડાદોડ અને દસ માઈલ. દોઢને? કુરાવડથી દોઢ માઈલ. દોઢસો માઈલ. ક્યાં ગયા હિંમતલાલ? .. માણસો બહુ. કુરાવળમાં બહુ માણસો. ત્રણ વ્યાખ્યાન. ત્યાંથી સાંજે ઉઠીને ગયાને ચાર માઈલ? .. ત્યાંથી ૧૧૦ માઈલ. દોઢસો માઈલ ઉદયપુર અને શરીરમાં બરાબર સરખાઈ નહિ. નબળાઈ હોય છેને. ઓલા ભાઈઓ. તાવ તો રહે થોડોક.

આખી રાત તાવ હોય સવારમાં સરખું થઈ જાય. અહીં કાંઈ ખબર ન પડે હોં. નબળાઈ જરી લાગે. પણ એ કરતા સ્વાધ્યાય.. શાંતિ.. આ કાંઈ વ્યાખ્યાન છે? આ તો સ્વાધ્યાય છે.

જુઓને '**કેવો છે તે જ્ઞાનસ્વભાવ? વિશ્વથી ઉપર તરતો...**' એટલે? જડ ઇન્દ્રિયો શબ્દરૂપ આદિ ભગવાનની વાણી અને ભગવાન અને ખંડ ઇન્દ્રિય. એનાથી જુદો રહેતો. એમ. વિશ્વની ઉપર તરતો એ બધું વિશ્વ. ખંડ ઇન્દ્રિય. આહા..હા..! જડ ઇન્દ્રિયો આ અને ભગવાનની વાણી અને ભગવાન અને બાયડી, છોકરા, દેશ, કુટુંબ. એ વિશ્વની ઉપર તરતો. '**(અર્થાત્ તેમને જાણતાં છતાં તે-રૂપ નહિ થતો),...**' જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવ જડને જાણતાં છતાં એ ૩૮માં આવી ગયું છે ૩૮માં. અરૂપી નહિ? અરૂપી. સદા અરૂપી. આવ્યું હતું. ભાવનગરમાં. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનું જે જ્ઞાનમાં નિમિત્ત છે, છતાં તે જ્ઞાન તે રૂપે પરિણમતું નથી. આહા..હા..! જ્ઞાયકસ્વભાવ એ ખંડ ઇન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને પરને જાણે છે છતાં તે રૂપે થતું નથી જ્ઞાયકસ્વરૂપ.

'**વિશ્વની ઉપર તરતો...**' એ હવાથી ભરેલી શું કહેવાય? રબ્બરની મુશક. પાણી ઉપર તરે આમ ઉપર. એમ જ્ઞાયકભાવ આખી ચીજ દુનિયાથી જુદી તરે એટલે જુદી રહે છે. આહા..હા..! એવો એ આત્મા છે. '**ઉપર તરતો (અર્થાત્ તેમના જાણતાં છતાં તે-રૂપ નહિ થતો),...**' એમ. ઉપર તરતો એટલે તે રૂપે નહિ થતો. '**પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' આહા..હા..! એ તો પ્રત્યક્ષ થાય છે એવું જ એનું સ્વરૂપ છે. રાગ અને મનથી જણાય એવી એ ચીજ જ નથી. એ તો પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ જાણે એ જ એનું સ્વરૂપ છે. આહા..હા..! '**પ્રત્યક્ષ ઉદ્યોતપણું...**' પ્રત્યક્ષથી પ્રગટરૂપ ઉદ્યોત-પ્રકાશ '**સદાય અંતરંગમાં પ્રકાશમાન,...**' છે. સદાય અંતરંગમાં ચૈતન્ય ભગવાન નિત્ય પ્રભુ ધ્રુવ સ્વભાવ, ટંકોત્કીર્ણ, ટાંકણાથી કોતરેલી મૂર્તિ અંદર એવી અરૂપી ચૈતન્યઘન મૂર્તિ પ્રકાશમાન છે. એનું નામ ભગવાનની સ્તુતિ કહેવાય છે.

'**અવિનશ્વર,...**' છે. કેવો છે એનો સ્વભાવ? અવિનશ્વર-કોઈ દિ' નાશ નહિ. વસ્તુ છેને. સત્ છે તેનો સ્વભાવ જ્યાં સત્ત્વ છે બેય અવિનાશી છે. વસ્તુ અવિનાશી અને એનો જ્ઞાન આદિ, આનંદ આદિ નિત્ય સ્વભાવ અવિનાશી છે. '**સ્વતઃસિદ્ધ...**' છે. એને ટકવા માટે કોઈના આશ્રયની જરૂર નથી. સ્વતઃસિદ્ધ છે. પોતાથી દ્રવ્ય, ગુણ અને પર્યાય સ્વતઃસિદ્ધ છે. વસ્તુ સ્વતઃસિદ્ધ, એનો ગુણ સ્વતઃસિદ્ધ અને એની પર્યાય સ્વતઃસિદ્ધ. કોઈની અપેક્ષા રાખ્યા વિના એ સ્વતઃસિદ્ધ છે. આહા..હા..! આવો આત્મા છે. એવા આત્માને અંદર અનુભવે એનું નામ સાચી સ્તુતિ છે અને એનું નામ સમ્યગ્દૃષ્ટિ જિન કહેવામાં આવે છે લ્યો! આહા..હા..!

મુમુક્ષુ :- ઘણું ..

ઉત્તર :- ઘણા આપ્યા છે. **'પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન,...'** સદાય પ્રગટરૂપ વસ્તુ છે. વસ્તુ છેને. સદા ઉદ્યોતપમાથી પ્રકાશમાન. **'અવિનશ્વર, સ્વતઃસિદ્ધ...'** છે. **'અને પરમાર્થસત્—'** લ્યો! પરમાર્થે સત્. **'એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.'** અહીં તો પાછું એ. એવો ભગવાન અંદર જ્ઞાનસ્વભાવને ભગવાન કીધો. આત્મા તો ભગવાન છે, પણ એનો જ્ઞાન સ્વભાવ પણ ભગવાન છે. ગુણી ભગવાન છે પણ ગુણ પણ ભગવાન છે. આહા..હા..! હવે એ પોતે છે એની ખબર ન મળે અને ધર્મ કરનારો એ. એ કોણ એની ખબર નથી. લ્યો કરો ધર્મ. ધર્મ કરો આપણે ધર્મ કરવો છેને. ક્યાં પણ ધર્મ કરનારો કેવડો કોણ છે એની ખબર વિના? ધર્મ તો પર્યાય છે. પર્યાય છે.

મુમુક્ષુ :- ધર્મ કરવાનું કામ છે કે પર્યાય-દ્રવ્યનું કામ છે?

ઉત્તર :- કામ તે કોનું? ધર્મ કોને કહેવો અને ક્યાં થાય? કોને આધારે થાય? થાય તો એ શું દશા? એને સમજ્યા વિના ધર્મ? લ્યો કાંટે કાંટો કાઢવો. એમ કહે છે એ લોકો. કાંટે કાંટો કાઢવો ધૂળેય નીકળે નહિ કાંટે કાંટો કાઢવો સાંભળને હવે. પાપ છે એ પુણ્યથી નીકળે. અહીં તો પુણ્ય અને પાપ તો ક્યાંય દૂર રહ્યા. ખંડ ઈન્દ્રિયને પણ પરદ્રવ્ય કહીને એનાથી જુદો તરતો રહ્યો છે એવો આત્મા છે. એને આત્મા કહીએ. ખંડ ઈન્દ્રિયમાં ભળે એને આત્મા ન કહીએ. આહા..હા..! શરીરમાં એકમેક થાય, માન્યતા એને આત્મા ન કહીએ. આહા..હા..! અને મને મારી ચીજમાં લાભ, સંયોગી ચીજ નિમિત્તથી થાય એને આત્મા ન કહીએ એમ કહે છે. લાભ તે તારી પર્યાયમાં જડને આશ્રયે થાય? કે પરને આશ્રયે થાય? કહો, આવું સ્વરૂપ છે. એ આત્માનું આવું સ્વરૂપ છે. મલુપચંદભાઈ! અંદર આત્મા છે એ. પણ ધંધા આડે નવરાશ ન મળે અને આખો દિ' આહા..હા..! રળવું.

**'એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.'** જુઓ! છે? **'भगवता ज्ञानस्वभावेन'** એમ છેને અંદર? ભગવતા ભગવાન છું. ભગવત્ સ્વરૂપ જ્ઞાનસ્વભાવ ત્રિકાળ હોં ત્રિકાળ વસ્તુ. કાયમ. એવો જે જ્ઞાનસ્વભાવ **'सर्वेभ्यो द्रव्यान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं संचेतयते'** સંચય એટલે અનુભવે. **'स खलु जितेन्द्रियो जिन इत्येका निश्चयस्तुतिः।'** એને ભગવાનની સાચી સ્તુતિ કહેવામાં આવે છે. ભગવાન જ્ઞાનસ્વભાવી વસ્તુ એમાં એકાકાર થાય, ખંડ ઈન્દ્રિય આદિથી જુદો પડે એને ભગવાનની સાચી સ્તુતિ એક પ્રકારની કહેવામાં આવે છે. બીજા પ્રકારની કહેશે. ૩૨માં બીજા પ્રકારની, ૩૩ ત્રીજા પ્રકારની. એટલે આ પહેલા પ્રકારની.

**'આ રીતે એક નિશ્ચયસ્તુતિ તો આ થઈ.'** ભગવાન જેવો છે એવો એમાં એકાગ્ર થયો એમાં એ રીતે સ્વીકારીને એકાગ્ર થયો એને નિશ્ચયસ્તુતિ કહેવામાં આવે છે. જેવો એ છે એવો અંદર સ્વીકારીને એકાગ્ર થયો ત્યારે એને છે એમ માન્યું ત્યારે એણે છે એની સ્તુતિ કરી, આ છે તે આત્મા. ત્યારે એના ગુણગ્રામનો સ્વીકાર થયો એને ગુણની સ્તુતિ

કહેવામાં આવે છે. આહા..હા..! '(**જ્ઞેય તો દ્રવ્યેન્દ્રિયો,...**' કૌંસમાં. જડ ઇન્દ્રિય જ્ઞેય છે આ. જ્ઞેય શબ્દે પરજ્ઞેય હોં. જણાવાલાયક છે એ. જાણનારમાં એ નથી. '**ભાવેન્દ્રિયો...**' જ્ઞેય છે. જાણનારમાં નથી. જ્ઞેય છે. આહા..હા..! જાણનાર એવો ભગવાન એમાં ભાવેન્દ્રિય નથી કહે છે. એ તો જ્ઞેય છે, પર છે. આહા..હા..!

'**ઇન્દ્રિયોના વિષયભૂત પદાર્થો...**' એક બાજુ જ્ઞેય. '**અને જ્ઞાયક પોતે આત્મા—**' જાણનાર ભગવાન આત્મા. થોડું પણ એકલું માખણ છે. થોડું પણ સત્ છે આ. તેથી માથે કહ્યુંને પરમાર્થ સત્ એવો ભગવાન. આહા..હા..! પરમાર્થ સત્ એવો જ્ઞાનસ્વભાવ ભગવાન પૂર્ણ. એવો એનો સ્વભાવ. એની સન્મુખ, એનો આદર થયો સન્મુખ કર્યો તે. આદર થયો એ એની સ્તુતિ કહેવામાં આવે છે. એના સન્મુખ થઈને એકાગ્ર થયો એ એણે આદર કર્યો. એનાથી વિમુખ હતો તો અનાદર કરતો હતો. શું ચાલે છે આ? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ગુણગ્રામ

ઉત્તર :- ગુણગ્રામ એટલે ભક્તિ અને સ્તુતિ અને ધર્મ. કેમ થાય એની વાત ચાલે છે. એ ઓલા ચાર બોલ વ્યવહારના લીધા છે નહિ? આવે છે. બાર અંગનું જ્ઞાન, એની ભક્તિ. એની ભક્તિ લેવી, સમુદઘાત અને નિવૃત્તિ પરિણામની. એમ લીધું. વ્યવહારની. એટલે ઓલો પત્ર આવે છે કે જુઓ એ ધર્મ છે. એ ધર્મ નથી. અંદર વીતરાગભાવરૂપે પરિણમતો જીવ સમુદ્‌ઘાત વખતે કે બહારના જ્ઞાન વખતે. વીતરાગભાવરૂપે પરિણમતો જીવ તે ધર્મ છે. અને તે કર્મના છેદનું કારણ છે. સંસારરૂપી કર્મનું આમાં વાદવિવાદે ચડે તો કાંઈ પાર આવે એવું નથી.

મુમુક્ષુ :- વાદવિવાદને અવકાશ જ નથી.

ઉત્તર :- અવકાશ નથી. આ શાસ્ત્રમાં આમ કહ્યું છે, આ શાસ્ત્રમાં આમ કહ્યું છે. જીવદયાને ધર્મ કહ્યો છે, જીવદયાને જીવનો સ્વભાવ કહ્યો લ્યો! પણ શેની? જીવનો સ્વભાવ કહ્યો એ કઈ દયા? પોતાના ભાવમાં સ્વભાવની રાગરહિત સ્વભાવ એ જીવદયા, પરની જીવદયા તો રાગ છે. આહા..હા..! એ તો હિંસા છે. પરની દયાનો ભાવ એ તો રાગ છે, રાગ છે તો હિંસા છે. એ અંદર શબ્દો આવેને. પાઠમાં ઘણા આવે છે. પદ્મનંદિમાં આવે છે, અષ્ટપાહુડમાં આવે છે. એ ઠેકાણે વ્યવહાર દયા ગણીને નિશ્ચયની સાથે એનો ઉપચાર કહ્યો છે. કોઈ ઠેકાણે દયા નિશ્ચય ગણીને વીતરાગ પરિણતિને ધર્મ કહ્યો છે. એમ છે. કોઈ વખતે શુભભાવને સારી ગણીને તેને પણ નિર્જરાનું કારણ કહ્યું. ઉપચારથી. હવે એને પકડે કે મોક્ષમાર્ગ બે. લ્યોને. બે માર્ગ કહેવો એટલે બે છે? અને બેના બે ફળ? નિશ્ચયમોક્ષમાર્ગનું મોક્ષ ફળ અને વ્યવહાર મોક્ષમાર્ગનું? બંધફળ. મોક્ષ બે આવ્યા એના? એક વ્યવહારમોક્ષ અને એક નિશ્ચયમોક્ષ બે છે? માણસને. કહો, પંડિતજી! આ તો એમાં એવું છે. જીવાદિ.. પંચાસ્તિકાયમાં.

મુમુક્ષુ :- આમાં પણ આવે છે.

ઉત્તર :- આમાં આવ્યું નહિ આપણે? નિયમસારમાં આવ્યું કે નહિ? ભેદોપચાર રત્નત્રય. પરંપરા મુક્તિનું સિદ્ધિનું કારણ. નિયમસારમાં. ૫૧ થી ૫૫માં.

એ **'જ્ઞાયક પોતે આત્મા...'** એ ત્રણ. **'એ બન્નેનું અનુભવન, વિષયોની આસક્તતાથી,...'** એટલે પર્યાયબુદ્ધિથી, અંશબુદ્ધિથી, પરમાં એકત્વબુદ્ધિથી **'એક જેવું થતું હતું;...'** એક જેવું લાગતું હતું. **'ભેદજ્ઞાનથી ભિન્નપણું જાણ્યું...'** આવ્યું હતુંને એ નિર્મળ ભેદ અભ્યાસની પ્રવિણતાથી. આહા..હા..! એનાથી જુદો પડી, અભ્યાસ કરી જુદો પાડવાનું. એને **'ભિન્નપણું જાણ્યું ત્યારે તે જ્ઞેયજ્ઞાયક-સંકરદોષ દૂર થયો એમ અહીં જાણવું.)'** જ્ઞેયજ્ઞાયક સંકર. સંકર એટલે બેય એકત્વ. જણાવાયોગ્ય ચીજ અને જાણનાર બે એક હતું એવું જે માન્યું હતું એ દોષ દૂર થયો. કહો, સમજાય છે કાંઈ? ત્યારે એને સમકિત થયું એમ કહે છે. નહિતર એ જ્ઞેય અને જ્ઞાયક માનતો ત્યાં સુધી મિથ્યાત્વ હતું એમ કહે છે. એ ૩૧ પૂરી થઈ.

## ગાથા-૩૨

अथ भाव्यभावकसङ्करदोषपरिहारेण---

जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं जिदमोहं साहुं परमट्ठवियाणया बेंति।।३२।।
यो मोहं तु जित्वा ज्ञानस्वभावाधिकं जानात्यात्मानम्।
तं जितमोहं साधुं परमार्थविज्ञायका ब्रुवन्ति।।३२।।

यो हि नाम फलदानसमर्थतया प्रादुर्भूय भावकत्वेन भवन्तमपि दूरत एव तदनुवृत्तेरात्मनो भाव्यस्य व्यावर्तनेन हठान्मोहं न्यक्कृत्योपरतसमस्तभाव्यभावकसंकरदोषत्वेनैकत्वे टंकोत्कीर्णं विश्वस्याप्यस्योपरि तरता प्रत्यक्षोद्योततया नित्यमेवान्तःप्रकाशमानेनानपायिना स्वतःसिद्धेन परमार्थसता भगवता ज्ञानस्वभावेन द्रव्यान्तरस्वभावभाविभ्यः सर्वेभ्यो भावान्तरेभ्यः परमार्थतोऽतिरिक्तमात्मानं संचेतयते स खलु जितमोहो जिन इति द्वितीया निश्चयस्तुतिः

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकाय-

सूत्राण्येकादश पंचानां श्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणामिन्द्रियसूत्रेण पृथग्व्याख्यातत्वाद्व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

હવે ભાવ્યભાવક-સંકરદોષ દૂર કરી સ્તુતિ કહે છેઃ-

જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,
પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.

ગાથાર્થઃ- [यः तु] જે મુનિ [मोहं] મોહને [जित्वा] જીતીને [आत्मानम्] પોતાના આત્માને [ज्ञानस्वभावाधिकं] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી અધિક [जानाति] જાણે છે [तं साधु] તે મુનિને [परमार्थविज्ञायकाः] પરમાર્થના જાણનારાઓ [जितमोहं] જિતમોહ [ब्रूवन्ति] કહે છે.

ટીકાઃ- મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મ ભાવ્ય, તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને, સમસ્ત ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી એકત્વમાં ટંકોત્કીર્ણ(નિશ્ચલ) અને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા એવા પોતાના આત્માને જે (મુનિ) અનુભવે છે તે નિશ્ચયથી 'જિતમોહ જિન' (જેણે મોહને જીત્યો છે એવો જિન) છે. કેવો છે તે જ્ઞાનસ્વભાવ? આ સમસ્ત લોકના ઉપર તરતો, પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન, અવિનાશી, પોતાથી જ સિદ્ધ અને પરમાર્થસત્ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.

આ રીતે ભાવ્યભાવક ભાવના સંકરદોષને દૂર કરી બીજી નિશ્ચયસ્તુતિ છે.

આ ગાથાસૂત્રમાં એક મોહનું જ નામ લીધું છે; તેમાં 'મોહ' પદને બદલીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય મૂકીને અગિયાર સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન-એ પાંચનાં સૂત્રો ઈંદ્રિયસૂત્ર દ્વારા જાુદાં વ્યાખ્યાનરૂપ કરવાં; એમ સોળ સૂત્રો જુદાં જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

ભાવાર્થઃ- ભાવક જે મોહ તેના અનુસાર પ્રવૃત્તિથી પોતાનો આત્મા ભાવ્યરૂપ થાય છે તેને ભેદજ્ઞાનના બળથી જુદો અનુભવે તે જિતમોહ જિન છે. અહીં એવો આશય છે કે શ્રેણી ચડતાં મોહનો ઉદય જેને અનુભવમાં ન રહે અને જે પોતાના બળથી ઉપશમાદિ કરી આત્માને અનુભવે છે તેને જિતમોહ કહ્યો છે. અહીં મોહને જીત્યો છે; તેનો નાશ થયો નથી.

## ગાથા-૩૨ ઉપર પ્રવચન

'**હવે ભાવ્યભાવક-સંકરદોષ દૂર કરી (નિશ્ચય) સ્તુતિ કહે છે :—**' લ્યો! ઉપશમ શ્રેણીની વાત છે આ. એટલે શું? ભાવ્યભાવક. કે વસ્તુ ભિન્ન જાણી છતાં કર્મનો ઉદયનું ભાવ એના તરફને અનુસરીને જે થતી પર્યાય એ બે થાય છે એવું એકપણું છે એને ન થાય, સ્વભાવ તરફ જોડાઈને કર્મના ભાવકપણાની યોગ્યતા થઈને ભાવ્ય જે દશા થાય એ ન થાય એને ભાવ્યભાવકના સંકરદોષ દૂર કર્યો એમ કહેવામાં આવે છે.

**जो मोहं तु जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।**
**तं जिदमोहं साहुं परमट्ठवियाणया बेंति।।३२।।**

પરમાર્થના જાણે એમ કહે છે. અહીં એમ કહ્યું. ઓલામાં નિશ્ચય સ્થિત સાધુ આમ કહે છે એમ કહ્યું.

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

એનો ગાથાર્થ લઈએ. '**જે મુનિ મોહને...**' જુઓ, અહીં મોહ શબ્દ વાપર્યો છે પણ એ અસ્થિરતાના મોહની વાત છે, ભાઈ! રાગની અસ્થિરતા. ભાવક જે ઉદય કર્મ એને અનુસરીને રાગાદિ પર્યાય થાય એ ભાવ્ય. બેની એકતા એટલે થતું. નિમિત્તને લક્ષે ભાવ્ય થતું તેને આમ સ્વભાવ તરફ ઢળીને થતું નથી એને બીજા નંબરની સ્તુતિ, ઊંચી સ્તુતિ કહેવામાં આવે છે. બીજા નંબરની એટલે? ઓલા પહેલા નંબરની ઊંચી અને બીજા નંબરની હલકી એમ નહિ અહીં. બીજા પ્રકારની સ્તુતિ એમ. શું કહ્યું જુઓ, '**જે મુનિ મોહને જીતીને...**' એટલે કે કર્મ તરફના વલણના ભાવને છોડી દઈને. '**પોતાના આત્માને જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી...**' અન્યદ્રવ્યભાવોથી '**અધિક જાણે છે...**' જુદો જાણે છે. કર્મના નિમિત્ત તરફનું વલણ છે, સંકરદોષ ટળ્યો, પણ હજી ભાવ્યભાવક દોષ રહ્યો. શંકરદોષમાં મિથ્યાત્વદોષ હતો. આમાં ચારિત્રની અસ્થિરતાની ભાવ્યતાનો દોષ છે.

એ '**मोहं तु जिणित्ता**' કર્મના નિમિત્ત તરફના વલણવાળો ભાવ ન થવા દેવો અને સ્વભાવ તરફ ઝુકવું. આહા..હા..! એને બીજા પ્રકારની સાચી, સારી, પહેલા કરતાં ઊંચી સ્તુતિ કહેવામાં આવે છે. બીજા પ્રકારની. બીજા નંબરની નહિ. સમજાણું? બીજી સ્તુતિ શબ્દ છેને? બીજા નંબરની એમ નથી. બીજી. સ્તુતિનો બીજો પ્રકાર. સ્વરૂપમાં શુદ્ધતામાં એકાગ્ર થઈને જ્ઞેય અને જ્ઞાયકની એકતા તોડવી, સ્વભાવની એકતા થવી એ પહેલી સ્તુતિ. સમ્યગ્દર્શન

અને સમ્યગ્જ્ઞાનનો અંશ ચારિત્ર એ પહેલી સ્તુતિ. પછી આગળ વધીને કર્મના નિમિત્ત તરફની યોગ્યતા જેટલી ભાવ્ય થવાની એ ન થાય એ ભાવ્યભાવકનો સંકરદોષ એને ટાળે સ્વભાવ તરફ વળે ઠરવામાં. એનું નામ બીજી સ્તુતિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આ તો ઉપલા ગુણસ્થાનની વાત છે.

**'અધિક જાણે છે તે મુનિને પરમાર્થના જાણનારાઓ જિતમોહ કહે છે.'** ક્ષિણમોહ નથી. મોહનો હજી નાશ થયો નથી, પણ ઉપશમ કરે છે. સ્વભાવ તરફ ઝુકાઈને મોહનો ઉપશમ-ઠારે છે. એને અહીંયાં જિતમોહ કહેવામાં આવે છે. આમાં એ કાઢે છે લ્યો જુઓ, ભાવકથી ભાવ્ય થાય. અહીં તો થાય છે એ પોતામાં નિમિત્તને અનુસરીને. એને અહીં તોડવાની વાત છે. જ્યાં સુધી સમ્યગ્દર્શન થયું, આત્માનુભવ થયો છતાં કર્મના નિમિત્તનો ઉદય આવતાં એને અનુસરીને વર્તમાન પર્યાયમાં વિકારનું, રાગનું ભાવ્ય જે હતું એ ન થાય, અહીં નિર્મળ પર્યાય આ બાજુ ઢળીને થાય એનું નામ ભાવ્યભાવક સંકરદોષ દૂર કર્યો કહેવાય છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? દિલીપ!

મુમુક્ષુ :- દરિયો તોફાને ચડ્યો છે.

ઉત્તર :- દરિયો તોફાને ચડી ગઈ છે અનાદિથી. હવે આ તો તોફાન ઉતારવાની વાત છે. જે આ બાજુ જ્ઞાયકભાવ તરફ પરજ્ઞેય અને જ્ઞાયકની એકતા હતી એ તૂટી. એ પહેલા પ્રકારની સ્તુતિ, પણ પછી હજી અસ્થિરતાનો ભાવ ભાવ્યરૂપ યોગ્યતાથી, પોતાની યોગ્યતાથી થાય છે. એ ત્યારે ભાવકને નિમિત્ત કહેવાય છે. અસ્થિરતા પોતાની યોગ્યતાથી થાય છે. ભાવક કર્મ નિમિત્ત છે. એ અસ્થિરતાને ન થવા દેવી અને કર્મને ઉપશમ કરવો, ઠારવો એનું નામ ભાવ્યભાવકની અસ્થિરતાની એકતા હતી એ તોડી એમ કહેવામાં આવે છે. આહા..હા..! આમાં નવા માણસને સમજાય એવું છે. જે છે એ આ પ્રમાણે છે. ન્યાય તો કહેવાય છે.

ખંડ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય અને વિષયો, એનાથી ભિન્ન પડેલું જ્ઞાયકભાવ એને જ્ઞાયકપણાનો અનુભવ થયો, પણ એ સમ્યગ્દર્શન ને જ્ઞાન અને સ્વરૂપ આચરણની સ્થિરતા અપેક્ષાએ એટલો થયો, પણ હજી અસ્થિરતા બાકી છે. જો અસ્થિરતા બાકી ન હોય તો કેવળજ્ઞાન થઈ જાય. એથી અસ્થિરતામાં કર્મ ભાવક જે નિમિત્ત છે, ભાવક. શબ્દ એમ છેને? ભાવનો કરનાર એટલે ભાવક એમ કહ્યું ચોથે. આસ્રવ અને આસ્રવક ૧૩મી ગાથામાં. આસ્રવક. અહીં તો નિમિત્તના પ્રધાનથી કથન છે. એનો સ્વભાવ નથી એથી એનાથી થયો એમ કહેવામાં આવે છે. પણ એ પોતે પોતાની યોગ્યતાથી થાય ત્યારે કર્મને ભાવ કરનારો એમ કહેવામાં આવે. ભારે વાંધા. ભાવક એમ શબ્દ છેને જુઓ. પાઠમાં અહીં હશે જુઓ.

ટીકા હવે જુઓ **'મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે...'** ટીકા. સમ્યગ્દૃષ્ટિ જીવને પણ પહેલી સ્તુતિમાં આવ્યો છતાં બીજા નંબરની

સ્તુતિને લાયક થાય છે ત્યારે કેવું થાય છે એનું આ સ્વરૂપ છે. મોહકર્મ એટલે ચારિત્રમોહ. મિથ્યાત્વમોહ નથી. '**ફળ દેવાના સામર્થ્ય વડે...**' કર્મનો ઉદય સત્તાના કર્મની સત્તામાં. એના અસ્તિત્વમાં કર્મનો ઉદય કર્મના અસ્તિત્વમાં આવ્યો છે. કર્મ સત્તારૂપે છે, ઉદય પ્રગટરૂપ આવ્યું, પણ એ તો અજીવપણે આવ્યું છે એ. એ પોતાના '**ફળ દેવાના સામર્થ્ય વડે પ્રગટ ઉદયરૂપ થઈને ભાવકપણે પ્રગટ થાય છે...**' કર્મનું નિમિત્તપણું, ઉદય જે થયો એ ભાવકપણે પ્રગટ થાય છે. '**તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...**' હવે સમ્યગ્દષ્ટિ હોવા છતાં ભાવકને અનુસારે ભાવ્ય નામ વિકાર થવાની લાયકાત છે. છે પોતાથી. આહા..હા..! ભારે તકરાર કરે છે આ એક એક ગાથામાં. જુઓ, ભાવકપણે પ્રગટ થાય છે. એ ભાવ કરાવવાપણે પ્રગટ થાય છે. શબ્દ તો એવો છે.

જે કાંઈ રાગની અસ્થિરતા થાય છે ભાવ્ય. એ પોતાને કારણે છે. એમાં નિમિત્ત કર્મ છે એથી ભાવક. કારણ કે સ્વભાવ નથી એટલે એ કરનારો છે એમ ઉપચારથી કહ્યું. ભાવક. કર્મનો ઉદય ભાવનો કરનારો. ક્યા ભાવનો? કે અહીં ભાવ્ય જે રાગ થાય એનો. સ્વભાવ તો કરનાર છે નહિ રાગનો. આહા..હા..! ભારે આવું. ભાઈ આ સમ્યગ્દર્શન પછી પણ આ એક બીજા નંબરની સ્તુતિ, પછી ત્રીજાની કહેશે.

મુમુક્ષુ :- એટલે ભગવાન થાશે.

ઉત્તર :- એટલે ભગવાન થઈ ગયો. આહા..હા..! એટલે કે જેણે ખંડ ઈન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય અને વિષયોથી જુદો પડી જ્ઞાયકભાવને જાણ્યો, અનુભવ્યો એ તો પહેલા પ્રકારની એક ગુણની, ગુણની સ્તુતિ કહેવામાં આવે છે. હવે બીજા પ્રકારની સ્તુતિ કે જે કર્મનો ઉદય ભાવકપણે આવ્યો ફળ દેવાના સમર્થ એના અનુસારે જેની વર્તમાન પર્યાયમાં રાગ થવાની લાયકાત છે. રાગ-દ્વેષ આદિ વિકાર. એ લાયકાત જે પર્યાયની છે એને ભાવ્ય કહીએ. નિમિત્તને ભાવક કહીએ. ભાષા ભલે એમ હો, પણ વસ્તુસ્થિતિ તો એની યોગ્યતાથી થાય છે. જુઓ, ૧૩માં આવે છેને એકને નવ ન હોય. ત્યાં એ નાખે. પણ સાંભળને કઈ અપેક્ષા છે ત્યાં? આસ્રવ, પુણ્ય, પાપ, બંધમાં નિમિત્ત છે હયાતી, સંવર, નિર્જરા, મોક્ષમાં નિમિત્તનો અભાવ છે એટલી અપેક્ષા છે. એમ. એથી નવ પડે. એકમાં પોતાની મેળાએ નવ ન પડે. નિમિત્તનું લક્ષ જાય અથવા લક્ષ છૂટ્યું એટલો પણ ફેર પડ્યોને. આહા..હા..! હવે આ અભ્યાસ કરે નહિ અને આ લખાણના શબ્દો વાંચીને સમજે નહિ અને ભડકે. જુઓ, સોનગઢવાળા કહે છે કે કર્મને લઈને વિકાર નહિ. આ તો ઉપશમ શ્રેણીવાળાને પણ ભાવકપણે કર્મ આવે અને વિકાર થાય એમ કહ્યું છે અહીં. એનો અર્થ એ કે જેની નિમિત્ત તરફના વલણવાળી હજી લાયકાત છે પોતાને કારણે હોં. એવી જે લાયકાત છે. સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, સ્વરૂપાચરણ થયું છતાં પૂર્ણ સ્વરૂપની સ્થિરતા થઈ નથી. એટલી અસ્થિરતામાં કર્મનું નિમિત્તપણું ભાવક

છે અને એને અનુસરીને, દ્રવ્યને અનુસરીને ન થાય. દ્રવ્યને અનુસરીને બહારનું વિકાર હોય જ નહિ. એટલે નિમિત્તને અનુસરીને થવાની જે લાયકાત છે ભાવ્ય એને તોડી નાખે છે. એ ભાવ્ય થવા દેતો નથી. આહા..હા..! ભારે વાતું!

'**તેના અનુસારે...**' જોયું! નિમિત્તને અનુસારે પોતાની યોગ્યતા હતી જીવની. '**જેની પ્રવૃત્તિ છે...**' અનુસારે જેની પ્રવૃત્તિ છે. પર્યાયમાં કર્મના નિમિત્ત તરફના વલણવાળી જે યોગ્યતાની જેની પ્રવૃત્તિ છે. જીવની. સમ્યગ્દર્શન-જ્ઞાન હોવા છતાં. '**પ્રવૃત્તિ છે એવો જે પોતાનો આત્મા—ભાવ્ય,...**' જોયું! પોતાનો આત્મા જે ભાવ્ય. રાગપણાની યોગ્યતાથી થતી દશા એને અહીંયાં ભાવ્ય કહે છે અને એમાં કર્મનું નિમિત્ત એને ભાવક કહે છે. '**તેને ભેદજ્ઞાનના બળ વડે...**' હવે જે નિમિત્તને અનુસરીને ભાવ્ય વિકાર હતો તેને અંતરમાં એકાગ્ર દ્વારા ભેદજ્ઞાન એ. એ સમયની નિમિત્તના અનુસરીને થતી વિકારદશા એને નિમિત્ત તરફનું લક્ષ છોડી અને સ્વભાવ ઉપર વધારે લક્ષ કર્યું ત્યારે '**ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી...**' એટલે? કે ભાવક તરફનું ભાવ્ય ન થાય એને દૂરથી પાછો વાળ્યો. થયો અને વાળ્યો એમ નહિ કહે છે. થયો થઈ ગયું એ તો. આહા..હા..!

વસ્તુ ભગવાન ચૈતન્ય સ્વભાવ પરિપૂર્ણનો અનુભવ, ભાન હોવા છતાં જેની યોગ્યતા પર્યાયમાં કર્મના ભાવકના નિમિત્તને અનુસરીને જે સ્વભાવને અનુસરીને પૂર્ણ થઈ જાય તો વીતરાગ થઈ જાય. સમજાણું કાંઈ? ઝીણું છે આ તો બહુ. સમ્યગ્દષ્ટિને પણ પોતાની પર્યાયમાં કર્મના નિમિત્તને અનુસરીને થતી જે લાયકાત રાગની. એને ન થવા દેવી એટલે કે તેના તરફનું અનુસરણ છૂટી જાય અને સ્વભાવ તરફનું અનુસરણ-અનુકરણ વિશેષ વધી જાય એને બીજા પ્રકારની ઊંચી સ્તુતિ કહેવામાં આવે છે. ફરીને જુઓ. સ્તુતિ કેમ કહી? કે નિમિત્તને અનુસરીને જે વિકાર થવાની લાયકાત પર્યાયમાં હતી એને આ બાજુ વાળી એટલે એકાગ્ર થયો આ બાજુ એનું નામ ગુણની સ્તુતિ, એનું નામ ગુણની ઉપશમ સ્તુતિ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જોરદાર સ્તુતિ છે.

ઉત્તર :- જોરદાર સ્તુતિ. એથી જોરદાર તે દિ આવશે. ગુણી એવો જે ભગવાન આત્મા એને ખંડજ્ઞાનથી જુદો પાડ્યો, પણ હજી અસ્થિરતાથી જુદો નથી થયો. અસ્થિરતાથી જુદો થઈ જાય તો સ્થિર થઈ જાય અંદર. એથી કહે છે કે જે આત્માની ભાવક નિમિત્ત કર્મના અનુસાર યોગ્યતા જે ભાવ્યની હતી એને દૂરથી પાછો વાળ્યો. એટલે કે તે તરફના વલણને છોડી દીધું. નિમિત્તના વલણવાળી ભાવ્યતા એ છોડી દીધી. સ્વભાવને અનુસરીને થયો એને બીજા નંબરની સ્તુતિ કહેવામાં, બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. વધી ગયોને ગુણમાં એ? સમજાણું કાંઈ? ભાષા તો સાદી આવે છે, પણ હવે ભાવ તો જે હોય એ આવે.

કરોડને કરોડ કહેવા હોય તો ભાષા તો કરોડની જ આવે. કરોડને સો કહે તો સમજાય કરોડ? .. કરોડ, સો કરોડનો એક અબજ, સો લાખનો એ કરોડ. ત્યારે .. કરોડની સંખ્યા. સો કરોડ, સો લાખનો એક કરોડ. ... એ ભાષા એટલી એવડી હોય એની. સો લાખનું એક કરોડ. ત્યારે એને હળવું કરો તો સમજાય. બહુ સમજ્યો નથી. લાંબી સંખ્યાને જાણતો નથી એટલે બીજી શી રીતે કહેવું? એ કહો. કહો, પંડિતજી! એમ આનું હળવું કરો કાંઈક સમજાય એવું, પણ આ મોટી સંખ્યાને નથી સમજતા માટે આવડી મોટી સંખ્યાને હળવી સંખ્યાએ સમજાવો. બીજી કાઢે શી રીતે? એની સ્થિતિ જ એવી છે એટલા સંખ્યામાં આ પ્રમાણે.

**'ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...'** એમ ભાષા લીધી છેને. એમ ક્યાં કીધું કે ભાવકે કરાવ્યું છે? **'તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...'** હજી નિમિત્ત તરફનું વલણ છે પોતાની યોગ્યતામાં. તદ્દન સ્વરૂપ તરફ ઢળી ગયો હોય તો તો નિમિત્ત તરફ વલણ હોય નહિ. એમ કહ્યું તો ચોખ્ખી વાત આમ છે. આ મોટી તકરાર છે આ ગાથાની. આહા..હા..! આવા ને આવા. હજી આ લોકો ફરિયાદ કરે. **'એવો જે પોતાનો આત્મા—ભાવ્ય,...'** દેખો! ભાવ્ય નામ રાગ અને વિકારની પર્યાય થવા લાયક એ ભાવ્ય. **'તેને ભેદજ્ઞાનના બળ વડે દૂરથી જ પાછો વાળવાથી એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને,...'** તિરસ્કાર કર્યો, એ અભાવ નથી કર્યો, ઉપશમ કર્યો. વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૧૦, બુધવાર, તા. ૨૧-૦૬-૧૯૭૨
## ગાથા-૩૨, પ્રવચન-૧૦૪

સમયસાર. ૩૨મી ગાથા. ભાવ્યભાવક સંકરદોષ દૂર કર્યો. આ એક સ્તુતિ છે. પોતાનો આત્મા અનંત ગુણસંપન્ન સ્વભાવ તેમાં એકાગ્ર થવું સ્વસન્મુખ પરિણામે. એ પહેલા પ્રકારની સ્તુતિ. ... એવા અનંતગુણનો જેણે આદર કર્યો. એવી એ પહેલા પ્રકારની સ્તુતિ. આ બીજા પ્રકારની ચાલે છે. હજી અનંતગુણનો આદર કરીને, દ્રવ્યનો આદર કરીને. અંશ અને રાગને હેય જાણ્યો અને આને અંતર ઉપાદેય જાણ્યો. એ પહેલા પ્રકારની સ્તુતિ. હવે બીજા પ્રકારની

સ્તુતિ. એવું સમ્યગ્દર્શન હોવા છતાં જ્યાં સુધી જીવના એ કર્મના પાકના ઉદય અનુસાર પોતાની યોગ્યતા પ્રમાણે રાગની ભાવ્યદશા થાય એને ભેદજ્ઞાનના બળ વડે એના તરફના વલણને છોડી, સ્વભાવના વલણમાં રાગને ઉપશમ કરવો એ એક બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. એવું છે આ. પંડિતજી! એવું છેને એ?

**'મોહકર્મ ફળ દેવાના સામર્થ્ય વડે...'** ધર્મી છે, સમ્યગ્દષ્ટિ છે. આત્મા સ્વસન્મુખના પરિણામ વડે પોતાને જાણ્યો, અનુભવ્યો છે. છતાં એની દશામાં વિશેષ જે સ્તુતિ એટલે વસ્તુ તરફના વલણવાળી દશા, મોહને ઉપશમ કરીને જોઈએ એ ન હોય એની અહીં વાત છે. એ સ્તુતિનો અર્થ .. કહ્યો. ભગવાન આત્મા પોતાનું જે પૂર્ણ સ્વરૂપ એને તો સ્વીકાર્યું. સ્વીકાર્યું એટલે સન્મુખ પરિણામ થયા એ જ સ્વીકાર થયો. સમજાણું? વિમુખ પરિણામ હતા ત્યાં વસ્તુનો અસ્વીકાર હતો. એ વસ્તુના સ્વભાવ સન્મુખ પરિણામ થયા એવી આખી ચીજનો એને સત્કાર કર્યો, સ્વીકાર કર્યો માન્યું. એ પહેલાં પ્રકારની ભગવાન આત્માની કેવળજ્ઞાની આત્મા એની સ્તુતિ. આહા..હા..!

હવે આગળ એને બીજા પ્રકારની. નંબર બીજો નહિ. બીજો પ્રકાર. ચડિયાતો પ્રકાર. આહા..હા..! આ વર્ણવવાનો હેતુ એ વસ્તુની સ્થિતિમાં ગુણની એકાગ્રતાની તારતમ્યતા પડે છે હીનાધિકતા એના પ્રકાર એવા વસ્તુનો સ્વભાવ એવો છે એ જણાવવું છે. સમજાણું કાંઈ? વસ્તુને જાણી, જોઈ, અનુભવી છતાં પૂર્ણ સ્વરૂપમાં એકાગ્રતા નથી. અહીં સ્તુતિની અપેક્ષાએ વાત હોં! પૂર્ણ અંદર એકાગ્રતા નથી એને આ પ્રકાર પડે છે. ચૈતન્યનો સ્વભાવ જે અંતર્મુખ વળેલો છે છતાં જેની મોહકર્મનું ફળ ભાવકપણે પ્રગટ થાય કર્મ સામે. તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે. તેને અનુસારે. સ્વભાવને અનુસારે નથી પર્યાયમાં જ્યાં સુધી એની વાત છેને. **'તેના અનુસારે...'** આહા..હા..! જુઓને કેવી શૈલી વાપરી! એક એક સમયની સ્થિતિનું વર્ણન. અસ્તિત્વનું આવું વર્ણન. સત્ય વસ્તુને પામ્યા સિવાય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપનો અનુભવ હોવા છતાં તેની દશામાં કર્મના ભાવકપણું, ભાવક કહ્યોને? સ્વભાવ નથી એટલે ખરેખર તો એને ભાવ, ભાવ્ય જે વિકાર થવા લાયક એમાં એ ભાવક એ ભાવ કરનાર એ છે એમ કહેવું છે. કરનારો પોતે છે, પણ સ્વભાવ નથી એથી એને વિભાવ એવો જે ઉદયભાવ એને ભાવક કહેવામાં આવ્યો છે. ભાવ શબ્દ છેને. ભાવક. એ લોકો એમ કહે છેને ભાવનો કરનાર. ભાઈ! તું ભાવનો કરનારો ક્યારે કહેવાય? કે જ્યારે આ ભાવ્ય, એને અનુસારે રાગ કરે તો એને ભાવક કહેવામાં આવે છે. સમજાણું? ઝીણું છે આ.

**'એવો પોતાનો આત્મા—ભાવ્ય,...'** જોયું! ભાવ્ય એટલે અવસ્થામાં રાગ થવાને

વિકાર થવાને તેટલે અંશે લાયક છે. નિમિત્તને અનુસરીને, સ્વભાવને અનુસરીને નહિ. સમજાણું કાંઈ? નિમિત્તને અનુસરીને જે પોતાની લાયકાત તે તે સમયની, વિકારને યોગ્ય જે ભાવ્યદશા '**તેને ભેદજ્ઞાનના બળ વડે...**' એને અંતરમાં એકાગ્રતા દ્વારા એમ કહે છે. જીત્યો મોહને એટલી વાત છે અત્યારે. મોહનો નાશ કર્યો એ નહિ. ઉપશમ-દાબે છે. એવી એક ધારા છે એને ગુણની સ્તુતિ કરીને એને બીજા નંબરનું સ્તવન કહેવામાં આવે છે. આમ જોડાણ હતું તને ભેદજ્ઞાનના બળ વડે એટલે કે અંતરમાં એકાગ્રતાના જોર વડે જે નિમિત્તને અનુસરીને ભાવ્ય થવા લાયક વિકાર હતો એને ન થવા દીધો. એમાંથી ખસી ભાવ્ય થવાલાયક જે વિકારની પર્યાય સમકિતીને હોં! ઉપશમ શ્રેણીમાં. આહા..હા..! એ તરફની થવાને લાયકાત હતી એને ભેદજ્ઞાનથી એટલે સ્વભાવ તરફના ઝુકાવથી. પરનું અનુસરવાની લાયકાત હતી એને સ્વભાવ તરફના ઝુકાવથી. પંડિતજી! જુઓ, શું છે? આહા..હા..! કેવી વાત કરી. સમય સમયની નાડી પકડી છે.

જે સમયમાં ક્ષાયિક સમકિતી જીવ હોય. ગણધર મુનિ હોય, પણ જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત નથી ત્યાં સુધી એને કર્મ તરફના વલણવાળી દશા પર્યાયમાં છે. એને ભેદજ્ઞાનના બળ વડે એટલે એના તરફનું અનુસરવું છોડી દઈને સ્વભાવને અનુસરે જે છે. આવું. આ સ્તુતિ શું કહેવું એનું?

મુમુક્ષુ :- આવી સ્તુતિ ક્યા મંદિરમાં થાતી હશે?

ઉત્તર :- આ મંદિરમાં આત્મમંદિરમાં. ભગવાનના આત્મમંદિરમાં આ સ્તુતિ થાય.

મુમુક્ષુ :- પોતાના મંદિરમાં.

ઉત્તર :- પોતાના મંદિરમાં થાય.

મુમુક્ષુ :- આત્માનુભૂતિથી કેવળજ્ઞાન સુધી.

ઉત્તર :- એકાગ્ર થાય છે એકની સ્તુતિ એનું ફળ તે કાર્ય કેવળજ્ઞાનનું.

મુમુક્ષુ :- ..આત્માનુભૂતિ વ્યવસ્થા..

ઉત્તર :- .. એની વાત તો ચાલે છે. આત્માનુભૂતિ તો છે. એ ઉપરાંત મોહતરફના વલણવાળા ભાવને સ્વભાવને અનુસરીને તેને જીતે છે એને અહીંયાં બીજા નંબરની સ્તુતિની વાત કરે છે. બીજા પ્રકારની. ચારિત્રના દોષને પરતરફના વલણના ભાવને, સ્વતરફના વલણભાવ દ્વારા ઉપશમ કરે છે, જીતે છે એને બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. વાત તો ચોખ્ખી છે એમાં કાંઈ. આહા..હા..!

ભગવાન આત્મા પોતાના પૂર્ણ સ્વભાવ સન્મુખને અનુસર્યો નથી, જ્યાં સુધી કેવળજ્ઞાન નથી ત્યાં સુધી એને. જુઓ ઓલા વેદાંતમાં કહે છે કે ભાઈ અનુભવ આત્માનો? અનુભવ આત્માનો અને આત્માનો અનુભવ બે છે એટલે કાંઈ ભાન જ નથી. વેદાંત-વેદાંત. અહીં

તો કહે છે કે અનુભવ છે એના ઉપરાંત એક દશા છે બીજી. અને ત્રીજી એક દશા છે એમ ત્રણ દશાનું વર્ણન. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ પ્રભુ, પૂર્ણ પરમાત્મસ્વરૂપ એને અવલંબ્યો, સ્વીકાર્યો, અનુભવ્યો, પ્રતીતમાં લીધો અને અંશે ઠર્યો. એ પહેલા પ્રકારની જિતેન્દ્રિય જિન એની સ્તુતિ કહેવામાં આવે છે. આહા..હા..! આ બીજા પ્રકારની. એને કર્મના ભાવક ઉદય છે સામે ચીજ તો છે કે નહિ? એને અનુસરીને ધર્મી જીવની એવા આત્માની ભાવ્ય નામ રાગ અને વિકાર થવાની લાયકાત હતી એ લાયકાત ન થઈ, સ્વભાવને અનુસર્યો ઉગ્રપણે એ લાયક ઉપશમ મોહ શબ્દે રાગ. સમજાણું કાંઈ? આહા..હા..! કેવું વર્ણન વસ્તુનું!

મુમુક્ષુ :- જીવ અધિકારમાં આવું વર્ણન!

ઉત્તર :- જીવની સ્તુતિ છે તો જીવ અધિકારમાં જ હોયને. એના ગુણની જેટલા અંશે એકાગ્રતા એટલા અંશે એની સ્તુતિ. જીવ અધિકારમાં જ એનું વર્ણન હોય. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

કહે છે '**એને દૂરથી જ પાછો વાળવાથી...**' એટલે? કે થવા ન દીધો એમ કહેવું છે. આ બાજુ વલણથી, ઉપશમ પુરુષાર્થથી. ઉપશમ પુરુષાર્થ, ક્ષાયિક પુરુષાર્થ નહિ? એટલે કે જે નિમિત્ત તરફ વલણ હતું એને દૂરથી એટલે થવા ન દીધું. આ બાજુ વલણથી ચૈતન્યના વલણથી '**દૂરથી જ પાછો વાળવાથી...**' ભાષા જુઓને પુરુષાર્થની કેટલી વાત છે! પોતે પુરુષાર્થથી પાછો વાળે છે.

મુમુક્ષુ :- એક સમયમાં આટલું બધું કામ?

ઉત્તર :- હા, એક સમયમાં એટલું થાય છે. કહો, શિવલાલભાઈ! આ સ્તુતિ આ જાતની. ઓલી સવારમાં બે ટોકરી વગાડીને શું કરે? દીવો કરેને ઘીનો. એ સ્તુતિનો વિકલ્પ ક્યારે વ્યવહાર કહેવાય? કે આ સ્તુતિમાં હોય તો. આ તો એકલી ભગવાનની સ્તુતિ અને ટોકરી વગાડીને જય ભગવાન. કલ્યાણ થઈ જશે. ધૂળેય નહિ થાય. ઓલું પરવલણવાળો ભાવ છે એમાં સ્વવલણવાળો ભાવ તો આવ્યો નથી અને આવ્યા વિના એને વ્યવહાર પણ કહેવાતો નથી. આહા..હા..! ભારે આકરું કામ. સાધક-સાધકને.. એ તકરાર. સાધક છે, વ્યવહાર સાધ્ય. પણ એ તો સાધકપણાનો ઉપચાર કર્યો સાંભળને.

મુમુક્ષુ :- એ સાંભળવા આવતો જ નથી.

ઉત્તર :- ઝાઝા માણસમાં કોક આવે. ફતેહપુરમાં આવ્યા હતા ઘણા. દેખાતા હતા એવા વિરોધ પક્ષના ટીકા કરતા. એની ચેષ્ટા ઉપરથી દેખાણી કે આ નથી માનતા પણ આવ્યા છે. સાંભળે તો ખરા. આ વાત શું કહે છે અને કઈ રીતે સત્ છે? સત્‌નું સ્વરૂપ જ આવું છે. આહા..હા..! એ સત્ પોતે સત્‌નું ભાન થયું છતાં પર્યાયમાં સત્‌પણું ન પ્રગટતા વિશેષ

એ ભાવ્ય નામ રાગપણું જે પ્રગટે એ એને અસ્તુતિ કહે છે. એને એટલે ગુણમાં એકાગ્રતા થઈ નહિ અને એને સ્વભાવ સન્મુખ થઈને દૂરથી એટલે કે નિમિત્ત તરફના વલણવાળો ભાવ થયો જ નહિ. સમજાણું કાંઈ?

'**દૂરથી જ પાછો વાળવાથી...**' ભાઈ! કર્મ પ્રમાણે ત્યાં કરવું જ પડે એમ ન આવ્યું આમાં. એય..! જે કર્મ ઉદય આવે એના પ્રમાણે એને વિકાર કરવો જ પડે. એ તો જૂઠી વાત થઈ. આહા..હા..! વીતરાગના વહેણ અલૌકિક વસ્તુને સિદ્ધ કરે છે. આહા..હા..! ભાઈ! એ કર્મ ભાવક થઈને આવ્યું ભલે કહે છે. જુઓને એમ. કેટલાક કહે છેને નિમિત્ત થઈને આવે તો એને વિકાર કરવો જ પડે. અરે! એમ ન હોય, ભાઈ! તો કોઈ દિ' તને મુક્તિ થાય નહિ. આહા..હા..! તદ્દન માન્યતા ઉલટી. સમજાણું કાંઈ? અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે અને એ પરમાત્મા તરફ જે વળ્યો છે. એવો સમ્યગ્દૃષ્ટિ જીવ ક્ષાયિક સમકિતી. તીર્થંકરાદિને ભલે ઉપશમ ભાવ ન આવે, ... બીજા ભાવની.. આ તો સ્થિતિનું વર્ણન કર્યું છે. બધાને આવો ઉપશમભાવ હોય એવું કાંઈ નથી. પણ વસ્તુ તરફના વલણમાં ત્રણ પ્રકાર છે એક પહેલું વર્ણન સમ્યગ્દર્શન, બીજું વર્ણન આ કર્મના ભાવકપણાના વલણવાળો ભાવ પોતાની યોગ્યતા પ્રમાણે જે થતો એને ન થવા દીધો. થવાનો હતો અને થવા દીધો એમ નહિ. એ ત્યાં એ તો કીધું દૂરથી પાછો વાળવાથી. એ તો નિમિત્તનો ભાવ્ય થયો, હવે એને પાછો વાળ્યો. એમ નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? શું કીધું એ? શું કીધું એ? કાંતિભાઈ!

મુમુક્ષુ :- નિમિત્ત ન થવા દીધું.

ઉત્તર :- એટલો શબ્દ નહિ. એ ભાવ્ય થયો અને પાછો વાળ્યો એમ નથી. એથી કરીને એને અનુસારે આમ વૃત્તિ આમ પરિણતિ હતી ખરી, પણ એને દૂરથી પાછો વાળ્યો એટલે નિમિત્ત તરફનું અનુસરણ છોડી દીધું. એટલું સ્વભાવનું અનુસરણ કર્યું એમ. ભાવ્ય થયો અને જીત્યો એમ નહિ. ભાવ્ય થવા દીધો નહિ કેમ? કે પોતે '**દૂરથી જ પાછો વાળવાથી...**' નિમિત્ત તરફના વલણનું ભાવ અંતરના વલણથી દૂરથી પાછો વાળ્યો. આહા..હા..! કેટલી વાત છે! ગજબ ટીકા છેને. એય..! પર્યાય પર્યાયનું સ્વતંત્રપણું, એના પુરુષાર્થથી આ વલણ છે આમાં. એ પોતે ગુણ તરફ વળ્યોને જેટલો એટલી ગુણની સ્તુતિ કરી કહેવાય એમ કહે છે. સમ્યગ્દર્શનસહિતની વાત છે હોં. આહા..હા..! ગણધરદેવ પણ. એને ઉપશમ કોઈને ન હોય, પણ આ તો વસ્તુસ્થિતિ વર્ણવી. જેણે ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ સ્વરૂપ, તેનો અંતર સ્વીકાર સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, સ્વરૂપ આચરણ સ્થિરતા પણ કેટલીક થઈ. પણ વિશેષ સ્થિરતા નથી એવો પુરુષાર્થની કમીને લઈને ભાવક જે કર્મ તેના તરફ વલણવાળો પુરુષાર્થ એને કમી છે. ઉલટો છે. એ ઉલટો થવા ન દે એનું નામ અહીં ભાવ્ય

અને ભાવકનો સંકરદોષ ટાળ્યો એમ કહેવાય છે. એ દૂરથી જ પાછો વાળ્યો એટલે સ્વભાવ તરફ જ આમ વલણ કર્યું. ભાવક ભલે હો ત્યાં, પણ સ્વભાવ તરફ વલણ કર્યું એટલે ભાવ્ય થયું નહિ. એ ભાવ્ય થયું નહિ એણે મોહને જીત્યો, રાગને જીત્યો એમ કહેવામાં આવે છે. રાગને ઉપશમ કર્યો એમ. પોપટભાઈ! આ બધું જાણવું પડશે હોં. ઉપરટપકે થોડેઘણે નહિ પતે આમાં. તો કેમ થયો? કઈ રીતે પાછું એને.

જુઓને, ભાષા કેવી છે! '**ભાવકપણે પ્રગટ થાય છે તોપણ તેના અનુસારે જેની પ્રવૃત્તિ છે...**' સમ્યગ્દૃષ્ટિને પણ હજી નિમિત્તના અનુસારે પોતાને કારણે પ્રવૃત્તિ છે. '**એવો જે પોતાનો આત્મા—ભાવ્ય, તેને ભેદજ્ઞાનના બળ વડે...**' એટલે કે પરતરફના વલણનો ભાવ જ છૂટી ગયો. સ્વભાવ તરફ થયો એટલે પરતરફનો ભાવ થયો નહિ. ભાવ્ય થયું જ નહિ. સમજાણું કાંઈ? એય..! દિલીપ! આવું ઝીણું છે આ?

મુમુક્ષુ :- અલૌકિક છે.

ઉત્તર :- અલૌકિક છે? એ છૂટી ગયું એ અહીં નથી લેવું. ભાવ થયો જ નહિ. એ તો જડમાં જડને કારણે આવે એનું કાંઈ નહિ. કર્મનો ભાવક ભાવ તો આવ્યો, પણ તેને અનુસારે પ્રવૃત્તિ હતી જ્યાં સુધી. ત્યાં સુધી તો એ ભાવ્યને જીત્યો નહોતો. ભાવ્યભાવકનો સંબંધ કરતો હતો. ભાવ્યભાવનો સંબંધ કરતો, સંબંધ કરતો એ સંકરદોષ છે. સંબંધ હોં! એકપણું એમ નહિ. ભાવ્ય અને આત્મા રાગ એમ અત્યારે નથી વાત. ફક્ત કર્મનું નિમિત્ત ભાવક અને ભાવ્ય એનો જે આમ સંબંધ થતો, એ સંબંધ તોડ્યો એનું નામ ભાવ્યભાવક સંકરદોષ ટળ્યો. સંબંધ તોડ્યો. શાંતિભાઈ! ભાઈ આ ધીમે ધીમેથી તો ચાલે છે આ. હવે તો બધું શાંત થઈ ગયું બધું હવે. ચાર મહિના જઈ આવ્યાને બધે આ તો નિરાંતનો કાળ છેને હવે. સ્વાધ્યાય અને ધ્યાન બે કર્તવ્ય મુનિના હોય છે. સમજાય છે? આહા..હા..! ધ્યાનમાં હોય ત્યારે આવો સ્વાધ્યાય કાળ એને હોય છે. આહા..હા..! આવું સત્‌નું સ્વરૂપ છે એમ સિદ્ધ કરે છે અને પોતાના પુરુષાર્થથી આમ ઢળે છે એટલે નિમિત્તનું તરફનું ભાવ્ય થયું અને પછી વળ્યો એમ નહિ. પાછો જ વાળ્યો છે પહેલેથી. આહા..હા..! કેટલાક એમ કહે છેને કે કર્મના નિમિત્તે વિકાર તો થાય, પણ પછી જાણવું કે એ મારો નથી, પછી બીજે સમયે એને ટાળવો. એ વાત જ જૂઠી છે. થયો નથી એને ટાળવો શો? અને થયો હોય એને ટાળવો શો? થયો છે એ તો બીજે સમયે ટળી જશે એને કારણે.

અહીં તો સમય સમયનો સ્વતંત્રપણાની ગુણની એકતાની બુદ્ધિ બતાવે છે. આહા..હા..! આવું વર્ણન છે દ્રવ્ય, ગુણ અને પર્યાય. એક ક્ષણમાં ત્રણ કાળ જાણ્યા. આવ્યુંને ઓલા સ્તુતિમાં નથી આવતું? હે ભગવાન! સ્તુતિમાં આવે છે. એક ક્ષણમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. સમય એક અને ત્રણ જાણ્યા તમે એ તમારા સર્વજ્ઞનું લક્ષણ છે. ચિહ્ન. કાળનો સમય

એક અને એક દ્રવ્યના એક સમયમાં ત્રણ અંશ અને એક સમયમાં ત્રણ અંશ જોયા. આહા..હા..! એ જ સર્વજ્ઞનો સ્વકાળ આવડો મોટો એ અમને પ્રતીત થાય છે કહે છે. સમજાણું કાંઈ? મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ છેને. સંમતભદ્રાચાર્ય. સંમતભદ્રાચાર્યની. હે નાથ! આપે વસ્તુને એક સમય, સમય એક અને ત્રણ અંશ. હવે સમયના ભાગ ન પડે. અને ઓલામાં ત્રણ અંશ એને તમે એક સમયમાં જાણ્યા એ સર્વજ્ઞનું લક્ષણ. સર્વજ્ઞ સિવાય એક સમયમાં ત્રણ અંશને જાણે એ સ્થિતિ હોઈ શકે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ. થીર થીર ને ક્ષણ આવે છેને ભાષા.

મુમુક્ષુ :- .. સકલ પદાર્થ . બોધ સાક્ષાત્ પામર...

ઉત્તર :- એ નહિ. બીજું. એ સમંતભદ્રની છે. એમાં આવે છે. સ્થિર અને ઉત્પાદ અને વ્યય એક સમયમાં દ્રવ્યના ત્રણ. એ ત્રણને આપે જાણ્યું એ ત્રણ કીધા કે આમ ત્રણ હોય એ આપે જાણ્યું એ સર્વજ્ઞની સ્તુતિ છે એ વસ્તુ છે. સ્તુતિમાં આપ્યું છે.

મુમુક્ષુ :- નિયમસારમાં.

ઉત્તર :- નિયમસારમાં. કયે ઠેકાણે? ભાવકને અનુસારે પોતાને કારણે હો! એટલો દોષ છે. એવો જે પોતાનો આત્મા એ ભાવ્ય. તેને ભેદજ્ઞાનના બળ વડે એટલે એનો અર્થ તે કાળે અંતરમાં એકાગ્રતના બળ દ્વારા.

''स्थितिजननिरोधलक्षणं
चरमचरं च जगत्प्रतिक्षणम्।
इति जिन सकलज्ञानलांछनं
वचनमिदं वदतांवरस्य ते।।''(શ્રી સમન્તભદ્રસ્વામી)

'**શ્લોકાર્થ :- હે જિનેન્દ્ર! તું વક્તાઓમાં શ્રેષ્ઠ છે; 'ચરાચર (જંગમ અને સ્થાવર) જગત પ્રતિક્ષણ (પ્રત્યેક સમયે) ઉત્પાદવ્યયધ્રૌવ્યલક્ષણવાળું છે'...'** જોયું! સમય એક અને પ્રતિક્ષણ. '**એવું આ તારું વચન (તારી) સર્વજ્ઞતાનું ચિહ્ન છે.**' આહા..હા..! એક સેકન્ડનો અસંખ્યમો ભાગ જેના બે ભાગ પડે નહિ. એવા એક સમયમાં ત્રણકાળ ત્રણલોકના જે દ્રવ્યો છે એને એક સમયમાં ત્રણ અંશપણે સત્ય રહ્યા છે. એ ત્રણ અંશપણે રહ્યા એવું જે આપે જાણ્યું એ સર્વજ્ઞનું લાંછન લક્ષણ છે. આહા..હા..! સ્તુતિ છે. કહો, સમજાય છે કાંઈ? વસ્તુ અનંત પદાર્થ અને તેની એક સમયનો ત્રણ પ્રકાર આવું જેને જાણ્યું એણે એવું કહ્યું. એમ થયુંને? વક્તામાં શ્રેષ્ઠ કહ્યું છેને? એવું આપે કહ્યું છે પ્રભુ! તો જગતના કહેનારા વક્તાઓમાં આપ શ્રેષ્ઠ. કારણ કે આપે એક સમયમાં ત્રણને જાણ્યા એ સર્વજ્ઞનું લાંછન અને આત્મવક્તાપણું વચન એ જ આગમ અને પ્રમાણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આહા..હા..!

**'પાછો વાળવાથી...'** **'દૂરથી પાછો વાળવાથી...'** એટલે? નિમિત્તને અનુસરીને પોતાની યોગ્યતા વિકાર થવાની જે હતી. હતી એને વાળ્યો છે એમ નથી અહીં. સમજાવવું શી રીતે હોય? પણ એની હતી ખરી આમ. હવે જ્યારે વાળ્યો આમ ત્યારે એ છૂટી ગઈ વાત. સ્વભાવ તરફ ઢળ્યો ઉપશમ પુરુષાર્થથી ત્યારે તે વિકારભાવને ભાવ્યરૂપ થવાનો એ ન થયો એ જીત્યો. કાંતિભાઈ! આહા..હા..! પોતાનો આત્મા. આહા..હા..! **'એ રીતે બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને,...'** જુઓ, પુરુષાર્થથી અંતરમાં વળી, મોહનો તિરસ્કાર કર્યો એટલે ઉપશમ કર્યો એમ. નાશ કર્યો નથી. આદર ન કર્યો. થયો નહિ. ઉપશમ થયો એથી તિરસ્કાર કર્યો. **'બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને...'** આહા..હા..! વસ્તુનું સ્વરૂપ જ એવું છે જ્યાં કર્મના નિમિત્ત તરફના વલણવાળી યોગ્યતા જે છે જીવની એ યોગ્યતા પોતાને કારણે છે. એ યોગ્યતા થવા ન દેવી સ્વભાવ તરફ સન્મુખ. સમ્યગ્દર્શન-જ્ઞાન અનુભૂતિપૂર્વક છે અને એના પૂર્વક અંદરમાં રાગ તરફનું નિમિત્તના વલણવાળી દશા હતી એ પૂર્ણ છેને? એટલે એની પોતાને કારણે નિમિત્તને અનુસરનારી જે દશા હતી એને નિમિત્તને અનુસરવું એ સમયે છોડી એટલે છોડ્યુંનો અર્થ? સ્વભાવને સન્મુખ થયો એટલો ઉપશમભાવે એટલો એ રાગને ઉત્પન્ન થવા દીધો નહિ, ઠર્યો એને ભાવ્યભાવકની સંકરતા એટલે સંબંધ, ભાવ્યભાવકનો સંબંધ એટલો ટળ્યો. એ તોડ્યો એ હતોને તોડ્યો? શું થાય? કથનની પદ્ધતિ જેમ હોય એમ આવે. આહા..હા..! સમજાણું? ભાવ્ય થયો અને તોડ્યો એમ છે? એનો અર્થ કે થવાનો પોતાને પહેલી પર્યાયમાં હતો, બીજે ક્ષણે સ્વભાવ સન્મુખની એકાગ્રતાથી થવા ન દીધો તિરસ્કાર કર્યો મોહનો, રાગનો. મોહ શબ્દે અહીંયાં ચારિત્રમોહ.

**'સમસ્ત ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી...'** એટલે? ભાવક તરફના વલણની દશાનું સંબંધ એ સંકરદોષ દૂર થવાથી. એ સંબંધ તોડ્યો. ભાવકભાવક થતો હતો એ સંકરદોષ એટલે બે સંબંધ. એ થવા ન દીધો. એનું નામ બીજા પ્રકારની ભગવાન આત્માના ગુણની સ્તુતિ. **'બળપૂર્વક મોહનો તિરસ્કાર કરીને,...'** જોયું! પોતાના પુરુષાર્થથી. આહા..હા..! આમ જે નિમિત્તને અનુસરવાનો પુરુષાર્થ હતો એને સ્વભાવને અનુસારે કર્યો એટલે નિમિત્તને અનુસારમાં ભાવને જીત્યો એટલો સંબંધ થવા દીધો નહિ. નિમિત્તની સાથે નિમિત્ત ભાવક અને અહીં ભાવ્ય વિકાર બેનો સંબંધ ન થવા દીધો એ ભાવ્યભાવક સંકરદોષ દૂર થયો. આહા..હા..! એકતા નહિ. ફક્ત સંબંધ થતો બે એ એક દોષ. નિમિત્તને અનુસરીને થતો ભાવ એ દોષ હતો, સંકરદોષ. કારણ કે નિમિત્તને અનુસરીને થવું પોતાની યોગ્યતાથી. એ દોષ હતો. પહેલી સમજણમાં તો યથાર્થ લે. આ વાત અત્યારે ભલે પોતામાં ન હોય, પણ આવી સ્થિતિ છે એમ સમજાવે છે. વસ્તુનું સ્વરૂપ. નવ તત્ત્વમાં સંવર, નિર્જરાની યોગ્યતા

થાય પોતામાં ત્યારે પરતરફના વલણનો ભાવ ઉત્પન્ન ન થાય એનું નામ અહીંયાં સંવર-નિર્જરા એને નવ તત્ત્વમાં એની વસ્તુનું સ્વરૂપ જણાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ધર્મીને પણ નિમિત્તને અનુસરીને પોતાનો પોતાને કારણે એ રાગ હતો એ તો આસ્રવ છે. એ તો બંધનું કારણ છે. નિમિત્તનો સંબંધ કર્યો તેથી નવો બંધ કર્યો. એ વાસ્તવિક આત્મા તરફના ગુણની સ્તુતિ અને એકાગ્રતા નહિ. એટલું. સમકિતીને પણ. એ બળપૂર્વક મોહનો તિરસ્કાર કરી સમસ્ત ભાવ્યભાવક. સમસ્ત. કોઈ અંશે પણ રાગ ઉત્પન્ન થયો નહિ એમ કહે છે. ઉપશમ કર્યો છેને. આહા..હા..! **'ભાવ્યભાવક-સંકરદોષ...'** સંકરનો અર્થ ભાવ્યભાવકનો આમ સંબંધ હતો. ભાવકનો ભાવ્ય મારો છે એમ અહીં નહિ. ઓલામાં તો જ્ઞેય અને જ્ઞાયકનું એકપણું સંકરદોષ હતો. ખંડ જ્ઞાન અને ઇન્દ્રિય અને વિષયો અને એકકોર ભગવાન જ્ઞાયકસ્વભાવ બેયને જ્ઞેય અને જ્ઞાયક બેની એકતારૂપ સંકરદોષ હતો. આ એકતારૂપ નહિ. બેના સંબંધરૂપ દોષ હતો.

મુમુક્ષુ :- ભિન્નતા હોવા છતા સંબંધ કરતો હતો?

ઉત્તર :- હા, સમજાણું કાંઈ? પુરુષાર્થ ભાન હોવા છતાં, ક્ષાયિક સમકિત હોવા છતાં અને ચારિત્ર હોવા છતાં લ્યોને. આઠમે, નવમે સ્વરૂપનું ચારિત્ર હોવા છતાં. આહા..હા..! સમય સમયની સંભાળ કરી છે હોં જીવે. સમય સમયની અસંભાળ અને સમય સમયની સંભાળ. આવું વર્ણન ભગવાન સર્વજ્ઞના માર્ગમાં હોય ભાઈ! આવી વાત બીજા સાથે મેળવવા જાય, બીજામાં આમ છે અને તેમાં આમ છે. વેદાંતમાં આમ છે. એય..! પ્રકાશદાસજી! કબીરમાં આમ છે. કબીર આમ કહે છે. ધૂળેય નથી કાંઈ. એક કબીર ત્યાં હતો રતલામમાં. કબીર નામ. હતો .. અમલદાર અધિકારી જેવો કોક લાગતો હતો. નોકરી સારી હતી. આ સાંભળીને ખુશી ખુશી થાય. એ જાણે કે અમારી સાથે મેળ ખાય. ..નો હતો. રાતે આવ્યો હતો વ્યાખ્યાનમાં. બે દિ' આવ્યો હતો. આત્મદેવની જય. એમ કહે. ઓહો..! આત્મદેવ.. પછી કાનજીસ્વામીની જય એમ કહે. પણ કઈ રીતે? ઓલું નિશ્ચયની વાત આવેને આત્માની. પણ એનો દ્રવ્ય, એનો ગુણ અને એની પર્યાયના પ્રકાર ભિન્ન-ભિન્ન પરિણમે છે એવી વસ્તુની સ્થિતિને જાણ્યા વિના જય કોનો કરવો? સમજાણું કાંઈ?

**'સમસ્ત ભાવ્યભાવક-'** આ કાંઈ બહારમાં એ કાંઈ લેવા જાય તો સમજાય આવું? ૧૧મી ગાથા ચાલતી હોય તો પાછા ફુલચંદજીએ હળવે દઈને કહ્યું કે આ બધા શેઠિયા આવ્યા છે. એમ બોલ્યા નહિ શેઠિયા આવ્યા છે એમ બોલ્યા નહિ પણ ૭૨ ગાથા ચાલે તો ઠીક. ૭૨ ગાથા ચાલે તો ઠીક. લ્યો. શેઠિયા મોટા. ઓહો..હો..! છેલ્લા દિ'માં આવ્યા હતાને એ તો? પાછળના દિ'માં આવ્યા હતા. ત્યારે તો માણસ ઘણું. ૭૨ ગાથા. સ્પષ્ટ ખ્યાલમાં આવે એમ કે વાત. ૧૧મીમાં અભૂતાર્થ. પર્યાય જૂઠી છે, ખોટી છે, નથી. હવે એને કહેવું

નથી, વળી કહેવું કે એની અપેક્ષાએ છે. ત્રિકાળની અપેક્ષાએ નથી. મારે આ ભારે વાત! આમાં શું કહેવું? પર્યાય કેવળજ્ઞાનાદિ પણ અભૂતાર્થ છે, જૂઠો છે. સત્‌નો અંશ હોવા છતાં ત્રિકાળ સત્ મહાપ્રભુની અપેક્ષાએ જૂઠો છે. હવે ઓલો કહે આ જૂઠું અને વળી આ જૂઠું. કેવળજ્ઞાન જૂઠું, કેવળજ્ઞાન જૂઠું, સિદ્ધની પર્યાય જૂઠી. ઓય મારે. ક્ષાયિક સમકિત જૂઠું. અને ક્ષાયિક સમકિત તો કરાવું છે એને. સમકિત કરાવવું છે અને કહે કે જૂઠું.

**'ભાવ્યભાવક-સંકરદોષ દૂર થવાથી...'** એટલે કે બેનો સંબંધ થયો નહિ. નિમિત્ત તરફના વલણનો ભાવ થયો નહિ એટલે બેનો સંબંધ ન થયો. તૂટી ગયો સંબંધ. કહો, સમજાણું કાંઈ? **'સંકરદોષ દૂર થવાથી...'** સંકરનો અર્થ આ બેનો સંબંધ. બેની એકતા એમ નહિ. સમજાણું કાંઈ? **'એકત્વમાં ટંકોત્કીર્ણ...'** ભગવાન આત્મા પોતાના એકરૂપ સ્વભાવમાં **'ટંકોત્કીર્ણ (નિશ્ચલ) અને જ્ઞાનસ્વભાવ વડે...'** પોતાના જ્ઞાનના ભાવ વડે **'અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા...'** અન્ય દ્રવ્યોના સ્વભાવોથી થતા **'સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા...'** લ્યો! **'અન્યદ્રવ્યોના સ્વભાવોથી થતા...'** એ વિકાર પણ અન્ય દ્રવ્યના સ્વભાવથી થતા એમ કહે. એનો સ્વભાવ નથીને દ્રવ્યનો પોતાનો. કરે છે પોતે એ તો વાત કહી. પણ એ તો અન્યદ્રવ્યનો સ્વભાવ. પુણ્ય-પાપના અધિકારમાં આવ્યું હતુંને. વ્રતાદિ તે અન્ય દ્રવ્યનો સ્વભાવ છે એ સ્વદ્રવ્યનો સ્વભાવ નહિ. પરદ્રવ્યના સ્વભાવથી મુક્તિ થાય એમ હોઈ શકે નહિ. વ્રત, તપ આદિ જે ભાવ છે એ બધો અન્ય દ્રવ્યનો સ્વભાવ છે. એ વિકલ્પ છેને રાગ. શુભ-શુભ રાગ. અન્ય દ્રવ્યનો સ્વભાવ છે. સ્વદ્રવ્યનો સ્વભાવ છે એ? એ અપેક્ષાએ અન્ય દ્રવ્યનો સ્વભાવ છે. તો અન્ય દ્રવ્યથી થયો છે એમ નથી. છતાં એમ પણ કહેવાય. નિમિત્તને અવલંબીને થયો, માટે નિમિત્તથી થયો, સ્વભાવને અવલંબીને ન થયો માટે નિમિત્તથી થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! પંડિતજી! આવું ભારે ભાઈ! લોકોને તકરાર એવી કરે. ઝઘડા ઉભા કરે.

કોઈ એવો .. વચમાં સાંભળતા .. નહિ બેસતું કેટલાકને એવું લાગતું હતું. પણ કોઈ સામું. એક જણો કાંઈક થયો હતો. ચેષ્ટા દેખાય. એકફેરી થઈ હતી યુવાન. આવું ન હોય. આવું ન હોય તો બીજું કોણ હોય? એ તને ખબર નથી. ખબર નહિ એમ કરતા. વસ્તુની ખબર ન મળે વાતું કરવા જાય વસ્તુની પાછી. ત્યાં એમ ન હોય. નિમિત્તથી થાય, વ્યવહારથી થાય, હવે સાંભળને. વ્યવહારથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાની યોગ્યતાથી થાય. આહા..હા..! હવે આટલી ખબર ન મળે એ દ્રવ્ય સ્વભાવ. ક્યારે બેસે એને? છે?

**'જ્ઞાનસ્વભાવ વડે...'** પોતાના જ્ઞાનસ્વભાવ છેને પાઠમાં? **'णाणसहावाधियं'** ૩૧માં પણ એ હતું. **'અન્ય દ્રવ્યોના સ્વભાવોથી થતા...'** જુઓ, નિમિત્તના દ્રવ્યોને અનુસારે થતો. **'થતા સર્વ અન્યભાવોથી...'** એમ કહ્યું અહીં જોયું! **'અન્યદ્રવ્યોના સ્વભાવોથી**

**થતા...**' સ્વદ્રવ્યના સ્વભાવથી થતા એ નહિ. આહા..હા..! કર્મના નિમિત્તને અનુસરીને પોતાની પર્યાયમાં થતો ભાવ, પણ એ અન્ય દ્રવ્યને અનુસરીને થતો ભાવ છે. એ અન્ય દ્રવ્યોનો સ્વભાવ છે. આહા..હા..! ઉપર એમ કહ્યું કે એની ભાવ્યતા આત્માની પોતાની, પણ અહીં કીધું કે એ અન્યદ્રવ્યનો સ્વભાવ છે. '**સર્વ અન્યભાવોથી પરમાર્થે જુદા...**' એટલે કે કર્મના નિમિત્તના સંબંધના વલણવાળો ભાવ એ અન્ય દ્રવ્યનો ભાવ. એનાથી ન થયો એ ભાવ એથી '**પરમાર્થે જુદા એવા પોતાના આત્માને જે (મુનિ) અનુભવે છે...**' અંતરમાં શુદ્ધ સ્વભાવના અનુભૂતિપૂર્વક સ્થિરતા દ્વારા અનુભવે છે '**તે નિશ્ચયથી 'જિતમોહ જિન'...**' છે. લ્યો! એ ખરેખર મોહને, રાગને, વિકારને એણે જીત્યો, ઠાર્યો એમ કહેવામાં આવે છે.

આ સર્પ હોયને સર્પ મોટો? અમારે ત્યાં થયું હતું એકફેરી. .. સર્પ મોટો હતો ત્યાં. પાણી છાંટ્યું પહેલું. મોટો સર્પ હવે લાકડાના માલ ભરેલા. શું કહેવાય? ખોખા મોટા. એની પાછળ બેઠેલો. હવે એને કાઢવો શી રીતે? પાણી છાંટે પહેલું છાંટે ઠરે. ચાલી ન શકે ઝટ. પછી પકડ્યો. એમ આ મોહને પહેલો ઠાર્યો. એ કુંવરજીભાઈની દુકાનની સામે હતી વખાર. એ તો હવે નહિ હોય. હવે તો બીજી દુકાનમાં આવ્યા છે. ત્યાં હતો એ. મોટો સર્પ. પાછળ બેઠેલો ઘૂંચળું વાળીને. લાંબો થાય નહિ, પકડાય નહિ. વાંસડો જાય તો ફૂ કરે વળી ફુંફાડા મારીને નીકળી જાય એકદમ તો કરડવા. એ પાછળ મોટો સર્પ. પાણી નાખ્યુ ઠંડુ ઠર્યો. ઠર્યા ભેગો પકડ્યો. ખોખું આઘુપાછું કરીને. એમ અહીં પહેલો ધર્મી જીવે રાગને ઠાર્યો, દાબ્યો. ટાળ્યો નથી હજી આમાં. આહા..હા..!

તાવ આવ્યો ભાઈ આકરો. અને ખબર પડી કે થોડી સ્થિતિ છે. વ્યાખ્યાન વાંચતા હતા. વાંચતા-વાંચતા દેહ છૂટી ગયો એવું આવે ઉત્તરાધ્યયનમાં. હાથી જેમ સંગ્રામમાં શૂરવીર રહે. એવી ભાષા બોલતા હતા એ વખતે. આચાર્ય હતા. તેરાપંથીના. એ ખબર તો હતી કે સ્થિતિ ભરાઈ ગઈ છે દેહ છૂટવાની. છતાં વ્યાખ્યાન. નાગોસંગે સેવા. હાથી જેમ સંગ્રામમાંથી પાછો ન ફરે પરિષહથી. એમ કહે. બેઠા બેઠા .. મરી ગયા. બેઠા બેઠા મરી ગયા વાંચતા-વાંચતા. શું નામ છે એનું? આના પહેલાના છે. એ લોકો વીર્યવાળા ગણાયને આમ? જીતવા પરિષહને. એ તો અજ્ઞાન છે ત્યાં તો ભાન પણ ક્યાં છે? હઠથી એમ કે આમ આવે એવો કાળ આકરો છતાં. આકરો આ છે, તૈયારી છે. તૈયારી .. લેવાની. તેરાપંથી. તુલસી. એના ગુરુ લોકો કહે .. એમ કાંઈક હતું. લીલાધરજી સાથે હતાને એ વાત કરતા હતા. વ્યાખ્યાન દેતા-દેતા. .. જીવ વયો ગયો. એને એ વીરપણું માને. પણ હઠ છે ત્યાંતો.

અંતર જ્ઞાનાનંદ સ્વભાવનો આશ્રય લઈને સહજાનંદની પ્રાપ્તિ થાય એમાં દેહ છૂટે એનું નામ વીરતા અને પુરુષાર્થ કહેવાય. સ્વભાવના આનંદના અંદર ઘોલનમાં પરમસ્વભાવને પકડીને ઘોલનમાં જે રહે એ અતીન્દ્રિય આનંદમાં જ્યાં હઠ નથી. આવ્યું નહોતું સવારમાં? મુનિને

ઉચિત શુભભાવ હોય છે હઠ વિનાનો. ઓલું નિશ્ચય.. અન્યભાવોથી પોતાના આત્માને અનુભવે જુદો. તે જિતમોહ છે. આહા..હા..! એમ આ હાથી જેમ સંગ્રામમાં આવે અને સામાના બાણ માથા ઉપર આવે બાણ, તીર. છતાં ખડો રહે. એમ પરિષહ ઉપસર્ગ આવતા જે ધર્માત્મા પોતાના આનંદમાં ખડો રહે છે. એણે પરિષહને જીત્યા. આ જિતમોહ છેને. એણે પરિષહને જીત્યા કહેવાય. આ તો કહે પરિષહ આવે એટલે પહેલો રાગ તો આવે, પછી જીતવો. એમ નહિ.

એ વાત થઈ હતી. કોની સાથે? પંડિત સાથે. ખબર છે. એમ કે પહેલો પરિષહ આવે, એટલે અણગમો થાય પછી એને ટાળે. એ પરિષહ અહીંયાં નહિ. એમ હોય નહિ. પ્રતિકૂળતાનું નિમિત્ત હોય તે તરફનું વલણ ન રહે એણે પરિષહને જીત્યો એમ કહેવાય. આ તો આની સાથે મેળ છેને આ? જીતવું. સમજાણું? કર્મનો ઉદય આવ્યો એની સાથે જોડાઈ ગયો અને પછી જીતે એમ નહિ. એને પરિષહ આવ્યો તો દુઃખ તો થયું પ્રતિકૂળતાનું. પછી જીતવું. એમ નહિ. એ જીત્યો જ નથી. એ દુઃખને થવાને દીધો જ નથી. સ્વભાવ તરફના વલણમાં પ્રતિકૂળતાના પરિષહ વીંછીનો કરડ હજાર હોય. આહા..હા..! શરીરમાં વીંછી એવો કાંઈ સૂતો હોયને. કપડામાં વીંછી આમ ચાલતા ચાલતા પહેલા અહીં કરડ્યો, પછી આમ કરડે, પછી અહીં કરડે. બહાર નીકળવા જાતો હોય. પછેડી કે ગોદડું ઓઢ્યું હોય પાતળું. હવે વીંછી ગર્યો ત્યાંથી. હવે નીકળવા માટે આમ ચારેકોર દબાણો હોય. હવે જ્યાં જ્યાં કરડતો જાય. અહીં કરડે એ અહીં. ત્યાં અહીં કરડે... ત્યાં અહીં કરડે.. છ-સાત-આઠ-દસ ઠેકાણે કરડે. કોણ? બીચ્છુ. એય..!

આપણે અહીં થયો નહોતો નવનીતભાઈને નાગ એના ઓલામાં હતો. પથારીમાં. નાગ. પ્રેમચંદભાઈને બહેન લ્યો. હવે આમ આમ કરતા કરતા કરડ્યો. પથારીમાં ઘૂંચળું વાળીને પડ્યો હતો આપણે અહીં. હેમચંદભાઈને વોરા.. હવે એમાં ગમે ત્યાં ગરીને કરડ્યો થઈ રહ્યું. કરડીને પછી વયો ગયો. ઝેર ચડી ગયું. એવો કર્મનો કરડ ન થાય અને પ્રતિકૂળ પરિષહ કે ઉદય બેય સામું ન જોવે. આહા..હા..! અને પોતાના ભગવાન આત્મા સામું જોઈ અને એકાગ્ર થાય ત્યાં એક ટંકોત્કીર્ણ જ્ઞાનસ્વભાવ. એ વડે એમ કે ધ્યાનમાં. એ જિતમોહ છે. '(**જેણે મોહને જીત્યો છે એવો જિન**) છે.' એને જિન કહીએ. લ્યો પહેલો જિન, આ બીજો જિન. પહેલા નંબરનો નહિ, પણ પહેલો જિન અને આ બીજા પ્રકારનો બીજો જિન. પહેલા કરતા ઊંચો જિન. એની મેળે વાંચે .. ક્યાં આખું તો વાંચ્યું ન હોય કોઈ દિ' એટલે સમજાય પણ નહિ એની મેળાએ તો કાંઈ એકય. જય ભગવાન ઉપરથી વાત કરે છે.

'**કેવો છે તે જ્ઞાનસ્વભાવ?**' હવે જ્ઞાનસ્વભાવ આત્માનો ત્રિકાળી. '**આ સમસ્ત લોકના ઉપર તરતો,...**' રાગથી અને નિમિત્તથી જુદો રહેતો. વિકલ્પથી અને નિમિત્તથી જુદો રહેતો.

ઉપર તરતો એટલે જુદો રહેતો. **'પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી...'** પોતાના આ જ્ઞાનસ્વભાવનું પ્રત્યક્ષપણું ત્યાં ઉદ્યોત છે. પરોક્ષ નથી. ત્યાં પ્રત્યક્ષ વેદનમાં આનંદનું વેદન છે. જ્ઞાનનું જ્યાં પ્રત્યક્ષ વેદન છે. આહા..હા..! હવે આવી વાત સમજાય નહિ પછી કરો ભક્તિ અને કરો પૂજા. એમાં ને એમાં રખડી મરે છે અનંતકાળથી. આહા..હા..! આવો ભગવાન અંદર. એનો અર્થ એવો છેને કે જેને ગુણ પ્રગટ કરવા છે એટલે કે પર્યાય અને દોષ ટાળવા છે. તો એનો અર્થ શું થયો? કે જેને ગુણ પ્રગટ કરવા એ પૂર્ણ પ્રગટ કરે પર્યાય. એ પર્યાયમાં પ્રગટ આવેને? પવિત્રતા પ્રગટ કરી એ પૂર્ણ કરે કે નહિ? તો પૂર્ણ કરે એ પવિત્રતાની પર્યાય પૂર્ણ થઈ એ આવી ક્યાંથી? એ ત્રિકાળમાં પૂર્ણ છે એનો આશ્રય કરે તો આવે. એમ ભગવાન સામું જોવે તો આવે? અને જે કોઈ પવિત્રતા પ્રગટ કરવા માગે. ધર્મ એટલે પવિત્રતા. એ તો પૂર્ણ પવિત્રતા પ્રગટ કરેને? કાંઈ અપૂર્ણ લે? પૂર્ણ પ્રગટ કરવા માટે. પૂર્ણ.. એ પૂર્ણ પવિત્રતા પ્રગટ થાય એ તો પર્યાય છે. એ પર્યાય આવી ક્યાંથી? પર્યાયમાંથી પર્યાય આવે? રાગમાંથી આવે? બહારમાંથી આવે? એ આખી પર્યાયનો ખાણ જે ભગવાન જ્ઞાનસ્વભાવ કીધુંને? પ્રત્યક્ષ ઉદ્યોતપણું. ચૈતન્યનું પ્રત્યક્ષ વેદન. આહા..હા..! આવું આકરું કામ ભારે.

**'સદાય અંતરંગમાં પ્રકાશમાન,...'** છે. ભગવાન તો સદાય જ્ઞાનસ્વભાવથી પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ **'અંતરંગમાં પ્રકાશમાન, અવિનાશી, પોતાથી જ સિદ્ધ અને પરમાર્થસત્...'** આ બધા વિષય ઘણા આવ્યા હતા ૩૧માં. **'એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે.'** લ્યો! એવો આત્મા ભગવાન મહિમાવાળો ચૈતન્ય સ્વભાવ છે. એમાં ઠરે છે ત્યારે એ મોહને જીત્યો એમ કહેવામાં આવે છે. ત્યારે મોહ અને નિમિત્ત બેનો સંબંધ હતો એ સંબંધ તોડ્યો. આ સગપણ તોડ્યા. એ ત્યાં એમ કહ્યું. તલોદમાં એક સાધુ આવ્યો હતો ... સગપણ તોડ્યા. ૮-૮ વર્ષ, ૧૦-૧૦ વર્ષના. પછી અમે ફતેહપુર ગયા. મને ખબર નહિ. આખો દિ' માણસો દેખાય નહિ. વ્યાખ્યાનમાં આવે બધા. શું છે કે આખો દિ' જેટલા તોડ્યા એ બધા સાંધી લીધા. એક દિ'માં સગપણ કર્યા. ત્રણ-ત્રણ દીકરીયું. ૧૦-૧૦ વર્ષના સગપણ. ફડાક-ફડાક જુદા પાડવા. એનીકોર જાય એ જુદા પાડવા. આને કહે જુદા પાડ્યા એ આપણે સંતાડી દ્યો આમ-આમ. આત્મામાં આત્માને જોડી દેવો એનું નામ અહીં સગપણ છે. રાગ સાથે સંબંધ જે હતો એ રાગ સાથે સંબંધ તોડ્યો સ્વભાવ સાથે જોડ્યો. આ એનું નામ સ્તુતિ કહેવામાં આવે છે લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૧૧, ગુરુવાર, તા. ૨૨-૦૬-૧૯૭૨
## ગાથા-૩૨-૩૩, પ્રવચન-૧૦૫

સમયસાર. ૩૨મી ગાથા. **'આ રીતે ભાવ્યભાવક ભાવના સંકરદોષને દૂર કરી બીજી નિશ્ચયસ્તુતિ છે.'** હવે અહીંયાં સ્તુતિ શબ્દે આત્માનો સ્વભાવ પોતામાં એકાગ્ર થાય એવું પહેલી જિતેન્દ્રિયની જિન તરીકે સ્તુતિ કીધી. સ્તુતિનો અર્થ જે દ્રવ્ય સ્વભાવ છે તેને પરથી અધિક ભિન્ન જાણીને અંતરમાં એકાગ્ર થવું એનું નામ સ્તુતિ. સ્તુતિ નામ વિકલ્પ કે વાણી નથી. સમજાણું? એ વસ્તુનું સ્તવન. લ્યો! .. આવે છે ઓલામાં પરમાત્મપ્રકાશમાં. એ તો વિકલ્પ છે. વસ્તુનું સ્તવન આદિ કરે છે. આ .. આદિ બધા. પરમાત્મપ્રકાશમાં આવે છે. આ તો વસ્તુનું સ્તવન એ નહિ. આ તો વસ્તુ જે અનંતગુણરૂપ છે તેની સન્મુખ થઈને એકાગ્ર થવું. એ જ વસ્તુનું સ્તવન અને જિનનું સ્તવન અને તે આત્માની સ્તુતિ નિશ્ચય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને આગળ વધતા. હવે ૩૨માં એ છે.

ઉપશમ શ્રેણીએ જ્યારે ચડે જીવ પોતાના પુરુષાર્થથી. મોહ નામનો કર્મ ઉદય તો છે એ ઉદય તરફની પોતાની ભાવ્યતા રાગની કે આદિ. અત્યારે મોહની કીધી. પછી કહેશે બધું. સમુચ્ચ એને ચારિત્રમોહનો રાગ. ચારિત્રનો. એની જે ભાવ્ય નામ યોગ્યતા હતી નિમિત્ત તરફના સંબંધવાળી. એને સ્વભાવ સંબંધ કરીને તોડે છે. જિતમોહ એટલે મોહને જીતે છે. આહા..હા..! વસ્તુ પોતાની અખંડ આનંદ શુદ્ધ ચૈતન્ય ઘન એવી તો દૃષ્ટિમાં આવી છે અને એનો અનુભવ પણ આનંદનો અને જ્ઞાનનો સ્વસંવેદન થયું છે. એ ઉપરાંત એનામાં એકાગ્રતા વિશેષ થાય. મોહને ઠારીને થાય, જીતીને થાય, નાશ કરીને થાય એ બીજી સ્તુતિ નહિ. એ ભાવ્ય નામ પોતામાં થતી લાયક મોહની, ભાવક નામ કર્મનું નિમિત્ત. એનો જે ભાવ એવો જે ભાવ થતો અંદર એનો સંકર દોષ એટલે સંબંધ થતો એને દૂર કર્યો. હવે આમાં પાઠમાં નથી ને આ ક્યાંથી કાઢ્યું? એ તો પાઠમાં છે એનો અર્થ કર્યો. આ પાઠમાં એકેન્દ્રિયથી શરૂ કર્યું છેને. જુઓને **'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं'** એને નિશ્ચિત સ્વરૂપમાં સ્થિર થયેલા સંતો એને જિતેન્દ્રિય કહે છે એમ એ પ્રકારનું સ્વભાવ તરફના વલણના ભાવનું વર્ણન તો સ્પષ્ટ છે એમાં ૩૧માં. કારણ કે ઓલા નગરના વર્ણન પછીનું આ વર્ણન છેને? નગરનું વર્ણન એ કાંઈ રાજાનું વર્ણન નથી. એમ શરીરનું વર્ણન ભગવાનનું જિનેન્દ્રનું રૂપાળું, વાણી આવી એ કાંઈ આત્માનું વર્ણન નથી. એટલે આત્માની એકતાની સ્થિતિ નથી.

એ તો પરની વાત છે. એમાંથી કાઢ્યું કે આ નગરનું વર્ણન એ નહિ. રાજાનું વર્ણન એ જોઈએ. તો રાજા તો કેવો છે પુરુષાર્થી દાની જાણપણાવાળો રાજની વ્યવસ્થાનો. એમ આત્મા આ શરીરાદિનું વર્ણન ભગવાન આના માતાના પુત્ર હતા, બાપના હતા, આવું શરીર હતી, આવી એની વાણી હતી, આવું એનું રૂપ હતું શરીરનું. એ કાંઈ આત્માનું વર્ણન નહિ. એટલે કે એ આત્માના ગાણા નહિ. આત્માના ગાણાં નહિ એ. થઈ રહ્યુંને એનો અર્થ એ થયો. આત્માના ગાણાં એને કહીએ. ગાવું એટલે સ્તુતિ કરવી. પૂર્ણનો સ્વીકાર કરવો એ એના ગાણાં કહેવાય છે. એના ગુણગાન ગાયા. એણે ગુણને પર્યાયમાં સ્વીકાર્યો આખી ચીજને એનું નામ અહીંયાં સ્તવન, સ્તુતિ કહેવામાં આવે છે. એ જીવનો અધિકાર છેને? તો જીવની આ સ્થિતિને જીવના ગુણ ગાયા એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવું ઝીણું ભાઈ! બીજો અધિકાર આ ૩૨મો.

મોહ. **'આ ગાથાસૂત્રમાં એક મોહનું જ નામ લીધું છે, તેમાં 'મોહ' પદને બદલી તેની જગ્યાએ રાગ,...'** લેવો. સમુચ્ચ કર્મનો ચારિત્રમોહના ઉદયનું નામ સમુચ્ચય હતું. તેના તરફની યોગ્યતાની ભાવ્યતા હતી એવો જે ભાવ એને થવા ન દીધો સ્વભાવની એકાગ્રતાએ. આહા..હા..! સમજાણું? એનું નામ એણે મોહને જીત્યો એ આત્માના તરફના વલણવાળી એકાગ્રતાવાળી એને બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવી. કહો, છેને? શિવલાલભાઈ! આવી કઈ જાતની સ્તુતિ? હવે આવી તો સાંભળી પણ ન હોય. ભગવાન આવા... ભગવાન આવા... ભગવાન આવા... ભગવાન તારી દેશે, ભગવાને અવતાર કર્યો. પંચમ આરામાં એની માટે અવતાર કે દિ' હતો? બાકી હતો રાગ છે એને ટાળવાને માટે અવતાર હતો. આહા..હા..! કેટલાક કહે છે જૈનધર્મ વ્યક્તિ છે અને સમષ્ટિ છે બેયનો ધર્મ છે. વ્યક્તિ પોતાનું પણ કામ કરે અને બીજાનું પણ કામ કરે એવો જૈનધર્મ છે. એવું .. અમરચંદજીએ નાખ્યું છે. શું કહેવાય એ? અમરવાણી એમાં એ નાખ્યું છે. જૈનધર્મ વ્યક્તિ પોતાનું પણ કરે અને બીજાનું પણ કરે સમષ્ટિ. અરેરે! આવો જૈનધર્મ કહે છે મારા. જૈનધર્મ નહિ એ વસ્તુનો એ ધર્મ નથી. વસ્તુ પોતે પોતાનું કરે. સમાજનું બધાનું ભેગાનું થઈને કરે એ વસ્તુ છે? એ હોય? અમરવાણીમાં આવ્યું છે. લોકોને સારું લાગે પણ. આહા..હા..! આપણું પણ. સુધારો કરીને આપણને પણ ઊંચા લાવશે. કોણ લાવે? આહા..હા..!

વ્યક્તિ અને સમષ્ટિ એમ કરીને મોટો લેખ લખ્યો છે. વ્યક્તિ જૈનધર્મ વ્યક્તિગત પણ છે અને સમષ્ટિગત પણ છે. ભગવાને બીજાના ઉપદેશ માટે થયા, એટલે બીજાને તાર્યા લ્યો એમ હશે? આહા..હા..! કાંતિભાઈ! શું હશે આમાં? આ ટેવ એટલે ઉદયની ક્રિયા હતી એમ બની એમ કીધું. એ કાંઈ ભગવાને દુનિયાને લાભ માટે થયા, ઉદય કર્યો એમ છે એમાં? એ તો વાતું બધી વ્યવહારની. એણે કાંઈ કોઈ માટે કર્યું. પોતે પોતાનું કામ કરી

પૂર્ણની સ્તુતિ કરીને પૂર્ણ થવા પ્રગટ કર્યો. ઇચ્છા વિના વાણી નીકળી. વાણીમાં એમ આવે કે ભાઈ આ પ્રમાણે અમે કર્યું. એમ તમે પણ કરો. એમ આવે. કરો એટલે કાંઈ કરાવી શકે છે? આહા..હા..! ભારે માર્ગ આ. રાગનું કરવું ઉદય આવ્યું એમ કહે છે. સામે ઓલો ભાવક હતો એ રાગ મોહ ભાવક. મોહભાવક હતો એને ઠેકાણે રાગભાવક. ઓલો મોહ સામાન્ય હતો. ચારિત્ર કર્મનો ઉદય સામાન્ય. હવે એના પેટાભેદ પાડે છે કે રાગ નામનું કર્મ ભાવક થયું એને અનુસરીને જીવની ભાવ્ય થવાની જે લાયકાત હતી એને દૂરથી એટલે થવા દીધી નહિ. અને સ્વભાવ તરફ એકાગ્ર થયો. પુરુષાર્થ અને બળપૂર્વક થયો અને રાગના ભાવનો તિરસ્કાર કર્યો એટલે કે અનાદર કર્યો. આદર કર્યો નહિ. આહા..હા..! આવી વાતું છે. એ રાગ.

એમ '**દ્વેષ,...**' દ્વેષ નામનું ચારિત્રમોહનું કર્મ. ઓલું મોહ સામાન્ય ચારિત્ર હતું. હવે એના પેટા ભેદે ભિન્ન-ભિન્ન હોય છેને? દ્વેષનો ઉદય હોય. ત્યારે દ્વેષ ભાવક થઈને આવ્યું. કર્મ હોં. એને અનુસરીને થવાને લાયક પોતે અનુસરે હોં એ કાંઈ નિમિત્ત અનુસરાવે એમ નહિ. નિમિત્તને અનુસરે એવી પોતાની જે ભાવ્યદશા હતી એને દૂરથી પાછી વાળી. એટલે થવા દીધી નહિ. કહો, અહીં તો હજી ઉપશમ શ્રેણીની અંદર વાત છે અને આ આવ્યું છે અને આમ કરવું એમ છે અંદર? પણ એ એના તરફનું વલણ છૂટ્યું છે અને અહીં અંતર એકાગ્રતા થઈ છે એને લઈને જીત્યો દ્વેષને, રાગને એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું? શુદ્ધિની અંદર વૃદ્ધિ કરતો જાય છે અંદર. સમય સમયમાં ઉપશમ ધારામાં જુઓ ત્યાં પણ કર્મનું મંદપણું થાય તો ઉપશમ થાય છે એમ નથી કહ્યું. ઉપશમભાવમાં આગળ વધ્યો એ કર્મનું એ જાતનું મંદપણું થાય માટે વધ્યો એમ નથી કહ્યું. એના તરફનું વલણ છોડીને સ્વભાવમાં ઠરે છે તેથી તે ઉપશમભાવને પ્રગટ કરે છે. એમ કહ્યું છે. સમજાણું કાંઈ? જ્યાં બુદ્ધિપૂર્વક કાર્ય નથી. ઉપશમ શ્રેણીમાં છેને. છતાં અંતરમાં સ્વભાવ તરફની ધારામાં વહે છે અને તે નિમિત્તના ભાવક તરફના વલણની યોગ્યતા ઉત્પન્ન થતી નથી અને શુદ્ધિ અંતર ઉત્પન્ન થાય છે એને દ્વેષને જીત્યો એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં સમજાણું...

ઉત્તર :- આમાં સમજાણું આ કહેવાય છે એ પદ્ધતિ. એમ ને એમ ઓઘે-ઓઘે એમ નહિ. એ ચૈતન્ય પોતાના સ્વભાવ તરફ દૃષ્ટિ તો છે. હવે અસ્થિરતાનો ભાવકર્મના નિમિત્તમાં તેનું વલણ હતું. વલણ ન હોય તો નીચલી ભૂમિકામાં કેમ રહે? સમ્યગ્દૃષ્ટિને પણ ભાવક જે મોહ એના તરફના વલણવાળાની પુરુષાર્થની અવળાઈ હતી. ન હોય તો નીચલી ભૂમિકામાં રહે કેમ? એ કર્મને કારણે રહ્યો છે એમ છે નહિ. આહા..હા..! એ પોતાના સ્વભાવ તરફ ઝુકીને સ્વભાવને ધ્યેય તો બનાવેલું છે, પણ વિશેષ ધ્યેય બનાવીને એમાં ઠરે છે ત્યારે

એને રાગ અને દ્વેષનું ભાવક, એનું ભાવ્ય એને અનુસરીને દશા થવા દીધી નહિ એ એણે દ્વેષને જીત્યો કહેવાય છે. આવી વાત છે. આહા..હા..! સમય સમયની સંભાળ લીધી છે. સમય સમયનું સ્તવન સ્વભાવ તરફ ઢળે છે એ વાત લીધી છે. સમજાણું કાંઈ? સમય સમય.

નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો. સમ્યગ્દર્શન થયા છતાં કર્મનો ઉદય અને એના તરફના વલણવાળો સંબંધ હતો. એ જેટલો સ્વભાવમાં ઠરતાં ઉપશમભાવે ઉત્પન્ન થવા દેતો નથી, ઉત્પન્ન થવા દેતા નથી, પણ થવાનું હતું જ નહિ, પણ એણે જીત્યો અને સ્વભાવની સ્તુતિ કરે, સ્વભાવમાં એકાગ્રતા એ જ સ્વભાવની સ્તુતિ. આહા..હા..! અંતરમાં એકાગ્રતા એ જ આત્માની સ્તુતિ. એ કેવળીની સ્તુતિ.

'ક્રોધ,...' એમ કર્મની વાત છે હોં. ક્રોધ નામનું ચારિત્રમોહનું કર્મ ભાવક. હા એમ તો આવે છે ઓલામાં. ભાઈ અહીંયાં ક્રોધ થાય ત્યારે સામે નિમિત્ત ક્રોધનો જ ઉદય હોય. ભાઈ! કર્મ સિદ્ધાંતમાં ઓલામાં આવે છેને? અહીં ક્રોધ થાય ત્યારે સામે ક્રોધનું નિમિત્ત.. જ્ઞાનનું નિમિત્ત ન હોય એમ. એ રીતે જ એવો એનો સ્વભાવ થઈ જાય. અહીં તો આમ ગુલાંટ મારી છે. કે ક્રોધનો ઉદય ત્યાં છે છતાં તેના તરફના વલણવાળી જે દશા એના નિમિત્તથી અનુસરીને નિમિત્તે થવાની પોતાને અનુસરવાની, પોતે અનુસરે છે માટે થાય છે. એ અનુસરવું છોડી દીધું. સ્વભાવને અનુસરીને જેટલો એકાગ્ર થયો એટલી જીવની નિર્મળતા પ્રગટ થઈ એ જીવના અસ્તિત્વની જીવની સ્તુતિ કહેવાય છે. કહો, આવું છે ક્યાંય ત્યાં? ચેતનજી! ત્યાં છે? શ્વેતાંબરમાં. આવી વાત પણ ક્યાં છે? ઓલો .. મુનિ. લ્યોને .. પાસે ગયા હતાને. આહા..હા..! કેટલું સ્પષ્ટ ભેદજ્ઞાન અને કેટલી સ્પષ્ટ સ્વતંત્રતાનો ઢંઢેરો! એની શ્રદ્ધામાં પહેલેથી એમ છે કે કર્મના વલણ તરફનો મારો પુરુષાર્થ મારે લઈને ઉંધો છે. ભાઈ! સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો, ત્યારથી એની શ્રદ્ધામાં એમ છે જ્ઞાનમાં કે વર્તમાન પર્યાયમાં જે વિકાર થાય છે એ નિમિત્તને અનુસરવાનો મારો ઉંધો પુરુષાર્થ છે માટે થાય છે. સમજાણું?

ૠષિમુનિનું વાક્ય છેને. એવું નાખ્યું છેને. આમાં નાખ્યું છેને. દોષ તારો. આવ્યું છે. એ નાખ્યું આપણે કીધું હતું ત્યાં નહિ છેલ્લે પાછળથી. જુઓ, 'તારે દુઃખે તને બંધન છે. એ સંતની પહેલી શિક્ષા છે.' એટલે કે સમ્યગ્દર્શનનું તને ભાન હોવા છતાં નિમિત્તને અનુસરવું એ તારો પોતાનો દોષ છે. તારે કારણે બંધન છે. એ કર્મનો ઉદય છે માટે છે એમ નહિ.

મુમુક્ષુ :- કોક ઠેકાણે એમ લખ્યું છે, કોક ઠેકાણે આમ લખ્યું છે.

ઉત્તર :- કોઈએ ઠેકાણે લખ્યું નથી. એ તો નિમિત્તના કથન. કઈ નયનું કથન છે? કથન ત્રણ પ્રકારના હોય. પ્રમાણનું કથન, નિશ્ચયનું કથન અને વ્યવહારનું કથન. એમ કથન કઈ નયે અને કયે પ્રમાણે છે એમ જાણવું જોઈએને? ઓલામાં એમ કહ્યું જયધવલમાં શુદ્ધને શુભભાવને નિર્જરા નથી અન્યથા લ્યો. એ પ્રમાણનયથી વાત કરી છે. શુદ્ધથી નિર્જરા થાય

ત્યારે શુભ છે જોડે એને સાથે લઈને વાત કરી છે. નિશ્ચયનયના સ્વભાવનો આશ્રય લઈને જ નિર્જરા થાય એ નિશ્ચયથી. વ્યવહારથી કર્મને પોતે છૂટે છે માટે નિર્જરા થાય છે એ તો વ્યવહારનું કથન છે. કર્મ છૂટે છે માટે અશુદ્ધતા ટળે છે. આવે છે કે નહિ? કર્તાકર્મમાં? કે નિમિત્તના આશ્રયે જે થતું, નિમિત્ત છૂટ્યું એટલે પછી છૂટી જાય. કોઈ શરણ નથી નથી આવતું? અશરણમાં આવે છે. કર્તાકર્મ અધિકારમાં. આ તો હવે સ્વાધ્યાયનો કાળ છેને આપણે ચારેકોર મેળવીને. અશરણ આવે છે. કર્મનો ઉદય થઈ જાય રાગ નહિ થાય પછી. લ્યો ત્યાં એમ આવે છે. એટલે પછી રાગ શરણ નથી. શરણ તો સ્વભાવનું છે. આહા..હા..! એને રાખી નહિ શકે કારણ કે કર્મનો ઉદય ખરતા એ નીકળી જાય એમ. ત્યાં ઓલો બેનો સંબંધ છે એ છૂટી જાય છે એમ કહેવું છે. અહીં એ કહેવું છે. કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પોતાના પુરુષાર્થની નબળાઈને કારણે. આહા..હા..! આવું સ્પષ્ટ કથન જુઓને.

'**ક્રોધ,...**' એને ક્રોધ. ક્રોધનો ઉદય આવે એટલે ક્રોધ કરવો જ પડે. લ્યો આ લાવ્યા હતાને નહિ કેટલા વર્ષ પહેલા? કોક પંડિત પાસેથી લાવ્યા હતા. એય..! ગોમ્મટસારમાં એમ લખ્યું છે. એમ તમને હજી ગોમ્મટસારનું જ્ઞાન નથી. એમાં એમ લખ્યું છે ક્રોધનો ઉદય હોય ત્યારે ક્રોધ કરવો જ પડે. આહા..હા..! ભારે મોંઘી વાત ભાઈ! ક્રોધ કર, ન કર એ તારી સ્વતંત્રતા છે. નિમિત્તને અનુસરવું કે સ્વભાવને અનુસરવું? એ તારા પુરુષાર્થને આધિન છે. નિમિત્તને અનુસરાવે નિમિત્ત એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ કર્મની જ મોટી ભૂલ છે અત્યારે આ ત્રણેય. કર્મને લઈને થાય, કર્મને લઈને થાય આ એક. ઓલાને ઈશ્વરને લઈને થાય, આને કર્મને લઈને થાય. આનો જડ ઈશ્વર, ઓલાનો ચૈતન્ય ઈશ્વર રખડાવનાર. બેય ખોટા છે.

એમ '**માન,...**' માનનો ઉદય હોય એને. ભાવક થઈને માનનો, ચારિત્રનો નામ આવ્યું. એને અનુસરીને માન થવાની લાયકાત ભાવ્ય જે હતી એને દૂરથી એટલે થવા દીધી નહિ, સ્વભાવ સન્મુખ (થાય) ત્યારે કહે એ પર્યાયમાં થવાની હતી ક્રમબદ્ધમાં? દૂરથી પાછી વાળ એમ કીધુંને? આહા..હા..! ભારે! એ તો એની પર્યાય પહેલી જે થવાની હતી એને વાત કરી. પણ પછી બીજાના સમયમાં એ થવાની નહોતી એટલે એને નિમિત્તને (ન) અનુસર્યો અને સ્વભાવને અનુસર્યો. આ તમે આ પ્રમાણે કરો છો પછી ક્રમબદ્ધ ક્યાં રહ્યું? એમ કોઈ કહે. નિમિત્તને અનુસરીને કરે તો થાય, ન કરે તો ન થાય. એમાં ક્રમબદ્ધ ક્યાં રહ્યું? એય..! પણ એ જ ક્રમબદ્ધ થયું સાંભળને. જીવ પોતાના સ્વભાવનો આશ્રય લઈને અનુભવે જીવને થતાં પર્યાયમાં જે સમયે જે રાગ થવાનો છે તેવું જ સામે નિમિત્ત હોય. એ રાગ પોતે કરે તેને નિમિત્તને અનુસરીને તે સમયમાં. અહીં તો બીજે સમયે જે થવાનો જ નથી એને એમ કહે છે કે દૂરથી પાછો આમ વાળ્યો છે આમ. એ વખતે એમ વળવાનો જ એનો

સમય હતો. આહા..હા..! એ સમયે પર્યાય ઉપશમ થવાની... આહા..હા..! ગજબ વાત છે. સમજાણું કાંઈ? એ માન થવાનું નહોતું એને અહીં પુરુષાર્થથી થવા ન દીધું એને જીત્યું એમ કહેવામાં આવે છે.

એમ '**માયા,...**' ભાવક થઈને કપટનો ઉદય આવ્યો છતાં એ તરફને અનુસરીને આત્માની જે ભાવ્યદશા તો હતી પહેલી. હતી ત્યાં સુધી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, ભાવ્યભાવક ભાવ થયો. ભાવ્યભાવક એ ભાવ થયો એમ. પણ એ સ્વભાવની એકાગ્રતાથી, નિમિત્તને અનુસર્યો નહિ તો માયાને જીતી કહેવાય. એમ '**લોભ,...**' ભાવક થઈને લોભ આવ્યું અંદર. ચારિત્રમોહનો ઉદય લોભ. પણ સ્વભાવ સન્મુખની એકાગ્રતાથી તો મંદ પુરુષાર્થ છે આ. તીવ્ર પુરુષાર્થ ક્ષયમોહમાં જાય. આ જીત મોહ છેને? મંદકષાય. ઠારે છેને? એમ '**કર્મ,...**' લીધું લ્યો! આઠેય કર્મ હવે લીધું. એક એક લઈને હવે આઠેય કર્મ. ઠીક! આઠેય કર્મ ભાવક થઈને ઉદયમાં આવ્યું. .. લીધુંને આ તો? કર્મ લીધું આ. પણ તે સમયે સ્વભાવ સન્મુખની નિમિત્તને અનુસરીને થવાની દશા ન થતાં સ્વભાવને અનુસરીને થઈ તે ભગવાનની પોતાની સ્તુતિ કરે છે એને સ્તવન અને ગુણગ્રામ કર્યા એટલે એમાં એકાગ્ર થયો. કહો, સમજાણું કાંઈ? તદ્ લબ્ધયે. આવે છેને એ? મોક્ષમાર્ગ નેતારં.. તો એમાં એ કાઢે છે. જુઓ ભગવાનની સ્તુતિ કરતાં એના ગુણ છે એની પ્રાપ્તિ થાય. પણ કઈ સ્તુતિ? આ. આવે છેને શ્લોક? મોક્ષમાર્ગ નેતારં ભેતારં કર્મ ભૃભતામં વંદે તદ્‌ગુણ લબ્ધયે તેના ગુણની લબ્ધિ માટે હું વંદન કરું છું. તેના ગુણ જે છે જ્ઞાનાદિ કેવળ લબ્ધિ માટે હું વંદન કરું છું એમ કહ્યું છે. કહો, એના વંદન કરવાના વિકલ્પથી એના લબ્ધિની પ્રાપ્ત થાય કે નહિ? એ નહિ. એ આ લબ્ધિ થાય એમ કહે છે. એ ભગવાન નહિ, આ ભગવાન આત્મા. નિમિત્ત તરફના વલણવાળો પુરુષાર્થ ન કરતાં સ્વભાવને અનુસરીને પુરુષાર્થ થયો એણે કર્મને જીત્યું એમ કહેવામાં આવે છે. ત્યારે કર્મમાં તો આઠેય કર્મ આવ્યા. એય..! તો પછી આયુષ્યનું શું કરવું? આપણે તો .. જ્ઞાનાવરણીય તો ઠીક. આઠેય? ઉદય હો, પણ એની સાથે સંબંધ નથી રાખતો. એટલો એને જીત્યો છે એમ કહે છે. આહા..હા..! બીજાને ઉપશમ થાતો નથી મોહ સિવાય. એય..! આ ઉપશમ શ્રેણીની વ્યાખ્યા છે ભાઈ! પાઠમાં જરી અર્થમાં લેશે ઉપશમ આદિ. આ .. ક્ષયોપશમ. એ ઉપશમ અને ક્ષયોપશમ કહેવાય છેને. ઉપશમ શ્રેણીમાં આમ ઠરે છે એ અપેક્ષાએ ઉદય જરી . ક્ષયોપશમ કહેવાય. એટલે આદિ શબ્દ વાપર્યો છે અંદર. ઉપશમ આદિ કરીને. જયચંદપંડિતે. આહા..હા..!

કહે છે એ આઠેય કર્મ. ખરેખર તો દ્રવ્ય સ્વભાવના વલણવાળો જ્યાં ભાવ થયો આઠેયમાંથી જુદો પડી ગયો છે. આહા..હા..! એ આયુષ્યને લઈને જીવે છે એમ નહિ. પોતાની અક્ષય સ્થિતિને લઈને ત્યાં જીવે છે. સમજાણું? અહીં તો સમુચ્ચ વાત થાય તો બધું લેવું કે નહિ?

પરના નિમિત્તને અનુસરતો ભાવ છોડી દીધો છે. આઠેય તરફના ભાવકને. આહા..હા..! ઓલામાં આવે છેને અર્થમાં નથી આવતું ભાઈ? મિથ્યાત્વ ટળતા કેટલાય પ્રકારનો અવ્રત, યોગ પણ ટળે છે. અર્થમાં આવશે જયચંદપંડિતના. શું કહ્યું એ સમજાણું? એ આઠેય કર્મના નિમિત્તને અનુસરતો જે ભાવ એ આ બાજુ ઢળતા બધો ટળી જાય છે. આહા..હા..! યોગનો પણ ભાવ એટલો શુદ્ધ થાય છે. એટલો શુદ્ધ થાય છે. આહા..હા..! આવી ચીજ. જુઓને વસ્તુસ્થિતિ. સુજાનમલજી!

જ્ઞાનાવરણીયનો ઉદય આવ્યો આઠ કર્મનો. કહ્યુંને? એને અનુસરીને જ્ઞાની હીનતા જે પુરુષાર્થમાં કરતો એ આ બાજુ ઢળે છે. એટલો એને જીત્યો. ભલે ઉપશમ શબ્દે ક્ષયોપશમ કર્યોને? એનો ક્ષયોપશમ કર્યો. ક્ષયોપશમ કર્યો એનો ઉપશમ કર્યોને એટલો? ક્ષય-ઉપશમ આવે છેને? ... ઉદય આવ્યો એનો ક્ષય કર્યો, સત્તામાં પડ્યો એનો ઉદય એને ઉપશમ કર્યો. ઉદય એમ કહીને ક્ષયોપશમ દશા તો ઉભી છેને? ઝીણી વાત છે. આ તો શાસ્ત્રની વાત છે. શાસ્ત્રની એક એક વાતમાં ઘણી અપેક્ષાઓ અને ગંભીરતા હોય છેને? આહા..હા..! એ આઠેય કર્મના ભાવકને જુદો પડ્યો છે તે. આહા..હા..! પ્રતીજીવી ગુણ જે છે અંદરના જીવના. એનાથી નિમિત્ત તરફનું વલણ એટલું છૂટી ગયું છે. ત્યારે કહે એ તો અઘાતિ છે. એટલે કે પૂર્ણ ઉઘડે. એ ઉઘડે ભલે પૂર્ણ જ્યારે ઉઘડે ત્યારે. એય..! પણ એટલી શુદ્ધિ તો સમયે સમયે થાય છે. આઠ કર્મ રહિત એવો જે દ્રવ્ય સ્વભાવ એનો આશ્રય કરતા સમ્યગ્દર્શન ઉપરાંત. સ્વનો આશ્રય તો દૃષ્ટિએ કર્યો છે. એ ઉપરાંત વિશેષ આશ્રય કરતા આઠેય કર્મના વલણવાળી દશા ઉત્પન્ન થતી નથી એ સમયમાં એને જીત્યો એમ કહેવામાં આવે છે. લ્યો! કહો, શિવલાલભાઈ! આ ઘરે વાંચે તો સમજાય નહિ લ્યો!

મુમુક્ષુ :- એટલા માટે તો આવ્યા છીએ.

ઉત્તર :- મોટો ધંધો છે એને ત્યાં. બાયડી-ભાયડો બે છે. છોડી નથી. પણ થોડી થોડી નિવૃત્તિ લે છે. પણ ધંધો મોટો કરે છે. હવે એમાં આ વાંચવા બેસે તો કાંઈ સમજે નહિ. સાચી વાત છે. આહા..હા..! શાંતિનો કાળ છે આ બધો. આઠેય કર્મનો ઉપશમ કર્યો લ્યો! ઉપશમ તો ક્યો એય..! પણ એનો અર્થ ક્ષયોપશમ કર્યો એમ પણ એને કહેવાય. એ દશામાં એનો ક્ષયોપશમ કર્યો એટલો એનો ઉપશમ કર્યો જીત્યો એમ કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીયનો ઉદય, દર્શનાવરણીયનો ઉદય, શાતાનો ઉદય, અશાતાનો ઉદય વગેરે જે હોય છેને? સમજાણું? અંતરાયનો ઉદય, વીર્ય, દાન, લાભ. અને આયુષ્ય, નામ, ગોત્ર, વેદનીય એ ચારેયને એ તરફના વલણવાળી યોગ્યતા હતીને. સત્તામાં પડ્યું છે ત્યારે એટલી યોગ્યતા તો હતીને? પડ્યું છે એટલી. અને એ ઉદય આવ્યો ભાવક થઈને ત્યારે આ બાજુની યોગ્યતા પ્રગટ કરતા એ યોગ્યતા પડી જાય છે. .. .આહા..હા..!

મુમુક્ષુ :- સત્તામાં રહેને.

ઉત્તર :- સત્તામાં રહે છે તેટલું પણ કહ્યું છેને. સત્તામાં દાબી દીધુંને? દાબી દીધું એટલું પુરુષાર્થથી કામ કર્યું. અહીં તો જરી પાછા .. આ તો ઉપશમ શ્રેણીની વાત છે, ત્યાં વળી આઠ કર્મ ક્યાં નાખ્યા? એનો પાછો ખુલાસો થવો જોઈએ કે નહિ? એય..! પંડિતજી! કારણ કે ઉપશમ તો મોહનો થાય, ક્ષયોપશમ ચારનો થાય. ઘાતિ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને (અંતરાય) ચાર ઘાતિનો થાય. ઉદય આઠનો હોય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ એ વખતે એટલો જ પ્રકારનો મોહનો ઉપશમ કરે છે એમ બીજાનો પણ એ જાતનો ક્ષયોપશમ થાય એ. આહા..હા..! બહુ સમાડ્યું છે હોં! જેટલો એ ભગવાન આત્માના સ્વભાવ તરફ આમ જુક્યો છે. ભલે ઉપશમ પુરુષાર્થથી એટલે મંદ પુરુષાર્થથી. એટલો આઠેય કર્મના ઉદયને અનુસરતો ભાવ ઉત્પન્ન થવા દેતો નથી. કહો, સમજાણું આમાં? હવે આમાં એક-બે દિ' સાંભળવા આવે ને શું સમજાય? એય..! આ ..નો આવ્યો છેને પૌત્ર. કોક દિ' આવે અડધો દિ' અને અડધો દિ' પાછો શેત્રુંજય જઈ આવે. બધું કરવું એક સાથે. હવે આમાં શું કહે છે આ?

**'નોકર્મ,...'** લ્યો! શરીર ને વાણી ને બહારના નિમિત્તો એ બધા. શરીર, વાણી એ બીજામાં આવશે હજી. બહારના નિમિત્તો છેને જેટલા ઉદયો આવે સંયોગો, એના તરફનો જે વલણનો ભાવ છે એ ભાવ છૂટી જાય સ્વભાવના વલણથી એને જીત્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! કર્મના તરફનું વલણ અને નોકર્મના વલણ બેય વાત લીધી અહીં તો. નિમિત્તો જેટલા છે નિમિત્તો. એ તરફના વલણવાળો જે ભાવ હતો એને એ ભાવ્ય થવા ન દીધો. આમ અનુસરીને થયો એટલો એને જીત્યો એમ કહે. પંડિતજી! આ વ્યાખ્યા તો અત્યારે શાંત છે એટલે થાય છે. હવે તો ૩૭ વર્ષ થઈ ગયા. આ તો ૩૮મું વર્ષ. રામજીભાઈ કહેતા હતા કે ભાઈ ૩૮ વર્ષમાં એક એક વર્ષમાં એક મહિનાનું ઓલું હોય. રજા આપે. વ્યાખ્યાનમાં. બાર મહિને એક મહિને રજા ઉપર ચડે કે નહિ? ત્રણ વર્ષમાં એક મહિનો? બાર મહિનામાં એક એવું સાંભળ્યું છે. આપણને ક્યાં ખબર છે કે નોકરીમાં શું હોય? બાર મહિને એક મહિને છૂટ પડે છે રજામાં. એમ આ ૩૭ વર્ષથી તો વ્યાખ્યાન ચાલે છે અહીંયાં. આમ ૫૪ વર્ષથી ચાલે છે. ૭૪ ચાલે લ્યો. ૭૪થી. ૭૧, ૭૨, ૭૩ ત્રણમાં કોક દિ'. ૭૧થી વાંચતા. ૭૪થી સદાય. ૭૪ કેટલા વર્ષ થયા? ૫૫ થયા. ૫૫. ચાર .. ૫૯મું ચોમાસું છેને. દર વખતે. ૭૦, ૭૧, ૭૨. છૂટ જ છે. એ કાળે નીકળવાનું હોય એ નીકળે. આહા..હા..!

જુઓ આમાં સત્‌નું સ્વરૂપ કેવું છે એને જાહેર કરે છે. ભગવાન ચિદાનંદ સ્વરૂપ શુદ્ધતાનો

પિંડ પ્રભુ એનું ભાન થયા છતાં હજી અશુદ્ધતાની યોગ્યતા નિમિત્તને અનુસરીને પોતાને કારણે હતી તે પોતે પોતાને કારણે સ્વભાવે કરીને ઉત્પન્ન થવા દેતો નથી. એવો જ એનો સમય અને કાળ હતો. પાછો ઓલો કહે જુઓ, એણે ફેરવી નાખ્યું કે નહિ? એય..! અરે ભગવાન! સાંભળને બાપુ એ. આહા..હા..! એ સ્વકાળે જ પર્યાય થઈ છે એ. કાળલબ્ધિ છએ દ્રવ્યની, સમયની, પર્યાયની બધી એને કાળલબ્ધિ છે. એ કાળે જ થાય. આડીઅવળી હોય જ નહિ. આ વાત જ એવી માણસ મારા. ..ની એટલી વાત થઈ જાય છે. હવે સાંભળને. પુરુષાર્થવાદી એકાંતે ખોટો છે. એક નિયતવાદી ખોટો છે. બધા વાદ કર્યા છે એ બધા એકાંતે ખોટા જ છે લ્યો. એકાંતની અહીં ક્યાં વાત છે? આહા..હા..! એકલો પુરુષાર્થ માને, એકલો જ આત્મા માને, અભાવને ન માને કર્મનો અભાવ થાય તે એક વસ્તુ છે. એ બધું એક કારણમાં બધા કારણો સાથે જ હોય છે. આઘાપાછા હોતા નથી. આહા..હા..!

જુઓ, આઠેય કર્મનો ઉદય નોકર્મ. નિમિત્તોના ઢગલા બહારના હોય અને જ્યાં સુધી શુદ્ધ ઉપાદાનને પૂર્ણ અનુસરીને ભાવ નથી ત્યાં સુધી એને બાહ્ય નોકર્મને અનુસરીને પણ ભાવ થાય છે. વળી એમાં બે આંતરો પાડે છે ભાઈ! બે આંતરો પાડે છે. એમ કે કર્મનું જે છે નિમિત્ત એ તો બરાબર નિમિત્ત થઈને જ આવે. એટલે એને વિકાર કરવો જ પડે. અને નોકર્મ છે એ તો પોતે કરે તો એને નોકર્મને નિમિત્ત કહેવાય એમ વળી આવતો. અહીં તો બધાને સરખા નાખ્યા છે. આખો ન્યાય સમજાણો? એય..! પંડિતજી!

મુમુક્ષુ :- એવો

ઉત્તર :- છે. અહીં કહે છે જુઓ. કર્મ અને નોકર્મ બેયને સરખા નાખ્યા અહીંયાં. આ કર્મને અનુસરીને ભાવ થતો, એને જીત્યો આમ અનુસરીને. નોકર્મને અનુસરીને થતો એને આમ કરીને જીત્યો. આમ બેય વાત થઈ. એક સાથે છે. આ તો સમજાવે ત્યારે તો શી રીતે સમજાવે? સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું સમાડ્યું છે આમાં? કેટલો વિશાળ! જૈનદર્શનનો સિદ્ધાંત. એટલે વસ્તુના સ્વભાવનો સિદ્ધાંત સંકેલીને ગોઠવ્યો છે. એ નોકર્મ બધા નિમિત્તો.

પછી '**મન,...**' મન. મનનો ભાવક થઈને આવ્યું મન. આહા..હા..! મન તરફના વલણવાળો ભાવ છે કે નહિ? હજી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવા છતાં સ્વરૂપનો આશ્રય લઈને દશા થયા છતાં હજી મનના સંબંધવાળી દશા છે. એ મનને ભાવક ગણી નામકર્મનું છેને અંદર? ભાષા ને મન ને નામ કર્મ. એના વલણવાળો જેટલો ભાવ હતો એને આ બાજુના વલણથી એટલો ઉત્પન્ન થવા ન દીધો એટલું મન તૂટી ગયું, મનનો સંબંધ તૂટી ગયો એ ભાવ્યભાવક ભાવ તૂટી ગયો. આહા..હા..! નહિ તો બધાને એકસરખા નાખ્યા .. નિમિત્ત તરીકે. તેને અનુસરવું કે ન અનુસરવું એ તો તારા પોતાને આધિન છે. આહા..હા..! મન.

એમ '**વચન,...**' વાણીના તરફના વલણનો ભાવ. વચન પણ ભાવક થઈને આવે છે એમ કહે. ... એના તરફનો ભાવ એટલે ભાવકનો ભાવ્ય એટલે બેનો સંબંધ એ તોડી નાખ્યો. અંતરના વલણથી. આહા..હા..! એક સાથે. એક વાત કરી પણ કેવી જુદી જુદી જાતની શૈલીથી વાત કરી. સમજાણું? વચનનો સંબંધ જેટલો છે વિકલ્પથી આમ. એટલા પ્રકારનું અનુસરવું છોડી દઈને આ બાજુમાં ઢળ્યો છે એને વચનનો સંબંધ, નિમિત્તનો સંબંધ તોડી નાખ્યો. એને ભાવકભાવ્ય ભાવ થવા દીધો નહિ. કહો, આ સ્પષ્ટીકરણ . આવું થાય. આટલું ઓલામાં ક્યાં કરવું?

એમ '**કાય...**' આ શરીર. લ્યો આ શરીર સંબંધીનું વલણ છે જેટલું. જ્ઞાનીનું. એ શરીરમાં ઉદય આવેને કર્મનો? એના તરફનું વલણ છે એટલું આમ વલણ કરતાં એ છૂટી જાય છે. '**અગિયાર સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં...**' લ્યો! '**અને શ્રોત્ર,...**' ઇન્દ્રિય, પાંચ ઇન્દ્રિય હવે લેવી જુઓ ઠીક! આહા..હા..! શ્રોત્ર ઇન્દ્રિય એના તરફનું જે વલણ. ઓલામાં તો હતું જિતેન્દ્રિય તો એકત્વબુદ્ધિએ તો જીત્યું હતું. એમાં એકત્વબુદ્ધિ હતી ઓલા ૩૧માં. '**जो इंदिये जिणित्ता**' એ તો ભાવેન્દ્રિય, જડેન્દ્રિય બધી જીતી હતી, પણ હજી અંદર એકત્વબુદ્ધિ જીતી હતી એ પણ અસ્થિરતાનું વલણ હજી ગયું નથી. આહા..હા..! સમજાણું? લ્યો! '**जो इंदिये जिणित्ता**' તો બધું આવી ગયું છે. એ તો એકતાની બુદ્ધિ જીતી એણે. એકતાની બુદ્ધિ ટાળી. પણ હજી અસ્થિરતાની બુદ્ધિ જે ઇન્દ્રિયો તરફના વલણની હતી. આહા..હા..! એ હવે અહીં ટળે છે. આહા..હા..!

'**શ્રોત્ર, ચક્ષુ,...**' લ્યો આંખ. એનો જે નિમિત્તપણું અને એના વલણવાળો નૈમિત્તિકભાવ અસ્થિરતાનો હોં. એ ભાવ્યને અણિન્દ્રિય તરફના વલણના ઝુકાવથી એને જીત્યો ઉપશમ કર્યો. એમ '**ઘ્રાણ,...**' એ તરફના વલણવાલો ભાવ જે હતો એવો ન હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય અને એકતાબુદ્ધિ હોય તો તો આવે જ નહિ. તો એ તરફનું વલણ તદ્દન એકતાવાળું છે એની તો અહીં વાત જ નથી. એની એકતા તૂટી ગઈ છે, પણ હજી એનામાં અસ્થિરતા બાકી રહી છે. આહા..હા..! કહો, વજુભાઈ! આવું ઝીણું છે આ. હીરામાણેકમાં તો આવું ઝીણું નથી. આહા..હા..! નજર પહોંચવી જોઈએ હોં! ત્યાં. આ રીતે ભાવ છે. એ ભાવનું ભાસન થવું. ભલે એ ભાવ અત્યારે હોય નહિ, પણ આવો ભાવ હોય એને આવું કહે છે એમ તો ભાન આવવું જોઈએને? જ્ઞાનમાં આવવું જોઈએને.

'**ઘ્રાણ, રસન,...**' જીભ. એ તરફના વલણની એકતાબુદ્ધિ તૂટી ગઈ છે, અસ્થિરતાબુદ્ધિ જે છે એને ભાવક જે રસેન્દ્રિય એના તરફનો ભાવ્યભાવક એ સ્વભાવ અણિન્દ્રિય તરફના ઝુકાવથી ઉત્પન્ન થતો નથી તેને ભાવ્યભાવક ભાવને સંકરદોષ ટાળ્યો. એટલો સંબંધ છૂટ્યો. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છૂટ્યો એમ કહે છે. એનું નામ જીતવું થયું. આહા..હા..! ઝીણું છે

આ. પણ હવે અહીં તો હજી આવવું બધું ચાલવું જોઈએને અહીં તો. બીજા ગામમાં ન ચાલે પણ. એમ '**સ્પર્શન–**' આ. સ્પર્શ તરફની આ ઇન્દ્રિયો સ્પર્શ એની એકતા તો તૂટી ગઈ છે, પણ હવે અસ્થિરતા સ્પર્શતરફની આસક્તિની વૃત્તિ જે હતી એને પણ સ્વભાવમાં અણિન્દ્રિય તરફ જુકતા એટલી વૃત્તિને ઉત્પન્ન થવા દેતો નથી એને જીત્યો એમ કહેવાય છે. લ્યો એ '**પાંચનાં સૂત્રો ઇન્દ્રિયસૂત્ર દ્વારા જુદાં વ્યાખ્યાનરૂપ કરવાં;...**' જુઓ, આચાર્ય મહારાજ એમ કહે છે લ્યો! કરવા એમ કહે છે હોં! છેને? '**पृथग्व्याख्यातत्वाद्वयाख्येयानि**' છેને? કરવા એમ કહ્યું. '**એમ સોળ સૂત્રો જુદાં જુદાં વ્યાખ્યાનરૂપે કરવાં...**' એમ આચાર્ય મહારાજનો હુકમ છે. સોળની આ રીતે વ્યાખ્યા કરવી અને સમજવી. '**એને આ ઉપદેશથી બીજા પણ વિચારવાં.**' લ્યો! જેટલા પ્રકારના પરતરફના વલણવાળા ભાવ બધા માટે આ બાજુનું વલણ કરીને એને ઉત્પન્ન ન થવા દે એમ બધું અસંખ્ય પ્રકારના શુભ અને અસંખ્ય પ્રકારના અહીં તો હવે શુભ છે અહીં તો આ બાજુ. ઉપશમ શ્રેણીમાં તો. સમજાણું? ઉપશમ .. છેને ત્યાં તો શુભભાવ છે. પણ એ છતાં એટલો વિકાર છેને? આહા..હા..!

'**ભાવાર્થ :- ભાવક જે મોહ...**' એટલે કે મોહ થવામાં પોતાની ઉપાદાનની પર્યાયની યોગ્યતામાં મોહ એ ભાવક હતો. કારણ કે ખરેખર સ્વભાવનો કરનારો આત્મા અને વિભાવમાં કરવાનું નિમિત્ત એમ કરીને ભાવક એને કહ્યો છે. એ કરાવે છે માટે ભાવક એમ નહિ. ઓલામાં કહ્યું છેને? કરે છે ત્યારે એને કરાવે છે એમ કહેવાય ભાઈ! છેને ગોમ્મટસારના પહેલા ઉપોદ્ઘાતમાં છે. ગોમ્મટસારમાં ટોડરમલજીની વ્યાખ્યા છે. કર્મ કરાવે છે એમ કહેવાય છે. છે એમાં. ૪૯ છેને પેહલી ટોડરમલજીની. ગોમ્મટસારની. મોટી હા એ એમાં છે. આ તો વાંચ્યું હોય તો યાદ રહી ગયું હોય કે ક્યાં વાંચ્યું હતું. રાગાદિ પોતે કરે ત્યારે કર્મ એને કરાવે એમ કહેવામાં આવે છે. ત્યાં ભાવક શબ્દ છેને? ભાવક. ભાવ કરનારો એમ. સમજાણું? એને કેમ ભાવ કહ્યો? એ પોતે કરે છે જાતે યોગ્યતાથી, ત્યારે ઓલું નિમિત્ત છે એટલે એને કરાવે છે. કરનાર એ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

'**ભાવક જે મોહ તેના અનુસાર પ્રવૃત્તિથી...**' તે અનુસાર પરિણતિથી '**પોતાનો આત્મા ભાવ્યરૂપ થાય છે...**' યોગ્યતારૂપ, વિકારરૂપ થાય છે. '**તેને ભેદજ્ઞાનના બળથી...**' તેના સંબંધમાં તોડીને એમ. સંબંધ તોડીને એનું નામ ભેદજ્ઞાન. અંતરમાં એટલો સંબંધ તોડ્યો એ ભેદજ્ઞાન બળ વડે. '**જુદો અનુભવે તે જિતમોહ જિન છે.**' એણે મોહને ઉપશમ કર્યો, ઠાર્યો, જીત્યો એમ એને જિન કહેવાય છે. એ જિન. પહેલો જિતેન્દ્રિય, ઇન્દ્રિય, ખંડ ભાવ અને પર એની એકત્વબુદ્ધિ ટાળીને સ્વભાવમાં એકત્વ થયો એ જિતેન્દ્રિય જિન અને આ સ્વભાવમાં એકાગ્ર વિશેષ થઈને મોહને ઉપશમ આદિ બધા નિમિત્ત એને જિતમોહ, જિન એને પણ જિતમોહ જિન કહેવામાં આવે છે. ઓલા જિન કરતા ઉંચો જિન આ.

એટલે આત્માની નિર્મળતાની વૃદ્ધિ થઈ એનું નામ બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. આવું તો વાંચ્યું નહિ હોય ગુલાબભાઈ કોઈ દિ'. નવરાશ ક્યાં છે.

**'અહીં એવો આશય છે કે શ્રેણી ચડતાં...'** સ્વરૂપમાં જાગૃતમાં ધારા એવાએ ચડતા **'મોહનો ઉદય જેને અનુભવમાં ન રહે...'** એમ. રાગાદિનો અનુભવ ન રહે **'અને જે પોતાના બળથી ઉપશમાદિ કરી...'** જોયું! પોતાના પુરુષાર્થથી. આહા..હા..! એ કર્મ મંદ પડતું જાય છે માટે અહીં ઉપશમ થતો જાય છે એમ નહિ. આહા..હા..! એ તો એને કારણે થાય. એમાં આત્મા કરે શું? મોહનો ઉપશમ કે ક્ષયોપશમ એ તો એની રજકણની અવસ્થા છે. આત્મા પરમાં કાંઈ કરે? પોતાના અંદર પુરુષાર્થથી આનંદ સ્વરૂપ ભગવાન આત્મા એના વલણવાળા ભાવથી જે **'ઉપશમાદિ કરી આત્માને અનુભવે છે તેને જિતમોહ કહ્યો છે.'** એણે મોહનો જીત્યો છે. તેનો નાશ થયો નથી. લ્યો!૪

## ગાથા-૩૩

अथ भाव्यभावकभावाभावेन ---

जिदमोहस्स दु जइया खीणो मोहो हवेज्ज साहुस्स।
तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं।।३३।।

जितमोहस्य तु यदा क्षीणो मोहो भवेत्साधोः।
तदा खलु क्षीणमोहो भण्यते स निश्चयविद्भिः।।३३।।

इह खलु पूर्वप्रक्रान्तेन विधानेनात्मनो मोहं न्यक्कृत्य यथोदितज्ञानस्वभावातिरिक्तात्मसंचेतनेन जितमोहस्य सतो यदा स्वभावभावभावनासौष्ठवावष्टम्भात्तत्सन्तानात्यन्तविनाशेन पुनरप्रादुर्भावाय भावकः क्षीणो मोहः स्यात्तदा स एव भाव्यभावकभावाभावेनैकत्वे टंकोत्कीर्णं परमात्मानमवाप्तः क्षीणोहो जिन इति तृतीया निश्चयस्तुतिः।

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षु-घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

**જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જયારે થાય છે,**
**નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.**

ગાથાર્થ :— **[जितमोहस्य तु साधोः]** જેણે મોહને જીત્યો છે એવા સાધુને

[यदा] જયારે [क्षीण: मोह:] મોહ ક્ષીણ થઈ સત્તામાંથી નાશ [भवेत्] થાય [तदा] ત્યારે [निश्चयविद्भि:] નિશ્ચયના જાણનારા [खलु] નિશ્ચયથી [स:] તે સાધુને [क्षीणमोह:] 'ક્ષીણમોહ' એવા નામથી [भण्यते] કહે છે.

ટીકાઃ— આ નિશ્ચયસ્તુતિમાં, પૂર્વોકત વિધાનથી આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી, જેવો (પૂર્વે) કહ્યો તેવા જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો, તેને જયારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય-એમ ભાવકરૂપ મોહ ક્ષીણ થાય, ત્યારે (ભાવક મોહનો ક્ષય થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે અને એ રીતે) ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે એકપણું થવાથી ટંકોત્કીર્ણ (નિશ્ચલ) પરમાત્માને પ્રાપ્ત થયેલો તે 'ક્ષીણમોહ જિન' કહેવાય છે. આ ત્રીજી નિશ્ચયસ્તુતિ છે.

અહીં પણ પૂર્વે કહ્યું તેમ 'મોહ' પદને બદલી રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન-એ પદો મૂકી સોળ સૂત્રો (ભણવાં અને) વ્યાખ્યાન કરવાં અને આ પ્રકારના ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

ભાવાર્થ :— સાધુ પહેલાં પોતાના બળથી ઉપશમ ભાવ વડે મોહને જીતી, પછી જયારે પોતાના મહા સામર્થ્યથી મોહનો સત્તામાંથી નાશ કરી જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય ત્યારે તે ક્ષીણમોહ જિન કહેવાય છે.

---

## ગાથા-૩૩ ઉપર પ્રવચન

'હવે, ભાવ્યભાવક ભાવના અભાવની નિશ્ચયસ્તુતિ કહે છે :— ' ઓલામાં ભાવ્યભાવકની સંબંધ તોડ્યો એટલી વાત હતી. આ તો તદ્દન અભાવ હવે. ઉપશમ કર્યો. નાશ કરે છે. આહા..હા..! જુઓ એની શૈલી જુઓ.

जिदमोहस्स दु जइया खीणो मोहो हवेज्ज साहुस्स।
तइया हु खीणमोहो भण्णदि सो णिच्छयविदूहिं।।३३।।
જિતમોહ સાધુ તણો વળી ક્ષય મોહ જયારે થાય છે,

**નિશ્ચયવિદો થકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.**

આ સાધુ શબ્દ આમાં આવ્યો. ઓલામાં નહોતો.

ક્ષીણમોહ ભાવ જણાય છે. એને ક્ષીણમોહ હોય છે.

એની '**ટીકા :- આ નિશ્ચયસ્તુતિમાં,...**' જે આત્માના સ્વભાવને અનુસરતી દશામાં '**પૂર્વોક્ત વિધાનથી...**' પૂર્વે કહ્યા એ રીતથી. '**આત્મામાંથી મોહનો તિરસ્કાર કરી,...**' ઉપશમાવી '**જેવો કહ્યો તેવા જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક આત્માનો અનુભવ કરવાથી જે જિતમોહ થયો,...**' ઓલી પૂર્વની વાત ભેળવી. ઉપશમ કર્યો પુરુષાર્થ દ્વારા, પોતાના બળ દ્વારા. ઓલામાં આવે છેને બુદ્ધિપૂર્વક-અબુદ્ધિપૂર્વક બેય પોતાના પુરુષાર્થપૂર્વકથી ટાળે છે. આસ્રવમાં આવે છે. એમ કે બુદ્ધિપૂર્વક છે એ તો ટાળે પણ અબુદ્ધિપૂર્વક પણ ટાળે છે. અહીં ઉપશમમાં ક્યાં બુદ્ધિપૂર્વક હતો? આસ્રવ અધિકારમાં છે. કળશ. બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક બેયનો આત્માને આશ્રયે નાશ કરે છે. અરે એ વાત એને બેસાડ તો ખરો. પુરુષાર્થની આ વાત આ રીતે છે. બીજી રીતે નથી. આ કર્મ આવે મને આમ થાય, કર્મને લઈને મારે આમ થાય. મારા ઉંધા. કર્મે રખડાવ્યા. 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળો આડો અંક.' એ બોલે ઓલી સ્તુતિ પહેલાં સ્થાનકવાસી. એ બીજી વાત છે. એ તો કર્મને લઈને એ મળે છે. એને અનુસરવું કે ન અનુસરવું એ કાંઈ તારે પુરુષાર્થને આધિન છે કે એને લઈને થયું એ તને અનુસરાવે છે? એમાં આવું ગયું નહિ નોકર્મ? 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક.' લ્યો! એવું ગાય. હાંકે ઓલા સાંભળનારા હોય એ જય મહારાજ.

મુમુક્ષુ :- એ જ હોય.

ઉત્તર :- એ જ હોય? તમારા ગામમાં તો બહુ ચાલે બધું. આ ક્યાં.

'**તેને જ્યારે...**' હવે દેખો. '**પોતાના સ્વભાવભાવની ભાવનાનું સારી રીતે અવલંબન કરવાથી...**' ભાષા જુઓ. મોહનો ઉપશમ છે એમાં સારી રીતે અવલંબન નથી લીધું એણે. સાધારણ લીધું છે સ્વભાવનું. સ્વભાવ જ્ઞાયકસ્વભાવ ત્રિકાળ એનું સારી રીતે અવલંબન લેવાથી. દેખો! પુરુષાર્થથી સારી રીતે અવલંબન લેવાથી. '**પોતાના સ્વભાવભાવની ભાવના...**' દેખો! સ્વભાવભાવ જે ત્રિકાળ, એની ભાવના. તો એ '**સારી રીતે અવલંબન કરવાથી...**' ઉગ્રપણે પુરુષાર્થ કરવાથી જુઓ. ઉપશમમાં જીતવાનો પુરુષાર્થ મંદ હતો. આ ઉગ્રપણે. '**મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય...**' મોહની સંતતી પ્રવાહનો અત્યંત વિનાશ એવો થાય. '**ફરી તેનો ઉદય ન થાય—એમ ભાવકરૂપ મોહ ક્ષીણ થાય,...**' ભાવકરૂપ મોહ. એ મોહ ભાવક થઈને આવ્યો હતો એનો નાશ થાય. પર્યાયમાં એનો પ્રગટ થાય અને ક્ષણ થાય. વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ-૧૨, શુક્રવાર, તા. ૨૩-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૩, કળશ-૨૭, પ્રવચન-૧૦૬**

જીવ અધિકાર સમયસાર. ૩૩મી ગાથા ચાલે છે. અહીં સ્તુતિ એટલે ગુણની સ્તુતિ એટલે દ્રવ્યની સ્તુતિ. શરીરની સ્તુતિ એ કાંઈ વાસ્તવિક સ્તુતિ નથી. શરીરના ગુણગાન ગાવા એટલે કે ખરેખર તો પુણ્ય પરિણામના પણ શુભભાવના ગુણગાન ગાવા એ કાંઈ ધર્મની સ્તુતિ નથી. એમ કહેવું છે. રાગ સારો છે, પુણ્ય સારું છે એના ગુણગાન કરવા એ તો બધી શરીરની સ્તુતિ છે એમ કહેવું છે. સ્તુતિ એટલે કે જેનો એ સ્વીકાર અને આદર કરે છે એનું નામ સ્તુતિ. ભગવાન આત્માની સ્તુતિ તીર્થંકરની કોને કહીએ? કે તીર્થંકર જેવો જ આ આત્મા છે. કેવળીનો આત્મા અને આ આત્મા બધી જાત એક જ છે. એમાં કાંઈ ફેર નથી. એવા જે અનંતગુણસ્વરૂપ આત્મા એના તરફનું સન્મુખના પરિણામ એ જ એની સ્તુતિ છે. એનો હયાતીનો સ્વીકાર. આવડો આત્મા પૂર્ણ આનંદ છે, ધ્રુવ છે અને અસ્તિમાં એકરૂપ ત્રિકાળ છે. એવો જે પરિણામમાં અનુસરવું થઈને સ્વીકાર એ જ એની સ્તુતિ અને ગુણગ્રામ છે. એનું નામ સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ જિન.

મુમુક્ષુ :- ચોથા પ્રકારનો

ઉત્તર :- આ તો પહેલા પ્રકારનું છે. બીજા પ્રકારનું ઉપશમ શ્રેણીએ ચડે એ. આ પહેલા **'जो इंदिये जिणित्ता'** એ આ વાત છે. અણિન્દ્રિય સ્વરૂપ ભગવાન આ એ નથી. પર્યાય બુદ્ધિ છૂટી, રાગ બુદ્ધિ છૂટી, નિમિત્તબુદ્ધિ છૂટી એ બધી ઇન્દ્રિય બુદ્ધિ છૂટી. અંતરમાં પૂર્ણ આનંદ અને જ્ઞાયકભાવ એવા પૂર્ણ સ્વભાવ સ્વરૂપ એનો સત્કાર, સ્વીકાર, સન્મુખતા એ જ એની સ્તુતિ છે. એનું નામ જિન કહે છે. એને જિતેન્દ્રિય સંતો કહે છે. આહા..હા..! કહો, સમજાણું? બીજા નંબરની આ ઉપશમશ્રેણી. જે આનંદ અનુભવતા છતાં જેની હજુ યોગ્યતા ભાવકકર્મના ઉદયને અનુસારે વર્તતી હતી એને હવે સંબંધ તોડવો સાધારણ પુરુષાર્થથી. વિશેષ પુરુષાર્થથી ક્ષયમાં જાય છે. એટલે સ્વભાવ તરફની એકાગ્રતા દ્વારા ભાવક તરફનો ભાવ થવા ન દેવો એનું નામ બીજા પ્રકારની સ્તુતિ એટલે ઉંચા નંબરની નંબરના વૃદ્ધિ શુદ્ધિ થઈ એમ. ઉંચી શુદ્ધિ થઈ. પહેલી શુદ્ધિ કરતા આમાં શુદ્ધિ વધી એટલે એને બીજા પ્રકારની સ્તુતિ કહેવામાં આવે છે. અને ત્રીજા પ્રકારની સ્તુતિ ચાલે છે આપણે તો અહીં.

તેને જિતમોહ છે તેને. આવો જેણે કર્યું છે એને. એમ પ્રકાર ત્રીજો વર્ણવવો છેને?

'**જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું...**' પોતાનો જે જ્ઞાયકસ્વભાવ, જ્ઞાનસ્વભાવ ત્રિકાળ સ્વભાવભાવ એ વસ્તુ એની ભાવના, એની એકાગ્રતા શુદ્ધ ઉપયોગ. એકાગ્રતાનું સારી રીતે અવલંબન કરવાથી. લ્યો આ પુરુષાર્થ જુઓ. ક્ષય એની મેળાએ નહિ. આમ સ્વરૂપની પૂર્ણ શુદ્ધતા અને પૂર્ણ સ્વરૂપ એનું સારી રીતે અવલંબન લેવું એ પુરુષાર્થથી લેવાય છે. પંડિતજી! આહા..હા..! '**સારી રીતે અવલંબન કરવાથી મોહની સંતતિનો...**' જે કર્મના ઉદય તરફના વલણના ભાવનો '**અત્યંત વિનાશ...**' એ નાશ થવો એટલે અભાવ થવો. ઓલામાં જીતવું હતું. આમાં નાશ થવો છે. કઈ રીતે વર્ણવ્યું જુઓને. આ કહે છેને જ્ઞાન માર્ગ, ભક્તિ માર્ગ અને ક્રિયા માર્ગ એમ ત્રણ કહે છેને? એ કહે છે જ્ઞાનમાર્ગ તો સ્વરૂપનું આ. ભક્તિ માર્ગ ક્યો? આ ભક્તિમાર્ગ. જ્ઞાનમાર્ગ આમ કહેવો, ભક્તિ માર્ગ આમ કહેવો અને ક્રિયા માર્ગ ત્રણ માર્ગ છે. ત્યારે એણે ખુલાસો કર્યો છે. ભક્તિમાર્ગ એટલે શું? પોતાના ત્રિકાળી સ્વભાવનું ભજન એકાગ્ર થવું એ ભક્તિ માર્ગ છે. એ ભજન છે એ ભક્તિ. કહો, તમારે આવ્યું કે નહિ? સાહેબની બંદગી. 'કબીર કહે કમાલકું દો બાદ સીખ લે. એક સાહેબકી બંદગી, .. દે.' એ બધી વાત. એ આવ્યું હતું અમારે. કબીરના શ્લોક આવ્યા હતાને ત્યાં ભેટમાં. પાલેજ આવ્યું હતું. વાંચ્યું હતું પહેલું. એ નહિ, એ સ્તુતિ નહિ.

અહીંયાં તો ભક્તિની વ્યાખ્યા એ કે આત્મા અનંત આનંદ અને અનંત જ્ઞાનસ્વરૂપ છે આત્મા વસ્તુ. વસ્તુ છેને? સત્ત્વ છેને પદાર્થ? એમાં જડ છે એમાં આત્મા વસ્તુ તત્ત્વ છે. તો એ તત્ત્વમાં જે એનો ભાવ અનંત અંનત કારણ કે એનો ભાવ છે એની મર્યાદા ન હોય. એ તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવા જે એના સ્વભાવ એવા સ્વભાવનું એકરૂપ જે આત્મા એમાં એકાગ્ર થવું એનું નામ ભક્તિ છે. એનું નામ આત્માનું ભજન. નિજનું ભજન. પરમાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન. એક સમયમાં પૂર્ણ ઈદં. પૂર્ણ વસ્તુ. વસ્તુ હોય એ પૂર્ણ જ હોયને. વસ્તુ કાંઈ અપૂર્ણ હોય? એવો જે ભગવાન અંદર આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ. એના તરફનો ઝુકાવ, એના તરફનું વલણ, એની સન્મુખતાનો એનો સ્વીકાર. એને અહીંયાં ભક્તિ અને ભજન કહેવામાં આવે છે. ભગવાન... ભગવાન... ભગવાન... કરે એ તો બધો રાગ છે એ તો બધો શુભવિકલ્પ છે. આહા..હા..! કહો, શિવલાલભાઈ!

મુમુક્ષુ :- સાચી ભક્તિ આ.

ઉત્તર :- આ? પછી ઓલી ખોટી? આ સાચી ભક્તિ. ભક્તિનો અર્થ ભજવું. ભજવું એનો અર્થ કે જેને મોટપ દેવી. પોતે મહાપ્રભુ છે ચૈતન્યસ્વરૂપ એની મોટપ અંદર આવવી એ મોટપ આવવી એનું નામ ભક્તિ અને બીજાની હીણપ થવી. અલ્પજ્ઞતા, રાગ અને નિમિત્ત એની હીનતા થવી અને આની મોટપ થવી. ભગવાનને ભજવા છેને? એ ભગવાન આ

પોતે ભગવાન છે. આહા..હા..! સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે જ છે. એના સન્મુખની એકાગ્રતા એવી એકાગ્રતા કે જે રાગની ઉત્પત્તિ ન થાય અને જેનો અભાવ થાય એવી એકાગ્રતાને ત્રીજા નંબરની સ્તુતિ. શું કીધું જુઓ.

'**જ્યારે પોતાના સ્વભાવભાવની ભાવનાનું...**' હવે એ તો શબ્દો થયા. ભગવાન આત્મા અંતર જેનું સ્વરૂપ બેહદ અનંત આનંદસ્વરૂપ છે એનું. એ આનંદ અને જ્ઞાન જેનો અનંત અપરિમિત સ્વભાવ, એની ભાવના. એમાં એકાગ્ર થવું. ભાવમાં ભાવના. ભાવની ભાવના. આહા..હા..! ત્રિકાળી વસ્તુ ભગવાન પોતે શુદ્ધ આનંદકંદ છે એ. એની ભાવના. એના સન્મુખનું સારી રીતે અવલંબન લઈને. છે? '**મોહની સંતતિનો અત્યંત વિનાશ એવો થાય...**' રાગ અને વિકારની ઉત્પત્તિનો અભાવ થાય અને સ્વભાવની દશા ક્ષાયિક .. ઉત્પન્ન થાય એને ભક્તિ કહે છે. પંડિતજી! છે? '**અત્યંત વિનાશ એવો થાય કે ફરી તેનો ઉદય ન થાય—**' મૂળમાંથી છેદી નાખે એમ કહે છે. રાગને, પરતરફના વલણના ભાવને સ્વતરફના ચૈતન્યની સાવધાનીના ભાવથી તે પરતરફના સાવધાનીના ભાવનો અભાવ કરે એ ઉદય જ ન થાય, એટલે પ્રગટ જ ન થાય. આહા..હા..! એવી અંતર ભગવાન પરમાનંદ સ્વરૂપ પોતે એમાં લીન થવું કે જેથી રાગની ઉત્પત્તિ જ ન થાય, એનો અભાવ થાય એનું નામ આત્માની ક્ષાયિક ભક્તિ, ક્ષીણ ભક્તિ કહેવામાં આવે છે. કહો, સમજાણું? આ ભક્તિ. એય..! વજુભાઈ! આ તમારા બાપ ભક્તિ કરતા કે નહિ સવારમાં? લ્યો આ ભક્તિ કહે છે. ઓલી ભક્તિ તો શુભરાગ. એમાં પાછો ધર્મ માનવો એ તો મિથ્યાત્વ છે. આહા..હા..!

અહીંયાં પોતાનો સ્વભાવ, વસ્તુ છેને આત્મા. તત્ત્વ છે કે નહિ? પદાર્થ છે કે નહિ? તો વસ્તુ છે તે શાશ્વત છેને? એની કાંઈ ઉત્પત્તિ છે? નાશ છે? એ તો છે અનાદિ. એનો કોઈ સ્વભાવ છે કે નહિ? જ્યારે કાયમ વસ્તુ છે તો એનો કાયમી સ્વભાવ પણ હોય કે નહિ? સ્વભાવવાન સ્વભાવ વિના હોય? તો એનો જ્ઞાનસ્વભાવ એ ભાષા લીધી જુઓ. પોતાના સ્વભાવભાવ. અંતરમાં ભગવાન આત્માનો જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવભાવ. સ્વભાવભાવ. ત્રિકાળ સ્વભાવભાવ. એની ભાવના. એની એકાગ્રતા. નવરંગભાઈ! કહો, સમજાય છે આ? આ તમારા મામા ભક્તિ કરતા એનાથી બીજી જાતની ભક્તિ છે આ તો. સ્વભાવભાવની ભાવના. અંતર પરમાત્મસ્વરૂપ જ પોતે ધ્રુવ ચૈતન્યઘન છે. એવા સ્વભાવભાવ વસ્તુ છે એનો સ્વભાવભાવ ત્રિકાળ અવિનાશી. એની ભાવના. એનો સ્વીકાર. એનો આદર, એમાં લીનતા, તેમાં રમણતા એનું નામ સાચી આત્માની ભક્તિ અને ભગવાનની ભક્તિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

'**ભાવક મોહનો ક્ષય...**' એમ ભાવકરૂપ મોહ ક્ષીણ થાય. લ્યો! ભાવકમોહ. ભાષા જુઓ. કે જે ભાવક રાગને ઉત્પન્ન થવામાં નિમિત્ત કર્મ જે હતું એના તરફનું વલણ છોડી,

પુરુષાર્થ દ્વારા દેખ્યું. અંતરનો ચૈતન્ય સ્વભાવ જ્ઞાન અને આનંદ સ્વભાવ એનું અવલંબન સારી રીતે લઈને. એમ કીધુંને? અવલંબન તો લે છે, સમ્યગ્દર્શન તો છે, જિતમોહ પણ છે. એની વાત છેને? આહા..હા..! આમાં એમ નથી એમ કહ્યું કે કર્મ મંદ પડે તો ઉપશમ શ્રેણી થાય અને આમ નાશ થાય તો ક્ષપક શ્રેણી થાય.

મુમુક્ષુ :- એ બીજા શાસ્ત્રમાં.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં તો નિમિત્તના કથન છે. બીજા શાસ્ત્રમાં આવેને ત્યાં મોહનીય કર્મને લઈને આમ થાય. એ ચારિત્રમોહનીયને લઈને આમ થાય. ક્ષયોપશમથી આમ થાય. એ તો વ્યવહારની વાતું અંદરથી કહી છે. પોતાના પુરુષાર્થથી ઉલટો પડે છે ત્યારે કર્મના નિમિત્તથી આમ થયું એમ કહેવામાં આવે છે અને પુરુષાર્થથી જ્યારે સ્વભાવ તરફ વળે છે ત્યારે કર્મનો ક્ષયોપશમ અને ક્ષય થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે. કહો, સમજાણું? આ તો વસ્તુસ્વરૂપ જેને ભગવાન આત્મા પોતાની ચીજ છે એને પ્રાપ્ત કરવી હોય એની વાત છે. આમ તો બહાર પોતાને મૂકીને બીજાને પ્રાપ્ત કરવા મથી રહ્યો છે. શરીરને, વાણીને, મનને, આબરૂને, પૈસાને, પુણ્યને, પાપને. એ કાંઈ એની ચીજ નથી, એ કાંઈ એની ચીજ નથી, એવી એ ચીજ નથી.

મુમુક્ષુ :- ત્યારે પ્રાપ્ત કેમ થાય? એની નથી તો.

ઉત્તર :- આ એ કીધુંને. એ પ્રાપ્ત દૃષ્ટિ કરે છે એના ઉપર. આનીકોર પ્રાપ્ત કરવાની દૃષ્ટિ કરતો નથી અને આમ કરે. હું રાગ છું, હું પુણ્ય છું, હું પાપ છું, હું આ છું. તો આમ દૃષ્ટિ કરે છે માટે એને પ્રાપ્ત વિકાર થાય છે. આહા..હા..! બહુ આકરું કામ છે.

મુમુક્ષુ :- સરળ છે.

ઉત્તર :- સરળ કામ છે, પણ પુરુષાર્થ અનંતો માગે છે એમ કહે છે. એ કાંઈ વાતે વડા થાય એવું નથી. અંતર ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પોતે સત્‌શાશ્વત જ્ઞાન અને આનંદનું ધામ. એના તરફનું સારી રીતે અવલંબન લઈને. અવલંબન તો લીધું હતું સમ્યગ્દર્શન જિતેન્દ્રિયમાં અને જિતમોહમાં. પણ અહીં સારી રીતે અવલંબન લઈને એમ ભાષા લીધી છે. આહા..હા..!

કહે છે એવા **'મોહની સંતતિનો અત્યંત વિનાશ...'** આહા..હા..! ગધેડા ખાયને ઘાસ એ મૂળ ઉપાડીને ખાય. મૂળમાંથી ઉપાડીને ખાય. આ ડાહ્યો માણસ, ઓલો ગધેડો અને આ ડાહ્યો. ગાય ખાય એ ઉપરથી તોડી તોડીને ખાય. મૂળીયા રહે. ગધેડો ખાય એ તો ખેંચીને ખાય આખું. ફક્ત ત્યાં ગધેડો અને અહીંયાં સમજુ ચતુર. ભગવાન આત્મામાં. આહા..હા..! પૂર્ણાનંદ તરફ જુકાવ થઈને અંદર એટલો અવલંબન જેને સ્વભાવનું લીધું કે જેના અવલંબનથી મોહનો અત્યંત નાશ થઈ જાય. લ્યો! 'ત્યારે (ભાવક **મોહનો ક્ષય**

**થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે...'** લ્યો! ઓલો કર્મના નિમિત્તનો નાશ થયો તો નિમિત્તના અનુસરીને થતો જે વિકાર એનો પણ નાશ થયો. એમ કહ્યું. **'અને એ રીતે) ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે...'** ભાષા કોઈ દિ'. ભાવ્યભાવક ભાવ એટલે કે કર્મનો સંબંધ, કર્મ એક વસ્તુ છે અંદર. કે જેમાં અનુસરીને, એને અનુસરીને વિકાર થાય. સ્વભાવને અનુસરીને કાંઈ વિકાર ન થાય. પોતે શુદ્ધ આનંદકંદ છે. એટલે કે ભાવક જે મોહ એનો ક્ષય થવાથી એમ કહ્યુંને એણે પહેલું? **'આત્માના વિભાવભાવરૂપ ભાવ્યભાવનો પણ અભાવ થાય છે...'** ત્યારે તેના તરફના વલણવાળો વિકાર એવો જે ભાવ્ય. ભાવકનો સંબંધી ભાવ્ય એવો જે ભાવ. એનો નાશ થાય. સ્વભાવમાં ઉગ્રતાપણે આનંદમાં અંતર રમે, ઉત્કૃષ્ટ ઉગ્રપણે. અહીં તો હજી સ્તુતિનું વર્ણન છેને. બારમા ગુણસ્થાને પરમાત્માને પામે બસ એટલું. એ કેવળજ્ઞાન પછી એનું ફળ નાખ્યું. વસ્તુ અંદર પૂર્ણ સ્વરૂપ એને સન્મુખ સારી રીતે આ ભાવ લેવાથી. આમ અનાદિનું અવલંબન રાગનું, પર્યાયનું નિમિત્તનું છે એ તો સંસાર છે રખડવાનું. અંદર પૂર્ણાનંદ પ્રભુ, એના ભાવનું અવલંબન લેવાથી અંદર.

**'મોહનો ક્ષય થવાથી આત્માના વિભાવરૂપ ભાવ્યભાવકનો પણ અભાવ થાય છે અને એ રીતે) ભાવ્યભાવક ભાવનો અભાવ થવાને લીધે એકપણું થવાથી...'** શું કીધું? સ્વભાવમાં એકપણું થવાથી. ઓલું કર્મના સંગ તરફના વલણવાળાના વિકારની અનેકતા ઉત્પન્ન થતી. આહા..હા..! ભારે આ કાયદા ઝીણા! કર્મ તરફના વલણમાં વિકારની અને અનેકતા ઉત્પન્ન થતી. એ સ્વભાવ તરફના વલણમાં એકરૂપ ઉત્પન્ન થયો. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... આનંદઘન. કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ છે ભાઈ! ભક્તિ આનું નામ સાચી કહેવાય. તંબુરા વગાડે અને ભજન કરે આમ આમ કરે, ઢોલક વગાડે. નાગરભાઈ! એ ભજન નહિ કહે છે. એ તો શુભરાગનું ભજન છે. સાચું ભજન તો આને પરમાત્મા કહે છે. આહા..હા..! જેના અંતર પરમાત્મા કહેશે. પરમાત્માને પ્રાપ્ત કહે છેને ક્ષીણમોહ છેને? બારમે ગુણસ્થાને પરમાત્મા થયો એમ કહે છે. આહા..હા..!

**'ભાવ્યભાવકનો અભાવ થવાને લીધે એકપણું થવાથી...'** ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વભાવરૂપ નિજપદ એમાં એકપણું થવાથી. આ અંતરમાં એકાગ્ર થવાથી જેટલી શુદ્ધતા પ્રગટે એ બધી એકરૂપે છે. સમજાય છે કાંઈ? શક્તિમાં પૂર્ણસ્વરૂપ છે વસ્તુ. એમાં એકાગ્ર થવાથી શુદ્ધતાના અંશો જે પ્રગટે, પણ એ બધું એકરૂપ છે એમાં કાંઈ ખંડ છે નહિ. આહા..હા..! **'એકપણું થવાથી ટંકોત્કીર્ણ (નિશ્ચલ) પરમાત્માને પ્રાપ્ત થયેલો...'** લ્યો! આહા..હા..! એ પરમાત્મા પોતાનો સ્વભાવ તેને પ્રાપ્ત થયો. કહો, સમજાણું કાંઈ? પોતાના નિજસાહેબને પ્રાપ્ત થયો એમ કહે છે. બીજો સાહેબ નહિ. એને માથે બીજો કોઈ સાહેબ

ઈશ્વર છે પરમાત્માને. બીજો છે તો એનો. એનો સાહેબ એનો. આહા..હા..!

વસ્તુ છે એમ એની કબુલાત કરે, પછી તે વસ્તુ નિત્ય છે અને તે નિત્ય છે તો એના નિત્ય ભાવો જે છે એનું એમાં પરિણમન કરે. અને એને ભોગવે. અને એ પરિણમન પૂર્ણ નિત્ય થાય એનું નામ મોક્ષ અને એનો ઉપાય આ સ્વભાવમાં એકાગ્ર થવું તે. આવી વાત ક્યાં ભારે! ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, દાન દેવું, અપવાસ કરી નાખો સહેલું સટ. એ બધો રાગ છે સાંભળને.

મુમુક્ષુ :- દાન દેવામાં તો ઘણી મુશ્કેલી છે.

ઉત્તર :- શું મુશ્કેલી છે? એય..! એમાં શું છે? રાગ મંદ કરીને .. એમાં છે શું? ક્યાં એના હતા? એના ક્યા હતા પૈસા? પૈસા તો જડ છે. પૈસો તો જડ થઈને રહ્યો છે. આ શરીર જડ થઈને રહ્યું છે. આત્મા થઈને રહ્યું છે આ? આત્મા તો અરૂપી જ્ઞાનઘન ભિન્ન છે. પૈસો અજીવ થઈને રહ્યો છે. હવે અજીવ થઈને રહ્યો છે એને દેવામાં કહે છે બહુ મુશ્કેલી એમ કહે છે. એય..! શિવલાલભાઈ! સંઘરવામાં મુશ્કેલી મમતા. સાચવવામાં મમતા, આ વાપરવામાં રાગ. લ્યો! પરતરફનું વલણ છેને એ? ભલે રાગ મંદ હો. પણ એ શુભભાવ છે, પુણ્ય છે. એ ધર્મ નથી. આહા..હા..!

કહ્યું હતુંને પહેલું ૮૧ની સાલમાં એ. ..માં દરબાર .. હતાને વ્યાખ્યાનમાં આવ્યા. છેલ્લે દિ' આવ્યા. એણે કહ્યું કે મારે આવું છે બીજે દિ'. લાલચંદભાઈ કહે દરબાર તો આમ કહે છે. ભાઈ એ કહે કે ન કહે. અમે તો સવારમાં નીકળી જવાના છે. મહારાજ.. ઉઠી ગયા પછી આવ્યા એક ઓલા લગડી-લગડી. મોહનલાલ? મોહનભાઈ. મોહનભાઈ આ ..નો બાપ. ... આ લીંબડીમાં .. નથી આ શિવલાલભાઈની દીકરી? એનો બાપ હતા મોહનલાલ. એ ૮૧ની વાત છે. તો કાંઈક આપ્યા હતા ૩૦-૪૦ હજાર રૂપિયા કાંઈક પાઠશાળામાં તે દિ'. ૮૧ની વાત છે. એ હું જ્યાં ઉઠીને વયા ગયા. .. બહાર બેઠા હતા. હું ને જીવણ બે જ હતા. આવ્યા. મહારાજ! આ પૈસાવાળાનું કાંઈ સ્થાન ખરું ધર્મમાં કાંઈ? તમે તો પૈસાવાળાને કાંઈક ગણતા જ નથી. આ વ્યાખ્યાનમાં આવતા. એમ કે અમે ૨૫ હજાર, ૫૦ હજાર વાપર્યા. પાઠશાળા કાંઈક કરી હતી. ત્રણ ભાઈએ નાખ્યું. હતાને ત્રણ ભાઈઓ? ઉગ્રસેન, કેશવલાલ અને મોહનલાલ ત્રણ. મેં કીધું પૈસાવાળાનું ધર્મમાં સ્થાન જ નથી. પૈસાવાળો જ આત્મા નથી. એય..! શિવલાલભાઈ!

ધર્મના સ્થાનમાં તો વીતરાગભાવ એનું અહીં સ્થાન છે. આહા..હા..! બાબુભાઈ! પૈસાવાળાનું સ્થાન ધર્મમાં. પણ પૈસાવાળો પણ અજીવવાળો આત્મા કે દિ' હતો? અજીવવાળો આત્મા? આહા..હા..! અહીં તો રાગવાળો આત્મા માનવો એ મિથ્યાભ્રમ અજ્ઞાન છે. આહા..હા..! કહો, પૈસાવાળો માનવો એ મોટી ભ્રમણા છે. એ તો જડચીજ છે. આ તો

તું ચૈતન્ય અરૂપી આનંદઘન છો. એની તારી જડ ચીજ કેમ થઈ ગઈ તારી? પૈસા પણ વાપરવા મુશ્કેલ પડે એમ કહે છે આ બધા. પૈસાવાળો છેને. પણ બધા આપી દે કાંઈ? થોડા ઘણા વપરાય પાંચ-પંદર હજાર. આહા..હા..! કોણ આપે અને કોણ લે? એ રજકણ પણ દેવું કે લેવું એ આત્માના અધિકારની વાત જ નથી. આહા..હા..! રાગને ટાળવો એ પણ અધિકારની વાત નથી તો રાગને રાખવો અને રજકણ દેવા-લેવા એ અધિકારની વાત નથી. આહા..હા..! એ સ્વભાવમાં જતા રાગ ટળી જાય છે એને ટાળવો એમ વ્યવહારે કહેવામાં આવે. એને ઠેકાણે પૈસા લેવા દેવા. આહા..હા..!

કહે છે '**એકપણું થવાથી...**' અંદર સ્વભાવ કર્મના નિમિત્તના અનુસરીને થતી વિકારની અનેકતા એને સ્વભાવના અવલંબનની એકતા દ્વારા નિશ્ચલ થઈને પરમાત્માને પ્રાપ્ત થયો. આહા..હા..! અંદર પરમસ્વરૂપ ભગવાન વીતરાગ નિર્મળ આનંદ નિર્દોષ એવો જે સ્વભાવ એને પ્રાપ્ત થયો. કહો, દીપચંદજી! ભારે આ. નવા માણસને તો આ સમજવું કઠણ પડે. ઓલું એવું લાગે ભક્તિ કરો, ભજન કરો, દરરોજ દેવદર્શન કરો એ તમારું અવશ્ય કર્તવ્ય છે. આવે છે કે નહિ? શું? પૂજા, દેવપૂજા, ગુરુપ્રાપ્તિ, દયા, દાન, સંયમ એ તમારા છ કર્તવ્ય એ તો બધા શુભરાગની વાતું છે. નિશ્ચય તો એ કર્તવ્ય જ નથી. નિશ્ચય કર્તવ્યમાં તો નિયમસારમાં લઈ લીધુંને. '**णियमेण य जं कज्जं**' નિયમથી ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ આનંદ, એની અંતર શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ નિયમથી એનું કર્તવ્ય છે. લ્યો! એને અહીંયાં પરમાત્માને પ્રાપ્ત થયો. પૂર્ણાનંદ સ્વરૂપ જેવું અંદર હતું. એની અહીં સ્તુતિ છેને ઉત્કૃષ્ટ. હજી કેવળજ્ઞાનની પ્રાપ્તિ નથી. સ્તુતિનું ફળ. આ તો ગુણગ્રામ કર્યા. પોતાના ભાવમાં ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એના સ્વભાવના અવલંબનથી એકાગ્ર થઈને પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત થયો. '**તે 'ક્ષીણમોહ જિન' કહેવાય છે.**' લ્યો! એણે મોહનો નાશ કર્યો એવા એને જિન કહેવામાં આવે છે. આ ત્રીજી નિશ્ચય સ્તુતિ થઈ. ત્રણ પ્રકારની સ્તુતિમાં ત્રીજા પ્રકારની સ્તુતિ. ત્રીજા નંબરની નહિ, ત્રીજા પ્રકારની. નંબર તો આનો પહેલો ઉંચો છે આ.

'**અહીં પણ પૂર્વે કહ્યું હતું તેમ 'મોહ' પદને બદલી...**' બધા કાલે બોલ કહ્યા હતા. '**રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન—**' બધાને નિમિત્તમાત્રનું વલણ. આ દારૂ, માંસ આદિ. અરે! દાળ, ભાત, રોટલા આદિ લ્યોને એ નોકર્મ છે. એના તરફના વલણની વૃત્તિ જે છે એ રાગ છે. એ બેનો સંબંધ તોડવો. એની સાથે સંબંધ જોડવો એ અસ્તુતિ છે અને સંબંધ તોડવો એનું નામ આત્માની સ્તુતિ છે. ભારે આવું! આવું સ્વરૂપ પણ કેવું? ઓલી ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી એમ બે ઘડી નમો અરિહંતાણં, નમો અરિહંતાણં, ભગવાન... ભગવાન.... ભગવાન... લ્યો બે ઘડી. નવાધા ભક્તિ વિકલ્પ. એ આવા ભાનસહિત હોય

તો ઓલાના વ્યવહાર કહેવામાં આવે છે. પછી એ પ્રમાણે લઈ લેવું લ્યો. **'અને આ પ્રકારના ઉપદેશથી બીજા પણ વિચરવાં.'** કાલે કહ્યું હતું.

**'ભાવાર્થ :- સાધુ પહેલાં પોતાના બળથી ઉપશમ ભાવ વડે મોહને જીતી,...'** આ બીજા બોલથી લીધું. સમ્યગ્દષ્ટિ જીવ, પહેલી તો ઇન્દ્રિયોને જીતે. એટલે ખંડ ખંડ ઇન્દ્રિય જે જ્ઞાનનો અંશ એક એક વિષયને જણાવે તેની રુચિ છોડી દે. જડની આ જડ ઇન્દ્રિયો આ જડ માટી. શરીરના પરિણામ પ્રાપ્ત. ભગવાન ચૈતન્યમૂર્તિ અંદર. આ ચૈતન્ય. એની રુચિ છોડી દે અને એના વિષયની રુચિ છોડી અને જ્ઞાયકભાવની અંતર દૃષ્ટિ રુચિ કરે એને જિતેન્દ્રિય જિન ધર્મની શરૂઆતવાળો જિન કહેવામાં આવે છે. કહો, નાગરભાઈ! સમજાય છે આ? નવરાશ નથી.

અને બીજા નંબરની સ્તુતિ અહીં **'પોતાના બળથી ઉપશમ ભાવ વડે મોહને જીતે,...'** ઠારે. જેમ પાણીમાં મેલ હોય એને અંદર ઠારે. પાણી નીતરે. મેલ ટળ્યો નથી. બેસાડ્યો છે અંદર. એમ પોતાના પુરુષાર્થ કરવા ઓલા પુરુષાર્થ દ્વારા મોહને ઠારે, **'પછી જ્યારે પોતાના મહા સામર્થ્યથી મોહનો સત્તામાંથી નાશ કરી...'** પોતાના મહા સામર્થ્ય દ્વારા દેખો. અંતર મોક્ષ સ્વભાવના સામર્થ્ય દ્વારા સત્તામાંથી મોહનો નાશ કરે. **'જ્ઞાનસ્વરૂપ પરમાત્માને પ્રાપ્ત થાય...'** પોતાનો ભગવાન જ્ઞાતા-દૃષ્ટા એવો જે એનો સ્વભાવ એને એ પ્રાપ્ત થાય. **'તેને ક્ષીણમોહ જિન કહેવાય છે.'** લ્યો!

## શ્લોક-૨૭

**હવે અહીં આ નિશ્ચય-વ્યવહારરૂપ સ્તુતિના અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-**

(શાર્દૂલવિક્રીડિત)

एकत्वं व्यवहारतो न तु पुनः कायात्मनोर्निश्चया-
न्नुः स्तोत्र व्यवहारतोऽस्ति वपुषः स्तुत्या न तत्तत्त्वतः।
स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे-
न्नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयोः।।२७।।

શ્લોકાર્થઃ- [कायात्मनोः व्यवहारतः एकत्वं] શરીરને અને આત્માને વ્યવહારનયથી એકપણું છે [तु पुनः] પણ [निश्चयात् न] નિશ્ચયનયથી એકપણું નથી; [वपुषः स्तुत्या

नु: स्तोत्रं व्यवहारत: अस्ति ] માટે શરીરના સ્તવનથી આત્મા-પુરુષનું સ્તવન વ્યવહારનયથી થયું કહેવાય છે, અને [तत्वत: तत् न] નિશ્ચયનયથી નહિ; [निश्चयत:] નિશ્ચયથી તો [चित्स्तुत्या एव] ચૈતન્યના સ્તવનથી જ [चित: स्तोत्रं भवति] ચૈતન્યનું સ્તવન થાય છે. [सा एवं भवेत्] તે ચૈતન્યનું સ્તવન અહીં જિતેન્દ્રિય, જિતમોહ, ક્ષીણમોહ-એમ (ઉપર) કહ્યું તેમ છે. [अत: तीर्थकरस्तवोत्तरबलात्] અજ્ઞાનીએ તીર્થંકરના સ્તવનનો જે પ્રશ્ન કર્યો હતો તેનો આમ નયવિભાગથી ઉત્તર દીધો; તે ઉત્તરના બળથી એમ સિદ્ધ થયું કે આત્માને અને શરીરને એકપણું નિશ્ચયથી નથી. ૨૭.

## શ્લોક-૨૭ ઉપર પ્રવચન

'હવે અહીં આ નિશ્ચય-વ્યવહારરૂપ સ્તુતિના અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :- -' હવે કાવ્ય કહે છે. ૨૭ને?

(शार्दूलविक्रीडित)

एकत्वं व्यवहारतो न तु पुन: कायात्मनोर्निश्चया-
नन्नु: स्तोत्र व्यवहारतोडस्ति वपुष: स्तुत्या न तत्तत्त्वत:।
स्तोत्रं निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव सैवं भवे-
न्नातस्तीर्थकरस्तवोत्तरबलादेकत्वमात्माङ्गयो:।।२७।।

'कायात्मनो: व्यवहारत: एकत्वं' **'શરીરને અને આત્માને વ્યવહારનયથી એકપણું છે...'** વ્યવહારથી એટલે એક ક્ષેત્રે રહ્યા છે અને એક બીજાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, ભગવાન અરૂપી જ્ઞાનઘન ચૈતન્ય અને આ તો જડ માટી. બેને વ્યવહારથી, નિમિત્તથી એમ કહેવામાં આવે કે આ બે એક છે. વસ્તુસ્થિતિ એક છે નહિ. **'પણ નિશ્ચયનયથી એકપણું નથી;...'** દેહના રજકણે રજકણથી પ્રભુ આત્મા તો અંદર જુદો છે.

મુમુક્ષુ :- આ કેદીની વાત છે?

ઉત્તર :- આ અત્યારની. ઓલા કહેને જીવતા શરીર હોય તો આમ જાય જાવું હોય ત્યાં. ખાય-પીવે. અરર! કોણ ખાય-પીવે? આવું ખાણિયા ચર્ચામાં મૂક્યું હતું લ્યો. કોણ ખાય? રજકણો ખાય? આ દાળ, ભાત, રોટલા. દાળ-ભાત તો જડ છે અજીવ. આત્મા અરૂપી જ્ઞાનઘન છે.

મુમુક્ષુ :- થાળીમાં લઈને

ઉત્તર :- કોણ ખાય છે? એના તરફના વલણવાળી રાગની વૃત્તિ કરે, રાગને ખાય.

રાગને અનુભવે. જડને અનુભવે આત્મા? એ તો જડ છે. કૂતરાને હાડકું નથી આપતા? કૂતરું હાડકાને ચાવે, હાડકું-હાડકું.. તો એની અણી વાગે દાઢમાં. તો એ લોહી નીકળે એને ચાટે છે. એ માને છે કે હાડકામાંથી લોહી નીકળ્યું. ખરેખર ટૂંકું હાડકું ચાટતાં દાઢમાં અણી વાગે અને લોહી નીકળે એને ચાંટે તો. એમ અજ્ઞાની શરીર સ્ત્રીનું, દાળ, ભાત, રોટલા, મકાન પૈસા એ તો બધા જડ સૂકા હાડકા જેવા છે. એના તરફનું વલણ કરીને ઠીક છે આ. એવો રાગ એ પોતામાંથી રાગ ઓલો લોહી કાઢીને અનુભવે છે એમ આ રાગ કાઢીને રાગને અનુભવે છે. આ પોંક બોક ન ખાઈ શકે એમ કહે છે આમાં. તમારે તો બહુ હોય ત્યાં પોંક ખેતરમાં. બાજરાનો પોંક ને જુવારનો પોંક. અમારે ત્યાં પાલેજમાં જુવાર બહુ સારી. અહીં આપણે આ બાજુમાં એ નથી. ત્યાં જુવારનો પોંક બહુ મીઠો. બહુ જુવાર મીઠી થાય ગુજરાત. અહીં જુવાર એવી ન હોય. ત્યાં તો જુવાર મીઠી. બહુ મીઠી જુવાર. એને ખાઈ શકે આત્મા?

એક ફેરી ગયા હતા પોંક ખાવા. ખેતરમાં લઈ ગયો. વોરો હતો ગ્રાહક હતો. એ કહે આવો આવો ઘરે આવો. અમારે કુંવરજીભાઈને હું ગયા હતા. .. વાતું. ૬૬-૬૭ની વાત છે. પોંક ખાવા ખેતરમાં ગયા હતા પાલેજથી. ઓલા ગ્રાહક હતાને ગ્રાહક? એ કહે આવો. ... નગર. ખેતરમાં તો જુવારનો પોંક એવો હતો આમ. એ બધી જુવાર.. જુવાર ખાતા હશે એ આત્મા? જુવાર તો જડ છે, અજીવ છે, રૂપી છે, મૂર્ત છે. એને આત્મા ખાય? એના તરફના વલણ આ ઠીક છે એવો જે રાગ ઉત્પન્ન કરે એ રાગને ચાટે છે. ઓલો કૂતરો લોહીને ચાટે એમ આ રાગને અનુભવે છે. શું કહેવાય તમારે ઓલા ઘઉંનું કરે એ? બાજરીયું? ગાગરીયું. એ અમને ત્યાં ગયા ગાગરીયું કર્યું હતું. મહેમાનને જમાડવામાં. બે-ત્રણ ચીજ હતી નહિ? ખબર છે શિવલાલભાઈ? આવ્યા હતા તમે? .. એક .. કર્યું હતું. કણબી છેને એ તો? ખેડુ-ખેડુ. ખેડુ એટલે કણબી. કણને વાવે એમ. કણને વાવે બી. કણ વાવે એ બી ભોગવે, કણ રાખીને બી ભોગવે એનું નામ કણબી. પોતાની જાતના ભાવ આનંદને રાખી અને રાગનું વેદન ગૌણપણે કરે એનું નામ કણબી કહેવાય. એ આવે છે બનારસીદાસમાં. બનારસીવિલાસ છેને? બનારસી વિલાસ. કણબી. કણ-કણ અને બી. બી રાખી કણ ભોગવે. અમુક તો બી રાખેને વાવવાનું કે બધું ખાઈ જાય? એમ આત્મા આનંદસ્વરૂપ ભગવાન એનું બીજડું દૃષ્ટિમાં રાખીને રાગાદિના પરિણામ હોય એને ગૌણપણે વેદે એમ કહેવામાં આવે. આહા..હા..! એવી વાત છે. એને ભૂલીને વેદે એ કણબી જ નહિ. એ આત્મા જ નહિ કહે છે. આહા..હા..!

કહે છે '**વ્યવહારનયથી એકપણું છે પણ નિશ્ચયનયથી એકપણું નથી;...**' બે તદ્દન રજકણે રજકણ જુદાં. કાશી ઘાટનો કળશો હોય અને એમાં પાણી ભર્યું હોય તો પાણી અને કળશો બે જુદી ચીજ છે એક? તો આ કાશી ઘાટનો કળશો જુઓ આ. ... છેને?

આ હાડકાનો કળશ છે. ભગવાન આનંદ જળ, જ્ઞાન જળ અંદર અરૂપી ચૈતન્ય ભિન્ન છે. ત્યારે ઓલો પ્રશ્ન કરતો હતો. ઓલો મોટો ડોક્ટર છે. આ નૌતમભાઈનો જમાઈ. આવ્યા હતાને આ. ચંદ્રકાંતભાઈ. આ આત્મા ક્યાં રહેતો હશે? આ તો ડોક્ટર છે. ઓલો રૂપાળો એક નહોતો? ... આત્મા ક્યાં હશે? આત્મા છે ક્યાંય? શું હશે? એમ કહે લ્યો! મારા આવો પ્રશ્ન કરે લ્યો! ૩૦-૩૨ વર્ષે હવે ડોક્ટરમાં પાસ થયો.

મુમુક્ષુ :- અંત ક્યારે આવશે?

ઉત્તર :- એ પછી વળી એ રાતે. એ રાતે. આ આત્માનો છેડો અંત કે દિ' આવશે કહો. પણ આ તો ડોક્ટર થયા. તો આનું કાંઈ ભાન ન મળે. કહ્યું હતુંને તે દિ'. ૭૭માં. ઓલા શિવલાલ પાનાચંદ. મોટી પરીક્ષા દીધીને. આઈ.સી. એડવર્ડ. એની સાથે આપી હતી. પહેલા નંબરે પાસ થયો હતો શિવલાલ પારેખ, નાગનેશ, વિશાશ્રીમાળી. બીજે એ એડવર્ડ પાસ થયો હતો. પણ હિન્દુસ્તાનને પહેલો નંબર ન આપે એટલે એને નંબર પહેલો ન આપ્યો,, બીજો નંબર આપ્યો.. શિવલાલ પાનાચંદ હુશિયાર મગજ બહુ. આખો કપાટ વાંચે પુસ્તકનો. એ યાદ. ૭૭માં આવ્યા અમારી પાસે વ્યાખ્યાનમાં. વ્યાખ્યાન પૂરું થયુંને આવ્યા. બોટાદ છે મોસાળ. ... મેં પૂછયું કીધું. ૭૦૦ નો પગાર શરૂઆતમાં પહેલો. પછી ૩ હજારનો પગાર થયો મહિને. કલેક્ટર થયો ઓલામાં જેપુર. કીધું આ આત્મા છે એનું કાંઈ વિચાર્યું છે. કહે વાંચ્યું છે કે આત્મા છે હવે એ નિર્ણય કર્યો નથી આત્મા છે કે નહિ. આહા..હા..! આ બધા મોટા અમલદાર. તે દિ' ૭૦૦ના પગારે પહેલો ચડ્યો હતો. પછી છેલ્લે ૩ હજારનો પગાર માસિક. જેપુરમાં કલેક્ટર થયો હતો જેપુરમાં. જેપુર છેને. શિવલાલ પાનાચંદ. બુદ્ધિ બહુ હતી હોં આ રખડવાની. કીધું આત્મા છે એનું કાંઈ વિચાર્યું? કહે હા વાંચ્યું છે, પણ હજી આત્મા છે કે નહિ એનો કાંઈ નિર્ણય કર્યો નથી. છે એનો નિર્ણય કર્યો નથી! આહા..હા..! કેવો છે અને કેમ છે? એ તો વળી પછી. આ બધા રખડી મરવાના રસ્તા. એમાં ૩-૩ હજારના પગાર. મરી જવાના ચાલ્યા. નાની ઉંમરમાં મરી ગયો બિચારો. ૪૮ વર્ષે. ૪૮ વર્ષે મરી ગયો. રોગ કાંઈક થયો. .. થઈ ગયો. શરીરના રોગ છે અનેક પ્રકાર. આહા..હા..! હજી આત્મા છે એનો નિર્ણય કર્યો નથી. છે કે નહિ એનો મેં વિચાર કર્યો નથી. એય..! શિવલાલભાઈ! વાંચ્યું છે કહે. એમ કહ્યું.

અહીં કહે છે શરીર અને આત્મા તદ્દન જુદાં. આત્મા જાણનાર અને શરીર જણાવાયોગ્ય બે ચીજ તદ્દન ભિન્ન છે. આ જણાવાયોગ્ય શરીર છે એ તો. આ છે. આ છે એની એને ખબર છે? આની આને ખબર છે? જ્ઞાનસ્વરૂપની ખબર છે એને. જ્ઞાનસ્વરૂપ આત્માને ખબર છે કે આ શરીર છે, આ શરીર છે. હું શરીર છું એમ નહિ.

**'શરીરના સ્તવનથી આત્મા-પુરુષનું...'** જોયું! **'આત્મા-પુરુષનું સ્તવન વ્યવહારનયથી**

**થયું કહેવાય છે,...'** ભગવાનના ગુણગાન ગાવા, વ્યવહારથી પુણ્યના સ્તુતિ એ બધો વ્યવહાર કહે છે. '**ચૈતન્યના સ્તવનથી જ...**' ભાષા દેખો! '**चित्स्तुत्या एव**' '**चितः स्तोत्रं भवति**' '**चित्स्तुत्या एव**' ચૈતન્ય સ્વરૂપ ભગવાન. '**चित्स्तुत्या**' ચૈતન્ય સ્વભાવ, જાણક સ્વભાવ. એના સ્વભાવની સ્તુતિ એટલે એની એકાગ્રતાથી '**ચૈતન્યનું સ્તવન થાય છે.**' એનું ચૈતન્યનું ત્યારે સ્તવન અને ભક્તિ થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- આ ખરી ભક્તિ છે.

ઉત્તર :- આ ખરી ભક્તિ છે. એ ટૂંકી ભાષા. '**चित्स्तुत्या एव**' '**चितः स्तोत्रं भवति**' ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જાણકસ્વભાવી ભગવાન. એવો ચિત્‌સ્વરૂપની સ્તુતિ, એની સ્તુતિ એટલે એમાં લીનતા, એનો સ્વીકાર અને એનું આચરણ એકાગ્રતા એ ચૈતન્યની સ્તુતિ. એણે ચૈતન્ય સ્વભાવને સ્વીકાર્યો, માન્યો. કેવળનું આવે છેને શ્રીમદ્‌માં? કેવળજ્ઞાન શ્રદ્ધાએ ઉત્પન્ન થયું. એકલો જ્ઞાનપિંડ ચૈતન્ય બિંબ. એમ સ્વીકાર નહોતો અને સ્વીકાર થયો તો કેવળજ્ઞાનમય આત્મા છે. એકલો જ્ઞાનસ્વભાવ ચૈતન્યબિંબ. એવા ચૈતન્યના સ્તવનથી '**चित्स्तुत्या एव**' '**ચૈતન્યના સ્તવનથી જ...**' '**एव**' છેને? '**चितः स्तोत्रं भवति**' '**ચૈતન્યનું સ્તવન થાય છે.**' શું તે આ? આ આત્મા-આત્મા. દસ મહિના આત્મા-આત્મા ઘુંટયો પણ તું કોણ છો એની તને ખબર વિના.

મુમુક્ષુ :- હું કોણ છું?

ઉત્તર :- કોણ છું? ક્યાં છું? કેમ છું? એની ખબર વિના ચાલી નીકળ્યો. વર વિના જાન જોડી દીધી.

કહે છે એ ચૈતન્યનું '**सा एवं भवेत्**' '**તે ચૈતન્યનું સ્તવન અહીં જિતેન્દ્રિય, જિતમોહ, ક્ષીણમોહ-એમ** (ઉપર) **કહ્યું તેમ છે.**' શું કહ્યું એ? ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્મા. જુઓ એ ચિત્‌સહિત વસ્તુ ચૈતન્ય સ્વભાવી આત્મા. રાગ અને પુણ્ય એ કાંઈ આત્મા નહિ અને અલ્પજ્ઞદશા એ નહિ આત્મા. અહીં તો ચિત્‌. એમ કીધુંને? એકલું ચિત્‌, એકલું જ્ઞાન, એકલું જ્ઞાન, પૂર્ણ જ્ઞાન. વસ્તુ છે એ જ્ઞાનસ્વરૂપ પૂર્ણ વસ્તુ એવું પૂર્ણ જ્ઞાનસ્વભાવ એની સ્તુતિ એટલે તેના તરફની એકાગ્રતા એ એના વખાણ કહેવાય. એ એનું સ્તવન કહેવાય. આ કઈ જાતની વાતું! આ વાત છે ભાઈ! દસ લાખના મોટા મંદિર બનાવે. મોમ્બાસામાં બનાવ્યુંને ક્યાં? મોમ્બાસા. કોઈએ પચાસ હજાર આપ્યા, કોઈએ લાખ આપ્યા બધાને એમ થઈ ગયું. આહા..હા..! આપણે જાણે ધર્મ કર્યો. ધૂળેય ધર્મ નથી. વિલાયતમાં જાયને હમણા કાંઈક છે. .. એક મંદિર બનાવે છે એવું કાંઈક આવ્યું હતું. લંડનમાં જિનમંદિર બનાવે છે. ચિત્રભાનુ. પૈસા તો ત્યાં ઘણા હોય. એણે મંદિર બનાવ્યું અને ભગવાનને પધારાવ્યા થઈ ગઈ ભક્તિ ભગવાનની. એ તો રાગ મંદ હોય પુણ્ય થાય, પુણ્યભાવ. ધર્મ નહિ.

આ તો અંતર ભગવાન એ **'चित्स्तुत्या एव'** ચૈતન્ય સ્તુતિ એ ટૂંકી ભાષા. ભાષા જોઈ! **'चित्स्तुत्या एव'** **'चितः स्तोत्रं भवति'** ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એકલો જ્ઞાન સ્વભાવ આત્મા એની સ્તુતિ એટલે એની અંતરમાં એકાગ્રતા એ ચૈતન્યની સ્તુતિ. એનું નામ ભગવાનની સ્તુતિ છે. છેને અંદર? પાઠ જુઓને. છેને? **'निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव'** એમ ને? **'निश्चयतश्चितो भवति चित्स्तुत्यैव'** પહેલો શબ્દ આવ્યો **'स्तोत्रं'** **'निश्चयतश्चितो स्तोत्रं चित्स्तुत्यैव'** શું કહ્યું? **'स्तोत्रं निश्चयतश्चितो'** એ ચિત્સ્તુતિ. જેનો હજી પૂર્ણ આનંદ સ્વભાવ, જ્ઞાનસ્વભાવનો સ્વીકાર. એની મોટપ એને સ્વીકારી એના સન્મુખ થઈને એનો સ્વીકાર થયો એ ચૈતન્યની સ્તુતિ. આહા..હા..! ભારે આ સમજવું જ હજી કઠણ પડે. આ બહારનો અભ્યાસ કરવો મેટ્રીક છું, એલ.એલ.બી.ના પૂંછડા વળગાડવા છે બધા વળગાડ્યા છે ઘણાય. એય..! નહિ?

ભાઈને થયુંને આ? ભાઈ નહિ? ગયા? ભાઈ શું નામ? જાદવજીભાઈ. દેખાતા નથી. એનો છોકરો છેને દિલીપ? એ તમારો દિલીપ નહિ, આ પણ દિલીપ છે. એ તો એવું બોલે. ૧૪ વર્ષનો છે હોં. ઘણા લાખોપતિ છે આમ. એ બોલે છે. આવી વસ્તુ! આહા..હા..! એમ બોલે છે. ભગવાન ચૈતન્ય સ્વરૂપ અભેદ ભૂતાર્થ એનો આશ્રય લેવો એવી વસ્તુ. લ્યો! ૧૪ વર્ષનો છે એ. હા. શેઠિયાનો દીકરો છે. શરીર આમ બેઠું લઠ જેવું છે. ૧૧ વર્ષ. ત્રણ વર્ષથી તો સાંભળે. સામે બેસે. લીટી લીટીનો અર્થ થાય એ પાછો વાંચે. એમ ને એમ અદ્ધરથી નહિ. સમજાણું? આવો આત્મા! આહા..હા..! પૂર્ણાનંદ ચૈતન્ય સ્વરૂપ પ્રભુ એનું અંદરમાં સ્વીકાર થવો એ સન્મુખતા થાય ત્યારે સ્વીકાર થાય. એમાં વિમુખ રહે ત્યાં સુધી તો અસ્વીકાર છે. આહા..હા..! 'પત્થર પૂજે હરિ મિલે તો મૈં પૂજું મોટા પહાડ' કબીરનું. એ હોય. એ એકાંત માનનારા. ભગવાનની સ્તુતિ આવી સાચી હોય ત્યાં આગળ ઠરી શકે નહિ ત્યારે પરમાત્માની, પ્રતિમાની પણ સ્તુતિ વ્યવહાર શુભ પુણ્ય હોય, ભાવ વ્યવહાર. એ વ્યવહાર. નિશ્ચય હોય તો વ્યવહાર હોય. વ્યવહારને કારણે હોં! નિશ્ચયને કારણે નહિ. પરસ્પર અવિનાભાવ કહેવાય. અવિરોધભાવનો અર્થ એવો નથી કે નિશ્ચય છે માટે એને લઈને વ્યવહાર છે. વ્યવહાર છે માટે લઈને નિશ્ચય એમ નથી અવિનાભાવ. અહીં તો નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય, વ્યવહાર હોય ત્યાં નિશ્ચય હોય. સમજાય છે?

જેને આત્માની ભગવાનની સ્તુતિ જાગી નિશ્ચયની એણે પરમાત્મા વીતરાગ કેવળજ્ઞાનીની સ્તુતિનો શુભરાગ હોય છે. એટલો અવિનાભાવ છે. પણ એને લઈને એમ નથી કે નિશ્ચય સ્તુતિવાળાને નિશ્ચય સ્તુતિથી વ્યવહાર ઉત્પન્ન થયો. એમ વ્યવહાર સ્તુતિવાળાને વ્યવહારની સ્તુતિથી નિશ્ચય સ્તુતિ ઉત્પન્ન થઈ એમ (નથી) બે આખો વ્યવહાર સ્તુતિનો આશ્રય પર છે અને નિશ્ચય સ્તુતિનો આશ્રય સ્વ છે. સ્વઆશ્રય ભગવાનની સ્તુતિ અંદર એ તો સ્વને

આશ્રયે છે. ત્યારે કહે પહેલું એ આવે, હોય એના પછી એ થાય. પણ આવે એનો અર્થ શું થયો? પરનો આશ્રય કરતા સ્વનો આશ્રય થાય એમ છે? વ્યવહાર તો પરનો આશ્રય છે. પરનો આશ્રય આમ દિશા કરતાં અંતરંગ દિશામાં જવાય? એટલે આ કહે છે. '**चित्स्तुत्या**' ભગવાન આત્માનું સ્તોત્ર. આહા..હા..! અંદરમાં ગાણા, વસ્તુમાં એકાગ્રતા એ ગાણા હોં. જેના પ્રેમમાં સ્વરૂપ શુદ્ધના ભેટા એકાગ્ર થયા એ ચિત્‌નું સ્તવન એ ચૈતન્યના સ્તવનથી જ ચૈતન્યનું સ્તવન થાય છે એમ કહે છે ભાષા તો એવી.

'**सा एवं भवेत्**' લ્યો! એને ત્રણે પ્રકારની સ્તુતિ. પહેલી જિતેન્દ્રિય સ્તુતિ હોય છે. અણિન્દ્રિયના સ્વભાવ તરફ લીન થઈને ઈન્દ્રિય તરફની રુચિ છૂટી ગઈ એને જિતેન્દ્રિય કીધી. પછી કર્મના તરફના વલણવાળો ભાવ હો એ સ્વભાવ તરફના વલણથી એને ઉપશમ કર્યો એ બીજી સ્તુતિ. ત્રીજી સ્વભાવનું ઉગ્ર અવલંબન લઈને એ રાગાદિને મૂળમાંથી કર્મનો નાશ કર્યો, રાગનો નાશ કર્યો એ ત્રીજી સ્તુતિ. લ્યો આવા સ્તુતિના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદ છે. પહેલો નંબર, બીજો નંબર અને ત્રીજો નંબર એમ નહિ, પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**अतः तीर्थकरस्तवोत्तरबलात्**' '**અજ્ઞાનીએ તીર્થંકરના સ્તવનનો જે પ્રશ્ન કર્યો હતો તેનો આમ નયવિભાગથી ઉત્તર દીધો;...**' બાપુ! એ તો ભગવાનની સ્તુતિ તીર્થંકર આદિના શરીરની સ્તુતિ. શરીરની સ્તુતિ કહો કે ભગવાન પરદ્રવ્યની કહો, બધું એક જ છે. એની સ્તુતિ એ આત્માની સ્તુતિ હોઈ શકે નહિ. એ તો વ્યવહારની વાત છે. '**તે ઉત્તરના બળથી એમ સિદ્ધ થયું કે...**' '**आत्मा अङ्गयोः एकत्वं न**' '**આત્માને અને શરીરને એકપણું નિશ્ચયથી નથી.**' '**अङ्गयोः**'ની વ્યાખ્યા ઓલામાં બીજી કરશે. કર્મની ઉપાધિથી તત્ત્વભાવ બધો '**अङ्गयोः**' ભાઈ! આત્મા અખંડાનંદ પ્રભુ અને '**अङ्गयोः**' કર્મના નિમિત્તથી થતી વિકલ્પદશા શુભાદિની એ બેય તદ્દ્ન જુદી ચીજ છે. અંગ જુદું તેમ અંગના કર્મના નિમિત્તથી થતી ઉપાધિ એ અંગ છે કર્મનું. એને એકપણું નથી. એ પુણ્યનો ભાવ, દયા, દાનનો, ભક્તિનો અને આત્માના સ્વભાવની એકતાનો ભાવ બે એક નથી. બે તદ્દ્ન જુદાં છે. આનું નામ અંતર ભક્તિ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૮

(मालिनी)

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।
अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।

શ્લોકાર્થ :- [परिचित-तत्त्वैः] જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યું છે એવા મુનિઓએ [आत्म-काय-एकतायां] જ્યારે આત્મા અને શરીરના એકપણાને [इति नय-विभजन-युक्त्या] આમ નયના વિભાગની યુકિત વડે [अत्यन्तम् उच्छादितायाम्] જડમૂળથી ઉખેડી નાખ્યું છે-અત્યંત નિષેધ્યું છે, ત્યારે [कस्य] કયા પુરુષને [बोधः] જ્ઞાન [अद्य एव] તત્કાળ [बोधं] યથાર્થપણાને [न अवतरति] ન પામે? અવશ્ય પામે જ. કેવું થઈને? [स्व-रस-रभस-कृष्टः प्रस्फुटन् एकः एव] પોતાના નિજરસના વેગથી ખેંચાઈ પ્રગટ થતું એકસ્વરૂપ થઈને.

ભાવાર્થઃ- નિશ્ચય-વ્યવહારનયના વિભાગ વડે આત્માને અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે; તેને જાણીને, એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય? થાય જ; કારણ કે જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી પોતે પોતાનું સ્વરૂપ જાણે ત્યારે અવશ્ય તે જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન જ જણાવે છે. અહીં કોઈ દીર્ઘસંસારી જ હોય તો તેની કાંઈ વાત નથી. ૨૮.

**જયેષ્ઠ સુદ-૧૩, શનિવાર, તા. ૨૪-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૪, કળશ-૨૮, પ્રવચન-૧૦૭**

આ જીવ-અજીવ અધિકાર. સમયસાર. ગાથા-૩૩મી. કળશ છે કળશ. ૨૭મો કળશ થઈ ગયો. ૨૮મો છે.

(मालिनी)

इति परिचिततत्त्वैरात्मकायैकतायां
नयविभजनयुक्त्यात्यन्तमुच्छादितायाम्।

अवतरति न बोधो बोधमेवाद्य कस्य
स्वरसरभसकृष्टः प्रस्फुटन्नेक एव।।२८।।

**'परिचित-तत्त्वैः'** શરીર અને આત્મા એક છે એવો જે શિષ્યનો પ્રશ્ન હતો એના ઉત્તરમાં આ શ્લોક છે. **'જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને પરિચયરૂપ કર્યુ છે એવા મુનિઓએ...'** ઓલામાં સર્વજ્ઞ કહ્યા છે. પરિચિત છેને. સમસ્ત પ્રકારે બધું જાણ્યું છે. **'જેમણે વસ્તુના યથાર્થ સ્વરૂપને...'** પરિચયમાં, અનુભવમાં લીધું છે. **'એવા મુનિઓએ...'** **'आत्म-काय-एकतायां'** **'જયારે આત્મા અને શરીરના એકપણાને...'** **'इति नय-विभजन-युक्त्या'** **'આમ નયના વિભાગની યુકિત વડે...'** **'अत्यन्तम् उच्छादितायाम्'** **'જડમૂળથી ઉખેડી નાખ્યું છે-'** શરીર અને આત્મા તદ્દન જુદાં છે. શરીર અને શરીરના નિમિત્તના અથવા કર્મનું .. થતા વિકાર બધું એમાં લેવું. એ **'अङ्गयोः'** આવ્યું હતુંને? **'आत्मा अङ्गयोः'** એકકોર ભગવાન આત્મા, એકકોર એ કર્મ અને કર્મનું નિમિત્ત શરીર અને કર્મના નિમિત્તે થતો પુણ્ય અને પાપ. બધો એ શરીર અંગમાં પરમાં જાય છે. એને ભિન્ન બતાવ્યું. એકકોર ગામ આત્મા એકકોર એકલો ચૈતન્ય આત્મરામ. કહો, **'आत्म-काय-एकतायां'** શરીરને એકપણાને જે માનતો હતો. અત્યારે તો કહેને અત્યારે ક્યાં જુદો છે? એમ કહે છે. એને પૂછયું હતુંને ... ત્યારે ક્યાં દ્રવ્ય .. ભાવ જુદો હતો? અત્યારે તો એ છે. આહા..હા..! વાત થઈ હતીને છઠ્ઠી સાલમાં. એટલે શરીર અને આત્મા જુદાની વાત કરે છે જુઓ! ... ખબર પડે. મહારાજ! ગજબ છે. શું કરે છે તું આ? આહા..હા..! શરીર અને આત્મા જુદાં એને કહે છે કે આ જુદાં-જુદાં.. શું કહેવાય ઓલું? સોઈ. આ મોટો સૂયો. સૂયો જ કહેવાયને? કોથળા સીવે એ. અરે! તને એટલું ગોઠ્યું નહિ? ભારે!

અહીં કહે છે કે મુનિઓએ તો સર્વજ્ઞે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા એને તત્ત્વનો પરિચય કર્યો એમણે તો **'आत्म-काय-एकतायां'** **'આત્મા અને શરીરના એકપણાને...'** **'इति नय-विभजन-युक्त्या'** વ્યવહારથી એ કહ્યું હતું પણ નિશ્ચયથી એ જુદું છે એમ નયના વિભાગથી એને જુદું બતાવ્યું છે. આહા..હા..! **'अत्यन्तम् उच्छादितायाम्'** **'જડમૂળથી ઉખેડી નાખ્યું છે-અત્યંત નિષેધ્યું છે,...'** આહા..! ભગવાન આત્મા તો આનંદ, જ્ઞાનસ્વરૂપ ભિન્ન. તદ્દન ભિન્ન ચીજ છે. શરીર આદિથી તો રાગાદિ, શરીરાદિ ભિન્ન છે. આહા..હા..! કહો, સમજાણું? એ પહેલામાં આવી ગયું. ૧૪મી ગાથામાં. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. **'एवं कर्मकृतभावै'** કર્મના નિમિત્તથી થતું અંદર પુણ્ય-પાપના વિકાર, ચાહે તો શુભ હો કે અશુભ અને શરીર અને કર્મ. એનાથી ભગવાન આત્મા તદ્દન રહિત છે. અસમાહિતો. શરીર આદ્યં ખલુ સાધન. આવા આકરા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન વિગ્રહં. એ તો જ્ઞાન સ્વરૂપ એનું છે. ચૈતન્યમૂર્તિ એ શરીરના રજકણથી અને રાગના કણથી પણ તદ્દન જુદી ચીજ છે. આહા..હા..!

'**अत्यन्तम् उच्छादितायाम्**' જડથી એટલે અત્યંત નિષેધ્યું એમ. ઈચ્છાદિ '**अत्यन्तम्**' લખ્યું છે. મૂળમાં અત્યંત છે. '**अत्यन्तम्**' એમ. મૂળ તો અત્યંત. બિલકુલ જડની પર્યાય અને રાગની પર્યાય એનાથી ભગવાન આત્મા તદ્દન જુદો છે. આહા..હા..! કહો, ત્યારે કહે છે. આવી વાત જ્યારે સંતોએ, સર્વજ્ઞે જ્યારે બતાવી ત્યારે '**કયા પુરુષને જ્ઞાન તત્કાળ યથાર્થપણાને ન પામે?**' એમ કહે છે. આહા..હા..! ક્યા આત્માને આત્માનું જ્ઞાન યથાર્થપણે ભિન્ન કેમ ન ભાસે? એમ કહે છે. જેણે પરિચિત કર્યું સર્વજ્ઞે એણે આ બતાવ્યું કે ભાઈ આ વસ્તુ જુદી છે તે સમજ્યું નહોતું ત્યાં સુધી ભલે, પણ અપ્રતિબુદ્ધને જ્યારે સમજાવ્યું. શરીરની એક એક સમયની જે પર્યાય એ જડની છે. એનાથી આત્મા તે સમયે જુદો છે. જ્ઞાનસ્વભાવ જેનો આનંદ અને જ્ઞાનસ્વભાવ એવો આત્મા. કહે છે કે એવો આત્મા એને કેમ પ્રગટ તત્કાળ ન થાય? એવા આત્માનું જ્ઞાન કેમ ન થાય? એમ કહે છે. કહો, આવું જેને સાંભળવાને મળ્યું એમ કહે છે. આહા..હા..! શરીર અને આત્મા એક માનતો હતો એને સાંભળવાનું મળ્યું છે. ભગવાન સર્વજ્ઞે કહ્યું. સંતોએ કહ્યું. કે આ દેહાદિના રજકણો એની પર્યાય, એનાથી તારી પર્યાય અને તારું દ્રવ્ય તદ્દન જુદું છે. આહા..હા..!

શરીર અને રાગાદિ બેયથી અત્યંત જુદું નિષેધ્યું. ત્યારે '**કયા પુરુષને જ્ઞાન તત્કાળ...**' બોધ ન અવતરે? એમ. આત્મા જ્ઞાન સમ્યક્ ન થાય. આહા..હા..! ભેદજ્ઞાનથી વાત જ્યારે કરી ત્યારે ભેદજ્ઞાન કોને ન થાય સાચું? એમ કહે છે. અહીં તો તરતની વાત છેને. જાણનાર-દેખનાર એવો ભગવાન આત્મા એને રાગ અને શરીરથી જુદો બતાવ્યો, નિશ્ચયથી તો તદ્દન જુદા. વ્યવહારે એમ કહ્યું. ઓલા જયધવલમાં આવે છેને. જયધવલ નથી આવતું? આત્મા અને શરીર બધું એક સાથે ચાલે છે. એક સાથે. માટે એને વ્યવહારથી એક છે. ત્યાં એમ કહ્યું છે. ત્યાં માનવું જોઈએ એવું ત્યાં કીધું છે. નહિ? જયધવલમાં છે. આત્માની ઈચ્છા થાય. આમાં તો ચોખ્ખી વાત એ લીધી. ઈચ્છા પ્રમાણે આમ ચાલે, આમ થાય. છે એ રીતે. એવું ત્યાં લીધું છે જયધવલમાં. એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લઈને ઘનિષ્ટ સંબંધ છેને? એથી એમ કહ્યું. વસ્તુ એમ નથી. આહા..હા..! તદ્દન ચૈતન્ય ગોળો આનંદ જ્ઞાનસ્વભાવી વસ્તુ તત્કાળ યથાર્થપણાને ન જન્મે? આહા..હા..! કાને પડે અને કેમ ઉત્પન્ન ન થાય? એમ કહે છે.

જરૂર. '**न अवतरति**' એને આત્મજ્ઞાન ન થાય? થાય જ. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્ય જેનું સ્વરૂપ એ જડસ્વરૂપથી તદ્દન જુદો બતાવે અને તે છે. તો કહે છે કે કોને એનું જ્ઞાન ન થાય? જરૂર થાય. અહીં તો એક જ વાત. આહા..હા..! કહ્યું હતુંને એકત્વ-

વિભક્ત બતાવું છું તારા અનુભવથી પ્રમાણ કરજે. પાંચમીમાં આવ્યું છે. પ્રમાણ કરજે. અનુભવથી પ્રમાણ કરજે હોં. હા પાડીને એકલા તર્ક અને વિકલ્પથી નહિ. આહા..હા..! ઉગ્રવાણી. એવું યથાર્થપણાનું જ્ઞાન આત્માનું પરથી કોને ન થાય? જરૂર થાય. આહા..હા..!

'**કેવું થઈને?**' ઓલું જ્ઞાન કીધું છેને એને? ક્યા પુરુષને જ્ઞાન તત્કાળ યથાર્થ ન થાય? એમ લીધું છે. અને ઓલામાં એમ કે બોધ એટલે આત્મા. આત્માને કોને આ જ્ઞાન ન થાય? એમ. એમાં એમ લીધું. '**કેવું થઈને?**' અથવા કેવો આત્મા? કે '**પોતાના નિજરસના વેગથી...**' સ્વ નામ પોતાનું. નિજરસ, શાંતરસ, આનંદરસ. એના વેગથી '**रभस-कृष्ट:**' '**ખેંચાઈ...**' એટલે પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવથી ભિન્ન પડેલું એકાગ્ર થઈને એમ. કેમ પ્રગટ થતું? એકસ્વરૂપ થઈને પ્રગટ થાય. એકરૂપ આત્મા છું અંદર. ચૈતન્ય સ્વભાવી વસ્તુ એવું એને ભાન થાય. લ્યો આ સમ્યગ્દર્શનમાં આવું ભાન થાય એમ કહે છે. '**एक: एव**' છેને? સ્વભાવ એમાં એકરૂપ ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય પિંડ જેની મુખ્યતામાં બધું જાણવાનું કામ ચાલે. એ ન હોય તો આ શરીર છે, આ રાગ થયો બધું જાણ્યું કોણે? એવો જાણનાર એનું જ્ઞાન તત્કાળ થાય. આહા..હા..! બહિર્બુદ્ધિ ખસેડીને અંતર બુદ્ધિમાં જતાં કારણ કે અંદર જુદું છે એમ બતાવ્યું. અંતરમાં જતાં એને અંતર આત્માની પ્રાપ્તિ થાય જ. પંડિતજી!

અહીં તો સાંભળનારમાં તો બધા લીધા. દેવ, મનુષ્ય અને તિર્યંચ. નારકી તો સાંભળવા ન આવે. ત્રણમાં લીધા. આવું જેને સાંભળવાનું મળ્યું આમ. ફડાક દઈને અંદર. તારો ચૈતન્ય પ્રભુ રાગ અને શરીરથી નિરાળું અંદર છે. આવું છે એવું કહ્યું અને છે એવું કોને ન પ્રાપ્ત થાય? એમ કહે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આ વાત. આહા..હા..!

'**ભાવાર્થ :- નિશ્ચય-વ્યવહારનયના વિભાગ વડે...**' વ્યવહારને એમ કહે નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લઈને એક છે. નિશ્ચયમાં તો સંબંધ જ નથી પરની સાથે કાંઈ. રાગ સાથે સંબંધ નથી જીવને. આહા..હા..! આ બધા સગા-વ્હાલા છેને. આહા..હા..! આ મારી બાયડી, આ મારા છોકરા, આ મારો બાપ અને આ મા. આહા..હા..! એ કહે છે કે ક્યાં કોને કામ છે ભાઈ! આહા..હા..! શરીર સાથે પણ કાંઈ સંબંધ નથી. સંબંધ એ નિમિત્ત-નૈમિત્તિકે સ્વીકાર્યો છે તે અજ્ઞાન. વસ્તુ છે નહિ. વસ્તુ તો અબદ્ધસ્પૃષ્ટ ભિન્ન પડી છે. આહા..હા..! રાગને અને શરીરને એ સ્પર્શી નથી. એવું જેણે નિશ્ચયનયથી ભેદજ્ઞાન કર્યું અને સાંભળ્યું કોને ન થાય? ઓલામાં અર્થમાં લખશે કોક દીર્ઘ સંસારી હોય તો જુદી વાત છે. લ્યો!

'**આત્માનો અને પરનો અત્યંત ભેદ બતાવ્યો છે; તેને જાણીને, એવો કોણ પુરુષ છે કે જેને ભેદજ્ઞાન ન થાય?**' લ્યો! અહીં એમ લીધું. એવો કોણ આત્મા છે જગતમાં? આહા..હા..! એને ભેદજ્ઞાન. ભેદ નામ જુદાપણું. શરીરથી અને રાગથી જુદાપણાનું જ્ઞાન કોને ન થાય? '**થાય જ; કારણ કે જ્યારે જ્ઞાન પોતાના સ્વરસથી પોતે પોતાનું**

સ્વરૂપ જાણે...' જ્ઞાનથી લીધું છેને અર્થમાં? આત્મા પોતાને પોતાના જ્ઞાનસ્વભાવથી પોતે પોતાનું સ્વરૂપ ભિન્ન જાણે. જ્ઞાનસ્વરૂપથી આત્મા છે એમ જાણ્યું. **'ત્યારે અવશ્ય તે જ્ઞાન પોતાના આત્માને પરથી ભિન્ન જ જણાવે છે.'** એમ. જ્ઞાનમાં ભિન્નપણાનું ભાન થતાં જ્ઞાન પોતાને પરથી ભિન્ન જ જણાવે. **'અહીં કોઈ દીર્ઘસંસારી હોય તો તેની કાંઈ વાત નથી.'** અહીં તો પામનાર જ હોય એની વાત છે. આહા..હા..! મૂકને હવે બધી પંચાત તારી એમ કહે છે. જોને આ અંદર મોટો ભગવાન છેને. જેની હયાતીએ તો બીજાની હયાતીની કબુલાત આવે છે. બીજા દ્રવ્ય છે જડ આદિ. આહા..હા..! એની સ્વસન્મુખતામાં એને પરથી ભિન્ન બતાવ્યું તો એની સ્વસન્મુખતા થઈને કોને એ જ્ઞાન ન થાય? જરૂર થાય.

## ગાથા-૩૪

इत्यप्रतिबुद्धोक्तिनिरासः।

एवमयनादिमोहसन्ताननिरूपितात्मशरीरैकत्वसंस्कारतयात्यन्तमप्रतिबुद्धोऽपि प्रसभोज्जृम्भित-तत्त्वज्ञानज्योतिर्नेत्रविकारीव प्रकटोद्घाटितपटलष्टसितिप्रतिबुद्धः(?)साक्षात् द्रष्टारं स्वं स्वयमेव हि विज्ञाय श्रद्धाय च तं चैवानुचरितुकामः स्वात्मारामस्यास्यान्यद्रव्याणां किं स्यादिति पृच्छन्नित्थं वाच्य :--

सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।<br>
तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।३४।।<br>
सर्वान् भावान् यस्मात्प्रत्याख्याति परानिति ज्ञात्वा।<br>
तस्मात्प्रत्याख्यानं ज्ञानं नियमात् ज्ञातव्यम्।।३४।।

यतो हि द्रव्यान्तरस्वभावभाविनोऽन्यानखिलानपि भावान् भगवज्ज्ञातृद्रव्यं स्वस्वभावभावाव्याप्यतया परत्वेन ज्ञात्वा प्रत्याचष्टे, ततो य एव पूर्वं जानाति स एव पश्चात्प्रत्याचष्टे, न पुनरन्य इत्यात्मनि निश्चित्य प्रत्याख्यानसमये प्रत्याख्येयोपाधिमात्रप्रवर्तितकर्तृत्वव्यपदेशत्वेऽपि परमार्थेनाव्यपदेश्यज्ञानस्वभावादप्रच्यवनात् प्रत्याख्यानं ज्ञानमेवेत्यनुभवनीयम्।

આ પ્રમાણે અપ્રતિબુદ્ધે જે એમ કહ્યું હતું કે ''અમારો તો એ નિશ્ચય છે કે દેહ છે તે જ આત્મા છે'', તેનું નિરાકરણ કર્યું.

આ રીતે આ અજ્ઞાની જીવ અનાદિ મોહના સંતાનથી નિરૂપણ કરવામાં આવેલું

જે આત્મા ને શરીરનું એકપણું તેના સંસ્કારપણાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો તે હવે તત્ત્વજ્ઞાન-સ્વરૂપ જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી અને નેત્રના વિકારીની માફક (જેમ કોઈ પુરુષના નેત્રમાં વિકાર હતો ત્યારે વર્ણાદિક અન્યથા દેખાતાં હતાં અને જ્યારે વિકાર મટયો ત્યારે જેવાં હતાં તેવાં જ દેખવા લાગ્યા) તેમ પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઉઘડી જવાથી પ્રતિબુદ્ધ થયો અને સાક્ષાત્ દ્રષ્ટા(દેખનાર) એવા પોતાને પોતાથી જ જાણી, શ્રદ્ધાન કરી, તેનું જ આચરણ કરવાનો ઈચ્છક થયો થકો પૂછે છે કે 'આ સ્વાત્મારામને અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન(ત્યાગવું) તે શું છે?' તેને આચાર્ય આ પ્રમાણે કહે છેઃ-

**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.**

ગાથાર્થ :— [यस्मात्] જેથી [सर्वान् भावान्] 'પોતાના સિવાય સર્વ પદાર્થો [परान्] પર છે' [इति ज्ञात्वा] એમ જાણીને [प्रत्याख्याति] પ્રત્યાખ્યાન કરે છે- ત્યાગે છે, [तस्मात्] તેથી, [प्रत्याख्यानं] પ્રત્યાખ્યાન [ज्ञानं] જ્ઞાન જ છે [नियमात्] એમ નિયમથી [ज्ञातव्यम्] જાણવું. પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે, બીજું કાંઈ નથી.

ટીકા :— આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય(આત્મા) છે તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને, ત્યાગે છે; તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી-એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના(ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ(આત્માને) હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી, પોતે તો એ નામથી રહિત છે કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટયો નથી, માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે-એમ અનુભવ કરવો.

ભાવાર્થ :- આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે, પોતે તો જ્ઞાનસ્વભાવ છે. પરદ્રવ્યને પર જાણ્યું, પછી પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે. એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે, જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી.

## ગાથા-૩૪ ઉપર પ્રવચન

**'આ પ્રમાણે અપ્રતિબુદ્ધે જે એમ કહ્યું હતું કે...'** દેખો! આ તો અજ્ઞાનીને આ સમજાવ્યું. કોઈ કહે કે મોટા સમયસાર ઊંચા મુનિને માટે છે. શરીર અને આત્મા એક માનતો હતો એવા આત્માને અજ્ઞાનીને આ કહ્યું. આ સમયસાર. કેટલાક કહે કે સમયસાર તો ઉંચી દરજ્જાએ હોય એને સમજવાની ચીજ છે. દ્રવ્યલિંગી થયો હોય સાધુ પછી એને સમજાય. પંચ મહાવ્રત પાળતો હોય, બાકી ક્રિયા હોય એને આ ... જુઓ, એ વસ્તુ નથી. વસ્તુ જુદી છે. એની અહીં વાત નથી. અહીં તો શરીર અને આત્મા એક માને છે એવા અપ્રતિબુદ્ધને એમ કહ્યું કે **'અમારો તો એ નિશ્ચય છે કે દેહ છે તે જ આત્મા છે,...'** એટલે કે જ્ઞાનમાં જે ભાસે છે ચીજ એ જ પોતે આત્મા એમ. ભાસનાર જુદો છો. તો તે બેસતું નથી.

કહ્યું નહિ ઓલા ડોક્ટરે તે દિ'? કે આ આત્મા ક્યા હશે? લ્યો! પછી રાત્રે પ્રશ્ન કર્યો હતો કે એ આત્માનો અંત કે દિ' આવતો હશે? શું પૂછે છે કાંઈ ખબર નથી. કહો આ ડોક્ટર ભણેલા. આવ્યા હતાને નહિ હમણા ..માં. નરોતમભાઈના જમાઈ. આ આત્મા તમે કહો એ આત્મા છે એ શું હશે? ક્યાં હશે? આત્મા ક્યાં છે? શું છે? લ્યો ઠીક! પછી આત્માનો અંત કે દિ' આવતો હશે ત્યારે હવે? પણ એકલા ડોક્ટરમાં આટલું ભણ્યું પણ કોઈ દિ' એને વિચાર પણ ન આવ્યો કે આ શું છે? આત્મા વિના જાણ્યું કોણે આ? તારું ભણતર જાણ્યું કોણે? જાણનારો પોતે આત્મા છે. ક્યા નહિ, કોણ છે નહિ? એ જાણનારો પોતે આત્મા છે. આહા..હા..! શ્રીમદ્‌માં ન કહ્યું 'ઘટપટ આદિ જાણ તું જેથી તેને માન.' આ છે એમ માન. 'જાણનારને માન નહિ કહીએ કેવું જ્ઞાન.' જાણનારને માન્યું નહિ. જાણનારો તે કોણ છે એને તું માન નહિ. આ આ છે. ઘડો છે, પટ છે, દેહ છે, આ છે... આ છે... આ છે.. એ છે એને માન, પણ જાણનારો છે એને તું માનતો નથી. જાણનારો તો તદ્દન જુદો છે. જણાવાયોગ્ય પદાર્થ થયો પર. એને એનું નિરાકરણ કર્યું.

**'આ રીતે આ અજ્ઞાની જીવ અનાદિ મોહના સંતાનથી નિરૂપણ કરવામાં આવેલું...'** જોયું! અનાદિ મિથ્યાત્વના સંતાન એટલે પ્રવાહ એક પછી એક મિથ્યાત્વ ભાવ એનું નિરૂપણ કરવામાં આવેલું **'જે આત્મા ને શરીરનું એકપણું તેના સંસ્કારપણાથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો...'** અત્યંત અજ્ઞાની હતો. એને આ સમજાવામાં આવે છે. **'તે હવે તત્ત્વજ્ઞાન-સ્વરૂપ જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી...'** ટીકા છે હોં બધી. માથે ટીકા છે. ટીકાનું છે. પંડિતનો અર્થ નથી. **'તત્ત્વજ્ઞાન-સ્વરૂપ જ્યોતિનો પ્રગટ ઉદય થવાથી...'** જાણનાર તત્ત્વજ્ઞાનસ્વરૂપ.

ચૈતન્ય જ્યોતિ પ્રગટ ઉદય થયો. '**અને નેત્રના વિકારીની માફક (જેમ કોઈ પુરુષના નેત્રમાં વિકાર હતો ત્યારે વર્ણાદિક અન્યથા દેખાતાં હતાં...**' વિકારને લઈને બીજી ચીજ બીજી રીતે દેખાતી હતી. '**અને જયારે વિકાર મટયો ત્યારે જેવાં હતાં તેવાં જ દેખવા લાગ્યો...**' આહા..હા..!

'**તેમ પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઉઘડી જવાથી...**' લ્યો! આ ભાન કરવાથી પણ હોં પાછું એમ કહ્યું. પડળ સમાન એટલે ઓલું ગયું એટલે સમજ્યો એમ નહિ. '**પડળ સમાન આવરણકર્મ સારી રીતે ઉઘડી જવાથી પ્રતિબુદ્ધ થયો...**' એ આત્માનું ભાન થયું કે હું તો આનંદ અને જ્ઞાન છું. મારામાં રાગ પણ નથી, શરીર નથી, કર્મ નથી. હું એનાથી તદ્દન નિરાળો છું. આહા..હા..! '**અને સાક્ષાત્ દ્રષ્ટા(દેખનાર) એવા પોતાને પોતાથી જ જાણી,...**' '**પોતાને પોતાથી જ જાણી,...**' કહો, સમજાણું? સમજાવનારથી પણ નહિ એમ કહે છે. સમજાવનારે સમજાવ્યું કે આત્મા રાગથી, પરથી ભિન્ન છે એટલું. પણ જાણ્યું એણે પોતે પોતાથી. જ્ઞાન દ્વારા જ્ઞાનથી જ્ઞાનને જાણ્યું આત્માને. '**સાક્ષાત્ દ્રષ્ટા(દેખનાર) એવા પોતાને પોતાથી જ જાણી,...**' ભાષા જુઓ! સ્વભાવ પોતાનો એને પોતાના સ્વભાવથી જાણી, વિભાવથી, વ્યવહારથી, નિમિત્તથી, રાગથી, પરથી નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ..થી તો જાણ્યો ને?

ઉત્તર :- ના કોઈથી નહિ. કીધુંને. '**પોતાને પોતાથી જ જાણી,...**' આનંદ અને જ્ઞાનસ્વરૂપ પોતે એમ જ્ઞાનથી પોતાને જાણ્યું. '**શ્રદ્ધાન કરી,...**' જાણ્યું અને પછી શ્રદ્ધાન કર્યું એમ લીધું છે ભાઈ આમાં. બધે એમ લીધું છે. જાણ્યા વિના કોને શ્રદ્ધે? જ્ઞાનસ્વભાવી વસ્તુ છે એમ જાણ્યું એની શ્રદ્ધા થઈ. હવે '**તેનું જ આચરણ કરવાનો ઈચ્છક થયો થકો...**' લ્યો! '**તેનું જ આચરણ કરવાનો ઈચ્છક થયો થકો પૂછે છે...**' લ્યો સમ્યગ્દૃષ્ટિ થયો છતાં એ પૂછે છે હવે એમ કહે છે.

મુમુક્ષુ :- કેમ છોડવું?

ઉત્તર :- છોડવું એ બધી ખબર તો પડી ગઈ છે પણ વિશેષ વિનયથી એને ચારિત્ર પ્રગટ કરવું છેને એટલે એટલું વિનયથી બતાવ્યું છે. સમજાણું?

''**આ સ્વાત્મારામને...**' આ સ્વ આત્મરામ ભગવાન. જે પોતામાં આરામપણે રમે એવો આત્મા રામ ભગવાન! એને '**અન્ય દ્રવ્યોનું પ્રત્યાખ્યાન(ત્યાગવું) તે શું છે?**'' આ પચ્ચખાણની વાત કરે છે હવે. પચ્ચખાણ ત્યાગ શું છે? ત્યાગ એને ત્યાગ કહે છેને? આનો ત્યાગ કહેવો એ શું ચીજ છે? ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ અનુભવમાં આવી અને શ્રદ્ધી હવે એનો અંતરમાં રમણ કરવાનો કામી, અંતરમાં આચરણ સ્વરૂપનું આચરણ આચરવાનો

અભિલાષી એ પૂછે છે. અહીં તો એ લેવું છે. સમ્યગ્દર્શનસહિત હવે પચ્ચખાણ. ચારિત્ર કોને કહવું? પચ્ચખાણ કોને કહેવું? અથવા ત્યાગ કોને કહેવો? એમ. પચ્ચખાણનો અર્થ એમ કહ્યો છેને? '(ત્યાગવું) **તે શું છે?' તેને આચાર્ય આ પ્રમાણે કહે છેઃ–'** લ્યો! આવું પૂછે એને આચાર્ય આવો જવાબ આપે છે. ૩૪.

**सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं।।३४।।**
**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.**

એ આત્મા પોતે જ પ્રત્યાખ્યાન સ્વરૂપ છે એમ. આહા..હા..!

'**ટીકા :– આ ભગવાન...**' પાધરું ઉપાડ્યું જુઓ. ભગવાન સાંભળતા હોય એમ .. અરે હું ભગવાન! છે? આ રહ્યા ભગવાન બધા. '**ભગવાન જ્ઞાતા–દ્રવ્ય...**' આહા..હા..! ભગવાન મહિમાવંત પ્રભુ જાણનાર-દેખનાર આત્મદ્રવ્ય એ ભગવાન આત્મા એમ કીધું. જાણનાર–દેખનાર એવો આત્મા તે ભગવાન આત્મદ્રવ્ય. એમ. આચાર્ય, મુનિઓ આમ જવાબ આપે છે લ્યો. આહા..હા..! ભગવાન આત્મા. આહા..હા..! મહિમાવંત તારી ચીજ. તારો ચૈતન્ય ચમત્કાર જગતમાં ક્યાંય ન મળે. એવો ભગવાન. ભગ નામ આનંદ અને જ્ઞાન એવી લક્ષ્મી, એનું વાન નામ સ્વરૂપવાળો. જ્ઞાન અને આનંદની સ્વરૂપ લક્ષ્મી. ભગ એટલે લક્ષ્મી. શેની? જ્ઞાન અને આનંદની. વાન–એનું રૂપ. જ્ઞાન અને આનંદ જેનું રૂપ છે. અહીંયાંથી ઓલું આવે. અઢી વર્ષે હજી .. ન થયું તમારું. બહાર જ્યારે બંધ રહે અને અહીંયાં આવે ત્યારે શરૂ થાય. એય..! વજુભાઈ! પાછો થાય તો તો આ બધા અહીંયાં ધમાલ આવે? બહાર જાય તો બંધ થાય. લ્યો! રામજીભાઈને .. એ તો થવાકાળે.

કહે છે ભગવાન. '**આ ભગવાન...**' ભાષા એમ છેને જુઓ. '**यतो हि द्रव्यान्तरस्वभावभाविनो**' આહા..હા..! '**भगवज्ज्ञातृद्रव्यं**' કાંકરાથી જુદો જેમ ઘઉં એમ રાગ અને શરીરના કાંકરાથી ભગવાન જુદો છે. એવો જે ભગવાન જ્ઞાતા દ્રવ્ય. હવે આવી રીતે તો બોલાવ્યું છે. ૭૨માં એ કહ્યું. ભગવાન આત્મા ત્યાં પણ કહ્યું છેને. પુણ્ય અને પાપ બેય અશુચિ છે, ભગવાન આત્મા અતિ શુચિ, ઉજ્વળ અને પવિત્ર છે. એમ કરીને પહેલેથી કહ્યું છે. '**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,...**' દેખો! શુભ અને અશુભ રાગ અન્ય દ્રવ્યસ્વભાવથી થતાં પોતાના દ્રવ્યનો સ્વભાવ એ નથી. કર્મના નિમિત્તના દ્રવ્યથી થતાં, '**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા...**' ભાષા એમ દેખો! હવે એમ કોઈ કહે કે વિકાર તો અન્ય દ્રવ્યથી જ થાય છે. અહીં તો રાગ-દ્વેષના પરિણામ એ અન્ય દ્રવ્યના સ્વભાવથી થતાં. એ સ્વભાવ પોતાનો સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા એમાંથી થાય છે એ? શુભ–

અશુભ રાગ, વ્રતના પરિણામ, દયા, દાનના પરિણામ, અવ્રતના પરિણામ એ બધા.

'**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને,...**' પોતાના જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવ સિવાય જેટલા વિકલ્પો બધા અન્ય દ્રવ્યનો સ્વભાવ. એવા '**તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' શું કહે છે? એવો જે ભગવાન જ્ઞાતા દ્રવ્ય. એને એ વ્રતાદિના વિકલ્પો રાગાદિ એ પોતાના સ્વભાવ વડે નહિ વ્યાપ્ત. પોતાના સ્વભાવ વડે એમાં રાગનું વ્યાપવું થતું નથી. આત્મ વ્યાપક અને વિકાર વ્યાપક એમ નથી. સમજાણું? એને દ્રવ્યથી જુદું બતાવવું છેને? જેના અવલંબને થયું તે તેનું એમ. '**અન્યદ્રવ્યના સ્વભાવથી થતા...**' અસ્તિ તો સિદ્ધ કરી. છે. '**અન્ય સમસ્ત પરભાવોને,...**' બધા હો. ચાહે તો શુભરાગ હો કે અશુભ હો. મહાવ્રતનો હો કે ભક્તિનો હો કે ક્રિયાકાંડનો હો કે ગુણગુણીના ભેદનો હો. એવો જે રાગ એ સમસ્ત પરભાવ છે.

'**તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' પોતાનો જાણક સ્વભાવ, દૃષ્ટા સ્વભાવ, આનંદ સ્વભાવ એવા વડે પોતાના સ્વભાવ વડે નહિ વ્યાપ્તો હોવાથી. પરભાવ છે એ પોતાના સ્વભાવ વડે નહિ વ્યાપ્તો હોવાથી પરપણે જાણીને. એ રાગ પોતાના સ્વભાવથી જીવને વ્યાપ્તા નથી એમ કહે છે. આહા..હા..! '**સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' તેઓ એ છેને. રાગાદિ છેને. એ રાગ વિકાર. '**તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' પરને પરપણે જાણે છે. તેઓ પોતાના સ્વભાવપણું એટલે જ્ઞાનાનંદ સ્વભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી. રાગાદિ મારા જ્ઞાન સ્વભાવમાં વ્યાપ્તા નથી. ભારે વાતું! વિકાર જે પોતાના સ્વભાવ વડે નહિ વ્યાપ્તો હોવાથી. તેઓ એ રાગ. પોતાનો સ્વભાવ જે જ્ઞાતાદૃષ્ટા એ વડે તેવો નહિ આવતા હોવાથી. પર્યાયમાં પ્રસરતા નહિ હોવાથી, વ્યાપ્ત નહિ હોવાથી. પરપણે જાણે. રાગને પોતાની જાતમાં નહિ આવવાથી એને પરપણે જાણે છે. આહા..હા..!

'**પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને,...**' રાગાદિ ગમે તે. '**જાણીને, ત્યાગે છે;...**' એટલે કે આ મારો નહિ. એટલે કે એ એમાં ભળતો નથી. એમ. રાગાદિ ભાવ થાય એ પોતાના સ્વભાવભાવ વડે વ્યાપ્તા નથી એથી એ પરપણે જાણીને એમાં પરિણમતો નથી. કહો, સમજાણું કાંઈ? જ્ઞાન, જ્ઞાનપણે પરિણમે છે પણ રાગપણે થતો નથી. આહા..હા..! એનું નામ પચ્ચખાણ છે. હવે આનું પચ્ચખાણ કરો, પંચ મહાવ્રત લ્યો. અહિંસા, સત્ય પાળો એ અહીં નથી. અહિંસા સત્યનો વિકલ્પ છે. આહા..હા..! એ પોતાના સ્વભાવ વડે એવો વ્યાપ્તા જ નથી. એમ પરપણે જાણીને. એમ. એ ભાવ જ મારા સ્વભાવમાં આવતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને,...**' જાણે છે. પોતાના સ્વભાવમાં એ આવતા

નથી રાગાદિ. રાગ ભિન્ન છે. આહા..હા..! **'પરપણે જાણીને, ત્યાગે છે;...'** એટલે કે આ પર છે એમાં એ જોડાતો નથી. એનું નામ ત્યાગે છે. સ્વપણામાં એ રાગ આવતો નથી એથી રાગને પરપણે જાણી અને તેનામાં એકત્વ થતો નથી. જ્ઞાન જ્ઞાનરૂપ રહે છે. એનારૂપ થતો નથી. એ હજી વ્યવહારથી કહેશે. ત્યાગે છે એ. અહીં તો હજી પરનો ત્યાગ-ગ્રહણ એનામાં તો નથી, પણ રાગને ત્યાગવું એ એનું સ્વરૂપ નથી. આહા..હા..! અહીં તો હજી આ છોડો... છોડો... છોડો... મિથ્યાત્વભાવ છે છોડો... છોડો... છોડે કોને? છૂટેલા જ છે. એના હતા કે દિ'? અહીં તો રાગને ગ્રહ્યો હતો કે દિ' તે છોડે એમ કહે છે. આમ જ્ઞાતાદષ્ટામાં રાગ પરપણે જણાણો એવો પરપણે રહ્યો એને પોતેથી ત્યાગ્યો એમ કહેવામાં આવે છે. કહો, દીપચંદજી! આવી વાત છે. ભારે વાત છે. હવે આવી ખબર ન મળે અને પચ્ચખાણ થી ગયા, મુનિ થઈ ગયા. બાપુ! મુનિપણું ધન્ય અવતાર છે બાપા! મુનિપણું તો હતું કે દિ'?

મુમુક્ષુ :- ધીરજ રાખીને કદી સાંભળ્યું જ નથી.

ઉત્તર :- સાંભળ્યું જ નથી. આ તો ધીરજનો માર્ગ છે ભાઈ! શાંતિનો માર્ગ છે.

ભગવાન ધી-બુદ્ધિ ગ્રહે. સ્વભાવમાં પ્રેરે તે બુદ્ધિને ધી ને બુદ્ધિને બુદ્ધિ કહીએ. આહા..હા..! ધીર છેને ધીર? ધી એટલે બુદ્ધિ, ર એટલે પ્રેરે. રાગથી ભિન્ન પડી, ભિન્ન રાગને રાખી અને સ્વભાવમાં એકાગ્ર થાય એનું નામ ધીર અને બુદ્ધિવાળો કહીએ. એનું નામ ધીર અને એનું નામ વીર. અહીં તો એને ત્યાગે છે એમ જે કહેવું એ શું છે એ વાત સ્પષ્ટ કરે છે હવે. જ્ઞાન એરૂપે થયું જ નથી ત્યાં ત્યાગે છે એમ શું કહેવું કહે છે. પણ વ્યવહારથી જ્યારે ઓલો રાગ હતો, પરપણે આમ જાણ્યો, એમાં ન આવ્યો એટલે એ ત્યાગ્યો એને એમ વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..!

**'તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે,...'** પહેલાં જાણે છે, પહેલાં જાણનારો જાણે છે તે જ. છે? પછી ત્યાગે છે. જાણનાર જાણે છે. આ જાણનારો તે હું, રાગ પર એમ જાણનારો જાણે છે તે જ પરમાં એકત્વ થતો નથી, પરપણે પરિણમતો નથી. એનું નામ પરને ત્યાગે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! **'બીજો તો કોઈ ત્યાગનાર નથી-'** આહા..હા..! જેણે જાણ્યું કે રાગ આ પર છે એ મારામાં વ્યાપ્યો નથી. એમ જાણ્યું તે એમાં જોડાતો નથી. એનો એ જાણનાર, એનો એ છોડનાર એમ કહે છે. જાણે છે તે છોડે છે. કોઈ ત્યાગનાર બીજો નથી. જાણનારો જુદો વળી એનામાં ન પરિણમ્યો એ જુદો એમ નથી. **'એમ આત્મામાં નિશ્ચય કરીને,...'** લ્યો .. નિશ્ચય કરીને.

**'પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય જે પરભાવ... '** આહા..હા..! **'પ્રત્યાખ્યાનના (ત્યાગના) સમયે...'** ત્યાગના, વિકારના, વિભાવના ત્યાગના

સમયે '**પ્રત્યાખ્યાન કરવા યોગ્ય જે પરભાવ...**' રાગાદિ, વિભાવ આદિ છોડવાયોગ્ય પરભાવ. '**તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...**' એ તો ઉપાધિમાત્ર છે. આહા..હા..! વિભાવને છોડવું એ તો ઉપાધિમાત્રથી પ્રવર્તેલું કથન છે. '**પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ(આત્માને) હોવા છતાં પણ,...**' જાણે કે આત્માએ રાગને છોડ્યો, વિભાવને છોડ્યો એમ જે કથનમાત્ર, નામમાત્ર છે. '**પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' આહા..હા..! લ્યો! પ્રકાશદાસજી! લ્યો આ પચ્ચખાણ. એને પચ્ચખાણનું ભાન ન મળે. વ્રત પાળો, અણુવ્રત આંદોલન કરો. પાંચ અણુવ્રતનો આંદોલન. કોને હોય? હજી મિથ્યાદષ્ટિને અણુવ્રત કેવો? આહા..હા..! સ્વભાવ ચૈતન્ય જ્ઞાતા ભગવાન, પોતાના અસ્તિત્વમાં રહીને રાગને પણ વ્યાપ્તો નથી. એને પરપણે જાણે છે એ જાણનારો એને જાણ્યું એવો ત્યાગે છે તેમ કહેવું એ નામમાત્ર વ્યવહારનું કથન છે. ત્યારે તે સમયે ઓલું જ્ઞાન જ્ઞાનરૂપે થઈને પરિણમ્યું છે. એ જ્ઞાન થઈને રહ્યું છે. એ રાગ થઈને રહ્યું તો નહોતું. સ્વભાવ જે છે એ પોતાનો એ કાંઈ રાગરૂપ થઈને રહ્યો નહોતો. સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વભાવ વસ્તુ થઈને રહેલ નથી. એમાં જાણ્યું કે આ પર છે. એમાં એરૂપે ન થયો એથી એમ કહેવામાં આવ્યું કે એણે રાગને છોડ્યો. ખરેખર તો રાગને છોડવું એ રાગરૂપે થયો જ નહોતો. આહા..હા..! કારણ કે રાગપણે એ વ્યાપ્યો જ નહોતો. આહા..હા..! રાગનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એવા જ્ઞાનપણે વ્યાપ્યો હતો. આવી વાત ઝીણી છે આ. આહા..હા..!

કહે છે કે '**પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું...**' આહા..હા..! એ રાગનો ત્યાગ જીવે કર્યો એ પણ એને શોભતું નથી કહે છે. એ કહેવું એ વ્યવહારમાત્ર છે. એને શોભતું નથી. આહા..હા..! અહીં તો દૂધ અમે લેતા નથી, દહીં અમે લેતા નથી, છ દ્રવ્યનો, આ દ્રવ્યનો ત્યાગ છે અને આટલા દ્રવ્ય ખપે છે. એય..! અથિર સાધુ. આટલું પાણી ભાઈ ખપે કીલો. કીલો આટલા કીલો ખપે. પછી હળવે હળવે છોડી દેશું બધું. સંથારો કરશું. આહા..હા..! મિથ્યાત્વને પોષે છે એમ કહે છે. ચૈતન્ય ભગવાન રાગથી ભિન્ન જાણ્યો એ જાણનારમાં જાણનાર રહીને રાગને પરપણે જાણી જેણે જાણ્યું હતું કે આ રાગ પર છે એ જાણનાર એમાં નથી જાતું બસ. વ્યાપ્તું નથી. જાણનાર જાણનારમાં રહીને રાગપણે થતો નથી, વ્યાપ્તો નથી. એ એણે જાણીને રાગને ત્યાગ્યો એમ કહેવામાં આવે છે. પણ એ તો ઉપાધિમાત્ર કથન છે. આહા..હા..! મારા અસ્તિત્વમાં એ હતું જ નહિ. એની હયાતી અસ્તિત્વ જ જુદું છે. મારી હયાતીના અસ્તિત્વથી એનું હોવાપણું જુદું છે. એમ જાણ્યું. એ જાણનાર જાણનારમાં રહ્યો, રાગરૂપે થયો નહિ એને રાગની, રાગને ત્યાગ્યો એ પણ નામમાત્ર કથન છે. રાગરૂપે થયો છે કેદી કે રાગને ત્યાગે? આહા..હા..! આવી વાત! દેવચંદજી! આવી

વ્યાખ્યા!

**'પ્રત્યાખ્યાનના(ત્યાગના) સમયે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું...'** આહા..હા..! એણે દોષ ત્યાગ્યા, વિભાવ ત્યાગ્યો કહે છે કે એ તો નામમાત્ર કથન છે. ક્યાં એને અંદર હતું તે ત્યાગ્યું? એના ઘરમાં ક્યાં હતું એ? **'પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ...'** વિભાવના છોડવાના કર્તાપણાનું નામ પોતાને નથી. આહા..હા..! એ તો ભિન્ન રહીને વિભાવને, જ્ઞાતામાં રહીને જાણવાનું કામ કરનાર છે. રાગમાં બેસે એ તો અજ્ઞાની છે. એમ રાગને જાણવા જાય એ તો પરમાં જાય છે કહે. એ તો પોતાના સ્વભાવથી એનો સ્વભાવ જ એવો છે સ્વપરપ્રકાશક. એટલે એણે રાગને પરપણે જાણ્યું એવું સ્વમાં રહ્યો એમ ને એમ. એટલે એવા જીવને પરમાર્થે વિભાવ અને દોષનો ત્યાગનો કર્તા છે એમ પણ એને કહેવું સંભવતું નથી. ગાથા મોંઘી છે. ભાવ પણ મોંઘો છેને. પચ્ચખાણ. આહા..હા..!

જ્ઞાનસ્વરૂપી ભગવાન, જ્ઞાતા દ્રવ્ય. અસ્તિત્વ. એમાં ઠરવું એ તો જ્ઞાનની દશા થઈ, એમાં આ છોડ્યું એમાં ક્યાં આવ્યું? ભાઈ! છૂટી ગયું એ ક્યાં આવ્યું? નામમાત્ર છે. આહા..હા..! ક્યાં એ રૂપે થયો હતો તો એને છોડે. રાગરૂપે રાગરૂપ શુભરાગને શી રીતે છોડે? શુભરાગ રૂપ થયો નથીને. તે નામ પોતાને નથી. આહા..હા..! ગજબ વાત છેને. જુઓ, પોતે તો એ નામથી રહિત છે. વિભાવના ત્યાગપણાનું નામ કર્તાપણાના ભાવથી રહિત છે. વિભાવના ત્યાગકર્તાપણાનું નામ એને નથી. આહા..હા..! ગ્રહણપણું તો છે જ નહિ એનામાં છે જ નહિ. કે ભિન્ન વસ્તુ છેને. ભિન્ન ચીજ છે એટલે ભિન્નના ભાનમાં એ રાગાદિને ગ્રહવો એ તો છે જ નહિ. ભિન્નપણે જાણ્યું એવું રહ્યું એના જ્ઞાનમાં એ રાગનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..!

એ પ્રશ્ન થયો હતો. ૧૩માં. ભાઈ આ રાગને છોડે શી રીતે? ત્યારે કહે રાગને છોડે એ પ્રતિબદ્ધ કારણ ટળે તો ટળે. કહો. પણ રાગ થાય છે કે નહિ ક્રમે એનામાં? કે ના. એક પછી એક પર્યાય થાય એ બરાબર, પણ એક પછી એક રાગ જ થાય. ભલે રાગ પછી દ્વેષ થાય, પણ એ વિકાર એક પછી એક થાય એ ક્રમસર છેને? ના. એક પછીનો એકનો અર્થ પરિણમન પર્યાય એક પછી એક. પછી એક પછી એક જે થવાની છે તે થાય છે એમ નહિ. આવી ચર્ચા થઈ હતી. ચેતનજી તે દિ' નહોતા. દસમાં આવ્યા હતા પાંચ..માં રાજકોટ નહિ? દસની સાલ. પાંચ દિ' હતાને? આ તો તેરની વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી બીજું. એ તો પછી. રાગ છે. ઓલો કહે રાગ મેં છોડયો. પરિવર્તન કોણે છોડે? કોણ છોડે? કોને છોડે? છોડવાનું આત્મામાં છે? રાગનું છોડવાનું છે? પરનું

છોડવાનું આ પરિવર્તન કર્યું. કહ્યું હતું ત્યાં. હું હતો વળી ... માં. .. સુમેરુચંદ. આઠ પડિમાવાળો હતોને. સુમેરુચંદ હતોને. રાગ ક્રમે ક્રમે થાય છેને? કીધું. ના. પર્યાય છે તે એક પછી એક થાય. પણ આ પછી આ જ થાય અને આવી જ થાય એમ નહિ. ભગવાન છે કે નહિ કીધું સર્વજ્ઞ? ભગવાન ભગવાનનું જાણે. આ બધા બેઠા હતા. હતા કે નહિ તમે? તમે? નહિ. રામજીભાઈ તો હતા, ફુલચંદજી હતા. .. બધા ઘણાં હતા.

મુમુક્ષુ :- ચોખ્ખું કહી દીધું એણે તો.

ઉત્તર :- ચોખ્ખું કહ્યું. સ્પષ્ટ કહ્યું. એને જે બેઠું હતું એ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો એ જ હતું. એ તો સાંભળેલું હતું એ તો .. એ કાંઈ નવું નહોતું. એને બેઠું હતું. આ બધું. બહારના વ્રતી એને પણ આવું હવે બિચારા સાધારણ માણસને એવું લાગે કે એમની ભૂલ હોય નહિ. ભૂલની વાત નહિ આ તો વસ્તુની સ્થિતિ શું છે? એમ વ્યક્તિગત વાત નહિ.

ભગવાન આત્મા રાગના ત્યાગ કરવો એમ કહેવું એ એને શોભતું નથી કહે છે. આહા..હા..! ત્યારે એણે રાગ જોયો હતો? કે આત્મા રાગરૂપ થયો હતો? થયો હતો તો છોડે? એમ કહે છે. આહા..હા..! એ રાગરૂપે થયો જ નથી તત્ત્વ. એ વસ્તુનું ભાન થયું અને ભાનમાં રહ્યો. જાણ્યું કે આ .. છે બસ. જાણ્યું અને એમાં એકાકાર ન થયો એટલે જ્ઞાન જ્ઞાનરૂપે રહ્યું એણે રાગને છોડ્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. પહેલી અસ્થિરતા હતી એ અસ્થિરતાને પર તરીકે જાણી. બસ જાણીને જ્ઞાન જ્ઞાનમાં રહ્યું એણે રાગને છોડ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વ્યાખ્યા છે.

'**કારણ કે જ્ઞાનસ્વભાવથી પોતે છૂટયો નથી,...**' એટલે કે વસ્તુસ્વભાવ રાગરૂપે થયું જ નથી એમ કહે છે. એ પુણ્યના પરિણામ કે વિકલ્પ પરિણામપણે અહીંયાં વસ્તુ થઈ જ નથી. થઈ નથી એને છોડે કોને? આહા..હા..! '**માટે પ્રત્યાખ્યાન જ્ઞાન જ છે–એમ અનુભવ કરવો.**' લ્યો! માટે ત્યાગ તો એ આનંદના રૂપમાં રહેવું, જ્ઞાનમાં ઠરવું એનું નામ પચ્ચખાણ અને એનું નામ ત્યાગ સાચો કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ-૧૪, રવિવાર, તા. ૨૫-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૪-૩૫, પ્રવચન-૧૦૮**

સમયસાર. ૩૪મી ગાથા. એનો ભાવાર્થ. અહીંયાં એમ કહે છે કે આત્માને અચારિત્રનો નાશ કરવો એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! અચારિત્ર કહો, દોષ કહો કે પરભાવ. ત્રિકાળી જ્ઞાન, આનંદ સ્વભાવ વસ્તુ એવું જ્યાં અંતર ભાન થયું એ વસ્તુ પોતે દોષરૂપે થઈ જ નથી. અચારિત્ર રૂપે અવ્રતરૂપે થઈ જ નથી. એથી એ અવ્રતનો નાશ કરવો એમ જે કહેવું. લ્યો આ બધા વાંધા ઉઠે છેને કે દોષને જોવા. એ તો કહ્યું કે દોષ છે એ જ્ઞાનમાં જણાણું.

'**ભાવાર્થ :- આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે,...**' જુઓ, કેવી રીતે કહે છે. વસ્તુસ્વરૂપ એકલો જ્ઞાન અને આનંદનો ધામ સ્વભાવ એ ચીજ પોતે દૃષ્ટિમાં જ્યાં આવી એટલે એ ચીજમાં રાગાદિ દોષ છે પરભાવ જાણવામાં આવે, જ્ઞાનમાં આવે કે આ છે એટલું. પણ જાણતા ધર્મ કરનારને ચારિત્રરૂપી ધર્મ. એમ છેને? ચારિત્ર એટલે સ્વરૂપમાં રમણતારૂપી ધર્મ એને પ્રગટવા એટલે એ જ્ઞાનસ્વરૂપે રહ્યો જ છે. એ ચારિત્ર સ્વરૂપે જ છે. એવું જ્યાં ભાન થયું ત્યાં એને અચારિત્ર અને દોષ જે છે વિભાવ એનો એ નાશ કરતા કહેવું એ તો એક નામ કથન છે. આહા..હા..! એવી વસ્તુસ્થિતિ. શાસ્ત્રમાં એવા લેખ આવે કે અમુક ભૂમિકાએ દોષ થાય તો પ્રાયશ્ચિત લેવું. આવે છે કે નહિ?

પણ અહીં તો કહે છે કે એ વસ્તુ પોતે એકલો પવિત્ર શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ પવિત્ર અને શુદ્ધ સ્વરૂપનું જ એકલું ધામ એ ચીજનું જ્યાં દૃષ્ટિ થઈ એથી દૃષ્ટિના વિષયમાં તો એકલી પવિત્રતા જ ભાસી છે. એને અપવિત્રતા છે એનું જ્ઞાન થાય. પણ એને છોડવા માટે, એના તરફનો પ્રયત્ન કરવો પડે છોડવા માટેનો એમ નથી. એ ભગવાન ચારિત્ર સ્વરૂપ જ છે. એ અચારિત્ર જે હતું એને જ્ઞાનમાં જાણ્યું કે આ છે, બસ. જાણ્યું એ જ્ઞાન જ્ઞાનમાં રહ્યું. જે સ્વભાવ છે એમાં ઠર્યો, વળ્યો, એનું નામ ચારિત્ર અને એનું નામ પચ્ચખાણ અને એનું નામ પરનો ત્યાગ. આહા..હા..! સમજાય છે કાંઈ? આખા દોષમાત્રનો નાશ કરવો એ વસ્તુમાં નથી એમ કહે છે. એ દોષરૂપે થયું જ નથી દ્રવ્ય. આહા..હા..!

ભગવાન વસ્તુ નિર્દોષ ચૈતન્યપિંડ જે આખું તત્ત્વ. એને આ દોષનો નાશ કર્તા કહેવો, દોષનો વ્યય કર્તા કહેવો એ તો કથન છે ફક્ત. કેમ? કે એ દોષનો નાશ કરવા તરફ વલણ નથી જ્ઞાનીને. એનું વલણ તો સ્વભાવ તરફ છે એના વલણમાં ઠરે છે એટલે અચારિત્રની

ઉત્પત્તિ થતી નથી. એનો નાશ કર્તા કહેવો એ વ્યવહાર છે. આહા..હા..! નામમાત્ર કથન છે. આહા..હા..! શૈલી તો જુઓ. કહો, ચંદુભાઈ! લ્યો આવ્યું .. મોટી ચર્ચા ચાલી હતી ભાઈ કહે છે. મુળચંદભાઈ સાથે. ચાલે ચાલે બધી વાતું બહુ ઝીણી.. એ ચરણાનુયોગના કથન. વાત સાચી છે. પ્રયોજન એને એમાં ભૂમિકામાં છે એ જ્ઞાન કરાવે છે. કાઢવા ફાઢવાની વાત નથી.

મુમુક્ષુ :- પુરુષાર્થ કીધો.

ઉત્તર :- પુરુષાર્થ કીધોને. આ સ્વરૂપ જે હું ચૈતન્યમૂર્તિ ધ્રુવ નિત્ય છું એવી જે દૃષ્ટિ થઈ એમાં ઠરે છે એ જ્ઞાનરૂપ રહે છે એ પુરુષાર્થ. પુરુષાર્થ બીજો કેવો? જે રૂપે છે તેરૂપે રહે છે. માર્ગ એવો છે બાપા! સમજાણું કાંઈ? ચૈતન્યમૂર્તિ એ તો વસ્તુ. પરના અપોહક સ્વરૂપ, ત્યાગસ્વરૂપ તો છે. એનો ત્યાગ કરવો શું એમ કહે છે. પરના અપોહકસ્વરૂપ તો છે એ ચીજ. હવે એ ચીજ છે એને છોડવું આને છોડું એ છે ક્યાં? એમ કહે છે. આહા..હા..! શૈલી તો જુઓ એક. વસ્તુનું અસ્તિત્વ એકલું શાંત અને જ્ઞાન અને આનંદમય વસ્તુ જ છે. એ વસ્તુ દોષરૂપ થઈ જ નથી. વસ્તુ થઈ છે? તો થઈ નથી એને છોડવું. આહા..હા..! પંડિતજી! આહા..હા..! એ વસ્તુને વર્તમાન પર્યાયને અંતરમાં વાળતા, ઠરતાં એ દોષ જે હતા એ ઉત્પન્ન થતા નથી એનો અમે નાશ કર્યો એ તો કથનમાત્ર છે. આહા..હા..! ઠર્યો ત્યાં તો ઉત્પન્ન થયું છે શાંતિ અને વીતરાગતા. સમજાય છે કાંઈ?

ઉત્પાદ-વ્યય અને ધ્રુવ બતાવતા પણ ચારિત્રની ઉત્પત્તિ બતાવે છે, અચારિત્રનો વ્યય બતાવે છે. એમાં ધ્રુવ ચૈતન્ય પ્રભુ મહા ભગવાન પૂર્ણ સ્વરૂપ છે એમાં જેણે પર્યાય વળી છે, વળી છે એમાં એ રાગ નથી. છતાં તેના રાગની દશામાં રાગ હોય, એ જાણવામાં આવે. જ્ઞાન કરે એનું. કારણ કે જ્ઞાન એનો સ્વભાવ છે. હવે જ્ઞાન કર્યું અને એમાં ન ગયો અને અહીંયાં રહ્યો. ત્યારે રાગનો અભાવ થયો, અચારિત્રની ઉત્પત્તિ ન થઈ એને ચારિત્રની ઉત્પત્તિ થઈ એને અચારિત્રનો નાશ કર્યો એ તો નામકથન છે કહે છે. આહા..હા..! આ તો શાંતિની ચીજ છે. આ કાંઈ બહારની ચીજ નથી કે જેમાં ઉછાળા મારે અને બહારને પકડે. પૂર્ણાનંદ પ્રભુ સર્વજ્ઞે કહ્યો એવું જિનસ્વરૂપ છે એનું. તો એ તો જિનસ્વરૂપ જ છે. હવે એ જિનસ્વરૂપ અજૈનપણાની પર્યાયપણે વસ્તુ તો થઈ નથી. એથી કહે છે કે એને પરભાવનો ત્યાગ કહેવો એ તો નામમાત્ર સંજ્ઞા છે. આહા..હા..! વાત તો જુઓ વસ્તુ. એય..! પ્રકાશદાસજી! આ લેવું ને મૂકવું ને આ ને તે. આહા..હા..!

એક તો વાત એ છે કે પરના ગ્રહણ-ત્યાગરહિત એનું સ્વરૂપ છે. હવે એણે રાગને ગ્રહ્યો છે એમ ક્યાં છે? વસ્તુ વિકારને ગ્રહે એવું વસ્તુમાં ક્યાં છે? ગુણ છેને? ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. ત્યાગઉપાદાન આ છોડવું અને ગ્રહવું, રાગને છોડવું અને રાગને ગ્રહવું એ સ્વરૂપમાં

જ છે ક્યાં? એનાથી તો શૂન્યત્વ વસ્તુ છે. એ વસ્તુનું સ્વરૂપ અખંડ આનંદ અભેદ ચીજ એની જ્યાં દૃષ્ટિ જ્ઞાનની પર્યાયે સ્વીકાર કર્યો ત્યારે જ્ઞાનમાં એ જણાણું અને રાગાદિ બાકી છે એ જણાણું છે. પણ જાણવું એટલે એને જાણવાને છોડવા માટે પ્રયત્ન કરવો એમ નથી કહે છે. અને એ જાણવાનો પ્રયત્ન આને કરવો એ નથી. એ તો સ્વપરનું જાણવાનું સામર્થ્ય છે એમાં એ જણાય જાય છે. સ્વપરજ્ઞાનનું સામર્થ્ય રચે છે એમાં એ જણાય જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એવો જેનો જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ એ સામર્થ્ય જ્યાં સ્વનો આશ્રય થયો, એ પ્રગટ્યું એમાં એ રાગાદિ જણાય છે કહે છે વ્યવહારે.

હવે એને છોડવા એ વસ્તુમાં નથી. ગ્રહ્યો હતો ક્યાં તે છોડે? આહા..હા..! ભારે કામ ભાઈ! વસ્તુ-વસ્તુ. 'વસ્તુને વ્હોરજો રે હોંશીડાને હાથે' એવું અહીં નથી કહેતા? એ વસ્તુ ભગવાન જેમાં અનંત-અનંત બેહદ શાંતિ અને આનંદ આદિ ભર્યા છે. એવો ભગવાન આત્મા કહે છે કે દોષનો ત્યાગ કરે છે એ. ઉદયભાવનો ત્યાગ કરે છે, સંસારનો નાશ. સંસાર શબ્દે ઉદયભાવ. બહાર સંસાર તો છે જ નહિ. આહા..હા..! તો એ જ્ઞાયકસ્વરૂપનું ભાન થતાં હું પૂર્ણ શુદ્ધ અને આનંદ છું એવી પર્યાય. પર્યાય એમ સ્વીકારે છે કે હું ધ્રુવ શુદ્ધ છું. પર્યાયમાં એ થાય છેને? પર્યાય એમ સ્વીકારે છે કે હું ધ્રુવ અભેદ છું. હવે એમાં એ વસ્તુ જે છે એ પોતે રાગરૂપે થઈ જ નથી. ઉદયરૂપે વસ્તુ થઈ જ નથી પરમ પારિણામિક જ્ઞાયકસ્વભાવરૂપ રહી છે એ. સમજાણું કાંઈ? એથી એ વસ્તુની જ્યાં દૃષ્ટિ થઈ એટલે એનું જ્ઞાન થયું, એમાં જણાણું કે રાગાદિ એ તો પર્યાયનો જ્ઞાનનો સ્વભાવ છે. એ રાગ આવ્યો માટે જાણે છે એમ નહિ. એનો સ્વભાવ જ એ વખતનો. જ્ઞાન સ્વપરપ્રકાશક જાણવું એવો તો પોતાના સ્વભાવની સામર્થ્યની જાહેરાત છે. રાગની જાહેરાત નથી ત્યાં. એવી વાત છે બાપા આ તો. એ પોતે અંતરમાં જેવું જાણ્યું એને છોડે છે એટલે કે સ્વભાવ સન્મુખમાં સ્થિર થાય છે, સ્થિર થાય છે જેવું સ્વરૂપ છે એમાં ઠરે છે. ઠરતા એ દોષ કહો, ઉદયભાવ કહો, અચારિત્ર કહો, અવ્રત કહો, અધર્મ કહો. એ અહીં ઠરતાં ઉત્પન્ન થતા નથી એથી એને નાશ કર્યો એમ વ્યવહાર કથન છે. પરમાર્થે તો એ નાશ કરે એવું એના સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! લ્યો! સમજાય છે કાંઈ? આ તો પદાર્થની સ્થિતિ આવી છે. વસ્તુનું સ્વરૂપ આવું છે.

ભગવાન ચિદાનંદ પ્રભુ અનંત શુદ્ધ ગુણનો પિંડ એ આત્મા. વસ્તુ પૂર્ણનો જ્યાં સ્વીકાર થયો તો એ સ્વીકારમાં દોષ છે એ હું અને આ વસ્તુ દોષરૂપે થઈ છે એવો તો સ્વીકાર નથી. ધર્મ કરવો છેને? તો ધર્મ ચારિત્રને કહે છે ભાઈ! એનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન. જુઓ કેવી શૈલી છે! ચારિત્રખલુધમ્મો અને એ ધર્મનું મૂળ કારણ દર્શન અને જ્ઞાન. ખરેખર એ તો એક ગુણનું બીજું કારણ કહેવું એ ઉપચારથી છે. પણ એની ભૂમિકામાં પહેલું આ સ્વીકાર

આખી ચીજનો એ જ્ઞેય આખી ચીજ છે એ પર્યાયમાં જ્ઞેય તરીકે જણાય. એવી સ્થિતિ વિના ચારિત્ર ન હોય એ બતાવવા એને કારણ કહ્યું છે. બાકી ચારિત્રનું કારણ ચારિત્ર છે. ચારિત્રનું કારણ દર્શન-જ્ઞાન પણ નથી. લ્યો!

મુમુક્ષુ :- પ્રત્યેક સ્વતંત્ર.

ઉત્તર :- સ્વતંત્ર. આહા..હા..! એની સ્વસંપદા એવી છે કે પરિપૂર્ણ ચારિત્રના વીતરાગ ગુણેથી તો ભરેલો છે. વીતરાગ એટલે ચારિત્રતા. એ ચારિત્રની જે પર્યાય પ્રગટ થાય, પણ એ તો પર્યાય પ્રગટ થાય એ કાંઈ બહારથી આવતી નથી. એ વીતરાગ સ્વરૂપ જ એવું એની ચારિત્રની પર્યાય એવી અનંતી-અનંતી વીતરાગતાના સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ ત્યારે એમ કહ્યું પરભાવોને જાણે એમ કીધુંને? પહેલા જાણે પછી છોડે એમ કહ્યું છેને?

**'તેથી જે પહેલાં જાણે છે...'** જે પહેલા જાણે છે. પહેલા જાણનારે જ્ઞાન જાણ્યું. એ છોડે છે એટલે? જાણનારે જાણ્યું. આહા..હા..! જાણે છે તે છોડે છે એટલે કે એ એમાં ઠરે છે ત્યારે ઓલું છૂટી જાય છે. છૂટી જાય છે એટલે કે એનો અર્થ કે ઉત્પન્ન થતું નથી. આ વિષયની આહા..હા..! ગજબ વાત છેને. ઉત્પાદ-વ્યય-ધ્રુવને સિદ્ધ કરે છેને. સમજાણું કાંઈ? આ તો મૂળની ચીજની વાત છે. એટલે આ કોઈ વાર્તા અને કથા નથી. આ તો સર્વજ્ઞસ્વભાવી આત્માને જે જોઈને પ્રગટ કર્યું એ પ્રગટ દશા થઈ એ તો અંદર સર્વજ્ઞમાંથી થઈ છે. એટલે એને પ્રગટ કરવા માટે પર્યાયને પ્રગટ કરું એમ છે દૃષ્ટિમાં? દૃષ્ટિમાં તો અખંડ પરિપૂર્ણ છું એ દૃષ્ટિમાં છે અને એનું પરિણમન ગુણનું પણ વહે છે. એટલે ગુણનું પરિણમન કરવું એ પણ નથી. પરિણમન વહે છે એને કરવું શું? આહા..હા..! સમજાણું કાંઈ? મુદ્દાની રકમ છે આ. આહા..હા..! અરે એ ચીજ અદ્ધર બિરાજે છે. આધાર કોઈનો નથી એને. આહા..હા..!

મુમુક્ષુ :- આકાશમાં અદ્ધર બિરાજે છે.

ઉત્તર :- અદ્ધર બિરાજે છે. કહ્યુંને ઓલો દાખલો નથી 'ગગન મંડળ મેં અધબીચ કૂવા વહા અમી કા વાસા.' અધબીચ કૂવો છે આ તો અદ્ધર. જેને રાગનો આધાર નથી, શરીરનો આધાર નથી, આકાશનો આધાર નથી, પરમાત્માનો આધાર નથી. આહા..હા..! એ આકાશમાં રહ્યો નથી અને અધર્માસ્તિકાયમાં રહ્યો નથી. પોતે અસંખ્ય પ્રદેશી ધામ અનંતગુણનું ધામ. ગગન મંડળ આકાશમાં અદ્ધર ભગવાન ચિદાનંદ અમૃતનો સાગર. આવેને ઓલું કહ્યુંને? 'શુદ્ધ ચૈતન્ય સિંધુ હમારો રૂપ હૈ. કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું અપને રસ સુ ભર્યો.' ભરેલો જ છું મારી શક્તિમાં હું. અનાદિ તે અનાદિ સ્વરૂપ જ એવું છે. 'મોહકર્મ મમ નાહિ, રાગ એ મારો નાહિ. એ ભરમ કૂપ હૈ' આહા..હા..! ભ્રમણાનો કૂવો છે. 'શુદ્ધ ચેતના સિંધુ હમારો

રૂપ હૈ.' અમારું રૂપ એટલે સ્વરૂપ શુદ્ધ ચેતનાસિંધુ. શુદ્ધ ચેતનાનો દરિયો. આહા..હા..! ભારે આ તે કેમ? કહો, આ ચારિત્ર કેમ થાય એની વિધિ કહે છે.

મુમુક્ષુ :- ચરણાનુયોગમાં એમ આવે છે.

ઉત્તર :- ચરણાનુયોગમાં તો કથન વ્યવહારના આવે. પાંચ મહાવ્રત ગ્રહણ કર્યા અને પછી છોડયા. ધર્મ જ છે. એ તો કથન વ્યવહારના એવા હોય છે. પરનો ત્યાગ-ગ્રહણ અસદ્ભૂતનયનું કથન છે. આહા..હા..! એ કહે છે કે હું કોણ છું? હું ક્યાં છું? કે હું કોણ છું? કે તું છો પરિપૂર્ણ આનંદકંદ. ક્યાં છો? કે એ ત્યાં. અરે! એની પોતાની ખબર ન મળે અને દુનિયાના ડહાપણની વાતું બધી. હિંમતભાઈ! કહો, વજુભાઈ! કહો આ બધા હીરા ને માણેકને તમારે શું કહેવાય ઝવેરાતને? એની પરીક્ષા બધી, પણ ભગવાન પોતે પરીક્ષા એને જાણનારો એ જાણનારની પરીક્ષા કેવી? એની ખબર ન મળે. આહા..હા..! 'પરખ્યા માણેક મોતીડા, પરખ્યા હેમ કપુર પણ એક ન પરખ્યો' ભગવાન પોતે કોણ છે અંદર આ તે? પોતાની ચીજને જેને સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથે કહી એવો જે ભગવાન પરિપૂર્ણ પ્રભુ. પરિપૂર્ણ નિર્દોષ સ્વભાવથી ભરેલો છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ અને એવી ચીજ જ એ છે. એટલે એ ચીજને, દોષને ટાળવું એવું એ ચીજમાં છે નહિ અને એ વસ્તુ નિર્દોષ વસ્તુનું સત્ત્વનું સ્વરૂપ જ એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પર્યાય તત્ત્વમાં, ઉદય તત્ત્વ કહ્યું. પાંચ ભાવ કહ્યાને. પણ એ પર્યાયનો અંશનો તત્ત્વ એ વસ્તુનું તત્ત્વ ક્યાં છે? આહા..હા..!

વસ્તુ જે ભગવાન આત્મા આદિ અને અંત વિનાનો જે એનો સ્વભાવ અસ્તિ-સત્તા એવું જે ચીજ પોતે એ તો એકલો શુદ્ધ અને નિર્દોષ સ્વભાવનો પિંડ છે ભગવાન તો આત્મા. આહા..હા..! જેની આગળ કેવળજ્ઞાન અને સંવરનિર્જરાની પર્યાય પણ નાશવાન છે. એવો અવિનાશી ભગવાન, અરે! કોઈ દિ' નજરે કર્યો નહિ, નજરમાં લીધો નહિ. નજરમાં લેવા માટેની જરૂરિયાત છે એમ પણ એણે નક્કી કર્યું નહિ. આહા..હા..! મહાપ્રભુ એની સામું જોયું નહિ કહે છે. જેમ આ સારો માણસ આવે અને સામું ન જોવે. થઈ રહ્યું. વયો જાય એની મેળે. નથી કહેતા? 'આવ નહિ આદર નહિ, નહિ નયણમાં નેહ, એ ઘેર શેના જાઈએ, કંચન વરસે મેહ.' આહા..હા..!

અહીં ભગવાન આત્મા અરે તું કોણ કેવડો ક્યાં? એની એને ખબર નહિ. આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એનું હોવાપણું જે એવા હોવાપણે છે એમાં દોષનું હોવાપણું ક્યાં આવ્યું? છે? દોષનું હોવાપણું છે? એ તો જાણવું કહ્યું. પર્યાયમાં છે એ જાણે એટલું બસ. એ જાણે એને જાણતું નથી. ખરેખર તો સ્વપરપ્રકાશકની જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે એને એ જાણે છે. એમ આને જાણે છે એમ કહેવામાં આવે છે. કહો, ભગવાનભાઈ! આ બધા પોષા ને પડિક્કમણા કર્યા અને આ કર્યા. કહે છે કે ભગવાન આત્મા આ પડિક્કમણા

કર્યા, સામાયિક કરી નથી કહેતા? પણ શું કર્યું તે એમાં? તને ખબર છે? એણે વિકલ્પ કર્યો. વિકલ્પ કર્યો રાગ. એને સામાયિક માની, એને પોષો માન્યો અને એને પચ્ચખાણ માન્યા. આહા..હા..! ભાઈ! તારો ચારિત્ર ધર્મ. અહીં તો જરી ચૈતન્યખલુધમ્મો એ ધર્મને ધર્મી જીવને ધર્મ પ્રગટ કરવામાં અધર્મનો નાશ કરવો એ એમાં હોતું નથી એમ કહે છે. આહા..હા..! કારણ કે એ પોતાના ધર્મસ્વભાવથી ખાલી નથી એ જ્ઞાન તે જ્ઞાનરૂપે રહ્યું છે, જ્ઞાન તે રાગરૂપે થયું નથી. આહા..હા..! જુઓ તો એક વસ્તુની સ્થિતિ. આ વસ્તુની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય લ્યો. આ મંદિર આમ કર્યા ને મેં આ કર્યા. ધૂળેય કર્યું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? શિવલાલભાઈ! જુઓ આ ધર્મ. આહા..હા..!

ચારિત્ર એ ધર્મ. એ ધર્મ પ્રગટ કરવા માટે કહે છે કે અધર્મનો નાશ કરવો એ વસ્તુમાં નથી. વસ્તુમાં ધર્મ છે. ચારિત્રધર્મ. આહા..હા..! એ પર્યાયમાં છે, એવું છે એવું પણ જે જ્ઞાનસ્વરૂપી પ્રભુ ભાન થયું એ છે એમાં એ તો જ્ઞાનનો પોતાનો સ્વભાવ છે એમાં સ્વપરને જાણે એ સામર્થ્ય એ એનું છે. રાગ એનો નથી. સમજાણું કાંઈ? આવી વસ્તુ ભારે! શાંતિથી, ધીરેથી, ચીજ શું છે એમ જ્યાં સુધી નજરુંમાં ન લે ત્યાં સુધી એના અંતરના કામ શુદ્ધ ન પ્રગટે. સમજાણું કાંઈ? આવો ભારે ધર્મ ભાઈ! ઓલું તો કહે કે દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, પૂજા કરો, દેરાસર બનાવો, રથયાત્રા કાઢો મોટી. ૫૦-૫૦ હજાર માણસો. ઓહો..હો..! જુઓને જયપુરમાં બેય વખતે. પહેલે વખતે ૨૦-૨૫-૩૦ હજાર અને બીજે વખતે ૫૦-૬૦ હજાર માણસો રથયાત્રામાં. આહા..હા..! શું છે પણ? રથ બહાર નીકળ્યો જયપુર. ઘોડા થોડા.

મુમુક્ષુ :- હાથી.

ઉત્તર :- હાથી તો મોઢા આગળ. હાથી ૧૮ હાથી. ૨૧ હાથી ૨૧? ૨૧ હાથી. મોઢા આગળ ૨૧ હાથી. માણસની નજર પડે આમ માથા સિવાય કાંઈ દેખાય નહિ આખું. બાવા બાવા પણ બધા. આ મહારાજ કોણ છે? બહાર છે એ મહારાજ? આહા..હા..! આવી જાત્રા અને આવા હાથી. અને ૨૫-૩૦ હજાર માણસ. ૬૦ હજાર કહેતા હતા લોકો.

મુમુક્ષુ :- એ તો પ્રભાવના.

ઉત્તર :- અરે પ્રભાવના તે બહાર થાતી હશે કે અંદર? આહા..હા..!

ભગવાન અંતર આનંદ અને જ્ઞાનસ્વભાવ અને વીતરાગ સ્વભાવથી તો ભરેલી ચીજ જ છે એ. રાગના અભાવસ્વભાવ સ્વરૂપ જ એનું છે. ઉદયભાવના અભાવસ્વભાવ સ્વરૂપ જ એનું છે. આહા..હા..! એટલે કે દોષના અભાવસ્વભાવ સ્વરૂપ જ એનું છે. એવી ચીજને જ્યાં દૃષ્ટિમાં લીધી ત્યારે એને સ્વભાવમાં રાગ નથી એની પર્યાયમાં એવું પણ ભાન થયું. હું જ્યાં છું ત્યાં રાગ નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી. એમાં પણ નથી. હવે નથી એને છોડવું

એમ કહેવું કહે છે કે એ તો અસ્તિ હતી તેનું જ્ઞાન થયું, પણ જ્યાં જ્ઞાનસ્વરૂપી ભગવાન, પોતામાં જ્યાં ઠર્યો, જ્ઞાન-જ્ઞાનરૂપે રહ્યું. એ રાગરૂપે જે પર્યાયમાં થતું એ ન થયું એને રાગનો નાશ કર્યો, અધર્મનો નાશ કર્યો, દોષનો નાશ કર્યો, ઉદયભાવને થવા ન દીધો એ બધી કથની વ્યવહારની લાગુ પડે છે. ભારે વાતું ભાઈ! આવો ધર્મ ભારે ઝીણો ભાઈ!

‘**આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે,...**’ જોયું! એ દોષનો નાશ કરવાનું કર્તાપણું એ નામમાત્ર એમ કહે છે. આહા..હા..! હવે એ ચીજ પોતે કોણ છે એની એને ખબર નથી. આમ ને આમ. આંધળે આંધળો ચાલ્યે જ જાય. આ શરીર ને આ બાયડી, છોકરા, કુટુંબ અને આ હોળી બહારની. એના ઉપર નજરું. બહુ તો એના વર્તમાનમાં રાગ થાય અને વર્તમાનની પર્યાય ઉપર એની નજર, પણ ભગવાન પર્યાયવાન આખો ચીજ અંદર કોણ છે? આહા..હા..! પ્રવિણભાઈ! પ્રવિણ. પ્રવિણતા આવ્યું હતુંને ક્યાંક આપણે આવ્યું હતું. પ્રવિણતા વડે. ભેદ અભ્યાસના પ્રવિણતા વડે. ૩૧ ગાથા. ૩૧. નિર્મળ ભેદ અભ્યાસની પ્રવિણતા વડે અતિસૂક્ષ્મ ચૈતન્ય ભગવાનને ભિન્ન જાણ્યો.. આહા..હા..!

‘**પોતે તો જ્ઞાનસ્વભાવ છે.**’ લ્યો! ભગવાન તો જ્ઞાનચૈતન્ય સ્વભાવ શુદ્ધ સ્વભાવ, ધ્રુવ વજ્ર મૂર્તિ આનંદ અને જ્ઞાનની વજ્રની મૂર્તિ પોતે છે એ તો. આ આત્મા હોં! હાય.. હાય.. આવું! હવે આવો ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? એ ભગવાનજીભાઈ એમ કહેતા. રામજીભાઈના મિત્ર હતા. વઢવાણમાં. પણ છે ક્યાં? સ્વીકાર્યો છે ક્યાં? આહા..હા..! આવો છે એવું સ્વીકાર્યા વિના ગયો ક્યાં? ગયો તો જ્યાં છે ત્યાં છે. આહા..હા..! એને અંતર જ્ઞાનની પર્યાયના બળમાં શ્રદ્ધાની પર્યાયના બળમાં આવો આત્મા એને સ્વીકારે ત્યારે એ છે એને માટે આવ્યુંને? નહિતર એને માટે છે ક્યાં? એને માટે જેટલું લક્ષમાં છે એ એના માટે છે. સમજાણું કાંઈ? રતિભાઈ! આહા..હા..! હવે ઘીયા તો ઝળહળ તો દીવો ઘીનો. એમ કહે છે. એય..! ..ભાઈ! એને ઓલવનાર કોણ? એમાં અંધારું છે તો ઓલવે કોણ? આહા..હા..!

‘**આત્માને પરભાવના ત્યાગનું કર્તાપણું છે તે નામમાત્ર છે,...**’ આહા..હા..! ‘**પોતે તો જ્ઞાનસ્વભાવ છે.**’ એ તો જાણકસ્વભાવની ચૈતન્યની સૂર્ય મૂર્તિ. ચૈતન્ય સૂર્યની મૂર્તિ સૂર્ય. આ તો હજાર કિરણોવાળો સૂર્ય. ભગવાન તો અનંતગુણના પરિણમનની ક્રિયા પ્રગટ કરે એવો એ સૂર્ય છે. એ તો એવો રહ્યો જ છેને કહે છે. પરદ્રવ્યને પર જાણ્યું. આટલી વાત છે. રાગાદિને જાણ્યું કે આમાં નથી, અહીં છે બસ એટલું. આમાં નથી. અહીં છે. પરતરીકે છેને? એમ કહ્યુંને? પરદ્રવ્યને પર જાણ્યું, રાગનો વિકલ્પ, શુભરાગ. એને પરને પર જાણ્યું. પછી પરભાવનું ગ્રહણ નહિ. ગ્રહણ નહિ એટલે? પર્યાયને ત્યાં અટકતી નથી, પર્યાય દ્રવ્યમાં આવી અંદર. આહા..હા..! જ્યાં વસ્તુ છે ત્યાં આવી પર્યાય. જ્યાં અનંત અનંત સ્વભાવનો

પિંડ પ્રભુ આત્મા સાક્ષાત્ ભગવાન જ પોતે છે. પરમાત્મા જ પોતે છે. એમાં પર્યાય જ્યાં વળી બસ થઈ રહ્યું. તે ત્યાગ છે. આમાં આવ્યો અને ઓલું ઉત્પન્ન ન થયું તેને ત્યાગ કહેવામાં આવે છે. એય..! પ્રકાશદાસજી! આ છોડો... ફલાણું છોડો... દયા પાળે છેને માણસ ભેગા થઈને. કંદોઈની દુકાનેથી લઈ આવો. ઓલો આપે. ..ની ઘરેથી લઈ આવે. દયા આ તો પાળી હોં! અમે અહીં શેના.. દયા ધર્મ પણ ન થાય તમારે? એવો એક વાંધો ઉઠાવ્યો છે. તો નહિ રહીએ. ભાઈ રહો દયા પાળીએ લાવો. કરો ભેગા ૨૫-૫૦ માણસ. આહા..હા..! તમે આવ્યા એનું ફળ શું? સાધુ અહીંયાં આવ્યા અને કાંઈ. એય..! આહા..હા..!

કહે છે **'પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે.'** એટલે કે એમાં અટકતો આવ્યો અને અહીં અટક્યો. આહા..હા..! એનું નામ ત્યાગ કહેવામાં આવે છે. **'એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે,...'** છૂટેલું એમ નહિ. એ જ્ઞાન જ્ઞાનસ્વરૂપી ભગવાન આ સમજવું એ મહા કઠણ હજી તો. આહા..હા..! આવી ધર્મ કથા હશે! ધર્મ કથા કહો કે ચારિત્રની કથા. આહા..હા..! કેટલી ધીરજ છે એમાં. ભગવાન તો જ્ઞાનપ્રકાશ સ્વરૂપ છે. જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવ સ્વરૂપ રહ્યો છે. એમાં ઠર્યો એનું નામ પચ્ચખાણ એટલે જ્ઞાનસ્વરૂપી સ્થિર થયો એનું નામ પચ્ચખાણ. છોડ્યું એ નહિ. અસ્તિથી લેવું છેને અહીંયાં? આહા..હા..! એ શબ્દે કામ ન આવે.

મુમુક્ષુ :- .. પચ્ચખાણ લઈ લે.

ઉત્તર :- એ પચ્ચખાણ શેના? ધૂળના પચ્ચખાણ કોણ લે? આત્મા દે કે બીજો દે? ચારિત્ર ક્યાંથી આવે? આહા..હા..! એકકોર કહે કે પર્યાયનો દાતા આત્મા નહિ. ઓહો..હો..! ગજબ વાતું છે. એ ચારિત્રની નિર્મળદશા એ તો અંતરમાં ઠર્યો એટલે પ્રગટી. એ રહ્યો તો જેમ છે તેમ રહ્યો, નહોતો એપણે ન થયો. જેપણે નહોતો એ પણે ન થયો અને હતો એ પ્રમાણે થયો. વજુભાઈ! આવો ધર્મ ભારે ભાઈ! મંદિર કરાવવા, લ્યો!

મુમુક્ષુ :- એ તો હવે થઈ ગયા છે.

ઉત્તર :- થઈ ગયા છે. એટલે હવે વાંધો નથી એમ કહે. થઈ ગયાને. આહા..હા..! હજી તો બહારના વાંધા. આ પંચામૃતથી અભિષેક કરવો. અરે પણ ક્યાં? તું હવે અહીં કરને અભિષેક. આહા..હા..! ભગવાન વીતરાગ સ્વરૂપ, ચારિત્ર સ્વરૂપ જ છે એમ કહે છે અહીં તો. એ સ્વરૂપમાં એમ રહ્યો તો એ જ્ઞાન ઠર્યું. એનું નામ ચારિત્ર. આહા..હા..! એ પંચામૃત એ છે. જ્ઞાનની પાંચેય પર્યાય અમૃત છે. એનાથી અભિષેક કર્યો. શાંતિભાઈ! એ વાંધા. અમારામાં આમ કર્યું. ભાઈ! અમારા-તમારા રહેવા દે. વસ્તુમાં શું છે એ કરને. અમારામાં આમ કહ્યું છેને. એમાં આમ કહ્યું છે. અરે આવો આત્મા ભગવાન! એણે પંચામૃતથી ભગવાનને અભિષેક કરે ત્યારે એને દેખે ત્યારે એ સાધુને સખ આવે. પછી સાધુ વહોરવા નીકળે.

આહા..હા..! અરે પ્રભુ એ વ્યક્તિગતની દોષની વાત નથી. એ તો વસ્તુનું સ્વરૂપ આવું છે એને આ રીતે બગાડ્યું છે જીવે. અને એ એને બગાડ્યું એનું દુઃખ તો એણે વેદવાનું છેને. અને દુઃખના વેદનભાવનો તિરસ્કાર કેમ હોય? આહા..હા..! ભાઈ! તને ચારિત્ર અને પચ્ચખાણ કોને કહેવા એની ખબર નથી. એ તારું સ્વરૂપ જ ચારિત્ર સ્વરૂપ જ છે. એ જ્ઞાનમાં જ્ઞાનરૂપે ચારિત્રના ચારિત્રરૂપે, આનંદના આનંદરૂપે એવું તારું સ્વરૂપ છે. આહા..હા..! એને જ્યાં અંતરમાં સ્વીકાર્યો, છે આવું તે હું. એમ સ્વીકાર કર્યો, એમાં ઠર્યો એ પચ્ચખાણ. કહો, સમજાણું કાંઈ? સવારમાં જયવંતમાં વઈ ગઈ દસ મિનિટ. એટલે ચંદુભાઈ! જોયું ... આ તો. સમિતિ સમિતિ જયવંત વર્તે અને જૈનધર્મ જયવંત વર્તે અને મરણ થાતું હોય એ બચાવ્યું એમ આવ્યું હતુંને ભાઈ! કળશમાં. આહા..હા..! મરણ ખાતું છે એનું. એટલે કે આવડો આત્મા એનો સ્વીકાર નહોતો ત્યાં એ નથી આવો. હું તો રાગવાળો અને આ છું મરણ ખાતું છે એનું. આહા..હા..!

અહીં તો કહે છે કે દોષને નાશ કરનારો કહેવો એ પણ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! એટલું એને પાલવતું નથી હોં! કહો, પ્રવિણભાઈ! આવી કથા કઈ હશે? ઓલું તો ઝપટ ચાલે આમ. પ્રોફેસર આવે .. સમજાય. બે કલાક ધડાક... ધડાક... ધડાક... ઓલું સમજાણું એક કલાક વઈ જાય. આવી વાત તો હળવે-હળવે .. એય ડોક્ટર.. શું છે આમાં કાંઈ? આચાર્ય. તાવ આવ્યો હતો આકરો. વ્યાખ્યાન દેવા બેઠા. વ્યાખ્યાન દેતા દેતા .. દેહ છૂટી ગયો. એને પુરુષાર્થની ગતિમાં ... ... એ ગાથા હતી. ઉત્તરાધ્યયની પહેલી ગાથા. હાથી જેમ સંગ્રામમાંથી આવે અને બાણ સામા આવે તો સહન કરે. ભાગે નહિ, પાછો ન ફરે. હાથી પાછો ન ફરે. એમ શૂરવીર સાધુ પરિષહના ગમે તેટલા પ્રસંગ આવે પાછો ન હઠે, એ તો અંદર ઠરે. એમાં તો એ ક્યાં હતું? એ વસ્તુ ઘણા વર્ષ પહેલા પહેલી ગાથામાં ... એવા શબ્દ છે. શૂરવીર તો સામા હણે. એમ. એમ કે આટલો આટલો છે .. આપણને કાંઈ છે નહિ. એને .. અહીં તો રાગને હણે એ પણ અહીં નથી. આહા..હા..! એય..! એવી વાત છે જુઓ. કહો, ધીરૂભાઈ! તમારે ત્યાં બહુ ચાલે વ્યાખ્યાન દરરોજ. આહા..હા..! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવનો માર્ગ એ તારો માર્ગ અને તારો માર્ગ એ ભગવાનનો માર્ગ બે. આહા..હા..! કહો, હસુભાઈ! અરે ઝઘડા ક્લેશમાં મૂકને હવે. વાદવિવાદ. આહા..હા..!

કહે છે '**પરભાવનું ગ્રહણ નહિ તે જ ત્યાગ છે. એ રીતે, સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે,...**' આહા..હા..! '**જ્ઞાન સિવાય કોઈ બીજો ભાવ નથી.**' શું કીધું? પચ્ચખાણ એ જ્ઞાનની દશા છે, કોઈ બીજો ભાવ નથી. જ્ઞાનસ્વરૂપે રહેલું સ્થિર થવું એ તો જ્ઞાનનો ભાવ છે. એ કોઈ બીજો ભાવ નથી. આહા..હા..! આને ચારિત્ર કહેવું, એને પચ્ચખાણ કહેવું.

## ગાથા-૩૫

अथ ज्ञातुः प्रत्याख्याने को दृष्टान्त इत्यत आह—

जह णाम को वि पुरिसो परदव्वमिणं ति जाणिदुं चयदि।
तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी।।३५।।

यथा नाम कोऽपि पुरुषः परद्रव्यमिदमिति ज्ञात्वा त्यजति।
तथा सर्वान् परभावान् ज्ञात्वा विमुञ्चति ज्ञानी।।३५।।

यथा हि कश्चित्पुरुषः सम्भ्रान्त्या रजकात्परकीयं चीवरमादायात्मीयप्रतिपत्त्या परिधायशयानः स्वयमज्ञानी सन्नन्येन तदंचलमालम्ब्य वलान्नग्नीक्रियमाणो मंक्षु प्रतिबुध्यस्वार्पय परिवर्तितमेतद्वस्त्रं मामकमित्यसकृद्वाक्यं शृण्वन्नखिलैश्चिह्नैः सुष्ठु परीक्ष्य निश्चितमेतत्परकीयमिति ज्ञात्वा ज्ञानी सन् मुंचति तच्चीवरमचिरात्, तथा ज्ञातापि सम्भ्रान्त्या परकीयन्भावानादायात्मीयप्रतिपत्त्यात्मन्यध्यास्य शयानः स्वयमज्ञानी सन् गुरुणा परभावविवेकं कृत्वैकीक्रियमाणो मंक्षु प्रतिबुध्यस्वैकः खल्वयमात्मेत्यसकृच्छौतं वाक्यं शृण्वन्नखिलैश्चिह्नैः सुष्ठु परीक्ष्य निश्चितमेते परभावा इति ज्ञात्वा ज्ञानी सन् मुंचति सर्वान्परभावानचिरात्।

હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું તેનું દષ્ટાંત શું છે? તેના ઉત્તરરૂપ દષ્ટાંત-દાર્ષ્ટાંતની ગાથા કહે છેઃ-

આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,
ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.

ગાથાર્થઃ- [यथा नाम] જેમ લોકમાં [कः अपि पुरुषः] કોઈ પુરુષ [परद्रव्यम् इदम् इति ज्ञात्वा] પરવસ્તુને 'આ પરવસ્તુ છે' એમ જાણે ત્યારે એવું જાણીને [त्यजति] પરવસ્તુને ત્યાગે છે, [तथा] તેવી રીતે [ज्ञानो] જ્ઞાની [सर्वान्] સર્વ [परभावान्] પરદ્રવ્યોના ભાવોને [ज्ञात्वा] 'આ પરભાવ છે' એમ જાણીને [विमुग्चति] તેમને છોડે છે.

ટીકાઃ- જેમ-કોઈ પુરુષ ધોબીના ઘરેથી ભ્રમથી બીજાનું વસ્ત્ર લાવી, પોતાનું જાણી ઓઢીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની(-આ વસ્ત્ર બીજાનું છે એવા જ્ઞાન વિનાનો) થઈ રહ્યો છે; જયારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી, ખેંચી તેને

નગ્ન કરે છે અને કહે છે કે 'તું શીઘ્ર જાગ સાવધાન થા, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે તે મારું મને દે', ત્યારે વારંવાર કહેલું એ વાક્ય સાંભળતો તે, (એ વસ્ત્રનાં) સર્વ ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને, 'જરૂર આ વસ્ત્ર પારકું જ છે' એમ જાણીને, જ્ઞાની થયો થકો, તે (પરના) વસ્ત્રને જલદી ત્યાગે છે. તેવી રીતે-જ્ઞાતા પણ ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી, પોતાના જાણી, પોતામાં એકરૂપ કરીને સૂતો છે ને પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે; જ્યારે શ્રી ગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી તેને એક આત્મભાવરૂપ કરે અને કહે કે 'તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ તારો આત્મા ખરેખર એક (જ્ઞાનમાત્ર) જ છે, (અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે),' ત્યારે વારંવાર કહેલું એ આગમનું વાક્ય સાંભળતો તે, સમસ્ત (સ્વ-પરનાં) ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને, 'જરૂર આ પરભાવો જ છે, (હું એક જ્ઞાનમાત્ર જ છું)' એમ જાણીને, જ્ઞાની થયો થકો, સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.

ભાવાર્થઃ- જ્યાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે ત્યાં સુધી જ મમત્વ રહે; અને જ્યારે યથાર્થ જ્ઞાન થવાથી પરવસ્તુને પારકી જાણે ત્યારે બીજાની વસ્તુમાં મમત્વ શાનું રહે? અર્થાત્ ન રહે એ પ્રસિદ્ધ છે.

## શ્લોક-૩૫ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું તેનું દૃષ્ટાંત શું છે?' કોઈ દાખલો આપીને એની સાથે બંધ બેસાડો. આ તો તમે અદ્ધરને અદ્ધર વાતું કરી એમાં અમને ઝટ. જ્ઞાતા ભગવાન આત્મા જાણન... જાણન-દેખન સ્વભાવની મૂર્તિ પ્રભુ. એકે એક શક્તિ સૂર્યરૂપ. એવી અનંતી શક્તિનો સૂર્યરૂપ આત્મા ભગવાન. જ્ઞાતા-દૃષ્ટા અને જ્ઞાન અને દર્શન મુખ્ય તો કહ્યું કાલે એમાં બધા ગુણો જણાય છેને? જ્ઞાન કહેતા બધા જ જણાય છે એમાં. જ્ઞાનમાં દર્શન, અનંત શ્રદ્ધા, વીર્ય, ચારિત્ર એ અનંત-અનંત. એ બધું જ્ઞાનની અંદર જાણવાનો સ્વભાવ છે. એનો જે સ્વપરપ્રકાશક જ્ઞાતા અને દૃષ્ટા એવું જ એનું કાયમ અને અનાદિસ્વરૂપ છે. એને પ્રત્યાખ્યાન જ્ઞાન કહ્યું એને પચ્ચખાણ એ તો જ્ઞાનનું સ્વરૂપ જ કહ્યું. એ આમ રાગ કરવો અને રાગ છોડવો એવું તો કાંઈ કહ્યું નહિ તમે. તેનું દૃષ્ટાંત શું છે? '**તેના ઉત્તરરૂપ દૃષ્ટાંત-દાર્ષ્ટાંતની...**' દાષ્ટાંત એટલે સિદ્ધાંત. એની '**ગાથા કહે છે :-**' એ ધર્મ આવો છે.

તારા સુખને માટેના રસ્તા આ છે. બાકી બધા તો દુઃખના રસ્તે બિચારા રળવું, ખાવું, ભોગ ને મરી ગયા બિચારા. લ્યો કેશવભાઈ! શું હશે આ? રળવું, પેદાશ થાયને. આહા..હા..! સવારમાં આવ્યું નહોતું એ? કર્મના સંગના અભાવથી, એના અસ્તિત્વના ભાવથી આત્મ અસ્તિત્વને મારી નાખ્યું છે એણે. આહા..હા..!

એક સમયની પર્યાયનું અસ્તિત્વ અને રાગનું હોવાપણું એટલા હોવાપણે હું એને ત્રિકાળી હોવાપણાનો એણે મરણ કરી નાખ્યું. અને જેને ત્રિકાળી હોવાપણાનો મારો પરમ આનંદ જ્ઞાનસ્વભાવ. એણે જીવતો જેવો હતો એવો રાખ્યો એનું નામ એણે જીવન કહ્યું. આહા..હા..! ત્રણલોકના નાથ વીતરાગ સર્વજ્ઞદેવની વાણી આવતી હશે. એ કેવી વાણી હશે! અને સાંભળનારા ઈન્દ્રો એકાવતારી સુધર્મ ઈન્દ્ર, ઈશાન ઈન્દ્ર જેને પોતાને ખબર છે કે અમે એક ભવે મોક્ષ જનારા છીએ. ઈન્દ્ર ઉર્ધ્વલોકના સ્વામી, ૩૨ લાખ વિમાન. એક વિમાનમાં અસંખ્ય દેવ એ સાંભળવા બેસતા હશે એ આંખો મીંચીને બેસતા હશેને. આહા..હા..! સાંભળવાની પાત્રતા જોઈએ અહીં તો કહે છે. આહા..હા..! કહે છે કે એ ઈન્દ્રો સાંભળે અને ગણધરો હોં ચાર જ્ઞાનના ધણી. આહા..હા..! એ છે વિકલ્પ એ. પણ સાંભળવાની વાત કેવડી મોટી હશે! કે આવા મોટાઓ ત્યાં સાંભળે એમ મારું કહેવું છે. એય..! બાર અંગની રચના જેની અંતર્મુહૂર્તમાં કરે અને ઈન્દ્રો અસંખ્ય દેવ અને કરોડો અપ્સરાનો સ્વામી. એમ દુનિયાની અપેક્ષાએ એમ કહેવાય. એ તો સ્વામી પોતાના સ્વરૂપનો છે. વ્યવહારનો અર્થ એ જોડે છે એને જણાવું છે એની પાસે. જોડે શું છે? આહા..હા..! એવાઓ જ્યારે આમ ભગવાનની વાણી સાંભળે. આહા..હા..!

જેને કરોડો લાખો મણ ગાડા અનાજ પાકે એના વહવાયા કેવા હોય? વહવાયા સમજ્યા? એ તમારી ભાષા નથી. કામ કરનારા. આ લુહાર, સુતાર એ બધા વહવાયા કહેવાયને? .. તો નહિ પણ એ જાતના. .. ઓલા ચારણ અને ભાટ હોયને. આ તો કામ કરનારા. એને ઘણું થાય. લાખો મણ ગાડા અનાજ પાકે એના વહવાયા દસ શેર અનાજ આપે?

મુમુક્ષુ :- હવે અમને આપો ગાડા.

ઉત્તર :- આહા..હા..! ભગત પાસે ગાડાના ગાડા આવે. બહુ પાકેને બધા બાર મહિના આપે. બાજરાના, જુવારના, ઘઉંના. એને બે લાખની ઉપજ છે. .. ભગત હતા. ગયા હતાને ત્યાં અંદર. ગયા હતા. એવો આદર કર્યો હતો હોં. માંડવો બાંધ્યો હતો. .. ખૂબ જમાડ્યા. બરફી સવારમાં. .. મને ખબર નહિ .. અમારે કાંઈ. બસોની શાલ બે લાખના. ઉપજ ગાડા ને ગાડા આવે. અહીં ઉપજનો પાર નથી આત્મામાં. આહા..હા..! અસંખ્ય પ્રદેશી પરમ પવિત્રતાની ખાણ ભગવાન, એની ખેડ કરતાં એમાં અનંતગુણના પાક આવે છે અંદરથી. આહા..હા..! એ કરી શકે છે, રાગને કરું એ સ્વરૂપમાં ક્યાં છે? ટાળવું એવું નથી તો પછી કરવું. આહા..હા..!

એવો છે એવો એણે કોઈ દિ' સ્વીકાર્યો નથી. સમજાણું? અને જેમ છે એમ સ્વીકારે નહિ ત્યાં સુધી જ્ઞાન જૂઠું છે એનું. આહા..હા..! અને જૂઠા જ્ઞાનવાળાને ધર્મ થાય નહિ. આહા..હા..! પછી પોષા કરે, પડિક્કમણા કરે, પછી આ બાયડી, છોકરા છોડીને સાધુ થાય. અજ્ઞાનને પોષે છે બધા.

કહે છે '**સ્થિર થયેલું જ્ઞાન તે જ પ્રત્યાખ્યાન છે,...**' તેનું દૃષ્ટાંત કહે છે.

**जह णाम को वि पुरिसो परदव्वमिणं ति जाणिदुं चयदि।**

**तह सव्वे परभावे णाऊण विमुंचदे णाणी।।३५।।**

'**जाणिदुं**' તો છે એમાં. '**जाणिदुं चयदि**' આહા..હા..! એમાં જુવાની ફાટેલ શરીરની હોય, એમાં પાંચ-પચ્ચીસ લાખની મૂડી હોય, એમાં બાયડી રૂપાળી મળી હોય. આહા..હા..! આંધળો થઈને પડે. આહા..હા..! એ હોવાપણે હું છું એમ માને છે. આહા..હા..! અરે! તારું હોવાપણું પ્રભુ અંદર મહાપ્રભુ છેને. એવા હોવાપણાનો અનાદર કરીને આ હોવાપણે હું છું. પોતાના સ્વરૂપની હિંસા કરી નાખી છે. આવડો છું એ ન માન્યું, આવડો છું એની હિંસા કરી. આહા..હા..! મરણ કર્યું. જરી માન મળે, થોડું અપમાન થાય ત્યાં ઉં.. ઉં.. હાય.. હાય... માન મળે ત્યાં રાજી થાય, અપમાન મળે ત્યાં અનાદર થાય. મરી ગયો.

કહે છે એનું દૃષ્ટાંત કહે છે.

**આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,**

**ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.**

પારકું. મારી પર્યાયમાં પણ નહિ હોં પાછું. એમ કહે. આહા..હા..! પરિત્યજે તો આવ્યું. આ તો વ્યવહારનું કથન છેને.

એનો ગાથાર્થ. ગાથાર્થ. આ કાંઈ એકદમ ગાથા વાંચી જવાનું કાંઈ કામ નથી. આ તો ભાવનું કામ છેને. '**જેમ લોકમાં કોઈ પુરુષ પરવસ્તુને 'આ પરવસ્તુ છે'...**' આ કપડું મારું નહિ. જે કપડાના લક્ષણો જોઈએ, મારું નામ જોઈએ એમાં આ એ નહિ. આ તો કોકનું નામ નીકળ્યું. ધોબીનો દાખલો આપશેને. સમજાણું? આ નહિ. એ નહિ એટલે બુદ્ધિ ઉઠી ગઈ. જે મારું નહિ એમ જાણ્યું એમાં બુદ્ધિ ઉડી ગઈ, એમ રાગ એ મારો નહિ બુદ્ધિ ઉડી ગઈ ઠર્યો એમાં. વસ્તુને છોડે છે. '**તેવી રીતે જ્ઞાની સર્વ પરદ્રવ્યોના ભાવોને 'આ પરભાવ છે' એમ જાણીને...**' ગ્રહણ કરતો નથી, એરૂપે થતો નથી એને છોડે છે એમ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ સુદ-૧૫, સોમવાર, તા. ૨૬-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૪-૩૫, પ્રવચન-૧૦૯**

જીવ-અજીવ અધિકાર. ૩૫મી ગાથા છે. ટીકા એની. પચ્ચખાણ કેમ થાય છે એની વાત. '**ટીકાઃ- જેમ-કોઈ પુરુષ ધોબીના ઘરેથી ભ્રમથી બીજાનું વસ્ત્ર લાવી, પોતાનું જાણી ઓઢીને સૂતો છે...**' દૃષ્ટાંત આપે છે. પાઠમાં છે ખરુંને? દૃષ્ટાંત. ધોબી .. એ '**ને પોતાની મેળે અજ્ઞાની...**' બે શબ્દ વાપર્યા છે. એક તો ભ્રમથી બીજાનું વસ્ત્ર લાવ્યો અને પોતાની મેળે અજ્ઞાની થયો થકો. આ વસ્ત્ર મારું છે એમ એણે જાણ્યું અજ્ઞાનીએ. છે કોકનું. '**(-આ વસ્ત્ર બીજાનું છે એવા જ્ઞાન વિનાનો) થઈ રહ્યો છે; જયારે બીજો તે વસ્ત્રનો ખૂણો પકડી, ખેંચી તેને નગ્ન કરે છે...**' એટલે ઉઘાડો કરે. '**અને કહે છે કે 'તું શીઘ્ર જાગ સાવધાન થા, આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે...**' '**આ મારું વસ્ત્ર બદલામાં આવી ગયું છે...**' તારા વસ્ત્રને ઠેકાણે મારું વસ્ત્ર આવી ગયું છે. '**તે મારું મને દે',...**' બીજાએ કહ્યું કે મારું મને દે. મારું છે એ.

'**ત્યારે વારંવાર કહેલું એ વાકય સાંભળતો તે, (એ વસ્ત્રનાં) સર્વ ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને,...**' લ્યો આ મારું નથી. .. જાડા-પાતળા તાણાવાણા એનો આકાર, એનું ચિહ્ન, એનું નામ આદિ જોઈને ''**જરૂર આ વસ્ત્ર પારકું જ છે' એમ જાણીને, જ્ઞાની થયો થકો,...**' જ્ઞાની એટલે એ જાતનો હોં જાણપણાવાળો. '**તે (પરના) વસ્ત્રને જલદી ત્યાગે છે.**' છોડી દે છે વસ્ત્ર. એટલે કે વસ્ત્રનું લક્ષણ જાણ્યું. ભલે ઓઢેલું રહ્યું, પણ જાણ્યું કે આ તો મારું નથી. તેને દૃષ્ટિમાં ત્યાગ જ છે. વસ્ત્ર માથે હોવા છતાં આ મારું નહિ એવી દૃષ્ટિ થઈ એટલે એનું એ છે જ નહિ એમ એની દૃષ્ટિમાં આવ્યું છે. માથે વસ્ત્ર હોવા છતાં. '**તેવી રીતે-**' દૃષ્ટાંત થયો આ તો.

'**જ્ઞાતા પણ...**' એટલે આત્મા જાણનાર-દેખનાર હોવા છતાં. તું તો જાણનાર-દેખનાર સ્વરૂપી છો. એવો આત્મા '**ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી,..**' ત્યાં ભ્રમ અને અજ્ઞાન બેય લખ્યું. '**ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને...**' શુભ-અશુભ ભાવ. વિકાર શુભ અને અશુભ એ બધા પરદ્દ્રવ્યના ભાવ છે. '**ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી,...**' સ્વીકારની વાત કહેવી છેને અહીં? પુણ્ય અને પાપના ભાવ એ શુભભાવ વિભાવ છે. એ સ્વદ્રવ્યનો ભાવ નથી. એવો શુભભાવ જે થાય એ બધા વિકારી પરભાવ છે. સ્વભાવમાં

એની ચીજ છે નહિ. આહા..હા..! '**પોતાના જાણી,...**' પોતાના જાણી. પાછું એ રાગ મારો છે. '**ભ્રમથી પરદ્રવ્યોના ભાવોને ગ્રહણ કરી,...**' ગ્રહણ કરી એટલે એમાં એકાગ્ર થયો એમ. '**પોતાના જાણી,...**' રાગનો અંશ છે ત્યારે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ બધા પર છે પરભાવ છે. એ આત્માનો સ્વભાવ નથી. એ તો જ્ઞાનસ્વરૂપી આત્મા છે. એણે જ્ઞાનમાં ભ્રમથી પરવસ્તુને પોતાની જાણી ભ્રમથી. એને '**પોતામાં એકરૂપ કરીને સૂતો છે...**' જુઓ, વિકલ્પ અને રાગ આ. રાગનો વિકલ્પ એને આત્માના ત્રિકાળી સ્વભાવ સાથે ત્યાં રુચિ, ત્યાં દૃષ્ટિ છે. એથી રાગ અને વિકલ્પથી પુણ્યના ભાવને એકરૂપ કરીને અજ્ઞાની સૂતો છે. સૂતો છે એમ કીધુંને? પોતાની મેળાએ. પોતામાં એકરૂપ કરીને સૂતો છે. એ પોતાની મેળે અજ્ઞાની થયો થકો. કર્મે અજ્ઞાની કરાવ્યો છે એમ નહિ. એ દર્શનમોહનો ઉદય એટલે એને અજ્ઞાન કર્યો (એમ નથી). પોતે પોતાના સ્વરૂપને ન જાણતો રાગભાવ જે વિકલ્પ છે શુભ-અશુભભાવ એને પોતાના અજ્ઞાનથી '**પોતાની મેળે અજ્ઞાની થઈ રહ્યો છે;...**' એને પોતાના માને છે. આહા..હા..!

'**જ્યારે શ્રી ગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી...**' ગુરુનો ઉપદેશ પણ આવો હોય એમ કહે છે. રાગથી ભિન્ન તારું (સ્વરૂપ) એ જ એનો ઉપદેશ હોય. રાગ ને વિકલ્પને કરવો અને એનાથી રાગ થાશે રાગની ભિન્નતા કરતા એ ઉપદેશ ગુરુનો ન હોય એમ કહે છે. એને તો એ રાગ, વિકલ્પ પર છે એનો ભેદજ્ઞાનનો જ એને ઉપદેશ હોય. એક કરીને તો માને છે. શુભરાગાદિ એને રાગ થશે. આમાં ખોટું શું કરીએ છીએ? કહો, ચીમનભાઈ! રાગ આ દયા, દાનનું કરવું, કોકની સેવાનો ભ્રમ. એ રાગને પોતાનો માની એકત્વ થઈને રહ્યો છે. એને એવો રાગથી ભિન્ન પણાનો ઉપદેશ દે છે.

મુમુક્ષુ :- ગુરુની તો થોડી જવાબદારી હોયને.

ઉત્તર :- જવાબદારીનો અહીં પ્રશ્ન નથી. આ તો એનો ઉપદેશ કેવો હોય એ વાત છે. એય..! પરભાવનો ભેદજ્ઞાન કરી એમ કહ્યુંને? પોતે તો ભેદજ્ઞાન કર્યું છે. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! આ ભગવાનની ભક્તિ અને ગુરુની ભક્તિથી લાભ થાય એવો ઉપદેશ જ્ઞાનીનો ન હોય એમ કહે છે. રાગથી ભિન્ન છે. જ્ઞાન સ્વરૂપ અને રાગ બે ચીજ ભિન્ન છે. એ પરભાવ છે. એ તારા સ્વભાવના ધર્મભાવથી વિરૂદ્ધભાવ છે.

કહે છે '**શ્રી ગુરુ પરભાવનો વિવેક (ભેદજ્ઞાન) કરી...**' આહા..હા..! એનો અર્થ એ કે ગુરુએ રાગથી ભિન્ન જાણ્યો છે આત્માને. એવો જાણ્યો એવો બીજાને કહે છે. કહો, સમજાણું કાંઈ? રાગથી ભિન્ન ભેદજ્ઞાન કરનારને ભેદજ્ઞાનની એ વાણી નિમિત્ત ઉપદેશમાં હોય એ પણ સિદ્ધ કરે છે. અજ્ઞાનીની વાણી હોય નહિ. આહા..હા..! માર્ગ એવો છે પણ લોકોને આમ બહારમાં પ્રવૃત્તિમાં ગોઠે જાત્રા બાત્રા કરીએ એકવાર બાર મહિનામાં. જાવ. ભગવાનના

દર્શન કરીએ. હમણા આવ્યા હતાને .. એ આવ્યા હતા. પ્રેમચંદભાઈ લ્યો અમદાવાદવાળા આવતા હતાને. પ્રેમચંદભાઈ. ... બસ એકવાર .. ભગવાનની... જાત્રા કરે. જાવ.. આપણે તો સંસારીને વિશેષ શું હોય? રાગને પોતાનો માનીને જેનાથી લાભ માને એને પોતાનો જ માને છે. જુઓ, શિવલાલભાઈ! શુભ છે એ પરદ્રવ્ય છે એનો ભક્તિનો રાગ એ પરવસ્તુ છે એમ કહે છે. એનાથી લાભ માને છે એ એકત્વબુદ્ધિ થયેલો છે. એ તો અનાદિનો છે. એને ગુરુ પરભાવનો વિવેક કરી ભેદજ્ઞાન કરાવે છે. પાઠ એવો છે કે પરભાવનો વિવેક કરી. ગુરુ ઉપદેશ કરી તેને **'તેને એક આત્મભાવરૂપ કરે...'** એય..! ... ... કરે એમ કહે છે જુઓ. કરે એમ કહે છે. એય..! એનો અર્થ કે ઓલો કરે એને આ કરે છે એમ કહેવામાં આવે છે. કરનારો કરે જ છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? નિમિત્તથી વાત કરી.

પરભાવનો ભેદ કરી તેને એક આત્મભાવરૂપ કરે છે. એનો અર્થ કે એણે કહ્યું અને ઓલો એ રીતે જ કરે છે એવો જીવ જુદો થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલાં આવી ગયું છેને કે ભાઈ આ આત્માનો ..થી ભિન્ન બતાવો કોને ભેદજ્ઞાન ન થાય? એમ આવ્યું હતુંને પહેલું? એની પરભાવ સંધિ આ છે. અહીંયાં તો જેને ઉપદેશ લેવો હોય અને ઉપદેશક પણ એવા હોય કે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ અને રાગ બે ભિન્ન છે એને ભિન્ન કરીને જાણ્યો છે. એ બીજાને કરાવે છે એટલે ઓલો કરનારો કરે છે એથી કરાવે છે એમ કહેવામાં આવે છે. ભગવાનભાઈ! એ કર્યા વિના રહેતો નથી એમ સિદ્ધ કરવું છે અહીં. છે? ભેદજ્ઞાન કરી પોતે અને તેને એક આત્મભાવરૂપ કરે છે. તેને એક આત્મભાવરૂપ કરે છે. એય..! આમાં નહિ. એ નહિ. એનું જે વલણ છે આમ રાગ ઉપર એને ભેદજ્ઞાન કરાવે છે. આ નહિ... આ નહિ.. આ નહિ... આહા..હા..! કહો, કાંતિભાઈ! આ શબ્દ તો આવો છે.

**'આત્મભાવરૂપ કરે...'** એનો અર્થ કે ઓલો રાગ અને પુણ્યનો વિકલ્પ જે હતો એ પરભાવ હતો. એને એણે કહ્યું કે જો એ પરભાવ છે એ આત્મભાવ નહિ. ભગવાન આત્મભાવ તો જ્ઞાન અને આનંદભાવ એનો છે. છેને બેયમાં ભાવ. ઓલો પરભાવ અને અહીં આત્મભાવ એમ. .. ચાહે તો ગમે તે વિકલ્પ વ્રતનો હો, ભક્તિનો હો, કોઈ ક્રિયાનો અહિંસા આદિનો હો કે ગુણ-ગુણીના ભેદનો હો વિકલ્પ રાગ, પણ એ રાગ અને આત્મા એને ભેદજ્ઞાન કરાવી અને એકપણું છે એને પરભાવ કરે અને કહે. ભાષા જુઓને. **'કરે અને કહે...'** શબ્દ તો આવો છે. એય..! **'એક આત્મભાવરૂપ કરે...'** **'તેને એક આત્મભાવરૂપ...'** એટલે ઓલા અનેક વિકારીભાવમાં જે એકપણું માનતો હતો. અહીંયાં આવ્યું હતુંને હમણાં? પોતાને એકરૂપ કરીને સૂતો હતો. **'તેને એક આત્મભાવરૂપ કરે...'** એમ. ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ છે. અને રાગથી તે ભિન્ન તે રાગમાં આવ્યો જ નથી. વસ્તુ સ્વરૂપ જે છે એ રાગરૂપ થયો જ નથી. એમ એને પરતરફના વલણવાળો વિકાર. આહા..હા..! દયા ને દાન અને

ભક્તિ આદિનો રાગ એ પણ ભિન્ન છે એમ કરાવે છે. પરભાવ છે. હવે આ કહે એનાથી લાભ માને છે. પ્રશસ્ત રાગ છેને. એ પ્રશસ્ત રાગ છેને? આહા..હા..!

'રાગ દાહ આગ' આવ્યું હતુંને? 'દહે સદા' આત્મા તો અકષાય સ્વભાવભાવરૂપ છે. વીતરાગ સ્વભાવભાવરૂપ છે. વીતરાગ સ્વભાવભાવરૂપ એટલે? રાગ અને દ્વેષ ને કષાયથી રહિત એનો સ્વભાવભાવ છે ત્રિકાળ. એવા આત્મભાવરૂપ કરે. એને કહે એમ. આમ કર.. આમ કર.. કહે. **'આત્મભાવરૂપ કરે...'** જુઓ! છેને? **'ज्ञात्वा ज्ञानी सन् मुंचति तच्चीवरमचिरात्, तथा ज्ञातापि सम्भ्रान्त्या परकीयन्भावानादायात्मीयप्रतिपत्त्यात्मन्यध्यास्य शयानः स्वयमज्ञानी सन् गुरुणा परभावविवेकं कृत्वैकीक्रियमाणो'** **'અને કહે...'** એમ કહે છે. એને બતાવે છે, એને રાગથી રહિત છે ભાઈ તારું સ્વરૂપ જ એ નથી. આત્મભાવમાં રાગ વિકલ્પ ચાહે તો દયા, દાનનો, વ્રતનો, ભક્તિનો એ તારા સ્વરૂપમાં જ નથી. એમ એને જેવો છે એવો કહે છે એવો એ કરે છે. હવે જે કરે છે એ પહેલું લીધું. ...

**''તું શીઘ્ર જાગ,...'** જાગ તું. રાગને એકપણે કરીને. રાગને એકપણે કરીને સૂતો છો. ચૈતન્ય જ્ઞાન, આનંદ સ્વભાવ છે એની સાથે જે વિકલ્પ ઉઠે છે પુણ્યનો. દયા, દાન, વ્રત, ભક્તિ બધા એકપણે કરીને સૂતો છો. જાગ હવે. આહા..હા..! લ્યો આ જાગનો અર્થ કર. **''તું શીઘ્ર જાગ,...'** છેને? **''તું શીઘ્ર જાગ,...'** પાછો હળવે-હળવે એમ નહિ. આહા..હા..! ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા આનંદસ્વરૂપ તું છો ભાઈ! એ રાગનો વિકલ્પ છે એ રૂપે થયો જ નથી. એમ એને કરે છે એમ છે એમ એને કહે છે. **''તું શીઘ્ર જાગ,...'** જુઓ, આ ઉપદેશ છે જ્ઞાનીનો. કહો, આવી ક્રિયા કર અને રાગની મંદતા કર અને પછી જાગ એમ નથી અહીં તો ભાઈ! કહો, ચેતનજી! આહા..હા..! કાલે આવ્યા હતાને ભાઈ ગયા? ... મોક્ષમાર્ગ પ્રકાશક લાવ્યા હતા આ વાત થાય છે એ. ચરણાનુયોગમાં આવે છેને. એ કહે તીવ્ર રાગ .. નિર્વિકલ્પ થઈને બેસે .. ... જુઓ .. એમ આવે. જરી આવી છે.

મુમુક્ષુ :- એ તો વ્યક્તિની વાત છે.

ઉત્તર :- એને વ્યક્તિને એવી જાતની યોગ્યતા દેખે અને એમાં.. એને ઉપદેશકની શૈલી અને ઉપદેશની વાત છે. સમજાણું? .. અધ્યાત્મનો ઉપદેશ તો આજ હોય એનો પહેલો. પહેલાં એને જાણ એમ કીધું છેને? ૧૭-૧૮માં આત્માનો અનુભવ છે અંદર. આહા..હા..! તારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપે રહેલું જ ત્રિકાળ. એ રાગરૂપે થયું જ નથી. તે માન્યું છે. માન્યતાનો ભ્રમ તને છે. અને તારા સ્વરૂપનું તું અજાણ છે માટે રાગને મારો માને છે. આ તો વ્યવહારરત્નત્રયથી લાભ થાય એને છોડાવે છે અહીં જુઓ. કહો, વ્યવહારરત્નત્રય કારણ અને નિશ્ચય કાર્ય. આમાં તો ન આવ્યું કાંઈ.

મુમુક્ષુ :- એનો અભાવ થાય છે.

ઉત્તર :- એના તરફની રુચિ છોડે ત્યારે થાય. એને રાખીને થાય છે? આહા..હા..!

શીઘ્ર જાગ. ''**તું શીઘ્ર જાગ,...**' એમ. વસ્તુ તો જાગેલ છે. જાગેલ એને કહે છે. .. ઉંઘે છે એને. આ તો એમ નહિ સૂતો છે એવા અજ્ઞાનીને કહે છે એમ. આ તો .. ઉપદેશ એને છે. રાગમાં એકત્વ થઈને પડ્યો છે એને કહે છે કે તું શીઘ્ર જાગ. મુનિને છઠ્ઠે સાતમે ગુણસ્થાને આવ્યા એને શરૂ થાય? અહીંથી શરૂ થાય છે. આહા..હા..! ભાઈ! કોઈ રીતે તું મહાપુરુષાર્થથી, મહાભાગ્યથી આવે છેને. એટલે મહાપુરુષાર્થથી મરીને પણ. ભૂલી જઈને બધું. ''**તું શીઘ્ર જાગ, સાવધાન થા,...**' શીઘ્ર જાગ અને સાવધાન થા. '**मंक्षु प्रतिबुध्य**' '**प्रतिबुध्य**' એ? હા. '**प्रतिबुध्य**' એક જ. '**સાવધાન થા,...**' શેમાં? સ્વભાવમાં. તારું વલણ જે રાગ ને પુણ્ય ને વિકલ્પની ક્રિયા ઉપર છે એમાં જે પ્રીતિ કરીને પડ્યો છો, એક કરીને સૂતો છો તું જાગ હવે. સાવધાન થા.

'**આ તારો આત્મા ખરેખર એક (જ્ઞાનમાત્ર) જ છે,...**' લ્યો! શું કીધું એ? તારો ભગવાન તો રાગને દેખવાવાળો છે જ નહિ. આહા..હા..! દ્વૈતપણું તેં ઉભું કર્યું છે અજ્ઞાનથી. એ તો તારો આત્મા તો જ્ઞાયક એકરૂપ છે. ખરેખર એ એક જ છે લ્યો. એક જ એટલે એક જ્ઞાનસ્વરૂપ જ છે. આત્મા જાણકસ્વભાવસ્વરૂપ જ છે. એમ મુનિએ કહ્યું. લ્યો આ તે એમ નથી કહેવું કે આ અશુદ્ધ પરિણમે છે માટે પહેલા આ છોડ. .. સાંભળવા તો આવ્યો છે. સાંભળે તો છે એની તો વાત કરે છે. સાંભળે છેને? એટલો કષાય મંદ તો છે. એને ત્યાંથી ખસેડે છે. સાંભળવા આવ્યો અને આ રાગ તને છે, એ રાગ તારી ચીજ નથી. આહા..હા..! તું જાગ અને આત્મા એક છે. એક એટલે જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વભાવ છે. જાગનાર જ્યોત, ચૈતન્ય જ્યોત છે. આહા..હા..! બહુ થોડામાં પણ. આહા..હા..! કહો, શાંતિભાઈ! કેવા બધા ઉપદેશ આપ્યા જુઓ. આહા..હા..! તારા ઘરમાં આવ હવે કહે છે. રાગ તે પરઘર છે, પરભાવ છે, પરદ્રવ્યનો ભાવ છે. ચાહે તો ભગવાન કહે છે અમારી ભક્તિનો ભાવ પણ તારે તો પરભાવ છે. તું આત્મા થા. રાગરૂપ ન રહે એમ કહે છે. સમજાણું કાંઈ? અમારા તરફના વલણવાળો રાગ એરૂપ તું ન રહે એમ કહે છે. આહા..હા..! ઓલો સાંભળે છે એને વિકલ્પ તો છે, પણ એને કહે છે કે એ વિકલ્પથી પર તું છો, ભિન્ન છો, ત્યાં સાવધાન થા. કહો, સમજાણું? આહા..હા..!

'**આ તારો આત્મા...**' એમ કીધુંને? તું શીઘ્ર જાગ, આ તારો આત્મા એમ કહે છે. આહા..હા..! '**ખરેખર એક (જ્ઞાનમાત્ર) જ છે,...**' એમ. એક છે એટલે જ્ઞાનસ્વરૂપ જ છે. બીજો વિકલ્પ છે એ સ્વરૂપે તું છે નહિ. એ તારામાં પ્રવેશ નથી, ખરેખર તારો સ્વભાવ રાગને સ્પર્શ્યો જ નથી. એથી તું એકવાર જ્ઞાન છો. '**(અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે),...**' લ્યો! એમાંથી લીધું આ છો એમ. પછી આ નથી એમ કૌંસમાં સમજાવ્યું. ખરેખર તો એ

જ્ઞાનમાત્ર જ છો, જાણનાર છો, જાણનાર જાણનાર સ્વભાવ સ્વરૂપ છો. એ નહિ '**(અન્ય સર્વ પરદ્રવ્યના ભાવો છે),...**' એટલે કે તું આત્મભાવરૂપ થા. રાગાદિ પરભાવરૂપે ન થા. કેમકે એ બધા પરભાવ જુદી ચીજ છે. શરીર જુદું, કર્મ જુદાં, એવો વ્યવહાર શુભરાગ જુદો છે.

'**ત્યારે વારંવાર કહેલું એ આગમનું વાકય સાંભળતો તે,...**' ભાષા જુઓ. એને એ સાંભળવું ગોઠે છે. તેથી વારંવાર સાંભળે છે એમ. રાગથી ભિન્ન પડવાની વાત વારંવાર સાંભળે છે, એને ઠીક લાગે છે. આ. .. હા શું પાડવી? પહેલી કાંઈક કરવું એમ તો કહો, પણ આ કરવાનું છે સાંભળને. આહા..હા..! '**આગમનું વાકય સાંભળતો તે,...**' જોયું! સર્વજ્ઞે કહેલા શાસ્ત્રો આગમ એને અનુસારીને કહેલું એમ કહે છે. ઓલા એમ કહે છેને કે સર્વજ્ઞને કેવળજ્ઞાન હિસાબે તો સ્વકાળે થાય, પણ શ્રુતજ્ઞાનને હિસાબે શ્રદ્ધામાં એ હોય, પણ જ્ઞાનમાં એ આડુઅવળું કરી શકે કારણકાર્ય... આહા..હા..! વાત. બહાર એને કેવી રીતે? પંડિતોના કાળજા ત્યાં હતા એ બહાર આવ્યા છે. અને પાછું છપાઈ ગયું. ઓલાએ ના પાડી તોપણ. કેવળજ્ઞાનને અનુસારે જે કેવળીએ દીઠું તે સમયે તે પર્યાય એની થાય. ત્યારે કહે એ તો શ્રદ્ધામાં શ્રુતજ્ઞાની રાખે, પણ કર્તવ્ય માટે એમ નહિ. શ્રદ્ધા અનુસારી જ્ઞાન હોય? કે પોતાને અભિમાન ત્યાં કરવું હતું એને અનુસારી જ્ઞાન એ તો મિથ્યાજ્ઞાન છે. એની શ્રદ્ધા સર્વજ્ઞને માન્યા એ સર્વજ્ઞ એક સમયની પર્યાયવાળો આત્મા આવડો મોટો .. એની પ્રતીત ક્યારે થાય? એવો અનંત પુરુષાર્થ છે. સર્વજ્ઞ. આ જગતમાં એક સમયમાં અસ્તિત્વમાં ત્રણકાળ ત્રણલોકથી અનંતગુણ વસ્તુ જાણે એવી એક સમયની પર્યાયનું સામર્થ્ય છે. એવી સત્તાનો સ્વીકાર એ છે, છે છેરૂપેનો સ્વીકાર. ક્યારે થાય? કે જેમાંથી એ સર્વજ્ઞપદ પ્રગટ્યું એવો સર્વજ્ઞ સ્વભાવી આત્મા એ તરફ ઢળે ત્યારે એ અનંત પુરુષાર્થથી રાગથી ભિન્ન પડી ગયો છે. સમજાણું કાંઈ? એમ કે ભગવાન દીઠું થાય એમાં પુરુષાર્થ ક્યાં આવ્યો? ભગવાનના માર્ગમાં પુરુષાર્થ ન હોય એમ .. કહેતા. ભગવાન તો કેવળી હતા. એ તો જાણે કે આ સમયે એ પુરુષાર્થની વાત કરે જ નહિ. આહા..હા..! એવી વાતું ચાલતી હતી ત્યાં. .. એય..! હવે તો ચાલે બધું. હવે છોકરાઓ .. આહા..હા..! બાપુ! જ્ઞાનની જે એક સમયની અવસ્થા બધું બધું એના સામર્થ્યથી જાણે એવી અસ્તિ જેની સત્તા છે જગતમાં એવી એક સમયની પર્યાયની સત્તા છે એનો સ્વીકાર કરે એની દૃષ્ટિ તો સર્વજ્ઞ સ્વભાવી દ્રવ્ય ઉપર જ જાય. સમજાણું? '**जो जाणदि अरहंतं**'માં આવ્યુંને? જેને કેવળજ્ઞાનની પર્યાય આવી છે જગતમાં એમ જે જાણે એને આત્માને જાણે એ તો એનું આ દ્રવ્ય જ એવું છે. ત્રણકાળ ત્રણલોકને જાણે એવી શક્તિવાળું સત્ત્વ શક્તિ છે. એ તો પર્યાયની વાત થઈ. તો એ પર્યાયની શ્રદ્ધા કરનાર અનંતગુણનો અંદર કેવળજ્ઞાન.. એવી શક્તિનું સ્વરૂપ સ્વભાવ, અસાધારણ પોતાનો

જ્ઞાનસ્વભાવ એને કાયમ બનાવીને પ્રસિદ્ધ કરે એ તો પુરુષાર્થ થયો. એમાં પુરુષાર્થ છે. બીજો પુરુષાર્થ શું ... છે? આહા..હા..! એ સર્વજ્ઞની પર્યાયની કબુલાત એમ છે જગતમાં એને અમે ધારણા તરીકે નહિ. એમ એ છે એવી આ શ્રદ્ધા કરવા જાય છે ત્યારે .. પર્યાય ઉપર દૃષ્ટિ રાખીને શ્રદ્ધા થાય? તો પર્યાયમાં ઠરવું એ તો છે નહિ. સર્વજ્ઞનો સ્વીકાર કરવો છે. આહા..હા..! એ પોતાના સ્વભાવમાં પૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞ છે, સર્વદર્શી છે. એ તરફ ઢળે છે ત્યારે એને દ્રવ્યની પ્રતીતિ થાય ત્યારે એને સર્વજ્ઞની પર્યાયની પ્રતીતિ થઈ વ્યવહારે એમ કહેવામાં આવે છે. એમાં પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? એ બધો વાંધો હતો. સંપ્રદાયમાં. ભાઈ! સર્વજ્ઞ સ્વભાવ. આહા..હા..! આ તે વાત છે? એક સમયનો પર્યાય સર્વને જાણે. બાકી રાખ્યા વિના. પછી અનંતગુણ હો એ જાણે હવે પછી આવ્યું. સમજાણું?

જેટલો જ્ઞેય છે એ બધાને જાણે. એ જ્ઞેયને અડ્યા વિના અને જ્ઞેયની અપેક્ષા રાખ્યા વિના. એવી સર્વજ્ઞની જેણે પ્રતીત એને દ્રવ્યની પ્રતીતિ થાય છે. એટલે કહે છે કે તું જાગ. વારંવાર કહેલું વાક્ય એને સારું લાગે છે. આવે છેને ભક્તિમાં નહિ? .. આવે છે. મુધર લાગે છે .. વાણી. વીતરાગ .. મીઠું મધુરું નહિ? મીઠું મધુરું જૈન શાસન એને વીતરાગભાવ રુચે છે એ વારંવાર સાંભળે છે. ... શું કરવું? ક્યાં કરવું? એની સૂઝ પડતી નથી અને આ કરો... આત્માને જાણો... આત્માને જાણો... જાણવું એ પુરુષાર્થ નથી? એ ક્રિયા નથી? આહા..હા..! '**વારંવાર કહેલું એ આગમનું...**' પાછું વારંવાર કહેલું. એટલે કહેનારે વારંવાર કહ્યું છે એમ આવ્યું. આગમ વાક્ય છે. એ તો આગમ ઉપરનો પ્રશ્ન ઉઠયોને મગજમાં. આગમ મૂળ વાક્ય છે. વારંવાર રાગથી ભિન્ન પડ એ આગમે કહ્યું છે. ગુરુએ એને કહ્યું, પણ આગમે એ કહ્યું છે. આગમ સર્વજ્ઞને અનુસારેથી જ બનેલા છેને? તો શ્રુતજ્ઞાનમાં પણ સર્વજ્ઞને અનુસારે એને શ્રદ્ધા અને જ્ઞાન આવેને. શ્રુતજ્ઞાનમાં વળી બીજું આવે? અરે મૂળમાં ભૂલ પડી છે તો બધે ગોટા વાળ્યા છે. પાછું પકડી રાખ્યું છે પૂછડું. આવું બહાર આવ્યું છે. વળી પાછું સમજાવે છે. શું કરીએ? તમે માનો, પુરુષાર્થ કરો, નિવૃત્તિ લો, આમ કરો તો તમને આત્માનું જ્ઞાન થશે. લો એકકોર તમે કહો કે ઉપાદાનમાં તો નિમિત્ત આવે એવું કાર્ય થાય, હવે નિમિત્ત કઈ જાતનું છે? નિમિત્તમાં કેટલી યોગ્યતા કઈ જાતની છે? એ પણ યોગ્યતાનું કાંઈ નક્કી નથી. આની યોગ્યતા પણ નિમિત્તને આધારે અને નિમિત્તમાં પણ અનેક યોગ્યતા. તો કઈ યોગ્યતા ઉપાદાનને મદદ કરે? કાંઈ મેળ છે? એય..! એ વાણી વીતરાગની જ નથી. સમજાણું કાંઈ?

અહીં તો '**વારંવાર કહેલું એ આગમનું વાકય...**' રાગથી ભિન્ન પડવાની ભેદજ્ઞાનની કથા જેને સાંભળવામાં સાંભળનારો વારંવાર સાંભળે, કહેનારો વારંવાર કહે છે એમ આવ્યું છે. વારંવાર કહે છે ત્યારે ઓલો સાંભળે છેને વારંવાર? પંડિતજી! રાગ સે ભિન્ન... રાગ

સે ભિન્ન.. એ જ માંડી છે આખો દિ'. આહા..હા..! પણ માંડી જે એ છે એ માંડે બીજું કયું માંડે? ગમે તે વાત લાવે તો એ રાગથી ભિન્ન કરવાની, વીતરાગતા પ્રગટ કરવાની હોય. વીતરાગ માર્ગ છે આ તો. સર્વજ્ઞ તો .. શ્રદ્ધા પણ તમારે ક્યા છે? .. આમ કરવું એમ થાય છે. ભગવાને દીઠું હશે એ થાશે. તો તમને શ્રદ્ધા ક્યાં રહે છે? હું કરું તો થાય છે એમ છે. પણ એમાં એ આવી જાય છે મારા સાંભળ. આહા..હા..! ભારે આકરી વાત! સર્વજ્ઞની વાણીમાં ગુરુએ કહ્યું તે આગમ. તો સર્વજ્ઞ આવ્યા, ગુરુ આવ્યા અને વાણી આવી. ત્રણેમાં આ છે. ત્રણેને આ વાત છે. રાગથી, વિકલ્પથી ભિન્ન કરવો એ એનો ઉપદેશ અને આગમનું એ, વીતરાગનું એ અને ગુરુનું એ અને સાંભળનારને પણ એ સાંભળવાનો રસ છે. એ વાત લીધી જુઓને. આહા..હા..! સમજાણું કાંઈ? આમ દયા પાળો અને વ્રત પાળો,, ભક્તિ કરો એ વાત એને આ સાંભળવાની રુચિ છે એમ કહે છે. ભગવાનભાઈ! આહા..હા..!

'**વારંવાર કહેલું એ આગમનું વાકય સાંભળતો...**' પાછું શું સિદ્ધ કર્યું? કે એને ''**તું શીઘ્ર જાગ, સાવધાન થા, આ તારો આત્મા ખરેખર એક (જ્ઞાનમાત્ર) જ છે,...**' અને '**આત્મભાવરૂપ કરે...**' એમ કીધુંને એટલે કર. એ આગમનું વાક્ય છે એમ. એ ગુરુનું વાક્ય છે એ આગમનું વાક્ય છે. સર્વજ્ઞ પરમાત્માને અનુસરીને જે શાસ્ત્ર રચ્યા એમાં આ વાક્ય છે. '**સમસ્ત (સ્વ-પરનાં) ચિહ્નોથી સારી રીતે પરીક્ષા કરીને,...**' હવે સાંભળ્યું અને એ સાંભળવામાં આવ્યું હતું. એ રાગાદિ તારું સ્વરૂપ નહિ. પરતરફના વલણવાળો જેટલો રાગ શુભ-અશુભ એ બધા તારા લક્ષણો નહિ. એ '**સમસ્ત (સ્વ-પરનાં) ચિહ્નોથી...**' દેખો! સ્વ-પરના ચિહ્નોથી એમ. તારું સ્વરૂપ લક્ષણ તો જ્ઞાન છે. રાગનું લક્ષણ તો આકુળતા છે. વિકલ્પ છે એ તો આકુળતા છે, દુઃખ છે. તારું સ્વરૂપ તો આનંદ અને જ્ઞાન છે. એવા લક્ષણથી સારી રીતે પરીક્ષા કરી. દેખો! પરીક્ષા કરી પાછી. એવો માર્ગ ઝીણો. મૂળ વાત જ સાંભળવા મળે નહિ તો ક્યાં જાય? અને આ વાત એવી લાગે કે એ નિશ્ચયની એક વાત છે, નિશ્ચયની. પણ નિશ્ચયની એટલે સાચી.

'**(સ્વ-પરનાં) ચિહ્નોથી...**' બેયના લીધા. સમસ્ત શબ્દ પડ્યો છેને? '**સમસ્ત ચિહ્નોથી...**' એમ છેને પાઠમાં? '**अखिलैश्चिह्नैः**' પાઠમાં. બધાના ચિહ્નો એટલે ખરેખર તો આત્માનું લક્ષણ અને રાગનું લક્ષણ બધાના લક્ષણ જેણે સાંભળ્યા. અને અંદર પરીક્ષા કરી. જ્ઞાનસ્વરૂપ એ તો ભગવાન આત્મા છે, રાગ એ તો આકુળતા છે. એમ બેને સ્વ અને પરના બધા લક્ષણોથી સારી રીતે પાછું એમ. એમ ને એમ નહિ. સારી રીતે અંદર પરીક્ષા કરીને જ્ઞાનને રાગથી જુદો પાડ્યો. ''**જરૂર આ પરભાવો જ છે,...**' આહા..હા..! કહે છે કે એ સાંભળવા ઉપરનો જે રાગ એ પણ પરભાવ છે. એ સંભળાવનારે પણ એમ સંભળાવ્યું અને સાંભળનારો પણ એમ સાંભળે છે. એ પરભાવ છે. કારણ કે પર ઉપર

લક્ષ જાય છે. એ એનું લક્ષણ છે. એમ **'સારી રીતે પરીક્ષા કરીને,...'** ... એવો પાઠ આવે છે. પરીક્ષા કરીને. એમ ને એમ માન્યું નહિ. બરાબર અંતર આત્મા જ્ઞાન જાણનાર લક્ષણ સ્વભાવી એમાં રાગ આકુળતા લક્ષણવાળું. બેયના ચિહ્નોને અંતર્મુખના ભાવમાં પરીક્ષા કરી **''જરૂર આ પરભાવો જ છે, (હું એક જ્ઞાનમાત્ર જ છું)' એમ જાણીને,...'** એક પુણ્યનો વિકલ્પ ઉઠે એ જરૂર ચોક્કસ, નિઃસંદેહ પરભાવ છે. કહો, કેટલી ધીરજ જોઈએ આમાં. ધીરજના કામ છે. હું તો મારા સ્વભાવ ચૈતન્ય લક્ષણવાળું તત્ત્વ આકુળતા લક્ષણવાળું રાગ બધાના ચિહ્નોને સારી રીતે પરીક્ષા કરીને. સારી રીતે પરીક્ષા કરી. બરાબર અંતરમાં બેયને ભિન્ન પાડવાના લક્ષણ દ્વારા જુદાં કર્યા. એટલે આ પરભાવ છે એમ જરૂર જાણ્યા.

**'(હું એક જ્ઞાનમાત્ર જ છું)''** અસ્તિ કરી આમાં. હું કર્યું છેને. આ પરભાવો છે એ છે ત્યારે હું કોણ? એમ એમાંથી કાઢ્યું. **'(હું એક જ્ઞાનમાત્ર જ છું)''** હું એક જ્ઞાનમાત્ર જ છું. આહા..હા..! જાણવાના સ્વભાવવાળો તે એક જ જ્ઞાનમાત્ર. બીજી ચીજ મારી નથી. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પરભાવ છે. એ મારી ચીજ નથી. આહા..હા..! અને જે ચીજ એની નથી એનાથી એને લાભ થાય વ્યવહાર કરતાં-કરતાં લાભ થાય એમ કહેને? જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ સાધુના કહ્યા છે. .. એય..! આવે છે કે નહિ? જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ. એ ભક્તિ નિશ્ચય ભક્તિ અને વ્યવહાર કહે તો રાગને ઘટાડવાનો શુભરાગ. એમ કહ્યું ત્યાં. આહા..હા..!

**'જરૂર આ પરભાવો જ છે,' એમ જાણીને,...'** એમ જ્ઞાનમાં જાણ્યું. રાગાદિ ભાવ પરભાવ એ કેવી રીતે જાણે? કેટલી જ્યાં અંદર ધીરજ હોય. આ પરભાવ છે એ જરૂર પર છે વિકલ્પ ઉઠે છે આવો છું એ જરૂર પરભાવ છે. **'એમ જાણીને, જ્ઞાની થયો થકો,...'** જીવની દશાપણે થયો થકો. ઓલો જે રાગની દશાપણે એકત્વ હતો. આહા..હા..! એ જ્ઞાની થયો થકો, લ્યો! રાગ અને સ્વભાવ બેના લક્ષણો સારી રીતે જાણીને પરીક્ષા કરી. રાગની પરીક્ષા કરી એમ આવ્યુંને? ઉપદેશમાં પણ એમ આવ્યું પરીક્ષા કર એમ. એને ભિન્ન જાણ. રાગ અને જ્ઞાન બે જુદાં. આહા..હા..! ક્યારે? અત્યારે ક્યાં છે? .. અરે ભગવાન! શું કરે છે ભાઈ? આહા..હા..! .. અરે ભાઈ ભલે હો. રાગથી જુદો ચૈતન્યમાત્ર ભગવાન આત્મા. શરીરથી જુદું એ બેસતું નથી એને. ત્યાં રાગથી જુદો કેમ બેસે એને?

**'એમ જાણીને, જ્ઞાની થયો થકો,...'** એમ આવ્યુંને? આહા..હા..! શુભરાગ અને ભગવાન આત્મા બેના લક્ષણો સારી રીતે જાણી, પરીક્ષા કરીને એમ જાણીને જ્ઞાની થયો એ અનાકુળતા છે, ભગવાન તો અનાકુળ સ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ છું એટલે અનાકુળ સ્વરૂપ, આનંદસ્વરૂપ છું. બેને બરાબર જુદાં જાણી, જાણ્યાનો અર્થ અનુભવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? **'સર્વ પરભાવોને તત્કાળ છોડે છે.'** એ તો એક શબ્દ કહ્યો. તો આ પરભાવ

અને આ આત્મા એનું જ્યાં ભાન થયું ત્યાં પરભાવ ઉત્પન્ન થતા નથી અને આ પરભાવ છે એને છોડું એવું ત્યાં હોતું નથી. આહા..હા..! **'સર્વ પરભાવોને...'** જુઓ, ભાષા પાછી એમ છે. એ કોઈપણ વિકલ્પ રાગ હો બધોય પર છે. એમ જાણીને છોડે છે એટલે એમાં એકત્વ થતો નથી. એટલે સ્વભાવમાં એકત્વ થયો એટલે ઓલું છૂટી જાય છે એને છોડે છે એમ કહેવામાં આવે છે. કહો, આવી શૈલી છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. **'તત્કાળ છોડે છે.'** પાછું એમ. દૃષ્ટિ એકદમ ફરી જાય છે. જ્યાં દૃષ્ટિ મૂકવી છે ત્યાં આત્મા છે. ત્યાં આવી જાય છે. ભારે ગાથા! એક એક ગાથામાં તો અલૌકિક ભાવો બ્રહ્માંડના ભર્યા છે. રાગની ઉત્પત્તિ છૂટી જાય છે અને અહીં સ્થિરતા અંદર થાય છે એમાં ચારિત્ર કરીને એને પચ્ચખાણ કર્યું. હજી આત્મા શું? રાગ શું એના લક્ષણની ભાન ન મળે, એના ઉપદેશ બીજી જાતના એને માનતો હોય. રાગથી ધર્મ થાય, વ્યવહારથી નિશ્ચય થાય એ વાત સ્થાપે, એને માને. અને એના ગુરુ કહેનારા એને માને. સર્વજ્ઞે આમ કહ્યું છે એમ એને સર્વજ્ઞની આવી માન્યતા. આહા..હા..! ત્રણે ખોટા છે. અહીં ત્રણે સાચા થયા. સર્વજ્ઞ, ગુરુ અને આગમ ત્રણે આવ્યું ને આમાં? આહા..હા..! ભારે વાત! કુંદકુંદાચાર્ય અને એમાં ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય. ગજબ કામ. .. બહુ કહ્યુંને? .. બોલે છે. અહીં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણના શેઠિયા આવ્યા છે લ્યો. . ગયા ખરાને પાછળથી આવ્યા. .. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણના શેઠિયા. આહા..હા..! .. ગજબની વાતું.

આ ગજબની તો આ વાત છે. બહારની તો છે એ છે. એ હોય. અજબગજબ. ભગવાન આત્મા પોતાના ત્રિકાળી સ્વભાવના લક્ષણને જાણી અને વિભાવના લક્ષણને જાણી એનાથી છૂટો પડીને અંદર ઠરે એ અજબગજબની વાત છે. લ્યો એને ચારિત્ર કહીએ એમ કહે છે. આ બધા લૂગડા ફેરવે મહાવ્રતને.

**'ભાવાર્થઃ- જયાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે...'** .. ઓલો ધોબીનો દાખલો. કોઈપણ ચીજને. **'જયાં સુધી પરવસ્તુને ભૂલથી પોતાની જાણે ત્યાં સુધી જ મમત્વ રહે;...'** કે આ મારી ચીજ છે. **'અને જયારે યથાર્થ જ્ઞાન થવાથી પરવસ્તુને પારકી જાણે...'** એટલે પરને પર જાણે એમ. **'ત્યારે બીજાની વસ્તુમાં મમત્વ શાનું રહે?'** રાગને રાગરૂપે જાણે અને સ્વભાવને સ્વભાવરૂપે જાણે, પછી રાગ મારો છે એમ કેમ રહે? એમ કહે છે. આહા..હા..! ઓલા સમુચ્ચ.. લોગસ્સમાં. પરદ્રવ્ય હીડંતિ એટલે સામાન્ય કરી નાખ્યું. ઓલો દાખલો આપીને. બધું પરદ્રવ્ય. ચાહે તો વિકલ્પ હો, ભગવાન હો ત્રણલોકના નાથની વાણી હોય. એ ભગવાન ભગવાનને છોડે ત્યારે ભગવાન થાય. પરભગવાનને હોં! આહા..હા..! ત્યારે કહે વળી પછી આ મૂર્તિ ને મંદિર ને જાત્રા એનામાં તો રાગ છે અને એનાથી લાભ માનો છો વળી પાછું ત્યાં ક્યાં ચોટ્યા? એય..! એ હોય છે, આવે છે એને

જાણવા જેવું, આદરવા જેવું નહિ. વ્યવહારે આદરણીય કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! .. નિશ્ચયથી આદરણીય નથી. એ નિશ્ચયથી આદરણીય નથી એવો નિશ્ચય થાય એને વ્યવહારે ઉપાદેય છે એમ કહેવામાં આવે છે. ઉપાદેય એટલે જાણવા જેવું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૨૯

(मालिनी)

अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगा-
दनवमपरभावत्यागदृष्टान्तदृष्टिः।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।

શ્લોકાર્થ :- [अपर-भाव-त्याग-दृष्टान्त-दृष्टिः] આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ, [अनवम् अत्यन्त-वेगात् यावत् वृत्तिम् न अवतरति] જૂની ન થાય એ રીતે અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ, [तावत्] તે પહેલાં જ [झटिति] તત્કાળ [सकल-भावैः अन्यदीयैः विमुक्ता] સકલ અન્યભાવોથી રહિત [स्वयम् इयम् अनुभूतिः] પોતે જ આ અનુભૂતિ તો [आविर्बभूव] પ્રગટ થઈ ગઈ.

ભાવાર્થ :- આ પરભાવના ત્યાગનું દૃષ્ટાંત કહ્યું તે પર દૃષ્ટિ પડે તે પહેલાં સમસ્ત અન્યભાવોથી રહિત પોતાના સ્વરૂપનું અનુભવન તો તત્કાળ થઈ ગયું; કારણ કે એ પ્રસિદ્ધ છે કે વસ્તુને પરની જાણ્યા પછી મમત્વ રહેતું નથી. ૨૯.

**જયેષ્ઠ વદ-૧, મંગળવાર, તા. ૨૭-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૬, કળશ-૨૯, પ્રવચન-૧૧૦**

(मालिनी)
अवतरति न यावद् वृत्तिमत्यन्तवेगा-
दनवमपरभावत्यागदृष्टान्तदृष्टि:।
झटिति सकलभावैरन्यदीयैर्विमुक्ता
स्वयमियमनुभूतिस्तावदाविर्बभूव।।२९।।

શું કહે છે? **'આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ,...'** ઉપર ધોબીનું દૃષ્ટાંત આપ્યું હતુંને. ધોબીને ઘરે કપડું હતું કોકનું. એ બીજું લઈને પોતે સૂતો. હતું કપડું કોકનું. બીજો આવ્યો કે ભાઈ આ કપડું તો મારું છે તારું નથી. જુઓ આ ચિહ્ન. હા આ કપડું મારું નથી. એટલે ઓઢ્યું હોવા છતાં એ એને પરનું છૂટી ગયું દૃષ્ટિમાંથી. એમ પરભાવ. પુણ્ય અને પાપનો ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ આદિનો ભાવ એ બધો વિકારભાવ છે. એ પરભાવ છે. એ મારા હતા એમ જે માનીને સૂતો છે અનાદિનો અજ્ઞાની. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભાશુભભાવ એ તો વિભાવ છે, વિકાર છે, અધર્મ છે. એને પોતાના માનીને સૂતો હતો એ **'આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ, જૂની ન થાય...'** એટલે દૃષ્ટિ જ્યાં ગઈ અંદરમાં શુદ્ધ પરિણતિ થઈ ગઈ. એમ કહે છે. પરભાવ એ મારા નથી એવો દૃષ્ટાંત આપીને સિદ્ધ કર્યું. એ દૃષ્ટાંત અંતરમાં જ્યાં લાગુ ન પડે ત્યાં તો આત્મા વિકારના પરિણામથી છૂટો પડી પોતાના આનંદ અને જ્ઞાનરૂપે પરિણમન કરે એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક સાથ...

**'આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ, જૂની ન થાય...'** છેને? **'अनवम् अत्यन्त-वेगात्'** **'અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ,...'** એટલે શું? કે અંતરમાં પુણ્ય અને પાપનો વિભાવભાવ એ પોતાની એકતામાં પામે નહિ ત્યાં તો એનાથી જુદો પડીને શુદ્ધ સ્વભાવની પરિણતિ જેણે પ્રગટ કરી એનું નામ પચ્ચખાણ અને એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ સમ્યગ્જ્ઞાન. આહા..હા..! આ બહારની ક્રિયાકાંડ ને વ્રત ને આ કરું તપ

એ બધા વિકલ્પ એ તો રાગ, એ તો વિભાવ. એ વિભાવસ્વભાવમાં નથી. એમ જ્યાં દૃષ્ટાંતથી સાંભળ્યું ત્યાં કહે છે કે રાગરૂપે જ્યાં પરિણતિ ન થઈ પ્રવૃત્તિ, ત્યાં તો વીતરાગરૂપી પરિણતિ સ્વભાવને આશ્રયે થઈ એમ કહે છે. એય..! ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ એ તો છે. એમાં જે આ બધા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, અપવાસ આદિના વિકલ્પો રાગ એ તો વિભાવ અધર્મ છે.

મુમુક્ષુ :- વિભાવ આપ કહો ત્યાં સુધી તો ઠીક પણ અધર્મ કહો,...

ઉત્તર :- પણ એને સમજાય ત્યારે બરાબર. એય..! ચંદુભાઈ! એ અધર્મ છે, વિભાવ છે. એ આત્માનો સ્વભાવ નથી. શુભ અને અશુભની વૃત્તિઓ જે ઉઠે એ બધો વિભાવ છે. વસ્તુના સ્વભાવથી ઉલટો ભાવ છે. એવા ઉલટાભાવને દૃષ્ટાંતથી જ્યાં સિદ્ધ કરે છે. કારણ કે દૃષ્ટાંત જ્યાં અંદર ખ્યાલમાં ન આવ્યું ત્યાં તો રાગની પરિણતિ તૂટી ગઈ. એમ કહે છે. રાગ વિકલ્પ જે છે શુભ-અશુભ. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાનો રાગ કે પંચ મહાવ્રતના વિકલ્પનો રાગ કે શાસ્ત્ર ભણવાનો રાગ એ બધો વિભાવ અને અધર્મ છે. એ અધર્મને આત્મા જ્યાં ન પામે ત્યાં તો કહે છે કે સ્વભાવ ઉપર દૃષ્ટિ પડતાં વીતરાગરૂપી પરિણતિ થઈ ગઈ અંદર. આહા..હા..!

**'જૂની ન થાય એ રીતે અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ, તે પહેલાં...'** પહેલાંનો અર્થ એ. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રજ્ઞાબ્રહ્મ, ચૈતન્ય બ્રહ્મ આનંદમૂર્તિ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ, એવું જ્યાં અંતરમાં ભાન થયું અને વિકલ્પો જે રાગાદિ એ તો મારી દશા નહિ, મારું સ્વરૂપ નહિ. એમ જ્યાં બેની વચ્ચેનું ભેદજ્ઞાન થયું ત્યાં તો કહે છે કે વીતરાગ પરિણતિ ઉત્પન્ન થઈ અંદર. આહા..હા..! એવી વાત છે. શુદ્ધ આનંદ ધામ ભગવાન એમાં વિભાવ નથી, પુણ્ય અને પાપના વિકલ્પ એ રાગ એ વિભાવ એમાં નથી. એને એકપણે માનીને સૂતો હતો એને ગુરુએ કહ્યું, જાગ. આહા..હા..! સાવધાન થા. એ શુભ-અશુભ રાગ એ તારી ચીજ નહિ. તારામાં એ નહિ. તું એમાં નહિ. ગિરધરભાઈ! આવી વાત છે. આહા..હા..! ભારે ઝીણું! એ બેની વહેંચણી થતાં કહે છે કે રાગરૂપ જે પરિણમન હતું અને એ તારું નથી એમ જ્યાં કહ્યું અને અંદરમાં લક્ષમાં જ્યાં ન આવ્યું એટલે લક્ષમાં એ આવ્યું નહિ કે આ રાગ આ પર છે. ત્યાં તો લક્ષ દ્રવ્યનું થઈ ગયું એમ કહે છે. આહા..હા..!

ભગવાન આનંદમૂર્તિ એકલો જ્ઞાનસ્વભાવી ચીજ એની અંતર દૃષ્ટિ પડતા સમ્યગ્દર્શન શુદ્ધ વીતરાગી પ્રતીતિ, વીતરાગી સ્વસંવેદન જ્ઞાન અને અરાગી શુદ્ધ પરિણતિ એ ચારિત્ર. એ પચ્ચખાણ. એ અંદરથી પ્રગટ થઈ ગયા એમ કહે છે. આહા..હા..! શુદ્ધ ઉપાદાન એક સમયનો પૂર્ણ ધ્રુવ. ઓલાએ લખ્યું છે કૈલાસચંદજી છેને કૈલાસ? ઓલા દિલ્હીવાળા નહિ કૈલાસચંદજી.

રમકડાંનો વેપારી. આપણે ત્યાં આવ્યો હતો .. પછી જોયું. કૈલાસ. અહીંયાં પંદર દિ' રહ્યો હતો. પછી આ બેની મેળવણી કરી. ત્યાં પંચકલ્યાણકમાં ગયો હતોને એ. બેની મેળવણી કરી છે. આ એમ કે જ્ઞાયકસ્વભાવ તરફ જવાની ઘોષણા ચાલતી હતી. અને ત્યાં તો મુનિ બેઠા દેખે તો શરીર ભોગ શું કહેવાય? સંસાર શરીર અને ભોગથી ઉદાસ છે. એમ ત્યાં બોલતા. બધું મેળવ્યું. વીતરાગી વિજ્ઞાન પુસ્તકોનું ત્યાં અને સુમેરુચંદે દિવાકરે બનાવેલા પુસ્તકો. કાંઈ ખબર ન મળે. આજના છાપામાં છે. જૈનસંદેશમાં. આહા..હા..! બહારથી નગ્નપણું દેખે, લૂગડાં ન હોય એટલે થઈ ગયું જાણે ચારિત્ર. આહા..હા..! સંસાર, શરીર અને ભોગ, ત્રણથી વ્યવહાર દેખે, મુદ્રા દેખે. મુખમુદ્રા. એ બોલતા હતા નહિ. બહુ જાણપણું નથી. બેઠા રહે. .. જ્ઞાયકભાવ સ્વભાવ સન્મુખ થાવ. આ તો વગર ઓલે એમ કે મુદ્રા દેખીને સંસાર શરીર અને ભોગથી રહિત. એય..! આહા..હા..!

અહીં તો કહે છે કે એ વસ્તુ બહારનું નગ્નપણું તો અનંતવાર લીધું. અને એમાં પંચમહાવ્રતના પરિણામ હોય કદાચિત્. આ તો છે જ નહિ એને. અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્ય એ પણ એક શુભરાગ અને પુણ્ય છે, વિભાવ છે. આહા..હા..! એના બાહ્ય ત્યાગથી પૂજ્યપણું લૌકિકમાં મનાવ, પરમાર્થમાં પૂજ્યપણું તો અંદરમાં સ્વભાવની દૃષ્ટિ પરમાર્થે પૂજનિક તો એ ચીજ છે. અંતરમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા એક સમયમાં અનંત આનંદ અને અનંત જ્ઞાનથી ભરેલો ભગવાન એની અંતરમાં દૃષ્ટિ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં એનું જ્ઞાન થતાં. શાસ્ત્રનું જ્ઞાન ન હોય ભલે, પણ એમાં રમતાં, ચરતાં, જમતા, આનંદનો સ્વાદ લેતા જે દશા પ્રગટ થઈ એને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે. આહા..હા..!

**'તે પહેલાં જ તત્કાળ...' 'सकल-भावैः अन्यदीयैः विमुक्ता' 'સકલ અન્યભાવોથી રહિત...'** સકલ અન્યભાવ. વિકલ્પમાત્ર ગુણગુણીનો ભેદ પણ જ્યાં વિકલ્પ ઉઠે છે. દયા, દાન, વ્રત એ તો વિકલ્પ અને રાગ છે જ. ભક્તિ ભગવાનની એ પણ રાગ અને વિકલ્પ છે, વિકાર છે, પણ ગુણગુણીના ભેદનો મનસાથે વિચાર થાય એ પણ એક વિકલ્પ ને શુભરાગ ને વિભાવ છે. એ **'સકલ અન્યભાવોથી રહિત...'** વિભાવના સકલ પ્રકારના વિકલ્પો એનાથી રહિત પ્રભુ આત્મા છે એવું અંતરમાં ભાન થતાં વિકલ્પરહિત શુદ્ધ પરિણતિ પ્રગટ થઈ. રાગમાં પરિણમતો હતો એ પરિણમતો નથી એ તારી એમ જ્યાં કીધું ત્યાં તો વીતરાગરૂપે પરિણમ્યો કહે છે. એમ કહે છે. એય..! ઉપદેશની શૈલી અને સાંભળનારનો ઉગ્ર પુરુષાર્થ આ બે ભેગા કર્યા. આહા..હા..! કહો, સુજાનમલજી! આહા..હા..!

અહીંયાં તો મનનો પણ સંગ નથી જેને. દયા, દાન, વ્રતના વિકલ્પ છે રાગ એ વિનાની ચીજ છે. એ ચીજને આત્મા કહીએ. રાગ તો અનાત્મા છે. આહા..હા..! વ્રત ને તપ ને અપવાસ ને આ કરવું ભક્તિ એ બધો વિકલ્પ છે તે તો અણાત્મા રાગ છે. એ રાગની

દૃષ્ટિ કહી કે એ તારી નહિ, આ તારા લક્ષમાં ન આવે ચીજ. એમ જ્યાં એણે સાંભળ્યું ત્યાં તો કહે છે કે રાગની પરિણતિ ન થઈ, ત્યાં તો શુદ્ધ પરિણતિ થઈ. એય..! એમ કરીને એમ સિદ્ધ કર્યું, રાગની પરિણતિ જે શુભ વિકલ્પની હતી, પણ એ તારું સ્વરૂપ નહિ, એ તારો ધર્મ નહિ, એ તું નહિ, તેમાં તું નહિ અને તારામાં તે નહિ. એમ જ્યાં અંતરમાં ભાન થયું. એટલે તે જ ક્ષણે ભગવાન સ્વભાવ શુદ્ધ સન્મુખ થઈને વિભાવથી વિમુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું પરિણમન થયું. એને પચ્ચખાણ અને એને ચારિત્ર અને એને મોક્ષનો માર્ગ કહે છે. હવે પહેલું તો સમજવું કઠણ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ગિરધરભાઈ! આ બધા કાર્યકરને આ બધા નહિ? .. સારું થયું ત્યાં પાછા પડી ગયા તે નહિતર ત્યાં ગોઠવાઈ જાત. મગનભાઈ કહેતા હતા કે જ્યારે મેં સહી કરી ત્યારે મારા મગજમાં .. થયું કે પાસ ન થાય તો સારું. મગનભાઈ એમ કહેતા હતા. કારણ કે નહિતર ઘુંચવાઈ જશે અને નિવૃત્તિ લઈને. કાંઈક કહેતા હતા યાદ છે? કોર્ટ આપેને સહિ. હવે ધૂળમાંય નથી ત્યાં. આહા..હા..! જગતમાં મોટા થાય અને મરી જાય.

પોતાનો ભગવાન અંદર જ્ઞાનાનંદ સ્વરૂપી જેની મહત્તા એના શુદ્ધ પરિણતિની આગળ જેની મહત્તા અનંતી છે. રાગની આગળ તો એ વસ્તુ છે જ નહિ રાગમાં. પણ જેનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યરૂપે પરિણમ્યો, એની પરિણતિની મહિમા કરતા આની તો અપાર મહિમા છે. વસ્તુ એવી છે એ. સમજાણું કાંઈ? આવો વીતરાગનો માર્ગ છે એ લોકોને મળ્યો નથીને એટલે લોકોને આ વ્રત કરવા, તપ કરવા, અપવાસ કરવા અને હોળી કરવી એ બધો ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને. સમજાણું કાંઈ?

કહે છે એ વિભાવ તારો નહિ. એ તું મારો માનીને સૂતો છો, પણ એ તારી ચીજ નહિ તને લક્ષણે તને બતાવ્યા. એ તો આકુળતા છે. ભગવાન તું તો નિરાકુળ આનંદસ્વરૂપ છોને. આહા..હા..! શુભ-અશુભ રાગ એ તો આકુળતા લક્ષણવાળી ચીજ છે, દુઃખરૂપ છે અને તું તો અનાકુળ આનંદસ્વરૂપ છો, તારું લક્ષણ તો જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ એ તારું લક્ષણ છે. એમ બેના લક્ષણો જ્યાં સાંભળ્યા ત્યાં '**સકલ અન્યભાવોથી રહિત પોતે જ આ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ.**' આહા..હા..! આનંદનો અનુભવ પ્રગટ થયો કહે છે. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અમૃતનો સાગર છે એ તો. એને એ પુણ્ય અને પાપના ભાવ સાથે એકત્વ કરીને સૂતો હતો અજ્ઞાની ભ્રમણામાં, પોતાના અજ્ઞાનને લઈને. પોતાનુ અજ્ઞાન એટલે પોતાની ચીજ આવી નિર્મળાનંદ છે એના ભાન વિના. આહા..હા..! એ શુભરાગની ક્રિયા અંદર એને માની કે આ તો મારી છે. એને માનતો હતો એ મૂઢ છે. એને કહ્યું કે આ તું નહિ, એ તારો સ્વભાવ નહિ. આહા..હા..! એમ જ્યારે '**સકલ અન્યભાવોથી રહિત...**'

શુભ અને અશુભ વિકલ્પથી રહિત **'स्वयम् इयम् अनुभूतिः'** **'પોતે જ આ અનુભૂતિ તો...'** એમ કહીને શું કહે છે? કે રાગની મંદતા હતી કે આ આત્મા પૂર્ણ છે, શુદ્ધ છે એવી મંદતાની અપેક્ષા રાખીને જ અનુભૂતિ થઈ એમ નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે બહુ ઝીણી બાપા! આહા..હા..! જન્મ-મરણ મટાડવાની રીત જ કોઈ જુદી છે. આહા..હા..!

કહે છે કે **'પોતે જ આ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ.'** ભાઈ! ઉત્પન્ન થઈ. એટલે? શુદ્ધ ચૈતન્યઘન આનંદ પ્રભુ ધ્રુવ નિત્યાનંદ તારી ચીજ એમાં એ વિભાવ નહિ હોં! એમ જ્યાં બેના લક્ષણોને જુદાં બતાવ્યા અને એ જુદાં જ્યાં સાંભળે છે ત્યાં તો કહે છે કે રાગમાં પરિણતિ છૂટી ગઈ અને સ્વભાવની પરિણતિ થઈ. એમ કહે છે. એ આનું નામ ધર્મ. નિર્વિકારી શુદ્ધ નિર્મળ જેવો સ્વભાવ છે એવી અંદર દશા સ્વને સન્મુખ થઈને થઈ, અનુભૂતિ. અનુભૂતિ એટલે જેવો પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વભાવ એને અનુસરીને દશા થઈ તેને અનુભૂતિ કહે છે. પરના લક્ષણને અનુસરીને વ્રત, તપના વિકલ્પો ઉઠે તે વિભાવ અધર્મ છે. આહા..હા..! ભારે કામ ભાઈ! કહો, ભગવાનભાઈ! આહા..હા..!

**'स्वयम् इयम्'** **'इयम्'** એમ. **'स्वयम् इयम्'** એ અંતરની નિર્મળ વીતરાગદશા પરની અપેક્ષા રાખ્યા વિના. આહા..હા..! તો એ રાગની મંદતા પહેલી હતી, માટે અનુભૂતિ સ્વભાવની થઈ એમ અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'स्वयम् इयम्'** આ. ભગવાન આત્મા પ્રત્યક્ષ આનંદનો ધણી એ જ્ઞાનની મૂર્તિ, જ્ઞાનમાં અનુભૂતિમાં પ્રત્યક્ષ થઈ ગયો. સમ્યગ્દર્શનમાં ધર્મીને મતિશ્રુતજ્ઞાન દ્વારા આત્મા પ્રત્યક્ષ થયો કે આ આત્મા. એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? મતિશ્રુત સમ્યગ્જ્ઞાન એ અંતર્મુખ વળ્યું એ પ્રત્યક્ષ જ્ઞાન છે. એ પ્રત્યક્ષ થઈને અંદર આત્માની અનુભૂતિ થઈ કે આ આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ છે. એવું જે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની દશા એને અહીંયાં અનુભૂતિ કહે છે. આહા..હા..! ચંદુભાઈ! આ તો કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય, સાંભળ્યું હોય તો ક્યાં રાખ્યું છે ક્યાં અંદર? ગોટા બધા ગોટા.

મુમુક્ષુ :- એ વિચાર કરે છે.

ઉત્તર :- વિચાર તો ઘણી વાર આવે ત્યારે કરે છે, પાછા ત્યાં જાય તો ગોટા વળે છે બધા. કહો, સમજાણું આમાં?

આવો ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત કેવળજ્ઞાન અને અનંત આનંદ જેની દશા કેવળીની એવી અનંતી દશાઓનો પિંડ આત્મા છે. ઓહો..હો..! એની સામું જોયું ત્યારે એને અનંતમા ભાગની શ્રદ્ધા, જ્ઞાન આદિની પર્યાય પ્રગટ થઈ. નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની સાથે સમ્યગ્જ્ઞાન અને આનંદની સાથે અનુભવ અને વેદન આવ્યું. એને અનુભૂતિ અને એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહેવાય છે. સમજાય છે કાંઈ? કહે છે કે અનુભૂતિ

તો. આ અનુભૂતિ, પોતે જ આ અનુભૂતિ. ભાષા તો જુઓ! આહા..હા..! પૂર્ણ આનંદનો ઘન પ્રભુ, અતીન્દ્રિય આનંદનું દળ એ તો છે. એવો એના સન્મુખ થયો અને પુણ્ય અને પાપના વિકલ્પ ને વર્તમાન એક અંશ પ્રગટ વ્યક્ત અવસ્થા, એનાથી વિમુખ થયો એટલે એને આત્માના સ્વભાવની અનુભૂતિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એ આ વ્યવહાર કરતાં... કરતાં... કરતાં... નિશ્ચય પમાય છે એ વાતને જૂઠી ઠરાવી અહીં. વ્યવહાર કરે, વ્યવહાર કષાય મંદ કરે, પહેલું પ્રશસ્ત રાગ કરે. લોકો એ બિચારા મિથ્યા શલ્યમાં પડ્યા. દયા, દાન, વ્રત, ભક્તિ કાંઈક નિવૃત્તિ જરી લે, પાપથી છૂટે, પછી પુણ્યથી છૂટે.

મુમુક્ષુ :- .. પુણ્ય-પાપ એક સાથે.

ઉત્તર :- ના એ વાત વસ્તુમાં નથી અહીં તો કહે છે. છૂટે ત્યારે તો એક સમયમાં શુભાશુભ રાગથી ભિન્ન પડીને ભગવાન પોતાના આત્માના સ્વભાવનું શરણ લેતા જેટલા ગુણોની શક્તિરૂપ સ્વભાવ એની બધાની વ્યક્તરૂપ અંશે પ્રગટ દશા અને સાધુમાં તો ધારાવાહી આનંદની ધારા વહે. એના સાધુ કહીએ. અતીન્દ્રિય આનંદની ધારા વહે એને અનુભૂતિ કહેવામાં આવે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- આ પરભાવના ત્યાગનું દૃષ્ટાંત કહ્યું...**' ઓલા ધોબીનું. '**તે પર દૃષ્ટિ પડે...**' એટલે એ ખ્યાલમાં જ્યાં ન આવે એમ ખ્યાલમાં આવે '**તે પહેલાં સમસ્ત અન્યભાવોથી રહિત પોતાના સ્વરૂપનું અનુભવન તો તત્કાળ થઈ ગયું;...**' આઠ વર્ષની બાળીકા હોય કે દેડકો હોય, પણ સમ્યગ્દર્શન પામે ત્યારે આ રીતે પામે છે. પૂર્ણાનંદનો સ્વભાવ જ્યાં પડ્યો છે ધ્રુવ. એને એમ ત્યાં આ ધારા વહે છે. અહીં ઓલા પરિત સંસારમાં લેશે.. આહા..હા..! એના વહુને પ્રેમ છે. એ આવી હતી? દિલીપભાઈ આવ્યો હતોને? શાંતિભાઈ નહિ ઓલા? રાજા ટાઈલ્સવાળા. કૈલાસચંદજી. હા કૈલાસચંદજી. એ આવ્યા હતા ત્યાં ફતેહપુર. બહારના ઠીકરા પડ્યા એને. બહારનો ત્યાગ અને બહારની તપસ્યાનો મહિમા છેને એને આ વાત બેસે જ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યાખ્યાનમાં પાછળ પાછળ સુધી

ઉત્તર :- બેસતા હતા એ કહેતા હતા. .. એકકોર બેસતા. ... આહા..હા..! .. ઉગમણું-આથમણું ફેર છે. નગ્ન થયા અને કાંઈક ..ને ખાય માટે વ્રત છે. ધૂળેય નથી. એય..!

બાહ્ય ત્યાગ તપસ્યાનું માન જેને છે એને અંતરના મિથ્યાત્વના ત્યાગની મહિમા શું છે એની એને ખબર નથી. મિથ્યાત્વના ત્યાગમાં શેનું ગ્રહણ અને શું મહિમા પ્રગટ થાય છે? એ ચીજની એને અજ્ઞાનીઓને ખબર નથી પડતી. સમજાણું કાંઈ? આ તો શીયળ બ્રહ્મચર્ય પાળે છે, જાવજીવ બ્રહ્મચારી છે, અપવાસ દરરોજ કરે છે મહિનામાં પંદર, એકાંતરા વગેરે વગેરે અને આ પરજીવને નિર્દોષ એને માટે કરેલો આહાર લેતા નથી. જોકે આ તો બધું

છે એની પાસે તો. ચોકા કરીએ છીએ. એ તો વ્યવહારના પણ ઠેકાણા નથી. પણ આ તો નહિતર એને માટે કરેલો આહાર લે આવી પ્રભાવને દેખનારાઓ એ બહારની મહિમાને દેખે, અંતરની વસ્તુની એને ખબર નથી. આહા..હા..! અંતરનું પૂજ્યપણાની દૃષ્ટિનો વિષય એની શું ચીજ છે? આ બહારનું પૂજ્યપણું દેખાય એને. એને અંતરના પૂજ્યપણાની વસ્તુની ખબર નથી. આહા..હા..!

કહે છે કે '**સ્વરૂપનું અનુભવન તો તત્કાળ થઈ ગયું;...**' આહા..હા..! પોતાના સ્વરૂપનું અનુભવન. જે અનાદિથી પુણ્ય અને પાપના રાગનું વેદન અને અનુભવ હતો એ જ્યાં કરવટ બદલી, પડખું બદલ્યું. વિકારને પડખે જે ઉભો હતો. એ ત્રિકાળી ભગવાન સ્વભાવને પડખે જ્યાં ગયો વેદન બદલાઈ ગયું. જે પુણ્ય અને પાપનું વેદન હતું એ અધર્મનું વેદન હતું. વ્રતનો વિકલ્પ પંચ મહાવ્રતનો એ અધર્મ છે, રાગ છે એ. આહા..હા..! એ વેદનના પડખે ગયો હતો એ બદલ્યું કહે છે ફેરવ્યું. આહા..હા..! એ તું નહિ અને તને લાગુ પડતું નથી, એ તારું લક્ષણ જ નહિ. એમ જ્યાં અંદર લક્ષમાં લક્ષણ એનો ખ્યાલ ન આવે ત્યાં તો અહીં શુદ્ધના લક્ષણે ચડી ગયો એમ કહે છે.

'**તત્કાળ થઈ ગયું; કારણ કે એ પ્રસિદ્ધ છે કે વસ્તુને પરની જાણ્યા પછી...**' ભગવાન આત્માથી વિકલ્પ જે છે એ પર છે, વિભાવ છે. પરની દયાનો ભાવ, પરની સત્ય બોલવાનો ભાવ, બ્રહ્મચર્ય પાળવાનો ભાવ શરીરથી એ બધો વિકલ્પ અને રાગ છે, એ તો પર છે. આહા..હા..! એ '**વસ્તુને પરની જાણ્યા પછી મમત્વ રહેતું નથી.**' એ તો .. થઈ ગયું. લૂગડાના લક્ષણ જાણ્યા કે આ મારું નહિ થઈ રહ્યું. ખલાસ થઈ ગયું. એ એની દૃષ્ટિમાંથી છૂટું જ પડ્યું હતું. એમ વિકાર, પુણ્ય-પાપથી રહિત મારી ચીજ છે એમ જ્યાં સમ્યગ્દર્શનસહિતનું અંતર ભાન થયું કહે છે કે રાગ હોવા છતાં રાગથી ભિન્ન જ છે એ તો. સમ્યગ્દૃષ્ટિ રાગથી ભિન્ન છે. સમ્યગ્દૃષ્ટિ રાગસહિત નથી એમ કહે છે. આહા..હા..! એય..! ચોથે ગુણસ્થાને હોં હજી આ તો ચોથા. સમકિતી સમ્યગ્દૃષ્ટિ જીવ એ રાગનો વિકલ્પ છે એનાથી રહિત છે. રાગમાં એ નથી. એ રાગરહિત પોતાનું શુદ્ધ આનંદ જ્ઞાન સ્વભાવ એમાં એ છે. આહા..હા..!

છ ખંડના રાજમાં ચક્રવર્તી દેખાય છતાં સમકિતી જે છે એ મોક્ષમાર્ગી છે. એમાં પડ્યો એ મોક્ષમાર્ગી છે. ઓહો..હો..! અને એક વસ્ત્રનો તાણો ન રાખે, નગ્ન મુનિ થઈને ફરે, હજારો રાણીને છોડે, પણ અંદરમાં રાગનો શુભરાગ એ મારો છે અને એનાથી મને લાભ એવી દૃષ્ટિમાં પડ્યો છે જરીયે વિભાવનો અંશે ત્યાગ નથી. એને ધર્મનો ત્યાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવી! શુભરાગનો કણ પણ મારો છે એમ માનીને જે પંચમહાવ્રતાદિ પાળતો હોય તો એને ધર્મનો ત્યાગ છે. અધર્મનું ગ્રહણ છે. આહા..હા..!

ગજબ વાત છે. લોકોને સત્ય શું છે એની ખબર નથી. અને ધર્મી પરભાવથી મારી ચીજ જુદી અંતરના ભાનમાં આવ્યો, કહે છે કે એ બાહ્યનો ત્યાગ નથી એને અંતરમાં બધો ત્યાગ છૂટેલો પડ્યો છે. આહા..હા..! રાગનો કણ પણ મારો નથી એટલો ઉદયભાવથી જે છૂટ્યો છે. આહા..હા..! બહારમાં ચક્રવર્તી આદિની સંપદામાં, છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય, પણ સમકિતી તો રાગમાં પણ નથી, રાજમાં પણ નથી, એ સ્ત્રીમાં નથી અને પુણ્યભાવમાં એ સમકિતી નથી. આહા..હા..! ખબર નથી વસ્તુ શું છે! આ તો દેવ-ગુરુ ધર્મને માનો એ તમારું સમકિત છે. ધૂળેય નથી સાંભળને. મિથ્યાત્વ છે. દેવ, ગુરુ, ધર્મ માનવામાં તો વિકલ્પ રાગ છે અને એમાં ધર્મ માનવો એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! એય..! આઠ દિ'ની વાર હતી ભાઈ! એને આઠ-દસ દિ'ની વાર હતી દીક્ષા લેવાની. આઠ-દસ દિ'ની વાર હતી. એમાં વળી આત્મધર્મ આવ્યું, જોયું કે આપણામાં સ્થાનકવાસીના સાધુ હતા એણે મૂક્યું છે અને આપણે વળી લઈને મૂકવું પડે જોઈ આવું તો ખરો. આહા..હા..! દીક્ષા લે છે મિથ્યાત્વની લે છે બધા. રાગ મારો અને આ ક્રિયા મારે કરવી છે એવી જે મિથ્યાત્વદશા એ મિથ્યાત્વને પોષણ કરવાની દશા છે એ. આહા..હા..! એ દશા જ્યાં છૂટી ગૃહસ્થાશ્રમમાં દશામાં હો, પણ એ તો રાગનો ત્યાગી છે અને ધર્મનો ગ્રહનાર છે. આહા..હા..!

પછી અહીંયાં તો અસ્થિરતાના રાગને છૂટવાની વાત છેને અહીં તો. અસ્થિરતાનો જે રાગ હતો એ પણ અહીં તો પહેલીથી શરૂ કર્યું છેને. એની શૈલી એવી છે. નહિતર અહીં તો સમ્યગ્દૃષ્ટિ છે અને પાછું આમ ૩૪માં તો એમ કહ્યું આત્મારામ હવે એને પચ્ચખાણ, પાછું ઉપાડ્યું છે મિથ્યાત્વથી. એ શૈલી જ આખી શૈલી એ અજ્ઞાન હતું એનું ભાન થયું ત્યાં ઠર્યો અંદર. એમ જ કહે છે અહીં. એમ ઉપાડ્યું હતુંને? આહા..હા..! એકલો જ્ઞાનનો સમુદ્ર પ્રભુ શુભ-અશુભ રાગનો કણ જ્યાં સ્પર્શ્યો નથી વસ્તુને. આહા..હા..! એવી જ્ઞાયકસ્વભાવ વસ્તુ એને વિકારથી રહિત જ્યાં દૃષ્ટિ કરી ત્યાં એ દૃષ્ટિમાં વિકારનો અભાવ થયો અને નિર્વિકારી પરિણતિની ઉત્પત્તિ થઈ. આહા..હા..! હવે આ શું પણ? શબ્દના . એ કહે છેને.

ઓલા ભાષણ કરે બધા કે ઓહો..હો..! આ આઠ-આઠ અપવાસ કરે છે, આ બધા માસખમણના પારણા કરે છે. તપ બહુ કરે છે. મિથ્યાત્વ કરે છે. આહા..હા..! ગિરધરભાઈ! અહીં તો કહે છે **'પ્રસિદ્ધ છે કે વસ્તુને પરની જાણ્યા પછી મમત્વ રહેતું નથી.'**

## ગાથા-૩૬

अथ कथमनुभूतेः परभावविवेको भूत इत्याशङ्क्य भावकभावविवेकप्रकारमाह–

णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेक्को।
त मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति ।।३६।।

नास्ति मम कोऽपि मोहो बुध्यते उपयोग एवाहमेकः।
तं मोहनिर्ममत्वं समयस्य विज्ञायका ब्रुवन्ति।।३६।।

इह खलु फलदानसमर्थतया प्रादुर्भूय भावकेन सता पुद्गलद्रव्येणाभिनिर्वर्त्यमानष्टंकोत्कीर्णैकज्ञायकस्वभावभावस्य परमार्थतः परभावेन भावयितुमशक्यत्वात्कतमोऽपि न नाम मम मोहोऽस्ति। किंचैतत्स्वयमेव च विश्वप्रकाशचंचुर-विकस्वरानवरतप्रतापसंपदा चिच्छक्तिमात्रेण स्वभावभावेन भगवानात्मैवावबुध्यते यत्किलाहं खल्वेकः ततः समस्तद्रव्याणां परस्परसाधारणावगाहस्य निवारयितुमशक्यत्वात् मज्जितावस्थायामपि दधिखण्डावस्थायामिव परिस्फुटस्वदमानस्वादभेदतया मोहं प्रति निर्ममत्वोऽस्मि, सर्वदैवात्मैकत्वगतत्वेन समयस्यैवमेव स्थितत्वात्। इतीत्थं भावकभावविवेको भूतः।

નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,
–એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.

*ગાથાર્થ :- [बुध्यते] એમ જાણે કે [मोहः मम कः अपि नास्ति] 'મોહ મારો કાંઈ પણ સંબંધી નથી, [एकः उपयोगः एव अहम्] એક ઉપયોગ છે તે જ હું છું' [तं] એવું જે જાણવું તેને [समयस्य] સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપના [विज्ञायकाः] જાણનારા [मोहनिर्ममत्वं] મોહથી નિર્મમત્વ [ब्रुवन्ति] કહે છે.

ટીકા :- નિશ્ચયથી, (આ મારા અનુભવમાં) ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય તેના વડે રચાયેલો જે મોહ તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી, કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું પરમાર્થે પરના

---

* આ ગાથાનો અર્થ આમ પણ થાય છે :— 'જરાય મોહ મારો નથી, હું એક છું' એવું ઉપયોગ જ (–આત્મા જ) જાણે તે ઉપયોગને (–આત્માને) સમયના જાણનારા મોહ પ્રત્યે નિર્મમ (મમતા વિનાનો) કહે છે.

ભાવ વડે +ભાવવું અશકય છે. વળી અહીં સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે એવા ચૈતન્યશકિતમાત્ર સ્વભાવભાવ વડે, ભગવાન આત્મા જ જાણે છે કે -પરમાર્થે હું એક છું તેથી, જોકે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું(-એકક્ષેત્રાવગાહનું) નિવારણ કરવું અશકય હોવાથી મારો આત્મા ને જડ, શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે તોપણ, શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે, હું મોહ પ્રતિ નિર્મમ જ છું; કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ) એવો ને એવો જ સ્થિત રહે છે. (દહીં ને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે તેમાં દહીં ને ખાંડ એક જેવાં માલૂમ પડે છે તોપણ પ્રગટરૂપ ખાટા-મીઠા સ્વાદના ભેદથી જુદાં જુદાં જણાય છે; તેવી રીતે દ્રવ્યોના લક્ષણભેદથી જડ-ચેતનના જુદા જુદા સ્વાદને લીધે જણાય છે કે મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિક છે તે ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો જ છે.) આ રીતે ભાવકભાવ જે મોહનો ઉદય તેનાથી ભેદજ્ઞાન થયું.

ભાવાર્થ :- આ મોહકર્મ છે તે જડ પુદ્‌ગલદ્રવ્ય છે; તેનો ઉદય કલુષ (મલિન) ભાવરૂપ છે; તે ભાવ પણ, મોહકર્મનો ભાવ હોવાથી, પુદ્‌ગલનો જ વિકાર છે. આ ભાવકનો ભાવ છે તે જયારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ રાગાદિરૂપ મલિન દેખાય છે. જયારે તેનું ભેદજ્ઞાન થાય કે 'ચૈતન્યની શકિતની વ્યકિત તો જ્ઞાનદર્શનોપયોગમાત્ર છે અને આ કલુષતા રાગદ્વેષમોહરૂપ છે તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્‌ગલદ્રવ્યની છે', ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે અને આત્મા અવશ્ય પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે.

## ગાથા-૩૬ ઉપર પ્રવચન

'હવે, 'આ અનુભૂતિથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું?' એવી આશંકા કરીને, પ્રથમ તો જે ભાવકભાવ-મોહકર્મના ઉદયરૂપ ભાવ, તેના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :—'

---

+ ભાવવું = બનાવવું; ભાવ્યરૂપ કરવું.

णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेक्को।
त मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति ।।३६।।

**નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,**
**–એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.**

આહા..હા..! માખણ છે એકલું.

એની ‘ટીકા :- **નિશ્ચયથી,** (આ મારા **અનુભવમાં**) **ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય...**’ શું કહે છે? કર્મના નિમિત્તના સંગે જે અશુદ્ધતા પુણ્ય-પાપના ભાવની ઉત્પન્ન થાય એ ‘**તેના વડે રચાયેલો જે મોહ...**’ છે. આહા..હા..! મારા સ્વરૂપની દશ્ય એ વસ્તુ નથી. શુભ-અશુભભાવ એવો જે પરસંબંધીનો સાવધાનીનો ભાવ એ ભાવક એવું કર્મનું નિમિત્ત એના લક્ષે થતો, તેના વડે રચાયેલો એટલે એના લક્ષે થતો એટલે તેના વડે રચાયેલો એમ. સ્વભાવથી રચાયેલો નહિ. આહા..હા..! આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. આ કાંઈ કથાવાર્તા નથી. એક એક શબ્દમાં ઊંડાણ ભર્યા છે. ‘(**આ મારા અનુભવમાં**) **ફળ દેવાના સામર્થ્યથી...**’ જુઓ ભાષા! ‘**પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય...**’ કર્મ અને ‘**તેના વડે રચાયેલો...**’ એટલે નિમિત્તના સંગે થયેલો પુણ્ય અને પાપનો વિભાવભાવ. સમજાણું કાંઈ?

‘**ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય...**’ એ ત્યાં સુધી જડ, પણ તેના ઉપર લક્ષ કરતાં ભગવાન આત્માના સ્વભાવનું લક્ષ છોડી દઈને તેના નિમિત્તના લક્ષમાં જતાં જે વિકારની રચના થઈ એ તેના વડે રચાયેલો મોહ એટલે કર્મના દ્રવ્યે રચાયેલો મોહ, મારો નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અનંત પુરુષાર્થ છે એમાં. એ પુરુષાર્થ શું છે એની એને ખબર નથી. ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો ગાંગડો પ્રભુ આત્મા, એને કહે છે કે કર્મના ભાવકરૂપી ભાવ એનાથી રચાયેલો જે વિકારીભાવ તે મારો કાંઈપણ લાગતો વળગતો નથી. મારે ને એને કાંઈ લાગેવળગે નહિ. આહા..હા..! શુભભાવ થાય એને પણ ભાવકનાથી રચાયેલો એને મારે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મની દૃષ્ટિવંત આત્મા એ એમ અનુભવે છે કે મારા અનુભવમાં જે વિકાર આવે છે એ તો ભાવકનો ભાવ છે. મારી ચીજ નહિ. આહા..હા..! જ્ઞાન પ્રભુ જ્ઞાનની પ્રભુતાથી ભરેલો આત્મા એમાં કહે છે કે એ ભાવક કર્મ જે જડ છે એનાથી રચાયેલી પુણ્ય-પાપની વિકારી દશા એ મોહ, ધર્મી એમ જાણે છે કે એની સાથે મારે કાંઈ લાગતું વળગતું નથી. મારે ને એને કાંઈ સંબંધ નથી. આહા..હા..! કહો, બાયડી, છોકરા ને પૈસા ને આબરૂ ને ધૂળ એ તો ક્યાંય રહી ગઈ. એ જુદી ચીજ છે. એ તો અજીવ થઈને રહે છે. લક્ષ્મી,

શરીર, બાયડી, છોકરા એ તો એનું તત્ત્વ થઈને રહ્યું છે. એ કાંઈ તારી પર્યાયનું તત્ત્વ થઈને રહ્યું નથી. તારું દ્રવ્ય થઈને તો રહે નહિ, પણ તારી પર્યાય થઈને એ તત્ત્વ રહ્યું નથી. આહા..હા..! શરીર, કર્મ, આબરૂ, કીર્તિ, પૈસા, ધૂળ, ધમાહા, બંગલા, મકાન અને પૈસા એ તો બધા અજીવ થઈને પોતાને કારણે પોતામાં રહેલા છે એ કાંઈ તારી પર્યાયમાં આવીને, તારી પર્યાયમાં થઈને રહ્યા છે એમ નથી. આહા..હા..! પણ અહીં તો એની પર્યાયમાં જે થાય છે એની વાત છે. ભાઈ! આહા..હા..! કર્મના સંગે અસંગ ભગવાન આત્માને છોડીને જે કર્મના સંગે જે રાગ ને પુણ્ય ને દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એ પણ મારે કાંઈ લાગતો વળગતો નથી કહે છે. આહા..હા..! મારા સ્વભાવની સાથે આને કાંઈ લાગતું. ભાષા એમ છેને? લાગતુંવળગતું ગુજરાતી ભાષા છે. શું કહે છે હિન્દીમાં? હિન્દીમાં શું કહે છે? લગાવ નથી થતો. લાગતું વળગતું નથી અમારી કાઠિયાવાડી ભાષા છે ગુજરાતી. આહા..હા..!

શરીર, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયા. એ તો પર થઈને પરપણે રહ્યા છે. પર થઈને પરપણે રહ્યા છે, પણ મારામાં કર્મના સંગે ઉત્પન્ન થયેલો ભાવ એ પણ પર થઈને, પર થઈને રહ્યા છે, મારા થઈને નહિ એમ કહે છે. આહા..હા..! આનું નામ ભેદજ્ઞાન અને આનું નામ સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? મારો એ મોહને તે મોહ તે મારો કાંઈ પણ લાગતો વળગતો નથી.

‘**કારણ કે ટંકોત્કીર્ણ...**’ ટાંકણાથી જેમ ઘડેલી મૂર્તિ હોય એવો હું ‘**એક જ્ઞાયકસ્વભાવભાવનું પરમાર્થે...**’ મારો ભગવાન તો એક જ્ઞાયકસ્વભાવભાવ. જાણકસ્વભાવભાવ ત્રિકાળી જાણકસ્વભાવભાવ, પરમસ્વભાવભાવ, પરમજ્ઞાયક ધ્રુવ સ્વભાવભાવ એ હું. આહા..હા..! એ ભાવનું પરમાર્થે ‘**પરના ભાવ વડે ભાવવું અશક્ય છે.**’ આહા..હા..! ભગવાન આત્મા ‘**જ્ઞાયકસ્વભાવભાવનું પરમાર્થે...**’ વિભાવભાવ વડે ભાવવું, વિભાવભાવનું થવું એ અશક્ય છે. આહા..હા..! જુઓ આ સમ્યગ્દષ્ટિની દૃષ્ટિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્મના સંગે ઉત્પન્ન થયેલો શુભ-અશુભ રાગનો ભાવ એ વડે મારા જ્ઞાયકભાવ વડે પરમાર્થે એ રૂપે પરિણમવું, થવું અશક્ય છે. મારો સ્વભાવ તો જ્ઞાયકસ્વભાવ વડે પરિણમે જ્ઞાન અને આનંદરૂપે એ મારી ચીજ. આહા..હા..! હજી આ ચોથા ગુણસ્થાનની સમ્યગ્દષ્ટિમાં આમ હોય છે. આહા..હા..! કેમકે ધર્મીનો દૃષ્ટિનો વિષય તો જ્ઞાયક સ્વભાવભાવ છે. એ જ્ઞાયકસ્વભાવભાવનું ખરેખર ‘**પરમાર્થે પરના ભાવ વડે...**’ જે રાગ અને પુણ્યના પરિણામ જે દયા, દાન, વ્રતના વિકલ્પો એ રૂપે પરમાર્થે આત્મા થાય ‘**અશક્ય છે.**’ આહા..હા..! જુઓ આ જીવતત્ત્વની વ્યાખ્યા.

ભગવાન આ જીવતત્ત્વનું છેને? આહા..હા..! હું એક જીવ છું. એટલે કે જ્ઞાયકસ્વભાવભાવવાળું

તત્ત્વ. એવા તત્ત્વ વડે. જીવને માનનારો એટલે કે આત્માનો જ્ઞાયકભાવ સ્વભાવ તે હું એમ માનનાર જીવ પોતાના જીવને એમ માને છે કે મારા જ્ઞાયકભાવ વડે વિભાવભાવનું ભાવવું, પરિણમવું, થવું અશક્ય છે. જીવ સ્વભાવનું જીવ સ્વભાવ વડે થવું એ શક્ય છે, પણ જીવ સ્વભાવનું વિભાવ સ્વભાવે થવું અશક્ય છે. આહા..હા..! છેને? **'બનાવવું; ભાવ્યરૂપ કરવું.'** ભાવકના નિમિત્તથી વિકારપણે થવું એ અશક્ય છે. આહા..હા..! અહીં ત્યારે કોઈ એમ કહેશે કે જુઓ આમાં તો કર્મના નિમિત્તે થતો ભાવ થયો. એ તો ત્યાં એ કર્યો છે એને પોતાની પર્યાયમાં ઉત્પત્તિ ભાવ્યની. પણ સમ્યગ્દર્શન થતાં એ ભાવ્યનું ભવન એ મારી ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

આ લોકો કહે છેને વ્યવહાર હોય પહેલો અને પછી નિશ્ચય થાય એટલે પહેલો અજીવ હોય તો પછી જીવનું ભાન થાય. એમ થયુંને? અહીં તો કહે છે કે મારા જ્ઞાયક સ્વભાવ વડે એ અજીવ રાગાદિ, પુણ્યાદિના પરિણામ, દયા, દાન, વ્રતના. એ રૂપે થવું જ્ઞાયકભાવનું પરમાર્થે રાગરૂપે થવું અશક્ય છે. કહો, સમજાણું આમાં? ભારે વ્યાખ્યા ભાઈ! આ બધા મોઢા આગળ પડે અને પછી વાતું મારે ગપ્પા અંદર. ભાઈ આમ છે ને તેમ છે, આમ ધર્મ થાય, ફલાણું થાય, ઢીંકણું. કહો, ચીમનભાઈ! અધર્મને ધર્મ મનાવે એ માને. આહા..હા..! અહીં તો કહે છે કે પુણ્ય અને પાપના ભાવ જે ભાવ્ય નામ અધર્મ એવો જે જ્ઞાયકભાવસ્વભાવી હું એ ધર્મરૂપે પરિણમવું પણ અધર્મરૂપે થવું એ મારામાં છે નહિ. આહા..હા..! અરે એને કાને ન પડે સત્ય એ વિચારે કે દિ'એ જાય અને રુચિએ કે દિ' જાય અને પરિણમે કે દિ'? આહા..હા..! એમ ને એમ જિંદગી ચાલી જાય છે. બફમમાં ને બફમમાં ચાલી જાય છે. સમજાણું કાંઈ?

ભગવાન કુંદકુંદાચાર્યનો સંદેશ છે. પ્રભુ! તું જીવ છો અને જીવ છો એ જ્ઞાયકસ્વભાવવાળું તત્ત્વ છે. જીવ છે એ સ્વભાવવાન તત્ત્વ સત્ અને એનું સત્ત્વ જ્ઞાયકસ્વભાવભાવ, જ્ઞાયકસ્વભાવ ભાવ, જ્ઞાયકસ્વભાવભાવ નિત્ય ધ્રુવ એવું જે જીવતત્ત્વનો ભાવ એવું જેણે દૃષ્ટિમાં લીધું એણે જીવને માન્યું. રાગસહિત આત્માને માને એ જીવને માનતો નથી. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..! કહે છે છે જુઓને અંદર કેટલી વાત. કે પુદ્ગલ દ્રવ્ય ભાવક થતું જે એના વડે રચાયેલો પુણ્ય-પાપનો ભાવ મોહ અસાવધાન ભાવ એની સાથે કાંઈ પણ લાગતું વળગતું નથી. આહા..હા..! કેમ? કેમ લાગતું વગતું નથી? સમજાણું કાંઈ? કે હું તો એક ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવ જ છું. અદબદનાથ જેમ અંદરમાંથી કોતરેલી મૂર્તિ હોય એવો અનાદિ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છું. એવો મારો નિત્ય જ્ઞાયકસ્વભાવભાવ એવા ધ્રુવભાવ વડે પરમાર્થે વિભાવરૂપે પરિણમવું એ મારા માટે અશક્ય છે. આહા..હા..! એ વ્યવહારપણે પરિણમવું એ મારે માટે અશક્ય એમ કહે છે ભાઈ આ. લ્યો આ ઓલો કહે

વ્યવહાર હોય પહેલો અને પછી નિશ્ચય થાય અને વ્યવહાર આ કારણ છે. અરે સાંભળતો ખરો હવે. એય..! પંડિતજી! શું કહ્યું?

ધર્મી એને કહીએ કે જેણે ધર્મી એવો આત્મા પૂર્ણ અખંડ જ્ઞાયકભાવવાળો જેણે અનુભવ્યો, દૃષ્ટિમાં લઈ લીધો અને એ એમ ભાવે છે કે મારો સ્વભાવભાવ વ્યવહારના વિકલ્પપણે થાય એ અશક્ય છે. આહા..હા..! એય..! સુજાનમલજી! ભારે વાત ભાઈ! છેને વિભાવ. નહિતર કેવળી થઈ ગયો? સાંભળને હવે. ભગવાન જ્ઞાયક કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે. એવી તો અનંતી... અનંતી... અનંતી... અનંતી... પર્યાયનો પિંડ એક જ્ઞાયકભાવ છે. કેવળજ્ઞાન તો કાંઈ અનંતમે ભાગે પર્યાય છે. આહા..હા..! દ્રવ્યના અનંતમે ભાગે એ તો છે. એવો ભગવાન આત્મા. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ સ્વભાવભાવ પૂર્ણભાવ અદ્વૈતભાવ એક ભાવ એ વડે શુભ-અશુભરાગ જે વિકલ્પ શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગ એ રૂપે મારા સ્વભાવભાવ વડે. કારણ કે હું તો આ છું. એ વડે વિભાવપણે થવું એ તો અશક્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! થોડું પણ પરમસત્ય હોવું જોઈએ. ..મોટા સંઘ કરી કરીને મરે એમાં કાંઈ હાથ આવે નહિ.

હવે આવું ભાન જ્યાં નથી અને એ રાગની ક્રિયામાં જોડાઈ જાય છે એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. કહો, સમજાણું કાંઈ? કારણ કે જે અસ્તિત્વ સ્વભાવ આવો છે એવી જ્યાં પ્રતીત અને વિશ્વાસમાં અને જ્ઞેયમાં જ્ઞાન તરીકે એનું જ્ઞેય આવડું છે એ જ્ઞાન તરીકે આવ્યું નથી. એને તે રાગની પરિણતિમાં જ અસ્તિત્વ ધારીને એમાં જ પરિણમી રહ્યો છે. મિથ્યાદૃષ્ટિ છે. વ્રતના પરિણામમાં પરિણમે એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. ભાઈ! ગજબ વાત છે. વ્રતના પરિણામ એ શુભરાગ છે, અવ્રતના પરિણામ એ અશુભ છે. બેય વિભાવ છે. વસ્તુનું ઉત્થાન છે. સ્વભાવમાં નથી એવી દશા છે એ. કહે છે હું તો જ્ઞાયકસ્વભાવભાવવાળો આત્મા. હું રાગવાળો અને રાગરૂપે છું એ હું નહિ. આહા..હા..! જુઓ આ જીવતત્ત્વની વ્યાખ્યા. જીવ-અજીવ છેને? રાગરૂપે થવું એ તો અજીવરૂપે થવું છે. આહા..હા..! વ્યવહાર દયા, દાન, ભક્તિ, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એપણે થવું એ તો અજીવપણે થવું અને મારો જ્ઞાયકસ્વભાવભાવ એ કાંઈ એરૂપે થાય એ હું નહિ. આહા..હા..!

માણસને સત્ય શું છે અને સત્યની કેમ મળે પ્રાપ્તિ એણે સાંભળ્યું નથી. એટલે એકદમ પાછા પોતાની કલ્પનાએ બધા ઘોડા દોડાવે. એ તો આમ છે, ને તેમ છે ને ઢીંકણું છે, ફીંકણું છે. મારે ગપેગપ. તો કહે છે કે તું જીવ થયો જ નથી. જે જીવ છે જે રીતે રહ્યો છે એ રીતે તું થયો નથી. આહા..હા..! .. એટલે શું? રાગ નહિ પણ એક સમયના અંશવાળો પણ જીવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કીધુંને જુઓ. એ '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું...**' ત્રિકાળ ધ્રુવ એકરૂપ ભાવ. એ રાગ તો વિકલ્પ તો નહિ, પણ

એક સમયનો અંશ નહિ. હું તો ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવનો પિંડલો પ્રભુ ધ્રુવ. એવા ભાવ વડે પરમાર્થે ખરેખર પરના ભાવ વડે પુણ્ય અને પાપના ભાવ વડે, દયા, દાન અને વ્રતના પરિણામ વડે ભાવવું, બનાવવું, બનવું, ભાવ્યરૂપ થવું અશક્ય છે. આહા..હા..! ભારે ગજબ વાત કરી છેને. કહો, સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે. કેવળી પણ્ણંતો ધમ્મો આ. કરો ભગવાનની અહિંસા પાળવી, દયા પાળવી ભગવાને આમ કહ્યું. .. છોડાવ્યા અને ઢીંકણું છે બધી ખોટેખોટી વાતું. ભગવાને કાંઈ કોઈને છોડાવ્યા નથી. ભગવાને તો કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી પોતામાં બસ. વાણી એની નહોતી અને છોડાવી એ ક્રિયા એની નહોતી એ તો પરની ક્રિયા છે. મા હણો મા હણો એવી જીવની દયા એ ભોગવવાનો ઉપદેશ. અરે સાંભળને હવે. મા હણોનો અર્થ રાગ અને અલ્પજ્ઞપણાને પોતાનો માનવો એનું નામ હિંસા. એનું નામ હિંસા. મા હણો એવો ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવ એને રાગવાળો ન માનવો, એને અલ્પજ્ઞ ન માનવો એનું નામ મા હણો છે. આહા..હા..! ભગવાનની દેશના આ હતી. પરના ભાવ વડે અશક્ય છે. કેમકે હું કેવો છું? એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ વદ-૨, બુધવાર, તા. ૨૮-૦૬-૧૯૭૨
## ગાથા-૩૬, પ્રવચન-૧૧૧

આ જીવ-અજીવ અધિકાર. સમયસાર. ૩૬મી ગાથા ચાલે છે. ટીકા ફરીને. '**નિશ્ચયથી, (આ મારા અનુભવમાં) ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય તેના વડે રચાયેલો જે મોહ તે મારો કાંઈ પણ લાગતોવળગતો નથી,...**' શું કહે છે? ધર્મીને આત્મા એવો દૃષ્ટિમાં આવ્યો કે હું જ્ઞાયકસ્વભાવ વડે કરીને પરમાં નિમિત્તથી થતા વિકારી પરિણામ એ રૂપે થવાની મારી અશક્યતા છે. ભાવક એવો જે કર્મ એના નિમિત્તના સંગે ભાવ્ય જે વિકારીભાવ, મોહ, પરતરફની સાવધાનીનો ભાવ એ મારી ચીજ જ્ઞાયકભાવ વડે એ વિભાવપણે પરિણમવું, ભાવવું, થવું એ અશક્ય છે. આવું ધર્મી જાણે છે. એણે આત્માને જાણ્યો કહેવાય. '**(આ મારા અનુભવમાં) ફળ દેવાના સામર્થ્યથી પ્રગટ થઈને ભાવકરૂપ થતું જે પુદ્‌ગલદ્રવ્ય...**' જડ કર્મ. '**તેના વડે રચાયેલો જે મોહ તે મારો**

**કાંઈ પણ લાગતોવળગતો નથી,...'** મારે અને રાગને અને મોહને કાંઈ સંબંધ નથી. અહીં તો લાગતુંવળગતું ઘણું હોય. કુટુંબમાં, નાતમાં. બહારમાં એય..! જયંતિભાઈ! લાગતું વળગતું તો બહુ છે.

મુમુક્ષુ :- એ માને છે તો છે.

ઉત્તર :- એ માને છે. અહીં તો રાગની સાથે પણ લાગતું અને વળગતું નથી એવો ચૈતન્યદ્રવ્યનો સ્વભાવ છે. આહા..હા..! એમ જે માને એ ધર્મી એને કહીએ અથવા આત્મા માન્યો, જાણ્યો એને કહીએ કે જે પોતાના જ્ઞાયકસ્વભાવ વડે કર્મના સંગથી થતો વિકારીભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ એવા પરિણામ ભાવ્ય જે એરૂપ થવાને હું અશક્ય છું. મારો સ્વભાવ જ્ઞાયક ત્રિકાળ એ સ્વભાવ વડે વિકારરૂપે કેમ થાય? આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવભાવનું...'** હું તો એક એવો ચૈતન્યસ્વભાવ, જ્ઞાયકસ્વભાવ એવો જે ભાવ એવા ભાવનું **'પરમાર્થે પરના ભાવ વડે ભાવવું અશક્ય છે.'** આહા..હા..! એ વિકારી ભાવ એ પરનો છે એ મારો નહિ. આહા..હા..! શુભ-અશુભ રાગનો વિકલ્પ, એના પરમાર્થે હું એના ભાવરૂપે છું એ મારી ચીજ જ નથી. આહા..હા..! જ્ઞાયકસ્વભાવ ધર્મી એને કહીએ. ધર્મી એટલે કે આમ બહાર પ્રવૃત્તિ કરે, વ્રત પાળે એ ધર્મી નહિ. પોતાના એક સમયમાં પૂર્ણ જ્ઞાયકસ્વભાવ ધ્રુવ એવી જેને અંતર સ્વભાવમાં દૃષ્ટિ થઈ છે તે ધર્મી પોતાના ધર્મસ્વભાવ વડે વિભાવરૂપે થવું એ મને અશક્ય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? હું તો મારો જ્ઞાયકસ્વભાવ એ વડે જ્ઞાયકપણે થાવ, પણ વિભાવપણે થાવું એ મારા સ્વરૂપમાં જ નથી. કહે છેને દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહારરત્નત્રય એ નિશ્ચયનું કારણ. છ ઢાળામાં આવે છે નિયત હેતુ એ તો એ વખતે નિમિત્ત કેવું હતું એનું જ્ઞાન કરાવ્યું છે. એ રૂપે થાય એ જીવનો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! જીવને જન્મ-મરણરહિત થવાની જે સમ્યગ્દષ્ટિ એનો વિષય અલૌકિક છે. સાધારણ લોકો કલ્પે છે એમ નથી જીવનું સ્વરૂપ. ઓહો..! ચોર્યાસીના અવતાર એનું કારણ જે મિથ્યાત્વભાવ, રાગદ્વેષભાવ. ધર્મીને એ સ્વભાવની દૃષ્ટિ થવાથી હું તો ત્રિકાળી જ્ઞાયકસ્વભાવભાવ છું. તો એવા જ્ઞાયકસ્વભાવભાવ વડે એવા ભવના કારણનો જે ભાવ એરૂપે થવાને હું લાયક જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે વસ્તુ ભવ અને ભવના સ્વભાવરહિત. જીવ અધિકાર છેને? એવો જે જીવ. સમ્યગ્દષ્ટિને આવો જીવ દૃષ્ટિમાં આવ્યો છે. આહા..હા..!

કહે છે કે હું **'એક જ્ઞાયકસ્વભાવભાવનું પરમાર્થે પરના ભાવ વડે ભાવવું...'** વંદવું, ભાવ્યરૂપ થવું **'અશક્ય છે.'** આહા..હા..! કહો, આવી દૃષ્ટિ ધર્મી સમ્યગ્દષ્ટિની હોય છે અને એ સમ્યગ્દષ્ટિને આવો આત્મસ્વભાવ માન્યો અને જાણ્યો એમ છે. આહા..હા..! સમજાણું

કાંઈ? '**વળી અહીં...**' અહીં સુધી આવ્યું હતું કાલે. '**સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર...**' મારો સ્વભાવ એવો છે કે બધી ચીજને જાણવાના સામર્થ્યવાળું મારું તત્ત્વ છે. કોઈ ચીજને મારી માનવી એ એ ચીજના લક્ષે, પરના લક્ષે રાગરૂપ થવું એ મારું સ્વરૂપ નથી. '**સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર...**' ઈશ્વર છે માટે વિશ્વને જાણવામાં ચતુર એમ નહિ. એ સ્વયમેવ એનો સ્વભાવ જ પોતા સિવાય અનંત પોતે એ બધાને '**સ્વયમેવ, વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર...**' ફક્ત બધાને જાણવાના સામર્થ્યવાળું મારું તત્ત્વ છે. રાગાદિથી માંડીને અનંત પરમાત્મા સિદ્ધ આદિથી નિગોદ જીવ એ બધાને પ્રકાશવામાં સમર્થ છું. એ વિશ્વ છે માટે નહિ. હું છું.

'**વિશ્વને (સમસ્ત વસ્તુઓને) પ્રકાશવામાં ચતુર...**' ચતુર છે એ કહે છે. જેનો સ્વભાવ ચતુર નામ ડહાપણથી ભરેલો છે. સમસ્ત ત્રણકાળ, ત્રણલોકને જાણવાના ડહાપણ સમજણથી ભરેલો ચતુર આત્મા છે. કહો, સમજાણું કાંઈ? એવો જ આત્મા છે એમ માન્યું છે જેણે. '**અને વિકાસ...**' છેને? '**અને વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે...**' વિકાસ પ્રગટ જ છે એમ કહે છે. અંદર નિત્યાનંદ જ્ઞાયકભાવ વિકાસ જ છે. વળી પ્રગટ પર્યાયમાં થાય તો વિકાસ એમ નહિ. વિકાસરૂપ જ છે. ચૈતન્ય પ્રકાશનો પુંજ પ્રભુ '**વિકાસરૂપ એવી જેની નિરંતર શાશ્વતી પ્રતાપસંપદા છે...**' પાછી એ નિરંતર મારી આવી સંપદા છે. જ્ઞાયકસ્વભાવભાવમાં તો .. એવું મારું સ્વરૂપ બધાને જાણવાને માટે સામર્થ્યવાળું છે. કહો, અહીં મતિશ્રુત જ્ઞાનમાં પણ એમ માને છે એમ કહે છે. મતિશ્રુત જ્ઞાનમાં પણ ધર્મી એની એક સમયની પર્યાયમાં આવડો છું, આવડું ત્રિકાળ ચૈતન્ય પ્રકાશ વિશ્વને જાણવામાં ડહાપણ અને વિકાસવાળો હું ત્રિકાળ છું. આહા..હા..!

મુમુક્ષુ :- પૂરો.

ઉત્તર :- પૂરો-પૂરો. પૂરો જ છું. જાણવા માટે પૂરો છું. એવી મારી પ્રતાપસંપદા છે. '**એવા ચૈતન્યશકિતમાત્ર...**' છેને? અંતર ચૈતન્યશક્તિમાત્ર. જાણવા-દેખવાના સત્‌નું સત્ત્વ જે ચૈતન્યશક્તિ માત્ર ચૈતન્યશક્તિમાત્ર. ચૈતન્ય જાણવા-દેખવાના ભાવ શક્તિસ્વરૂપ સ્વભાવભાવ વડે. એવો મારો સ્વભાવભાવ એ વડે '**ભગવાન આત્મા જ જાણે છે...**' અર્થમાં નીચે જરી ઉપયોગ અર્થ કર્યો છે. બેય અર્થ. આહા..હા..! ગાથાનો અર્થ આમ પણ છે. એમ લખ્યું છેને? જરાય '**'જરાય મોહ મારો નથી, હું એક છું' એવું ઉપયોગ જ (-આત્મા જ) જાણે...**' એ ઉપયોગ અર્થ કહો કે આત્મા કહો એમ. '**તે ઉપયોગને (-આત્માને) સમયના જાણનારા મોહ પ્રત્યે નિર્મમ (મમતા વિનાનો) કહે છે.**' એ એવો છે અને એવો થયો છે એને અમે મોહરહિત થયેલા સંતો એને નિર્મમ કહે છે. આહા..હા..! નિર્મમ. જુઓ આવ્યું. ૭૩ ગાથામાં આવ્યું. નિર્મમ. સદાય હું. વિકારનો સ્વામી તો જડ

છે. એપણે સદાય હું એના સ્વામીપણે થાવ એવો હું નથી. આહા..હા..!

આ વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એવો રાગ અને પંચમહાવ્રતનો વિકલ્પ જે રાગ. એના વડે એ રૂપે હું થાઉં એ મારા છે અને એરૂપે પરિણમું એ મારી ચીજ જ નથી. એને અહીંયાં નિર્મમ કહે છે. આહા..હા..! આ બાયડી, છોકરાની મમતા છોડી, ફલાણું છોડ્યું માટે નિર્મમ. એમ નહિ. એ રાગરૂપે છું એ હું નહિ એનું નામ નિર્મમ છે. આહા..હા..! ભગવાન ચૈતન્યશક્તિના સ્વભાવવાળું એ. આત્મા પોતે જાણે છે. ભગવાન આત્મા છેને? '**भगवानात्मैवावबुध्यते**' સંસ્કૃત ટીકામાં છે. આત્મા એટલે શું બાપુ એ તો મહાપ્રભુ છે. જેનો ચૈતન્યશક્તિ સ્વભાવભાવરહિત ભગવાન પોતે આત્મા જાણે છે પોતે.

'**પરમાર્થે હું એક છું...**' પર્યાયના ભેદો પણ નહિ એમ કહે છે. અંદર સ્વરૂપે પરમાર્થે એક છું. આહા..હા..! ચિદ્‌જ્ઞાનઘન, પૂર્ણ જ્ઞાયકસ્વભાવ ચૈતન્યશક્તિ સ્વભાવભાવ એનાથી હું એક છું. અનેકતા વિકલ્પની એરૂપે ન થવું એવો હું એક છું. એમ કહે છે. આહા..હા..! લોકોને બાહ્ય ત્યાગ ઉપર મહિમા ઘણો, પણ મિથ્યાત્વનો ત્યાગ અને સમકિતનું થવું એ ચીજ શું છે એના માહાત્મ્યની ખબર નથી. મિથ્યાત્વના ત્યાગમાં આવી દશા હોય છે. એ પહેલો ત્યાગ છે. કે હું એક ચૈતન્યશક્તિના સ્વભાવ વડે '**પરમાર્થે હું એક છું...**' વસ્તુપણે હું એક છું. જ્ઞાયકભાવ એવું પોતાનું સત્‌નું સત્ત્વ એ સત્ત્વથી હું એક છું.

'**જોકે સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું (-એકક્ષેત્રાવગાહનું) નિવારણ કરવું અશક્ય હોવાથી...**' જોકે બીજી ચીજો જ્યાં હું છું ત્યાં બીજા હો એક ક્ષેત્રે. આહા..હા..! અહીં તો વિકારનો સ્વાદ પણ એક ક્ષેત્રે હોય એની વ્યાખ્યા છે. ભાઈ! આહા..હા..! રાગાદિનો સ્વાદ પણ એક અવગાહનમાં ભલે આમ હોય, પણ છે પર. દયા, દાન, ભક્તિનો જે રાગ એનો સ્વાદ ભલે મારી જગ્યોની અવગાહન એક હોય પણ એ સ્વાદપણે હું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ '**પરસ્પર સાધારણ અવગાહનું (-એકક્ષેત્રાવગાહનું) નિવારણ કરવું અશક્ય હોવાથી મારો આત્મા ને જડ, શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે...**' એક જગ્યાએ જાણે રાગ અને એક જગ્યાએ ચૈતન્ય સ્વભાવ એમ બે એક જગ્યાએ દેખાય છે. એકમેક થયા એવા લાગે છે. છે નહિ. રાગ અને વિકલ્પરૂપે જાણે થયો એમ એને લાગે છે. છે નહિ. આહા..હા..! '**પરસ્પર સાધારણ...**' સાધારણ એટલે ભેગું રહેવું એમ. અશક્ય હોવાથી એમ. '**મારો આત્મા ને જડ,...**' એ રાગાદિ જડ છે બધા. જીવ-અજીવની વ્યાખ્યા છેને? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાગ, ભક્તિનો ભાવ એ બધો રાગ જડ છે. કેમકે રાગમાં જાણવાની શક્તિ નથી અને જાણવાની શક્તિવાળું તત્ત્વ તો રાગથી ભિન્ન છે. ચૈતન્ય શક્તિવાળું તત્ત્વ છે. આહા..હા..! કહો, ગિરધરભાઈ! તમારે આવું કરીને દેવું આ.

ઓલામાં આવ્યું છે. અમરચંદજી લખે છે. જૈનપ્રકાશ. ભગવાનનો માર્ગ સમષ્ટિનો છે.

બધાની સાથે ભેગું કરવું.

મુમુક્ષુ :- બધાને એક .. થવાનું કહો.

ઉત્તર :- કોણ માને અને કોણ કરે? બધાને ભેગા લઈને બધાનું કામ કરવું. એકલું પોતાનું કરવું એ તો સ્વાર્થ. સ્વાર્થી છે. પણ કોણ કરી શકે છે પરનું સાંભળને. આહા..હા..! પરનું તો પણ નહિ પણ રાગનું કરવું એ પણ ક્યાં સ્વરૂપમાં છે? એ વાત તો અહીં ચાલે છે. રાગ અને હું બે એક સ્થાનમાં, એક અવગાહનમાં રહ્યા છતાં એનો રાગનો સ્વાદ જડ જેવો ખાટો અને મારો ખાંડ જેવો મીઠો. મારો સ્વાદ અને રાગનો સ્વાદ તદ્દન ભિન્ન છે. આહા..હા..!

'**શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે તોપણ, શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે,...**' શિખંડનો સ્વાદ મીઠો અને ખાટો બે ભિન્ન દેખાય છે. એમ ધર્મી જીવને પોતાનો ભગવાન જ્ઞાનશક્તિવાળો એનો સ્વાદ મીઠો મધુરો નિર્વિકલ્પ સ્વાદ અને ભેગો આ દયા, દાન, વ્રતનો વિકલ્પ છે એનો ઝેરીલો, ખાટો સ્વાદ. ભારે આકરું કામ. '**શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે, હું મોહ પ્રતિ નિર્મમ જ છું;...**' કેમકે રાગનો સ્વાદ જ દુઃખરૂપ આકુળતાનો સ્વાદ છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ વડે એ રૂપે ન થાય અને હું આનંદરૂપે થાઉં એ મારો આનંદનો સ્વભાવ ભિન્ન છે. આહા..હા..! જુઓ આ સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિનો આત્મા આવો હોય એમ કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં આવ્યું છેને. નથી એવું હોય કાંઈ? નથી '**मम मोह**' આવ્યુંને? નથી '**णत्थि मम को वि मोहो बुज्झदि उवओग एव अहमेक्को। त मोहणिम्ममत्तं समयस्स वियाणया बेंति**' કેમકે એ ચીજ ભિન્ન છે તેનો સ્વાદ પણ ભિન્ન છે. .. કહ્યું. '**णत्थि मम को वि**' વિકલ્પ જે ઉઠે વ્યવહારનો એ પરતરફના ભાવવાળો ભાવ એ રૂપે હું ન થાઉ અને એનો સ્વાદ અને મારો સ્વાદ તદ્દન ભિન્ન છે. શુભ ઉપયોગ હોં રાગ. એનો સ્વાદ કષાયેલો ખાટો દુઃખરૂપ આકુળતાનો સ્વાદ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો જણાવાની વાત કરી. એને જણાવે છે. શુભ આવું હોય અને શુદ્ધ આવું હોય એમ. એથી કરીને એને સ્વાદ એક છે એમ નથી. ...જણાવે નહિ. રાગ છે એ ભિન્ન છે. શુદ્ધની પરિણતિ ભિન્ન છે એવો ભેદ કરાવે. હોય છે એને જણાવેને. એથી કરીને બે એક છે એમ નથી. સમજાણું કાંઈ? આવા ધર્મની વાત અત્યારે સાંભળવા મળે નહિ. એટલે ક્યાંકને ક્યાંક ચડાવી નાખ્યા. આહા..હા..! અરેરે! તારા ઘરમાં પ્રભુ બિરાજે પોતે. પોતે પ્રભુ પૂર્ણાનંદનો નાથ. આહા..હા..! અનંતા સિદ્ધોને પેટમાં ગર્ભમાં રાખીને પડ્યો છે

એ. કારણ કે સિદ્ધની પર્યાય છેને. એવી અનંતી પર્યાયોને જ્ઞાનમાં ગર્ભમાં રાખીને પડ્યો છે. આહા..હા..! એમાંથી સિદ્ધપદ પ્રસરે છે. સમજાણું કાંઈ?

કહે છે સવારમાં શુદ્ધ અને શુદ્ધનો ઉપદેશ ભાષા .. ભાષા તરીકે. આવેને જ્યાં સુધી સાધક છે ત્યાં સુધી એને રાગ બીજો થાય છે, બીજી ચીજ હોં એને લઈને નહિ. નિશ્ચયનયને લઈને નહિ, સ્વભાવને લઈને નહિ, દ્રવ્યના આશ્રયને લઈને નહિ. એક બીજો ભાવ છે શુભ વ્યવહાર ભાષા સમિતી એમ જણાવે છે આમ હોય. જ્ઞાન કરાવે. જ્ઞાન કરાવે એનો અર્થ એ કે જાણેલો પ્રયોજનવાન છે. રાગભાગ છે એને ઓલા નીચલાવાળા આવે છેને ૧૨મી ગાથામાં. નીચલાવાળાને વ્યવહારનો ઉપદેશ દેવો. '**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।**' પણ એ ઉપદેશની વાત જ ક્યાં છે અહીંયાં? અખંડ અભેદ ચીજનો જ્યાં અનુભવ થયો. ભૂતાર્થ આશ્રિત એકલો ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... પ્રભુ. એને આશ્રયે જે સમ્યગ્દર્શન થયું. તો એ સમ્યગ્દર્શન છે એ તો પર્યાય છે. એની સાથે હજી રાગ પણ છે, શુદ્ધતા ઓછી છે એને જાણવું એનું નામ વ્યવહાર છે. એ કરવું અને કરવા જેવું છે એ પ્રશ્ન છે નહિ ત્યાં. ઉપદેશ દેવો બીજાને એ પ્રશ્ન નથી ત્યાં. પૂર્ણ શુદ્ધ થયો એને વ્યવહારનો ઉપદેશ નથી, પણ જેને અપૂર્ણ છે શ્રદ્ધા, જ્ઞાન. ત્યારે પૂર્ણ થયો નથી એને વ્યવહારનો ઉપદેશ દેવો એમ કહે છે. અરે એમ છે જ નહિ ત્યાં.

મુમુક્ષુ :- નિશ્ચયનો કહે છે.

ઉત્તર :- નિશ્ચયનો તો પૂર્ણ નિર્વિકલ્પ થઈ ગયો અને નિશ્ચયને જાણે છે બસ.

મુમુક્ષુ :- પણ આને કે દિ'?

ઉત્તર :- આને નહિ. આને.. એવી વાત છે. હમણા આવ્યું હતું. ગાથામાં.. '**सुद्धो सुद्धादेसो**' ઘણા વર્ષથી. ઓલો .. તમારો નહિ .. કપુરભાઈનો દીકરો. એનો દીકરો છેને. આ .. એ અહીં આવ્યો હતો. ૯૪માં આવ્યો હતો. આમ કહ્યું છે આમાં. અરે ભાઈ પણ તને. વ્યવહારનો ઉપદેશ દેવો. એનાથી આમ થાય. અરે ઉપદેશ દેવાની વ્યાખ્યા જ નથી. દે કોણ ઉપદેશ? વાણી કરે કોણ? ઉપદેશમાં આત્માનો અધિકાર છે કે ભાષા કાઢે? આહા..હા..! ભાષા તો એને કારણે, જડને કારણે નીકળે છે. આત્માને કારણે નહિ. આહા..હા..! અહીં તો રાગ થાય એ આત્માને કારણે નહિ એમ કહે છે. એય..! કેમકે એ રાગનો સ્વાદ અને ભગવાન આત્મા ચૈતન્ય શક્તિવાળો સ્વભાવભાવ એવું જેને અંતર દૃષ્ટિમાં અનુભવ્યું, એને આનંદનો સ્વાદ અતીન્દ્રિય જુદી જાતનો છે. એ અતીન્દ્રિય આનંદનો સ્વભાવનો સાગરથી ભરેલો પ્રભુ એનો જ્યાં પૂર્ણનો સ્વીકાર થયો એટલે કે એની સન્મુખ જોયું એ સ્વીકાર થયો. આહા..હા..! રાગ અને એક સમયની પર્યાય સન્મુખ હતો ત્યારે એનો અસ્વીકાર હતો. એટલે છે એવું એને પ્રતીતમાં નહોતું. લોજિકથી વાત છે.

ભગવાન એક સમયમાં પૂર્ણ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... આનંદ આદિ શક્તિઓનો સાગર એકરૂપ વસ્તુ. એમ એ વસ્તુ છે એના તરફ જુક્યો એટલે એનો અર્થ કે એનો સ્વીકાર કર્યો અને સ્વીકારમાં આખો આત્મા સ્વીકારમાં આવે છે પ્રતીતમાં કે હું એક આત્મા એ છું કે. એને જીવ કહીએ, એને આત્મા કહીએ કે મારા સ્વભાવભાવ વડે એ રાગના વિભાવપણે થવું અશક્ય છે છતાં એક અવગાહન ક્ષેત્રે બીજી ચીજો હો એમ હો. પણ એનો સ્વાદ અને મારો સ્વાદ બે જુદા છે. સમજાણું કાંઈ? એકલો રાગનો અને વિકારનો સ્વાદ હતો એ તો અજ્ઞાનનો સ્વાદ અનાદિનો છે. ધર્મ પામ્યો ત્યારે કાંઈક સ્વાદ બદલાવો જોઈએને. આમ તો અનાદિનો શુભ અને અશુભ રાગ એને અનુભવે છે. એને કરતા વેદે છે. તો અજ્ઞાન મૂઢતા છે. એ કાંઈ સ્ત્રીના શરીરને વેદતો નથી, એ કાંઈ મોસંબી અને લાડવા ખાતો નથી. કે લક્ષ્મીપતિ કાંઈ લક્ષ્મીને ભોગવતો નથી. નહિ હોય એમાં? એ મારા છે અથવા ઠીક છે એવો જે રાગ એ રાગને વેદે છે. અને પ્રતિકૂળતાના સંયોગને જાણતા એને ઠીક લાગે એટલે પ્રતિકૂળ સંયોગને વેદતો નથી. સંયોગી ચીજ તો પર છે. રોગ આદિ પ્રતિકૂળ શરીરમાં વ્યાધિ સર્પ કરડે, વીંછી કરડે એ બધું પ્રતિકૂળ છે. એનું વેદન જીવને નથી. એને એમ કે આ ઠીક નથી. એવો જે દ્વેષ એને એ વેદે છે. અહીં કહે છે કે એ વેદન તો અનાદિનું છે. એ તો અણાત્માનું વેદન છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો અણાત્માનું વેદન છે.

હવે જ્યારે આત્મા જાણ્યો એટલે આત્માનો ખોરાક અને અણાત્માનો સ્વાદ બે ભિન્ન જાણ્યા એમ કહે છે. એ છે માન્યું નહિ પણ જાણ્યા ભિન્ન એમ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ! સાધારણ પ્રાણીને સાંભળવા મળે નહિ, બેસે ક્યારે? હવે એ કહે છે અમે આવો નિશ્ચય ધર્મ, નિશ્ચય ધર્મ, વ્યવહારધર્મની વાતું કહેતા નથી. પણ આ ભગવાન શું કહે છે સાંભળને. આહા..હા..! વ્યવહારનો વિકલ્પ છે એનું જ્ઞાન કરાવે છે. એનો સ્વાદ સારો છે એમ નથી મનાવતા. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે જડને આત્માની જેમ શિખંડની. **'આત્મા ને જડ, શિખંડની જેમ,...'** આહા..હા..! એ વ્રતનો પરિણામ તપના પરિણામ આ તપ કરું, અપવાસ કરું એવો જે વિકલ્પ એ તો રાગ છે, એ તો જડ છે, અચેતન છે. આહા..હા..! આકરું ભારે! બિચારા છ-છ મહિના અપવાસ કરે, મહિના-મહિનાના અપવાસ. આ પર્યુષણ આઠ દિ'ના અપવાસ ચોવિહાર. તોપણ કહે છે કે રાગની મંદતા તે કરી હોય તોપણ એને જડ કહેવાય છે. એ ઉપવાસ નથી પણ એ તો અપવાસ છે. રાગમાં વસેલો અપવાસ છે. ઉપવાસ તો એને કહીએ કે રાગની મંદતાના સ્વાદથી તું ભગવાન ચૈતન્યનો ભિન્ન સ્વાદ આવે એને આત્માના સ્વભાવ સમીપ, ઉપ નામ સમીપે વસ્યો એને ઉપવાસ કહીએ. બાકી લાંઘણું કહીએ. આહા..હા..!

લાખોપતિની વહુ વર્ષીતપ કરે બિચારી ઉભી-ઉભી અને .. ખબર નહિ. ગામમાં ..કરેને બાયું કેટલીક? એને એમ કે શું કાંઈક લાંઘણ કહે છે. ૯૦માં.. આમાં હતા. .. છે. આ બધા ગૃહસ્થ એના છોકરાની વહુ અપવાસ કરતી હોય. ૨૫-૩૦ વર્ષ થયા હોય પરણ્યા, પછી થાક્યા હોય, પછી ચાલો અપવાસ કરીએ. રાગની મંદતા કદાચિત્ હોય પણ એને સ્વભાવ સન્મુખની દૃષ્ટિ નથી. દૃષ્ટિ તો આ મેં છોડ્યું અને એના ઉપર દૃષ્ટિ એ તો મિથ્યાત્વભાવ છે. કહો, ચંદુભાઈ! આવું ભારે ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. જ છેને. કષાય શરીરથી ભિન્ન એને ત્રિકાળી આનંદકંદ પ્રભુ ધ્રુવ ચૈતન્ય એના સમીપમાં જઈને સ્વાદે આત્માને એનું નામ ઉપવાસ છે. ભારે .. કરે છે. .. કરીએ છીએ. બહુ તો આ છોડું છું. આહાર છોડ્યો એવું અભિમાન છે. આહાર ગ્રહ્યો નથી તો છોડે ક્યાં? પરદ્રવ્યનું ગ્રહણ-ત્યાગ તો સ્વરૂપમાં છે જ નહિ. એ તો છૂટા જ પડ્યા હતા છતાં મેં આ છોડ્યા, આ મેં છોડ્યા એ જડનું અભિમાન છે એને. મિથ્યાત્વ છે. સમ્યક્ શ્રદ્ધા વિરૂદ્ધ તે મિથ્યાત્વ. સમ્યગ્દર્શન જે .. સમ્યક્ સત્ છે. સત્ તો ભગવાન પૂર્ણાનંદ અખંડ એને રાગનો ત્યાગ અને રાગનું ત્યાગ કરવો એવું સ્વરૂપમાં નથી. એ તો ૩૪માં આવી ગયું. પરનો ત્યાગ તો છે નહિ સ્વરૂપમાં. કારણ કે પરના તો અભાવસ્વરૂપ પોતે છે. હવે જે રાગ થાય એના ઉપર જેની દૃષ્ટિ છે એ તો રાગને જ આત્મા માને છે. અને ધર્મી એ રાગથી ભિન્ન પડીને પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય સ્વભાવ જ્ઞાયકસ્વભાવ ચૈતન્યશક્તિ સ્વરૂપ એના ઉપર દૃષ્ટિ હોવાથી એને અંતરમાં અતીન્દ્રિય આનંદના સ્વાદને એ જાણે છે. આ હું આત્મા. સમજાણું કાંઈ? અને રાગ આવે એનો સ્વાદ જડ જેવો દુઃખરૂપ અને આકુળતા ભિન્ન જાણે છે. ભલે એક જગ્યાએ રહ્યું. એમ કહે છે અહીં તો. વિકારીભાવ અને આનંદભાવ એક જગ્યાએ રહ્યું એટલી વાત એમ કીધી. એમ કીધુંને? પરસ્પર સાધારણ અવગાહ છે. આહા..હા..!

જ્યાં ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પડ્યો એ જ ક્ષેત્રે રાગનો સ્વાદ એ જ ક્ષેત્રે ભિન્ન છે. ભાવ ભિન્ન છે પણ ક્ષેત્ર પણ ભિન્ન છે. પણ એ અવગાહના એક છે ભેગું. સમજાણું કાંઈ? આહા..હા..! ખરેખર તો એ રાગનું ક્ષેત્ર જ ભિન્ન છે. ભાઈ! દયા, દાન, વ્રત, ભક્તિનો શુભરાગ એનું ક્ષેત્ર જ જુદું છે. કારણ કે અશુદ્ધતા જે ઉત્પન્ન થાય એનું ક્ષેત્ર જુદું અને ભાવ જુદો. સ્વાદ જુદો. એનું અસ્તિત્વ ચૈતન્યના સ્વભાવથી ભિન્ન અસ્તિત્વ છે. સમજાણું કાંઈ? આવી વાત છે ભાઈ! ઝીણી વાત આ છે. બહારથી માનીને બેસે કે આ અમે ધર્મ કરીએ છીએ. વ્રત કર્યા અને અપવાસ કર્યા, પોષા કરે, સામાયિક કરી લ્યો. સામાયિક કોણ કરે? આહા..હા..! સવારમાં રાતે ભાઈ નહિ? .. ભાઈ નીકળ્યા.

... રાયચંદભાઈ. આ ..ભાઈના દીકરા છે. ત્યાં અમલદાર હતાને જુનાગઢમાં. ઠાકરભાઈ, આ ..ભાઈ અને જેઠાલાલ, નરસિંહભાઈ. નરસિંહ ડોક્ટર. એ ચાર ત્યાં હતા. શેની સામાયિક? કોને સામાયિક કહેવી? હજી આત્મા અખંડ પૂર્ણ શુદ્ધ જેની દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો નથી. એમાં ઠરવું જેમાં છે, એ ઠરવું સામાયિક તો છે. પણ ઠરવું સેમાં એ તો દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યું નથી. કોને સામાયિક? સામાયિકમાં તો સમ વીતરાગતનો અય લાભ થાય એને સામાયિક કહીએ. તો વીતરાગ સ્વરૂપ જ ત્રિકાળ છે એ તો હજી દૃષ્ટિમાં આવ્યું નથી, અનુભવમાં આવ્યું નથી. રાગની ક્રિયા એ અનુભવમાં માન્યું. એ સામાયિક કેવી? એ તો મિથ્યાત્વ છે. અસમાયિક એટલે વિપરીતભાવનો લાભ છે ત્યાં. આહા..હા..! ભગવાનજીભાઈ! ભારે આકરું કામ હોં! આ બધું ત્રણ એક્કા ચાલે છે સંપ્રદાયમાં હવે એ બધી ખોટી છે લે.

મુમુક્ષુ :- આવું કાને પડ્યું નથી.

ઉત્તર :- પડ્યું નથી. વાત એ છે. આ પરમસત્ય આ છે. રાગાદિ તો અસત્ય વસ્તુ એ સ્વરૂપમાં નથી. સત્‌સ્વભાવે છે અને એ અસત્‌સ્વભાવે નથી. આહા..હા..! એને એ રાગવાળો માને એ જ મિથ્યાત્વ અને ભવનું બીજ છે. આહા..હા..! જે પરતરફના લક્ષવાળો રાગ છેને એ તો. એ સહિત છું એ જેમ માન્યું એ જ મિથ્યાત્વભાવ છે. મિથ્યાદૃષ્ટિ, જૂઠી દૃષ્ટિ છે. સાચી દૃષ્ટિ તો રાગવાળો નહિ, અપૂર્ણ પર્યાયવાળો પણ નહિ. આહા..હા..! પૂર્ણ અખંડાનંદ ધ્રુવ ચૈતન્ય જ્ઞાયકભાવ એ હું એવી દૃષ્ટિ થતાં તો અંદર નિર્વિકલ્પતા વીતરાગ દૃષ્ટિ થાય. એને અંદર સમતા નામ વીતરાગભાવનો લાભ થાય એ અંદરમાં ધ્યાનમાં ઠરે ત્યારે વીતરાગભાવનો લાભ થાય એને સામાયિક કહીએ. આ પોષા કરીને બેસે, અપવાસ કરે. પોષા ધૂળેય નથી, મિથ્યાત્વ છે સાંભળને. પોષા તો પોષણ કરવું. કોનું? ચણ્યો પાણીમાં પલડે અને પોઢો થાય એમ આત્મા વસ્તુ છે એવી રાગ અને વિકલ્પથી ભિન્ન, જડથી ભિન્ન એનું ભાન થતાં ચૈતન્યના વાસ્તવિક સ્વભાવ ઉપર દૃષ્ટિના સ્વીકારથી એમાં લીનતા થાય એનું નામ પ્રૌષધ છે, એનું નામ આત્મા પોષાણો અને પોઢો થયો. આહા..હા..! આવી વ્યાખ્યા બધી. એય..! શું સાંભળવું છે આ?

અહીં તો એક ક્ષેત્રાવગાહ. ભારે વાત છે. તો રાગ સ્વાદ અને આનંદનો સ્વાદ એક ક્ષેત્રે ભલે હો કહે છે. એ તો આકાશની અપેક્ષાએ કહે છે હોં. એના ભાવ અને ક્ષેત્ર બે ભિન્ન છે. આહા..હા..! '**સમસ્ત દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું (-એકક્ષેત્રાવગાહનું) નિવારણ કરવું અશકય હોવાથી...**' ક્ષેત્રથી જુદું પાડી દેવું આકાશના રહેલામાં. એ આકાશથી જુદું પણ એ ભિન્ન છે, બાકી ભાવથી ભિન્ન પડ્યું છે, ક્ષેત્રથી ભિન્ન છે વિકાર. પોતાના સ્વક્ષેત્રથી હોં. આહા..હા..! આકાશના ક્ષેત્રમાં રાગનો સ્વાદ અને આત્માનો સ્વાદ આકાશના ક્ષેત્રે ભલે એક હો દેખાય અવગાહન. પરસ્પર કીધું છેને? '**પરસ્પર સાધારણ અવગાહન...**'

રાગનો સ્વાદ અને ચૈતન્યનો સ્વાદ પરસ્પર એક ક્ષેત્રના આકાશના અવગાહન રહો. સ્વભાવભાવના ક્ષેત્રથી તો એ અવગાહન ભિન્ન છે. સમજાણું કાંઈ? ભારે આવો આત્મા! આવો આત્મા સમજ્યા વિના ધર્મ કરવો એને આત્મા ક્યો એની ખબર નહિ અને ધર્મ થઈ જાય એને. આહા..હા..! ગાંડા તે કાંઈ પાગલ છે કે નહિ? મુંડાવે સાધુ દીક્ષા લઈ લ્યો. .. હતાને દીક્ષા લીધી હતી. એ . અમારી રજા .. માટે કરો. મંડળ .. .. કેમ એને આપી દીધી દીક્ષા? અમે રજા આપી નથીને. આવું મંડળનું બંધાણ એ છે કે રજા વિના ... દીક્ષા આપી. .. રજા નથી આપી .. બીજે લઈને આપી દીધી જાવ. બીજાને બાપ બનાવ્યો.

મુમુક્ષુ :- આ..

ઉત્તર :- હા, હા એણે કહ્યું હતું. ... આ જિનેન્દ્રવર્ણી. એ જ્યારે દીધીને દીક્ષા ત્યારે બીજાને બાપ બનાવ્યા હતા. એનો બાપ નહોતો આવ્યો ત્યાં. એવું થયું હતું ત્યાં ઈસરીમાં. આવ્યું હતું. .. નહોતો કર્યો. હવે તો ભાઈ .. એણે છોડી દીધું. ક્ષુલ્લકપણું છોડી દીધું. ચાર મહિના રહ્યા હતા. ક્ષયોપશમ ઘણો, ક્ષયોપશમ બહુ. ... આહા..હા..! વ્યવહાર શ્રદ્ધા હોં. જૈન વીતરાગમાર્ગ આવો છે. એવો માર્ગ બીજે ક્યાંય નથી. અને બીજે પણ છે, આમાં પણ છે અને વેદાંતમાં છે. ઢીકણે છે. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! ચંદુભાઈ! શાહુજી કહે અજૈનમાં પણ ધ્યાનની વાત છે. ધૂળેય નથી કીધું. ... બેઠા છોને. જૈન અજૈનની શ્રદ્ધા બે સરખી છે. અજૈનમાં પણ કાંઈક ધ્યાનનો વિષય કામનો. ધૂળેય નથી. મિથ્યાત્વનો વિષય છે અન્યમતમાં તો. આહા..હા..!

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞે જે આત્મા જોયો, કહ્યો એ આત્માની વાત છે અહીં તો. એવો આત્મા બીજે ક્યાંય છે જ નહિ. ક્યાંથી ધ્યાન કરે? વસ્તુ શું છે એ જ્યાં દૃષ્ટિમાં આવી નથી ત્યાં ધ્યાન એટલે ઠરવું. કોને ધ્યાન રાખીને? કોના ઉપર દૃષ્ટિ રાખીને ઠરવું? એ વસ્તુની ખબર નથી. સમજાણું કાંઈ? અમે ધ્યાન કરીએ છીએ. શેના ધૂળના ધ્યાન? એક જણો એમ કહેતો હતો જુવાન. ધ્યાનમાં કાંઈક આવ્યો હતો. આહા..હા..! હિંમતભાઈના વેવાઈ નહિ આ ચુનાવાળા એનો દીકરો ઓલો સુમનભાઈનો દીકરો. એ કહે અમે ધ્યાન કરીએ છીએ. ખાનગી આવીને. શેના ધ્યાન? એ જાણે કાંઈક સુરતમાં છે આ. એના જમાઈ .. શું નામ? વિક્રમભાઈ. ઓળખો છો? સુરતમાં આવ્યા. એમ કે મારો દીકરો કાંઈક જાણે છે. વાત કરી ખાનગી. આવ્યો હતો હું ધ્યાન કરું છું. શેના ધ્યાન? આત્મા શું છે વસ્તુની ખબર છે? ખબર વિના ધ્યાન શેના? બધી જૂઠી વાત છે. આહા..હા..! આવો ગૃહસ્થ માણસ અને મોટા .. જુવાન માણસ હોં. એ જ્યાં એમ બોલ્યાને કે એના બાપને કહે આ મારો ઘરનો છોકરો ધ્યાન કરે છે. શેના ધ્યાન? એય..! મકાનમાં. .. નહિ? એના મકાનમાં સાંજે

ગયા ત્યારે. વીતરાગ શું કહે છે? સર્વજ્ઞે જોયેલો આત્મા એ આત્મા કેવો? કેટલા ગુણવાળો એની ખબર વિના ધ્યાન શેના? આમ કરીને બેસ. જડ થઈ જશે. ત્યાં ક્યાં આત્મા હતો? આત્મા તો દૃષ્ટિમાં હોય ત્યારે આત્મા. દૃષ્ટિમાં ક્યાં છે આત્મા?

મુમુક્ષુ :- તો કાંઈ વયો જાય?

ઉત્તર :- વયો ગયો છે. દૃષ્ટિમાંથી વયો ગયો છે. આહા..હા..! રામજીભાઈ! મોટા ગૃહસ્થ માણસને. જુવાન માણસને. જુવાન માણસ. અમે કાંઈક ધ્યાન કરીએ છીએ. ઓહો..હો..! મહારાજ મને પસંદ કરશે. શેના ધ્યાન? આત્મા શું ચીજ છે? એમાં કેટલા ગુણ છે? કેટલા ક્ષેત્રમાં છે? કેટલા પ્રદેશ છે?

મુમુક્ષુ :- વિકલ્પ સમજાય

ઉત્તર :- વિકલ્પ એ વસ્તુનું સ્વરૂપ પહેલું જાણવું તો જોઈએને એણે? જાણ્યા વિના વિકલ્પ તૂટશે ક્યાંથી? વિકલ્પથી પહેલો નિર્ણય તો કરે. આમાં નથી ..આવતું? ૭૩માં આવે છે કે વિકલ્પથી પહેલો નિર્ણય તો કર કે આવો આત્મા અનંતગુણનો ધણી પૂર્ણ આનંદ શુદ્ધ અખંડ અભેદ. પ્રત્યક્ષ થઈ શકે એવો જે આત્મા છે. પરોક્ષ રહી શકે એ આત્મા નહિ. આહા..હા..! એવો વિકલ્પથી નિર્ણય તો કર, હવે એના પણ ઠેકાણા નહિ. નિર્વિકલ્પ ધ્યાન કરીએ છીએ. ધૂળમાંય નથી ધ્યાન.

મુમુક્ષુ :- પણ .. નક્કી કર્યું હતું.

ઉત્તર :- કોને પણ ધ્યાન? સ્વાધ્યાય અને ધ્યાનના બે .. વસ્તુ પરિપૂર્ણ આમ સામાન્ય એકરૂપ ચીજ દૃષ્ટિમાં આવી છે. જેવી સર્વજ્ઞે જોઈ અને જાણી એવી. એમાં અંદર જે ઠરે છે એમાં જામે છે. ત્રાટક કરીને એને દૃષ્ટિમાં લઈને એનું નામ ધ્યાન. ધ્યાન કાંઈ .. આમ કરો ભગવાન આવો આત્મા છે... આવો આત્મા છે.. એમ કરીને. એ તો વિકલ્પની જાળ છે. સામાયિક નથી અજ્ઞાનીને, પ્રૌષધ નથી એમ ધ્યાન પણ નથી. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ધ્યાન કોનું? ધ્યાન રાખજે, ધ્યાન કરજે. કોનું? પણ કોણ છે એની ખબર નથી એને. કરનારો કોણ છે કેવડો છે.

મુમુક્ષુ :- ..નું ધ્યાન રાખો..

ઉત્તર :- અજ્ઞાનનું ધ્યાન કરે. પણ આ તો એમ કે ધ્યાન કરીએ છીએ કાંઈક ધર્મ કરીએ એમ. ધર્મનું ધ્યાન કરીએ. ધૂળેય નથી કીધું. અહીં માખણ નથી અહીં કાંઈ. શેઠિયાના દીકરા ધ્યાન કરે માટે કાંઈક વખાણ કરીએ. એય..! ચીમનભાઈ! ... કાંઈક જાણપણું કર્યું. જડ થઈ જશે જડ. એક તો રાગને પોતાનો માને છે. રાગથી રહિત ચીજ કેવડી છે એની ખબર નથી. એ વિકલ્પ છે એનાથી મારે ધ્યાન થાય અને એનાથી લાભ થાય. ધૂળેય નથી.

ૐ... ૐ... ૐ... ભગવાન... ભગવાન... ભગવાન... કરે. એ તો વિકલ્પ છે, રાગ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય .. લસણ ખાતા ખાતા ઓડકાર આવતો હશે કસ્તુરીનો. ત્યારે આવે શેનો ..

મુમુક્ષુ :- ... પરભાવના.

ઉત્તર :- એ પણ વિકલ્પ છે. .. વસ્તુ જ નથી એમાં. ... જિનેન્દ્રનું હતુંને .. હવે કાંઈક ઈન્દોરના હવે કૈલાસચંદ... એમાં આ યોગનું સાધન કરે છે. નિયમસારમાં કહ્યું કે વસ્તુ જ એવી છે એવી જાણીને એમાં યોગ નામ એમાં જોડાણ કરે એનું નામ યોગ. આ બધા યોગ આમ માને કરે.. કરે એ યોગ કેવા? એ તો અજ્ઞાન છે. આહા..હા..! ૐ ૐ કરે ધ્યાન કરે લ્યો. એ તો રાગનું ધ્યાન છે. પાંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે એ તો રાગ છે, એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું લક્ષ કરે એમાં રાગ છે. કોના ધ્યાન?

મુમુક્ષુ :- .. ન કરે એમ ને એમ કરે તો શું વાંધો?

ઉત્તર :- પણ એમ આવે જ અંદર. સ્વદ્રવ્યની ખબર નથી અને પરદ્રવ્યનું જ આવે લક્ષમાં. હોયને આ ગુરુ.. ધ્યાન, પણ એ જાણે એને પાછા અંદરમાં જાય છે ત્યારે એનું જ્ઞાન થાય છે. જાણ્યું આ અરિહંત છે આવા એથી કરીને અહીંયાં સમ્યગ્જ્ઞાન થાય છે એમ નથી. એમાં આવો જ મારો સ્વભાવ છે અંદર. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણે એવી ચૈતન્ય શક્તિવાળો છું. એને પ્રગટ થયું છે. એવી શક્તિવાળું તત્ત્વ એમ અંદરમાં દૃષ્ટિ જાય ત્યારે એણે આત્માને જાણ્યો, અરિહંતની પર્યાયને ભૂલે, કેવળજ્ઞાની આવા છે અને એવા એને ભૂલે ત્યારે આ ભગવાનમાં જાય અંદર. આહા..હા..! ભારે કામ ભાઈ! એવી ઉલટી દૃષ્ટિ છે જગતને ઉલટે રસ્તે કાંઈક કલ્યાણ થઈ જશે. ધૂળેય નહિ થાય મરી જઈશ એમ રખડીને. એવી વાત સ્પષ્ટ છે. સત્.

કહે છે ઓહો..! ભાષા તો જુઓ. '**(-એકક્ષેત્રાવગાહનું) નિવારણ કરવું અશક્ય હોવાથી...**' ઓલામાં થોડુંક કહ્યું હતું કે વિભાવપણે પરિણમવું અશક્ય છે. ત્યાં આવ્યુંને ભાઈ .. ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવવાળો હું એને વિભાવપણે, વ્રતના વિકલ્પપણે પણ થવું તે અશક્ય છે. પણ એક ક્ષેત્રાવગાહનું નિવારણ કરવું એ પણ અશક્ય છે. ત્યાં હોય ખરો એક ક્ષેત્રે. નહિ ઓલો રાગનો સ્વાદ એક ક્ષેત્રમાં જ છે. એ ક્ષેત્ર આકાશની અપેક્ષાએ હોં! એનું નિવારણ ન થઈ શકે. રાગ બીજે ક્ષેત્રે જાય આકાશમાં અને મારો સ્વાદ બીજે ક્ષેત્રે રહે. પ્રવિણભાઈ! બહુ આવું ઝીણું. ભાઈ! આહા..હા..! હજી સમ્યગ્દર્શન પામવાની રીતની ખબર ન મળે અને થઈ જાય ધર્મી. વ્રતી થઈ ગયા અને તપસ્વી થઈ ગયા. .. બધા ચાર ગતિમાં જાશે નીચે.

મુમુક્ષુ :- જ્ઞાની તો થાય.

ઉત્તર :- જ્ઞાની થાય અજ્ઞાનમાં. અજ્ઞાનનું ધ્યાન કરે. આહા..હા..! જેના ધ્યેયમાં, ધ્યાનમાં શું આવવું જોઈએ એની ચીજની ખબર નથી. કોનું ધ્યાન કરે? આ સાંભળ્યા એમાં શું થાય? એય..! સાંભળેલું એ જ્ઞાન એ વિકલ્પવાળું જ્ઞાન છે. આહા..હા..! ભારે આકરી વાત.

અહીં તો કહે છે. અહીં ખૂબી તો એ કહે છે. જ્યારે રાગરૂપે થવું, ભાવરૂપે થવું એ ભાવને અશક્ય છે, પણ એક ક્ષેત્રે નિવારણ કરવું એ અશક્ય છે. એ ઠેકાણે રાગનો સ્વાદ છે જે ક્ષેત્રમાં એ ક્ષેત્રમાં મારા આનંદનો સ્વાદ છે. સમજાણું કાંઈ? આવી વાત! હવે એક જણો કહે પંદર દિ'માં સમયસાર વાંચી ગયો. નવ તત્ત્વની વાત કરવી છેને? ભાઈ નવની નહિ એકની સાંભળને હવે. પંદર દિ'માં વાંચી ગયો. ઠીક હવે. સમયસારની એક કડી પણ શું કહે છે એને સમજવું એ અપૂર્વ જાગૃતિનો પુરુષાર્થ છે. આહા..હા..! .. એમાં શું છે પણ ચાર હજાર શ્લોક .. પાના ફેરવ્યા એણે આત્મા ક્યાં ફેરવ્યો છે?

અહીં તો કહે છે એ પરસ્પર સમસ્ત દ્રવ્યો એ રાગ પણ પરદ્રવ્ય છે ખરેખર. '**દ્રવ્યોના પરસ્પર સાધારણ અવગાહનું (-એકક્ષેત્રાવગાહનું) નિવારણ કરવું અશક્ય હોવાથી મારો આત્મા...**' આહા..હા..! વ્યવહારનું ક્ષેત્ર જુદું અને નિશ્ચયનું ક્ષેત્ર જુદું એમ કહે છે. આકાશ ક્ષેત્ર એક. ચેતનજી! જ્ઞાયક સ્વભાવભાવના આનંદનું વેદન અને રાગનું વેદન એ કહે છે આકાશના ક્ષેત્રની અપેક્ષાએ નિવારણ કરવું અશક્ય હોવાથી. '**મારો આત્મા ને જડ, શિખંડની જેમ, એકમેક થઈ રહ્યાં છે તોપણ, શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે,...**' ભગવાન આત્માનો અતીન્દ્રિય મધુર આનંદ સ્વાદ અને રાગનો સ્વાદ ભિન્ન એમ અનુભવમાં આવતા. '**હું મોહ પ્રતિ નિર્મમ જ છું;...**' લ્યો! એ રાગનો સ્વાદથી મારી ચીજ ભિન્ન છે. એ રાગ મારો છે, વ્યવહાર એ (પ્રતિ) નિર્મમ છું. ધર્મી એમ જાણે છે. આહા..હા..! વિશેષ આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જયેષ્ઠ વદ-૩, ગુરુવાર, તા. ૨૯-૦૬-૧૯૭૨**
**ગાથા-૩૬, કળશ-૩૦, પ્રવચન-૧૧૨**

જીવ-અજીવ અધિકાર. અહીંયાં આવ્યું છે. '**શિખંડની માફક, સ્પષ્ટ અનુભવમા આવતા સ્વાદના ભેદને લીધે, હું મોહ પ્રતિ નિર્મમ જ છું;...**' ધર્માત્મા એને કહીએ ધર્મ કરનાર. જે પોતાના સ્વભાવની સન્મુખમાં જે આનંદનો સ્વાદ આવે એ સ્વાદથી વિકલ્પ ઉઠે છે ભાવકર્મના સંગમાં સંબંધમાં આ વ્રતનો, તપનો કે કોઈપણ વિકલ્પ એ રાગનો સ્વાદ ભિન્ન છે અને આત્માનો સ્વાદ ભિન્ન છે. આહા..હા..! ગિરધરભાઈ! આ શું તમારે અપવાસ કરે ને વર્ષીતપ કરેને બધા.

મુમુક્ષુ :- એ તો વળી કર્તાબુદ્ધિ થઈ.

ઉત્તર :- એ તો કર્તા. અહીં તો આત્માનો સ્વભાવ ત્રિકાળ અતીન્દ્રિય આનંદ એવું જે આત્માનું ભાન થયું, ભાન થતા ભેદજ્ઞાન થયું, ભેદજ્ઞાન થતાં બેના સ્વાદ જુદાં જણાણા એની વાત છે. રાગાદિ જે વિકલ્પ વ્રત, તપ અને આ કરું એવી વૃત્તિ ઉઠે છે એ તો અચેતનનો શિખંડમાં જેમ ખાટો સ્વાદ છે એવો એ જડનો આકુળતા સ્વાદ છે. આહા..હા..! અને એનાથી ભિન્ન ભગવાન આત્મા જીવ આત્મસ્વભાવ શુદ્ધ ધ્રુવ એના તરફના વલણથી સન્મુખથી જે કાંઈ શક્તિમાંથી આનંદ આદિ દશા પ્રગટ થાય એના વર્તમાન વેદનથી બે ભેદ પડે છે એમ કહે છે.

'**સ્પષ્ટ અનુભવમા આવતા...**' એમ છેને? પ્રત્યક્ષ અનુભવમાં આવતા. આત્માનો આનંદસ્વાદ એ કાંઈ કોઈ લે છે અને પોતે ભિન્ન છે એમ નથી. આત્મા વસ્તુ પૂર્ણ અખંડ આનંદ અને અખંડ જ્ઞાનની મૂર્તિ. એવો જ્યાં સ્વભાવ સન્મુખનો અભિમુખ પરિણામ થયા એથી એમાં આનંદ અને જ્ઞાનની અનંતગુણની પર્યાયની પ્રગટતા, શુદ્ધતા થઈ એનું વેદન મધુર અને મીઠું અને અમૃત જેવું છે. આહા..હા..! કહો, ગિરધરભાઈ! ત્યાં ક્યાં ઓલા હેરાન થવાના રસ્તા છે બધા. એય..! ચીમનભાઈ! બહાર તરફના વિકલ્પો એ બધું દુઃખ છે કહે છે. અહીં તો વ્રત-તપના વિકલ્પ ઉઠે એ પણ દુઃખ અને ભાવકનો ભાવ છે. એટલે કે કર્મના સંગથી ઉત્પન્ન થયેલો એનો એ ભાવ છે. આમાં કહે છેને ઘણાં કે જુઓ એ કર્મથી ઉત્પન્ન થયેલો, આત્માથી નહિ. કઈ અપેક્ષા છે? આહા..હા..! એની પર્યાયમાં થાય છે પોતાના ઉલટા પુરુષાર્થથી, પણ એ ઉલટો પુરુષાર્થ નિમિત્તના સંગમાં જાય છે એથી એનાથી થયો

એમ કહેવામાં આવે છે. આ વાંધા બધા ઉઠ્યા છે નિમિત્તના. આમાંથી કાઢે છેને ઘણા. ૩૨, ૩૩, ૩૪. મૂળ એ ભાવકનો ભાવ છે. એ વિકારભાવ જીવનું કર્તવ્ય જ નથી. કઈ અપેક્ષાએ? પર્યાયમાં વિકાર થાય છે એ તો એની પોતાની નબળાઈને લઈને થાય છે, પણ એ નબળાઈનો ભાવ કર્મના સંગે ઉત્પન્ન થયેલો એનાથી ભગવાન ભિન્ન છે એમ ભાન થયું એટલે એ ભાવકનો ભાવ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું? છે તો એની પોતાની પર્યાય. ચારિત્રગુણ, શ્રદ્ધાગુણ એ વગેરે આનંદગુણ એની ઉલટી દશા વિકલ્પ ઉઠે એ. છે તો એનું જ કર્તવ્ય, પરિણમ્યું છે એ જ. પણ સ્વભાવની દૃષ્ટિ આત્મા સિદ્ધ કરવો છેને. એ આત્મા કોને કહીએ? આહા..હા..! વિકારી ભાવ આસ્રવ છે, એના વિનાનું ચૈતન્ય તત્ત્વ છે એવી જે ચીજનું અંતર ભાન થાય એને આનંદનો સ્વાદ જીવનો જુદો અને એ રાગનો સ્વાદ છે એ વીતરાગ થયો નથી. પણ એનો જુદો સ્વાદ છે એ અચેતનનો સ્વાદ જડનો છે. આહા..હા..! કહો, આ પૈસા પ્રત્યેનો પ્રેમ થાય રાગ એ જડનો સ્વાદ છે એમ કહે છે. આહા..હા..! ભારે વાત ભાઈ! એય..! એમ આ જુઓને થાનમાં પંદર લાખનું મકાન હતું. શું કહેવાય આ? પ્લાસ્ટિકનું કરે છે. ગયા હતાને હમણાં જોવા. .. ગયા હતા. તમારી હતી ભાઈ પોપટભાઈ ત્યાં ઉતર્યા હતાને. ત્યાં ઉતર્યા હતા. અહીંયાં .. હતા તમે? આહા..હા..! પોપટભાઈને .. મોટો પંદર લાખનો લાદીમાં. એ તમારા દેરાસરમાં નાખવાના છેને બધા એ? ... બધા પૈસાવાળા છેને. નરસિંહભાઈ, પોપટભાઈ, ઓલા રસીકલાલ જયચંદ શું કહેવાય એ? હા એ. મુખ્ય ગિરધરભાઈ છે. એવો વિકલ્પ છે ગિરધરભાઈનો એ અહીં ના પાડે છે. ચીમનભાઈ! આહા..હા..!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે કહેલો આત્મા એ આત્મા તો પૂર્ણાનંદ છું એવી સ્વસન્મુખની દૃષ્ટિ થતાં જે આનંદની દશા પ્રગટ થાય એ આત્મા. એને જીવ કહીએ, એને આત્મા કહીએ. કર્મના સંગે ઉત્પન્ન થયેલો રાગાદિ એ આસ્રવ કહીએ, અનાત્મા કહીએ, અચેતન કહીએ, જડનો સ્વાદ કહીએ. આહા..હા..! કહો, ..ભાઈ! આ બધા પૈસાવાળાને પેદા થાય. ૨૫ હજાર અને ૫૦ હજારને આમ ખુશી ખુશી થઈ જાય. દુઃખ છે કહે છે એ. અહીં તો આત્માનું જેને ભાન થાય એની વાત છે. આત્મા એવો નથી. વિકારના સ્વાદવાળો એ આત્મા નહિ. આહા..હા..!

કહે છે **'સ્પષ્ટ અનુભવમાં આવતા સ્વાદના ભેદને લીધે, હું મોહ પ્રતિ નિર્મમ જ છું;...'** એ મારી ચીજ જ નહિ. પરતરફના વલણવાળી સાવધાની એવો જે મોહ, ચારિત્રમોહ છેને એ તો રાગાદિ? એના પ્રત્યે ધર્મી એમ કહે છે કે મારા સ્વાદથી એના સ્વાદની જાત જુદી છે. માટે હું એના પ્રત્યે નિર્મમ છું. કહો, સમજાય છે કાંઈ? ભારે આવો ધર્મ ભાઈ! ઓલા બધા કહે બાયડી બિચારા વર્ષીતપ કરે, લાખોપતિની વહુઓ અને પછી

નાખે બે-પાંચ હજાર ખર્ચીને. ઓલો મોટો ગૃહસ્થ પોણો લાખ ખર્ચ્યો હતો નહિ આ મંગળદાસની વહુ ઉનાવાળા. મંગલદાસ જેઠાણી. અહીં ધ્રાંગધ્રાની બાઈ હતી. વર્ષીતપ કર્યો હતો પોણો લાખ ખર્ચ્યા. સ્પેશ્યલ અમદાવાદથી. આહા..હા..!

મુમુક્ષુ :- મોટા માણસો તો..

ઉત્તર :- મોટા એટલે શું પણ? આહા..હા..! એ એના તરફનો વલણનો અપવાસ કરવાની વૃત્તિ અને પૈસા ખર્ચવાનો એ બધો રાગ અને દુઃખરૂપ અસાર છે.

મુમુક્ષુ :- તો ખાવું, પીવું ને મોજ કરવી એમને?

ઉત્તર :- કોણ ખાય-પીવે? આહા..હા..! ખાય તો આત્માના આનંદને ખાય એ અહીં છે. અમથું આ પરનું ક્યાં ખાઈ શકે છે? ખાવા વખતે જે ક્રિયાઓ જડની છે કે ભોગ વખતે જડની ક્રિયા છે એના પ્રત્યેના વલણવાળી જે વૃત્તિ છે રાગાદિની એને એ અનુભવે છે. આહા..હા..! દુઃખને અનુભવે છે. તો ધર્મી કહે છે કે મારો સ્વાદ ભિન્ન છે અને દુઃખનો સ્વાદ ભિન્ન છે. માટે હું એના પ્રત્યે નિર્મમ છું. આહા..હા..! આ કારણે. વ્યવહારરત્નત્રયનો સ્વાદ એ ભિન્ન છે એમ કહે છે. અને ભગવાન આત્મા પૂર્ણ આનંદનું દળ એની જ્યાં સન્મુખ થયો અને સ્વીકાર્યો કે આટલો આ હું એથી શક્તિમાંથી અતીન્દ્રિય આનંદની વર્તમાન પરિણતિમાં દશા થઈ એના સ્વાદની આગળ રાગનો સ્વાદ ભિન્ન છે. તેથી તે મારી સ્વાદથી જુદી જાત માટે નિર્મમ છું. એ મારા છે એમ નહિ. આહા..હા..! આવો ધર્મ છે વીતરાગનો. પંડિતજી! સાંભળવા મળે નહિ એ ચીજની અંદર. શાંત થઈને ધીરો થઈને અંતરમાં અંતર્મુખ થાય, અંતરમાં અંતર્મુખ થાય ત્યારે તેને આત્માનો સ્વીકાર કર્યો, જાણ્યો, માન્યો, અનુભવ્યો કહેવાય. એવા અનુભવની દશામાં કહે છે મારા સ્વાદથી રાગનો સ્વાદ વ્યવહારરત્નત્રયનો સ્વાદ જુદો. એથી વ્યવહારરત્નત્રયથી પણ હું જુદો છું. આહા..હા..! એય..! સુજાનમલજી! આહા..હા..!

'**કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી...**' શું કહે છે? વસ્તુ આનંદમૂર્તિ એ તો પોતાના આનંદમાં એકપણામાં પ્રાપ્ત છે. એ રાગમાં પ્રાપ્ત નથી. આહા..હા..! '**કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત...**' ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ એ પોતાના સ્વભાવની એકતામાં એ પ્રાપ્ત છે. રાગ અને વિકલ્પમાં એ પ્રાપ્ત છે નહિ. ભારે આકરું કામ એટલે માણસને આ નિશ્ચય એવો લાગે. ભગવાનની ભક્તિ કરવી દરરોજ, પૂજા કરવી, જાવ કલ્યાણ થઈ જશે. ધૂળેય નથી સાંભળને.

મુમુક્ષુ :- લક્ષ પર્યાયનો તો આત્મા...

ઉત્તર :- પ્રશ્ન ક્યાં. કરવાનું જે રાગ છે તે દુઃખરૂપ છે એમ કહે છે. આવે એવો. અશુભથી બચવા અથવા તે કાળના ક્રમમાં એ આવે. અનેક પ્રકારે કહેવાય એને. સમજાણું?

છતાં ધર્મીની દૃષ્ટિમાં એનો સ્વાદ અને જીવના સ્વાદની ભિન્નતાને લઈને એના પ્રત્યે નિર્મમ છે. આહા..હા..! માખણ છે. આવું સમજે છૂટકો, નહિતર આ જન્મ-મરણ મટે એવા નથી એમ કહે છે. એય..! ગિરધરભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ એને કોણ .. ગિરધરભાઈને ત્યાં.. આ કર્મકાળ પાકી ગયો છે હવે.

કહે છે. આહા..હા..! પ્રભુ તું કેવડો અને ક્યાં? કે તું આત્માના આનંદમાં અને પૂર્ણ આનંદમાં તું. આનંદની દશામાં અને પૂર્ણાનંદમાં તું. આહા..હા..! દ્રવ્યસહિત પર્યાયનું આ કાર્ય. '...' આવે છેને સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં. ... એટલે કહે જે પૂર્વ પર્યાય હતી એનો વ્યય થઈને સ્વસન્મુખની દૃષ્ટિ થઈ એટલે એનામાં કાર્ય આનંદ અને શાંતિનું, સમકિત દર્શનનું આદિ આવ્યું એ કાર્યમાં એનો કર્તા જીવ પોતે છે. તો એ કાર્યના કર્તા એ રાગની ક્રિયા વર્તમાન વર્તે કે પૂર્વે હતી માટે આ કાર્ય થયું છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે માટે આ નિશ્ચયનું કાર્ય છે. એમ નથી. કેમકે એ બે ચીજ જ ભિન્ન છે ત્યાં. .. શાસ્ત્રમાં કહ્યું છે વ્યવહાર હેતુ, વ્યવહાર ધર્મ. હવે ભાઈ બાપા! એ કઈ નયનું કઈ અપેક્ષાએ કહ્યું છે? આહા..હા..! એ ભૂમિકામાં હજી રાગની મંદતા હોય છે એનું એને જ્ઞાન કરાવ્યું છે. એમ એ છે એમ મનાવ્યું નથી. સમજાણું કાંઈ? એ રાગ એનો છે એમ મનાવ્યું નથી. આહા..હા..! જુઓ, પંડિતજી! એનું એને જ્ઞાન કરાવ્યું છે કે એ તારાથી જુદી ચીજ છે એ તારામાં રહીને તું તને અને એને જાણ એવી તારી ચીજ છે.

કેમકે પોતાના એકપણામાં પ્રાપ્ત. વસ્તુ છે એ રાગથી પ્રાપ્ત નથી અને વસ્તુ રાગને પ્રાપ્ત કરતી નથી એમ કહે છે. આહા..હા..! '**હોવાથી સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ) એવો ને એવો જ સ્થિત રહે છે.**' સમય નામ આત્મા એવો ને એવો નિર્દોષ, નિર્મળ, પવિત્ર આનંદની પર્યાયસહિતનો ભગવાન એવો ને એવો સ્થિત છે. આનંદની પર્યાયસહિત એકપણાને પ્રાપ્ત છે. રાગની અને વ્યવહારની પર્યાયસહિત એ આત્મા પ્રાપ્ત નથી. આહા..હા..! હજી તો પહેલું શું કહે છે એ પકડવું કઠણ પડે. તીર્થંકર ત્રિલોકનાથ જેને સો ઈન્દ્રો પૂજે. એને કહેલું તત્ત્વ આ છે. એવી વાત બીજે સર્વજ્ઞ સિવાય ક્યાંય, વીતરાગ તીર્થંકર સિવાય આવી વાત ક્યાંય ન હોય. કેટલો વિવેક! હું તો એકપણાને પ્રાપ્ત છું. ધર્મી એમ માને છે. મારો આત્મા શુદ્ધ ધ્રુવ, ગુણ ધ્રુવ શુદ્ધ એવી મારી નિર્મળ પર્યાય વીતરાગી શુદ્ધ એને હું પ્રાપ્ત છું, એકપણામાં પ્રાપ્ત છું. વિકલ્પને લઈને રાગાદિથી પ્રાપ્ત છું એટલે કે દ્રવ્યની પર્યાયમાં રાગાદિ આવે છે એવો હું નથી. આહા..હા..!

'**(દહીં ને ખાંડ મેળવવાથી શિખંડ થાય છે તેમાં દહીં ને ખાંડ એક જેવાં માલૂમ પડે છે તોપણ પ્રગટરૂપ ખાટા-મીઠા સ્વાદના ભેદથી જુદાં જુદાં જણાય છે; તેવી**

**રીતે દ્રવ્યોના લક્ષણભેદથી...**' એ દ્રવ્ય એટલે રાગ પણ પરદ્રવ્ય છે એક ન્યાયે. આહા..હા..! વ્રત કરવું, તપ કરવું, બ્રહ્મચર્ય પાળવું એવો જે વિકલ્પ રાગ એ બધું પરદ્રવ્ય છે. એ '**દ્રવ્યોના લક્ષણભેદથી જડ-ચેતનના જુદા જુદા સ્વાદને લીધે...**' રાગનો, વિકલ્પનો સ્વાદ અને ભગવાન આત્માનો સ્વાદ જુદા લીધે જણાય છે. '**મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિક છે...**' આહા..હા..! એ સ્વભાવમાંથી નથી આવતો રાગ. કર્મના સંગે ઉત્પન્ન થયેલો રાગ એનો સ્વાદ '**ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો જ છે.)**' આ ધર્મ ભારે. આવો માર્ગ છે ભાઈ! આહા..હા..! એની પહેલી સમજણ તો કર, એના લક્ષમાં તો લે કે માર્ગ આ છે અને આને જીવ કહીએ. આહા..હા..!

'**મોહકર્મના ઉદયનો સ્વાદ રાગાદિક છે તે ચૈતન્યના નિજસ્વભાવના સ્વાદથી જુદો જ છે.) આ રીતે ભાવકભાવ જે મોહનો ઉદય તેનાથી...**' કર્મના સંગથી થયેલી વૃત્તિઓ શુભ-અશુભ રાગની એ બધો સ્વાદ '**તેનાથી ભેદજ્ઞાન થયું.**' જડથી તો ભેદ જુદો છે, પણ પુણ્ય અને પાપની લાગણીઓ શુભાશુભ રાગ એનાથી જુદો. એમ ભેદજ્ઞાન થયું. એને આત્મા માન્યો અને એને આત્મા જાણ્યો અને એણે આત્માનો સ્વીકાર કર્યો. છે આત્મા એ એમ નહિ. આવો છે. એવી દૃષ્ટિમાં આવે એના જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પૂર્ણ જ્ઞાતા-દૃષ્ટા ધ્યેય અને જ્ઞેયમાં આવે જાણવામાં આવે ત્યારે જે એને આનંદનો સ્વાદ આવે એને એ પ્રાપ્ત છે. રાગથી પ્રાપ્ત એ છે નહિ. એટલે રાગને પ્રાપ્ત કરતો નથી. પ્રાપ્ત છે એ તો નથી, પણ રાગને પ્રાપ્ત કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આ મોહકર્મ છે તે જડ પુદ્‌ગલદ્રવ્ય છે; તેનો ઉદય કલુષ (મલિન) ભાવરૂપ છે; તે ભાવ પણ, મોહકર્મનો ભાવ હોવાથી, પુદ્‌ગલનો જ વિકાર છે. આ ભાવકનો ભાવ છે તે જયારે આ ચૈતન્યના ઉપયોગના અનુભવમાં આવે છે ત્યારે ઉપયોગ પણ વિકારી થઈ રાગાદિરૂપ મલિન દેખાય છે.**' ચૈતન્યનો ઉપયોગ તો જાણવું-દેખવું છે. રાગનું અંદરમાં લક્ષમાં આવતા ઉપયોગ પણ ત્યારે રાગ આકારે થઈ જાય છે. મલિન દેખાય છે. વિકાર રાગાદિરૂપ દેખાય છે. '**જયારે તેનું ભેદજ્ઞાન થાય કે 'ચૈતન્યની શકિતની વ્યકિત તો જ્ઞાનદર્શનોપયોગમાત્ર છે...**' એ શું કહ્યું? કે ધ્રુવ ચૈતન્ય શક્તિરૂપ જે જ્ઞાયકભાવરૂપ સ્વભાવ એની વ્યક્તિ એટલે પ્રગટતા તો સમ્યગ્જ્ઞાન અને ઉપયોગરૂપ છે. આ રાગાદિ એની વ્યક્તિ નથી. આહા..હા..!

'**જયારે તેનું ભેદજ્ઞાન થાય કે 'ચૈતન્યની શકિતની વ્યકિત તો જ્ઞાનદર્શનોપયોગમાત્ર છે...**' જાણવા-દેખવાના પરિણમનરૂપ એની શક્તિની વ્યક્તિ છે '**અને આ કલુષતા રાગદ્વેષમોહરૂપ છે તે દ્રવ્યકર્મરૂપ જડ પુદ્‌ગલદ્રવ્યની છે',...**' જાવ. જડકર્મના ભાગલામાં આવેલી એનો ભાગ છે. જીવનો ભાગ નથી. આહા..હા..! આવું સાંભળ્યું હતું ક્યાંય ત્યાં?

ઓલા મળ્યા હતાને કીધુંને .. ઘનશ્યામ. એ આવ્યા હતા ત્યાં. દહેગામ આવ્યા હતા. તે દિ' તો એની જીત હતી. એનું પરિણામ હતું પણ એ પહેલા આવી ગયા ખબર હતી. ઉમરાળામાં મારો જન્મ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલા આવ્યા હતા ખરા. કહેતા હતા ખરા. પદવીને મારા ખ્યાલમાં નથી આવતું. .. કોર્ટમાં આવતો ત્યારે હું આવતો. હીરાભાઈના .. એને કહેતા હતા ખરા. પણ મને ખ્યાલમાં નથી. આહા..હા..! પણ બહારની એવી મહિમા અને સાંજે ત્યાં જ હતા ત્યાં મોટરું ને ઓહો..હો..! ધમાધમ ચાલતી હતી. સાંભળતા હતા નહિ? દહેગામ ત્યાં જ હતાને બાબુભાઈના મકાનમાં. ધમાલ-ધમાલ મારી નાખે. આ તો મોટા. દિવાન મોટા. આપણે મોટા થઈને ગાયા. પદવી મળી. આહા..હા..! કહે છે કે એ રાજીપણું ભાવ એ જ રાગ અને અચેતન જડ છે. આહા..હા..! ભગવાન આત્માથી એને અધિક જાણ્યો. ધર્માત્મા તો એનાથી આનંદસ્વરૂપ ભગવાન એને અધિક અને જુદો જાણે. આહા..હા..! અરે ચોર્યાસીના અવતાર. રાગને પોતાનો માનવો એ જ ચોર્યાસીના અવતારનું બીજડું છે.

એથી અહીંયાં કહે છે કે મારો સ્વભાવ એ નહિ હોં. એ મને નહિ, મારામાં નહિ. એ કારણે હું તો એ રાગના પરિણામ શુભ આદિ દયા, દાન, ભક્તિના હોય, એનાથી પણ હું તો નિર્મમ છું. આહા..હા..! મારું સંકેલપણું રાગથી ભિન્ન થઈને સંકેલાઈ ગયું છે. એમ કહે છે. આમ જે રાગમાં પુણ્યમાં પહોળો થઈને પડ્યો હતો. હવે હું સંકેલાઈ ગયો છું. એ નહિ હોં. હું તો જ્ઞાનાનંદ સ્વભાવી એકરૂપ છું, એમાં હું છું અને એ હું છું. કહો, સુજાનમલજી! આ નિર્મમ. ૭૩માં .. ત્યાં કર્તાપણું સદાય એના સ્વામીપણે નહિ પરિણમું એવો હું છું. આહા..હા..! અહીં તો અજીવની વ્યાખ્યા ત્યાં કર્તાથી. રાગપણે થવું એ તો અજીવપણે થયું. રાગનું કર્તા થવું એ તો વિકારનો કર્તા આખા આત્માને વિકાર માનવો. આહા..હા..! .. નિધિના નિધાન. આહા..હા..! આવું સ્વરૂપ જ છે એમાં પછી મોટો બારિસ્ટર હોય કે નારકી હોય. નારકી અને બારિસ્ટર છે કે દિ'એ? આહા..હા..! એ તો ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકભાવથી પ્રાપ્ત એપણે એ રાગને પણ મેળવતો નથી તો શરીરને પોતાનું મેળવે એ તો એમાં છે જ ક્યાં એમ કહે છે.

**'આત્મા અવશ્ય પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે.'** લ્યો! **'ત્યારે ભાવકભાવ જે દ્રવ્યકર્મરૂપ મોહનો ભાવ તેનાથી અવશ્ય ભેદજ્ઞાન થાય છે અને આત્મા અવશ્ય પોતાના ચૈતન્યના અનુભવરૂપ સ્થિત થાય છે.'**

## શ્લોક-૩૦

(स्वागता)

सर्वतः स्वरसनिर्भरभावं
चेतये स्वयमहं स्वमिहैकम्।
नास्ति नास्ति मम कश्चन मोहः।
शुद्धचिद्धनमहोनिधिरस्मि।।३०।।

एवमेव च मोहपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षु-घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि। अनया दिशान्यान्यप्यूह्यानि।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ-

શ્લોકાર્થ :—[इह] આ લોકમાં [अहं] હું [स्वयं] પોતાથી જ [एकं स्वं] પોતાના એક આત્મસ્વરૂપને [चेतये] અનુભવું છું [सर्वतः स्व-रस-निर्भर-भावं] કે જે સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે; માટે [मोहः] આ મોહ [मम] મારો [कश्चन नास्ति नास्ति] કાંઈ પણ લાગતોવળગતો નથી અર્થાત્ એને અને મારે કાંઈ પણ નાતો નથી. [शुद्ध-चिद्-घन-महः-निधिः अस्मि] હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ છું. (ભાવકભાવના ભેદ વડે આવું અનુભવન કરે.) ૩૦.

એવી જ રીતે, ગાથામાં 'મોહ' પદ છે તેને બદલી, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન-એ સોળ પદનાં જુદાં જુદાં સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

## શ્લોક-૩૦ ઉપર પ્રવચન

લ્યો હવે આ કળશ આવ્યો. એય..! પ્રકાશચંદજી! એને આ સાંભળવો છે. આ તો ઘણીવાર

આવે. વ્યાખ્યાનમાં ઘણી વાર આવી ગયા છે. ફતેહપુર આવ્યો હતો, અહીં પણ આવી ગયો. આ શ્લોકનો અર્થ આ છે. જુઓ.

(स्वागता)

सर्वतः स्वरसनिर्भरभावं
चेतये स्वयमहं स्वमिहैकम्।
नास्ति नास्ति मम कश्चन मोहः।
शुद्धचिद्धनमहोनिधिरस्मि।।३०।।

એનો બનારસીદાસનો કળશ છે. અહીંયાં આવી ગયો છે માથે આગળ. 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક છું.' ધર્માત્મા જ્ઞાની આત્માના ભાનવાળો જીવ એમ કહે છે કે. આહા..હા..! દુનિયાના ડાહ્યા અને ડહાપણની વાતું મૂકી દઈને વાત છે આ. આત્માનો ડાહ્યો જે આત્માનો જાણનાર એને અહીં વિચિક્ષણ કહેવાય છે. 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું.' એ પણ પ્રાપ્ત કીધીને? રાગને પ્રાપ્ત એ હું નહિ. આહા..હા..! 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું, અપને રસ સોં ભર્યો અનાદિ ટેક હું.' હું તો મારા જ્ઞાન અને આનંદના રસની શક્તિના સ્વભાવથી ભરેલો અનાદિથી એવો ને એવો છું. એ દયા, દાન, વ્રતના પરિણામ તો મારામાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એ આ વારંવાર શું પ્રાપ્ત છે?

ઉત્તર :- આ વારંવાર દયા ને દાન ને વ્રત ને ધર્મ નાખ્યું છે. એય..! આહા..હા..! મેં આ કર્યું, દાન કર્યું. ધૂળેય નથી સાંભળને. અહિંસા પરમો ધર્મ. બસ બીજાને ન મારવો. અમારે હીરાજી મહારાજ એમ કહેતા. 'અહિંસા સમયં તે' એવું આવે છે. ...અહિંસા સમયં.. ખબર નહિ. નહિતર તો એના જેવો કષાય મંદ અને ક્રિયા એવો આ સંપ્રદાયમાં કોઈ નહોતું કાઠિયાવાડમાં. એવો.. એવો.. હીરાજી મહારાજ .. ૭૪માં ગુજરી ગયા. ચૈત્ર વદ-૮ ત્યાં .. બહુ ગંભીર... ગંભીર... ગંભીર.. પણ એ માને આવું. વસ્તુની ખબર નહિ. ... જ્ઞાનીને એ પ્રાપ્ત છે કે. હજારો માણસમાં ઉંચી નજર નહિ. ભગવાન આમ કહે છે ભાઈ! અનંત જ્ઞાનીને આ પ્રાપ્ત છે કે .. કોઈપણ પ્રાણીને ન મારવો. પરને. પોતાની ખબર નહિ. અહિંસા સમયંતે. પરને ન મારવી અહિંસા એ તો આખા સમય નામ સિદ્ધાંતનો સાર છે. એ જાણ્યું એણે બધું જાણ્યું. એમ કહેતા. બહુ શાંતથી કહેતા ગંભીરતાથી. સાંભળનાર ડોલે હોં. આહા..હા..! ગંભીર હતા. ભાઈએ જોયા છેને. ૭૧માં. ઠાકરભાઈએ વિનંતી કરી હતી. .. હતા. એવી રીતે આ પરજીવને એકેન્દ્રિય આદિને ન મારવો એ અહિંસા એ સિદ્ધાંતનો સાર.

અહીં કહે છે કે એ સિદ્ધાંતનો સાર માન્યો તે મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ તો રાગનો વિકલ્પ છે અને એ તો અધર્મ છે. આહા..હા..! પોતે જ હિંસા, સ્વરૂપની હિંસાથી

ઉત્પન્ન થયેલો રાગ છે. એય..! ધીરૂભાઈ! આ બધા એના ભગત છે. નાગનેશ બધા ભગત. હીરાજી મહારાજના .. નાગનેશ મોટા. સાચી વાત છે. ગૃહસ્થ હતા. ગામના ગૃહસ્થ એ છે એના બાપ કસ્તુરભાઈ! એના ૮૦ હજાર રૂપિયા તે દિ' એની પાસે. આ લોકો પાસે ૩૫-૪૦ કહેવાય. એય..! સાંભળ્યું છેને બધું. આહા..હા..! છોકરાના બાપ હતા. એની બા હતા તે દિ'. છોટાભાઈની બા. એ ૩૫-૪૦ હજાર કહેતા એ. આની પાસે ૮૦ હજાર. એ ભાઈ .. તારાચંદભાઈને એ. તારાચંદભાઈને ... એ બધી ખબર છે. આ પૈસાવાળા. હીરાજી મહારાજ આવે .. વહોરવા આવે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. સર્પ કરડ્યો હતો છોટાભાઈને ખબર છે. મલુપચંદભાઈના બાપ. સર્પ કરડ્યો મોટો. નોકાર ગણજે ભાઈ! સર્પ કરડ્યો હશે. એવું .. છોટાભાઈ! તે દિ'. ચડ્યો નહિ. ઝેરી નહિ હોય કહે છે કે એ વિકલ્પ છે પરને નહિ મારવાનો, દયાનો, વ્રતનો, તપનો એ બધો દુઃખદાયકભાવ છે. એ અચેતન છે. આહા..હા..! એનાથી ભગવાન આત્માનો ભાવ તદ્દન જુદો છે. જુઓ એનો અર્થ.

**'આ લોકમાં હું...'** છેને અર્થ? એ 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું.' આ એ. **'આ લોકમાં હું...' 'स्वयं' 'પોતાથી જ પોતાના એક આત્મસ્વરૂપને અનુભવું છું...'** આહા..હા..! એ રાગને સાથમાં લઈને અનુભવું છું એમ નહિ કહે છે. ભગવાન આત્મા અનાકુળ આનંદથી ઠસોઠસ ભરેલો. કાલે આવ્યા હતા ભાઈ. ધીરુભાઈના છોકરા. આપણા .. મહાદેવભાઈ. કાલે આવ્યા હતા. તમને મળ્યા હતા? એ કહેતા હતા. એ અને એનો છોકરો. અને આ ભાઈ રતિભાઈ. બેચરભાઈના દીકરા. માથા ફરી ગયેલા. પૈસાની પેદાશ અને ૨૫-૩૦ લાખ, ૩૦-૪૦-૫૦. ... અરે! કોની પેદાશ? એ તો જડ છે એ તારી પ્રાપ્તિ છે એમાં? આહા..હા..!

મુમુક્ષુ :- મીણો ચઢેલો હોય.

ઉત્તર :- મીણો ચઢી ગયેલો છે. આહા..હા..! પાંચ-પચાસ લાખ રૂપિયા હોય તો ઠીક હોય, બાયડી ઠીક હોય કહ્યાગરી અને મકાન હોય બે-ચાર લાખનો હજીરો મોટો. એમાં પંખા માથે ફરતા હોય. અને નીચે બેઠો હોય. અને શિખંડ અને પુરી ખાતો હોય. મોટો મૂર્ખનો જામ. એય..! ગિરધરભાઈ! ધર્મી તો એમ કહે છે કે અરેરે! હું તો પોતાથી એકરૂપે અનુભવું છું. મારો આત્મા આનંદની મૂર્તિ એને હું અનુભવું છું. એ મારી ચીજ છે. રાગનો અનુભવ એ હું નહિ તો શરીર, વાણી, મનનો તો અનુભવ છે જ ક્યાં? આહા..હા..! ભારે કામ પણ આકરું હોં. ગિરધરભાઈ! બધા ખમ્મા ખમ્મા કહેતા હોય લ્યો! કહે છે કે તું રાગને ક્ષમા કરનારો, તારા આત્માની હિંસા કરનારો છો. આત્માની દયા પાળનારો તો એને કહીએ હું તો જ્ઞાન અને આનંદના અસ્તિત્વથી ભરપૂર એને હોવાપણે હું તો છું. એવો અનુભવું છું.

'**सर्वतः स्व-रस-निर्भर-भावं**' 'અપને રસ સો ગયો અનાદિ ટેક હું.' આ એની વ્યાખ્યા છે. '**કે જે સ્વરૂપ સર્વતઃ પોતાના નિજરસરૂપ ચૈતન્યના પરિણમનથી પૂર્ણ ભરેલા ભાવવાળું છે;...**' આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ, આનંદસ્વભાવ એ સર્વતઃ ચારેબાજુથી અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા પોતાના નિજરસરૂપ. જ્ઞાન અને આનંદનો ચૈતન્યના પરિણમન વસ્તુ એવી છે અને એનું પરિણમન પણ આવું છે એમ કહે છે. આહા..હા..! પૂર્ણ ભરેલા ભાવવાળું છે. આહા..હા..! એ પર્યાય કહે છે એને. આહા..હા..! કે હું તો ચૈતન્યના સ્વભાવને સત્ત્વ, રસ જે વસ્તુ એનું સત્ત્વ જે ચૈતન્યરસ એના સ્વભાવથી ભરેલો હું આત્મા છું. એવી વર્તમાન પર્યાય આવા આત્માને કબુલે છે. આહા..હા..! ભારે આકરું ભાઈ આવું. '**પૂર્ણ ભરેલા ભાવવાળું છે;...**' '**स्व-रस-निर्भर-भावं**' પૂર્ણ ભાવ કીધો. '**જે સ્વરૂપ સર્વતઃ...**' અસંખ્ય પ્રદેશમાં ચારે બાજુથી ઉપર-નીચે, અંદર અને બહાર. આહા..હા..! એકલા ચૈતન્યનો રસ એવા પરિણમનથી પૂર્ણ ભરેલો હું છું. આહા..હા..! માટે..

મુમુક્ષુ :- શક્તિએ ભરેલો.

ઉત્તર :- સ્વભાવથી ભરેલો છું એવી પર્યાય કબુલે છે. આનંદનું પરિણમન એમ કહે છે કે હું પૂર્ણ ભરેલો છું. એ કહ્યું હતું. આહા..હા..! વસ્તુ છેને પદાર્થ? વસ્તુમાં વસેલા અનંતાગુણો છે. જ્ઞાન ને આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, જીવત્વ, ચિતિ, દૃષ્ટિ, જ્ઞાન .. આદિ. એવા ચૈતન્યનો રસ છે એ ચૈતન્યનો રસ છે. આહા..હા..! એ ચૈતન્યના રસથી નિજરસ એટલે નિજ શક્તિ, નિજરસ એટલે નિજશક્તિ, નિજ મારું સત્ત્વ, જ્ઞાન અને આનંદ આદિનું સત્ત્વ મારું એનાથી પરિપૂર્ણ ભરેલો છું. આહા..હા..! ધર્મી આવા આત્માને આત્મા જાણે છે. આહા..હા..!

પછી કહ્યું 'મોહ કર્મ મમ નાહિ, નાહિ ભ્રમ કુપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આ એની વ્યાખ્યા છે આ. આ કળશમાંથી બનાવ્યું છે. '**આ મોહ મારો...**' '**कश्चन नास्ति नास्ति**' '**કાંઈ પણ લાગતોવળગતો નથી...**' એને ને મારે કાંઈ નાતો સંબંધ નથી. આહા..હા..! વ્યવહારનો વિકલ્પ ઉઠે એને મારે એને કાંઈ સંબંધ નથી. આહા..હા..! ભગવાન નિર્મળાનંદ પ્રભુ એને મલિન પરિણામની સાથે શું સંબંધ હોય? એવો આત્મા અંદરમાં ભાસે, જાણે ત્યારે એને આત્મા જાણ્યો અને ધર્મ કર્યો કહેવાય. આવી વાત છે. આમ તો હો..હો.. હો..હા.. બહારમાં તો ઓહો..હો..! દયાની મંડળી અને એના અગ્રેસરો થાય. જેના પૈસા ઉઘરાવે. સો, બસ્સો, પાંચસો, હજાર. દસ હજાર, વીસ હજાર, પચાસ હજાર કરેને. .. થાય પચ્ચીસ પચાસ. એ બધા ધર્મમંડળીના અગ્રસેર છીએ દયા મંડળીના. આહા..હા..! મારી નાખ્યા જીવને. એ ઓલો વિકલ્પ છે. વિકલ્પનું-રાગનું દુઃખ છે. એને એ મારું કર્તવ્ય છે અને એમાં હું છું એમ માને એ તો અજીવ છે. કહો, સમજાણું કાંઈ? પણ આવો ધર્મ

પણ કાંઈ એનો કાંઈક સહેલો માર્ગ હશે કે નહિ? કે આવો આકરો જ હશે? સહેલો પણ તું છો એવો પામ એમાં વળી મોંઘુ અને સહેલાનો પ્રશ્ન ક્યાં છે? તત્ત્વ જ આવું છે. શ્રીમદ્‌માં આવે છેને. સત્ સર્વત્ર છે, સરળ છે, એની પ્રાપ્તિ દુર્લભ છે, સત્‌સમાગમ મળવો દુર્લભ છે.

કહે છે અરે! હું તો મારા નિજ આત્મરસ, શાંતરસ, આનંદરસ, જ્ઞાનરસ, શ્રદ્ધારસ, ચારિત્રરસ, વીતરાગ રસ. એનાથી પરિપૂર્ણ ભરેલો એમ ધર્મીની પર્યાય એમ જાણે છે. અને એ '**આ મોહ મારો કાંઈ પણ લાગતોવળગતો નથી...**' એ અંદરમાં આવ્યું હતું. મારો કાંઈ પણ લાગતો વળગતો નથી. મોહ તે આવ્યું ટીકામાં. આહા..હા..! મારે કાંઈ સંબંધ રાગ સાથે? આ તો હજી કહે કર્મ સાથે સંબંધ ન માને તો મૂઢ છે. આહા..હા..! અહીં તો કહે છે કે રાગ અને મારે કાંઈ સંબંધ ત્રણકાળમાં નથી. આહા..હા..! રાગનો સંબંધ માન્યો હતો એ તો મિથ્યાભ્રમથી. આહા..હા..! આવું તત્ત્વ ભારે! આવો વીતરાગનો માર્ગ આવો હશે? આ તો દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા એવો માર્ગ છે. પૂછો સંપ્રદાયમાં. સ્થાનકવાસીને પૂછો.. દેરાવાસીને પૂછો તો પૂજા ને ભક્તિ ને જાત્રા કરવી. દિગંબરને પૂછો તો લૂગડા છોડવા અને નાગા થાવું. આ ખપે અને ન ખપે. આહા..હા..! અરે! એ બધી વાતું વિકલ્પની છે સાંભળને. આહા..હા..! જૈનધર્મ એ નહિ. વીતરાગ સંતો એવા વિકલ્પથી, રાગથી વાત મારી ચીજ છે. જેમાં રાગ અને મારા સ્વભાવને કાંઈ સંબંધ નથી. આહા..હા..! ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સોનાને ગેરુથી ઓપિત અને શોભિત જેમ સોનું લાગે એવો હું તો નિર્મળ પર્યાયથી શોભિત અને ઓપિત છું. આહા..હા..! એવો હું રાગ અને મારે કાંઈપણ નાતો નથી. કોનો છે એ વ્યવહાર? એય..! સમકિતીનો નહિ વ્યવહાર? ધર્મીનું અચેતન છે. અચેતન અને રાગ સંબંધીનું જ્ઞાન પોતાનું છે, પોતાથી એ એનું છે. આહા..હા..! ભારે!

'**शुद्ध-चिद्-घन-महः-निधिः**' 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' એની વ્યાખ્યા છે આ. '**હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ છું.**' સિંધુ કહો કે નિધિ કહો. આહા..હા..! આ તો ઘણીવાર આવે છે. વ્યાખ્યાનમાં આવે છે. આ કળશ આમ સહેલો છેને જરી. ભાષા સારી કરી છે. ધર્મી ધર્મી ધર્મ કરનાર એમ પોતાને જાણે છે કે હું તો શુદ્ધ ચૈતન્યનો પુંજ જ્ઞાનનો પુંજ પ્રભુ, જ્ઞાનનું ધોકડું જેમ ઓલા રૂનું હોય ત્યાં જ્યાં જુઓ ત્યાં રૂ જ હોય. એમ હું તો એકલું જ્ઞાનનું ધોકડું છું. જ્ઞાનનું દળ અને આનંદનું દળ એ મારી ચીજ છે. આહા..હા..! અસ્તિ-નાસ્તિ થઈ. મોહ રાગાદિ મારામાં નથી. '**હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહ...**' ચૈતન્યનો સમૂહ જ્ઞાનનો પુંજ, સમજણનો પુંજ. આનંદનો ઢગલો એ '**તેજઃપુંજનો નિધિ છું.**' એ તો જ્ઞાનના તેજનો, પુંજનો સાગર છું. આહા..હા..! મારામાંથી ચૈતન્ય ચમત્કાર દશા નીકળે છે. દયા, દાન અને વ્રતનો વિકલ્પ મારામાંથી નહિ. આહા..હા..! ભારે આકરું

કામ ભાઈ! કાંઈક હળવું કરજો એમ બધા કહે ભાઈ! થોડુંક આ સાધારણ માણસ છે. અમારે હિંમતભાઈ એમ કહેતા. નહિ? જ્ઞાન પ્રમાણે બધા એમ કહે અમારું ગામ સાધારણ. સરળ થાય. પણ સરળ જ આ છે. ગિરધરભાઈ! માર્ગ જ આ છે. વસ્તુની મર્યાદા જ આ છે. પછી એને હળવી કહે કે આકરી કહે કે મોંઘી કહે જે છે એ આ છે. આહા..હા..!

સમજનારને સમજમાં ન લે એથી એને મોંઘુ લાગે એથી કાંઈ વસ્તુ ફરી જાય? દામોદરશેઠ ગયા હતા ભાઈ ત્યાં. હુકમ કાઢ્યો હતો ગાયકવાડ સરકારે. ...માંથી. કે જેણે જમીન ૨૦ વર્ષથી કાઢી હોય એ છોડી દો બધા. આ .. રાજાની વાત. હવે શું કરવું? ગયા એની પાસે. ગાયકવાડ પાસે. દામોદર શેઠ. કે જુઓ શેઠ કાંઈ તમારે માટે એકલા માટે આ કાયદો નથી કાઢ્યો. આખા મારા રાજમાં જેણે જમીનમાં ૨૦ વર્ષથી ખેડુતોનું, ગરાસિયાનું ખાધુ હોય આપી દ્યો જમીન. તમારા એક માટે કાંઈ કાયદો નથી. એ ગાયકવાડ સરકારે એમ કાઢ્યું હતું. તારા માટે કાંઈ આમ અને આવા સાધારણ માટે બીજું. તારા માટે કાંઈ નહિ. વસ્તુની સ્થિતિ જ આવી છે. આહા..હા..! એક ને એક બે અને બે ને બે ચાર વસ્તુ જ આવી છે. હવે એને કોઈ રીતે, બીજી રીતે કહો, એક ને એક બે ન સમજાય તો એકને દોઢ બે થાય એ કાંઈ, એક ને અડધો થઈને બે થાય, એકનું પા થઈને બે થાય એમ થાય? આહા..હા..! એને હળવું કરવું હોય સોંઘુ. આ છે બાપા! આવું તારે સમજવું પડશે અને દૃષ્ટિ કરવી પડશે જો કલ્યાણ કરવું હોય તો. જન્મ-મરણના ઘોદા ખાઈને મરી ગયો છો. બધા દુઃખી બિચારા હોં. રાજા દુઃખી, પૈસાવાળા દુઃખી, રંક દુઃખી, નારકી દુઃખી, દેવ દુઃખી. આહા..હા..! આનંદનું ધામ સિંધુ પ્રભુ એને ભૂલી જેટલા વિકલ્પો ઉઠાવે એ બધા દુઃખી છે. કહો, સમજાણું? દુઃખ નથી સંયોગમાં, દુઃખ નથી સ્વભાવમાં. ભગવાનને ભૂલીને જે વિકલ્પ ઉઠાવે છે એ દુઃખી પ્રાણી છે. બાહ્ય તો ભલે સધન હો અને બાહ્યમાં નિર્ધન હો. એની સાથે સુખનો સંબંધ નથી. આહા..હા..! એ તો દુઃખ છે. દુઃખી પ્રાણી છે બિચારા. ભગવાનજીભાઈ! આ બધા તમે પૈસાવાળા દુઃખી છો એમ કહે છે અહીં તો. પૈસાવાળાને પૈસા હોય તો સ્વતંત્ર વાપરી શકવાનો હક છે. વાપરી શકાતું જ નથી. ચીમનભાઈ! જગતની ચીજ એ તો કાંકરા અજીવ છે, અજીવ થઈને રહ્યા એ કાંઈ તારી પર્યાયમાં આવીને રહ્યા નથી. આહા..હા..!

અહીં તો રાગ એની પર્યાયમાં થાય છે એ પણ મારો નથી. આહા..હા..! વસ્તુના સ્વભાવની દૃષ્ટિમાં સ્વસ્વભાવની સાવધાનીવાળો ભાવવાળો તે હું. પરતરફની સાવધાનીનો વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત એને ને મારે કાંઈ નાતો નથી હોં! એય..! પ્રકાશદાસજી! આ તમારે ઓલા ..ની દયા, અણુવ્રત આંદોલન. મૂર્ખ છે. અણુવ્રત કેવા? અણુવ્રતનો વિકલ્પ છે વિકલ્પ છે એ દુઃખ ને રાગ ને વિકાર છે. આહા..હા..! અને સદાચારમાં જોઈએ છીએ જગતને. સદાચાર કહેવો કોને? સત્ આચાર સત્ એવું તો આનંદસ્વરૂપ ભગવાન છે એના આચારમાં એકાગ્ર

એ સદાચાર. અણુવ્રત અને મહાવ્રતનો વિકલ્પ એ તો અસદાચાર છે. આહા..હા..! અને ને મારે કાંઈ સંબંધ નથી.

**'હું તો શુદ્ધ ચૈતન્યના સમૂહરૂપ તેજઃપુંજનો નિધિ છું.'** ચૈતન્યના પ્રકાશના પુંજનો નિધિ છું. '**(ભાવકભાવના ભેદ વડે આવું અનુભવન કરે.)**' ભાવક એટલે કર્મ એના સંગે ઉત્પન્ન થયેલો વિકલ્પ, એના ભેદ વડે-જુદાં વડે આવું અનુભવન કરે એને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! આને છોડીને જેટલો વ્યવહાર રત્નત્રયનો રાગ એને અનુભવે એ પણ અણાત્મા છે. આહા..હા..! કહો, સમજાણું? એ તો મોહ શબ્દ કહ્યો. **'એવી જ રીતે, ગાથામાં 'મોહ' પદ છે તેને બદલી, રાગ,...'** કરવો.. રાગને અને મારે કાંઈ સંબંધ નથી. **'દ્વેષ,...'** અને પરિણામને મારે કાંઈ સંબંધ નથી. કારણ કે એ આકુળતાનું સ્વરૂપ છે. આહા..હા..! **'ક્રોધ,...'** એની સાથે મારે સંબંધ નથી. **'માન,..'**ની સાથે મારે સંબધ નથી. એમ મારા કપટનો વિકલ્પ એને અને શુદ્ધ ચૈતન્ય સિંધુને મને આ હું છું મારે એની સાથે કાંઈ સંબંધ નથી. એમ **'લોભ,...'** ઈચ્છાની વૃત્તિ. એ ઈચ્છાને અને મારા સ્વભાવને કાંઈ સંબંધ નથી. આહા..હા..! મારે ને ઈચ્છાને કાંઈ લાગતું વળગતું નથી એમ કહે છે. આહા..હા..! **'કર્મ,...'** લ્યો આઠ કર્મને અને મારે કાંઈ લાગતું વળગતું નથી. ઓલો કહે ભાઈ આઠ કર્મ નથી? હવે સાંભળને. આત્મ વસ્તુમાં કર્મનો, જડનો તો અભાવ છે, નાસ્તિ છે. કર્મ અને મારે કાંઈ સંબંધ નથી. ઓલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એ સંબંધ મારો નહિ. આહા..હા..! એ આ વાંધા બધા.

રામજી.. કીધું હતુંને છઠ્ઠી સાલમાં? ૨૨ વર્ષ થયા નહિ? છઠ્ઠી સાલને? ત્રણલોકના નાથ એમ કહે છે કે કર્મને લઈને રખડે છે અને તમે કહો છો કે પોતાના દોષને લઈને રખડે છે એ મોટી ચર્ચા. કર્મ તો જડ છે. જડનો ચૈતન્યમાં તો અભાવ છે. કર્મના સંગે માનેલી ચીજ જે વિકાર એ એની દશામાં છે. એ વાળો પણ માને એ પણ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે અહીં તો. આહા..હા..! કર્મ સાથે તો નહિ પણ રાગ સાથે સંબંધ છે નહિ. આહા..હા..! એવી અધિકતા, ભિન્નતા ભાસે ત્યારે એને ખબર પડેને? આહા..હા..! એ વિના એકપણે માન્યા. આહા..હા..! અમે દીક્ષા લીધી છે, અમે સાધુ છીએ. મૂઢતા છે. દખ્યા લીધી છે. વિકલ્પની દીક્ષાનું દુઃખ વહોર્યું છે. આહા..હા..! ભારે કામ ભાઈ આકરું આ તો. એય..! સુજાનમલજી! આહા..હા..!

કર્મ અને મારે સંબંધ નથી. **'નોકર્મ,...'** બાહ્ય નિમિત્તો મોટા રાજ ને પાટ ને ચક્રવર્તીના ઈન્દ્રના પદ એને અને મારે કાંઈ સંબંધ નથી. જગતની ચીજો અને એની સાથે મારે કોઈ સંબંધ નથી. એણે સ્વતંત્ર એને કારણે ટકીને બદલ્યા છે. હું મારો સ્વભાવ સ્વતંત્રપણે, શુદ્ધપણે પરિણમીને હું એવો છું. આહા..હા..! ભારે કામ ભાઈ! એ નોકર્મ એટલે નિમિત્તો બધા.

મકાન સારા હોય, રોગ થાય ત્યારે લ્યો. બાયડી સેવા કરનારી હોય, નાગા ઢાંકે. એક માણસ હતો મોટી ઉંમરનો પરણેલો, પણ આટલી ઉંમરે તું પરણે છો? ૫૫ વર્ષની ઉંમરે! ભાઈ નાગા ભૂખ્યા ઢાંકે કોણ? બાયડી હોય તો ઢાંકે. એય..! આવા ને આવા મૂર્ખના ગામ બધા છે. ગિરધરભાઈ! અરે! રાગથી ઢાંકેલો માનવો એ પણ જીવનું અજ્ઞાનપણું છે. આહા..હા..! તને કોણ ઢાંકે અને કોણ તને જાળવે? આહા..હા..! અખંડ આનંદનો ધામ ભગવાન છોને ભાઈ! એવો પણ જ્યાં રાગથી પણ ભાન ભેદ પડ્યો ત્યાં નોકર્મની સાથે મારે સંબંધ નથી, નિમિત્ત સાથે મારે સંબંધ નથી. આહા..હા..! બહારના નિમિત્તો સાથે સંબંધ નથી અને અંદરનું નિમિત્ત કરવું એની સાથે સંબંધ નથી. આહા..હા..!

એમ '**મન, વચન, કાય,...**' એની સાથે મારે સંબંધ નથી. કહો, એ જડની ક્રિયા એને મારી સાથે કાંઈ સંબંધ નથી. હું બોલતો નથી, હું મનમાં આવતો નથી, વાણી મારી નથી. આહા..હા..! એમ '**શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન-એ સોળ પદનાં જુદાં જુદાં સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**' લ્યો! એ ભાવકભાવની ગાથા થઈ. હવે ૩૭માં જ્ઞેયભાવની સાથે સંબંધ નથી એમ વાત સિદ્ધ કરશે આગળ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૩૭

अथ ज्ञेयभावविवेकप्रकारमाह---

णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमेक्को।
तं धम्मणिम्ममत्तं समयस्स वियाणया बेंति ।।३७।।

नास्ति मम धर्मादिर्बुध्यते उपयोग एवाहमेकः।
तं धर्मनिर्ममत्वं समयस्य विज्ञायका ब्रुवन्ति।।३७।।

अमूनि हि धर्माधर्माकाशकालपुद्गलजीवान्तराणि स्वरसविजृम्भितानिवारितप्रसरविश्व-

घस्मरप्रचण्डचिन्मात्रशक्तिकवलिततयात्यन्तमन्तर्मग्नानीवात्मनि प्रकाशमानानि टंकोत्कीर्णैक-ज्ञायकस्वभावत्वेन तत्त्वनोऽन्तस्तत्त्वस्य तदतिरिक्तस्वभावतया तत्त्वतो बहिस्तत्त्वरूपतां परित्यक्तुमशक्यत्वान्न नाम मम सन्ति। किंचैतत्स्वयमेव च नित्यमेवोपयुक्तस्तत्त्वत एवैकमनाकुलमात्मानं कलयन् भगवानात्मैवावबुध्यते यत्किलाहं खल्वेकः ततः संवेद्यसंवेदक-भावमात्रोपजातेतरेतरसंवलनेऽपि परिस्फुटस्वदमानस्वभावभेदतया धर्माधर्माकाशकालपुद्गल-जीवान्तराणि प्रति निर्ममत्वोऽस्मि, सर्वदैवात्मैकत्वगतत्वेन समयस्यैवमेव स्थितत्वात्। इतीत्थं ज्ञेयभावविवेको भूतः।

હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છેઃ-

**ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,**
**-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.**

*ગાથાર્થ :- [बुध्यते] એમ જાણે કે [धर्मादिः] 'આ ધર્મ આદિ દ્રવ્યો [मम नास्ति] મારાં કાંઈ પણ લાગતાંવળગતાં નથી, [एकः उपयोगः एव] એક ઉપયોગ છે તે જ [अहम्] હું છું'- [तं] એવું જે જાણવું તેને [समयस्य विज्ञायकाः] સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપરૂપ સમયના જાણનારા [धर्मनिर्ममत्वं] ધર્મદ્રવ્ય પ્રત્યે નિર્મમત્વ [ब्रुवन्ति] કહે છે.

ટીકા :- પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે, નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે તથા સમસ્ત પદાર્થોને ગ્રસવાનો (ગળી જવાનો) જેનો સ્વભાવ છે એવી પ્રચંડ ચિન્માત્રશકિત વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યાં હોવાથી, જાણે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યાં હોય- જ્ઞાનમાં તદાકાર થઈ ડૂબી રહ્યાં હોય એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે એવાં આ ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ, અન્ય જીવ-એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી; કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું અને તે પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળાં હોવાથી પરમાર્થે બાહ્ય તત્ત્વપણાને છોડવા અસમર્થ છે (કેમ કે પોતાના સ્વભાવનો અભાવ કરી જ્ઞાનમાં પેસતાં નથી). વળી અહીં સ્વયમેવ, (ચૈતન્યમાં) નિત્ય ઉપયુકત એવો અને પરમાર્થે એક, અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જ જાણે

* આ ગાથાનો અર્થ આમ પણ થાય છે :— 'ધર્મ આદિ દ્રવ્યો મારાં નથી, હું એક છું' એવું ઉપયોગ જ જાણે, તે ઉપયોગને સમયના જાણનારા ધર્મ પ્રત્યે નિર્મમ કહે છે.

છે કે- હું પ્રગટ નિશ્ચયથી એક જ છું માટે, જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું (મિલન) હોવા છતાં પણ, પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું; કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ) એવો ને એવો જ સ્થિત રહે છે; (પોતાના સ્વભાવને કોઈ છોડતું નથી). આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું.

## જ્યેષ્ઠ વદ-૪, શુક્રવાર, તા. ૩૦-૦૬-૧૯૭૨
## ગાથા-૩૭, પ્રવચન-૧૧૩

સમયસાર. જીવ-અજીવ અધિકાર. ૩૭મી ગાથા. ૩૬માં ભાવ્યભાવકનું ભિન્નપણું બતાવ્યું. ૩૧માં જ્ઞેય-જ્ઞાયકનું હતું, પણ એ એકત્વબુદ્ધિની સ્તુતિ હતીને ત્યાં? જેની પૂર્ણ સ્તુતિ થાય છતાં એના ફળપણે કેવળજ્ઞાન એટલે સ્તુતિના પ્રકારમાં પહેલું આ લીધું. જ્ઞેય અને જ્ઞાયકનું એકપણું માન્યું હતું એ સંકરદોષ. એને ટાળીને જ્ઞાયક જ્ઞાયકપણાના ભાનમાં રહે એનું નામ વાસ્તવિક સ્વભાવની સ્તુતિની દશા કહેવાય છે. અને ત્યાં ભાવ્યભાવક તો ઊંચી દશા આગળ જતાં લીધી હતી. અહીં તો પહેલેથી જીવ અને જીવનો ભાવ જે નથી એને પહેલેથી જુદાં પાડ્યા. ભાવ્યભાવકનું. જીવનું જીવસ્વરૂપ જે છે આત્મા એ તો જ્ઞાયકભાવ સ્વરૂપ છે. ભાવક એવા મોહ એના નિમિત્તે થતી વિકારી અવસ્થા એને અને જ્ઞાયક સ્વભાવને કાંઈ સંબંધ નથી.

અહીં હવે જ્ઞેયની વાત કરે છે. '**જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છે :—**'

**णत्थि मम धम्मआदी बुज्झदि उवओग एव अहमेक्को।**
**तं धम्मणिम्ममत्तं समयस्स वियाणया बेंति ।।३७।।**
**ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,**
**–એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.**

'**ટીકા :- પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે,...**' શું કહે છે? ચૈતન્ય શક્તિ એ છ દ્રવ્યો જે પર ભિન્ન છે જેને કારણે ચૈતન્ય શક્તિનું સ્વપરપ્રકાશપણું નથી. પોતાના નિજરસથી જે '**પોતાના નિજરસથી જે પ્રગટ થયેલ છે, નિવારણ ન કરી શકાય**

**એવો જેનો ફેલાવ છે...'** જ્ઞાનની પર્યાયમાં પોતાનું જ્ઞાન અને છ દ્રવ્યનું. સિદ્ધનું, નિગોદનું, ધર્માસ્તિ વગેરે. એનું જ્ઞાન પોતાના જ્ઞાનમાં એ સંબંધીનું પોતાનું જ્ઞાન ફેલાય છે અંદરમાં એ '**નિવારણ ન કરી શકાય એવો જેનો ફેલાવ છે તથા સમસ્ત પદાર્થોને ગ્રસવાનો (ગળી જવાનો) જેનો સ્વભાવ છે...'** આહા..હા..! અનંતા સિદ્ધો, અનંતા નિગોદ એ સિવાય બીજા અસંખ્ય જીવો અનંત પરમાણુઓ. ધર્માસ્તિ અને આકાશ એક-એક, કાળાણું અસંખ્ય. એ બધાને જાણવાનો જેનો સ્વભાવ છે. કોળિયો કરી જવાનો સ્વભાવ એમ કહે છે. પોતાના જ્ઞાનમાં એ બધાને પ્રકાશવાનું અને એ સંબંધીનું જ્ઞાન અંદર આવી જાય એટલે છએ દ્રવ્યને કોળિયો ગ્રાસ કરવાનો સ્વભાવ છે. આહા..હા..!

'**એવી પ્રચંડ ચિન્માત્રશકિત વડે...'** પ્રચંડ ચિન્માત્ર જ્ઞાનસ્વભાવ એવો જે જ્ઞાયકભાવ એ '**શકિત વડે ગ્રાસીભૂત કરવામાં આવ્યાં હોવાથી,...'** એટલે કે છએ દ્રવ્ય અનંતા સિદ્ધો પંચપરમેષ્ઠી વગેરે. એ તો જ્ઞાનમાં જાણે ગળી ગયો હોય બધું. એ સંબંધી ચીજનું જ્ઞાન એ પોતાનું છે. એમાં એ બધા જાણે ગળી ગયા હોય, ગ્રાસીભૂત થયા હોય. '**જાણે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યાં હોય...'** લ્યો! એ તો પ્રવચનસાર. ત્યાં ૨૦૦માં આવે .. એ તો જ્ઞેય અધિકાર છે. આ જીવનો સ્વભાવ અધિકાર છે. જીવનો સ્વભાવ સ્વને અને અનંતા પરદ્રવ્યને જાણવાનો ગ્રાસીભૂત કર્મ સ્વભાવ. કહો, પરદ્રવ્ય સાથે આત્માને કાંઈ સંબંધ નથી. પંચ પરમેષ્ઠી સાથે કાંઈ સંબંધ નથી, આ શરીર, કર્મ અને બાયડી, છોકરા, કુટુંબ એની સાથે કાંઈ જીવને સંબંધ નથી એમ કહે છે. આ ધંધા બંધા સાથે શું સંબંધ હશે?

ભગવાન આત્માનો ચૈતન્ય સ્વભાવ બધાને ગ્રાસીભૂત કરવામાં આવ્યો હોય જાણે. '**જાણે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યાં હોય-'** છ દ્રવ્ય જાણે અંદર આવી ગયા હોય. એ આવ્યા નથી પણ એ સંબંધીનું જ્ઞાન પોતાની શક્તિ વડે પ્રગટ થયું છે એમાં એ ચીજ જાણે આવી ગઈ હોય. એકકોર રામ અને એકકોર ગામ. જ્ઞેય અધિકાર છેને. ભગવાન જ્ઞાયક સ્વભાવ વડે બધા અનંત અનંત પરપદાર્થને. કેટલા અનંત? આહા..હા..! અને તે પણ એક પદાર્થના પાછા એક એક દ્રવ્યના અનંતા ગુણો. બધાને જાણવાનો, અંતર્મુખ થઈને ગ્રાસ કરવાનો, કોળિયો કરી જવાનો એમ કહે છે. એ સિવાય બાકી કેટલું રહે છે એમ કહે છે? સમજાય છે કાંઈ? એકકોર ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય જ્ઞાયકભાવ એને એક બાજુ જ્ઞેય બધા. અનંત કેવળીઓ અને અનંતા સિદ્ધો, લાખો કેવળીઓ શરીરસહિતવાળા અને અનંતા સિદ્ધો કેવળી આ. એને જાણે જ્ઞાન સ્વભાવ ગળી જતો હોય બધાને. એવો એનો જ્ઞાયકસ્વભાવ પરને પ્રકાશવાનો એ પ્રકાશ છે એ પોતાની ચીજ છે, પણ એ જાણે પરનો સંબંધ એ પોતે આમાં ગરી ગયો હોય પર એવું અહીંયાં જ્ઞાન થઈ જાય છે. એવા છદ્મસ્થના જ્ઞાનમાં આવું હોય છે એમ કહે છે. એય..! આ કેવળીની વાત નથી.

જ્ઞાયક જ સ્વભાવ એવો છે કે '**જાણે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યાં હોય- જ્ઞાનમાં તદાકાર થઈ ડૂબી રહ્યાં હોય...**' અનંતા સિદ્ધો કેવળીઓ હોય અનંત. આહા..હા..! જાણે આ જ્ઞાનસ્વભાવમાં અનંતા કેવળી ડૂબી ગયા હોય. જેના જ્ઞાનના સ્વભાવમાં અનંતા કેવળીઓ જાણે અંતરમગ્ન થઈ ગયા હોય અંદર. એવું એનું સ્વપરપ્રકાશક સામર્થ્ય જ આવું છે. એ પર છે માટે એમ નહિ. આહા..હા..! '**જ્ઞાનમાં તદાકાર થઈ ડૂબી રહ્યાં હોય...**' લ્યો! અનંતા કેવળીઓ અને અનંતા એથી અનંતા નિગોદના જીવો, એનાથી અનંતગુણા પરમાણુઓ. આહા.હા.! અને એનાથી અનંતગુણા ત્રણકાળના સમયો, એનાથી અનંતગુણા આકાશના પ્રદેશો, એનાથી અનંતગુણા એક એક દ્રવ્યના અનંતા ગુણો. ઓહો..હો..! જ્ઞાનમાં એ જાણે બધા ડૂબી ગયા હોય. આહા..હા..! જ્ઞાયકસ્વભાવને સ્વભાવને લઈને એ અનંતા-અનંતા દ્રવ્ય અને એના અનંતા ગુણો. ઓહો..હો..! વર્તમાન જ્ઞાયક સ્વભાવની ખીલવટમાં વિકાસમાં એ બધા જાણે આવી ગયા હોય. એવડો જ આત્મા વિરાટ જ્ઞાયકસ્વભાવી છે.

ઓલામાં આવે છેને ગીતામાં? વિરાટસ્વરૂપ. વિરાટ-વિરાટ. એ વિરાટ આ. એવું આવે છે કાંઈક ગીતામાં. એ બધી વાતું. આ તો સ્વરૂપ આવું છે જીવનું. આહા..હા..! જેના જ્ઞાનના વિરાટ સ્વભાવની અંદર જાણે લોકાલોક પરજ્ઞેયો જાણે આવી ગયા હોય એવો જેનો જ્ઞાનનો વિરાટ સ્વભાવ છે. સમજાણું કાંઈ? પર્યાયની વાત ચાલે છે આ હોં! જીવસ્વભાવની વાત છેને? તો જીવનો સ્વભાવ ત્રિકાળી ચૈતન્ય શક્તિ છે એમાં પર્યાયમાં એ ચૈતન્ય શક્તિ પ્રગટ થઈ. એ પ્રગટ થવામાં ભલે મતિશ્રુતજ્ઞાન હો, પણ એ જ્ઞાનની દશામાં અનંતા જ્ઞેયો જાણે આવી ગયા હોય, અંતરમગ્ન થયા હોય અને ડૂબી ગયા હો અને તેનું જે અનંત જ્ઞેયનું સ્વરૂપ તે આકારે જ્ઞાન થઈ ગયું હોય. પોતાને કારણે. સમજાણું કાંઈ? પાઠમાં છેને. ધર્માદિ સાથે મમ નાસ્તિ. એમાં લાગતું વળગતું નાખ્યું છે આમાં. ટીકામાં અર્થ નથી. એનો અર્થ મારે અને જ્ઞેયને કાંઈ સંબંધ નથી. જ્ઞાન.. જ્ઞાન... જ્ઞેય એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છેને? પોતાનું જ્ઞાન બધા જ્ઞેયનું નિમિત્ત છે અને બધા જ્ઞેયો ગુણવાળા અને પર્યાયવાળા બધા આ જ્ઞાનમાં નિમિત્ત છે એ અહીં કહેવું નથી. આહા..હા..! એ તો જ્ઞાનનો સ્વપર સ્વભાવ પ્રકાશનો એવડો વિકાસ થઈને પ્રગટ્યો છે એમાં અનંતા જ્ઞેયો એનું તદાકાર જ્ઞાન થઈ ગયું છે. ભાષા તો એમ લેવાયને જ્ઞાનમાં તદાકાર થઈ ગયેલું જ્ઞાન. તદાકાર એટલે જેટલા જેવા જ્ઞેયો છે એનું સામાન્ય અને વિશેષ સ્વરૂપ, એનું અહીં જ્ઞાન થઈ ગયું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે એવાં...**' અંતરમગ્ન થઈ રહ્યા હોય અને જ્ઞાનમાં તદાકાર નમી રહ્યા હોય એવી રીતે એમ. આહા..હા..! એકલો એ તો જ્ઞાયકભાવના સ્વભાવવાળું તત્ત્વ છે. આ તો એક ગુણની વ્યાખ્યા એટલી કરી. જ્ઞાનગુણનો વિકાસ એટલો છે એનો

સમ્યક્ ભલે થોડું હોય. કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ જાણે છે, અને આ પરોક્ષ સ્વરૂપ કીધું છેને .. પ્રમાણ જ્ઞાન છેને. પોતાના જ્ઞાનના પ્રકાશ સ્વભાવમાં અનંતા કેવળીઓ અને અનંતા સિદ્ધો એટલે કેવળી. અનંતા-અનંતા કેવળીઓથી અનંતગુણા નિગોદ અને એથી અનંતગુણા પરમાણુઓ એથી અનંતગુણા કાળ આદિ જે એથી અનંતગુણા એક એક દ્રવ્યના અનંત ગુણો. એવા એક એક દ્રવ્યના અનંત ગુણો એવા અનંતા-અનંતા દ્રવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાનના પર્યાયના સ્વભાવમાં જાણે બધા ભગવાન સ્વરૂપે તદાકાર થઈ ગયો હોય. ભગવાનનો સ્વભાવ આત્મામય તદાકાર એટલે તેની વિશેષતાવાળું એવું જ અહીંયાં સ્વરૂપ એમાં પ્રકાશ થઈ ગયો હોય. એવો આત્મા જ્ઞાયક છે. એને અહીંયાં આત્મા પરિપૂર્ણ કહીએ. સમજાણું કાંઈ? આ જુઓ આવું માને એને આત્માની દયા કહી. આવડો મોટો જાણનારો જ હું છું. આહા..હા..! એણે એવા જીવને જીવનને આવડું છે એવડું એણે સ્વીકાર્યું છે. એણે જીવને જીવાડ્યો એટલે જેવો છે એવો રાખ્યો.. આહા..હા..! આવી વાત છે. આથી ઓછું, અધિક અને વિપરીત જાણે જ્ઞાનમાં તો વાસ્તવિક આ જ્ઞાન અનંત જ્ઞેયોને કાંઈ મારે એને સંબંધ નથી, કાંઈ વળગતું નથી એમ આવ્યુંને? જુઓને રાગને અને મારે કાંઈ સંબંધ નથી. આહા..હા..! કેમકે અનંતા પરદ્રવ્યોનો જ્ઞાયકભાવમાં, પર્યાયમાં નાસ્તિ છે, છતાં તે સંબંધીનું એવડા જ અનંત જ્ઞેયો. ઓહો..હો..! એકલી વાત છે કાંઈ.

મારા જ્ઞાનની પર્યાયમાં અને ત્રણકાળ અને ત્રળકાળથી અનંતગુણા આકાશ અને એનાથી અનંતગુણા એક જીવના ગુણો એવા અનંતા ગુણવાળા બધા જ્ઞેયો. ઓહો..હો..! ફક્ત મારા જ્ઞાનની એક સમયની પર્યાયમાં પૂર્ણ થઈ ગયું છે, જણાઈ ગયું છે. એવડો હું છું. એય..! ગિરધરભાઈ! આ બધા કામ કરીએ છીએ, બધું અમે કાર્ય કરીએ એમ નથી એમ કહે છે અહીંયાં. એ બધા અમે તે તે કાળે વર્તતા બધા અનંતગુણસહિત દ્રવ્યો, અનંતી એની પર્યાયો. આહા..હા..! તેને મારા જ્ઞાનના સ્વભાવના સામર્થ્ય વડે ગ્રાસીભૂત કરીને. કોળીયો કરીને. આહા..હા..! સમજાણું કાંઈ?

અને '**જાણે અત્યંત અંતર્મગ્ન થઈ રહ્યાં હોય...**' જેટલા એ અનંતાગુણવાળા અનંતા દ્રવ્યો. કારણ કે જેટલા દ્રવ્ય છે એથી અનંતગુણા તો એના ગુણ છે. આહા..હા..! એવા બધા મારા જ્ઞાન સ્વભાવમાં અંતર્મગ્ન થઈ રહ્યા હોય, જાણે તે આકારે થઈને બધા ડૂબી ગયા અંદરમાં આવી ગયા હોય. એકલો ભગવાન રહી ગયો આત્મા. મોહનભાઈ! આહા..હા..! આને આત્મા જાણ્યો અને માન્યો કહેવાય. આ જીવ અધિકાર છેને? કે જે જીવનો ચિત્શક્તિ સ્વભાવ એમાં તો અનંતગુણો સ્વભાવ છે શક્તિમાં, પણ પ્રગટ થયેલામાં જાણે અનંતા દ્રવ્યો, ગુણો અને પર્યાયો સમાઈ ગયા હોય. નહિતર ખરેખર તો રાગ વ્યવહાર છે એને જાણેલો પ્રયોજનવાન કહેતા રાગને જ્ઞેય તરીકે કહ્યો. અહીં રાગને જુદો પાડીને પછી ભાવકભાવ

કહ્યોને? ખરેખર એ તો જાણેલો પ્રયોજનવાન છે એનો અર્થ? જ્ઞાનમાં એ વ્યવહાર છે એ જણાય છે. એ વ્યવહારનું જેવું સ્વરૂપ છે એવું જ્ઞાનમાં તદાકાર આવી જાય છે, પણ મોહ એટલે પર તરફના સાવધાન ભાવ એને પરજ્ઞેયથી ભિન્ન બતાવીને એનાથી ભિન્ન જાણ્યો. હવે આ તો અનંતા જ્ઞેયોથી પણ ભિન્ન ભગવાન છે.

**'એવી રીતે આત્મામાં પ્રકાશમાન છે એવાં આ...'** આ એમ પાછી અસ્તિ બતાવે છે. ધર્માસ્તિકાય. ધર્મ દ્રવ્ય છેને? ધર્માસ્તિકાય. એ જાણે મારા જ્ઞાનમાં ડૂબી ગયું હોય. અધર્મસ્તિકાય. જેને સ્થિર થતાં નિમિત્ત છે વસ્તુ. **'આકાશ,...'** ઓહો..હો..! લોકાલોક આકાશ. અપેક્ષાથી ભેદ પાડ્યા બાકી વસ્તુ અખંડ આકાશ. એ જાણે જ્ઞાનની વિકાસતામાં પેસી ગયા હોય. ઓહો..હો..! જેનો અંત નથીને! બધું જણાઈ ગયું છે. અનંતદર્શી તો એ રીતે જણાઈ ગયું છે. જ્ઞાને આદિ અને અંત વિનાના તત્ત્વો એને આદિ અને અંત વિનાના એ રીતે જાણી લીધા છે. કેટલાક એમ કહે કે એ ક્યારથી એમ જાણ્યું નથી ત્યાં સુધી એ જ્ઞાન અધુરું છે. ક્યારથી પણ છે એ તો અનાદિ છે. આહા..હા..! સમજાણું? જેના જાણનારનો સ્વભાવ પણ અનાદિ છે. એ જણાય છે એ ચીજ જાણનારની સાથે સંબંધ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વિભાવથી જુદો જણાવ્યો, આ પરજ્ઞેયથી જુદો. વસ્તુ બે પ્રકાર છેને. અનંતા-અનંતા પોતાના દ્રવ્યથી અનંતા અનંતગુણા દ્રવ્યો અને એના અનંતા અનંતા ગુણો એટલી જેની ગુણની પર્યાયો. જ્ઞાન જે સ્વભાવસન્મુખ થયું અને આખા દ્રવ્યને સ્વીકાર્યું એટલે જ્ઞાનની પર્યાયમાં આટલા અનંતા જાણે પેસી ગયા હોય. આહા..હા..! એવું સામર્થ્ય છે. ખબર નથી એને. આહા..હા..! આત્મામાં. ઓલા બીજા બહુ શબ્દ લીધા છે. ૧૯૯ પ્રવચનસાર. ચીતરાઈ ગયા હોય, ખોડાઈ ગયા હોય. એમાં કીધા હતા. આહા..હા..! જુઓ. ૨૦૦ પૂરા. ત્યાં તો જ્ઞેય-જ્ઞાયક લક્ષણ સંબંધની વાત છે સંબંધ એટલે. અહીં તો એ નાખ્યું. જ્ઞેયજ્ઞાયક લક્ષણ તો અનિવાર્ય છે. એની વાત કરી. જુઓ. **'જાણે કે તે દ્રવ્યો જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય, ચીતરાઈ ગયા હોય, દટાઈ ગયાં હોય, ખોડાઈ ગયાં હોય, ડૂબી ગયાં હોય, સમાઈ ગયાં હોય, પ્રતિબિંબિત થયા હોય.'** ત્યાં એટલું નાખ્યું છે કે **'એક ક્ષણમાં જ જે પ્રત્યક્ષ કરે છે, જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધની અનિવાર્યતાને લીધે જ્ઞેય-જ્ઞાયકને ભિન્ન પાડવાં અશક્ય હોવાથી...'**

અહીં તો કહે છે એક જ્ઞાયકસ્વભાવપણાથી એટલું લેવું છેને અહીં તો? એક જ્ઞાયકસ્વભાવ, એકરૂપ સ્વભાવ જેનો. જાણવું એ, જાણવું એ આ હું એમ જાણવું એમ નથી. એ તો પોતાની સામું જોયું ત્યાં એ જ્ઞાયકની પર્યાયમાં આટલું જણાય છે એ જાણે અંદર ડૂબી ગયા હોય એમ અંદર. અહીં તો જ્ઞેય-જ્ઞાયક સંબંધનો વિષય છે. મારે અને એને કાંઈ લાગે

વળગે નહિ. નિમિત્તપણું મારામાં નથી એમ કહે છે. કહો, આહા..હા..! ત્યાં તો જ્ઞાનપ્રધાન કથન છેને એટલે ત્યાં. આ તો દૃષ્ટિ પ્રધાન કથન છેને ઉડાવી દીધું. ભગવાન આત્મા. આહા..હા..! એટલામાં લોક અને અલોક અને એનાથી પ્રદેશ અનંતગુણા ગુણો એ બધાને જેને જાણવાનું જેને સ્વભાવ એને મર્યાદા શી? એને હદ શી? આખો કોળિયો કરી ગયો એમ લીધું છે આ તો. આથી જો અનંતગુણું હોત કાળ અને વસ્તુ તોપણ તેનામાં જણાવાની તાકાત, જાણવાની તાકાત છે. આહા..હા..! ત્યારે ઓલા કહે છે કે જુઓ અનંતા જ્ઞેયો નથી માટે ત્યાં કહ્યા. માટે નિમિત્ત સંબંધ નથી માટે જ્ઞાન નથી. ક્યાં વાત? ત્યાં તો સામર્થ્ય બતાવવું છે એટલી વાત છે. ભારે ભાઈ! દૃષ્ટિ ફેરે. એની તાકાત છે પણ વીર્ય નથી ક્યાંથી જાય? નિમિત્ત હોય તો જાયને. એની અહીં વાત ક્યાં? અહીં તો જાણવાની તાકાત. આત્મા છે એને તો ગળી ગયું જ્ઞાન. એટલી તો મતિશ્રુત જ્ઞાનની પર્યાયની તાકાત છે. એય..!

જ્ઞેય જ્ઞાનની પર્યાયે. જે જ્ઞાનગુણની એક સમયની પર્યાય આવા લોકાલોકને ગ્રસી લે છે એવી અનંતી પર્યાયનું એક ગુણ એવા અનંતાગુણનું એકરૂપ એને જેણે પર્યાય સાબિત કર્યું. અસ્તિ છે એમ એને બેસી ગયું. જ્ઞાનની પર્યાયમાં આવડું .. છે એ જેને સ્વીકાર્યું એ પર્યાયની મહત્તાની શું વાત કરવી? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ..

મુમુક્ષુ :- વ્યક્તિની...

ઉત્તર :- નહિ. નહિ. અહીં તો વ્યક્તિની શક્તિની ચીજ છે. શક્તિ તો ત્રિકાળ છે. આ તો શક્તિની વ્યક્તિ.. એની વાત છે. શક્તિને જેણે સ્વીકારી એવી વ્યક્તિમાં એટલી તાકાત છે. સમજાણું કાંઈ? આવી વાત એ .. કાંઈક દયા પાળો અને વ્રત પાળો એ ઠીક પડે લ્યો. સૂઝ પણ પડે કાંઈક અજ્ઞાનની. અજ્ઞાન છે. જેને રાગ કરવો નથી, જેને જ્ઞેય સામું જોવું નથી છતાં એનું જ્ઞાન અંતર સ્વપરપ્રકાશના સહજપણે થાય એવો એ આત્મા છે. એવા આત્માને આત્મા તરીકે સ્વીકારે એણે આત્માને જાણ્યો અને માન્યો કહેવાય. જીવ અધિકાર છેને આ? આહા..હા..!

એ '**આકાશ, કાળ, પુદ્ગલ,...**' એ અનંતા જીવથી અનંતગુણા પુદ્ગલો અને '**અન્ય જીવ—**' અન્ય જીવમાં ભગવાન આવી જતા હશેને? સિદ્ધ, અરિહંત, પંચપરમેષ્ઠી. એય..! ગુરુથી ગુરુ છે અને અરિહંત છે એ પરદ્રવ્ય છે એનું અહીં જ્ઞાન થઈ જાય, પણ એ પરદ્રવ્યથી મને લાભ થાય એવો નહિ, લાભ થાય પોતાના સ્વભાવથી એમ અહીં કહે છે. સમજાણું કાંઈ? અન્ય જીવ છેને? અન્ય જીવમાં તો અનંતા નિગોદ પણ આવ્યા અને અનંતા સિદ્ધ પણ આવ્યા. સમજાણું? સંખ્યાત અરિહંત હોય આવી નહિ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પણ સંખ્યાતા. અને શ્રાવક હોય અસંખ્યાતા, સિદ્ધ હોય અનંતા. આ જીવની સંખ્યામાં આવા ભેદ છે. આહા..હા..! અરિહંત હોય સંખ્યાતા, સિદ્ધ હોય અનંતા, આચાર્ય, ઉપાધ્યાય

સાધુ એ સંખ્યાતા, શ્રાવક હોય અસંખ્યાતા. અને એથી અનંતગુણા નિગોદજીવ. આથી અનંતગુણા. આહા..હા..! કેટલો એનો સ્વભાવ! એવા અનંતા જીવોનો પાછો એક એક જીવના અનંતગુણો. આહા..હા..! ત્રણકાળના સમયથી અનંતગુણા. ક્યાંય કાળ અને ક્યાંય એથી અનંતગુણા ગુણો. ઓહો..હો..! દરેક જીવના અને દરેક પરમાણુ છે, દરેક દ્રવ્યના એ બધાને જ્ઞાનસ્વભાવ ગળી ગયું છે. એવો તું છો, એવડો તું છો. આહા..હા..! વિરાટ સ્વરૂપ ભગવાન આત્મા. એને જો તો છએ દ્રવ્ય જાણે પેઠા હોય એમ તને દેખાશે. એવું આવે છેને ક્યાંક નહિ? મોઢું ફાડીને બેઠા હોય. આખું બ્રહ્માંડ દેખાય. લ્યો આ. એ તો બધું કલ્પિત છે. આ ભગવાન જ્ઞાનસ્વભાવી વસ્તુ વિકાસ પામેલી પર્યાયમાં અનંતા દ્રવ્યો જગતના દ્રવ્યો પેઠા હોય એમ જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વસ્તુની મર્યાદા છે. કલ્પિત કરી બધી વાતું. આહા..હા..! તું તારી જ્ઞાનપર્યાયમાં જો તો આવા અનંતા લોકાલોકના દ્રવ્યો. જ્ઞાનમાં મગ્ન થયા છે એવું તારું જ્ઞાનની વિકસતી પર્યાયનું વિરાટપણું છે. એને આત્મા કહીએ.

'**એ સર્વ પરદ્રવ્યો...**' લ્યો અહીં તો સિદ્ધને પરદ્રવ્ય કીધા. .. ગયા. સિદ્ધ અને ગુરુ એ કાંઈ પરદ્રવ્ય કહેવાય? એનો પ્રશ્ન હતો. ચેતનભાઈનો દસની સાલમાં. શ્રીમદ્‌નું વાંચે. ત્યાં મકાન પણ રાખ્યું છે અગાસમાં. બસ ભક્તિ કરે આખો દિ' ટોકરી વગાડે. સવારમાં .. ઉઠે વહેલાં .. વહેલા ઉઠે. ઉઠીને .. ઝોલા ખાતા હોય. એની સ્તુતિ શું? સ્તુતિના શબ્દો પણ જ્ઞેય, ભગવાન જ્ઞેય. એય..! આહા..હા..! એવા અનંતા જ્ઞેયોનું જ્ઞાનસ્વરૂપમાં જાણે આવી ગયું એવો જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક એમાં રહેલી તાકાતવાળું એવું તત્ત્વ આત્માને કહીએ એમ કહે છે. રાગવાળું અને જ્ઞેયવાળું નહિ, પણ રાગ સંબંધીનું જ્ઞાન અને જ્ઞેય સંબંધીનું જ્ઞાન એવાવાળો જીવ છે. આહા..! સમજાણું કાંઈ?

'**એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી;...**' ઓલું કહ્યું નાસ્તિ. મમ નાસ્તિ. એમાંથી આવ્યું. ઓલામાં લાગતું વળગતું નથી એમ આવ્યું. શબ્દફેર. ઓલામાં નાખીને ફેરવવું. સંબંધ પણ નથી એટલે મારે અને એને લાગતું વળગતું કાંઈ નથી. એય..! સિદ્ધ ભગવાનને અને અરિહંતને આદિ મારે કાંઈ... આહા..હા..! આવો આત્મા છે. ઓલા કહે સર્વ જીવને અખંડ થયા એ .. શ્વેતાંબરમાં એવો શબ્દ છે. એની મોટી તકરાર અહીં તેરાપંથીની. ... સર્વ જીવ અખંડ થયા એ .. સર્વજીવની રક્ષા માટે .. ત્યારે તેરાપંથી કહે રક્ષા માટે નહિ પણ નહિ મારવા માટે કહ્યું, આ કહે કે રક્ષા માટે કહ્યું. એય..! મોટી તકરાર. અહીં કહે છે કે ભગવાનના વચનમાં એમ આવ્યું કે અનંતા દ્રવ્યો તારા જ્ઞાનમાં જણાય જાય એ માટે પ્રવચન કર. મોટી તકરાર થઈ હતી. એક મહિનો ચર્ચા ચાલી. એ કહેતા હતા. આમાં એ દલીલ કાંઈક ઠીક. આવી જ્યારે ત્યારે અમને ઠીક લાગે .. જ્યાં એની દલીલ ઠીક આવે તો ઢીલાઢસ થઈ જાય, વહોરવાની ઠીક પડે નહિ, મજા પડે નહિ. આવી દીક્ષા! એમ કે સર્વ જીવની રક્ષા

માટે. શાસ્ત્રમાં એવા આવે લખાણ, આપણે નહોતું આવ્યું નિયમસારમાં. રક્ષા માટે આવ્યું હતુંને. એ અર્થ. હવે એ મોક્ષમાર્ગ(પ્રકાશક)ના પાડે છે. રક્ષા માટે નહિ, ફક્ત પ્રમાદરહિત પરિણતિ છે ત્યાં એ જીવનું રક્ષણ પણ એવું થઈ જાય છે. મોક્ષમાર્ગ(પ્રકાશક) એમ કહે છે. ત્યારે એણે શાસ્ત્ર પ્રમાણે અર્થ ન કર્યો. એવું છે.

અહીં તો સત્ હોય એમ એનો અર્થ થવો જોઈએને. જ્ઞાનનું હોવાપણું જ આવડું છે. એ અનંતા જ્ઞેયોને જાણે, એના નિમિત્તની હયાતી માટે નહિ, પોતાના સ્વભાવના સામર્થ્યમાં જ આ બધું જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરદ્રવ્ય સાથે મારે કાંઈ સંબંધ નથી. ભાઈ આ ધર્મ પામે થોડા સુખી એવો તો સંબંધ ખરો કે નહિ? આ હમણાં પહેલી પચાસ હજાર કરી હતી. એકના હજાર રૂપિયા અને ઓલા વીસ હજાર.. પૂનમચંદ. સમાચાર આવ્યા નથી. ૫૦-૬૦ હજાર ખર્ચ્યા. ... કહે છે કે આહા..હા..! ભારે ભગવાન ભાઈ! આ પ્રચાર કરવો કે કરો એ બધું જ્ઞેયનું સ્વરૂપ છે એ જ્ઞેયને જાણે એવો એનો સ્વભાવ છે. કહો, ...ભાઈ! .. આવ્યા હતા એકદમ કરવા માટે. આ ..એય..! આહા..હા..! એ બધી વાતું છે. આ તો જ્ઞાનનો સ્વભાવ જ એવો છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એના ઉપકાર સહિતના પદાર્થો જેના જ્ઞાનમાં જાણવામાં આવી જાય છે. બસ આટલું એને. સમજાણું? ભવિષ્યમાં ઉત્પન્ન થશે એનું પણ જ્ઞાન જ્ઞાનમાં આવી જાય છે. આહા..હા..! એ કોઈ કરશે એમ નહિ. કારણ કે ત્રણકાળ સદા જણાણાને? તો વિકારમાં ઉત્પાદ-વ્યયસહિતનું બધું. ભૂતનું ઉત્પાદ-વ્યય વર્તમાન અને ભવિષ્યનું. બધા દ્રવ્યનું ઉત્પાદવ્યયસહિતનું જે .. બધું જ્ઞાનમાં આવી ગયું છે. કાંઈ બાકી રહેતું નથી. બાકી રહે તો અનંતાઅનંત ગુણો હોય તો જાણે એ બાકી રહી જાય છે. આ તો એક એમ કહ્યું છેને ઓલી વેલડી. વેલડીનો દાખલો. વેલડી હોયને આ. માંડવો. વાંસડા બાંધ્યા હોય ત્યાં સુધી વેલડી ચાલે વેલડી. પછી આઘે વાંસડા ન ચાલે. તો આમથી આમ પથરાય. એમાં વાંસડા જેટલી જ લાંબી થવાની શક્તિ છે એમ નથી. વેલ તો પથરાય વેલડી તો. એમ ભગવાન અમૃતનો માંડવો લોકાલોકનો. આહા..હા..! એટલો જ જાણવાની તાકાત છે એમ નથી. એથી અહીં ગ્રાસીભૂત કીધુંને ભાઈ? એમાં સમાડી દીધી છે એ વાત. ત્રણકાળ અને ત્રણલોકથી અનંતગુણા ગુણો, બધાને ગ્રાસીભૂત થઈ ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ છદ્મસ્થનું જ્ઞાન પણ એવડું છે એમ કહે છે. આ કેવળીની વાત નથી. સાધકજીવે જીવને આવો ધર્મ માન્યો છે એમ કહે છે.

**'એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી;...'** નાસ્તિ છેને પાઠમાં? .. એમ. એ નથી. ઉપયોગસ્વરૂપ એટલે જાણવાના સ્વભાવવાળો અને એ ઉપયોગ સ્વરૂપ એવો ને એવો આત્મા. કેટલી આમાં ધીરજથી એને પકડ્યો હોય આત્માને. આહા..હા..! આવો મહાપ્રભુ જેણે જ્ઞાનની પર્યાયમાં પકડ્યો છેને. તો એ જ્ઞાનની પર્યાયમાં આટલી તાકાત છે એવી પર્યાયવાળો આત્મા

એને આત્મા કહીએ. આહા..હા..! ગુણ તો છે, દ્રવ્ય છે, પણ એને પર્યાય જે જ્ઞાનમાં જ્ઞાનગુણવાળો જે જ્ઞાન અનંતાગુણોને જાણે, પોતાને જાણે, અનંતને જાણે, અનંતા અનંતા એના ગુણોને જાણે. ઓહો..હો..! એનો સ્વભાવ શું? એની મર્યાદા શી? એને હદ શી? એને આટલું જ જાણે એવી વાત શી? આનું નામ જ્ઞાતા-દ્રષ્ટા જીવ છે. સમજાણું કાંઈ?

એ પરનો કરનારો નથી, રાગનો પણ કરનારો નથી, પણ પરનો પરના સંબંધ વિના જાણે એવો એનો સ્વભાવ છે. એનો સંબંધ કર્યા વિના જાણે એવો એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ભગવાન તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા અરિહંતે આવો આત્મા કહ્યો છે. હવે એની તો ખબર ન મળે એને. આહા..હા..! ભગવાન અરિહંત નમો અરિહંતાણં. લ્યો! એવા અરિહંતે આવા આત્માને આત્મા તરીકે સ્વીકાર્યો છે અને આવો આત્મા છે એ માને એણે આત્મા માન્યો કહેવાય. આહા..હા..! કોઈની દયા પાળનારો છે માટે આત્મા. બીજાને ધર્મ ઉપદેશથી સમજાવે છે માટે આત્મા. ઘણાને સમજાવે એ માટે આત્મા. એ ના. ના. આહા..હા..! એ ઘણાને પોતાના સામર્થ્યથી ગળી જાય જાણવામાં એ આત્મા. આહા..હા..! ભગવાને કહેલો આત્મા આ. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. બોલેને મંગળિકમાં. બોલે ગડિયા. અર્થની કાંઈ ખબર ન મળે. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં, અરિહંતા શરણં, સિદ્ધા શરણં, શાહુ શરણં. એ ત્રણમાં પરદ્રવ્ય આવે છે અને આ કેવળી પણ્ણંતો ધમ્મો એમાં સ્વ આવે છે. અરિહંત, સિદ્ધ, શાહુ ત્રણ દ્રવ્ય આવે છે. કેવળી પણ્ણંતો ધમ્મો ભગવાને આવો જે જ્ઞાનનો ધર્મ એનો જે સ્વભાવ ત્રણકાળ ત્રણલોકને જાણે એ વર્તમાન છદ્મસ્થની પર્યાયમાં પણ એવડો એ આત્માને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! એ શરણ છે. એ મંગળિક એવું છે. ચારમા ત્રણ તો કેવળી પણ્ણંતો ધમ્મો ત્રણેય. કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. ભગવાને આવો જોયો છે તારો આત્મા. એ અમને અને અમારા જેવા અનંતા સિદ્ધોને અને અરિહંતોને પણ જે જ્ઞાનમાં ગળી જાય છે એનો અર્થ એ. આહા..હા..!

આમ તો એમ કહે કે એલા અહીંયાં બેઠા છેને એને ગળી જા તું? એમ કહે છેને આ? બહારમાં નથી કાંઈક. અમને ગણતો નથી ગળી ગયો છે. એમ કહે. માને નહિ. બોલાવ્યો અમને અને કાંઈ અમારી સામું જોયું પણ નહિ. અમને તો ગળી ગયો જાણે. જાણે મોટો થઈ ગયો. આ તો દુનિયાની તકરારની વાત છે. આ તો કહે છે કે અમે છીએ બધા. એને ગળી ગયો છે અંદર જ્ઞાનમાં જાણી લીધું છે. એ તો પરમસત્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એલા અમે પણ છીએને અનંતા સિદ્ધો, અનંતા નિગોદો આટલા, કેવળીઓ લાખો. સમવસરણમાં કેવળીની સભા ભરાય લ્યો. બધા પણ અમે છીએ કે નહિ? તું ગળી ગયો અમને? આહા..હા..! તમારી હયાતી તમારે લઈને છે. એવું મારા જ્ઞાનમાં મારી હયાતીમાં મને જણાઈ ગયું છે. ધીરૂભાઈ! આવું બધું નાગનેશમાં હતું આ? નહિ? .. આહા..હા..!

આ તો તીર્થંકર કેવળી પરમાત્મા જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન એની આ વાણી. એ વાણીમાં આવું જીવનું સ્વરૂપ કહ્યું. આહા..હા..!

કહે છે કે '**અન્ય જીવ-એ સર્વ પરદ્રવ્યો મારાં સંબંધી નથી;...**' આહા..હા..! અરિહંતને અને સિદ્ધને મારે કાંઈ સંબંધ નથી. એ સ્વતંત્ર પરદ્રવ્ય છે. તારે ને એને શું છે? કાંઈ તારે લઈને એ છે અને એને લઈને તું છો? એ છે માટે જ્ઞાનના પ્રકાશનું એમાં જણાય જાય છે એમ છે? એ જ્ઞાનનો જ સ્વભાવ ભગવાન. ભગવાન એવો આત્મા એનો જ્ઞાનસ્વભાવ જ આવો છે. એક જ્ઞાનગુણની આવડી વ્યાખ્યા જુઓ તો ખરા. આવડા અને આવડા ગુણો અને આવડી પર્યાયને જે માને એ શ્રદ્ધા કેવડી? અને આવા ગુણો અને આવડી પર્યાયમાં ભાન કરીને ઠરે એ ચારિત્ર કેટલું જોરદાર? આહા..હા..! '**કારણ કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ તો હું છું...**' નક્કી તો પર્યાય કરે છેને. એય..! જ્ઞાનની પર્યાય એમ માને છે. એમ છેને જુઓને. '**કે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવ...**' એ '**જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ...**' '**અંતરંગતત્ત્વ તો હું છું...**' આ તો બધા બાહ્યતત્ત્વ છે એ તો. આહા..હા..! ગજબ વાત છેને. સમયસાર એટલે. હાથ ધોઈ નાખ્યા. કેવળીની વાણી સાક્ષાત્. એવું સ્વરૂપ પણ.

'**એક જ્ઞાયકસ્વભાવપણાથી પરમાર્થે અંતરંગતત્ત્વ...**' આવી પર્યાયની તાકાતવાળું અને આવો જ્ઞાયકસ્વભાવ '**તે હું છું.**' સમજાણું કાંઈ? એણે આત્મા આવડો છે એવું જાણ્યું અને માન્યું ત્યારે કહેવાય. આ તો કહે હાલે ચાલે એ જીવ. શું કહે છે એ? સ્થિર રહે એ સ્થાવર, હાલે ચાલે એ ત્રસ. એ જીવ. અરે આ વ્યાખ્યા ક્યાંથી લાવ્યો આ? એય..! ઓલા .. આવ્યાને ગતિ કરે છેને એને ત્રસ કહીએ. એ પાણી અને અગ્નિને વાયુ .. પાણીને.. ગતિની અપેક્ષા. વ્યવહારની વાત કરી. આહા..હા..! પણ જીવ તો એને ભગવાન આત્મા એને કહીએ, જીવતો જીવ એને કહીએ. જેના જ્ઞાનમાં અનંતા જ્ઞેયો જ્ઞેયને અડ્યા વિના, જ્ઞેય સામું જોયા વિના. પોતાના અસ્તિત્વના સામર્થ્યમાં જે જણાય જાય છે એવો ભગવાન આત્મા એને અહીંયાં આત્મા કહીએ. આવા આત્માની પ્રતીતિ તેને સમ્યગ્દર્શન કહીએ. આહા..હા..! આવા આત્માનું જ્ઞાન એને સમ્યગ્જ્ઞાન કહીએ અને આવા આત્મામાં ઠરે એને ચારિત્ર કહીએ. સમજાણું કાંઈ? આ તો હવે ટાઢા પહોરમાં સ્વાધ્યાયનો કાળ છેને. ચાર મહિના ધમાધમ પણ ચારેકોરથી. હજારો માણસો આવે. આહા..હા..! પાંચ-પાંચ હજાર. ક્યું ગામ કીધું આ ઈંદોર. સવારમાં જુઓ તો આમ દરિયો ઉછળેલો. ક્યાંથી ભેગા થઈ જાય. એકદમ ભેગા થઈ જાય. એટલા વંડી સુધી માણસો ભરેલા હોય. અરે આકરી વાત ભારે આકરી પડે. વ્યવહાર કરો, આ કરો. એમ કહે તો એને સારું લાગે. આ કહે છે કે વ્યવહાર અને પરજ્ઞેય એને જાણનારો તેને આત્મા કહીએ. કરે એ આત્મા નહિ. કરે એ આત્મા રાગ

અને પરને એ અણાત્મા. આહા..હા..! વ્યવહાર તો સાધન કહ્યું છે. પ્રાપ્ત વ્યવહાર નિશ્ચય સાધ્ય સાધન નથી કહ્યું? અહીં તો કહે છે કે વ્યવહારનું સાધન જે રાગ અને પર એ બધું જ્ઞાનમાં જણાય જાય છે. એને આત્મા કહીએ. વ્યવહારને કરે અને જ્ઞેયના સંબંધે એના પરના શરીર, વાણીનો સંબંધ થયો માટે એને અહીં જ્ઞાન થાય. ભગવાનની વાણી મળી માટે એને જ્ઞાન થાય એવું જ્ઞાન એને આત્મા ન કહીએ. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! વાણી સાંભળી માટે જ્ઞાન થયું. અહીં તો કહે છે કે વાણી અને બધી આખી દુનિયા એને જાણવાનો સ્વતઃ પોતાને કારણે જ્ઞાનનો કર્તા થઈને જ્ઞાનનું પરિણમન થાય એને આત્મા કહીએ. પરને લઈને જ્ઞાન થઈ જાય એ આત્મા નહિ. આહા..હા..! ભારે લાગે હોં. બાપા! તારી શી વાત કરવી? પ્રભુનો પ્રભુ તું છો. અનંતા-અનંતા પ્રભુને પેટમાં રાખે એવો. પ્રભુતામાં .. થાય છે એવો આત્મા. આ તો પર્યાય પ્રગટ થઈ એવડી પોતે પ્રભુતા છે. આહા..હા..! કહ્યો છેને. આ તો ૨૭ ગાથા. પંચાસ્તિકાય. કર્તાકર્મ પ્રભુ શ્લોક છેને પંચાસ્તિકાય. ૨૭ ગાથા. પ્રભુ છે એ. ત્યાં તો બધી રીતે .. રાગનો કરવા સમર્થ છે અને જ્ઞાન કરવા પણ સમર્થ છે એ પ્રભુતા આહા..હા..! સમજાણું કાંઈ?

એવું '**અંતરંગતત્ત્વ તો હું છું...**' એમ નિર્મળ પર્યાય મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની. હું બધા લોકાલોકને જાણવામાં ગ્રસિભૂત મારો સ્વભાવ એવું અંતરંગ તત્ત્વ તો હું છું એમ પર્યાય કહે છે. કે આવો હું છું ત્યાં વળી વિકલ્પ નથી? એ અહીં પ્રશ્ન નથી. સમજાવામાં તો એમ જ આવેને. '**અને તે પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન...**' આહા..હા..! મારો સ્વભાવ તો અનંતાને જાણવું એ મારો સ્વભાવ છે. એ અનંતાને જાણું એમ નહિ પણ એ અનંતાને જાણવું એવો મારો સ્વભાવ એવા સ્વભાવવાળો હું છું. '**તે પરદ્રવ્યો મારા સ્વભાવથી ભિન્ન...**' જોયું! દ્રવ્યથી ભિન્ન નહિ, મારા સ્વભાવથી ભિન્ન એ લખ્યું છે. '**સ્વભાવવાળાં હોવાથી...**' '**મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળા...**' ઓહો..હો..! સિદ્ધનો સ્વભાવ એ પોતાના સ્વભાવથી ભિન્ન! એય..! એ તો આવે છેને પ્રવચનસારમાં ૪૮-૪૯માં એ તો બધા આત્માનો આવો સ્વભાવ છે. એક આવે છે. પરમાર્થે આત્મા .. જ્ઞાન અધિકારમાં આવે છે. આત્મા જ આવો છે. એમ ન સમજે કે કેવળજ્ઞાની આ વાત કરે છે. બધા આત્મા જ આવા છે. .. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે '**મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળાં હોવાથી...**' એ સિદ્ધનો સ્વભાવ મારા સ્વભાવથી ભિન્ન છે એમ કહે છે. એનો સ્વભાવ ત્યાં રહ્યો અને આ સ્વભાવ અહીં છે આનાથી તો ભિન્ન સ્વભાવવાળો છે. કેવળજ્ઞાનીનો આત્મા એ પણ મારા સ્વભાવથી ભિન્ન સ્વભાવવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ? બધું થઈને એક માનનારને મોટો ઘા વાગે-મારે છે. બધાને જાણવાવાળો સ્વભાવ તારો તારાથી, તે તેવડો તું. મારાથી એ સ્વભાવ

બધામાં ભિન્ન. આહા..હા..! ગુરુનો સ્વભાવ મારાથી ભિન્ન, એ દેવનો સ્વભાવ મારાથી ભિન્ન, સિદ્ધનો મારાથી અને કેવળીનો મારા સ્વભાવથી ભિન્ન. પરદ્રવ્ય છેને. આહા..હા..! '**પરમાર્થે બાહ્ય તત્ત્વપણાને છોડવા અસમર્થ છે...**' એ બાહ્ય તત્ત્વ અભાવ થાય એમ હોઈ શકે નહિ. બધા સ્વભાવ તત્ત્વ એનો અભાવ થાય એ અસમર્થ છે. વસ્તુ છેને એ. એટલે એમ કહ્યું છે કે એ બધા જણાય ગયા માટે અભાવ થઈને જણાય ગયા છે એમ નથી. '**(કેમ કે પોતાના સ્વભાવનો અભાવ કરી જ્ઞાનમાં પેસતાં નથી).**' એમ. એ તો સ્વભાવ ત્યાં ને ત્યાં એમ રહે. અહીં પેઠા એમ કીધું તો એ અભાવ કરીને અહીં પેઠા છે એમ નથી. એ સંબંધીનું અહીં જ્ઞાન થઈ ગયું એટલે જાણે અંદર પેઠા હોય એમ કહેવામાં આવે છે. એવડા આત્માને આત્મા જાણે એને આત્માને સમ્યગ્દર્શન કહેવાય. ત્યારે ધર્મની શરૂઆત એને કહેવાય. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ વદ-૫, શનિવાર, તા. ૦૧-૦૭-૧૯૭૨
## ગાથા-૩૭-૩૮, કળશ-૩૧, પ્રવચન-૧૧૪

૩૭મી ગાથા. જીવ-અજીવની. અહીં સુધી આવ્યું. '**(કેમ કે પોતાના સ્વભાવનો અભાવ કરી જ્ઞાનમાં પેસતાં નથી).**' ત્યાં સુધી આવ્યું. એમાં જીવ જ્ઞેયભાવથી ભિન્ન છે એમ કહેવું છે અહીં. પહેલામાં એમ કહ્યું હતું ભાવ્ય જે કર્મના સંગે ઉત્પન્ન થતો ભાવ્ય. એમાં એ પ્રશ્ન થયો હતો એમાં ચારિત્રમોહ એકલો લેવો ત્યારે એ મોહમાં ચારિત્રમાં. એ નહિ. તમારો પ્રશ્ન એ હતો કે ચારિત્રનો એકલો લેવો? ચારિત્રનો નહિ એ બધાની વાત છે. દર્શનમોહના ચારિત્રનો પ્રશ્ન છે જ નહિ. ભાવ્ય એ કર્મનો ભાવક અને એનાથી થતું ભાવ્ય, એનાથી વિમુખ છે. એમ બીજા આઠ કર્મને બધા લીધાને નોકર્મ. સોળ બોલ લીધા. અહીંયાં એક વાતમાં અનંત જ્ઞેયને જાણનાર છે. એવી એની સામર્થ્ય શક્તિ છે. જ્ઞેયનું જ્ઞાન અને જ્ઞેય અંદર પેઠા હોય એમ છ દ્રવ્યને જાણે ખરો, પણ એને અને મારે કાંઈ સંબંધ છે નહિ. અંતરંગ તત્ત્વ તો હું આત્મા જ્ઞાયકભાવવાળો. બાહ્ય તત્ત્વ તો આ ધર્માસ્તિ આદિ. પણ

એ કાંઈ પોતાનું તત્ત્વ છોડવાને સમર્થ નથી. બાહ્ય તત્ત્વ છે કે નહિ? જગતની ચીજ છેને?

'**વળી અહીં સ્વયમેવ, (ચૈતન્યમાં) નિત્ય ઉપયુકત એવો અને પરમાર્થે એક,...**' સ્વયમેવ ચૈતન્ય જ્ઞાન આનંદ સ્વરૂપ એવા ચૈતન્યમાં નિત્ય ઉપયુક્ત-નિત્ય રહેનારો. ઉપયોગ શબ્દ છેને. '**એવો અને પરમાર્થે એક,...**' ઉપયોગ જે છે એ ચૈતન્યમાં નિત્ય કાયમ રહેનારો.. ત્રિકાળી તો છે પણ આ તો સ્વભાવ પ્રગટ ઉપયોગ. એ ચૈતન્યનું '**નિત્ય ઉપયુકત એવો અને પરમાર્થે એક, અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા જ...**' જાણે છે. પોતે જ જાણે છે કે હું આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ છું. આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેય. '**એવો ભગવાન આત્મા જ જાણે છે કે- હું પ્રગટ નિશ્ચયથી એક જ છું...**' નિત્યાનંદ હું પ્રગટ પ્રત્યક્ષ જ્ઞાનમાં મતિ અને શ્રુતજ્ઞાનથી થતું પ્રત્યક્ષપણું અને તે પ્રગટ છું. અનાકુળ ધ્રુવ એવો આત્માને જેણે જાણ્યો, એણે આત્મા નિત્ય ઉપયુક્ત સ્વરૂપ અનાકુળ આત્માને અનુભવતો. અનાકુળ એટલે જેમાં આકુળતા નથી. તેવો અનાકુળ સ્વરૂપ એવો ભગવાન આત્મા એને અનુભવતો એને આત્મા કહીએ. બહુ વાતું. પોતાનું સ્વરૂપ જ અનાકુળ અને જ્ઞાન ત્રિકાળ. એના સન્મુખ થઈને એને અનુભવતો.

'**એવો ભગવાન આત્મા જ જાણે છે કે- હું પ્રગટ નિશ્ચયથી એક જ છું...**' મારું સ્વરૂપ તો એકરૂપ છે. અનંતજ્ઞેયને જાણતા છતાં જ્ઞાન અનેક ખંડ થયું નથી. એમ કહે છે. અનંત જ્ઞેયને જાણતા છતાં જ્ઞાન એકરૂપ છે એમાં અનેકતા નથી આવી. એવો હું એક એક જ છું. '**જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું (મિલન) હોવા છતાં પણ,...**' ... '**જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું (મિલન) હોવા છતાં...**' મિલન એટલે આ જ્ઞેય છે અને જ્ઞાન. એ જ્ઞેયનું જ્ઞાન અહીંયાં થયું એમ. એ જ્ઞેયનું જ્ઞાન એટલે જ્ઞાન. પોતાનું પણ જ્ઞેય સંબંધીનું પોતાનું જે જ્ઞાન થયું. એમ. ભાષા તો. '**જ્ઞેયજ્ઞાયકભાવમાત્રથી ઊપજેલું પરદ્રવ્યો સાથે પરસ્પર મળવું (મિલન)...**' આટલું મિલન. મિલન એટલે? જ્ઞેયનું અંતરમાં જ્ઞાન થયું એટલું મિલન. પરજ્ઞેય એમ નહિ. ઝીણો વિષય બહુ ભાઈ! આ જુઓ આમ પ્રશ્ન ઉઠ્યો તો ચર્ચા કરો કહે. પ્રેમચંદ ત્યાં ગયા હતાને પ્રેમચંદ? ખેરાગઢવાળા. ઓલા ચર્ચા કરો. ભાઈ ચર્ચા તો થઈ ગઈ છે. હવે ચર્ચા કોની કરવી? ... ઓલા માણસો. .. કર્યા હતા. પછી શું થયું ખબર નથી. વરઘોડો મોટો નીકળ્યો હતો પાંચ-છ હજાર માણસને. ચાર હાથી-ઘોડા. .. લોકો તો .. હવે એમાં તો અને ચર્ચા આમાં કરી છે નહિ આમાં. છપાઈ ગઈ છે. ઠેકાણા વિનાની ચર્ચા. ૬૦-૬૦ રૂપિયાના પુસ્તક છપાઈ ગયા. માલ વિનાની છે. ઉપાદાનની યોગ્યતા પ્રમાણે થાય, પણ જેવું નિમિત્ત આવે એ પ્રમાણેની એની યોગ્યતા થાય. હવે આ કાંઈ વાતનો મેળ ખાય? જેટલા .પાના ખર્ચ્યા છેને મેળ વિનાના.

દરેક આત્મા અને દરેક પરમાણુમાં પૂર્વની પર્યાયથી ઉપાદાન અને પછીની પર્યાય એટલે ઉપાદેય એ એનું કાર્ય. બસ આ ચાલે છે. વ્યવહારથી કહેવું હોય તો. નિશ્ચયથી તો એ કારણકાર્ય પર્યાય પોતે જ છે. પણ વ્યવહારના અધિકાર આવે તત્વાર્થરાજવાર્તિકમાં એમ લીધું. જે દ્રવ્યની પર્યાય પૂર્વ છે એ ઉપાદાન છે એ નિશ્ચય છે પાછી એમ. ફલાણી એમ નહિ. આ જ હોય અને એની પર્યાય પછી નવી પર્યાય થાય એ એનું કાર્ય કહેવાય. અને એ વ્યવહારથી સિદ્ધ કરવું હોય ત્યારે. આહા..હા..! નિશ્ચયથી તો દરેક દ્રવ્યની તે જ સમયની પર્યાય એ જ સમયે પોતાને કારણે ઉપજે કારણકાર્ય એની પર્યાયનું. પર્યાય કારણ અને પર્યાય આવી વસ્તુસ્થિતિ છે. આમાં બાપુ ઝઘડા શું? આહા..હા..! ઓલા શાસ્ત્રમાં આવે છે. પણ ક્યા લખ્યા કઈ અપેક્ષાએ એ જાણવું જોઈએને. આહા..હા..! ગતિમાં એ છો તું? કર્મવાળો છો એમ લખ્યું છે અને બીજે ઠેકાણે કર્મ વિનાનો એમ બેય લખ્યું છે. શરીરવાળો છો, કર્મવાળો છો, ભાષાવાળો. એકકોર ના પાડે કે ના. કર્મ ને રાગવાળો માનવો એ તો મિથ્યાત્વ છે. એવું આવે છે કે નહિ શાસ્ત્રમાં. એકકોર કહેવું કે નારકીના જીવને ત્રણ શરીર, દેવને ત્રણ શરીર, આઠ કર્મ હોય, જીવ છને બાંધે, પહેલા સાત-સાતને બાંધે, પછી એકને બાંધે. અહીં કહે છે કર્મને રાગવાળો માનવો એ ભવનું બીજ છે. પંડિતજી! એનો અર્થ કે વ્યવહારના રાગવાળો માનવો એ મિથ્યાત્વ છે એમ કહે છે. આહા..હા..! એક બાજુ વ્યવહાર છે ચરણાનુયોગ એમ કહે પણ છે એ શું? પ્રત્યક્ષ છે એમ. પૃથક્ છે એ પૃથક્ છે. આહા..હા..!

જ્ઞાનાનંદ સ્વભાવ જુઓને કહ્યું. જુઓને '**અનાકુળ આત્માને અનુભવતો એવો ભગવાન આત્મા...**' એક જ છું. ચૈતન્ય મહાપ્રભુ કહે છે કે હું તો એક જ છું. અનંત જ્ઞેયોને જાણવા છતાં હું અનેકરૂપે થયો નથી હું તો એક જ્ઞાનરૂપે જ રહ્યો છું. કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- વાત જરા ઉંડાણની છે.

ઉત્તર :- ઉંડાણની વાત છે. આહા..હા..! '**પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે...**' દેખો! કહે છે કે જ્ઞેયો અનંત છે એને હું જાણું છું એવું જે પરજ્ઞેયનું જ્ઞાન એની સાથે જેને મળ્યું હોય પોતાને. મળેલું હોય, પણ પોતે પોતે છે. જ્ઞાયકનું જ્ઞાન અને જ્ઞેયનું જ્ઞાન બેય થઈને પોતે છે. છતાં '**પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે...**' ધર્માસ્તિકાયનો વિકલ્પ ઉઠે એનો સ્વાદ ભિન્ન છે. હું તો જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એનો સ્વાદ તો અનાકુળ આનંદ છે. આહા..! આત્મા એ અનાકુળ આનંદ સ્વરૂપનો સ્વાદ છે અને ધર્માસ્તિ, અધર્માસ્તિ, '**આકાશ, કાળ, પુદ્‌ગલ અને અન્ય જીવો...**' એનો સ્વાદ ભિન્ન છે. એ ચીજ ભિન્ન છે. એનું લક્ષ કરતાં જે વિકલ્પ ઉઠે તેનો સ્વાદ જુદો છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે આવો આત્મા. હજી આત્મા કોને કહેવો અને કેવડો આત્મા એની વાત છે. અનંત જ્ઞેયોના મધ્યમાં રહ્યો છતાં એ જ્ઞેયને અડતો નથી, સ્પર્શતો નથી. છતાં

જ્ઞેયસંબંધીનું પોતાનું જે જ્ઞાન છે એનાથી એ ખાલી નથી. જ્ઞેયથી ખાલી છે. આહા..હા..!

અને **'પ્રગટ સ્વાદમાં આવતા સ્વભાવના ભેદને લીધે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ...'** દેખો! કર્મના નિમિત્તે થતાં ભાવ આદિને જ્ઞેયમાં નાખ્યા અને પુદ્ગલને **'અને અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું;...'** સિદ્ધ ભગવાન અને પંચ પરમેષ્ઠી અને નિગોદથી પણ હું તો જુદો છું. કહો, સમજાણું? **'અન્ય જીવો પ્રત્યે હું નિર્મમ છું; કારણ કે સદાય પોતાના એકપણામાં પ્રાપ્ત હોવાથી સમય (આત્મપદાર્થ અથવા દરેક પદાર્થ) એવો ને એવો જ સ્થિત રહે છે;...'** ભગવાન તો આત્મા જાણકપણે પોતામાં સ્થિત રહે છે. પરને અડતો નથી અને પરમાં જાતો નથી અને પર અહીં સ્પર્શતું નથી. જુઓ આ ૩૭ ગાથામાં જ્ઞેય જ્ઞાયકની સ્થિતિ. આહા..હા..! એવો ને એવો આત્મા જ્ઞાન સ્વભાવે સ્થિત છે. એકરૂપ પોતાના સ્વભાવે છે એનું નામ આત્મા. આવું તો સાંભળ્યું ન હોય ગિરધરભાઈ! પોષા કરો, પડિક્કમણા કરો અને સામાયિક કરો લ્યો. કહો, ચીમનભાઈ! આ પૈસાવાળાને દાન કરો કહેશે. પૈસા ખર્ચો પૈસા લેખે લગાડો પૈસા મળ્યા તે. કોણ લેખે લગાડે પૈસા? તે લેખે લગાડ્યા કહેવાય? એમાં તો રાગ આવે. આહા..હા..! ભારે! રાગ એ ભાવ્ય છે એનાથી ભિન્ન છે, પૈસો જ્ઞેય છે એનાથી ભિન્ન છે.

**'એવો જ સ્થિત રહે છે; (પોતાના સ્વભાવને કોઈ છોડતું નથી).'** કોને છોડે? જાણકસ્વભાવ એવું જે એનું સ્વરૂપ આત્માનું એ સ્વભાવને કેમ છોડે? **'આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું.'** લ્યો! ૩૬માં ભાવકભાવ્ય એનાથી ભેદજ્ઞાન કરાવ્યું હતું. ૩૬માં બધા નાખ્યા. આમાં નહિ. આમાં તો જ્ઞેય થઈ ગયોને. ભાવકભાવમાં ૧૬ બોલ નાખ્યા હતા. એ સિવાય પણ કેટલાક.. આના તો જેટલા જ્ઞેયો છે પર, એ સંબંધીનું જ્ઞાન છે એ મારું. એ તો મારું જ્ઞાન છે. મારા સંબંધીનું એ તો જ્ઞાન મારું છે. એમાં હું એકરૂપે રહ્યો છું. આહા..હા..! **'આ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થયું.'** લ્યો. ૩૬માં ભાવ્યભાવકથી ભેદ કહ્યો હતો અને આ જ્ઞેય. આહા..! એકકોર આતમ રામ અને એકકોર આખું લોકાલોક. એને જાણનારો સ્વભાવ મારો છે. એની ચીજનો સ્વાદ જુદો છે. કહો, સમજાણું? એ ચીજ મારી છે અથવા એ ચીજનું લક્ષ થતાં વિકલ્પ ઉઠે એનો સ્વાદ જુદો અને મારો સ્વાદ તો જ્ઞાનસ્વરૂપી અનાકુળ. એવા સ્વાદ ભેદને લઈને મારો એવો ને એવો સ્વભાવ જાણક રહે એ એકરૂપે રહે એ પ્રકારે જ્ઞેયભાવોથી ભેદ થયું લ્યો.!

## શ્લોક-૩૧

(मालिनी)
इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः।
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः।।३१।।

શ્લોકાર્થ :— [इति] આમ પૂર્વોકત પ્રકારે ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં [सर्वैः अन्यभावैः सह विवेके सति] સર્વ અન્યભાવોથી જયારે ભિન્નતા થઈ ત્યારે [अयं उपयोगः] આ ઉપયોગ છે તે [स्वयं] પોતે જ [एकं आत्मानम्] પોતાના એક આત્માને જ [बिभ्रत्] ધારતો, [प्रकटितपरमार्थैः दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः) જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવાં દર્શનજ્ઞાનચારિત્રથી જેણે પરિણતિ કરી છે એવો, [आत्म-आरामे एव प्रवृत्तः] પોતાના આત્મારૂપી બાગ (ક્રીડાવન)માં જ પ્રવૃત્તિ કરે છે, અન્ય જગ્યાએ જતો નથી.

ભાવાર્થ :— સર્વ પરદ્રવ્યોથી તથા તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી જયારે ભેદ જાણ્યો ત્યારે ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા જ રહ્યો, અન્ય ઠેકાણું ન રહ્યું. આ રીતે દર્શનજ્ઞાનચરિત્ર સાથે એકરૂપ થયેલો તે આત્મામાં જ રમણ કરે છે એમ જાણવું. ૩૧.

## શ્લોક-૩૧ ઉપર પ્રવચન

'**અહીં આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**' ૩૧ કળશ. હવે આવો ધર્મ .. આકરું લાગે એને. એ કરતાં તો દયા પાળવી, ઈચ્છામી પડિક્કમણું ઈરિયા વરિયા... કર્યું છે કે નહિ ગિરધરભાઈ! કર્યું હતું? આહા..હા..! આ દયા છે. બીજી દયા પાળે કોની? એ તો જ્ઞેય છે કહે. એ સંબંધીનું જ્ઞાન અહીં... એવો આત્મા તેને હું માનું. આહા..હા..! ઓલામાં તો આત્મા.. અશુભભાવ. એ વિકારીભાવ. .. ઓલા આત્મસિદ્ધિ આપ્યું ત્યારે. ડોક્ટર મોટો

હતો. ... બધાને. શું કહેવાય એ? સ્ટાફ. એને આપીએ છીએ. આ પણ .. ક્યાં છે અહીં તો આખો દિ' આ .. એમ કે કરવા જેવું તો આ છે. આ પ્રસાદી છે. ... આપી હતી બધાને. આહા..હા..! આત્મા શું છે એની સાબિતીની ખબર ન મળે. હું કેવડો અને ક્યાં છું, કેમ છું એની ખબર ન મળે. આહા..હા..! પોતે એકલો જ્ઞાયકસ્વભાવભાવ અને અનાકુળ આનંદસ્વભાવભાવ એવો એ આત્મા તે પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદવાળો આત્મા. એ પરમાં એક રજકણ અને રાગના કણથી પણ તદ્દન જુદો એવું જ એનું હોવાપણું, અસ્તિત્વ એવી દશા છે એની. સમજાણું? કળશ-૩૧.

(मालिनी)

इति सति सह सर्वैरन्यभावैर्विवेके
स्वयमयमुपयोगो बिभ्रदात्मानमेकम्।
प्रकटितपरमार्थैर्दर्शनज्ञानवृत्तैः।
कृतपरिणतिरात्माराम एव प्रवृत्तः।।३१।।

લ્યો સમય આવ્યું જુઓ. એ ટીકામાં લીધું કળશમાં. મિથ્યાત્વ ગયે ત્રણે છે સાક્ષાત્ મોક્ષમાર્ગ દર્શન.. એમ લીધું ભાઈએ કળશટીકામાં. એ દર્શન મિથ્યાત્વ ગયે પૂર્ણ જ્ઞાયકસ્વભાવ એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા સાક્ષાત્ મોક્ષમાર્ગ છે એમ કીધું. ... ઓલા કહે ચોથે ગુણસ્થાને ચારિત્ર હોય, હવે સાંભળને. જેટલા ગુણો છે એનો અંશ બધો પ્રગટ છે. ચારિત્રગુણનો અંશ પ્રગટ છે. શ્રદ્ધાનો પ્રગટ સમકિત છે, જ્ઞાનનો પ્રગટ સ્વસંવેદન છે. વીર્યનો પ્રગટ સ્વરૂપની રચનાવાળું એ બધું પ્રગટ છે. આહા..હા..! આ અમને દેખાય છે જુઓ નિમિત્ત આવ્યું. માટીમાંથી ઘડો કુંભાર કરે તો થાય. પ્રત્યક્ષ દેખાય. એની મેળે માટીનો ઘડો થાય છે? લ્યો! શ્રીમદ્‌માં આવે છે. લાખ વર્ષ સુધી માટી રહે. કુંભાર વિના ઘડો થાતો હશે? એમ એમાં આવે છે. ૨૯મા અધ્યાયમાં આવે છે. અરે લાખવાર શું અનંતવાર તારો જે સમયનો જે પર્યાય નિશ્ચયથી પરની અપેક્ષા રાખ્યા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પર્યાય પણ પરની અપેક્ષા રાખ્યા વિના એ કર્મનો ક્ષયોપશમ થાય છે, અભાવ થાય માટે થાય એમ પણ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એવો કોઈ દાખલો બતાવી દો

ઉત્તર :- આ અનંત દાખલા છેને વળી દાખલા કેવા? પણ રહે એનો પ્રશ્ન ક્યાં છે? રહે, ન રહે એને કારણે. આ એક એક સમયનો પર્યાય સ્વતંત્ર સત્ છે એ દાખલા અનંતા છે સમય સમયના. છે કે નહિ એ સત્? અને ઉત્પાદવ્યયધ્રુવયુક્ત એ સત્ છે કે નહિ? અને એ ઉત્પાદ પોતાથી થાય, એ ઉત્પાદ પરથી થાય એવું છે ત્યાં? ઉત્પાદ, વ્યય અને ધ્રુવ દરેક ગુણનો સમયે સમયે ઉત્પાદ એ પૂર્વનો વ્યય અને સત્ દ્રવ્ય ધ્રુવ. હવે આ એક જ સૂત્રે પ્રત્યક્ષ છે કે ઉત્પાદ ઉત્પાદથી થાય છે. પણ ઓલા બીજા શાસ્ત્રો હોય સ્વ પ્રત્યે,

સ્વપરપ્રત્યે. હવે એ તો વ્યવહારનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! અનંતા દાખલા સમયે સમયે બની રહ્યા છેને. દરેક દ્રવ્યનો એક સમયનો તે પર્યાય તેને કાળે તે કાળલબ્ધિથી તેને ઉત્પન્ન થયો છે. એમાં પરની અપેક્ષા છે નહિ. આહા..હા..!

૬૨મી ગાથામાં ચર્ચા ન થઈ ત્યાં? ઈસરી. ઓલા પંડિતો હતાને. વિકાર, વિકાર પોતાથી થાય. દ્રવ્યગુણની અપેક્ષા નહિ જેને. નિમિત્તની તો નહિ. નિશ્ચયથી નિરપેક્ષ વિકાર. વિકાર હોં. આહા..હા..! એમાં પર્યાય છેને? સત્ છેને? રાગ-દ્વેષ વાસના જે ઉત્પન્ન થાય એ સ્વતંત્ર છે. એને નિમિત્તથી થાય છે એ તો વ્યવહારનું કથન છે. એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. વસ્તુ એમ નથી.

અહીં તો કહે છે લ્યો! **'આમ પૂર્વોકત પ્રકારે ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં...'** જુઓ, ૩૬માં ભાવકભાવ્ય, ૩૭માં જ્ઞેયભાવ. એમાં ભેદ છે એવી પર્યાય ઉત્પન્ન થઈ એ સ્વતંત્ર થઈ. સમજાણું કાંઈ? રાગ, દ્વેષ વગેરે વિકલ્પો એ ભાવ્ય, એ થવાને લાયક હતી પર્યાય એને સ્વભાવ સન્મુખથી જ્યાં ભિન્ન આત્માના અસ્તિત્વને એમાં જે સમ્યગ્દર્શન જ્ઞાન પર્યાય ચારિત્ર એ પ્રત્યક્ષ પોતાથી થઈ છે. કહો, નિમિત્તથી થઈ છે એમ છે નહિ. કર્મનો અભાવ થયો માટે થઈ એ તો બધા વ્યવહારની વાતું છે. આહા..હા..! ભાવ, ભાવકભાવ અને જ્ઞેયભાવ લ્યો બેય. એ તો જ્ઞેયભાવ છે. એનાથી ભેદજ્ઞાન થયું. ભગવાન કહે છે કે હું પણ પરજ્ઞેય છું તારા માટે. આહા..હા..! એનાથી જુદો તું છે, એમ જુદો જાણ. મારાથી જુદો છો એમ તું જાણ એમ કહે છે.

**'આમ પૂર્વોકત પ્રકારે ભાવકભાવ અને જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં...'** **'सर्वैः अन्यभावैः सह विवेके सति'** લ્યો! **'સર્વ અન્યભાવોથી જ્યારે ભિન્નતા...'** નામ વિવેક થયો. વિવેક થયો એટલે ભેદજ્ઞાન. ભિન્નતા થઈ. વાત એટલી છે કે એની પર્યાય પર તરફ લક્ષવાળી છે એને સ્વમાં કરવી એટલી ત્યાં વાત છે. આહા..હા..! એમાં આ બધું થઈ જાય છે. સમજાણું? આખો ભગવાન આવો એ જ્ઞાનની વર્તમાન પર્યાય જ્યારે એના સન્મુખ થાય છે ત્યારે એમાં સ્વીકાર થાય છે. તેથી તે પરથી ભેદ થઈ ગયો. આહા..હા..! વ્યવહારવાળાને આ આકરું પડે. ઓહો..હો..! આવું છે .. કહ્યું હતું કે નહિ? આઠ કર્મના ક્ષયથી મોક્ષ કહ્યું છે કે નહિ લ્યો! એય..! પણ કહ્યું તો કઈ અપેક્ષાએ? એ તો અંદર હતો કર્મરૂપે એનું અકર્મરૂપ પરિણમન થવાનો કાળ હતો તો થયો છે એમાં. એ અહીં જણાવ્યું છે એટલું, પણ એને લઈને કેવળજ્ઞાન થયું એમ છે? આહા..હા..!

અહીં તો કહ્યું **'જ્ઞેયભાવોથી ભેદજ્ઞાન થતાં...'** કર્મ પણ જ્ઞેય, ભગવાન જ્ઞેય, સિદ્ધ જ્ઞેય, અરિહંત જ્ઞેય. પાંચ પદમાંથી.. અનંતા નિગોદના જીવ એ જ્ઞેય. આહા..હા..! એની દયા પાળવા માટે ભગવાને કહ્યા છે શાસ્ત્ર એમ છે? ભગવાને તો કીધું કે એ બધા જ્ઞેયથી

ભિન્ન છે એ કરવા માટે શાસ્ત્ર કહ્યા છે. એય..!

મુમુક્ષુ :- બધી નય આવી ગઈ.

ઉત્તર :- બધું આવી ગયું. આહા..હા..!

**'सर्वैः अन्यभावैः सह विवेके'** આત્મા સિવાય નિર્દોષ ભગવાન આત્મા પવિત્ર આત્માની જ્યાં દૃષ્ટિ થઈ એથી એને અન્યભાવ, રાગ અને અન્ય ભાવ જ્ઞેય જ્યારે ભિન્નતા થઈ ત્યારે **'આ ઉપયોગ છે તે પોતે જ પોતાના એક આત્માને ધારતો,...'** લ્યો! એટલે કહે છે કે વસ્તુનો જ્યારે પરથી ભિન્ન થયું એ ઉપયોગને રહેવાનું સ્થાન તો દ્રવ્ય રહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! જાણવા-દેખવાનો જે ઉપયોગ એ જ્યારે પરથી ભિન્ન પડ્યો અને એ ઉપયોગને ઠરવાનું સ્થાન તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે કર્મ માર્ગ આપે તો થાયને. પ્રતિબદ્ધ કારણ ટળે તો થાયને. અરે! સાંભળને. નિશ્ચય પ્રતિબદ્ધ તેં ટાળ્યું કે આ રાગ હું અને આ હું એ ટાળ્યું તેં એ બધું કર્મ ટળેલું જ હોય છે. ગિરધરભાઈ! બહુ આવો માર્ગ છે વીતરાગનો. તીર્થંકર વીતરાગ પરમેશ્વર એનો આવો માર્ગ છે. લોકોને મળ્યો નથી. અરેરે! આવા જીવન જાય છે. જેને સુધારવાના કાળ આવ્યા એને બગાડવાના કાળમાં કાળ લઈ જાય છે. કોકને માટે આ ક્યાં છે?

કહે છે કે આહા..હા..! પરદ્રવ્યને હું સમજાવી દઉં, સુધારી દઉં એ તારા સ્વરૂપમાં ક્યાં છે? તું એનો જાણનાર એ ભિન્ન પડ્યો. એને અન્ય ભાવની સાથે વિવેક થયો. લ્યો 'ધર્મ વિવેકે નીપજે.' આ. એમ તો બોલતા કે નહિ? 'ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેચાય.' એમ બોલતા તમારે. ગઢડામાં બહુ બોલે છે. .. 'દયા તે ધર્મની વેલડી. દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ. અનંત જીવ મોક્ષે ગયા દયા તણા આ દયા.' એ ગડીયા દેખે. ગડીયા છેતે. નરસિંહભાઈને એ બધા ગોખ્યા કરે આખો દિ' જુઓ, ભગવાનના કામ કરીએ છીએ. પરની દયા તે સુખની વેલડી. એય..! મનસુખ! દયા તો તારી દયા, જેવો છો એવો જાણ એનું નામ દયા, જેવો છો એવો ન જાણ એનું નામ હિંસા. એટલે કે એવો હું નહિ એનું નામ હિંસા. આહા..હા..! વીતરાગ માર્ગ, તીર્થંકરનો માર્ગ એવો છે. ઓહો..હો..! એ કાંઈ કોઈ પાંચ, પચાસ લાખ, બે હજાર કે છવ્વીસ લાખ .. કાગળ આવ્યો હતો.. ૨૬ લાખમાં .. ઉપર ચાર હજારને આજે આવ્યું છે. જૈનમિત્રમાં. આ તો અનંતકાળની ચીજ છે એમાં ૨૬ લાખ માને કે ન માને એની સાથે સંબંધ શું? આંકડા થોડા હોય.. થોડા ખ્રિસ્તીના ઝાઝા. સૌથી થોડા. આહા..હા..! જૈનનો સંપ્રદાય મળવો એ તો મહાપુણ્ય છે. છતાં એ કાંઈ ધર્મનું સાધન નથી. આહા..હા..! ધર્મનું સાધન તો સ્વભાવસન્મુખ થઈ અને અંતર સાધનના ગુણથી સાધન પ્રગટે ત્યારે એને સ્વભાવ સાધન કહેવામાં આવે છે. એ સાધ્યનું સાધન છે. છેલ્લી ગાથાઓ છેને?

**'આ ઉપયોગ છે તે પોતે જ પોતાના એક આત્માને જ ધારતો,...'** જાણવાના ઉપયોગે જ્યારે પરથી ભિન્ન આત્માને જાણ્યો એટલે એ ઉપયોગને રહેવાનું, રમવાનું સ્થાન તો એ જ રહ્યું. સમજાણું? ઉપયોગમાં પરને પોતાના માન્યા હતા. એનાથી કોઈ લાભ થાશે, રાગથી થાશે, આ નિમિત્તથી થાશે. ત્યાં સુધી તો ઉપયોગ ત્યાં રમતો હતો, પણ એનાથી ભેદ થયો એને રમવાનું સ્થાન તો આ રહ્યું. દરિયાના વહાણમાં બેઠેલો કાગડો અને એ વહાણ ચાલ્યું દસ-વીસ ગાઉ આઘે. હવે ઉડી ઉડીને ક્યાં જાય? ત્યાં ને ત્યાં જાય નીચે. આસપાસ ઝાડ નહિ, પાળ નહિ, ગામ નહિ. જાય ક્યા? એકકોર બેઠો હોય. દરિયાને કાંઠે વહાણ હોય એને ખબર નહિ કે આ વહાણ ચાલશે તો આઘું. બેઠો રહ્યો એકકોર. વહાણ ચાલ્યું. ગયું ૨૫-૫૦ ગાઉ છેટે. હવે? એને ઉડીને ત્યાં આવવું ફરી ફરીને. એમ રાગ અને પરથી ભિન્ન પડેલો ઉપયોગ એ ફરી ફરીને જાય ક્યાં? અંદરમાં જાય. કહો, સમજાણું કાંઈ? એ કહે છે જુઓ.

**'एकं आत्मानम्'** 'ધારતો,...' એટલે પરિણમતો. એમ. **'આ ઉપયોગ છે તે પોતે જ પોતાના એક આત્માને જ ધારતો,...'** અંતરમાં એકાગ્ર થતો. **'बिभ्रत्'** શુદ્ધ પરિણમન કરતો ઉપયોગ એમ કહે છે. **'प्रकटितपरमार्थैः दर्शनज्ञानवृत्तैः कृतपरिणतिः'** જુઓ, ત્રણે શબ્દ લીધા જુઓ, **'જેમનો પરમાર્થ પ્રગટ થયો છે એવાં દર્શનજ્ઞાનચારિત્રથી જેણે પરિણતિ કરી છે એવો,...'** જુઓ, ત્રણે લીધા. એમ કે મિથ્યાત્વ ગયું ત્યાં ચારિત્ર ક્યાં આવ્યું? મોક્ષમાર્ગ ત્યાં ક્યાં આવ્યો? એમ ત્રણે આવ્યા. શું કીધું આ? આહા..હા..! આ તો પહેલેથી શરૂઆતમાં જ્ઞેય જ્ઞાયકની એકતા અને ભાવ્યભાવકની એકતા મિથ્યાત્વ. ત્યાંથી શરૂઆત કરીને પૂરું કરે છે જ્ઞાનમાં. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વભાવી ભગવાન પરને જાણવું એમ કહેવું એમ વ્યવહાર છે. પોતે પોતાને જાણે એમ ભેદ પાડવો એ વ્યવહાર છે. આહા..હા..! એ જ્ઞાન જ્ઞાનમાં ઠરે છે ત્યારે એને **'પરમાર્થ પ્રગટ થયો છે...'** ઓલું મિથ્યાત્વ અને અજ્ઞાન હતું એ નાશ થઈ અને દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ પ્રગટ થઈ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ સ્વરૂપ રમણતા.

ભગવાન આત્મા વસ્તુએ પરિપૂર્ણ શુદ્ધ અને આનંદ હોવા છતાં એના ઉપયોગમાં જાણવાના વેપારમાં રાગ સાથે એકતા અને પર સાથે એકતા હતી તો ત્યાં અજ્ઞાનમાં રમતો. મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર ત્રણમાં. એનાથી ભેદ થયો અને ભેદપણે રહ્યો. રાગ અને દ્વેષથી જુદો થયો અને જુદાપણે રહ્યો ત્યાં ત્રણે થઈ ગયા કહે છે દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આહા..હા..! આમાં અર્થ એ કર્યો છે હોં. કળશટીકામાં. બે-ત્રણ ઠેકાણે એવું આવે છે. સમ્યગ્દર્શન થતાં ત્રણ ક્યાંથી થઈ ગયા? મોક્ષમાર્ગ તો ત્રણ છે. એ ત્રણે થયા સાંભળને. આહા..હા..! એ તકરાર. સ્વરૂપાચરણ ચોથે ન હોય. વીતરાગભાવ હોય ત્યાં સ્વરૂપાચરણ નિર્વિકલ્પ દશા હોય

છે. આવી તકરારું. કોની સાથે? તારી સાથે છે. આહા..હા..!

જ્ઞાનસ્વભાવ ભગવાન પૂર્ણાનંદ એનું જ્યાં અંતર તરફથી ભાન થયું, વિવેક થયો એટલે એને રહેવાનું સ્થાન તો એક જ રહ્યું. રાગમાં ઉપયોગ જાય તો એ ઉપયોગ રાગમાં ગયો નથી એમ કહે છે. એય..! ઉપયોગમાં ઉપયોગ રહ્યો હતો. રાગથી ભિન્ન પડીને ઉપયોગ ઉપયોગમાં રહ્યો છે એમ કહે છે. આવું સાંભળવા મળવું મુશ્કેલ અને મળે તો બેસવું મુશ્કેલ. બીજા ચડી ગયા રસ એવા. સ્થાનકવાસીમાં દયા પાળો, દેરાવાસીમાં પૂજા ને જાત્રા કરો, દિગંબર કહે આ ખાવાનું ન ખાવ, શુદ્ર જળનું પાણી લે. આહા..હા..! જે કરવાનું હતું એ કર્યું નહિ અને નહિ કરવામાં રોકાઈ ગયા.

કહે છે જેણે દર્શનજ્ઞાનચારિત્રથી જેણે પરિણતિ કરી. **'એવો, પોતાના આત્મારૂપી બાગ...'** ભેદ કર્યો છે. એમાં **'જ પ્રવૃત્તિ કરે છે,...'** ભેદથી વ્યવહારથી. કારણ કે એ પોતે એ રૂપે થઈ રહ્યો છે. આત્મા આનંદ સ્વરૂપે ઉપયોગરૂપે પરિણમી ગયો છે. એટલે આત્મા વળી આ ઉપયોગરૂપે પરિણમવું એમ ભેદ પાડો એ ઉપયોગરૂપ દશા જ થઈ ગઈ એની. નીચે લીધું છેને. ટીકામાં લીધું છે. એમ કે વ્યવહાર છે આ તો. આત્મા અને આત્માના ઉપયોગને અંદરમાં રમે તો એ તો આત્મા ઉપયોગમાં રમે એટલો વ્યવહાર થઈ ગયો. લીધું હતું ત્યાં. ઓલામાં આવે છે. એમાં છે. કળશટીકામાં તો આ. .. એ આવ્યું હતું લ્યો! ... 'ઉપયોગ આત્મારૂપી ક્રિડાવનમાં પ્રવૃત્ત થયો એ પ્રકારે વ્યવહારનયનો આશ્રય કર્યો છે. અર્થાત્ ઉપયોગ આત્મસ્વરૂપ થઈ ગયો.' એ નીચે. ભાઈ! જ્ઞાનસ્વરૂપી, આનંદસ્વરૂપી છું એ રૂપે થઈ ગયું. એ તો એ રૂપે રહ્યો. જુઓ, 'અતિશય સુંદર આત્મરૂપ થઈ ગયો. એ પ્રમાણે નિશ્ચયનયનું અવલંબન કર્યું, જોકે પ્રકરણમાં સર્વથા કાર્યકારી છે અને .. ઉપયોગ આત્મારામ છે. આત્મારૂપી ક્રિડાવનમાં પ્રવૃત્ત થયો એ વ્યવહારનો આશ્રય. ઉપયોગ અને આત્મા અહીં ભેદ વિવિક્ષા લીધી.' એ જયચંદ પંડિતનું. આત્મા પોતાનો ઉપયોગ સ્વરૂપ થઈ ગયો. એકલો જાણવા-દેખવાના ભાવપણે પરિણમી ગયો. એ રાગ અને પરરૂપે પરિણમતો, માનતો એ માન્યતા ફરીને જ્યાં વિવેક થયો પરથી, પોતાના સ્વરૂપમાં આનંદરસથી, જ્ઞાનરસથી. એનું નામ આત્મા.

ઓલા કહે આત્મા.. આત્મા ક્યાં રહેતો હશે? ડોક્ટર. મૂળચંદભાઈના જમાઈ. આમ બહુ રૂપાળો હતો. ડોક્ટર. પણ આત્મા ક્યાં રહેતો હશે? આત્મા શું હશે એમ કહ્યું. એનો અંત કે દિ' આવે? હવે એ રાતે પૂછ્યું. અરેરે! ઘરની વાતમાં આવા પ્રશ્નો! ભારે આ તો અંધારું. ડોક્ટર, કારખાના મજૂરી કરે. તારી વસ્તુ તું. ભગવાન સાક્ષાત્ પ્રગટ આત્મા છે ચિદાનંદ. પ્રગટરૂપ જ વસ્તુ છે. વસ્તુ અપ્રગટરૂપ કેવું? એ રૂપે જ્યારે પરથી ભિન્ન પડ્યો પોતાના ઉપયોગ સ્વરૂપે થઈ ગયો. એવો જ્ઞાન-દર્શન-ચારિત્રથી જેણે પરિણતિ કરી છે. એવો **'પોતાના**

**આત્મારૂપી બાગ (ક્રીડાવન)માં જ પ્રવૃત્તિ કરે છે, અન્ય જગ્યાએ જતો નથી.'** એમ કહેવું છે. એક સમ્યગ્દર્શન થયું, પરથી ભાન, પછી તો આત્મા આત્મામય જ રહે છે એ રાગમાં જતો નથી અને જ્ઞેયમાં તો અડતોય નથી. અમથોય અડતો નહોતો પહેલો.

મુમુક્ષુ :- માને તોપણ ક્યાં જાય?

ઉત્તર :- માને તો ક્યાં જાતો હતો? આહા..હા..! આ કરવાનું એ કરે નહિ અને મારા મફતના હેરાન... હેરાન... હેરાન... ડોક્ટરે કહ્યું હતું ખરું હોં કે કરવા જેવું તો આ છે. બોલવું પડેને મોઢા આગળ .. ગયા હતા તો ઉભા હતા. .. મૂકવા આવ્યા હતા. પ્રોફેસરના ..

મુમુક્ષુ :- છેક સુધી હાજર રહ્યો હતો.

ઉત્તર :- છેક સુધી. અમે મોટરમાં બેઠા. અડધો કલાક. . લેવા ગયા ત્યાં ફર્યા એટલે એમ કે અમારે પગલા કરાવવા છે. .. આહા..હા..! અરેરે! દવા તો આ લેવાની છે. ફોટો તો આ પાડવાનો છે. તારું લોહી કેટલું તેજવાળું છે ચૈતન્યનું એ જાણવાનું છે. આહા..હા..! અનંત જ્ઞાન અને આનંદથી ભરેલું એ એનું લોહી છે. આહા..હા..! એમાં એકાગ્ર થઈને ઈંજેક્શન મારીને જે પ્રગટ દશા કરે એમાં આત્મા રમે એની પરિણતિ થઈ ગઈ એને આત્માની. આહા..હા..! .. આત્મા આત્મા આ બાજુ થઈ ગયો. આત્મા આત્મારૂપ થઈ ગયો. જ્ઞાન ને આનંદ ને દર્શન એરૂપે એની દશા પરથી ભિન્ન પડી એટલે થઈ ગઈ. આ થતી હતી તો આ થઈ. અપૂર્વ વાત છે ભાઈ આ તો. અરે! જન્મ-મરણ કરી કરીને હોથા નીકળી ગયા છે. હજી અહીંથી ક્યાં જાશું એની દરકાર ન મળે. એટલે જાશું એટલે ક્યાં રહેશું એમ. અને અહીં રહેશું રાગમાં અને અહીં રહેશું આત્મામાં. રાગથી જેને એકત્વબુદ્ધિ થઈ એ રાગમાં રહેશે. સંસારમાં રહેશે એનો અર્થ એ. આહા..હા..! રાગથી, તારી ચીજ ભિન્ન પડી પરજ્ઞેયથી સ્વજ્ઞેયને જુદો જાણ્યો એ આત્મામાં રહેશે. ભલે એ જરી કોઈ થોડો રાગને કારણે ભવ આદિ હોય છતાં એ તો આત્મામાં જ છે. એ ભવમાં અને રાગમાં નથી. આહા..હા..!

**'ભાવાર્થ :— સર્વ પરદ્રવ્યોથી તથા તેમનાથી ઉત્પન્ન થયેલા ભાવોથી જયારે ભેદ જાણ્યો ત્યારે ઉપયોગને રમવાને માટે પોતાનો આત્મા જ રહ્યો, અન્ય ઠેકાણું ન રહ્યું.'** લ્યો! **'આ રીતે દર્શનજ્ઞાનચરિત્ર સાથે એકરૂપ થયેલો તે આત્મામાં જ રમણ કરે છે'** લ્યો આ જ્ઞેયથી ભિન્ન પાડવાની કળામાં એકલો જ્ઞેય પોતે રહી ગયો એમ કહે છે. પર ઉપર જે લક્ષ હતું એને સ્વના લક્ષમાં આવી ગયો એ આત્મા થઈને રહ્યો. એને અહીંયાં આત્મા જ્ઞેયથી જુદો પાડીને વિવેક કર્યો અને આત્મારૂપ થયો એમ કહેવામાં આવે છે. આ કરવાનું છે. દુનિયાના ભણતર અને એમાં જ્યારે પાસ થાય ત્યારે ખુશી થઈ જાય લ્યો અને નાપાસ થાય તો નારાજ થઈ જાય. નિશાળની પરીક્ષા. હવે નાપાસ આ અનાદિનો નાપાસ છે તારામાં એની તો તને ખબર નથી. મેટ્રીકમાં નાપાસ થાય તો આમ મોઢું મોળું

થઈ જાય.

મુમુક્ષુ :- મરવા તૈયાર થઈ જાય.

ઉત્તર :- મરવા તૈયાર થઈ જાય. મરી જાય કેટલાક. અમદાવાદ ઓલું કાંકરિયા તળાવ જઈને પડે. હાય.. હાય.. નાપાસ થઈ ગયા. પણ આ અનાદિનો નાપાસ સ્વરૂપની પ્રાપ્તિમાં છો એની તો કર. આહા..હા..! પાસ થવાનું આત્મામાં તો આ છે. રાગ અને જ્ઞેયથી ભિન્ન પડીને પોતાની દશામાં પોતાને જાણવો, પોતાને ઓળખવો એમાં ઠરવું તે પાસ થવાની રીત છે. પાસ થઈ ગયો હવે એ જન્મ-મરણ નહિ કરે એમ. આહા..હા..! પણ આવું ભારે આકરું કામ. બધાય કરતા હોય ઝાઝું એમાં રહેવું કે આથી જુંદું પાડીને રહેવું? બધાય આમ કરતા હોય.

## ગાથા-૩૮

अथैवं दर्शनज्ञानचारित्रपरिणतस्यास्यात्मनः कीदृक् स्वरूपसञ्चेतनं भवतीत्यावेदयन्नुपसंहरति---

अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारुवी।
ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।

अहमेकः खलु शुद्धो दर्शनज्ञानमयः सदाऽरूपी।
नाप्यस्ति मम किञ्चिदप्यन्यत्परमाणुमात्रमपि।।३८।।

यो हि नामानादिमोहोन्मत्ततयात्यन्तमप्रतिबुद्धः सन् निर्विण्णेन गुरुणानवरतं प्रतिबोध्यमानः कथंचनापि प्रतिबुद्धय निजकरतलविन्यस्तविस्मृतचामीकरावलकोनन्यायेन परमेश्वरमात्मानं ज्ञात्वा श्रद्धायानुचर्य च सम्यगेकात्मारामो भूतः स खल्वहमात्मात्मप्रत्यक्षं चिन्मात्रं ज्योतिः; समस्तक्रमाक्रमप्रवर्तमानव्यावहारिकभावैः चिन्मात्राकारेणाभिद्य-मानत्वादेकः, नारकादिजीवविशेषाजीवपुण्यपापास्रवसंवरनिर्जराबन्धमोक्षलक्षणव्यावहारिक-नवतत्त्वेभ्यः टंकोत्कीर्णैकज्ञायकस्वभावभावेनात्यन्तविविक्तत्वात् शुद्धः, चिन्मात्रतया सामान्यविशेषोपयोगात्मकतानतिक्रमणाद्दर्शनज्ञानमयः, स्पर्शरसगन्धवर्णनिमित्त-संवेदनपरिणतत्वेऽपि स्पर्शादिरूपेण स्वयमपरिणमनात् परमार्थतः सदैवारूपी, इति प्रत्यगयं स्वरूपं संचेतयमानः प्रतपामि। एवं प्रतपतश्च मम बहिर्विचित्रस्वरूप-सम्पदा विश्वे परिस्फुरत्यपि न किंचनाप्यन्त्परमाणु-मात्रमप्यात्मीयत्वेन प्रतिभाति यद्भावकत्वेन ज्ञेयत्वेन चैकीभूय भूयो मोहमुद्भावयति, स्वरसत एवापुनःप्रादुर्भावाय समूलं मोहमुन्मूल्य महतो

ज्ञानोद्योतस्य प्रस्फुरितत्वात्।

હવે, એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે, સમેટે છેઃ-

હું એક શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.

ગાથાર્થ :— દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કે : [खलु] નિશ્ચયથી [अहम्] હું [एकः] એક છું, [शुद्ध] શુદ્ધ છું, [दर्शनज्ञानमयः] દર્શનજ્ઞાનમય છું, [सदा अरुपी] સદા અરૂપી છું; [किञ्चित् अपि अन्यत्] કાંઈ પણ અન્ય પરદ્રવ્ય [परमाणुमात्रम् अपि] પરમાણુમાત્ર પણ [मम न अपि अस्ति] મારું નથી એ નિશ્ચય છે.

ટીકા :- જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને વિરકત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં જે કોઈ પ્રકારે (મહાભાગ્યથી) સમજી, સાવધાન થઈ, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્યના ધરનાર) આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને (-તેમાં તન્મય થઈને) જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો, તે હું એવો અનુભવ કરું છું કેઃ હું ચૈતન્યમાત્ર જયોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે; ચિન્માત્ર આકારને લીધે હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું; નર, નારક આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું; ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું; સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી માટે પરમાર્થે હું સદાય અરૂપી છું. આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફૂરાયમાન છે તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી

ઉખાડીને-ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને, મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.

ભાવાર્થ :— આત્મા અનાદિ કાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો, તે શ્રી ગુરુઓના ઉપદેશથી અને પોતાની કાળલબ્ધિથી જ્ઞાની થયો અને પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું કે હું એક છું, શુદ્ધ છું, અરૂપી છું, દર્શનજ્ઞાનમય છું. આવું જાણવાથી મોહનો સમૂળ નાશ થયો, ભાવકભાવ ને જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું, પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી; હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય? ન થાય.

## ગાથા-૩૮ ઉપર પ્રવચન

'હવે, એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે...' એને આત્માનો અનુભવ કેવો હોય? છેલ્લી ગાથા છે હવે. 'એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે, સમેટે છે :—'

अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारुवी।
ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।

**હું એક શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.**

મેળવવું છેને એ તો અહીંયાં. નહિતર તો જ્ઞાનદર્શન પહેલું છે અને પછી સદા અરૂપી છે.

એની '**ટીકા :- જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે...**' જુઓ આવ્યું. અનાદિનો ગાંડો ઘેલો હતો મૂર્ખ. મોહરૂપ ઉન્મત્તપણાને લીધે. કર્મને લઈને નહિ એમ કીધું. છેને પાઠમાં? 'अनादिमोहोन्मत्त' પોતાના સ્વરૂપનું ભાન ભૂલી અને પરતરફમાં સાવધાનવાળો હતો.. એ મોહરૂપી પછી મોહનું અજ્ઞાન કર્યું છે. '**ઉન્મત્તપમાને લીધે...**' આહા..હા..! ગાંડો,, પાગલ થઈ ગયો છે. જેને પુણ્ય અને પાપના પરિણામ અને જ્ઞેય એના તરફના વલણવાળો ભાવ છે એ તો અનાદિનો ઉન્મત્ત, અપ્રતિબુદ્ધ, મૂર્ખ છે. આહા..હા..! આ મૂર્ખ છે. ઓલા દુનિયામાં તો બધા ડાહ્યા કહેવાય. પાંચ પચ્ચીસ લાખ હોય તોપણ સમજવા જેવા, આ પૈસાવાળાના છોકરા ડાહ્યા કહેવાય એમ કહે છે માણસ. ધૂળેય નથી ડાહ્યા. બધા મૂર્ખના ગામ હોય. એય..! મનસુખ! જુઓ આ પૈસાવાળા કેવા? જો પુણ્ય ન હોય તો પચાસ રૂપિયા દેવા પડે એને સાચવવા માટે એવા હોય.

અહીં તો કહે છે પ્રભુ ચૈતન્યમૂર્તિ ભગવાન એની જેને અંતરમાં સાવધાની નથી એને પરમાં સાવધાનીવાળો અપ્રતિબુદ્ધ ને મૂર્ખ ને ગાંડો છે. આહા..હા..! અરે! નિજઘરને જાણ્યા નહિ અને પરની બધી પંચાતું. '**અનાદિ મોહરૂપ...**' છેને? પર્યાય અનાદિની એ કાંઈ નવી નથી. આહા..હા..! પરતરફની સાવધાની, પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ એ તો અનાદિની મોહરૂપી દૃષ્ટિથી ઉન્મત્ત થયેલો. ઓહો..હો..! આ તો અજ્ઞાનીને ઉન્મત્ત કીધો. આ તો સમાધિશતકમાં તો અસ્થિરતાનો રાગ આવે ઉપદેશનો એને ઉન્મત્ત કીધો છે. સમાધિશતક. આ તો અનાદિનો અજ્ઞાની ઉન્મત્ત એમ લખ્યું. પોતાની જાત સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એની જાતમાં સન્મુખતા નહિ. મોહ છેને? પરમાં .. રાગ, પુણ્ય, પાપ આ. અમે બાહુબળે આટલા પૈસા રળ્યા. આ મોટા પૈસાવાળા ભાષણ કરે. આ કર્યું હતું. એક હતોને ભાવનગરવાળો નહિ? .. અમે બાહુબળે આમ કર્યું, આમ કર્યું, આમ કર્યું. શું કર્યું ધૂળ? આહા..હા..! અમારા બાપ પાસે કાંઈ નહોતું પણ અમે પરદેશમાં ગયા, પછી આમ કર્યું, પછી આમ કર્યું. એમ કે અમારી પાસે નહોતું એમ. નહોતા ને સાંપડ્યા અમે ધ્યાન રાખ્યા. પાટણી આવ્યા હતા ત્યારે કીધુંને? પાટણી. પ્રભાશકર પાટણી આવ્યા હતા નહિ વ્યાખ્યાનમાં. છોકરાઓને કહેતા એ એમ ન મળે પદવી આમ કરવું જોઈએ કાંઈક. આહા..હા..! ધૂળેય નથી કર્યા. ચાલ્યા ગયા. આહા..હા..! અહીં મોટા દીવાન હોય અને ત્યાં જાય નીચે. પડદો જેમ કાળો પડે ત્યાં. અહીં બેઠા મોટા દીવાન. રાજા. કરોડપતિ, અબજોપતિ અરેરે..!

કહે છે કે જેને પોતાના નિજસ્વરૂપની લક્ષ્મીની જેને ખબર નથી અને જે રાગ ને પુણ્ય ને પાપ ને શરીર ને પર એ મારા. જ્યારે જે ચીજ પોતાની છે એના ઉપર ભાન નથી એટલે ક્યાંક એને પોતાનું માનવું તો જોઈએ. એ મોહથી, રાગને અને પરને માને છે. આહા..હા..! એમાં જુવાન અવસ્થા ૨૦ વર્ષની હોય અને એમાં ૨૫-૫૦ લાખ પેદા થઈ જાય એક મહિનામાં. એને થઈ જાય. આહા..હા..! ઉન્મત્ત છે કહે છે. આહા..હા..! '**અત્યંત અપ્રતિબુદ્ધ હતો...**' દેખો! આને સમજાવું છે એમ કહે છે. લ્યો કોને સમજાવું છે? આ કહે છે એમ કહે છે. કે '**અત્યંત અપ્રતિબુદ્ધ હતો...**' કહો, ભાઈ! આ સમયસાર એને સમજાવે છે, સંભળાવે છે. અપ્રતિબુદ્ધ જ છેને. ભાન ક્યાં હતું એને. આહા..હા..! રાગની સન્મુખતામાં રાગની એકતા માની અને પડ્યો છે એ મૂર્ખ અનાદિનો. પોતાની નિજલક્ષ્મીની સામું જોતો નથી. '**અત્યંત અપ્રતિબુદ્ધ હતો અને વિરકત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં...**' એમાં એમ કહે છે કે ગુરુ એને સમજાવે છે આવા અત્યંત અપ્રતિબુદ્ધને. પણ કેવા ગુરુ છે? કે જે રાગથી વિરક્ત થયા છે. આહા..હા..! રાગથી વિરક્ત થયા છે એ ઉપદેશ કરે છે અપ્રતિબુદ્ધને. એ વિશેષ આવશે. '**નિરંતર સમજાવવામાં આવતા...**' એમ આવ્યું છેને.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ વદ-૬, રવિવાર, તા. ૦૨-૦૭-૧૯૭૨
## ગાથા-૩૮, પ્રવચન-૧૧૫

જીવ-અજીવ અધિકાર છે. ટીકા ફરીને. જે જીવ અનાદિથી આ આત્મા છેને? દેહથી આ જડથી ભિન્ન. એ જાણનાર આત્મા છે એ પોતાના સ્વરૂપને અનાદિથી ભૂલી ગયો છે. અંદર આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આત્મા છેને આ તો દેહ, જડ, માટી છે. એનો જાણનાર જણાય છે એ જડ એ એનાથી ભિન્ન ચીજ છે, પણ એ ભિન્નમાં એનું સ્વરૂપ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનવાળું એનું સ્વરૂપ છે. એ અનાદિથી એના સ્વભાવ તરફના ભાન વિના અજ્ઞાનને લઈને.. છેને? મોહથી ઉન્મત્ત હતો. ગાંડો, ઘેલો, પાગલ થઈ ગયો છે. આહા..હા..! પોતે કોણ છે અંદર? બીજી ચીજનો સ્વીકાર કરે અને બીજી ચીજના સામર્થ્યને પણ બહુમાન આપે મહિમા. પણ એ પોતે કોણ છે? અને એનું શું સ્વરૂપ અને માહાત્મ્ય છે એવી ચીજના ભાન વિના અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે. મોહથી ગાંડો, ઘેલો થઈ ગયો છે કહે. એને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ છે. પોતાની જાતને જાણવામાં અજ્ઞાની છે. અત્યંત મૂઢ છે એમ કહે છે. વિશેષપણે. બહુ જ જોરથી અજ્ઞાની છે.

ભગવાન અંદર આત્મા વસ્તુ છે એ અનાદિ-અનંત છે. છે એની ઉત્પત્તિ શું હોય? છે એનો નાશ શું હોય? અને છે એ સ્વભાવથી ખાલી કેમ હોય? કારણ કે સ્વભાવવાન વસ્તુ છે તો એનો સ્વભાવ અનંત અનાદિ કાળનો જ્ઞાન, આનંદ આ અતીન્દ્રિય આનંદ. એવું એનું સ્વરૂપ અને અનાદિ અવિનાશી છે. એને ન જાણતાં પુણ્ય અને પાપના વિકલ્પ જે વૃત્તિઓ ઉઠે રાગ અને આ શરીરાદિ તે હું છું એમ અપ્રતિબુદ્ધિમાં મૂર્ખ અને મૂઢ હતો.

મુમુક્ષુ :- કોણ?

ઉત્તર :- એ જીવ. પોતાની જાતને જાણવામાં મૂર્ખ, અપ્રતિબુદ્ધ હતો. છેને? બીજા ડહાપણ કર્યા બધા વકીલાતના, ડોક્ટરના. મૂર્ખાઈ ભરેલા જાણપણા એ બધા કર્યા. એય..! શાંતિભાઈ! ઘડિયાળનાને આ. પણ પોતે કોણ છે અંદરમાં? નિત્ય વસ્તુ શું છે? કાયમ ટકનારી નિત્ય શાશ્વત વસ્તુ એવો અવિનાશી ભગવાન આત્મા અને એનો અવિનાશી આનંદ આદિ શક્તિના ગુણ એના ભાન વિના જ્યાં ત્યાં પુણ્ય અને પાપ કે શરીરાદિ જે બાહ્ય દેખાય એ ચીજ મારી છે એમ માનીને મૂર્ખ અને અપ્રતિબુદ્ધ હતો.

**'અને વિરકત ગુરુથી...'** હવે એને સમજાવે છે. અહીં કહે છે કે એવો અજ્ઞાની હતો એને સમજાવે છે. કોણ? જે રાગ અને વિકલ્પ જે પુણ્ય-પાપની લાગણી છે. એનાથી ભિન્ન

છે આત્મા એવું જેને ભાન છે તે એને સમજાવે છે. છેને વિરક્ત ગુરુ કહે. ઓલો અપ્રતિબુદ્ધ છે તો આ પ્રતિબુદ્ધ છે રાગથી ભિન્ન પડેલો ભાનવાળો. ભગવાન આત્મા આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ સત્ શાશ્વત ચિદ્, જ્ઞાન અને આનંદનો ભંડાર છે એ તો. નિજલક્ષ્મીના ભાન વિના આ પરલક્ષ્મીને જે ઇચ્છે છેને. આ હોય તો ઠીક. એ બધા ભિખારી, રાંકા ભિખારી છે એમ કહે. નવરંગભાઈ! પોતાની જે અનંત આનંદ અને અનંત જ્ઞાનની લક્ષ્મીથી ભરેલું તત્ત્વ છે એની સ્વની લક્ષ્મીનું ભાન ન મળે. એ પરલક્ષ્મી જે ધૂળ પૈસા આદિ એને ઇચ્છતો ભિખારી અપ્રતિબુદ્ધ અજ્ઞાની હતો. રાગને ઇચ્છે, લક્ષ્મીને ઇચ્છે, શરીરને ઇચ્છે. ઇચ્છા જે કરે છે કે એ સ્વરૂપમાં સુખી નથી. એને સ્વરૂપનું ભાન નથી એટલે દુઃખની ઇચ્છા કરે છે કે આ હોય તો ઠીક.. આ હોય તો ઠીક... એવો જે અજ્ઞાની પોતાની જાતને જાણ્યા વિના પરમાં પોતાનું માનીને મૂર્ખ થયેલો એને જ્ઞાની સમજાવે છે. એ અહીં વાત ચાલે છે.

'**વિરકત ગુરુથી...**' જેની રાગની અને સ્વભાવની એકતા તૂટી ગઈ છે. ભગવાન આત્મા અવિનાશી આનંદ ત્રિકાળી અને દયા, દાન, વ્રત કે કામ, ક્રોધની વૃત્તિ જે ઉઠે છે રાગ એ રાગથી જેની ભિન્નતા ભાસી છે જેને. એ '**નિરંતર સમજાવવામાં આવતાં...**' ભાષા આ છે. હવે એનો ભાષા પ્રમાણે અર્થ કરે તો બીજો થાય. નિરંતર સમજાવવામાં આવતાનો અર્થ? કે જ્ઞાની કાંઈ નવરા નથી કે એને ચોવીસ કલાક સમજાવે. પણ એનો અર્થ એને સમજવામાં જે એણે કહ્યું. શું કહ્યું? કેમ પ્રાપ્ત કર્યું? એ આવશે હમણાં. ગુરુએ એને કહ્યું કે ભાઈ! જેમ મુઠ્ઠીમાં રાખેલું સોનું ભૂલી ગયો હોય એમ ચૈતન્ય મૂર્તિ ભગવાન પૂર્ણાનંદનો નાશ એને ભૂલી ગયો છો તું અને રાગ ને પુણ્ય ને શરીર ને પરવસ્તુ જે તારામાં નથી એને તે માની છે. એમ જે ગુરુએ એને કહ્યું એની એને સાંભળનારને ધૂન ચડી. એવો અર્થ અહીં ગુરુ '**નિરંતર સમજાવવામાં આવતાં...**' એનો અર્થ એવો છે. એય..! એ ગુરુ એને ચોવીસ કલાક.. અહીં તો પાઠ એવો છે કે '**નિરંતર સમજાવવામાં આવતાં...**' એનો અર્થ એ કે એને કહ્યું. ભાઈ! તું શુદ્ધ ચૈતન્ય આનંદ છો. એને તું ભૂલી ગયો છો. વસ્તુ પડી છે તારી તારામાં. મૃગની નાભીમાં કસ્તુરી, પણ એ મૃગલાને કસ્તુરીની કિંમત નથી. એથી આવી કિંમતી ચીજ મારી પાસે છે એમ એને બેસતું નથી. .. કેમકે એ સુકા પાન પીપળના કે વડના ખડખડે એમાં ત્રાસ પામે એવા મૃગ જેવા જીવોને એ મૃગલાને આ કસ્તુરી મારી પાસે આવી છે કોઈ રીતે બેસતું નથી. એમ અહીંયાં જરીક રાગ થાય પુણ્યનો કે પાપનો કે કાંઈ અનુકૂળ ચીજ કાંઈક મળે ત્યાં રાજી રાજી થઈ જાય.

મુમુક્ષુ :- અનુકૂળ મળે ત્યારે દુઃખી થઈ જાય.

ઉત્તર :- અનુકૂળ કહેવું કોને પણ? અનુકૂળ કહેવું કોને? પૈસા, શરીર અનુકૂળ એ અનુકૂળ ચીજ છે? એ તો પર જડ છે, પર છે આ તો. જે જડ થઈને રહેલ છે આ. એ આત્મા

થઈને રહેલ નથી આ માટી. એને ઈચ્છે છે, એની ભાવના કરે છે, એ હું છું એમ માને છે. ભગવાનજીભાઈ! આહા..હા..!

કહ્યું હતું તે દિ' નહિ આ દરબાર આવ્યા તે દિ'. કૃષ્ણકુમાર. વ્યાખ્યાનમાં આવ્યા હતા અહીંયાં. ૯ની સાલમાં. એ પહેલા આવ્યા હતા આમાં. બેવાર આવ્યા હતા. ૯૭માં આ મંદિર થયું ત્યારે આવ્યા હતા. ત્યારે બે જણા આવ્યા હતા. નિર્મળકુમાર અને એ બેય. આ . ભાઈ એકલા. કીધું દરબાર! જે પાંચ હજાર મહિને માગે એ નાનો માગણ. લાખ રૂપિયા માગે એ મોટો માગણ અને કરોડ માગે એ તો માગણનો માગણ મોટો ભિખારી. અંતર સ્વરૂપમાં અનંત આનંદ અને અનંત જ્ઞાન ભરેલું તત્ત્વ સ્વનું. એની જેને ઈચ્છા અને ભાવના નથી એ આ ભાવના કરે છે કે આ હોય.. આ હોય... આ હોય... હું એમ નહિ આ હોય. મોટો ભિખારી છે. બરાબર હશે? એય..! ચીમનભાઈ! આ બધા પૈસાવાળા છેને. સુખી છે. માણસ એમ કહે છે કે સુખી છે એમ કહે છે જુઓ. એય..! ભગવાનજીભાઈ! ધૂળેય સુખ નથી. પાગલની હોસ્પિટલમાં પાગલ હોય બીજો એને સારો કહે. એય..! શાંતિભાઈ! આ બધી પાગલની હોસ્પિટલ છે. ભાન વિનાના એવા પૈસાવાળા મોટા દુઃખી છે.

કહે છે એ સુખને ત્યાં શોધતો હતો એ મૂર્ખ છે. સુખ અંદર આનંદમૂર્તિ પ્રભુ છે. સચ્ચિદાનંદ સત્ શાશ્વત આનંદ અને જ્ઞાનનો ભંડાર છે. એની એને ખબર નથી. આહા..હા..! એવા જીવને ગુરુ સમજાવે છે કે ભાઈ તારો આનંદ તારી પાસે છે. શુદ્ધનો ઉપદેશ આપે છે, આનંદનો. એ આનંદ સ્વરૂપ પ્રભુ છે. ભાઈ! તારો ભગવાન આનંદથી ભરેલો છે. એને બહાર ન શોધ, એને અંતરમાં જો. એમ ગુરુએ એને એક શબ્દ કહ્યો તો એને નિરંતર સમજાવે એમ કહેવામાં આવે. એટલે? કે એને ધૂન ચડી ગઈ આ શું કહે છે આ? આ શું કીધું? આહા..હા..! કૂતરાના કાનમાં કીડા પડેને પછી જ્યાં સખ ન આવે ને જ્યાં ત્યાં. એમ આને કાનમાં પડ્યા કીડા સાંભળવાના. આહા..હા..! શુદ્ધ આનંદઘન ચિદ્ઘન મારી ચીજ એમ આ ગુરુ કહે છે. એને સમજવા માટે ધૂન ચડી વારંવાર, વિચારણા, વારંવાર વિચાર, મનન એ એને ગુરુ નિરંતર સમજાવે છે એમ કહેવામાં આવે છે. ધૂન તો એની ચડી છે. ગુરુ કાંઈ નવરા નથી ચોવીસ કલાક એને સમજાવવા. શબ્દ આ છે.

'**જે કોઈ પ્રકારે...**' મહાપુરુષાર્થથી. છેને '**(મહાભાગ્યથી) સમજી,...**' એને સમજણમાં એમ. એને ગુરુએ એને એ આત્મા શું એ કહ્યો હતો. આનંદની મૂર્તિ, અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ તું છો. તારા આનંદના એક અંશના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો પણ સડેલા મીંદડા અને કૂતરા જેવા સડેલા કલેવર હોય એવા તને લાગશે. કહો, ભગવાનજીભાઈ! આ પૈસાવાળા હોય તો કેટલી જુઓને આમ બે-પાંચ લાખની શું કહેવાય? હજીરો. મકાન-મકાન. બંગલો કરે બે-પાંચ લાખનો. ઓલાને ચાલીસ લાખનો છેને. ગોવા. શાંતિલાલ ખુશાલ. ૪૦

લાખનો બંગલો. એય..! છેને તમારે ત્યાં?

મુમુક્ષુ :- એને ૪૦ લાખમાં ઉંઘ આવતી હશે?

ઉત્તર :- એના છે. ઉંઘ આવે તો ઉંઘી ગયેલા જ છે. ભાન ક્યાં છે? પોતાની લક્ષ્મીની ખબર ન મળે અને બહારની લક્ષ્મીમાં ઘેરાઈ ગયો. આહા..હા..! જે જગતની ચીજ છે જે તારી નથી અને તારામાં નથી અને તું એમાં નથી. એવી ચીજને મારી માનીને કહે છે. ઓહો..! અમે સુખી છીએ. મૂર્ખ છો કહે મોટો.. આહા..હા..! એય..! શાંતિભાઈ! સાચી વાત હશે આ?

મુમુક્ષુ :- આપની સામે સાચી જ કહેવાયને.

ઉત્તર :- આહા..હા..! શું હશે આમાં? આહા..હા..! કહે છે કે ગુરુએ એને કહ્યું એ તું તારું સ્વરૂપ પ્રભુ અનંત આનંદ અને અનંત જ્ઞાન છે. એને તું માન અને જો અને શોધ. આ રાગ અને પુણ્ય અને અલ્પજ્ઞપણું જે દેખાય એટલો પણ તું નહિ. પુણ્ય અને પાપની લાગણી ઉઠેને દયા, દાન, વ્રત, ભક્તિ એ શુભરાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના એ પાપ રાગ છે. બેય રાગની વાસના એ તારી નહિ, તું નહિ, તને નહિ, તારામાં નહિ, એનામાં તું નહિ. કહો, સમજાણું કાંઈ? એમ એને કહ્યું. ધૂન ચડી અંદરમાં શોધવાની. એ દૃષ્ટિ જે પર ઉપર આમ હતી એને પલટાઈ ગઈ અંદરથી. આ એણે કર્યું. ઓહો..! ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ પવિત્રનો પિંડ પ્રભુ. એમ જ્યાં અંતર્મુખ થઈને જાણ્યું, સમજ્યો, સાવધાન થયો. આહા..હા..! જે પરમાં સાવધાન હતો. મોહ કીધો હતોને મોહથી ઉન્મત્ત હતો. એ પોતામાં સાવધાન થયો. જુઓ આ કરવાનું આ, કરે તો આ અને સમજાવે તો આ. ગુરુનો ઉપદેશ હોય તો આવો હોય એમ કહે છે. એમ આવ્યું કે નહિ? ધર્મી જીવનો જો ઉપદેશ હોય તો આ હોય. ભાઈ! તું સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત છો આનંદકંદ. આ નાશવાન ચીજને મારી માને છો તને તારી હિંસા થાય છે. તારા પૂર્ણ જીવનનો નકાર થાય છે. આહા..હા..! જીવતો જીવ જે અનાદિ-અનંત શાંત અને આનંદનો નાથ પ્રભુ એને તું રાગમાં અને પુણ્યમાં પોતાનો માની અને આ હું નહિ એ તે તારા જીવનને જીવતરને તે હણી નાખ્યું છે. એ છોડ હવે. આહા..હા..! તારું નિધાન તારી પાસે છે. તું છો. આહા..હા..!

વર્તમાન જ્ઞાનની દશા જે પરતરફ વળેલી છે એથી એને રાગ અને પુણ્ય ને શરીર એટલું જ ભાસે છે. બાપુ! એટલું નહિ ભાઈ! એ જ્ઞાનની પ્રગટ વ્યક્ત અંશ દશા જેની છે તેમાં જા. અંતર્મુખમાં જો કેવડો અને કોણ અને તું કોણ છો? એમ ગુરુએ કહ્યું હતું. ગુરુએ એમ નહોતું કહ્યું કે તું રાગ કરજે ને પુણ્ય કરજે ને પછી તને આત્મા સમજાશે એમ નહોતું કહ્યું. આહા..હા..! નરસિંહ મેહતામાં આવે છેને 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્નો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' ભલે આત્મા શું છે એની ખબર નથી, પણ આત્મામાં.. 'જ્યાં લગી

આત્મા તત્ત્વ ચિહ્નો નહિ' એ કોણ છે એનું જ્ઞાન ન કર્યું 'ત્યાં લગી સાધના તારી સર્વ જૂઠી.' આ ભગવાનની ભક્તિ ને પૂજા ને દાન ને દયા બધા નિરર્થક છે. કારણ કે એ બધા રાગ છે. એના ફળ તરીકે તો સંસારમાં રખડવાનું છે. એમ ગુરુએ એને કહ્યું હતું એ એમ સમજ્યો. છેને? કોઈપણ પ્રકારે સમજ્યો એટલે કે એના ખ્યાલમાં વાત આપી હતી. ભાઈ! તારી ચીજ તો રાગનો વિકલ્પ ઉઠે છે તને અને રાગને જાણનારી જે વર્તમાન જ્ઞાનની દશા એની પાછળ મોટો ભગવાન બિરાજે છે. આહા..હા..! અરે! પરમાત્મા તું પોતે છો. આહા..હા..! તારો પરમાત્મા બીજો ન હોય. સ્વયંસિદ્ધ સત્ છો. સત્નું સત્ત્વ એ તો આનંદ અને જ્ઞાન છે. એનું સત્ત્વપણું તત્ત્વનું તત્ત્વપણું એ છે. આ અલ્પજ્ઞપણું અને પુણ્ય-પાપના ભાવ એમાં તું આવ્યો નથી અને એ તારા નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! ધર્મ ચીજ એવી છે. અજ્ઞાની માનીને બેઠા છે કે આ ભક્તિ કરીએ, પૂજા કરીએ, દયા પાળીએ ને વ્રત કરીએ ને તપ કરીએ તો ધર્મ થાય. ધૂળેય નથી ધર્મ સાંભળને વાત. આહા..હા..! એવું તો અનંતવાર કર્યું અને ગુરુએ એ કરવાનું કહ્યું પણ નથી અહીં તો. અહીં તો સમજવાનું કહ્યું. આહા..હા..!

શ્રીમદ્માં આવે છેને પહેલી એક કડીમાં 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' લ્યો વળી એ આવી ગયું. જુઓ આ. એમાં પહેલી કડી છે જુઓ ખોલો. પહેલી કડી છે. 'જે સ્વરૂપ સમજ્યા વિના...' છે? 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત. સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.' પહેલી કડી છે શ્રીમદ્ રાજચંદ્ર. 'જે સ્વરૂપ સમજ્યા વિના.' એમ નથી કહ્યું કે ક્રિયા વિના, ભક્તિ કર્યા વિના, દયા-દાનના પુણ્ય કર્યા વિના. ભગવાન આત્મા સ્વરૂપ છો એનું સ્વ નામ પોતાનું રૂપ એટલે કાયમી ચીજનો ભાવ જ્ઞાયકભાવ, આનંદભાવ એવો પૂર્ણ ધ્રુવ શુદ્ધભાવ એને સમજ્યા વિના સંસારમાં અનંતા દુઃખો પામ્યો. એનો અર્થ તો એ થયો કે સમજ્યા વિના આ ભક્તિ, વ્રત અને તપ કર્યા એ પણ બધા દુઃખરૂપ હતા એમ થઈ ગયું. એય..! 'પામ્યો દુઃખ અનંત.' એમ થયું કે નહિ? એય..! આ વ્રત પાળવા અને અપવાસ કરવા એ તો બધો શુભ રાગ છે કહે છે અને એને લઈને તને દુઃખ પામ્યો છે એમ કહે છે. બરાબર છે? 'જે સ્વરૂપ સમજ્યા વિના...' ત્યારે એ સમજ્યા વિના એણે શુભ-અશુભભાવ કર્યા હતા અને એના ફળ તરીકે આ ચાર ગતિમાં દુઃખરૂપ અનુભવ્યું. આહા..હા..! એ પુણ્યના ફળ તરીકે સ્વર્ગ મળે કે આ શેઠાઈ મળે ધૂળની. આ ધૂળના શેઠ કહેવાયને આ બધા પૈસાવાળા એ. એ બધા કહે છે કે દુઃખી છે. સ્વરૂપ સમજ્યા વિના એ દુઃખ છે અનંત એમ કહે છે. પામ્યો દુઃખ અનંત કીધું છે. કહો, બરાબર છે? વ્રત કર્યા, તપ કર્યા એ બધા દુઃખ કર્યા એમ કહે છે. આહા..હા..! જયંતિભાઈ!

'જે સ્વરૂપ સમજ્યા વિના...' આનંદમૂર્તિ પ્રભુ આત્મ ચીજ જેને જાણ્યા વિના 'પામ્યો

દુઃખ અનંત.' કહે છે કે પણ આ બધું કર્યું હતુંને સ્વર્ગ, નર્કના ભાવો. એ બધા દુઃખરૂપ હતા. આહા..હા..! મહિના-મહિનાના અપવાસ કર્યા, શાસ્ત્રના જાણપણા કર્યા. આહા..હા..! એ બધા અનંત દુઃખરૂપ દશા હતી તારી, ભાઈ! સમજાણું કાંઈ? તે ગુરુએ એને સમજાવ્યું કે આ તારી ચીજ તો તું આવો છો ભાઈ! પરમ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છો. સચ્ચિદાનંદ સત્ નામ શાશ્વત ક્ષણિક તું નથી. તેમ સંયોગમાં નથી. સંયોગી આ ચીજ જે કહેવાય એમાં નથી, ક્ષણિક તું નથી. આહા..હા..! એવા ત્રિકાળના તળિયા જોયા, તપાસ્યા અંદર. ગુરુએ એને એ કહ્યું હતું. આહા..હા..! ભાઈ! પરમાત્મા પૂર્ણ સ્વરૂપ તું છો એમ એને સમજ, એની શ્રદ્ધા કર, એમાં ઠર એમ કહ્યું હતું. લ્યો આ ઉપદેશ ધર્મીનો હોય તો આવો હોય કહે છે.

**'સમજી, સાવધાન થઈ,...'** દેખો! આહા..હા..! મારો સ્વભાવ આવો! શુદ્ધજ્ઞાનઘન ચૈતન્યમૂર્તિ અને અતીન્દ્રિય આનંદનું એકલું ધામ. 'સ્વયં જ્યોતિ સુખધામ.' એમાં છે એક કડી. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' 'કર વિચાર તો પામ.' અમારી ભક્તિ કર તો પામ એમ નથી કહ્યું. તો આ બધા એને વળગ્યા છે એને ભક્તિ કરવા. એય..! ચેતનજી! આહા..હા..! તે તારા સ્વભાવ સન્મુખનો સ્વીકારનો ભાવ તે કર્યો જ નથી કોઈ દિ'. આહા..હા..! છે છતાં છેપણાની માન્યતા નથી. એવી છે વસ્તુ આવી અનંત આનંદનો ધામ પ્રભુ અનાદિ-અનંત શુદ્ધ આનંદઘન એ છે અને એમાં અલ્પજ્ઞપણું અને રાગાદિ નથી. એવી ચીજને તે કોઈ દિ' સ્વીકારી નથી. આહા..હા..! એમ સ્વીકાર તો તને એનું જ્ઞાન થશે એમ કહે છે. સમજ્યો અરે હું તો. આ પુણ્ય-પાપના ભાવ જે ઉઠે છે વિકલ્પ રાગ એનાથી હું તો જુદો છું. હું તો જ્ઞાનસ્વભાવી જ્ઞાતા-દૃષ્ટા આતમરામ. આહા..હા..! એવા સ્વરૂપને સમજી સાવધાન થયો. લ્યો આ કરવાનું. સ્વરૂપ જે નિત્યાનંદ પ્રભુ એમાં સાવધાન થયો, એની સન્મુખ થયો. આવું કરવું ભારે આ તો. એય..! શાંતિભાઈ! તો શું કરવા મંદિર કરવા અને ભક્તિ કરવી. હવે થઈ ગયા મંદિર. ઓલા ભાઈ કહેતા હતાને પ્રેમચંદજી. થઈ ગયા, ન થઈ ગયા કોણ કરે એને? એ તો એને કારણે હોય, ભક્તિ આદિનો ભાવ પણ સ્વરૂપમાં ઠરે નહિ શુભભાવ હોય, અશુભથી બચવા. પણ એ વસ્તુ ધર્મ નથી કાંઈ. આહા..હા..!

પોતાની ચીજ જે છે ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, સહજાનંદનો નાથ સ્વરૂપ એને સમજ્યો કે આ હું. એટલે એમાં સાવધાન થયો. જ્યાં સુધી સમજ્યો નહોતો તો રાગ અને પુણ્ય અને પાપના ભાવ સાવધાન એ હું માનીને ત્યાં સાવધાન હતો. આ જીવ અધિકાર પૂરો થાય છેને ૩૮માં. આત્માને જાણી, શ્રદ્ધી અને ઠરીને.. કઈ રીતે ઠર્યો અને જાણ્યો એનો આ અધિકાર છે. કહે છે એ **'સાવધાન થઈ, જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો**

**હોય...'** આ મુઠ્ઠીમાં સોનું હોય. ભૂલી ગયો. એક હાથમાં સોનું કાંઈક કાઢ્યું, બીજા હાથે દાંતણ કરતો હોય એમાં ક્યાં ગયું? ક્યાં ગયું? હોય તો મુઠ્ઠીમાં સોનું. એમ યાદ કરીને જેમ મુઠ્ઠીમાં સોનું એણે યાદ કર્યું. અરે આ રહ્યું. લોકો નથી કહેતા? કાખમાં છોકરું અને ગામમાં ગોતે. ભૂલી ગયો. આમ ને આમ હાથ રહી ગયોને ભૂલી જાય ક્યાં ગયો? આ રહ્યો જોને અહીં છે. આહા..હા..! એમ તારો સ્વભાવ આનંદનો નાથ પૂર્ણાનંદ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય તું પોતે છો. એમ જ્યાં સાવધાન થયો ત્યારે **'જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય...'** એમ ભૂલી ગયો હતો આ ભગવાનને. જુઓ. **'તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્યના ધરનાર) આત્માને ભૂલી ગયો હતો...'** આહા..હા..! **'પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્યના ધરનાર)...'** અનંત-અનંત જ્ઞાન અને અનંતબળ જેમાં પડ્યા છે. આહા..હા..! અનંત જેની જ્ઞાનલક્ષ્મી છે, જેનો સ્વભાવ છે એને માપ શા? જેનું સ્વરૂપ છે આનંદ અને જ્ઞાન એની મર્યાદા શી? અપરિમિત અનંત આનંદ અને અનંત જ્ઞાનનો ધરનાર ભગવાન એ પૂર્ણ સામર્થ્યવાળો છે. આહા..હા..! પોતાના પરમેશ્વરને ભૂલી ગયો છે. પરપરમેશ્વરને નહિ. પરપરમેશ્વરને તો માન્યા હતા ઘણીવાર. સમજાણું કાંઈ? પણ પોતે પરમેશ્વર પરમ ઈશ્વરનો ધણી સંપૂર્ણ સામર્થ્યવાળો. આહા..હા..! જે ક્ષણમાં પરમેશ્વર પદ પર્યાયમાં પ્રાપ્ત કરે દશામાં એવું સામર્થ્ય છે એને.

કહે છે એ ભૂલી ગયો હતો એમ કહ્યુંને? આહા..હા..! પરમ સામર્થ્યવાળો ભગવાન પોતે એને એ ભૂલી ગયો હતો, જેમ મુઠ્ઠીમાં સોનું રાખીને ભૂલી જાય એમ. **'તેને જાણીને,...'** લ્યો ઠીક! એણે જાણ્યું. રાગ અને પુણ્યના પ્રેમમાં ભગવાનને ભૂલી ગયો હતો. પુણ્યના પરિણામ અને પુણ્યના ફળ આ ધૂળ આદિ અનુકૂળ મળે એના પ્રેમમાં ભગવાન ભૂલી ગયો પોતાને. આહા..હા..! કહો, શાંતિભાઈ! બહારની પણ આ માયાજાળ, ભૂતાવળ. માની છે એણે. લાગી નથી. ભૂતાવળને માની છે કે આ બધા મારા છે.

મુમુક્ષુ :- રણમાં પોક.

ઉત્તર :- ક્યાંય ધૂળેય નથી આ. આહા..હા..! કરોડો રૂપિયા હોય, બાયડી હોય, છોકરા હોય લ્યો. આબરૂ મોટી હોય એમાં શું થયું? રગ તૂટી ગઈ લાગે છે. શું કહે છે કાંઈક? એય..! ડોક્ટર મરી જાય છેને ડોક્ટર શું કરતો હતો? મોટો ડોક્ટર અહીં નહોતો આપણે હેમંતકુમાર વૈદ્ય. ભાવનગરમાં સર્જન. આપણે અહીં બે-ત્રણવાર આવી ગયો છે. ઓપરેશ કરતા હતા બીજાનું કોકનું આમ. મને કાંઈક થાય છે. આમ થયું તો છૂટી ગયું. હોસ્પિટલમાં સર્જન મોટો. ડોક્ટર એટલે શું પણ? એ ક્યાં આત્મા ડોક્ટર હતો? આહા..હા..! ડોક્ટરની કળાનું જાણપણું એને ડોક્ટર કહે, પણ એ જાણપણું તો મૂર્ખાઈ ભરેલું છે. એય..! સાચું હશે આ? આ બે ડોક્ટર રહ્યા. ક્યાં ગયો તમારો નાનો વયો ગયો? ભાવનગર ગયો હશે.

એક ઘરમા બેય ડોક્ટર. .. ત્યાંના છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! મારો પણ જ્યાં ત્યાં ગોથા ખાય છે. આહા..હા..! **'આત્માને ભૂલી ગયો હતો...'** ભાષા આમ હતી. પોતાને ભૂલી ગયો. શાસ્ત્ર ભણ્યા, ક્રિયાઓ કરી, પણ પોતે કોણ એને ભૂલી ગયો. આહા..હા..!

મુમુક્ષુ :- કુશાસ્ત્ર ભણ્યો..

ઉત્તર :- કુશાસ્ત્ર ભણ્યો શાસ્ત્ર. હા. 'સબ શાસ્ત્રન કે નયધારી હૈ હિયે' આવે છે કે નહિ? શ્રીમદ્‌માં આવે છે. 'સબ શાસ્ત્રન કે નયધારી હિયે મત મંડન ખંડન ભેદ લિયે વહ સાધન વાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પડ્યો. યમ નિયમ સંયમ આપ કિયો. વહ સાધન બાર અનંત કિયો તદપિ કછુ હાથ હજુ ન પડ્યો, અબ ક્યોં ન વિચારત હૈ મનસે કુછ ઓર રહ્યા ઉન સાધનસે.' એ દયા, દાનના વ્રત અને શાસ્ત્રના જાણપણાના સાધનથી કાંઈક બીજું સાધન છે કહે. આહા..હા..!

મુમુક્ષુ :- અલૌકિક વાત છે.

ઉત્તર :- ધર્મ તો અલૌકિક જ હોયને. આહા..હા..! કહે છે કે પોતાના ભગવાનને ભૂલી ગયો તું. આહા..હા..! ભગવાન કેમ બેસે? એક બીડી અને તમાકુ સરખાઈની આવે ત્યાં છીંકણી સૂંઘે આમ. પરમેશ્વરને ભાળે જાણે આહા..હા..! તૃપ્ત-તૃપ્ત થઈ ગયો. આહા..હા..! એકાદ-બે સીગરેટ પીવે ત્યારે ભાઈ સાહેબને પાયખાને દસ્ત ઉતરે. આવા વ્યસને ચડી ગયા હવે એને આ ભગવાન છે એ બેસે કેમ? એય..! સવારમાં સરખી એકાદ-બે બીડી પીવે ત્યારે ભાઈસાહેબને દિશા ઉતરે ત્યાં. જ્યાં દિશા કરવી ત્યારે બીડી સુંઘે. અહીં સુંઘી ત્યાં બીડી પીવે અને નીચે દસ્ત થાય. હાય.. હાય.. જુઓને! આવી રીતે ભૂલ્યો તું ભગવાન હોં કહે છે. આહા..હા..! એવો જે પરમેશ્વર પોતાનો પોતે, પણ જે વસ્તુ હોય એ તો પરમ ઈશ્વર અને સ્વતંત્ર જ હોયને અને હોય તે સ્વતઃસિદ્ધ જ હોયને. હોય તે પરિપૂર્ણ ગુણ અને શક્તિથી પરિપૂર્ણ જ હોય. આહા..હા..! અપૂર્ણપણું અને વિપરીતપણું તો એની દશામાં દેખાય. વસ્તુમાં અપૂર્ણ-પૂર્ણ વિશેષતા હોય નહિ. ન્યાયથી તો સમજવું પડશે કે નહિ એને?

**'પોતાના પરમેશ્વર આત્માને ભૂલી ગયો...'** હવે એનો અર્થ શું થયો? કે ગુરુએ એને આત્મા કહ્યો હતો. તારો આત્મા આવો છે પરમેશ્વર તું. એમ ગુરુએ કહ્યું હતું અને એ ભૂલી ગયો હતો એ સમજ્યો લ્યો! આહા..હા..! આ તો ષટ્ દ્રવ્ય જણાવ્યા, ફલાણું એ કાંઈ ન આવ્યું. છ દ્રવ્યનો જાણનારો એક સમયનો તારો પર્યાય એવી અનંતી પર્યાયનો પિંડ એવા અનંતા ગુણવાળો તું એકરૂપ નિત્યાનંદ પ્રભુ આવી સામગ્રીનો સંપદાનો ધરનાર પરમેશ્વર એની સામું તે જોયું નહોતું એટલે તને એ વાત બેઠી નહોતી. જ્યાં નથી ત્યાં તે સામે જોયેલું છે. ગુરુએ એને એ જોવાનું કહ્યું. એમ કહે છે. આહા..હા..! લ્યો આ શાસ્ત્રનો

ઉપદેશ આવો હોય એમ કહે છે. ભાઈ! તું પરમેશ્વર કેવો નિત્યાનંદ છો. એવા પરમેશ્વરને ભૂલી ગયો હતો. '**તેને જાણીને,...**' લ્યો અહીં જાણીને પહેલો શબ્દ મૂક્યો છે. શ્રદ્ધા કરીને પછી મૂક્યો છે. સમ્યગ્દર્શનમાં તો શ્રદ્ધા તો અહીં જાણીને. જાણ્યા વિના શ્રદ્ધા કોની? આ ચૈતન્ય ભગવાન નિત્યાનંદ પ્રભુ છું, ધ્રુવ આનંદનું ધામ એવું જ્યાં અંતરમાં જ્ઞાન કર્યું અને જ્ઞાનીએ કરાવ્યું હતું, જણાવ્યું હતું. આહા..હા..!

કુંદકુંદાચાર્ય કહે છેને. અમારા ગુરુએ અમને કૃપા કરીને શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો એમ કહ્યુંને? એમ કહ્યું છે. બધે બધું સમજાવ્યું અનેક પ્રકાર, પણ એ શુદ્ધ આત્માને સમજાવવા માટે. પ્રયોજન તો ત્રિકાળી ભગવાન એક સમયમાં સમય એટલે સૂક્ષ્મ કાળમાં, પૂર્ણ પૂર્ણ તત્ત્વ છો, વર્તમાન પૂર્ણ છો. વસ્તુ હોય એ અપૂર્ણ અને વિપરીત હોય નહિ. એમ એના જ્ઞાનમાં આવી, જાણી ત્યારે એને શ્રદ્ધા થઈ. છેને? '**તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને...**' જુઓ, છેને? '**परमेश्वरमात्मानं ज्ञात्वा श्रद्धायानुचर्य**' સંસ્કૃત છે. જે જ્ઞાનમાં વસ્તુ જણાય નહિ એનો વિશ્વાસ શી રીતે કરવો? સસલાના શિંગડા માનો. પણ સસલાના શિંગડા જ વસ્તુ નથી એ રીતમાં ખ્યાલમાં આવ્યા વિના માનવું કોને? એમાં આ વસ્તુ ભગવાન જેને ક્ષણની જ્ઞાનની દશામાં પૂર્ણ છે એમ ભાસ્યો એને જાણીને શ્રદ્ધા કરી. જાણીને કે આ આત્મા શુદ્ધ અખંડાનંદ પ્રભુ છે એને જાણીને શ્રદ્ધા કરી, એ જાણ્યું તે સમ્યગ્જ્ઞાન, શ્રદ્ધા કરી તે સમ્યગ્દર્શન. સમ્યક્ નામ સત્યદર્શન, સમ્યક્જ્ઞાન સાચું જ્ઞાન. સાચું જ્ઞાન એને કહીએ જે પૂર્ણાનંદ સ્વભાવનું જ્ઞાન કરે તેને સાચું જ્ઞાન કહીએ. આહા..હા..! અને સાચી શ્રદ્ધા એને કહીએ કે જે જ્ઞાનમાં જણાણો એની પ્રતીત કરે એની શ્રદ્ધા કહીએ. જુઓ ભાઈ! એની જ્ઞાન અનુસારી શ્રદ્ધા થઈ. ઓલામાં શ્રદ્ધા અનુસારી જ્ઞાન જોઈએ. ભાઈ! ખાણિયામાં. કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય તો શ્રુતજ્ઞાની એમ શ્રદ્ધામાં માને, પણ એના જ્ઞાનમાં તો આમ કરવું જોઈએ અને આ કરવું જોઈએ એ બધામાં નિમિત્તોને મેળવે અને શરૂઆત કરે એવું એનું જ્ઞાન હોય. આહા..હા..! ભારે ભાઈ! એ તો તારી ઇન્દ્રિયના નિમિત્તે થયેલું જ્ઞાન એને જ્ઞાન તે કહ્યું. વસ્તુ છે અખંડ પૂર્ણ એનું જે જ્ઞાન થઈને એ જ્ઞાન અનુસારીને શ્રદ્ધા એ શ્રદ્ધાને અનુસરીને જે જ્ઞાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ લોકો એમ કહે છેને કેવળીએ દીઠું એ પ્રમાણે થાય. પણ એની શ્રદ્ધા રાખે સમકિતી. પણ વર્તનમાં કર્તવ્ય માટે તો બીજો પ્રયોગ હોય. આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર જેને એક પહોરના અસંખ્યમા ભાગમાં પ્રભુની સામર્થ્ય પ્રભુતા નિમિત્ત આખા લોકાલોકને જાણ્યું. હવે કહે છે કે જ્ઞાને જાણ્યું તે પ્રમાણે ત્યાં સામે દશા થાય જડમાં, ચૈતન્યમાં એટલે એ તો સ્વકાળે થાય એમ કહેવું. સ્વકાળે થાય એવી માન્યતા ક્યારે થઈ? કે ત્રિકાળી જ્ઞાયકભાવની માન્યતા થઈ ત્યારે. આહા..હા..! ભારે ધર્મની વાતું આવી. હવે

ઓલા કહે કે ના શ્રદ્ધા એમ રાખે. તમને ક્યાંથી આવી? સર્વજ્ઞ પરમેશ્વર આત્મા પોતે છે. સર્વજ્ઞ જેનો સ્વભાવ પૂર્ણ છે. પૂર્ણ જાણવાનો સ્વભાવ છે. પણ જેનો જ્ઞાન સ્વભાવ છે ભગવાન આત્મા, જાણકસ્વભાવ એ સ્વભાવની અપૂર્ણતા કેમ હોય? એ તો પૂર્ણ છે. સર્વ જાણવું એવો એનો સ્વભાવ છે. એવું જાણનારે અંતર સર્વજ્ઞ સ્વભાવને માન્યું. જાણીને માન્યું. સમજાણું કાંઈ? અને તેને અનુસારે અનુચર્ય. ઠર્યો. તેનું આચરણ. તેનું આચરણ. કોનું? જ્ઞાનસ્વભાવી, આનંદસ્વભાવી વસ્તુ એ જ્ઞાનમાં લઈ, જાણી, શ્રદ્ધી અને એને આચરણ. વિકલ્પ દયા, દાન અને વ્રતના વિકલ્પ એ એનું આચરણ નહિ. આહા..હા..! ત્યારે એણે સર્વજ્ઞ પરમાત્મા ત્રિકાળી હતા અને એણે જાણ્યું એમ થયું એમ માનનાર ત્યારે સાચો થયો. લ્યો! પ્રવિણભાઈ! આ પ્રવિણ થયો. બાકી બધા અપ્રતિબુદ્ધ અપ્રવિણ. રામજીભાઈ તો મોટા વકીલ એ બહુ મોટા વકીલ કહેવાતા. વકીલ ત્યાં પાણી ભરે એમ કહે. તારા બતાવે ઓલા કહે .. રામજીભાઈ જજને તારા ધોળે દિ'એ બતાવે કહે. રામજીભાઈ કહે મારી મા હતી ત્યાં? બાપ હતો? કાયદા પ્રમાણે કહીએ તો આ વાત.

મુમુક્ષુ :- ચોપડો બતાવીને એમાં નાખી દે.

ઉત્તર :- નાખી દે. આ કાયદો જુઓ આ રીત છે. એમ કહેતા હતા એકફેરી હોં. ૯૦ની સાલમાં. ઉદાણી હતાને. .. એ પહેલા આવેલા ... એ એમ કહેતા. પણ એ બધી તર્ક અને બર્ક એ બધું મૂર્ખાઈ ભરેલું જ્ઞાન અહીં તો કહે છે. કુજ્ઞાન. એય..! ગિરધરભાઈ! આ તમારું બધું ..નું કાર્ય કેવું હશે? અરે! ત્યાં તો ગિરધરભાઈ આમ કેવા! ..વાળા છે. એમાં કોક આવ્યું હતું હેં ગિરધરભાઈ આવ્યા! એમ કહ્યું નહોતું? કેશુભાઈ, દાનુભાઈ નહિ? આવ્યા હતા. લે આ તો ગિરધરભાઈ છે. અહીંયાં આવ્યા હતાને. અહીં દરબાર બેસતા. એ આવ્યા. બેઠા હતા. મેં કીધું આ .. અરે આ તો ગિરધરભાઈ કહે. ઓળખતા દાનુભાઈ દરબાર. મારે એમાં મોટપ લાગે. વઢવાણના કાર્યકર કહેવાય આ. એય..! શેનું કાર્ય કરે? કોણ કરે? ઘનશ્યામભાઈને તમારે હશેને બધા ભેગા? એ તો લંડનમાં છેને. અમારા ઉમરાળાના છે. ગામમાં. આવ્યા હતા. .. દર્શન કરવા આવ્યા હતા. તે દિ' એની જીત થઈ ગઈ હતી. ગામમાં. એ તે દિ' અમે ત્યાં હતા અને એનું પરિણામ સાંજે આવવાનું હતું એ પહેલા દર્શન કરવા આવ્યા. સાંજે પરિણામ આવ્યું. ધામધુમ ગામમાં તો. એય..! ઘોડાગાડી, મોટરું, ઘનશ્યામભાઈ જીત્યા જીત્યા. શેમાં જીત્યા? આહા..હા..!

કહે છે કે આત્માને ભૂલી ગયો એ જાણે એ જીત્યો. બાકી બધા હારેલા પડ્યા છે બધા. આહા..હા..! કહે છે કે એ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ વસ્તુ છેને અંદર? વસ્તુ છે તો એમાં વસેલી શક્તિઓ ગુણ છે. જ્ઞાન આનંદ આદિ. એવી ચીજને જાણી તેનું શ્રદ્ધાન કર એમ કહ્યુંને? આત્માની શ્રદ્ધા કર. દેવ-ગુરુ-શાસ્ત્ર અને નવ તત્ત્વના ભેદવાળી એ અહીં

વાત નથી કરી. આહા..હા..! જ્ઞાનનો સ્વભાવ એકલો આનંદનો સ્વભાવ એવા પૂર્ણ ગુણો સ્વભાવ એવું જે એનું સ્વરૂપ એની સન્મુખ થઈને સ્વીકાર્યો ત્યારે એની સામું જોયા વિના સ્વીકારાય? અને સામું જોવે. એ સન્મુખ થયો એના પરિણામ અંદરમાં એ ત્યારે જ એનો અર્થ થયો કે એ જાણ્યું અને તેને માન્યું. સમજાણું કાંઈ? એ ચીજ હોવા છતાં કે આવી છેને. પણ છે કોને? જાણે અને શ્રદ્ધે એને કે ન જાણે અને શ્રદ્ધે એને આ ચીજ ક્યાં છે? આહા..હા..!

ભગવાન અંદર જ્ઞાન જાણવાના સ્વભાવથી પરિપૂર્ણ, આનંદ અતીન્દ્રિયથી પરિપૂર્ણ એવી અનંત-અનંત શક્તિના સ્વભાવ ગુણોનો ધરનાર એકરૂપ પ્રભુ એણે જેને અંતરમાં જાણ્યો આ એનું નામ સમ્યગ્જ્ઞાન. ભલે બીજું શાસ્ત્ર અને બીજી વાત ન આવડતી હોય. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એવો ભગવાન પૂર્ણ સ્વરૂપપ્રભુ એને અંતર્મુખમાં દૃષ્ટિ કરીને જાણ્યો અને તેને શ્રદ્ધયો ઓહો..! આ આત્મા શુદ્ધ આનંદઘન સચ્ચિદાનંદ, નિર્મળાનંદ પ્રભુ પૂર્ણ. એમ તેને જાણીને તેને શ્રદ્ધયો અને તેનું આચરણ. **'તેનું આચરણ કરીને...'** આચરણ એટલે? આ રાગની ક્રિયા એ આચરણ એનું નથી. દયા, દાન ને વ્રત ને તપ ને આટલા આટલા વિકલ્પ ઉઠે એ આચરણ આત્માનું નથી. એ તો વિભાવનું છે. આહા..હા..! ભગવાન જ્ઞાન અને આનંદસ્વરૂપ એવું જે એનું સ્વરૂપ એનું આચરણ એટલે એમાં તન્મય થઈને. જ્ઞાન, દર્શન, આનંદ એવો એનો સ્વભાવ, એમાં તન્મય, તદ્રૂપે, તેરૂપે એકાકાર થયેલો એનું નામ ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? લૂગડા ફેરવીને નાગા થયા અને લૂગડા ફેરવીને બાયડી, છોકરા, સંસારી છોડીને આ બીજા પહેરે થઈ ગયા સાધુ. ધૂળેય સાધુ નથી સાંભળને. આહા..હા..! દૃષ્ટિ તો ફેરવી નથી હજી તે. સમજાણું કાં?ઈ શું ફેરવ્યું તે? સંસાર ધર્મ છોડ્યો.

આનંદમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા એને ન માનતા, મેં આ છોડ્યું અને ગ્રહણ કર્યું એવો હું. એ મિથ્યાત્વને પોષે છે. ઝીણી વાત છે, ભાઈ! આ બધા હાથીને હોદે દીક્ષા લે છે. ઓહો..હો..! ક્રાંતિકારી દીક્ષા કહેવાતી હતી. એને ઈન્દોરમાં પાછળથી પોલ નીકળ્યું. માટે નક્કી કરો મંડળે. છાપામાં આવ્યું હતું. ત્યાં અમે હતાને ઈન્દોષરમાં. અમારી મોટર નીકળી ત્યારે એક નીકળ્યું હતું .. ઓલું દેરામાં હોયને દેરા. દેરામાં હાંડો. પૈસા દેવા હાંડા નાખે બાયુ. એ વળી એવું ને એવું. સ્થાનકવાસીને એવી ન ખબર હોય. .સરઘસ હતું જૈનધર્મની જય. પણ જૈનધર્મ કહેવો કોને? આહા..હા..! અહિંસા ધર્મની જય એમ કરતા હતા. અહિંસા કહેવી કોને એ ખબર નથી. આહા..હા..! આ પરની દયા પાળવાનો વિકલ્પ ઉઠે એ પણ હિંસા. રાગ છે, વૃત્તિ છે એ તો ઉત્થાન છે. ભગવાન એનાથી ભિન્ન છે અંદર ચૈતન્યાનંદ. આહા..હા..! અહિંસા પરમો ધર્મ એટલે? ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંતગુણનો ધણી એવો જ્યાં કબુલાતનો સ્વીકાર થયો ત્યારે મિથ્યાત્વની દશા ઉત્પન્ન ન થઈ અને વીતરાગી પરિણતિ દશા ઉત્પન્ન

થઈ એનું નામ અહિંસા છે. આહા..હા..! એટલે? કે પૂર્ણસ્વરૂપ છે એનો સ્વીકાર નહોતો ત્યાં હિંસા હતી કે આવડો હું એ નહિ. એવડો હું છું એમ જ્યાં થયું ત્યાં એનામાં અહિંસા જીવન જેવું છે તેવું કબુલ્યુ એનું નામ અહિંસા. પંડિતજી! આહા..હા..! આવો ધર્મ કઈ જાતનો? દુનિયાથી જુદી જાત લાગે છે કહે. આહા..હા..! વાત જ જુદી છે, બાપુ! અનંતકાળમાં અપૂર્વ વાત. અપૂર્વ-પૂર્વે કોઈ દિ' સાંભળી નથી, પૂર્વે કોઈ દિ' કરી નથી. આહા..હા..! એવો જે અપૂર્વ ભગવાન આત્મા. તેનું આચરણ કરીને. હવે ત્રણે આવી ગયા. આ ગુરુએ આ કહ્યું હતું કે તારો આત્મા આવો છે, પ્રભુ! એને જાણ, એની શ્રદ્ધા કર, એમાં ઠર. એવું એણે કર્યું. ગુરુએ જ્ઞાનીએ કહ્યું હતું એવું એણે કર્યું. તો કરવાનું એણે કર્યું એણે આ કર્યું હતું.

પૂર્ણ પ્રભુ તારો આત્મા એના તરફ સન્મુખ થઈને જાણ, એની શ્રદ્ધા કર અને એમાં ઠર. એનું નામ જ્ઞાન, દર્શન અને ચારિત્ર. લ્યો આમાં ભાઈ ઓલો વ્યવહાર તો આવ્યો નહિ. વ્યવહાર જ્ઞાન-દર્શન-ચારિત્ર આવ્યું નહિ. એય...! આ તો નિશ્ચય આવ્યું. તત્ત્વાર્થસૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ ત્યાં ત્રણને કહ્યો છે તો નિક્ષેપ ઉતારે ત્યારે ઓલું વ્યવહારને નિશ્ચય સાથે. અહીંયાં તો એકલું નિશ્ચય છે. પહેલું સૂત્ર. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' ત્યાં વ્યવહાર સમ્યગ્દર્શન એ કાંઈ નાખ્યું નથી. એને ઠેકાણે કહે કે એ બધું તત્વાર્થ શ્રદ્ધા વ્યવહાર. આહા..હા..! પરથી, રાગથી પુણ્યની ક્રિયાના પરિણામથી મુક્તસ્વરૂપ એવા મુક્તસ્વરૂપને જેણે અંદરમાં જાણ્યો અને માન્યો એ મુક્તસ્વરૂપનું આચરણ અંતરમાં સ્વભાવમાં લીનતા, આનંદમાં લીનતા એ ચારિત્ર છે. એનું નામ ચારિત્ર કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તેનું આચરણ કરીને જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો,...**' દેખો! જે સાચી રીતે એક આત્મારામ થયો. રાગમાં રમતો હતો, પુણ્યમાં રમતો હતો અનાદિ માનીને તે હવે આત્મામાં રમણતા લાવી એ આત્મારામ થયો. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? રામ રૂપ ત્યાં કાંઈક સીતામાતા દેખાય છે. લ્યો! રામરૂપ થાવ એની તો વાત શી કરવી? કહ્યું ને સવારમાં કહ્યું હતુંને. રાવણે કહ્યું કે આ સીતાને હું લાવ્યો, મારે વનમાં મૂકી પણ પ્રસન્ન થાતી નથી. ઘણું વિનવું છું પણ કરવું શું? કર રામનું રૂપ ધારણ કર અને જા તો માનશે કારણ કે રામને માનનારી છે એ. પણ રામનું રૂપ ધારણ કરું ત્યારે માતા ભાસે છે એ. રાવણ કહે છે. રામનું રૂપ જ્યાં ધારણ કર્યું ત્યાં સીતા મા દેખાય છે. હવે એમાં પ્રસન્ન કરવાની રીત ક્યા રહી? આહા..હા..! એમ આત્મા રામ જ્યાં થયો ત્યાં મારા સિવાયની કોઈ ચીજ મારાથી અધિક છે નહિ. એમ ભાસે છે. સમજાણું કાંઈ? આત્મારામ થયોને? આહા..હા..!

નિજનું જ્ઞાન ને નિજની શ્રદ્ધા ને નિજ પોતે જેવો છે તેમાં રમણતા એ આત્મારામ થયો હવે એને કોઈ રાગાદિની કે પરમેશ્વર ત્રિલોકનાથ બીજા એને જ્યાં આ રૂપમાં આવ્યો

એને બીજી ચીજ અધિક ભાસતી નથી. આહા..હા..! કહો, શાંતિભાઈ! અરિહંત પણ જેને અધિક ભાસતા નથી એમ કહે છે. સિદ્ધ પણ મારાથી જુદાં માટે અધિક છે એમ ભાસતા નથી. હું જ પરથી જુદો છું, અધિક છું. સમજાણું કાંઈ? આ એનું નામ મોક્ષનો માર્ગ અને એનું નામ ધર્મની દશા. આત્મારામ પરમાનંદ સ્વરૂપ પ્રભુ એનું જ્ઞાન, શ્રદ્ધા અને ઠરવું એ મોક્ષનો માર્ગ છે. એ ધર્મ છે. આવી ધર્મની વ્યાખ્યા છે. આહા..હા..! વિશેષ કહેશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ વદ-૭, સોમવાર, તા. ૦૩-૦૭-૧૯૭૨
## ગાથા-૩૮, પ્રવચન-૧૧૬

લ્યો આ સમયસાર. જીવ-અજીવ અધિકાર. ૩૮મી ગાથા. '**अहम**' એનો અર્થ ચાલ્યો આટલો. એને ગુરુએ સમજાવ્યો અને એ જેવો છે એવો આત્મા હું. આ 'હું'ની વ્યાખ્યા એટલી થઈ. '**જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો, તે હું એવો અનુભવ કરું છું કેઃ હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું...**' આ આત્માનો અનુભવ થયો અને આત્મા જાણ્યો ત્યારે આ રીતે જણાણો. '**હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...**' આ વાત બાકી છે. આત્મા ગુરુએ કહ્યો અનાદિનો હતો અપ્રતિબુદ્ધ હતો એને એણે જણાવ્યું કે તું પ્રત્યક્ષ શુદ્ધ ચૈતન્યઘન અનુભવમાં આવે એવો તું છો. એવો એને પ્રત્યક્ષ જ્ઞાનમાં લઈને અનુભવ્યો. આ સમ્યક્ પહેલું આત્માનું ભાન થવાના કાળની વાત છે. છે? હું '**અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...**' '**મારા જ અનુભવથી...**' જ્ઞાન અને આનંદની પર્યાયના અનુભવથી આ આત્મા શુદ્ધ અખંડ અભેદ છે એવો અનુભવમાં જણાય છે. ભારે આવી વ્યાખ્યા ભાઈ! ત્યારે એણે આત્માને જાણ્યો અને હુંપણું એને પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! એ અહં એની વ્યાખ્યા થઈ. પહેલું.

હવે '**एक्को**' એકની વ્યાખ્યા છે હવે. છે તો એકસાથે પ્રગટેલું પણ સમજાવે ક્રમસરને. અહંમાં એ આવ્યું કે પોતાના પરમેશ્વરને જે ભૂલી ગયો હતો એને અંતર્મુખ થઈને જાણ્યું ને શ્રદ્ધયું અને એમાં આચરણ કરીને ઠર્યો. આત્મારામ થયો. એ આત્મા કેવો? કે હું મારા જ્ઞાનથી પ્રત્યક્ષ જણાય છે અનુભવમાં એવો. હવે એકની વ્યાખ્યા. લ્યો અહીં તો ઓલા

કહે ચોથે ગુણસ્થાને આમ ન હોય, ફલાણું આમ ન હોય. શુદ્ધ ઉપયોગ ત્યાં ન હોય. આગ્રાના આવ્યા વિરોધના લખાણ. બધા વાંચ્યા. આગ્રાના. બીજું આવ્યું છે. એ યાદ કર્યું હતું પણ પછી વાંચ્યું નહિ. પછી. નેમિચંદભાઈના .. કાગળ. એ બધા વિરોધીપક્ષના પત્રો બહુ મોટા મોટા.

મુમુક્ષુ :- ઉપરથી ..

ઉત્તર :- બધે આવ્યું છે. લાવ્યા છો કે નહિ પ્રેમચંદ? એ બધું આવ્યું છે અહીં. આ જ વાતું બધી. ક્રમબદ્ધ નથી, નિયતવાદ છે. શુભને લઈને ધર્મ ન થાય. હવે એવી ક્યાં વાત હતી? પુણ્યને વિષ્ટા કહે છે. પ્રાણીને પરસ્ત્રી કહે છે. અરે ભગવાન! આહા..હા..! આ તો આત્મા આને કહીએ. પ્રથમ અનુભવમાં આવતા આત્મા આવો હોય એમ જણાય. કેમ માણેકચંદભાઈ ત્યાં બેઠા? સંભળાય છેને બરાબર. કહો, સમજાણું આમાં?

'**તે હું એવો અનુભવ કરું છું કે :**' એમ આવ્યુંને? એમાં શુભભાવથી હું અનુભવ કરું છું, નિમિત્તથી અનુભવ કરું છું એમ ન આવ્યું. હું તો ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ ભગવાન જાણકસ્વભાવ હું ચૈતન્યજ્યોત સ્વરૂપ એવો આત્મા '**કે જે મારા જ અનુભવથી...**' દેખો! આમાં તો બધું ઉડાડી દીધું. નિમિત્તથી અનુભવમાં આવે છે કે રાગની મંદતાથી અનુભવમાં આવે છે એ વાત ઉડી ગઈ બધી. આહા..હા..! અલિંગગ્રહણમાં પણ એનો સ્વભાવ કીધોને છઠ્ઠો બોલ? પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..! એમાં પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે. પ્રત્યક્ષ પ્રકાશ નામનો ગુણ છે કે જે ગુણનો ધરનાર ભગવાન આત્મા એનો જે સન્મુખ થઈને સ્વીકાર કરે એને પ્રત્યક્ષ થયા વિના રહે નહિ. ગુણનું કાર્ય છેને? આહા..હા..! અરે! મૂળ સ્વરૂપ શું છે એની જાતની ખબર નહિ.

ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ શુદ્ધ જ્ઞાન એવો સ્વભાવ હોવા છતાં તેની પર્યાયમાં પ્રત્યક્ષ થાય એને રાગ અને મનના સંબંધે જણાય એવું એ સ્વરૂપ જ નથી. એમ રાગની મંદતાનો વ્યવહાર હતો માટે અનુભવમાં આવ્યો એમ પણ નથી. હવે એ તકરાર કરે છે લ્યો ભગવાનની વાણીથી જ્ઞાન ન થાય. પણ આ શું કહે છે? વાણીથી જ્ઞાન થાય? વાણી તો પર છે. લોકોને ભડકાવે પણ છતાં હવે ઘણો માણસ ખળભળાટ થઈ ગયો છેને માનતો નથી એને. એક તો કાગળ એવો કોકનો .. એના વિરૂદ્ધનો. એલા પણ હજારો માણસો બહાર નીકળ્યા આ રથયાત્રામાં એમાં ભગવાન હતા એના દર્શન કરવાને તમને મોક્ષ ન મળ્યો? કોક કહેતું હતું. તમને કીધું ભાઈ એ ગમે તે હોય, પણ ભગવાન હતાને રથમાં? તમને બોલાવ્યા ભાઈ ચાલો દર્શન કરવા, ચાલો દર્શન કરાવ્યા. કોના ભગવાન? એક સાધુ છે. ગામમાં કોકે છપાવ્યું છે. હજારો માણસો એમ કે જ્યાં .. પાંચ-પચાસ ચાલતા હતા ટેં ટેં કરીને પડ્યા રહ્યા દર્શન કરવા પણ ન નીકળ્યા કહે. એમ પણ હોય. આહા..હા..! ચર્ચા

કરો. પણ મેં કીધું ચર્ચા તો થઈ ગઈ છે ત્યાં. છપાઈ ગઈ છે. વાંચોને એમાંથી. આહા..હા..! અરે! એને પોતાની જાત કેમ જણાય? એની દરકાર નહિ. આવી બધી વાદ ને વિવાદની ચર્ચાઓ. એનું એને હજી શ્રદ્ધામાં લેવાને વાર લાગે છે. વિરોધ થાય છે. ના. ના. શુભરાગથી જણાય, નિમિત્ત હોય તો એ જણાય.

અહીં તો કહે છે કે સાંભળને. હું મારા જ અનુભવથી, મારી જ જ્ઞાનની નિર્મળ પર્યાય પરની અપેક્ષા રાખ્યા વિનાની એનાથી જ હું પ્રત્યક્ષ જણાય છે. કહો, ચેતનજી! આમાં તકરારને ક્યાં પ્રશ્ન છે? પણ એ નિશ્ચય એકાંત થઈ જાય છે. એકાંત છે, એકાંત. સમ્યક્ એકાંત જ આમ છે. આહા..હા..! જે મારા અંતર સ્વરૂપ ભગવાન આત્મા અંતરમાં વળેલી જ્ઞાનની દશા દ્વારા પ્રત્યક્ષ જણાય છે એ હું છું. પરથી જણાય એવો હું છું એવું ન આવ્યું એમાં. ભગવાનની વાણી ગુરુએ સાંભળી માટે જણાય એમ પણ ન આવ્યું. પહેલું કીધું ખરું. મને જણાવ્યું, સંભળાવ્યું હતું. અહીં કાઢી નાખ્યું પાછું. સાંભળ્યું એના ઉપર લક્ષ ગયું, છોડ્યું. આહા..હા..! એવી વસ્તુની સ્થિતિ જ આવી છેને ભાઈ! તમને ન ગોઠે એટલે કાંઈ બીજી ચીજ થઈ જાય?

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એ પ્રત્યક્ષ થઈ શકે એવો જ એનો સ્વભાવ છે. પરોક્ષ રહે એવો એનો સ્વભાવ નથી. કોને? સ્વીકારે એને. સુજાનમલજી! એ આ આવો જ છે એવું જેને વસ્તુમાં અંદર પ્રત્યક્ષ પ્રકાશ નામનો ગુણ છે અને એ ગુણનો ધરનાર એ ભગવાન આત્મા છે. એવું જેણે પર્યાયમાં, વર્તમાન દશામાં મતિશ્રુત જ્ઞાન દ્વારા અંદર વળતા, ઢળતા આખા સ્વભાવને જેણે કબજે કર્યો. જેમાં જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, ધ્રુવમાં પ્રસરી. પ્રત્યક્ષપણે પ્રસરી. આહા..હા..! શાંતિભાઈ! ભારે માર્ગ આવો.

મુમુક્ષુ :- પ્રત્યક્ષ છે કે પરોક્ષ છે એ?

ઉત્તર :- એ પ્રત્યક્ષ કીધું છે. પરોક્ષ તો પરની અપેક્ષાએ વાત. પરને જાણવા માટે પરોક્ષ છે. આહા..હા..! પણ પોતે ચીજ છે એને જાણવામાં રાગ અને નિમિત્તની અપેક્ષા હોય તો નિરપેક્ષ એનો અનુભવ તો હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અંદર પૂર્ણાનંદ એકલો જ્ઞાનનો પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ પ્રભુ એને પ્રજ્ઞાની પર્યાય દ્વારા જ જણાય પ્રત્યક્ષ એવી એ ચીજ છે. એમાં તો કેટલુંય કાઢી નાખ્યું. નિમિત્તથી જણાય નહિ, વ્યવહારથી જણાય નહિ. કષાયની મંદતા કરી સાંભળ્યું માટે જણાય એમ પણ નહિ એમ કીધું. છે એમાં કે નહિ જુઓ. આહા..હા..! એ એક બોલ થયો અહંનો.

હવે '**एक्को**' હું એકરૂપે છું. કઈ રીતે? '**ચિન્માત્ર આકારને લીધે...**' એટલે કે જ્ઞાનસ્વભાવના સ્વભાવ સ્વરૂપને લીધે '**હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી...**' એટલે કે મનુષ્યગતિ પછી દેવ ગતિ પછી ક્રમ હોય એનો ગતિમાં. એક સાથે ગતિ હોય

નહિ. આ મનુષ્ય, દેવ, નારકી, ઢોર, પશુ આદિ એ એક પછી એક ગતિ. એવી ગતિ એક પછી એક એવા ક્રમરૂપભાવથી પણ. છે? ક્રમ અને અક્રમ. આ યોગ, લેશ્યા, કષાય એ પણ એક સાથે હોય છે. એ બધા એક સાથે હોય અને ક્રમે હોય એવા '**પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી...**' જુઓ આ ક્રમરૂપ પ્રવર્તતા અને અક્રમ પર્યાયની વાત નથી અહીં. પણ એ ક્રમબદ્ધ પ્રવર્તે અને અક્રમબદ્ધ પ્રવર્તે. એ એમાં નાખ્યું છે એ. ક્રમ-અક્રમ આવે છેને જયધવલમાં? કે જુઓ આમાં કહ્યું. પણ એ બીજી વાત કરવી છે. આ તારા પર્યાયના ક્રમ-અક્રમની ક્યાં વાત છે? આહા..હા..! એમ આ આત્મામાં ગતિ ક્રમે-ક્રમે હોય. એવો જે વ્યાવહારિકભાવ એનાથી '**ભેદરૂપ થતો નથી**'. અને અક્રમે નામ એક સાથે, રાગ, જોગ, લેશ્યા એક સાથે હોય અક્રમ. એના ભાવથી પણ હું ભેદરૂપ થતો નથી. કહો, ગિરધરભાઈ! આ તો તમારી મેળે આ રીતે વાંચ્યું નહિ કોઈ દિ'. .. નવરાશ પડે ..

આત્મામાં પર્યાયમાં ગતિ ક્રમે થાય. ગતિ એક સાથે હોય? મનુષ્ય હોય તો દેવ અને દેવ હોય તો એમ એક સાથે ન હોય. તો ક્રમે પ્રવર્તતા જે વ્યવહારિકભાવો અને એક સાથે રાગ, લેશ્યા, યોગ, કંપન્ન એ અક્રમે એટલે એકસાથે પ્રવર્તતા વ્યવહારિકભાવો એનાથી હું ભેદરૂપ થતો નથી. મારી દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ ઉપરથી એવા ભેદભાવથી હું ભેદ પામતો નથી. આહા..હા..! આવી વાત, પણ અલૌકિક વાત. ક્રમે પ્રવર્તવું અને અક્રમે પ્રવર્તતા જે '**વ્યાવહારિક...**' જુઓ, પ્રવર્તતા તો છે, અસ્તિ તો છે. ગતિ એક પછી એક એવો વિકાર ગતિનો અને જોગ, રાગ, લેશ્યા એક સાથે વર્તે એ બધા ક્રમે અને અક્રમે પ્રવર્તતા, રહેતા, હોતાં વ્યવહારિકભાવ એ બધા ભેદરૂપભાવ એનાથી '**ભેદરૂપ થતો નથી માટે હું એક છું;...**' આ આત્માને આત્મા તરીકે કહેવાય. ગતિવાળો અને રાગવાળો એ આત્મા નહિ એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એકપણું જ્યાં નથી

ઉત્તર :- એકપણે જ છું હું તો એક. એકમાં આવા અનેકનું ભેદભાવ છે જ નહિ. આહા..હા..! ૩૮મી ગાથા છેને. જીવનું પૂર્ણ સ્વરૂપ જણાવ્યું સમ્યગ્દર્શનમાં, જ્ઞાનમાં એ કેવું? કે આવું. સમજાણું કાંઈ? આહા..હા..!

'**હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી માટે હું એક છું;...**' ગતિના ભાવથી ભિન્ન છું અને રાગાદિ, યોગાદિના ભાવથી પણ હું ભિન્ન છું, અભેદ છું, એક છું. અરે! આ આવી શું કહે છે એ સમજવું કઠણ પડે. આવા આત્માને આત્મા કહીએ. ગતિ અને રાગવાળો, ભેદવાળો ભાવ એ આત્મા નહિ. કહો, સમજાણું? ચિન્માત્ર જ્ઞાન ચેતનામાત્ર જેનો સ્વભાવ છે એવું એકરૂપ. આવા ભેદથી હું ભેદાતો નથી. એવા વ્યવહારિકભાવોથી હું ખંડરૂપ થતો નથી, અનેકરૂપ થતો નથી. આહા..હા..!

હું એક છું. ચૈતન્ય સ્વભાવભાવ વડે એક છું. આવા ભેદભાવથી હું ભેદાતો નથી. કહો, સમજાય છે કાંઈ? આ વ્યાખ્યા એવી છે. ઘણી સત્ય વાત. આવું સત્યનું સ્વરૂપ જ છે. જે વસ્તુસ્વભાવ ચૈતન્યમાત્ર સ્વભાવને લઈને એવા 'વ્યાવહારિક ભાવોથી...' એકરૂપ જ્ઞાનની દશા વર્તતી હોવાથી ભેદભાવ થતો નથી માટે હું એક છું. આહા..હા..! દષ્ટિએ પૂર્ણ જ્ઞાયકસ્વભાવને જ્યાં પકડ્યો એટલે કે દષ્ટિ જ્યાં ધ્રુવ ઉપર પ્રસરી અને વર્તમાન જ્ઞાનની દશા પણ જેને પૂર્ણ જ્ઞેય એવું તત્ત્વ એને જ્ઞેય બનાવ્યું. ત્યારે ત્યાં એકતા જ ઉભી થઈ. આહા..હા..!

ઓલો કહે જીવના સ્થાન છે ૫૬૩ ભેદ જાણવું. શું કેવા? .. જીવના ભેદ તમારે કાંઈક શું જીવ .. ફેર છે. ફેર છે એમાં. શ્વેતાંબરમાં ૫૬૩ ભેદ છે જીવના. આમાં કાંઈક જીવ વિચાર કરીને છે. કહે છે કે ૫૬૩ ભેદ એ જીવ નહિ. જીવના વિચાર બહુ આવે કાંઈક. પહેલા યાદ હતું હવે ભુલાઈ ગયું. મેળવતા ૫૬૩ ભેદ આના કહે છે, શ્વેતાંબર આમ કહે છે. એ આત્મા નહિ. આહા..હા..! ભેદરૂપભાવ તે આત્મા નહિ. ગતિનો ભાવ તે આત્મા નહિ. જોગનો અને રાગનો વિકલ્પનો ભાવ તે આત્મા નહિ. કેમકે હું ચૈતન્યસ્વરૂપથી વ્યવહારિક ભેદથી ભેદાતો નથી એથી ચૈતન્ય સ્વરૂપ મારું એકરૂપ છે. પર્યાયમાં એકરૂપ ભાસે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આવું ઝીણું લાગે એટલે લોકો બિચારા ક્યાંય ચાલ્યા. આ બધા દયા પાળવામાં મંડી પડ્યા, આ અપવાસ અને જાત્રા દેરાવાસી. સમ્મેદશિખરની અને શેત્રુંજયની કરો જાત્રા. એય..! ચંદુભાઈ! તમારે દયા પાળો... દયા પાળો... અને દિગંબરમાં આ ખાવું ને આ ન ખાવું, આ પીવું. આહા..હા..! ક્યાંય ચડી ઉંધે રસ્તે. માર્ગ પડ્યો રહ્યો એકકોર.

ભગવાન આત્મા એને કહીએ અને એને જાણ્યો કહીએ કે જે એકરૂપમાં ભેદ પામતો નથી એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ક્રમ-અક્રમની વ્યાખ્યા સમજાણી? ક્રમબદ્ધ અને અક્રમબદ્ધની અહીં વાત નથી. પર્યાય ક્રમબદ્ધ થાય એ અહીં વાત નથી. એ તો ક્રમબદ્ધ જ છે. પણ અહીં તો વ્યવહારું ભાવ ગતિ આદિનો ક્રમરૂપ અને રાગાદિની એક સાથે રાગ અને ગતિ ને યોગ, કંપન્ન એક સાથે હોય એવા જે અક્રમરૂપે પ્રવર્તતા ભાવ એથી ભેદ થઈ ગયો એ તો. ભેદ એ તો વ્યવહારનયનો વિષય છે. એને તો અહીં હેયપણે વર્તે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગુણસ્થાન, માર્ગણા એ બધા ક્રમ. સાથે ને સાથે હોય. ગુણસ્થાન પણ એક, માર્ગણા સ્થાન પણ એક. બધું એક હોય. એક પછી એક વસ્તુ ગુણસ્થાન પહેલું, બીજું, ત્રીજું એમ ક્રમે હોય. એ તો છેને. એ તો પછી હોય. એ ક્રમે હોય. એ વખતે જ્ઞાનની પર્યાય વખતે દર્શનની પર્યાય સાથે છે ઉપયોગમાં એમ નથી. એમ કહે છે અહીં. પર્યાયથી

એ ક્રમે છે છતાં તેના ભેદભાવને હું પામતો નથી એમ કહે છે. આહા..હા..! ઝીણી વાત છે. .. થાતો નથી. એ વાત છે. ભલે ક્રમે હોય અને અક્રમે હો. અભેદ.. ના પર્યાયના ભેદભાવ છે એ ચૈતન્યની એકતાના સ્વભાવનો વિષય નથી. જ્ઞાયકભાવ સ્વભાવરૂપ અંદર જોતા એવા ગુણસ્થાન ભેદ કે આદિનો ભેદ પામતો નથી. એમ કહે છે. આવે છેને ગતિ, માર્ગણા, લેશ્યા, કષાય, યોગ બધું એક સાથે હોય છે.

મુમુક્ષુ :- માર્ગણા એક સાથે હોય છે.

ઉત્તર :- માર્ગણા એક સાથે હોય, ગુણસ્થાન ક્રમે હોય, ગતિ ક્રમે હોય, યોગ-કંપન્ન એક સાથે હોય, યોગ લેશ્યા એક સાથે હોય. આહા..હા..!

**'માટે હું એક છું;...'** માટે હું એક છું એવો પર્યાય એમ કહે છે. આહા..હા..! આમ એકરૂપે હું છું. ભેદાતો નથી માટે હું એક છું. વિકલ્પથી આ વાત નથી. સમજાવે ત્યારે શું સમજાવે? અંતર ધ્રુવ સ્વભાવ જ્ઞાયકસ્વભાવ તરફ જ્યાં ઢળ્યો એટલે અનેકતાના ભેદવાળું પરિણમન ન રહે. સમજાણું કાંઈ? આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય હોં. અપવાસ કરો, વર્ષીતપ કરો. બાયડ્યુંને સુકાવી દે લ્યો. અને વર્ષીતપ કરે પછી બે-પાંચ હજાર ખર્ચાવે. ઉજવણી કરે એને અપવાસ કર્યા કહેવાય. લાંઘણું છે સાંભળને હવે. આહા..હા..! ભારે વાતું ભાઈ! ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ ધ્રુવ શુદ્ધ ઉપર જ્યાં દૃષ્ટિ પડી ત્યાં એમાં એકતા જ ઊભી થાય છે. ખંડ ખંડ ઊભો થતો નથી. એનું નામ આત્મા કહે છે. હવે આ સમયસાર એક જણો કહે કે પંદર દિ'માં વાંચી ગયો. સારી વાત બાપા! પંદર દિ'માં એ અંતર્મુહૂર્તે પમાય છે એમ કહે. આહા..હા..! એકાંત લાગે છે આ બધું. એમ લખ્યું છે. એકાંત મિથ્યાત્વનું. એકાંત મિથ્યાત્વ છે. અરે ભગવાન! પ્રભુ! તે સાંભળ્યું નથી હોં. તારી જાતનો પ્રેમ રહેવા દે. એકાંત જ છે. ધ્રુવ સ્વભાવ તરફ વળ્યો એ એક સ્વભાવના ધ્રુવને જ કબુલ્યો ત્યાં છે. પર્યાય એને કબુલે છે. પર્યાયનું જ્ઞાન હો, ભલે પણ આશ્રયમાં તો ધ્રુવ જ એકલું હોય છે. એમાં અનેક પર્યાયનો એ આશ્રય અને દ્રવ્યનો પણ આશ્રય. આહા..હા..! શું થાય? વસ્તુ એવી છે ત્યાં. એ એકની વ્યાખ્યા થઈ.

**'सुद्धो'** હવે શુદ્ધની વ્યાખ્યા કરે છે. હું શુદ્ધ છું. સમકિતીને આત્મા અહંપણે અનુભવમાં પ્રત્યક્ષ થાય અને એકરૂપે જણાય અને તેને શુદ્ધરૂપે જણાય એની આ ત્રીજી વ્યાખ્યા ચાલે છે હવે. આહા..હા..! **'નર, નારક આદિ જીવના વિશેષો,...'** આ શરીરની વાત નથી, અંદર જીવની, પર્યાયની વિશેષ. મનુષ્યની પર્યાય અંદર હો જીવની ગતિ આદિ, દેવની પર્યાય એવા **'જીવના વિશેષો,...'** એ વ્યવહારિકભાવ છે જીવના વિશેષ. જીવની વિશેષદશાઓ વ્યવહારભાવ છે. એવા **'વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી,...'** એમ. એમનાથી હું જુદો છું. આહા..હા..! જીવની વિશેષદશાઓથી, તેમનાથી હું જુદો છું. અત્યંત જુદો છું. આહા..હા..!

જીવના ચૌદ ભેદ આદિ પડે છેને પર્યાપ્ત અને અપર્યાપ્ત વગેરે. જીવસ્થાન. એ જીવના ભેદો, વિશેષો, એનાથી હું, એનાથી હું અત્યંત જુદો છું.

અને '**અજીવ,...**' કર્મ, શરીર, લક્ષ્મી આદિ અજીવ તત્ત્વ. એનાથી અત્યંત જુદો છું. લ્યો કર્મ તો અજીવ છે. એનાથી અત્યંત જુદો છું. કર્મના સંબંધમાં છું એમ ભાસતું નથી. આત્મા જેને ભાસે એની દૃષ્ટિની વાત છે એ. આહા..હા..! ભગવાન આત્મા અજીવથી અત્યંત જુદો. છેને અંદર? કર્મના સંબંધથી અત્યંત જુદો, સંબંધ વિનાનો અબંધ સ્વભાવ મારો છે. આહા..હા..! '**પુણ્ય,...**' શુભભાવરૂપી પુણ્યભાવ એ વ્યાવહારિકભાવ એનાથી અત્યંત જુદો છું. '**પાપ,...**' ભાવ. હિંસા, જૂઠું, ચોરી આદિ વિકલ્પ એનાથી પણ આત્મા '**અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું;...**' આવા ભેદ છે તે અશુદ્ધ છે એમ કહે છે. આહા..હા..! જીવના વિશેષો એ ભેદ છે તે અશુદ્ધ છે. એનાથી જુદો એવો હું શુદ્ધ છું. આહા..હા..! પાપથી અત્યંત જુદો છું. આ થયુંનો એનો અર્થ કે વ્યવહારરત્નત્રયનો જે શુભભાવ. એનાથી અત્યંત જુદો એ આવી ગયું પહેલા. એ મારા છે, એ હું આત્મા છું એમ તો ન આવ્યું એમાં. આહા..હા..! શુભ-અશુભભાવ જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, પંચમહાવ્રતનો ભાવ, શાસ્ત્રને ભણવાનો ભાવ, સાંભળવાનો કે વિચારવાનો નિર્વિકલ્પભાવ એવા ભાવથી હું અત્યંત જુદો છું. કહો, સમજાણું કાંઈ?

'**આસ્રવ,...**' થી. બે ભેગા એક. શુભ અને અશુભ બે ભાવ એ આસ્રવ. એનાથી એ વ્યવહારિક તત્ત્વોથી, ભેદવાળા તત્ત્વોથી વિશેષરૂપી ભાવથી અત્યંત જુદો છું. અરે! '**સંવર,...**'ની પર્યાયથી અત્યંત જુદો છું. કહો, એ ધર્મની પર્યાય સંવર. એ શુદ્ધતાની પર્યાય એનાથી જુદો હું છું. સંવર-સંવર જે ધર્મપર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવી સંવર પર્યાય એનાથી અત્યંત જુદો હું અખંડ અભેદ છું, એને લઈને હું શુદ્ધ છું. આહા..હા..! '**નિર્જરા,...**'થી અત્યંત જુદો છું. અશુદ્ધતા ટળે અને શુદ્ધતા વધે એવી જે નિર્જરા અને કર્મ ટળે એ ત્રીજી. ત્રણે નિર્જરાથી હું અત્યંત જુદો છું. '**માટે હું શુદ્ધ છું;...**' '**સંવર, નિર્જરા, બંધ,...**' રાગમાં રોકાવું એ બંધ. એનાથી હું તદ્દન અત્યંત જુદો છું. આહા..હા..! પુણ્ય અને પાપના વિકલ્પમાં રાગનું અટકવું એ ભાવબંધ. દ્રવ્યબંધ તો અજીવને. ભાવબંધ જે રાગાદિ એનાથી પણ હું અત્યંત જુદો છું. અબદ્ધસ્વરૂપ છું. એવું દૃષ્ટિમાં પર્યાયમાં એમ ભાસ થવો એને અહીંયાં શુદ્ધ કહેવામાં આવે છે. પર્યાયમાં ભાસ થવો કે હું આમાં નથી. સંવર, નિર્જરાની પર્યાયમાં હું નથી. આહા..હા..! એય..! ઓલામાં તો એમ કહ્યું છે ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, મોક્ષ પરમ હિતકર છે. બંધ અહિતકર છે. લ્યો! મોક્ષતત્ત્વમાં. મોક્ષમાર્ગ પ્રકાશક. આવે છે કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. જ નથી. એ તો એનું જ્ઞાન કરાવ્યું છે કે જે ઉપજે. એ ઉપજવા યોગ્યની દશા ઉત્પન્ન થાય છે, પણ એ ઉત્પન્ન થવાયોગ્ય સંવરમાં હું નથી. આ એમ કહે છે. ત્યાં તો પર્યાય આવી હોય એમ જણાવે છે. સમજાણું? અને તે ખરેખર તો જીવ જ્ઞાયકભાવનું જ્ઞાન થતાં એને આ પર્યાયો નથી એવું એને જ્ઞાન થાય છે. આહા..હા..! ભારે આવું! હજી તો સમ્યગ્દર્શનની વ્યાખ્યા એનો વિષય એને સાંભળવો કઠણ પડે. ત્યાં જ શરૂઆત છે કહે છે. આહા..હા..! ભાઈ કહે છેને વારંવાર જુગરાજજી. પહેલી માંડે જ્યાં ત્યાં. કે અત્યાર સુધી આસ્રવમાં અમે ધર્મ માનતા. એ ધર્મની કેમ શરૂઆત થાય એ અહીં સાંભળવા મળ્યું. જુગરાજજી એમ કહે. અહીં તો આ આસ્રવ એ ધર્મ. દયા પાળી, વ્રત કર્યા, તપ કર્યા એ ધર્મ. અહીં તો વિકલ્પ છે રાગ. પણ ધર્મની શરૂઆત કેમ થાય? એ વાત તો અહીં અમને સાંભળવા મળી કહે.

અહીં તો કહે છે કે ધર્મની શરૂઆત થઈ એ પર્યાયમાં હું નથી. એમ પર્યાય એમ કહે છે કે એમાં હું નથી. આહા..હા..! બંધમાં હું નથી અરે મોક્ષમાં હું નથી લે. આહા..હા..! મોક્ષ તો એક સમયની પર્યાય છે. ભાવમોક્ષ. દ્રવ્યમોક્ષ તો અજીવમાં ગયું. એક સમયના અંશમાં દ્રવ્ય છે? વાસ્તવિક આત્મલાભ વસ્તુ દ્રવ્યના સ્વરૂપ તરફની હયાતીનો લાભ એ તો ત્રિકાળી વસ્તુ છે. ત્રિકાળી વસ્તુને પર્યાય સ્વીકારે છે એ પર્યાય એમ કહે છે કે હું મોક્ષમાં નથી. મોક્ષની પર્યાય ભેદરૂપ છે એમાં આ તત્ત્વ એમાં આવતું નથી, હું તો એનાથી ભિન્ન શુદ્ધ છું. આહા..હા..! એ સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય એનાથી અત્યંત જુદો. નિર્જરાની પર્યાય એક સમયનો વ્યવહારુ આત્મા છે. વ્યવહારુ આત્મા છે.

એ નવ જે તત્ત્વો એ '**વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી,...**' પુણ્ય-પાપ આસ્રવ બંધની પર્યાય, સંવર, નિર્જરા મોક્ષની પર્યાય એમનાથી '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ...**' જોયું! હું તો ટંકોત્કીર્ણ ટાંકણે કોતરેલ કાઢેલ એવો ભગવાન આત્મા '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ...**' મારો તો એકરૂપ જ્ઞાયકસ્વભાવ જ છે. એ '**ભાવ વડે,...**' આવા વ્યવહાર તેમનાથી. એમ. આહા..! નવ તત્ત્વના વ્યવહારિક ભાવોથી હું એક જ્ઞાયકસ્વભાવ વડે. છે? '**અત્યંત જુદો છું...**' આહા..હા..! એમ કહે છે ધર્મપર્યાયરૂપે હું નહિ. વિકાર પર્યાયરૂપ તો નહિ. ધર્મપર્યાય એક સમયનો અંશ છે એ તો. વસ્તુ ત્રિકાળ છે. ગિરધરભાઈને. બધા હેરાન થતા ત્યાં. હેરાન-હેરાન. સંપ્રદાયમાં હેરાન અને ઓલા .. હેરાન. આ વાત ક્યાંય હતી નહિ. પરમસત્ય. આહા..હા..! એવું જે એક જ્ઞાયકસ્વભાવભાવ વડે. એક જ્ઞાયકસ્વભાવભાવ વડે આવા નવ તત્ત્વના ભેદથી તેમનાથી આવા ભાવ વડે હું જુદો છું. ઝીણું છે ભાઈ જરી હોં. આખરની ગાથા. ફતેહપુરમાં આવી હતી નહિ? ખબર નથી. નહિ આવી હોય. ત્યાં આવી હતી નહિ અમદાવાદમાં. આહા..હા..!

કહે છે કે આ જીવના વિશેષ પ્રકારો એનાથી અત્યંત જુદો. કારણ કે એક સમયની વિશેષ અવસ્થામાં જીવ આવતો નથી. એમ પુણ્ય-પાપ, આસ્રવ-બંધ જે વિકારી પર્યાયના અંશ એનાથી જુદો એ તો ઠીક. પણ સંવર, નિર્જરા અને મોક્ષ એવી પર્યાય શુદ્ધ, અધુરી શુદ્ધ અને પૂરી શુદ્ધ. પૂરી શુદ્ધ એટલે મોક્ષ, અધુરી શુદ્ધ એટલે સંવર, નિર્જરા. એ પર્યાયમાંથી, એમનાથી, એમનાથી એક જ્ઞાયકસ્વભાવ વડે અત્યંત જુદો છું. સમજાણું કાંઈ? હવે આવું નવરાશ ક્યાં માણસને. આખો દિ' સવારમાં મુંબઈ જવું હોય તો આહા..હા..! આ તો સંપ્રદાયમાં ધમાલ એકલી આ કરો, આ પાળો, આ એ તો એકલી પ્રવૃત્તિ-પ્રવૃત્તિ. અહીં તો પ્રવૃત્તિના સંવર-નિર્જરાના જે મોક્ષના પરિણામ. પરિણમન જે છે એક સમયનું. એમનાથી એક જ્ઞાયક સ્વભાવભાવ વડે અત્યંત જુદો છું. એથી એને શુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..! એનો અર્થ થયો કે નવતત્ત્વથી એને કહેવું વિરોધ છે એમ કહેવું. મેચક કીધું છે ભાઈ! ૧૬મી ગાથા. મેલ છે, મેચક છે. ઓલાએ તો મલિન કીધી, ઓલાએ અનેકતા કીધી છે, ..માં મેલ કીધો છે, આમાં અનેકતા કીધી છે. મેચક એટલે અનેકતા, વિચિત્રતા, અમેચક એટલે એકતા, અવિચિત્રતા. પર્યાયની હોં. બેય નહિ. એવા વિકલ્પથી જુદો છું. ત્યાં એમ છે.

ત્રણ પર્યાય પરિણમે પરિણમવું એ વ્યવહારનય મેચક થઈ ગયો. એકરૂપે પરિણમવું એ અમેચક છે. આહા..હા..! પણ એવા મેચક-અમેચક વિકલ્પથી શું પ્રયોજન તારે? 'એક જાણીએ દેખીએ રમી રહીએ એક ઠોર.' લ્યો એક આવ્યું ત્યાં. 'સમળ...' ત્યાં સમળ લીધું જુઓ ભાઈ! વ્યવહારમાં. 'સમળ વિમળ ન વિચારીએ' એ પર્યાયની વાત છે બેય. મેચક મેલ કહ્યો ત્યાં. અહીં કીધુંને. અહીં એ કીધું. નવમાં ભેદ એ તો અશુદ્ધ છે. એનાથી અત્યંત ભિન્ન તે શુદ્ધ છે. આવું જ એનું પરમસત્ય સ્વરૂપ છે. એ રીતે દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થાય નહિ. આહા..હા..! બનારસીદાસનું એકાંત થઈ ગયું છે. દીપચંદજી .. ઠેકાણે પાડ્યું. એમ આ લોકોનું એકાંત છે એ અહીં તો આગ્રાનો માણસ ઠેકાણે પાડે. ઓલા એમ કહે.

મુમુક્ષુ :- આવવા દો રૂપચંદજીને.

ઉત્તર :- કોઈ રૂપચંદજી બનો. ગામ આપ્યા કેટલાય એમ કહે. ફલાણા બેનાડા. એને આગ્રામાં એવું એકાંત થયું છે જે બનારસીદાસને થયું હતું એવું જ અહીંયાં સોનગઢને થઈ ગયું છે. કોઈ આગ્રા ઠેકાણે પાડો રૂપચંદજીને. એમ કહે. એય..! પંડિતજી! આવા પંડિતો પાછા છેક અહીં પડતા જાય છે. ઓહો..! બાપુ! તારી ચીજ જ આવી છે ત્યાં. આહા..હા..! એમ લખ્યું છે. રૂપચંદજીએ એમ ઠેકાણે પાડ્યા એમ આ એ રસ્તે ચડી ગયા છે એકાંતને હવે ઠેકાણે પાડો તો આગ્રાની આબરૂ રહેશે. આહા..હા..! ભગવાન! તું શું કરે છે? આહા..હા..! ભાઈ! તને ખબર નથી. એ નવ પ્રકારના પર્યાયના ભેદ એ વસ્તુ નહિ. અખંડ વસ્તુ નહિ.

આહા..હા..! એવું સત્ય છે, હા પાડતા તને પરસેવા ઉતરે, ભાઈ! અનુભવ કેમ થઈ શકે તો?

કહે છે કે '**નર, નારક આદિ જીવના વિશેષો,...**' જીવના ભેદો પર્યાયો એમ '**અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ...**' એ પર્યાયો. '**જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી,...**' નવ તત્ત્વનો અનુભવ જે મિથ્યાત્વ કહ્યો છે એ આ નહિ. એય..! કળશમાં કીધું છેને નવ તત્ત્વનો અનુભવ. એ આ સંવર, નિર્જરા, મોક્ષ આ નહિ. એ તો અનાદિના અશુદ્ધની વાત છે. એની અપેક્ષાએ સંવર, નિર્જરા, મોક્ષ ખતવ્યા હતા. એનું જ્ઞાન નવનો અનુભવ એ મિથ્યાત્વ છે. આ નવ છે એ સમ્યગ્દૃષ્ટિને હોય છે. સંવર, નિર્જરા અને મોક્ષ, ભાઈ! છતાં એ નવના ભેદમાં એની દૃષ્ટિ નથી. એમ કહે છે. અરેરે! એકકોર તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શન નવ તત્ત્વ લીધા. એકકોર નવતત્ત્વનો અનુભવ મિથ્યાત્વ અહીં નવ તત્ત્વની પર્યાય સંવર, નિર્જરા અને મોક્ષ. એ ભેદવાળું નથી. એનાથી જુદો થયો એ .. આહા..હા..! નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ એ એકલા વ્યવહાર, આ તો સમ્યગ્દર્શનસહિત સંવર, નિર્જરાની મોક્ષ પર્યાય પ્રગટી છતાં એ ભેદમાં વ્યવહારે નવ તત્ત્વથી એકલું જ્ઞાયકભાવ મારું ભિન્ન છે એને હું અહીંયાં શુદ્ધ માનું છું. આહા..હા..!

મુમુક્ષુ :- તો અશુદ્ધ...

ઉત્તર :- .. નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ તે અશુદ્ધ એમાં સંવર, નિર્જરા, મોક્ષ પર્યાય નહોતી. એ તો અપેક્ષિત ગણીને કહી. અને જે નવ તત્ત્વની શ્રદ્ધા મોક્ષમાર્ગમાં કહી એમાં તો સંવર, નિર્જરા અને મોક્ષ શુદ્ધ છે. પણ એકની શ્રદ્ધા અંદર થતાં એ આ તત્ત્વ એમાં નથી. એવું ભાન થતાં એ નવની શ્રદ્ધા કરે છે એમ કહેવામાં આવે છે. એ જ્ઞાનપ્રધાન કથન. દૃષ્ટિપ્રધાન કથન. તત્ત્વાર્થશ્રદ્ધાન કહેતા પણ .. એ કાંઈ તત્ત્વાર્થશ્રદ્ધાન વ્યવહાર સમકિત નથી. નિશ્ચય સમ્યક્ છે. અભેદ ચિદાનંદ ભગવાન એનો જ્યાં અનુભવ શુદ્ધનો થયો કે આવા ભેદો છે પણ એ એમાં નથી. એમ એનું નવેય તત્ત્વની શ્રદ્ધા આ રીતે થઈ તેને સમ્યગ્દર્શન કીધું. સમજાણું કાંઈ? કેટલી અપેક્ષાઓ!

આ નવ તત્ત્વ છે એનો અનુભવ, એ અનુભવની વાત નથી અહીંયાં. અહીં તો ભેદ છે એનાથી અત્યંત જુદો એટલી વાત, એ અનુભવ, એ શુદ્ધ. અને ઓલામાં છે એ સંવર, નિર્જરા, મોક્ષ એ અનાદિના નવતત્ત્વ વિના એ સંવર નિર્જરા આ નહિ. એ તો એક પ્રકૃતિનું તે તે ગુણસ્થાને અમુક ન આવવું એ અપેક્ષાએ સંવર ગણ્યો અને એને ક્ષણે ક્ષણે અમુક રજકણો ખરી જાય છે એને નિર્જરા ગણી. અને એટલો અંશની બંધનો અભાવ છે એને ત્યાં મોક્ષ ગણ્યો છે. એમ ગણીને નવ તત્ત્વને મિથ્યાત્વ અનુભવમાં ગણ્યો. આ બીજી વાત છે. ઓલી નવતત્ત્વની શ્રદ્ધા જે તત્ત્વાર્થશ્રદ્ધાન એ બીજી વાત છે. ભારે! કેટલા પ્રકાર!

એકકોર કહે ક્યાંક એવું પણ આવે કે તત્ત્વાર્થશ્રદ્ધાન એ વ્યવહાર સમકિત છે. એવું આવે ટીકામાં. એ નવના ભેદવાળી શ્રદ્ધા એ તત્ત્વાર્થશ્રદ્ધાન એમ એ વ્યવહાર અને આ અભેદ નવ તત્ત્વની એકરૂપ ચૈતન્યની શ્રદ્ધામાં નવ આવી જાય છે. એનો આ પર્યાય અને આ ભેદોમાં હું નથી એમ અંદરમાં આવી જાય છે. આ નથી તો આ એમાં નથી. એવું એકરૂપ શુદ્ધ એનો અનુભવ તેને સમ્યગ્દર્શન કહે છે. એના વાંધા ઉઠાવે, નયમાં વાંધા ઉઠાવે. એય..! આમાં વિકલ્પવાળી નય કીધી છે, નિશ્ચયને પણ વિકલ્પવાળી કીધી છે, માટે એનો આશ્રય કરવો એ જૂઠું છે. સાંભળને ભાઈ! એ વિકલ્પના પક્ષવાળી જે નય કીધી છે બીજી ચીજ અને સ્વનો આશ્રય લેવો નિશ્ચય એ બીજી ચીજ. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ વિકલ્પવાળી નય નહિ. આહા..હા..! શું થાય પણ? એવા ભેદ આવ્યા બધા. ... આહા..હા..!

'નિશ્ચયનયાશ્રિત મુનિવરો' એટલે કે ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કરનારો એ નિશ્ચયનો આશ્રય કરનારો, નય તો જ્ઞાનનો અંશ છે. નિશ્ચયનય પણ જ્ઞાનનો અંશ છે. એ પૂરું સ્વરૂપ નથી. એની અહીં વાત નથી. એ અંશનો વિષય જે ધ્રુવ છે એને જ નિશ્ચયનય કહીને એનો આશ્રય કરનાર શુદ્ધનો આશ્રય કર્યો છે અભેદનો એને મુક્તિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તેમનાથી,...**' એમ શબ્દ છેને? '**એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે,...**' '**એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ...**' '**એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે,...**' એમ. આવા ભેદોથી અત્યંત જુદો છે. '**માટે હું શુદ્ધ છું;...**' આ કારણે હું શુદ્ધ છું. ૭૩મી ગાથામાં એમ કહ્યું કે પર્યાયના ષટ્કારકનું પરિણમન પર્યાયમાં છે. એનાથી પાર છું માટે હું શુદ્ધ છું. કર્તાકર્મ. આ કર્તાકર્મ છેને. એક સમયની પર્યાય છે, ભલે નિર્મળ હો. એનું કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, એક સમયમાં પર્યાયના છ પ્રકાર એનાથી પાર ઉતરેલો અનુભવ એટલે એનાથી જુદું તત્ત્વ એ અનુભૂતિ એટલે આત્મા. અનુભવ પર્યાયની અહીં વાત નથી. લ્યો! એને શુદ્ધ કીધું. છઠ્ઠી ગાથામાં પ્રમત્ત-અપ્રમત્તરહિત તેને જ્ઞાયકને શુદ્ધ કીધું. જેણે પરદ્રવ્યની સેવા છોડી અને ત્રિકાળ જ્ઞાયકભાવની સેવા કરી એને ઓલો ત્રિકાળી છે શુદ્ધ કહેવામાં આવે છે. એવા તો ઘણા બોલ આવે છે શુદ્ધના શાસ્ત્રમાં. ૧૯૨મી ગાથામાં આવે છેને પ્રવચનસાર. અતીન્દ્રિય મહાપદાર્થ ધ્રુવ છું. ધ્રુવ છું માટે શુદ્ધ છું. એક છું માટે ધ્રુવ છું અને ધ્રુવ છું માટે શુદ્ધ છું. એવું આવે પ્રવચનસારમાં. એ બધી વાતું બરાબર છે. એ વસ્તુ પોતે પર્યાય પણ અનિત્ય અને પરિણમનવાળી બદલતી દશા. એ બદલતી દશા એમ કહે છે કે હું બદલતી દશારૂપે નહિ. આ બધું સમજવું પડે એવું છે હોં જયંતિભાઈ! ઉપરથી કાંઈ વાતું કરે મળે એવું નથી. આહા..હા..! ઉપરથી આવી વાતું કરે આમ છે ને તેમ છું એમ નથી. ગર્ભનું મર્મ શું છે એને જાણ્યા વિના. બધી વાતું કરે થોડી સાંભળે. આમ શુદ્ધ છે, અભેદ છે. શું છે શુદ્ધ? કઈ રીતે છે? પર્યાય અશુદ્ધ નથી?

મુમુક્ષુ :- સંવર, નિર્જરા, મોક્ષ ત્રણે શુદ્ધ છે.

ઉત્તર :- ત્રણે શુદ્ધ છે. એ અહીંયાં વાત નથી. એ શુદ્ધ પર્યાય છે તે જ અશુદ્ધ છે, ભેદ છે માટે. ત્રિકાળની અપેક્ષાએ હોં. આહા..હા..! અરે! વસ્તુ બાપા આ તો. આહા..હા..! કેવળજ્ઞાનની દુકાન છે આ તો. એના કથનો સમજવા એ તો અંતરની દૃષ્ટિ વિના એનો પાર પડે એવું નથી. એવી વાત છે. આ હું શુદ્ધ છું. ત્રણ બોલ થયા. '**अहम**' '**एक्को**' અને '**सुद्धो**' આવા આત્માને અનુભવે તેણે શુદ્ધને આત્મા જાણ્યો કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ વદ-૮, મંગળવાર, તા. ૦૪-૦૭-૧૯૭૨
## ગાથા-૩૮, પ્રવચન-૧૧૭

ત્રણ બોલ ચાલ્યા ત્રણ. '**अहम**' '**एक्को**' અને '**सुद्धो**' ધર્મ પામેલો આત્મા કેવો હોય એ વાત અહીં ચાલે છે. ધર્મ એને કહીએ જે પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા એની સન્મુખની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એનું આચરણ. આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન અને આત્માનું આચરણ. એ રૂપે જે થાય તેને આત્મા હું છું અને મારા અનુભવથી પ્રત્યક્ષ જણાય છે એ હું છું. આહા..હા..! ભગવાનજીભાઈ! એટલે કે હું વ્યવહારપણે પરિણમું છે એમ નહિ. એમ કહે છે. ફરીને કહીએ.

'**હું એવો અનુભવ કરું છું કેઃ હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું...**' ચૈતન્યમાત્ર જાણક-દેખન સ્વભાવ એવો હું આત્મા છું. પરરૂપે, શરીરાદિરૂપે તો નથી. બહારના ક્રિયાકાંડ જે વેપાર સંસારના એનાથી તો નથી. પણ અંદર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને ભક્તિ આદિના પરિણામ એ રૂપે હું નથી. આહા..હા..! ગિરધરભાઈ! આવું સ્વરૂપ છે. એ હું છું એની વ્યાખ્યા થઈ. હુંની વ્યાખ્યા ઘણી થઈ. અહં, હું એટલે કે મારો ચૈતન્યસ્વભાવભાવ પ્રભુ, એની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ હું. વચમાં રાગાદિ હોય એ હું નહિ. હું એનો જાણનાર છું એ પણ વ્યવહાર છે. આહા..હા..! એ વ્યવહારમાં તો નહિ, હું એમાં નહિ, એને હું જાણું એ પણ વ્યવહાર છે. હું મારો ચૈતન્ય ભગવાન ચૈતન્ય જ્યોતિ એવી ઝળહળ જ્યોતિથી ભરેલો આત્મા એની અંતર્મુખની શ્રદ્ધા નિર્વિકલ્પ સમ્યગ્દર્શન. વીતરાગી પ્રતીતિ, વીતરાગી સ્વરૂપનું

જ્ઞાન અને વીતરાગી સ્વરૂપમાં રમણતા એ ધર્મી એમ કહે છે કે આ હું છું. કહો, સમજાય છે કાંઈ? એ ચક્રવર્તીના રાજમાં દેખાય, છતાં હું રાજમાં નહિ. એના તરફની આસક્તિ રાગ થાય એનામાં પણ હું નહિ. આહા..હા..! શું હશે આ બધા કારખાના કરે છે કે નહિ? કારખાના ચાલે છેને. શું કહેવાય? ચાલે છેને પણ ચાલે છે. ભાઈ એ ત્યાં એ કહે એમ રાખે, માણસ .. ને રાખે. .. રાખેને ત્યાં? લ્યો! .. શું કહેવાય એ? એ કારખાનું .. આહા..હા..! અરેરે! ક્યાં એ આત્મા! સ્વચતુષ્ટયમાં પણ તે સ્વચતુષ્ટય કેવું?

હું મારા દ્રવ્ય, અખંડ વસ્તુ, મારું અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર, મારી વર્તમાન નિર્મળદશાએ પરિણમેલો અને ત્રિકાળી મારો ભાવ, એને આશ્રયે થયેલી એવા મહાસત્તાની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ હું.

મુમુક્ષુ :- પર્યાય સહિતમાંને?

ઉત્તર :- પર્યાય સહિતમાં એ પરિણમન.. એનો વિષય ભલે દ્રવ્ય હોય, પણ આવો પરિણમ્યો છું એ હું. આહા..હા..! આવાને આત્મા કહીએ. કહો, મીઠાલાલજી! આ બિચારા તકરાર કરે અને વાંધા ઉઠાવે. અરે પ્રભુ શું કરે છે? તારી પ્રભુતામાં પામરતા નહિ. આહા..હા..! રાગનો વિકલ્પ ઉઠે એ પણ તારી પર્યાયમાં નહિ. એવું ચૈતન્ય પ્રભુ ઝળહળ જ્યોતિ જ્ઞાન અને આનંદની જ્યોતિ સ્વરૂપ હું આત્મા એ મારા અનુભવથી પ્રત્યક્ષ જણાય એવો હું. વ્યવહારની, રાગની, દયા, દાન, વ્રતના વિકલ્પની અપેક્ષાથી જણાવ એવો હું છું જ નહિ. આહા..હા..! લ્યો પંડિતજી! એ હું આવ્યું. પછી આવ્યું એક.

કહે છે કે ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા, ગતિ, ગુણસ્થાન આદિ ક્રમે ક્રમે પ્રવર્તે પર્યાયમાં. ચોથું હોય ત્યારે પાંચમું નહિ, પાંચમું હોય ત્યારે છઠ્ઠું નહિ અને ગતિ મનુષ્ય હોય ત્યારે દેવ નહિ એ ક્રમે પ્રવર્તતા વ્યવહારભાવ અને અક્રમે રહેતા એકસાથે ગતિ, જોગ, લેશ્યા, કષાય, જ્ઞાનની પર્યાય એ અક્રમે છે એક સાથે. છતાં એવા વ્યવહારુભાવથી હું ભેદાવ નહિ એવો એક છું. કહો, સમજાણું કાંઈ? એ રતિભાઈ! આ બધું સમજવું પડશે હોં! બહારના ઓલા ડહાપણ કરીને અમે હુશિયાર છીએ. કાંઈ વળે એવું નથી એમાં. દુનિયા કહે ડાહ્યો બે, પાંચ, દસ લાખ. મરીને ક્યાં જાવું એનું ઠેકાણું ન મળે. આહા..હા..! દુનિયા પાસેથી રજિસ્ટર્ડ લેવું છે એને પાસનું કે આ ભારે છે? તારી પાસેથી રજિસ્ટર્ડ મળવું જોઈએ એનું.

હું તો મારા પ્રત્યક્ષ અનુભવથી જણાવ એવો છું. આહા..હા..! માટે એક છું. જ્ઞાનમાં અનેકતા જણાય અક્રમ, છતાં હું અનેકરૂપે થતો નથી, હું એકરૂપે રહું છું. આહા..હા..! એવું સ્વરૂપ જ વીતરાગ આત્માનું છે. એને એકરૂપ છું એવી જે અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં ભાસે ત્યારે એણે આત્માને જાણ્યો અને ત્યારે એ ધર્મ પામ્યો અને ધર્મી થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! પછી નવ વ્યવહાર. ભગવાન આત્મા જીવની વિશેષ દશાઓ. જુઓ

જીવની વિશેષ દશા અને ગુણસ્થાન આદિની વિશેષ દશાઓ એ પુણ્ય અને પાપ પરિણામ, આસ્રવ અને બંધ વિકારીભાવ અને સંવર નિર્જરા અને મોક્ષ એ નિર્વિકારી દશા એવા નવ તત્ત્વપણે અજીવ એટલે શરીર આદિ, એ નવતત્ત્વપણે ભેદરૂપ ન થતા હું તો અભેદ અત્યંત જુદો છું. કહે છે પર્યાય, જાણે છે પર્યાય, પણ એ પર્યાય એમ જાણે છે કે આ નવ તત્ત્વથી હું તો પર્યાયથી, સંવર, નિર્જરા અને મોક્ષ પર્યાય જે પ્રગટી એનાથી પણ હું અત્યંત જુદો છું. કહો, સમજાણું કાંઈ? આવું ધર્મનું વીતરાગનું સ્વરૂપ આવું છે. લોકોએ કાંઈક કાંઈક માનીને બેઠા. અરે! એના અંત નહિ આવે સંસારના. સંસારમાં રખડે અરેરે ક્યાં ક્યાં નિગોદના ભવ, કીડા-કાગડાના ભવ. આહા..હા..! એ હલકા ભંગીમાં જન્મે, કાળાકુબડા અને એક સાધારણ શું કહેવાય એ? કુબો, ઝૂંપડું અને કાળા બે-ચાર છોકરા અને ત્યાં હાંડલા. આહા..હા..! આ. અમારું છે એમ અજ્ઞાની માને છે. આહા..હા..! ભાઈ! તું એ બધાથી જુદી ચીજ છો. તારામાં એ ચીજ આવી નથી અને એ ચીજમાં તું ગયો નથી. એ તો ઠીક પણ એની જે ધર્મદશા પ્રગટી એથી પણ હું અત્યંત જુદો છું. આવું અંદરમાં ભાન થાય ત્યારે એને સમ્યગ્દૃષ્ટિ અને ત્યારે એને ધર્મી કહેવાય. આહા..હા..! ભારે .. અને ભારે જવાબદારી.

કહે છે એ '**આદિ જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો...**' પર્યાય છેને એ? '**તેમનાથી,...**' આહા..હા..! પર્યાય એમ જાણે છે કે આ સંવર-નિર્જરાની પર્યાયથી હું જુદો છું એમ જાણે છે. ભારે! હું ધ્રુવમાં છું. ધ્રુવમાં તો કાંઈ જાવું નથી. આહા..હા..! કહે છે કે અંદર જે અધર્મની પર્યાય પુણ્ય અને પાપ, આસ્રવ, બંધ. એનાથી તો અત્યંત જુદો, પણ જે પ્રગટેલી ધર્મની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પર્યાય એનાથી પણ હું, હું જે છું એ આવી પર્યાયથી અત્યંત જુદો છું. અત્યંત જુદો છું. ઓહો..હો..! તે હું છું. પર્યાય એમ જાણે છે કે આ પર્યાયથી અત્યંત જુદો છું તે હું છું. આહા..હા..!

'**માટે હું શુદ્ધ છું;...**' એ ત્રણ બોલ આવી ગયા છે. એય..! અંબરીશ! આવ્યાને ત્રણ? હા. એ ત્રણ બોલ આવ્યા છે. હું, એક અને શુદ્ધ એ ત્રણની વ્યાખ્યા આવી ગઈ. છોકરા તે આત્મા છે કે નહિ અંદર? ત્યાં શું છે? આત્મા ભગવાન પરિપૂર્ણ પરમાત્મા થવાને લાયકવાળો જ આત્મા છે. આહા..હા..! અલ્પજ્ઞપણે રહે એ આત્માનો સ્વભાવ જ નથી એમ કહે છે. રાગપણે રહે એ તો જુદી વાત રહી એ તો છે જ નહિ. આહા..હા..! અરે! પૂર્ણ પર્યાયપણે છે એ પણ હું નહિ એમ વાત છે અહીં તો. પ્રગટેલી નથી. અહીં તો સાધકની વાત છેને. સાધકની વાત છેને? ધર્મ પ્રગટ્યો છે નિર્વિકલ્પ શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, એ અનંતગુણનું વ્યક્તપણું, પ્રગટપણું પર્યાયમાં આવ્યું છે એને કહે છે કે એ પર્યાયમાં હું નથી, પણ મોક્ષ થયો નથી હજી એમાં પણ હું નથી એમ કહે છે. આ સાધકની વાત છેને.

મોક્ષ થયો એની વાત નથી. આહા..હા..! મોક્ષ થશે એ પર્યાયથી પણ હું અત્યંત જુદો છું. આહા..હા..! સમજાણું કાંઈ? એનું નામ આત્મજ્ઞાન અને એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ધર્મ પામેલો, થયેલો જીવ. આહા..હા..! ભારે વાત આ. ઓલા રાડ પાડે બિચારા. વિરોધ કરો. અરે ભગવાન! કોનો વિરોધ કરે છે પ્રભુ? આહા..હા..! આમ સમ્યક્ એકાંતમાં ઢળવું એ ચીજ છે. એવું સમ્યક્ એકાંતમાં ઢળ્યો ત્યારે એને અનેકાંતનું સાચું જ્ઞાન થયું. વ્યવહાર છે, પર્યાય છે. આ હું નથી એવું જ્યારે પરિણમ્યો ત્યારે એને પર્યાયનું અને વ્યવહારનું જ્ઞાન સાચું થયું. આહા..હા..!

સમર્થ કારણ અને અસમર્થકારણની વાત આવે છેને ભાઈ! આત્મા પોતાની નિર્મળ પર્યાયપણે પરિણમ્યો છે અને એના પછી નિર્મળપણે કાર્ય થવાનું છે એને સમર્થ કારણ કહીએ એને વ્યવહારને કારણે આને કારણે કારણ કહી એમ નહિ. આહા..હા..! એમ કહે છે. શું કહ્યું એ? કે એકલો આત્મા છે એ મોક્ષને લાયક છે એમ જે કહેવું એ તો દ્રવ્યની વ્યવહારની દૃષ્ટિ થઈ. પણ પર્યાયમાં હું આવો સંવર, નિર્જરા અને મોક્ષરૂપે પર્યાય થાય એ પર્યાયનું પૂર્ણરૂપ એ કારણ અને પછીનું રૂપ એ કાર્ય. એ પણ વ્યવહાર છે. એ સંવર-નિર્જરાની પર્યાય મોક્ષને આપે છે એમ નથી. આસ્રવ અને પુણ્ય તો સંવરને આપે છે એ તો નથી, પણ ધર્મ પર્યાય નિર્વિકલ્પ નિરાસ્રવ એવી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટી એ પણ મોક્ષરૂપી કાર્યને આપે (એમ નથી). પણ પૂર્વે આ હતું એટલું જણાવવા એનું કારણ કહીને કાર્ય કહ્યું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અને અસમર્થ કારણ એને કહીએ કે સ્વરૂપમાં શક્તિ છે મોક્ષ થવાની, પણ એ પર્યાયમાં પરિણમન ન થાય ત્યાં સુધી અસમર્થ કારણ છે. આહા..હા..!

અહીં તો કહે છે કે હું ભલે પહેલી મિથ્યાત્વની પર્યાય હો અને એનો વ્યય થઈને, એ ઉપાદાનની પર્યાય એનો વ્યય થઈને અભાવ થયો એને કારણ કહેવાય લ્યો! વ્યય થાય છેને. ઉત્પાદમાં ઓલાનો વ્યય થાય છે અને એ ઉત્પાદ દ્રવ્યને આશ્રયે થાય છે. નિમિત્તને આશ્રયે થાય એ તો વિકાર, વિભાવ. આહા..હા..! આવી ચીજ જ છે ત્યાં. ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે કહ્યો એ આત્મા. દુનિયા કલ્પે અને બીજા માને કે આવો આત્મા, આમ છે ને તેમ છે. એવો ચૈતન્ય ઘન શુદ્ધ સ્વયં જ્યોતિ આનંદધામ એવું જ્યાં પરિણમનનું અવસ્થામાં એનું ભાન થયું તે ભાનદશા એમ કહે છે હું આવા પર્યાયથી તો અત્યંત જુદી ચીજ છું. એ દશા એમ કહે છે. પ્રભુ તો ક્યાં ધ્રુવને તો કાંઈ (કહેવાનું નથી) છે? આહા..હા..! ધ્રુવ તો સદૃશ્ય પડ્યું છે ચીજ. પણ ધ્રુવને ધ્રુવરૂપે સ્વીકારનાર એ પર્યાય એમ કહે છે કે હું તો આ છું, આનાથી જુદો છું. આહા..હા..! હજી એને શરીરથી જુદો માનવો કઠણ પડે, દયા, દાન, વ્યવહારના વિકલ્પથી જુદો માનવો કઠણ પડે. એને અહીં કહે છે કે ભાઈ! તને જે પ્રગટી છે સંવર, નિર્જરા એટલે શુદ્ધતા પ્રગટી અને શુદ્ધતાની વૃદ્ધિ થઈ એ સંવર,

નિર્જરા, શુદ્ધતાની પૂર્ણતા તે મોક્ષ. પણ એ પર્યાયના ભેદમાં હું નથી. આહા..હા..! હું તો અત્યંત જુદો છું. અત્યંત જુદો છું. આહા..હા..!

**'નવ તત્ત્વો તેમનાથી,...'** એવા નવ જે પર્યાયના ભાવ એનાથી **'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે,...'** ભગવાન જેમ ટાંકણેથી કોતરીને .. મૂર્તિ નીકળે અંદરથી એવો ને એવો ભગવાન પૂર્ણ જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ એ જ્ઞાયકભાવરૂપે, એવા ભાવથી હું અત્યંત જુદો છું. આહા..હા..! શું કહે છે આ? ધર્મ પર્યાય પ્રગટી એ પર્યાય કહે છે કે હું તો આ પર્યાયથી જુદો છું. આ ભારે વાત! એય..! પંડિતજી! છે એમાં? હું તો દ્રવ્ય છું એમ કહે છે પર્યાય. પર્યાય એમ કહે છે કે હું તો દ્રવ્ય છું. હું પર્યાય છું એમ નહિ. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ પ્રત્યક્ષ અનુભવમાં આવેલો તે હું. આ મારી પર્યાયો છે અવસ્થાઓ, તેનાથી હું અત્યંત જુદો છું, અત્યંત જુદો છું. પર્યાયથી દ્રવ્ય અત્યંત જુદું? આહા..હા..! પર્યાય તો અભેદ થઈ ગઈ છે. નિર્મળ છે એ તો. અભેદનો અર્થ? દ્રવ્યમાં એકરૂપ થઈ નથી. અભેદનો અર્થ પરતરફ વળી હતી તે આમ વળી એટલે અભેદ કહેવામાં આવે છે. એ અભેદ પર્યાય એમ કહે છે કે હું આ છું. આહા..હા..! હજી તો આ વાત હજી સાંભળવી કઠણ પડે. આહા..હા..! આ દેરાસર કર્યું, પૂજા કરી, ભક્તિ કરી. થઈ ગયો એક ધર્મ થઈ ગયો જાવ. ધૂળમાંય ધર્મ નથી સાંભળને. જાત્રા કરી આવે શેત્રુંજયની બાર મહિને કારતકની, ચૈત્રની. એમાં તો રાગ હતો શુભ. એ શુભરાગથી પણ ભિન્ન પડેલું તત્ત્વ, એને ભિન્નને જાણનારી પર્યાય કહે છે કે હું, હું જે છું એ મારી પર્યાયથી હું જુદો છું. ત્યારે એને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવાય. આહા..હા..! ગિરધરભાઈ! તમારે ત્યાં કાર્યમાં આવું આવે નહિ. અપાસરાનું આવે. આહા..હા..! અરેરે! જન્મ-જરા-મરણના કારણ મિથ્યાત્વભાવ એ ભવનું બીજડું. રાગવાળો અને શરીરવાળો માન્યતા એજ ભવનું બીજ મિથ્યાત્વ. આહા..હા..! . .કહ્યો એને સાત કર્મવાળો, હું શરીરવાળો, આ વાળો એ તો વ્યવહારના તેનું જ્ઞાન કરાવ્યા. પણ એ વાળો હું છું એમ નથી. આહા..હા..! એ તો રાગ અને શરીર અને કર્મથી તદ્દન જુદો, પણ સંવર, નિર્જરાની ધર્મ પર્યાયથી અત્યંત જુદો. આહા..હા..! વીતરાગ આમ કહે. રાડ નાખે બીજો તો. વસ્તુ જ એવી છેને પ્રભુ તારી. આહા..હા..!

કહે છે **'માટે હું શુદ્ધ છું;...'** લ્યો! ત્રણના અર્થ થઈ ગયા. હું, એક અને શુદ્ધ. હવે ચોથો. આ ત્રણના તો આવી ગયા હતા. ફરીને આવ્યા થોડા. અમારે તો એવો નરોત્તમ માસ્તર તમે વાંચીને આવો પછી મારી પાસે સાંભળજો. હું એવો .. એટલે તમે શું સમજ્યા છો? નરોત્તમ માસ્તર એકલા હતા બાયડી નહિ. રાંધે. સારા છોકરા હોય એને બે-ચારને બોલાવે, એક-બેને બોલાવે. વાંચીને આવજો. પછી હું કહીશ અર્થ એને સાંભળજો. જે વાંચ્યું એ સમજ્યા હતા કે નહિ? એને સમજ્યો હોય એ વાંચે અને સમજ્યો ન હોય તો બીજું

નીકળે તો કહે ઓય મારા આ તો બીજું નીકળ્યું. સુજાનમલજી! આહા..હા..! બાપુ! તું ત્રણલોકનો નાથ. પરમાત્મા થવાને લાયક એ પરમાત્મસ્વરૂપ જ તારું છે અને એ કહે છે કે એ પરમાત્મસ્વરૂપ છે એ હું છું. અપૂર્ણ સાધકભાવ એ હું નહિ. આહા..હા..! એય..! છે? '**અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું;...**' આહા..હા..!

પછી ચોથો બોલ. '**दंसणणाणमइओ**' '**ચિન્માત્ર હોવાથી...**' ભગવાન આત્મા ચિન્ એટલે ચેતના. ચેતના સ્વભાવ .. જણાય જાય. ચૈતન્ય સ્વભાવ, ચૈતન્ય સ્વભાવ, ચૈતન્ય ત્રિકાળ સ્વભાવ એવા '**ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી...**' એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને દેખે એવું એ દર્શન ઉપયોગ, દર્શન વેપાર. જ્ઞાન એક સમયમાં ભિન્ન-ભિન્ન જાણે એવો જે ચેતન સ્વભાવ એના દર્શન, જ્ઞાન ઉપયોગને હું ઉલ્લંઘતો નથી. આહા..હા..! મેં મારા દર્શન-જ્ઞાન-સ્વભાવને ઓળંગ્યો નથી. આહા..હા..! ઓળંગીને હું રાગરૂપ થયો નથી. એમ કહે છે. હું તો દર્શન-જ્ઞાનસ્વરૂપ ચિન્માત્રને લઈને ભગવાન આત્મા વસ્તુ હોવાથી એનું ચિન્માત્ર, ચૈતન્યમાત્ર સ્વભાવ. ચિન્મય. ચિન્માત્ર કહ્યું છેને? એટલે રાગાદિ નહિ. દયા, દાનના વિકલ્પ ઉઠે એ મય હું નહિ. આહા..હા..! '**ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી...**' '**સામાન્ય-વિશેષ ઉપયોગાત્મક...**' એટલે સ્વરૂપ. જાણવા-દેખવાનો જે કાયમી સ્વભાવ એને હું ઓળંગતો નથી. એને ઓળંગીને હું રાગમાં આવ્યો નથી. '**માટે હું દર્શનજ્ઞાનમય છું;...**' દર્શનજ્ઞાનવાળો છું એમ નહિ. એ ભેદ છે. દર્શનજ્ઞાનમય છું. આહા..હા..! દૃષ્ટા અને જ્ઞાતા જે સ્વભાવ એ મય ત્રિકાળ છું. એમ સમ્યગ્દૃષ્ટિ જીવ આત્મા જ્યારે થાય છે આત્મારૂપે ત્યારે આમ જાણે છે. આહા..હા..! ભારે આકરું કામ. વ્યવહારને નિયતને હેતુ. છ ઢાળામાં નથી આવતું? આવે છે કે નહિ?

મુમુક્ષુ :- હેતુ નથી..

ઉત્તર :- હા પણ એ કારણ કહ્યુંને. એ કારણ હોય તો કાર્ય થાય. એ તો વ્યવહારથી તે કાળે ત્યાં ભાવ આવો હોય એને જ્ઞાન કરાવ્યું છે. કારણ-ફારણ નહિ અને હેતુ-ફેતુ નહિ. આહા..હા..! અહીં તો કહ્યુંને હું તો દર્શનજ્ઞાનમય ચૈતન્ય છું. જીવનું આવું સ્વરૂપ અને સ્વભાવ એ મય છું. હું રાગ અને પુણ્યના પરિણામપણે પણ નહિ. કર્મપણે, શરીરપણે હું તો નહિ, નહિ ને નહિ. આહા..હા..! ભારે કામ આકરું. ઓલામાં તો દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો લ્યો થઈ ગયો ધર્મ. ઓલા કહે કે જાત્રા કરો શેત્રુંજયની અને સમ્મેદશિખરની, પૂજા કરો થઈ ગયો ધર્મ. ઓલા કહે કે આવું ન ખાવું, આમ લેવું. શુદ્રની હાથે ન લેવું. શુદ્ર આપણે આવ્યું હતુંને નિયમસારમાં નહિ? શુદ્ધ ઉપાસક આબરૂવાળો હોય એના હાથે લેવાય. એવું આવે છેને. નિયમસારમાં આવ્યું છે. આહા..હા..! અહીં કહે છે કે એ લેવાની ક્રિયાનો

વિકલ્પ અને આહાર લેવો એનાથી તો હું ભિન્ન છું. એ તો એનું જ્ઞાન કરાવવું હોય ત્યારે એને વિકલ્પ આવો હોય અને તે આહાર આદિ આવે એને કારણે હોય એ તો. આત્માની ઈચ્છાથી નહિ, આત્મા એને લે નહિ અને આત્મા એને છોડે નહિ. આત્મા અડે પણ નહિને એને. આહા..હા..! આહાર લેવાની વૃત્તિ છે એને સ્વરૂપ અડતું નથી. એ તો જ્ઞાન, દર્શનમય છું. એમાં એ ભલે ઝળકે, જણાય, પણ એથી કરીને હું વ્યવહારમય અને આ લેનાર થયો એમ છું નહિ. આહા..હા..! એવો ભગવાન અંદર ચૈતન્ય સ્વરૂપી હું દર્શનજ્ઞાનમય છું. હું જેને કહીએ પોતાનું અસ્તિત્વ, હોવાપણું એને કહ્યું કે અનુભવમાં પ્રત્યક્ષ થાય તે હું, ક્રમ-અક્રમથી ભેદાય નહિ તે હું એક, નવ તત્ત્વના પર્યાયથી અત્યંત જુદો તે હું. આહા..હા..! અને દર્શન, જ્ઞાનના ઉપયોગને ઓળંગતો નથી તે હું. મેં કોઈને ઓળંગ્યો નથી. આ કહ્યું હતુંને રાગરૂપે, પણ એ હું થયો નહોતો. આહા..હા..! હું તો દર્શનજ્ઞાનમય પણે જ ત્રિકાળ છું. માનતો હતો એ જુદું, પણ એથી કાંઈ વસ્તુ એવી થઈ ગઈ? આ તો પણ બધી નિશ્ચયની વાત એમ કહે. નિશ્ચય એટલે સાચી, વ્યવહાર એટલે આરોપિત કથન ઉપચારના. આહા..હા..!

મુમુક્ષુ :- નિશ્ચય એટલે યથાર્થ.

ઉત્તર :- હા, યથાર્થ સત્ય આ છે. નિશ્ચય એટલે સત્યાર્થ. વ્યવહાર એટલે અસત્યાર્થ. ઓહો..!

'**ચિન્માત્ર હોવાથી...**' ચિન્માત્રનો અર્થ? જ્ઞાન ચેતનામાત્ર એમ કહેવામાં રાગ અને પરથીરહિત એમ. જ્ઞાનમય છું એમાં જ્ઞાનની સાથે શ્રદ્ધા, શાંતિ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ એ બધું એમાં આવે, પણ ચિન્માત્ર કહેતા જાણનાર-દેખનાર માત્ર એમાં રાગ અને વ્યવહારમાત્ર હું નહિ. એવો જે હું એ સદાય દર્શનજ્ઞાનમય જ છું. લ્યો આ ચોથો બોલ થયો. હું એક શુદ્ધ દર્શનજ્ઞાનમય આવો ધર્મ કેવો બાપા! એય..! ઓલા કાર્ય કરનારા એમ કહે કે અમે ધર્મ કરીએ છીએ. અમે બીજાને સુખી કરવા માટે .. ધૂળેય નથી સાંભળને તારો રાગ છે ત્યાં તો.

મુમુક્ષુ :- પોતે જ સુખી નથી એ બીજાને શું કરે?

ઉત્તર :- દુઃખી છે દુઃખી. અમે કાર્યકર્તા શું કહેવાય તમારે? કાર્યકર. મથે બિચારા કાર્યકર સવારથી. ૧૦-૧૦ હજાર માણસ ભેગા થાય અને ભાષણ ફૂંકે એ ભાષણ પણ જડ, એમાં વિકલ્પ ઉઠે એ જડ. આહા..હા..! એનો સ્વામી થઈને રહે એ જડ. મેં એવું ભાષણ આપ્યું હતું, એવું આપ્યું હતું. પૈસા ખંખેરી નાખ્યા. નહોતો તમારો જોરાવરમાં. મણિભાઈ. એ ૯૦માં હતા. વ્યાખ્યાનમાં આવ્યા હતા. અપાસરામાં ઉતર્યા હતાને તે દિ'. એ આવ્યા અને એક ઓલો ..વાળો હતો પ્રવિણ.. દેખીને અભ્યાસ છે એને. એ તો મણિભાઈ તો એમ કહે હું એવો ઉપદેશ કરું કે ખંખેરી નાખું. બાયુ ભાઈઓ જે લાવ્યા હોય બે-પાંચ હજાર, એવા

દાગીના તમારા હકના છે કે નહિ? કે તમે મજુર છો? પચાસ વર્ષથી ઘરે મજૂરી રસોઈ કરો છો, પણ મજૂરને પણ એને પચાસનો પગાર આવે તો પચાસ વર્ષનો ગણો. ૭૦૦-૮૦૦નો ૧૦૦૦ પગાર એને. પચાસ વર્ષમાં કેટલા? ૫૦ હજાર. તમારો હક નહિ તમારા દાગીના દેવામાં પણ? ઉતારે. કેમ નહિ? એવું આવે. ભાષા એવી નીકળે, એવી નીકળે ભાષા. એલા તમે નોકરાણીને પણ મહિનામાં ૫૦-૧૦૦નો પગાર થઈ ગયા. ઘણા વર્ષની વાત છે. ૯૦ની સાલની વાત છે. ૯૦ ને ૧૦, ૩૭ વર્ષ થઈ ગયા. નોકરાણીને પણ ૫૦-૭૫-૧૦૦નો પગાર હોય. ૫૦ વર્ષ ઘરમાં રહે ત્યારે એનો પગાર કેટલો રહ્યો? એને મળે શું? રોટલા ખાવા તમારે અને લૂંગડા અમુક આપ્યા બસ થઈ રહ્યું એ મજૂર? પૈસા તમારી પાસે દાગીના દાગીના દેવાના હકદાર સ્વતંત્ર નહિ? એવું કહેતા. એ પછી ઓલાને પૂછયું હતું ઓલો હતોને ટંકારાનો. કે આ મહારાજ આપણા દેશસેવામાં પડશે નહિ. ના નથી લાગતું એના મોઢાની ચેષ્ટા ઉપરથી. જોતા ઉપરથી. જ્યોતિષ હતો બહુ અભ્યાસી. ટંકારામાં હતા. ...એક કલાક મેં જોયું અને સાંભળ્યું ને ચેષ્ટા શરીરની. દેશ સેવા માટે નહિ.

મુમુક્ષુ :- તો દેશ શું આખી દુનિયાની સેવા...

ઉત્તર :- દેશ એટલે આ દુનિયાની સેવા, એની મેં સેવા કરી. હવે ધૂળેય નથી કરતો. રાગની સેવા કરે છે. આહા..હા..! પોતાની સીમા છોડીને કાંઈ પર સીમામાં જાય છે? એ પરની સેવા કરે એ? પોતાનું સ્વચતુષ્ટય છે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એને ઓળંગીને કાંઈ શરીરમાં જાય છે? વાણીમાં અહીં જાય છે?

મુમુક્ષુ :- આપણે હમણાં .. થયો છેને.

ઉત્તર :- કોણે કરી છે? ધૂળેય કરી નથી. આ રામજીભાઈ ત્યાં વકીલ હતાને ત્યાં. આમ થાય.. આમ થાય.. લોકો જજને પણ એમ થાય કે રામજીભાઈ આવશે. હુશિયારી હોય એમ કહેવાય કે નહિ દુનિયામાં. ઓલો વકીલ પણ કહેતો કે આ તમારા રામજીભાઈ જજને ધોળે દિ'એ તારા બતાવે છે કહે. ઓલો મણિ. મણિલાલ. એને કાંઈક વાણીનો યોગ હોય, એ જાતનો ક્ષયોપશમ એને નિમિત્ત હોય એ બેય પર છે, બેય જડ છે. આહા..હા..! એ વકીલાતનો ક્ષયોપશમ એ જડ છે. જેમાં આનંદ ન આવે એ જ્ઞાન જડ છે એમ કહે છે. દર્શનજ્ઞાનમય. એની અંદર વર્તમાન દશામાં જ્ઞાન પ્રગટતા એની સાથે આનંદ એને આવે, એને જ્ઞાન કહીએ. એકલા જાણપણાના ખોખા, થોથા. એય..! બાબુભાઈ! શું હશે આ? આહા..હા..!

ભાઈ! તું ક્યાં અધુરો છો ભાઈ! તે તારે બાહ્યમાં લેવાનું છે? લેવાનું એ તારી ખાણમાં બધું પડ્યું છે અંદર. અનંતજ્ઞાન, અનંત આનંદની લક્ષ્મીનો ભંડાર એ ભંડારને ખોલ. અંદર પૂર્ણાનંદ પ્રભુ આત્મા. એને હું જાણતો હું તો દર્શનજ્ઞાનમય સ્વરૂપ છું. એમ સમ્યગ્દષ્ટિ આમ

આત્માને જાણે અને માને છે. આહા..હા..! કહો, સમજાણું? તમે કહો છો કે નિયતક્રમે થાય, ઉપદેશથી બીજાને લાભ ન થાય. તમે કેમ ઉપદેશ દેવા મંડ્યા ચારે કોર પ્રચાર કરવા? એમ આવ્યું હતું ભાઈ. અરે ભગવાન! આહા..હા..! વાણીને કાળે વાણી નીકળે એમાં આત્મા અધિકારી નથી. વાણી કાઢી શકે નહિ આત્મા. વાણી તો જડ છે. ભગવાન તો અરૂપી ચૈતન્ય છે અંદર. આહા..હા..! વાણી કોણ કરે? આત્મા કરે? એમાં રજકણ ભર્યા છે અંદર? અંદર રજકણનો ધ્વનિ ઉઠે છે આ તો. આહા..હા..! આવી વાત વીતરાગ સર્વજ્ઞ સિવાય ક્યાંય નથી. એના વાડાવાળાને પણ ખબર નથી. આહા..હા..! અહીં તમે આવ્યા હતા જોડે .. એકદમ .. કાંકરી આવી ને વેળુ આવી, ઢીંકણું આવ્યું, લાકડા આવ્યા. લાકડા આવ્યા. આવું ધર્મફળ? હવે એ આવ્યા પછી આ બધું થવા માંડ્યું તો કહે એનાથી થયું. એને કારણે અમે .. ગયા હતા. એય..! ગિરધરભાઈ! વાત તો એવી છે. આહા..હા..!

પ્રભુ તું તો ચૈતન્યસ્વરૂપી જ્ઞાનદર્શનસ્વરૂપી છો. એને ઓળંગીને તું રાગમાં આવી જા? વાણીમાં આવી જા છે? કે તે વાણી કરી અને રાગને તે કર્યો અને આ કામ મેં કર્યા. મોટો ભ્રમ છે એને. આહા..હા..! કહો, દુકાનમાં હુશિયાર માણસ હોય તો થડો સાચવે કે નહિ સરખો? પણ સારો હુશિયાર માણસ હોય તો લ્યો. અમારે કુંવરજીભાઈને બહુ હતું એવું. કે હું દુકાન જાવ તો કેવી દુકાન ચાલી. બધાના ભાંગ્યા અને મારી દુકાન આમ ચાલી. ધૂળેય નથી કરી. આહા..હા..! ૬૫ વર્ષની દુકાન લ્યો મનસુખ. છોકરાને નહિ. કુંવરજી જાદવજીની દુકાન. ૬૩ની સાલ. સંવત્ ૧૯૬૩ કેટલા વર્ષ થયા? એનો મોટો છોકરો મનસુખભાઈ. બે ભાઈઓ. તમારે જાવું હોય તો તમે રહો દુકાને. મારે વેપાર કરવો નથી. એ પર્યાય જે કાળે જેની થવાની એમાં કરે કોણ? નિષેધ કોણ કરે? આદર કોણ કરે? આહા..હા..!

અહીં તો ભગવાન હું તો જાણનાર-દેખનાર છું એમ કહ્યુંને? આહા..હા..! થાય તેને જાણું, ન થયું એને જાણું, કર્મ ખરે એને જાણું, બંધાય છોડાય એને હું જ્ઞાન કર્યું હું જાણું. આહા..હા..! એમ કહે છે. ૩૨૦માં આવે છે. .. એનું સામાન્ય સ્વરૂપ છે. પછી એનું વિશેષ કહેશે. આહા..હા..! હું એટલે આત્મા એ દર્શનજ્ઞાનમય છું. પુણ્યના, પાપના વિકલ્પ, ધંધો કરવાનો વિકલ્પ અને ધંધો એ મારી ચીજ નથી, મારાથી થઈ નથી, મેં કરી જ નથી. આહા..હા..! કહો, બરાબર હશે આ? એય..! .. આવું બરાબર હશે? તો ત્યાં ધંધો કોણ કરે? ભારે વાતું. એ કારખાના ચાલે એ પણ જડથી ચાલે છે. વાણી નીકળે એ જડથી. આત્માથી નહિ. ભગવાનજીભાઈ! આવું સ્વરૂપ છે ભગવાન. એની એને ખબર નથી. મારા હોવાપણામાં શું છે અને મારામાં નહિ હોવાપણે શું છે? હોવાપણે તો દર્શનજ્ઞાનમય છે. નહિ હોવાપણે રાગને વ્યવહારને નિમિત્તપણે એ નથી. આહા..હા..! નિમિત્ત કાંઈ કરે.

મુમુક્ષુ :- નહિતર નિમિત્ત કામનું શું?

ઉત્તર :- કામનું તો એનામાં કામનું એનું કામ પર્યાય કરે. નિમિત્ત નિમિત્તની પર્યાયપણે પરિણમે. એમાં ઉપાદાન શું કરે? એ કાળ એક છે સાથમાં એટલે બીજી સામગ્રી ચીજ એમ ઓળખાવી છે. આહા..હા..!

અહીં તો કહે છે કે ધર્મીને પણ રાગાદિ ભક્તિનો આવે, એને એ મારામાં નહિ અને હું એનામાં નહિ. હું તો જાણનાર-દેખનારમય છું. આહા..હા..! લ્યો ઓલા કહે કે એમ નહિ. વ્યવહાર થાય છે કે નહિ? પણ થાય છે તો આખી દુનિયા થાય છે સાંભળને. એ તો પરના અસ્તિત્વમાં થાય છે. તારા અસ્તિત્વમાં છે એ? એ ચોથો બોલ થયો. પાંચમો. '**सदारुवी**' હું તો સદા અરૂપી છું. જેને આત્મધર્મ પ્રગટ્યો અને જે ધર્મ કરનાર સ્વભાવનો કરનાર પર્યાયમાં પરિણમ્યો એ એમ કહે છે કે હું તો સદા અરૂપી છું. '**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં...**' દેહમાં સ્પર્શ છે, રંગ છે, ગંધ છે, રસ છે એ મારા જ્ઞાનમાં નિમિત્ત થાય જાણવામાં. પણ એ નિમિત્ત થવા છતાં એ સ્પર્શને રસ, ગંધપણે હું થયો નથી. આહા..હા..! એમ ભગવાન આત્મા તો અરૂપી છે, રૂપી વિનાની ચીજ છે. એ રૂપવાળાનું જ્ઞાન કરે, પણ રૂપપણે થાય એમ નથી. એ તો જડ છે. આહા..હા..! આ સ્પર્શ શરીરનો સુંવાળો, રસ કેરીનો, દાડમનો, શિખંડનો.

મુમુક્ષુ :- મોસંબીનો રહી ગયો.

ઉત્તર :- મોસંબી, પતરવેલિયાનો રસ. શું કહે છે? અળવી-અળવી. અળવીના પાન નહિ? અળવીના પાન. .. થાયને મોટા પહોળા. પછી બાયુ ચણાનો લોટ આમ કરી પછી વાટા કરે આમ. પછી બાફે પછી કટકા કરે. ત્યાં અમારે કરતા પાલેજમાં. ... પહેલા તો એ જ .. કોણ કરે બીજા? આહા..હા..! કોણ કરે કહે છે. એ ચીજના એ તારા જ્ઞાનના સ્વપરપ્રકાશક જ્ઞાન છે એ તારાથી એનું પણ જ્ઞાન તારાથી થયું છે. એમાં એ શબ્દ, રૂપ રસનું જે નિમિત્ત છે. જુઓ નિમિત્ત છે માટે એનાથી જ્ઞાન થયું છે એમ નથી. હું પોતે જ્ઞાનદર્શનમય છું. એના પછી સદા અરૂપી લીધું છેને? આહા..હા..! હું જ્ઞાન, દર્શન, દેખવા, જાણવાના સ્વભાવપણે છું એમાં મારા દેખવા, જાણવાનું જે પરિણમન મારે લઈને થાય એમાં એ શબ્દ, રૂપ, રસ, ગંધ નિમિત્ત હો, પણ એ નિમિત્તપણે હું થતો નથી. નિમિત્ત સંબંધીનું જ્ઞાન પણ મારાથી થયેલું છે. પણ હું શબ્દરૂપે ત્રણકાળમાં થતો નથી. આહા..હા..! શિખંડ અને લાડવો પડે મોઢામાં. મેસુબ. ઓગળવા માંડે દાંત વિના કહે છે કે મારું જ્ઞાન તે ક્ષણે મારા સ્વના લક્ષે સ્વપરપ્રકાશક થયું એમાં એ જડની અવસ્થા નિમિત્ત હો, પણ જડપણે હું થતો નથી, ખાટા, મોળાપણે હું થયો નથી. ખાટું મોળું તો જડ છે. માણસ નથી કહેતા કે મારું મોઢું તીખું થઈ ગયું. કહે છે કે નહિ? મોઢું તીખું થયુંને? તું તીખો થયો? આ તો જડ છે. ખરેખર તો એ તીખું થયું નથી. તીખું તીખાની અવસ્થામાં થયું છે.

તૃષા લાગી હોય બહુ અને એમાં .. રાખ્યું હોય કુલ્ફી. આહા..હા..! કહે છે એ વખતે તારું જ્ઞાન તારાથી થયું છે. એમાં એ ચુસણીનું જે છે એ નિમિત્ત છે, પણ એ ચુસણીની પર્યાયપણે તું થયો છો એમ નથી. કારણ કે એ તો જડ છે. આહા..હા..! આવી વાત સાંભળવી. વીતરાગના વાડામાં જન્મ્યા છતાં એણે સાંભળી ન હોય. આહા..હા..! અમે જૈન છીએ નામધારી. જૈન કોને કહેવા? જૈન એને કહેવા કે હું જ્ઞાનસ્વરૂપ, દર્શનસ્વરૂપ છું એવા ભાવે રહેનારો મેં રાગને, અજ્ઞાનને ટાળ્યું છે. એ મારું સ્વરૂપ નહિ. આહા..હા..! એને જિન એટલે જીત્યો છે જેણે અજ્ઞાન અને રાગને. એવો પોતાનો જ્ઞાનદર્શન સ્વભાવનો આશ્રય લઈ એ રાગપણે થતો નથી, એકપણે બુદ્ધિ થતી નથી અને શબ્દ-રૂપ આદિના જ્ઞાનમાં પણ એ જ્ઞાન શબ્દરૂપ પણે થતું નથી. ખાટાપણે જ્ઞાન થયું નથી. જ્ઞાનમાં ખાટાપણું એ નિમિત્તરૂપે જણાણું. આહા..હા..! એમાં સ્પર્શ સુંવાળો માખણ જેવો લાગે. એ સ્પર્શને મારા જ્ઞાનમાં નિમિત્ત છે. એનો અર્થ? કે તે કાળે મારાથી થયેલું જ્ઞાન સ્વપરપ્રકાશક એ હું જ્ઞાનદર્શનમય એમાં એ શબ્દ-રૂપ આદિ નિમિત્ત હો, પણ એ રૂપે હું છું એ હું નહિ. આહા..હા..! આ દીકરો થાય છે નહિ? કોનો કહેવાય? આકાશનો? કહો, આ તમારો દીકરો ત્યાં વાંચે છે કહે છે. આ તમારો દીલીપ. કલકત્તે વાંચે છે કહે. .. કાઢે છે લ્યો ઠીક. ૧૪ વર્ષનો છે. એના દીકરાનો દીકરો. કલકત્તા. પુસ્તક લઈને બેસે બરાબર. એવો જવાબ આપે .. રાગને આત્મા કરે? ધંધા આત્મા કરે? આ તારો બાપ અને તારો બાપનો બાપ કરે છેને. એ કહે કે રાગ કર્યો છે. ધંધા બંધા એણે કર્યા નથી. એમ જવાબ આપે. એ કાલે કહેતો હતો પરમ દિ'. ભાઈએ કહ્યું. ત્યાં ગાથા વાંચે છે છઠ્ઠી. બેસાડે બધાને સાંભળો. ત્યાં કાકાને બેસાડે સાંભળો. ત્યાં આવતા નથી તમે. સાંભળો અહીં. એના નાનાને સંભળાવે. મોટાનો દીકરો ૧૪ વર્ષનો. પાછું વીર્યથી કહે હોં આ. ધંધા તમે કરો છો આ? જડની પર્યાય તમે કરો છો? એનો બાપ કહે સાચી વાત ભાઈ! આહા..હા..! આ દુકાને ધંધા જડના એ લેવા ને દેવા પૈસા દીધા લીધા, મૂક્યા આ દુકાને કર્યો એ માલ લીધો, પૈસા લીધા. ધૂળેય નથી કર્યું એમ કહે છે અહીં. એ ક્રિયા જડની એનું જ્ઞાન થાય અહીં. એ જ્ઞાન તો પોતાનું છે, પણ એ જ્ઞાનમાં નિમિત્ત છે એમ કહેવામાં આવે. વાત જ એવી છે. એ તો પોતાને કારણે એ જ્ઞાન પ્રગટ્યું છે. કારણ કે જ્ઞાન, દર્શનમય ભગવાન આત્મા છે. આહા..હા..! ચૈતન્ય સૂર્ય એ તો પ્રભુ છે. એના કિરણમાં તો જ્ઞાન દર્શનના કિરણો આવે. પુણ્ય-પાપના કિરણ એના છે? આહા..હા..!

કહે છે હું '**એવા સંવેદનરૂપે પરિણમ્યો...**' એટલે કે એના જ્ઞાનરૂપે થયો છું. '**છતાં...**' છતાં એટલે શું કે જ્ઞાનરૂપે થયો, છતાં એરૂપે થયો નથી. એમ. આહા..હા..! રૂપને મારા જ્ઞાનમાં રૂપ જણાય, પણ મારા જ્ઞાનમાં એ નિમિત્ત છતાં હું રૂપરૂપે થયો નથી. આહા..હા..!

શરીરની નમણાઈ અને સુંદરતા એ તો બધી જડની છે, આ તો માટીની છે. આહા..હા..! ધર્મી એમ જાણે કે મારા જ્ઞાનમાં એ સુંદરતા એ નિમિત્ત હો, છતાં એ સુંદરપણે હું થયો છું. એ હું નહિ. આહા..હા..! આ રોટલી કરેને બાયું રોટલી. લુઆ કરે. ..લોટ નાખે થોડો. લોટ નાખીને વાળે. ગોળ ચક્કર કરે લ્યો. વાંઢો કરે તો એક આમ છેડો નીકળેલો અને બીજો છેડો આમ નીકળે. એ જોયું હતું. .. રોટલી આવી હતી તો .. આવી રોટલી કોણ? વાંઢો છે એ. વેલણ આમ સરખું ફરવું જોઈએને એને ઠેકાણે આમ વયું જાયને અને આમ વયું જાય. એ બાયુને તો બરાબર ગોરણું લઈ. .. હોયને પાછું. તાવડા ઉપર મૂકેલી. લૂગડું કરે એટલે ફુલીને ઓલું થાય. કહે છે કે એ ક્રિયા જીવની નહિ, એ ક્રિયામાં જીવ નહિ. આહા..હા..! એય..! રતિભાઈ! શું હશે આ બધું?

મુમુક્ષુ :- મકાન બહુ બનાવે છે.

ઉત્તર :- બનાવે. કોણ બનાવે? રાગ કરે. અહીં તો કહે છે કે રાગનું જ્ઞાન વખતે રાગ નિમિત્ત હો, પણ રાગપણે હું થયો નથી. પરરૂપે તો ક્યાંથી થાવ? આહા..હા..! એ ક્યાં થયો છે? એનો નફો મળે તો વેચી નાખે. નફો માને છે હોં. છે તો નુકસાન. આ મને મળ્યો એવી માન્યતા નુકસાનની છે. ધૂળ ક્યાં તારી હતી તે તને મળે? આહા..હા..! એ બધા ...

'**સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી માટે પરમાર્થે હું સદાય અરૂપી છું.**' આહા..હા..! અહીં તો કર્મના નિમિત્તે રૂપી થયો છે, મૂર્ત છે માટે મૂર્ત થયો એમ કહે છેને? મોટી ચર્ચા થઈ છે. .. એ તો નિમિત્ત જડ તેની વાત કરી છે. ... એ અરૂપી એ કોઈ દિ' રૂપી થાતું નથી ત્રણકાળમાં. રજકણની અવસ્થારૂપે થાય?

મુમુક્ષુ :- પણ લખ્યું છે કે વ્યવહારે.

ઉત્તર :- એ તો વ્યવહારનો અર્થ ખોટો. થયો નથી જડ છે એના નિમિત્તે છે મૂર્ત કહેવામાં આવે છે. આહા..હા..!

આમ '**હું સદાય અરૂપી છું...**' પાછો પહેલો હું રૂપી થયો હતો અને અત્યારે અરૂપી છું એમ પણ નહિ. વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો મારા જ્ઞાનમાં નિમિત્ત હો, પણ એ રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ એની પર્યાયપણે હું થાવ એવો ત્રણકાળમાં નહિ. આહા..હા..! કહો, વજુભાઈ! શું હશે આ? .. છેને ત્યાં તમારા સાધુ. આહા..હા..! '**આમ સર્વથી જુદા...**' લ્યો! હું એક શુદ્ધ જ્ઞાનદર્શનમય, સ્પર્શ, વર્ણ, ગંધ મારા જ્ઞાનમાં નિમિત્ત છતાં એરૂપે હું થતો નથી. એમ બધાથી જુદો છું. આહા..હા..! '**આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો...**' લ્યો ઠીક! '**સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો.**' મારી પ્રતાપને ખંડન કરનાર જગતમાં કોઈ ચીજ જ નથી. એવો હું પ્રતાપવંત. પ્રભુતા

નામનો મારામાં ગુણ છે કે મારી પર્યાયને કોઈ ખંડે અને પ્રતાપને કોઈ અશુભ .. એવી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! વિશેષ વાત થશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૬, સોમવાર, તા. ૩૧-૦૭-૧૯૭૨
## ગાથા-૩૮, પ્રવચન-૧૧૮

સમયસાર. જીવ-અજીવ અધિકાર. આત્માને ધર્મ થાય ત્યારે કેવી રીતે એની દશા હોય? એ સ્વરૂપ છે. છેલ્લી ગાથા છેને? આત્મા ક્યા સ્વરૂપે પરિણમે એને ધર્મ થાય? અને ધર્મ કેમ નથી થયો એ બેય વાત આમાં આવે છે.

अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारुवी।
ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं पि।।३८।।
**હું એક શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે! ૩૮.**

એનો '**ગાથાર્થ :— દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કે :**' અહીં તો છેલ્લી ગાથા છેને જીવની એટલે. જીવનું જેવું સ્વરૂપ છે એવું વર્ણવશે. એવા સ્વરૂપે અંદરમાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર સ્વરૂપે વસ્તુ જે અનંત આનંદ અને અનંત જ્ઞાનધામ વસ્તુ એના ઉપર દૃષ્ટિ કરીને જે સમ્યગ્દર્શન પૂર્ણ સ્વરૂપની પ્રતીતિ, પૂર્ણ સ્વરૂપનું જ્ઞાન અને પૂર્ણ સ્વરૂપની અંદર રમણતા. એવા થયેલો જીવ એમ જાણે કે '**નિશ્ચયથી હું એક છું...**' એની વ્યાખ્યા આવશે લાંબી. હું અને એકની. '**શુદ્ધ છું, દર્શનજ્ઞાનમય છું, સદા અરૂપી છું; કાંઈ પણ અન્ય પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી એ નિશ્ચય છે.**' હવે એને આચાર્ય જરી સમજાવ્યો એ કેમ સમજ્યો? અને એ કેમ સમજ્યો નહોતો એની વ્યાખ્યા કરે છે.

'**ટીકા :- જે, અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે...**' અનાદિ આનંદ

સ્વરૂપને ભૂલી અને ઘેલછાઈ, ગાંડાઈમાં ઘેલછામાં ઉન્મત્તથી **'અત્યંત અપ્રતિબુદ્ધ હતો...'** અનાદિ-અજ્ઞાની આત્માના બિલકુલ જાણવામાં અપ્રતિબુદ્ધ હતો. જાણનાર ન હતો. એને અહીં સમજાવે છે. કોઈ એમ કહે કે આ સમયસાર મુનિ માટે છે કે. કહે છે **'અત્યંત અપ્રતિબુદ્ધ હતો...'** જેને ગાંડપણું, ઘેલું. વસ્તુ આનંદસ્વરૂપ અને અનંત આનંદ જ્ઞાનમય છે. જેને પુણ્ય અને પાપના ભાવથી લાભ માને, પોતાનું સુખ પરમાં માને એવી જે ગાંડપણાની ઘેલછાઈ એને લઈને અપ્રતિબુદ્ધ હતો. એ કારણ આપ્યું. કર્મને લઈને નહિ. કર્મને લઈને ગાંડો હતો ઘેલો એમ નથી. કર્મ તો જડ છે. પોતે પોતાનો અતીન્દ્રિય આનંદ સ્વભાવ એને ભૂલી અને પુણ્ય-પાપના ભાવમાં અને એના ફળમાં એ કાંઈક સુખ છે અથવા મારું અસ્તિત્વ એમાં છે. મને આનંદ એમાં છે. એમ માનતો હતો તે અજ્ઞાની અપ્રતિબુદ્ધ છે. મૂઢ જીવ છે. કહો, સમજાણું?

**'અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે...'** એ મોહની વ્યાખ્યા કરી છે અજ્ઞાનની. એમ નથી લીધું એને દર્શનમોહ અને કર્મના જોરને લઈને. આહા..હા..! પોતાની ચીજ અતીન્દ્રિય આનંદનું ધામ પોતે અતીન્દ્રિય આનંદમય એવો આત્મા એને ભૂલી અને શુભ-અશુભભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિના અથવા હિંસા, જૂઠું, ચોરીના, વિષયના એમાં સુખ છે, એમાં ઠીક છે, એમાં હિત છે, એ ચીજ મારામાં છે એ જાણપણું કર્યું. શું કહે છે તમારે? પાગલ? પાગલ કહે છેને હિન્દીમાં. **'અત્યંત અપ્રતિબુદ્ધ હતો...'** એમ લખ્યું છે. અત્યંત મૂઢ. અપ્રતિબુદ્ધ એટલે જેવું સ્વરૂપ છે તેના પ્રતિથી અબુદ્ધ હતો, તેના સ્વરૂપથી અજાણ હતો. જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે એ વાત એના જ્ઞાનમાં આવતી નહોતી. અપ્રતિબુદ્ધ. જ્ઞાનમાં એનાથી વિરૂદ્ધ આવતી. સમજાણું કાંઈ?

**'અને વિરકત ગુરુથી...'** એ જીવની પહેલી વ્યાખ્યા કરી. જીવ આવો અનાદિનો હતો. નિગોદથી માંડી જૈનનો સાધુ થયો, દિગંબર મુનિ, બાયડી, છોકરા છોડી, કુટુંબ છોડી બધું ત્યાગી થયો, પણ અંદરમાં એને પુણ્ય પરિણામમાં સુખબુદ્ધિ રહી એટલે અત્યંત અપ્રતિબુદ્ધ એ પણ હતો ભેગો. સમજાણું કાંઈ? અવિચળ આત્મા, આત્મા આનંદધામ એનાથી વિરૂદ્ધ વિકલ્પ શુભ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો હો કે હિંસા, જૂઠું, ચોરી આદિનો હો એમાં હું છું. અસ્તિત્વ છેને આ? એ હું છું. એમાં સુખ છે. એવું જે અનાદિનું અજ્ઞાનપણું હતું એ પોતાને કારણે હતું. કીધુંને **'મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે અત્યંત અપ્રતિબુદ્ધ હતો...'** કર્મને લઈને હતો એમ છે નહિ. કહો, હવે આ તો એ કાઢે છેને આવું? કર્મને લઈને વિકાર જીવમાં થાય, કર્મને લઈને ભૂલ થાય. કર્મ છે એ તો જડ છે. આ તારા સ્વરૂપના બેભાનને લઈને ગાંડપણું છે.

**'અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્ત...'** સ્વરૂપમાં શાંતિ છે પોતામાં અંતર એના ભૂલીને

શુભ-અશુભભાવ કે એના ફળરૂપ સંયોગી ચીજ એમાં સુખ-દુઃખ માનતો હતો એ જ અજ્ઞાનપણું, અપ્રતિબુદ્ધપણું હતું. એ કર્મને કારણે નહિ એમ કહે છે. એને '**વિરકત ગુરુથી...**' હવે સમજાવનાર કોણ છે એને? કે જેને રાગની એકતા તૂટી છે. શુભ-અશુભ રાગ એ ગાંઠ, ગ્રંથિ એની જેની એકતા તૂટી છે એ વિરક્ત ગુરુ છે. રાગમાં રક્ત નથી, પણ રાગથી વિરક્ત છે. સમજાય છે? એ '**વિરકત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં...**' એમ કહે છે. અજ્ઞાની એને સમજાવામાં આવે એ અજ્ઞાની પોતે શું સમજાવે? એમ કહે છે. જેને ચીજની જ ખબર નથી. જેના જ્ઞાનમાં ચીજ જ્ઞેય આત્મા શું છે એ અંતર ભાસ્યો જ નથી અનુભવમાં. એ એક સમજાવે અને એ સમજે એમ હોઈ શકે નહિ એમ કહે છે. ડાહ્યાભાઈ!

જેને '**વિરકત ગુરુથી...**' જેને શુભ-અશુભ રાગ એની જેને એકતા તૂટી છે અને એ જ વસ્તુ છે. અને સ્વભાવ આનંદમય પ્રભુ છે એની જેને એકતા થઈ છે એવા ગુરુથી એને સમજાવામાં આવે છે. લ્યો અજ્ઞાનીનો ઉપદેશ નિમિત્ત હોય એમ પણ અહીં નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આ વાત સર્વજ્ઞ વીતરાગ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? કેમકે સર્વજ્ઞ સ્વભાવી આત્મા એટલે કે જ્ઞાનસ્વભાવી સ્વરૂપ પ્રભુ એમાં વિપરીતતા અને અપૂર્ણતા નથી. એવું જીવનું સ્વરૂપ છે. .. એવા આત્માની જેને અનુભવ પરિણતિ દશા થઈ છે એ અપ્રતિબુદ્ધને સમજાવવમાં નિમિત્ત છે. કહો, સમજાણું કાંઈ? '**નિરંતર સમજાવવામાં આવતાં...**' આ શબ્દ છે. ગુરુ એને નિરંતર સમજાવે છે. નિરંતર નવરા છે એ કે નિરંતર સમજાવે? મુનિ હોય તો એને વિકલ્પ છઠ્ઠે હોય ત્યારે આવે, સાતમે તો વિકલ્પ ન આવે. પણ ગુરુએ એને કહ્યું, ભાઈ! તારી ચીજ જે છે વસ્તુ એ શુદ્ધ આનંદઘન છે. એમાં આ વિકલ્પ જે વૃત્તિઓ ઉઠે છે શુભ-અશુભ એમાં નથી. એવું એને કહ્યું હતું. એને સાંભળનારને ધૂન ચડી. એ સમજવામાં એની ધૂન ચડી એથી ગુરુએ નિરંતર સમજાવ્યું એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! શું છે આ? કુતૂહલતા એને થઈ. ગુરુએ કહ્યું કે તું પૂર્ણાનંદ શુદ્ધ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપી તારું સ્વરૂપ છે. નિરપેક્ષતા તો નથી, પણ અપૂર્ણતા પણ તારી ચીજમાં નથી. એવું ગુરુએ એને કહ્યું. કહ્યું તો કોઈવાર કહ્યું એટલે નિરંતર કહેવામાં આવે છે. શબ્દ તો આમ છે. '**નિરંતર સમજાવવામાં આવતાં...**' આ ફતેહપુર આ નથી ચાલ્યું નહિ? છઠ્ઠી અને અગિયારમી. વચ્ચેની બાદ કરીને રાજકોટમાં. બારમી. ભાવનગર ચાલી હતી આ.

શબ્દે શબ્દમાં ઉંડપ છે. ઉપરથી કોઈ સમજી જાય ધર્મ એવી ચીજ નથી. આહા..હા..! જેને જન્મ-મરણ ટાળવા છે ચોર્યાસીના અવતારમાં રખડપાટ એનું મૂળ કારણ મિથ્યાત્વ છે. અને મિથ્યાત્વ તે જ આખો સંસાર છે. એ જેને નાશ કરવો છે એટલે કે પહેલો તો નાશ નહોતો એનો અર્થ થયોને અપ્રતિબુદ્ધ હતો. એટલે એ વાત સમજાવી. અજ્ઞાની હતો. એને

જ્ઞાની મળ્યા, એને કહ્યું, આ એને કહ્યું. એ આવશે હમણાં. એ સમજ્યો શું? એ એને સમજાવ્યું હતું ગુરુએ. કે ભાઈ તું પરમેશ્વર છો, પૂર્ણ છો. તારા પરમેશ્વરને તું ભૂલી ગયો છો. કહો, ડાહ્યાભાઈ! તું પરમેશ્વર જ છો, પરમાત્મા જ છો. આહા..હા..! જે સર્વજ્ઞ અરિહંત પરમેશ્વર થયા એ આત્મા હતા. એ આત્મામાં પૂર્ણતા હતી તે પૂર્ણતા પ્રગટ કરી. એ તેવો જ તું છો. એમાં અને તારામાં કાંઈ ફેર નથી. વસ્તુમાં ફેર નથી. પર્યાયમાં ફેર પાડ્યો તો તે બુદ્ધિ ભૂલથી પાડ્યો છે. સમજાણું કાંઈ?

એ '**વિરકત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતાં...**' નિરંતર ભાષા તો આવી છે. ગુરુ નિરંતર સમજાવે છે એવો અર્થ થયો. રાત અને દિ'. એનો અર્થ એ કે એને એ કહ્યું કે ભાઈ! તારે જન્મ-મરણનો અંત લાવવો હોય, આ ચોર્યાસીના અવતારમાં આંટીઘૂંટીથી રખડી મરી ગયો. એકેન્દ્રિયના અવતાર, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, નિગોદ, બટાટા, શક્કરકંદ. કોઈ ત્યાં તારું ધણી નહોતું, તને તારું શરણ કોણ છે એની ખબર નથી. એવામાં અનંતભવ કર્યા. એ મિથ્યાત્વને લઈને કર્યા. મિથ્યાત્વ એટલે અપ્રતિબુદ્ધપણું એ અહીં કીધુંને? સ્વરૂપ જેવું છે એનાથી અજાણપણું, અજ્ઞાનપણું, મોહપણું એ મિથ્યાત્વ એ અપ્રતિબુદ્ધ. એને પ્રતિબુદ્ધ કર્યો, સમજાવ્યું. તારી ચીજ અંતરમાં, પ્રથમ જે સમ્યગ્દર્શન પામવાને કાળની વાત આ છે હોં! ધર્મ પામવાની પહેલી રીત આ સમજાવી એમ કહે છે.

'**જે કોઈ પ્રકારે (મહાભાગ્યથી)...**' મહા પુરુષાર્થથી સમજ્યો. અપ્રતિબુદ્ધ હતો એ સમજ્યો. ગુરુએ કહ્યું. અખંડ આનંદનું ધામ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર જેને પ્રગટ કર્યું એ જ ચીજ તારી છે, એ તારામાં છે અને એ તું છો. એમ એને કહેતા એ સમજ્યો. પોતાની દૃષ્ટિ અંતરમાં મૂકતા મહાભાગ્ય એટલે મોટા પુરુષાર્થથી, અનંત પુરુષાર્થ છે એમાં. એ બુદ્ધિ પર્યાય ઉપર છે, રાગ ઉપર છે, અંશ ઉપર એટલે પર્યાય. પર્યાય શું એની ખબર ન હોય જેને. વર્તમાન જ્ઞાન, દર્શન આદિની દશા, એક અંશ અવસ્થા. એના ઉપર અનાદિની દૃષ્ટિ છે. એને ગુલાંટ ખવડાવી છે. ભાઈ! તું અંશ જેટલો નહિ, તું રાગમાં નહિ અને રાગને લઈને નહિ. ગુરુએ પહેલેથી એમ કહ્યું. વ્યવહારથી, રાગથી તને લાભ થાય એવું એણે કહ્યું જ નથી. પંડિતજી! આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શુદ્ધ આત્માનું સમજાવ્યું એમાં ઓલું આવી ગયું. એને શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજાવ્યું એમાં આવ્યું કે હું અશુદ્ધ સમજતો તો એ અજ્ઞાન અને અપ્રતિબુદ્ધપણું હતું એમ. એનો વ્યય થયો, શુદ્ધ આત્માના ભાનનો ઉત્પાદ થયો, ધ્રુવ તો ત્રિકાળ છે. ઝીણી વાત છે, ભાઈ! જૈન પરમેશ્વર સિવાય, વીતરાગ સિવાય આ વાત ક્યાંય હોય નહિ. અને તે પણ વીતરાગી તત્ત્વ શું છે એ સંપ્રદાયમાં અનાદિથી ચાલ્યા આવ્યા એમાં આ

વાત છે. સમજાણું કાંઈ?

**'સાવધાન થઈ,...'** પહેલા કીધુને અપ્રતિબુદ્ધ હતો. એને આ સમજાવ્યું. ભાઈ! તું શરીર, વાણી, મન તો નહિ, પુણ્ય-પાપના વિકલ્પ જે વૃત્તિ ઉઠે એ તું નહિ. એનાથી તને લાભ નહિ, તું જેમાં નથી એનાથી તને લાભ? અને અલ્પજ્ઞપણું છે એમાં પણ તું નથી આખો. હો, રાગાદિ તો છે ત્યારે સમજાવે છેને? પણ એ રાગમાં તું નહિ. રાગ તારામાં નહિ. પર્યાયબુદ્ધિ એ તારી નહિ. આહા..હા..! એક સમયની અવસ્થાની બુદ્ધિ છે. ભણ્યો હતો ત્યારે ત્યાં સુધી તો આવ્યો હતો એ. શાસ્ત્ર ભણ્યો હતો અનંતવાર, સાધુ થયો અનંતવાર ભાન વિના ત્યારે એ પર્યાયબુદ્ધિમાં અંશબુદ્ધિ આ છે ત્યાં સુધી તો આવ્યો હતો. પણ એટલો પણ નહિ, એટલું નહિ અને એ તું નહિ. દિશા ફેરવ દશા ફેરવવી હોય તો. આહા..હા..! કામ બહુ આકરું છે. છે તો એના ઘરનું પણ એને એ જાતની પદ્ધતિ સાંભળી નથી એટલે એને સાધુ થયો, નગ્ન દિગંબર મુનિ અનંતવાર થયો. પણ વસ્તુ એના વ્યવહારની ક્રિયાકાંડમાં દયા, દાન અને વ્રતમાંથી ધર્મ અને વર્તમાન ઉપજેલો અંશ તેટલો હું એ બુદ્ધિમાં અટક્યો. એ અપ્રતિબુદ્ધ હતો.

મુમુક્ષુ :- મુનિપણાની ...

ઉત્તર :- ઘણાં કારણ હોય આ દુનિયામાં. આ રખડીએ છીએ તો આપણે ભય પામ્યો ચાર ગતિ. સાધારણ હોં અંતરનો નહિ. આ બાયડી, છોકરા નુકસાન કરનારા છે, ચાલો આપણે દીક્ષા લઈ લે તો ચારિત્ર કહેવાય. એવી માન્યતાથી સાધુ થયો, નગ્ન દિગંબર થયો. આવ્યું નહિ? છ ઢાળામાં. 'મુનિ વ્રત ધાર અનંતબૈર ગ્રૈવયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' મુનિના વ્રત ધારણ કર્યા. દુઃખ લાગ્યું બહારનું. ચાર ગતિનું દુઃખ નહિ, જો ચાર ગતિનું દુઃખ લાગે તો તો આત્મા આનંદમય છે એમ ભાસે. પુણ્યની ક્રિયા કરીએ, દયા, દાન, વ્રત પાળીએ તો એમાંથી આપણું કલ્યાણ થશે. એ માન્યતામાં વ્રતધારી થયો એ મિથ્યાદૃષ્ટિ થયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? પંચ મહાવ્રત પાળ્યા, અઠ્યાવીશ મૂળગુણ દિગંબર સાધુના. એ જ વ્યવહારે સાધુ દિગંબર વ્યવહાર કહેવાય. બીજો તો વ્યવહારે દ્રવ્યલિંગી પણ નથી. એવા અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત અહિંસા આદિ એમાં સુખ નથી એમ કહ્યું. તોપણ એ 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એમ થયુંને? એ પંચ મહાવ્રતના પરિણામ દુઃખ છે એમ કહ્યું. કારણ કે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાળું એ તો વિકલ્પ છે એ તો રાગ છે. પંચ મહાવ્રત આસ્રવ છે, રાગ છે, એમાં દુઃખ છે એ તો. આહા..હા..! પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખ. એને દુઃખ લાગ્યું નહિ. એનાથી આપણી મુક્તિ થશે. મોક્ષમાર્ગમાં કહ્યું છે. વ્રતાદિ ધર્મનો અનુરાગ એ તો રાગ છે. એને એ ધર્મ માને, ધર્મનું કારણ માને,

એને ધર્મ માને, દેહની ક્રિયાનો કરનાર માને છે. દયા પાળું આ કરું. પુરુષાર્થ કર્યો હતોને કેમ રહ્યો? એ પુરુષાર્થ કર્યો છે ઉંધો. સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ નહિ. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ પૂર્ણ સ્વરૂપ. પૂર્ણ સ્વરૂપ. એ પ્રતીતમાં ન આવે ત્યાં સુધી એને આનંદ ન આવે. આનંદ ન આવે ત્યાં સુધી એને દુઃખનો અનુભવ છે. એ મહાવ્રતના પરિણામ એ પણ દુઃખ છે. આહા..હા..! જગતને સાંભળવું કઠણ પડે. સમજાણું કાંઈ?

**'સાવધાન થઈ,...'** એને સમજાવ્યો છે. ભાઈ! એ બધા વિકલ્પની જાળ અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય વ્રત પાળવા એ તો વિકલ્પ છે એ તો રાગ છે. આહા..હા..! જેને દુનિયા ચારિત્ર અને ધર્મ માને. મૂઢ છે કહે છે. આહા..હા..! ભારે આકરું કામ છે. એને એ કહ્યું એ સમજ્યો એમ કહે છે. સાવધાન થયો. મોહ હતોને ઓલો? અસાવધાન હતો એટલે અહીં સાવધાન થયો. **'જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે,...'** મૂઠીમાં સોનું હોય, ભૂલી ગયો હોય. દાતણ કરતો હોય એમાં હાથમાં રાખ્યું હતું. ભૂલી ગયો. કે યાદ આવ્યું કે આ રહ્યું. જુઓ, આહા..હા..! રાગની એકતા બુદ્ધિમાં મૂઠીમાં ભગવાન પડ્યો હતો અંદર. **'મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્યના ધરનાર) આત્માને ભૂલી ગયો હતો...'** પોતે મહા પરમેશ્વર પ્રભુ અનંત આનંદનું ધામ જેની એક એક શક્તિની ઈશ્વરતા એવી અનંતી ઈશ્વરનો ધણી ઈશ્વર એને ભૂલી ગયો. પામરને પોતાપણું માન્યું છે. વ્રતના, દયા, દાનના પરિણામ પુણ્ય પામર છે એ તો. અધર્મ છે. આકુળતા છે.

કહે છે **'પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્યના ધરનાર) આત્માને ભૂલી ગયો હતો...'** દેખો! **'તેને જાણીને,...'** એને જાણીને. આવ્યું એ. એને જાણવાનું કહ્યું હતું ગુરુએ. અંતર તારો આત્મા ભગવાન પરિપૂર્ણ પરમેશ્વર છે. એને ભૂલી ગયો હતો. ન્યાયથી વાત છે. ભૂલી ગયો હતો તેમાં એ નથી કહ્યું પાછું કે કર્મને લઈને ભૂલી ગયો હતો. તારા સ્વરૂપને તું ભૂલી ગયો હતો. પરમેશ્વર પૂર્ણ આનંદ. જ્ઞાયકસ્વભાવ પૂર્ણ ઈશ્વરતા એક-એક શક્તિની એવી અનંત ઈશ્વરતાનું ધણીપણું એને ભૂલી ગયો હતો. લ્યો આત્માને ભૂલી ગયો હતો એમ લીધું. છ દ્રવ્યને ભૂલી ગયો, ફલાણા ભગવાનને ભૂલી ગયો (એમ નથી લીધું). આત્મા આનંદ અને પૂર્ણ સ્વરૂપ પરમેશ્વર એને ભૂલી ગયો. એ ભૂલી ગયો હતો તેને જાણ્યું. હાથમાં જેમ મુઠ્ઠીમાં સુવર્ણ હોય, ભૂલી ગયો અને યાદ કરે કે આ રહ્યું. આ તો દાખલો નથી આપતા છોકરું? કાખમાં હોય અને બજારમાં ગોતવા જાય. કાખમાં રહી ગયું ખબર ન રહી. ક્યાં ગયું? ક્યાં ગયું? ગોતવા જાય બહાર. તમારે દૃષ્ટાંત હશે હિન્દીમાં.

મુમુક્ષુ :- કાખમાં છોરું ગામમાં ઢીંઢોરું.

ઉત્તર :- ગામમાં શું? ઘેરો. ગોતે. લ્યો! આહા..હા..! અહીં તો હજી બહારમાં માન ને સન્માનને એનામાં વધી ગયો એમ માને. એ તો ભૂલી ગયો ભગવાનને. બહાર માન મળે કાંઈક વધારે. આહા..હા..! આપણે વધી ગયા. શેમાં વધ્યા? એ બહારની જડ ચીજ છે. એને ભૂલી ગયો તું. મારી મોટપ તો બધી મારામાં છે. એને જાણીને. જુઓ પહેલું આ લીધું છે. ગુરુએ એને એ સમજાવ્યું હતું. એને સમજાવવામાં આવતા, નિરંતર સમજાવે એટલે નિરંતર આ કહ્યું એણે. ઓહો..હો..! આ વાત બેસે નહિ લોકોને પછી આ બહારની ક્રિયાકાંડમાં જોડાઈ ગયા, એ ધર્મ થયો, ચારિત્ર થઈ ગયું, બાયડી-છોકરા છોડ્યા, દુકાન છોડી, ધૂળેય નથી છોડ્યું સાંભળને ધર્મ છોડ્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :- કષ્ટ સહન કરવું પડે.

ઉત્તર :- કષ્ટ તે દુઃખ છે. દુઃખ તો આર્તધ્યાન છે. એ ધર્મ છે? કષ્ટ સહન કરવું પડે છે. એ તો કહે છે. લખે છે અહીંયાં આકરું પડે છે માટે આસ્રવ છે એમ કરીને ઉડાવે છે. એમ બેસ્યું હોય એમ કહેને. અરેરે! ભાઈ! ચોર્યાસીના અવતાર તો એવા અનંતા કર્યા તે. વ્રત, તપ કર્યા શુભભાવ હતો તો સ્વર્ગ મળ્યું. ત્યાં અંગારા ક્લેશના અંગારા છે.

અહીં તો કહે છે કે આત્માને ભૂલી ગયો હતો એમ કહ્યું. છ દ્રવ્યને જાણવું ભૂલી ગયો, એની ભક્તિ કરવી ભૂલી ગયો. આહા..હા..! ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવ ભૂલી જેનું એકલો સ્વભાવ સત્ત્વ, સત્‌નું સત્ત્વ એકલો જ્ઞાન અને આનંદનો રસકંદ. વસ્તુ છેને. વસ્તુનો વસ્તુત્વભાવ હોયને? તેનો ભાવ તો જ્ઞાન અને આનંદનું એકલું સત્ત્વ છે. એમાં વિકાર અને ઉદયભાવ તો ગંધ નથી. આહા..હા..! એને ભૂલી ગયો હતો. એ સમજાવ્યું. આખરી ગાથા છેને? જીવની છેલ્લી ગાથા છે. અને એ વાત કરી પાછી તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને. પહેલું જાણવાનું લીધું. પહેલું સમકિત નથી લીધું. આ વસ્તુ જે અપ્રતિબુદ્ધ હતો. જેને પ્રતિબુદ્ધ જ્ઞાનનો સ્વભાવ છે એને જાણે, એમાં પોતે ન આવ્યો. એટલે એ પોતે પ્રતિબુદ્ધ પ્રતિ ચીજ છે એ રહી ગઈ. જ્ઞાનમાં. મારા જ્ઞાનમાં એ આવ્યુંને સ્વપરપ્રકાશક. એમાં સ્વ પહેલું આવેને? કોઈપણ ચીજને જાણતા પહેલા એની પોતાની હયાતી ન હોય તો જાણે કોણ? કોઈપણ ચીજને જાણતા. .. સ્વભાવની વ્યાખ્યા કરી, પણ આ નયચક્રમાં આ આવે છે. ઓલા આપ્તમીમાંસામાં છે. પ્રમાણની વ્યાખ્યા કરતા. સ્વપરપદાર્થનો વ્યવસાય, વેપાર જ્ઞાનનો એને પ્રમાણ જ્ઞાન કહીએ. તે પ્રમાણ જ્ઞાનમાં બીજી આ ચીજ છે, શરીર છે, પૈસા છે, આબરૂ છે, બાયડી છે, છોકરા છે, રાગ છે. એ બધું શેમાં જણાણું? રાગમાં જણાય? એ ચૈતન્યની સત્તા જ્ઞાયક સત્તા, પરમેશ્વર સત્તા જ્ઞાન આદિ આનંદ એમાં એ જણાણું. એટલે પ્રતીત તો એ પામ્યું છે. છતાં એને એમ લાગે છે કે આ જણાય છે અને આ પ્રસિદ્ધ પામ્યું. એ દૃષ્ટિની ભૂલ છે. આહા..હા..!

જેની સત્તામાં બીજી સત્તાનું હોવાપણું જણાય છે એ સત્તા પોતે ચૈતન્ય સત્તા છે. રાગ દયા, દાનનો ઉઠે પણ એ જાણ્યો કોણે? કોની હયાતીમાં એ હયાતીની કબુલાત થઈ? એની કબુલાત નથી, ખરેખર તો એ જ્ઞાનની પોતાની કબુલાત છે. સ્વપરને જાણનારો આ હું. સ્વપરને જાણનારો આ હું. એવું જે જ્ઞાનસ્વરૂપ ગુરુએ એને કહ્યું હતું એવું જ એણે જાણ્યું. લ્યો આનુ નામ સમ્યગ્જ્ઞાન. શાસ્ત્ર ભણ્યો હોય કે ન ભણ્યો હોય.

'**આત્માને ભૂલી** ગયો હતો...' આહા..હા..! જેમ મૂઠીમાં સોનું ભૂલી ગયો. સોનું તો પડ્યું જ છે એમ કહે છે. ભૂલી ગયો મૂઠી વાળીને બંધ થઈ ગઈ. એમ વસ્તુ તો અખંડાનંદ પ્રભુ પૂર્ણ આનંદનો ખેલાડી ચૈતન્ય ભગવાન. એમ ને એમ પડ્યો જ છે કહે છે. આહા..હા..! એને ભૂલી ગયો છો. એનું વિસ્મરણ થઈ ગયું. હતું એનું સ્મરણ કર્યું. કહો, સમજાણું? '**તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને...**' ગુરુએ એમ કહ્યું હતું કે આ આત્મા અખંડ જ્ઞાન અને આનંદ મૂર્તિ જેમાં વિકલ્પની, દયા, દાનની, વૃત્તિઓ છે એમાં એની ગંધ નથી. એમાં તો આનંદ અને જ્ઞાનની ગંધ છે. એવો એ પરમેશ્વર સ્વરૂપ છે. આહા..હા..! એવું એણે અંતરમાં જાણ્યું. ગુરુએ આ કહ્યું હતું. એ અપ્રતિબુદ્ધને આ રીતે જાણવામાં આવ્યું. '**જાણીને, તેનું શ્રદ્ધાન કરીને...**' જાણીને તેનું શ્રદ્ધાન કર્યું. એમ કહે છે. જાણ્યા વિના શ્રદ્ધાન કોનું? જે ચીજ જ મૂઠીમાં, જ્ઞાનમાં આવી નથી એને માનો. શી રીતે માનીએ? સસલાના શિંગડા જગતમાં નથી માનો. કઈ રીતે માને વસ્તુ નથી એને. વસ્તુ નથી તો ખ્યાલમાં આવી નથી. એમ આ વસ્તુ છે એ ખ્યાલમાં ન આવે, જ્ઞાનમાં ન આવે ત્યારે માનવું ક્યાંથી આવે? જુઓ, અહીં સમ્યગ્જ્ઞાનનું પહેલું આપ્યું છે. ત્યાં તો સમ્યગ્દર્શનનું કહ્યું છે. તત્ત્વાર્થસૂત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. આ સમ્યગ્જ્ઞાન કહ્યું પહેલું.

'**જાણીને, તેનું શ્રદ્ધાન કરીને...**' લ્યો! આ એને જાણવાનું કરવું છે. કરવું હોય તો આ. પૂર્ણ સ્વરૂપ પરમાત્મા પોતે જ છે. એ પરમાત્મસ્વરૂપ પોતે પોતાનું ત્રિકાળી છે, મુક્તસ્વરૂપ છે, અબદ્ધસ્વરૂપ છે. એને જાણ્યું. અને એ જાણવાનું કરવું એનું નામ સમ્યગ્જ્ઞાન. પહેલું શું કરવું? આ. એમ કહે છે. ૧૭-૧૮ ગાથામાં આવે છેને? પ્રથમ જાણીને. તેને પ્રથમ જાણીને. જાણીને એટલે અનુભવીને એમ કહ્યું છે હોં ત્યાં. જાણીને એટલે આ એકલું જાણ્યું એમ નહિ. ૧૭-૧૮ ગાથા. આત્માને પ્રથમ જાણીને એમ. ત્યાં તો પહેલું શાસ્ત્ર જાણવું એ વાત પણ નથી કરી. આહા..હા..! એકદમ જેને ભૂલ્યો એને જાણ. '**તેનું શ્રદ્ધાન કરીને...**' આ વસ્તુ અખંડ આનંદ પૂર્ણસ્વરૂપ એમ જ્યારે જ્ઞાનમાં અંતરમાં ભાસે ત્યારે તે વસ્તુ જણાણી. અપ્રતિબુદ્ધ હતો એને પ્રતિબુદ્ધ થયો. જે ચીજ જેવી છે એવી જ્ઞાનમાં નહોતી આવી એવી આવી. પ્રતિબુદ્ધનો અર્થ એવો થાયને. .. અર્થ નથી આવતો? પ્રતિબુદ્ધ. જે વસ્તુ છે એવી જણાણી પ્રતિબુદ્ધ થયો. આમાં અપ્રતિબુદ્ધ હતો. જેવું છે એવું ન જણાણું. અપ્રતિબુદ્ધ

હતો. પ્રતિબુદ્ધ થયો. એ જેવી ચીજ છે એવું જ્ઞાનમાં જણાણું અને જ્ઞાનનો એવો સ્વભાવ છે પ્રતિબુદ્ધ થવો. સમજાણું?

**'તથા તેનું આચરણ કરીને...'** આનું નામ ચારિત્ર. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવું જાણ્યું, એવી શ્રદ્ધા કરી અને એનું આચરણ કરીને એ સ્વરૂપમાં રમવાનું આચરણ કરીને. એનું નામ ચારિત્ર છે. કહો, સમજાણું કાંઈ? આ બહારની ક્રિયા, પંચ મહાવ્રતના પરિણામ એ કાંઈ ચારિત્ર નથી. **'તેનું આચરણ કરીને...'** એટલે કે જાણનસ્વરૂપ એનું જ્ઞાન, એનું શ્રદ્ધાન, એમાં તન્મયતા. આનંદસ્વરૂપ એમાં લીનતા એનું નામ ચારિત્ર છે. આહા..હા..! ચારિત્રની વ્યાખ્યા પણ સાંભળી નથી લોકોએ. બાયડી, છોકરા છોડે, બાવાનો વેશ પહેરે સાધુનો થઈ ગયો ધર્મ. ડાહ્યાભાઈ!

કહે છે કે **'તેનું આચરણ કરીને...'** એટલે? તેનું એટલે? આત્માને જે ભૂલી ગયો હતો તેને જાણ્યો, તેનું શ્રદ્ધાન, તેનું આચરણ એમ. તેનું-તેનું આવ્યું છેને. જ્ઞાનીને **'તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને...'** વસ્તુસ્થિતિ આમ છે. **'જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો,...'** લ્યો! જે સાચી રીતે એક આત્મારામ થયો. એક આત્મારામ થયો. રાગમાં રમતો હતો અનાદિથી પુણ્યના ભાવમાં અને પાપમાં એ અપ્રતિબુદ્ધ અજ્ઞાની હતો. **'એક આત્મારામ થયો,...'** જુઓ, ઓલો અનેક હતો. વિકારની વૃત્તિઓ, પુણ્ય-પાપની અનેક એમાં રમતો એ અણાત્મા હતો. મૂઢ હતો. આ શું કહે છે એ વાત જ પહેલી બેસવી કઠણ જગતને. હવે આ સમજ્યા વિના એને ધર્મ કદી ત્રણકાળમાં થાય નહિ. અને જન્મ-મરણના આંટા ચોર્યાસીના અવતારના. નરક અને નિગોદ અનંત અવતાર કર્યા અને અનંત અવતારનો સ્વભાવ એવો મિથ્યાત્વ પડ્યું છે તો અનંત અવતાર છે. મિથ્યાત્વ એટલે શું અને સમ્યક્ એટલે શું એની ખબર ન પડે. બાયડી, છોકરા તો રાગ છે ઈષ્ટ નહિ. છોડો. .. ફલાણું છે લ્યો.. એમાં શું આવ્યું? તત્ત્વ ક્યાં આવ્યું? લૂગડા એ છે? બાયડી-છોકરા એ તો પરજ્ઞેય છે. છ ઢાળામાં આવે છેને .. ચારિત્ર. કષ્ટદાયક માને. ... ચારિત્રને કષ્ટદાન માને. હવે એ ભવના કોળિયા છે એ. ચારિત્રને દુઃખદાયક માને. ચારિત્રની તને ખબર જ નથી. આહા..હા..!

ચરવું એટલે જે ચીજ સત્તામાં છે એનો અનુભવ થયો, એમાં ચરવું, રમવું એનું નામ ચારિત્ર છે. આવીની તો ખબર ન મળે. લ્યો દીક્ષા. મુંડાવો. દક્ષા છે દખ્યા. દુઃખમાં પડ્યા છે ગરકાવ થઈને. આહા..હા..! **'તેનું આચરણ કરીને જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો,...'** જે આત્મા એમ. સમ્યક્ પ્રકારે સાચી રીતે એક આત્મારામ થયો. આત્મામાં આનંદનો રમનાર થયો, આત્મામાં રમનાર, ચરનાર, રમનાર, ઠરનાર થયો. **'તે હું એવો અનુભવ કરું છું કે :'** લ્યો! સમ્યગ્દૃષ્ટિ આત્માને આવો જાણે. આહા..હા..! આકરી વાત. **'તે હું એવો**

**અનુભવ કરું છું કે :**' આત્મારામ વસ્તુના સ્વરૂપનું ભાન કરી, શ્રદ્ધા થઈ, તેના ઉદ્યમશીલ થઈ, એમાં ઉદ્યમ સ્વભાવથી, સ્વભાવનો ઉદ્યમ કરીને રમણતા. એનું નામ ચારિત્ર. એ ચારિત્રની ખબર ન મળે. આહા..!

'**તે હું એવો અનુભવ કરું છું કે :**' અનુભવ કરું છું એ છે હોં! પર્યાય છે. પર્યાયમાં અનુભવ છેને? એ '**હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું...**' હું તો એક જાણનાર-દેખનાર સ્વભાવમાત્ર આત્મા છું. '**ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...**' કેટલું નાખ્યું છે ઓહો..હો..! ધર્મ થનારને મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે. મારા સમ્યગ્જ્ઞાનના પ્રત્યક્ષપણામાં આત્મા આવો છે એમ જણાય છે. આહા..હા..! પ્રત્યક્ષ થાય છે એમ કહે છે. '**તે હું એવો અનુભવ કરું છું કે : હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું...**' ચૈત્યમાત્ર જ્યોતિરૂપ, ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા. હું તો જાણનાર-દેખનાર. એમાં બીજા અનંતાગુણ ભેગા આવી ગયા. '**કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...**' એટલે કે મને એમાં મારા સ્વરૂપને જાણવાનો મન અને રાગની પણ નિમિત્તતા નથી. આહા..હા..! આ તે કાંઈ વાત! ધર્મી થાય તેને આમ થાય. ધર્મી હોય એને આમ હોય કે જે હું મારા પ્રત્યક્ષ અનુભવથી જણાય એવો છું. મારા અનુભવથી પ્રત્યક્ષ એમ. મારા અનુભવથી પ્રત્યક્ષ જણાય એવો. વ્યવહારને કારણે, રાગને કારણે નહિ. આહા..હા..!

'**પ્રત્યક્ષ જણાય છે;...**' જોયું! '**મારા જ અનુભવથી...**' '**મારા જ અનુભવથી...**' એમ છે. મારી જ્ઞાન વસ્તુ મારા જ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે, મારા અનુભવથી પ્રત્યક્ષ જણાય છે કે આ આત્મા છે. કહો, ધીરૂભાઈ! ભારે વાતું! આકરું કામ બહુ. વાત પણ સાંભળી ન હોય. કે ભાઈ થાય નીચે? એ તો કેવળજ્ઞાન થાય ત્યારે થાય. કેવળજ્ઞાન થાય ત્યારે તો પૂર્ણ પ્રત્યક્ષ થઈ જાય. હા. પોતાના આનંદને પ્રત્યક્ષ જાણે, વેદે. સીધો જ્ઞાનની પર્યાય દ્વારા સીધો જણાય. જેને વ્યવહાર રાગની ઉપેક્ષા, નિમિત્તની અપેક્ષા નથી, મનની અપેક્ષા નથી. એવો હું મારા અનુભવથી પ્રત્યક્ષ જણાઉ છું. આહા..હા..! ત્યાં સુધી તો હુંની વ્યાખ્યા કરી. '**अहम**' '**अहम**' શબ્દ છેને. ૩૮મી ગાથામાં પહેલો શબ્દ. '**अहम**' '**अहम**'ની આટલી વ્યાખ્યા થઈ. હું આ છું. આહા..હા..! આ વાત એવી લાગે કેટલાકને તો આ તો કેવળજ્ઞાનની વાત હશે. બહુ ઊંચા દરજ્જાની વાત છે એમ કહે. તારામાં પહેલા નંબરના દરજ્જાની વાત છે. આહા..હા..! અરે કાંઈ ખબર ન મળે. કહો, આ તો '**अहम**'ની વ્યાખ્યા થઈ. આવો હું છું એમ સમકિતીને ભાસે. ધર્મીને આવો આત્મા ભાસે. ચાહે તો એ ગૃહસ્થાશ્રમમાં ચક્રવર્તી પદમાં દેખાય, પણ એમાં એ નથી. અહીં તો પૂર્ણ સ્વરૂપ લેવું છેને. ચારિત્રસહિત કીધું છે હોં.

આત્મા છું ચિન્માત્ર જ્યોતિરૂપ આત્મા હું છું, ચિન્માત્ર જ્યોતિરૂપ આત્મા છું. એમાં એમ નથી કહ્યું કે અલ્પજ્ઞાની છું, રાગવાળો છું એ તો ભલે હો. આ તો એલો ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું **'કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે;...'** કહો, આ જીવનું સ્વરૂપ. આવું જાણે ત્યારે એને સમ્યગ્જ્ઞાની કહેવાય. ત્યારે એ ધર્મમાં આવ્યો કહેવાય. આ તો જાત્રા બાત્રા કરી એટલે શેત્રુંજય કે આ કેવી? સમ્મેદશિખરની. થઈ ગઈ જાવ. આ જુઓ માણસો પૂનમની જાત્રા કરે, ચૈત્ર સુદની કરે. કારતક સુદ. ખુશી ખુશી થઈ જાય. ધર્મ કર્યો આપણે. ભગવાનજીભાઈ! ધૂળેય ધર્મ નથી સાંભળને. આહા..હા..! એ તો એક શુભભાવ હોય, ધર્મીને પણ અશુભથી બચવા એવો શુભભાવ હોય, પણ એ ધર્મ સ્વરૂપ નહિ. અશુભથી બચવા અથવા એ કાળ અને એ જ ભાવ હોય. પણ એ કાંઈ ધર્મસ્વરૂપ છે અને એનાથી ધર્મ થાય એમ નથી. આકરું લાગે અત્યારના સાધુવાળા. એય.. ધમાધમ કરાવતા હોય. 'જ્ઞાન માર્ગ રહ્યો દૂર' એ આવે છેને.

એટલી હુંની વ્યાખ્યા કરી. ધર્મીને જીવ આવો જણાય એ હું છું એમ. હવે એકની વ્યાખ્યા. **'अहमेक्को'** છેને? અહંની આટલી વ્યાખ્યા થઈ. **'एक्को' 'ચિન્માત્ર આકારને લીધે...'** હું તો એક જ્ઞાનસ્વભાવરૂપ મારું. આકાર એટલે સ્વરૂપ. જ્ઞાનમાત્ર સ્વરૂપ એમાં બીજાની ભેળસેળ નહિ. **'હું સમસ્ત ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી...'** ક્રમરૂપ પ્રવર્તતા. આ ગતિ. એક પછી એક ગતિ થાયને. ગુણસ્થાન. માર્ગણાસ્થાન એક જ હોયને. એ ક્રમરૂપભાવ. અક્રમરૂપ—યોગ, લેશ્યા, જ્ઞાન રાગાદિ એક સાથે હોયને ભેદ. **'ક્રમરૂપ તથા અક્રમરૂપ પ્રવર્તતા વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી...'** જુઓ, આવ્યું ક્રમ અને અક્રમ બેય આવ્યું આમાં. અહીં તો ક્રમ-અક્રમ ભાવો જે છે ગતિ, ગુણસ્થાન, ગતિ આદિ એક પછી એક થાય. નરકગતિ વખતે મનુષ્ય ન હોય અને મનુષ્ય વખતે નરક ન હોય. ગતિ એક પછી એક ક્રમે થાયને? એ ક્રમરૂપભાવમાં ભેદ થતો નથી. એવા ગતિના ભાવથી હું ભેદ થતો નથી. અને અક્રમે એક સાથે લેશ્યા, કષાય, જોગ, જ્ઞાન, દર્શન પર્યાય વગેરે. અક્રમ એક સાથે પર્યાય હોય એવા ભેદરૂપ વ્યવહારિકભાવો. એનાથી ભેદરૂપ થતો નથી. લ્યો! **'માટે હું એક છું;...'** આ એકની વ્યાખ્યા છે.

ચૈતન્યમાત્ર સ્વભાવમાં સ્વભાવને લીધે ક્રમે પ્રવર્તતા, અક્રમે વર્તતા વ્યવહારિકભાવો. સમજાણું? ક્રમે-અક્રમે એટલે ક્રમબદ્ધપર્યાયની આ વાત નથી. ક્રમે પ્રવર્તતા ગુણસ્થાન, ચોથે ગુણસ્થાને પાંચમું ન હોય અને પાંચમે છઠ્ઠું ન હોય એ ક્રમે પ્રવર્તે. ગતિ ક્રમે હોય. નરકગતિમાં મનુષ્યપણું, મનુષ્યગતિમાં નરક. એ ક્રમે પ્રવૃત્તિ ભેદ એમાં પણ હું નથી. આહા..હા..! અને એક અક્રમે એક સાથે વર્તે લેશ્યા, જોગ કષાય, ક્રોધ, માન વગેરે. એવા અક્રમે વર્તતા પર્યાયો, ભેદો એવા પ્રવર્તતા હોં પણ છે ખરા એમ કહે. **'વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો**

**નથી...**' એ બધા વ્યવહારિકભાવો છે. એનાથી હું ખંડાતો, ભેદરૂપ થતો **નથી**. તેથી '**હું એક છું;...**' ભારે આકરું પણ એક એક વાત આકરી. જેને સાંભળ્યું ન હોય એને. જયંતિભાઈ! અમારે જયંતિભાઈ. પાછળ છેને? પાલિતાણા. કોઈ દિ' સાંભળ્યું ન હોય એ હા..હો.. હા..હો.. બધું. આહા..હા..!

કહે છે એવા ક્રમે પ્રવર્તતી ગતિ, એવા ભેદથી હું ભેદાતો નથી. હું તો અભેદ છું એક. એવા ભેદથી અનેકરૂપ નથી થતો એમ કહે છે. '**હું સમસ્ત ક્રમરૂપ...**' છેને? એટલે ક્રમે ક્રમે થતી અવસ્થાઓ. માર્ગણાને. માર્ગણામાં છેને ગતિ, જોગ. એક વખતે એક હોય '**તથા અક્રમરૂપ પ્રવર્તતા...**' યોગ કંપન્ન સાથે હોય, રાગ સાથે હોય, લેશ્યા સાથે હોય એવા ભાવ સાથે હોય એક સમયમાં. એવા '**વ્યાવહારિક ભાવોથી ભેદરૂપ થતો નથી...**' આહા..હા..! '**માટે હું એક છું;...**' ધર્મી જીવને આવું સ્વરૂપ ભાસે. અનેકપણું એના જ્ઞાનમાં રહે પણ હું છું પરમાર્થે એકરૂપ. ભારે! સમજાણું કાંઈ? આવું . ત્યારે મનુષ્ય પર્યાય દૃષ્ટિએ જોવામાં, જાણવામાં છે. વસ્તુ તરીકે ભેદરૂપ થતો નથી એવો હું અભેદ છું. એવો આત્મા છે તેને એ રીતે જાણવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય. અને એમાં એ રીતે ઠરવું એનું નામ સમ્યક્ચારિત્ર કહેવાય. બાકી બધી વાતું છે. આહા..હા..! એકની વ્યાખ્યા કરી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૭, મંગળવાર, તા. ૦૧-૦૮-૧૯૭૨
## ગાથા-૩૮, પ્રવચન-૧૧૯

આ સમયસાર. જીવ-અજીવ અધિકાર. ૩૮મી ગાથા. અહીં સુધી આવ્યું છે. '**માટે હું એક છું;...**' ત્યાં સુધી આવ્યું છેને? આ શું અધિકાર ચાલે છે? કે આ આત્મા કેવો એના જ્ઞાનમાં, શ્રદ્ધામાં આવે તો એને ધર્મી કહેવામાં આવે? એનું જે સ્વરૂપ છે આત્માનું એવું જેવું સ્વરૂપ છે એવડું એની દૃષ્ટિમાં, એના જ્ઞાનમાં આવે ત્યારે તેને ધર્મી કહેવામાં આવે. નહિતર તો જેવું સ્વરૂપ છે એવું ન માનતા એને પુણ્ય અને પાપના ભાવવાળો, આ શરીરવાળો, આવાવાળો એ બધું માન્યતા છે એ સંસારમાં રખડવાની છે. ચોર્યાસીમાં ઉત્પન્ન કરવાની. એથી આ જરી આ શબ્દ અત્યારે. શુદ્ધ કેવો છે એ એની નજરમાં આવવો જોઈએ. બે

શબ્દનો અર્થ થઈ ગયો છે. '**अहमेक्को**' હવે '**खलु सुद्धो**' ૩૮મી ગાથામાં. શુદ્ધની વ્યાખ્યા. એ આત્મા અંદર ચિદાનંદ સ્વરૂપ છે એ શુદ્ધ છે. કઈ રીતે શુદ્ધ છે? કે '**નર, નારક આદિ જીવના વિશેષો,...**' મનુષ્ય, દેવ આદિની ગતિ થાયને? એવા જીવના વિશેષ પ્રકાર જે દશામાં એ બધા વ્યવહાર છે. એનાથી અત્યંત જુદો છે એને આત્મા અને એને શુદ્ધ કહીએ. આ છે ખરું. પણ જાણવાલાયક છે, આદરવાલાયક નહિ.

'**નર, નારક આદિ જીવના વિશેષો,...**' છે અંદર? એટલે શું કહ્યું? કે આ જે આત્મા છે ત્રિકાળી વસ્તુ, અસ્તિ, સત્તાવાળી, હોવાવાળી વસ્તુ. એની દશામાં જે મનુષ્યપણું. આ મનુષ્યપણું આ દેહ નહિ. આ તો જડ છે. આ કાંઈ મનુષ્યપણું નથી. આ તો માટી છે. મનુષ્યપણાની અંદર ગતિ—પર્યાપ્ત, અપર્યાપ્ત, સંજ્ઞી, અસંજ્ઞી એવી જે દશાઓ, પર્યાયમાં, અવસ્થામાં એવી વિશેષ દશાઓ એનાથી અત્યંત જુદો છે એ. એને આત્મા કહીએઅને એને શુદ્ધ કહીએ. એ વિશેષ જીવના વિશેષો પરથી તો જુદો છે કહેશે. પણ એની વિશેષ દશાઓ છે, ત્રિકાળી ધ્રુવ ચૈતન્યમૂર્તિ એનું હોવાપણું ત્રિકાળી અનાકુળ સદા અખંડ જ્ઞાયકભાવ એનાથી ભિન્ન અવસ્થા જે આ ગતિ આદિની દેખાય જીવના વિશેષ પ્રકાર એ જીવનું વાસ્તવિક સ્વરૂપ નથી. એ વિશેષોની ભેદતાનો જે વ્યવહાર છે એનાથી ભગવાન અત્યંત શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ ભિન્ન અત્યંત જુદો છે. એને આ શુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..!

કહો, એવી શુદ્ધ વસ્તુ છે એની અંતર દૃષ્ટિ થવી એનું અંતરમાં જ્ઞાન થવું અને એમાં રમણતા થવી એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. એ પહેલાં આવી ગયું છે. એક આત્મારૂપ થયો. અહં. હું. ભારે કામ જીવને. કહો, પોતાની પૂંજી અને મુડી પોતાની હયાતીમાં કેટલી અને કેવડી છે? એની ખબર વિના અજ્ઞાની રાગ ને દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પો અને જીવની વિશેષદશાઓ એટલાને પોતાનું માની અને ચાર ગતિમાં રખડે છે. આહા..હા..! કહો, સમજાણું? આ ડોક્ટરનું જ્ઞાન, આ ઇન્દ્રિયનું જ્ઞાન, આ જડનું જ્ઞાન, વજુભાઈ! ડાહ્યાભાઈ! આ જજ છે જજ. ક્યાં ગયા જયંતિભાઈ! લ્યો એ હતા ઓલા એરોપ્લેનમાં. પંદરસોનો પગાર. છોડી દીધો, નોકરી છોડી દીધી. એ ડહાપણ કેવા બધા? મૂઢના કહે છે એ. એ આત્મા નહિ. આહા..હા..! એ જીવની, જ્ઞાનની આવી વિશેષતાઓ એ આત્મા નહિ. એમાં પોતાપણું નહિ. એમાં પોતાપણું માને એ પોતાના જીવને અજીવ તરીકે પર તરીકે માન્યો છે. આહા..હા..! આ બધા વકીલાતનું જ્ઞાન એવું હશે?

મુમુક્ષુ :- મૂઝવણ.

ઉત્તર :- મૂઝવણ. જે બધા અહીં આત્મા જીવના વિશેષો કહ્યાને. અંદર પર્યાય ભેદો જેટલા પડ્યાને. જ્ઞાનનો .. પર્યાપ્તિ આદિ, અપર્યાપ્તિ, ગતિ આદિ માર્ગણાના જેટલા વર્તમાન પર્યાયના ભેદો છે એ બધા જીવના વિશેષો છે. વિશેષ શબ્દે ત્રિકાળી જે જ્ઞાયક ચૈતન્યનું

અસ્તિત્વ ધ્રુવ, જ્ઞાયક ત્રિકાળ અબાધિત અખંડ એકરૂપ એનાથી પર્યાયનો ભાગ તદ્દન ભિન્ન છે. હવે આ ક્યાં? એની કાંઈ વાત પણ નથી, વિચારવું નથી, શું તત્ત્વ છે એને સાંભળવું નથી. હવે એને તો ક્યાં જાવું છે? હમણાં પૂછયું હતું તારા એય..! ધીરેન! તારા નાનાને. કીધું આ લશ્કરમાં ક્યાંક મિલિટરીમાં છો કાંઈક વાંચે છો? કહે ના ત્યાં કાંઈ ન મળે. ઠીક! પુસ્તક ન મળે, કાંઈ ન મળે ઠીક. .. થયાને. ક્યાં ગયો? નથી? વયો ગયો હશે? આવ્યો હતો. .. ઓલો .. મિલિટરીમાં છે. ઝવેરાતમાં સૂઝ પડી નહિ કાંઈ ધંધામાં. મિલિટરીમાં ગોઠવાણો. આવ્યો હતો ખરો હમણા. વયો ગયો? મારે કીધું એલા કાંઈ? કાંઈ એકેય પુસ્તક નથી. શસ્ત્રો. વાણિયાનો દીકરો. એય..! કિરીટ! પોણા ત્રણસોનો પગાર છે એમ કહેતો હતો કાંઈક. પૂછયું હતું. ધૂળમાંય શું છે? આ વસ્તુ છે આત્મા એની તો ખબર નહિ. સાંભળવાનું, વાંચવાનું પુસ્તક નહિ કહે લ્યો! ઘરે એકેય ન મળે. શાસ્ત્ર નહિ શસ્ત્ર. મિલિટરીમાં તો એ જ હોયને. આ બધા શું તમારા જજના જાણપણા બધા શસ્ત્ર છે. આહા..હા..!

ભગવાન આત્મા એને શાસ્ત્ર એમ બતાવે એને શાસ્ત્ર કહીએ, એને બતાવે. કે ત્રિકાળી તારું હોવાપણું ત્રિકાળ છે, છે અને છે એવો જ્ઞાયકભાવ. એમાં વિશેષ પ્રકારો જે છે જીવના એનાથી જ્ઞાયકભાવ ધ્રુવ અત્યંત જુદો છે. આહા..હા..! જ્યાં તારું હોવાપણું છે ત્યાં તો પૂર્ણ જ્ઞાન, આનંદ આદિ પૂર્ણ સ્વભાવથી ભરેલોપદાર્થ છે. એને પૂર્ણ શી રીતે માનવો? આહા..હા..! અગિયાર અંગનું જ્ઞાન કરે તો એ વિશેષ અવસ્થા છે. એ કાંઈ સામાન્ય ધ્રુવ નથી એમ કહે છે. શાસ્ત્ર જ્ઞાન કરે લ્યોને. આ સંસારનું જ્ઞાન એ તો બધા પાપમય બંધના કારણ છે, દુઃખમય આત્માને નુકશાન કરનારા છે. પણ શાસ્ત્રનું જ્ઞાન જે છે એ જ્ઞાનની વિશેષ અવસ્થા એમાં એ આત્મા નથી આવતો. આહા..હા..! સમજાણું?

ભગવાન અંદર આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં સર્વજ્ઞ તિર્થંકર પરમાત્મા ત્રિલોકનાથે પ્રગટ કર્યો અને એવો બધાનો છે. આહા..હા..! કહે '**નર, નારક આદિ જીવના વિશેષો,...**' તેનાથી '**અત્યંત જુદો છું...**' એમ દરેકમાં છેલ્લે શબ્દ આવે છે. '**અત્યંત જુદો છું...**' મનુષ્ય ગતિ ને પર્યાયની અવસ્થાઓ જેટલી વિશેષ અવસ્થા. સામાન્ય વાત પહેલી કરી છેને? જીવના વિશેષો. અને તે બધા આગળ કહેશે એ બધા જીવના વિશેષો છે સંવર, નિર્જરા આદિ. પણ એ પહેલી સામાન્ય વાત કરી અને '**અજીવ,...**' આ શરીર, વાણી, કર્મ, મન એનાથી અત્યંત જુદો એ છે. આ બધા અજીવ છે, આ તો જડ છે, માટી છે. વાણી જડ છે, મન છે એ પણ આત્મા વિચાર કરે અને એ મન છે નિમિત્ત અહીંયાં જડ. એવા મન અને વાણી દેહ. બહારની ચીજ તો ક્યાંય રહી ગઈ. પૈસો અજીવ છે. શરીર અજીવ છે, બંગલા, એ અજીવથી તો ભગવાન આત્મા અત્યંત જુદો છે.

મુમુક્ષુ :- રહેવાના કામમાં તો આવે છે.

ઉત્તર :- કામમાં ક્યાં આવે છે? એના કામમાં શું આવે છે? ધૂળેય નથી આવતી. એ મારા છે એમ માન્યતા મિથ્યાત્વ કરવામાં નિમિત્ત છે. આહા..હા..! કહો, આ પૈસા બૈસા કામમાં આવે કે નહિ? પૈસા તો જડ છે, ધૂળ છે, અજીવ છે, આત્મા અજીવ છે? આત્મામાં અજીવપણું છે? અજીવ જીવપણે થઈને રહ્યા છે? અજીવ જીવની પર્યાય દ્રવ્યપણે તો નહિ, પણ એની પર્યાય તરીકે અવસ્થા છે આ વિશેષ જે કીધાને. એ પણે અજીવ થઈને રહેલા છે. આહા..હા..! અરે! પોતાનું શું સ્વરૂપ છે એની ખબર ન મળે એને. એથી કહે છે અજીવથી અત્યંત જુદો છે. તેનો અર્થ થયો કે કર્મથી અત્યંત જુદો છે. કર્મ જે અંદર આઠ કર્મ છે જ્ઞાનાવરણીય આદિ એનાથી અત્યંત જુદો છે. નોકર્મ આ શરીર આદિ મન વાણી અત્યંત જુદો છે. એને અહીંયાં શુદ્ધ જીવ અને એને જીવનું હોવાપણું વાસ્તવિક એને કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- જી પ્રભુ! વર્તમાનમાં જ શુદ્ધ છું. કર્મથી..

ઉત્તર :- જુદો. આ છોકરો છે જોયો સાંભળ્યું? ચૌદ વર્ષનો. ત્રણ વર્ષથી આ અભ્યાસ છે.

મુમુક્ષુ :- છોકરો ક્યાં છે? એ તો આત્મા છે.

ઉત્તર :- દેખાયને આ ઇન્દ્રિયથી. આ એનો બાપ છે. આ એના બાપના બાપ છે લ્યો જોડે બેઠા એ. લાખોપતિ પૈસા ઘણા ગૃહસ્થ છે. એને આ રસ છે. એટલો રસ છે કે બુદ્ધિ.. પંડિતોને જવાબ દેવા મુશ્કેલ પડે એવો છે હુશિયાર. ૧૪ વર્ષની ઉંમર છે. એના બાપના બાપ છે આ. બેઠા એ. એના બાપ ત્યાં રળવા બેઠા કલકત્તા. હુંડીનો ધંધો. ધારધીરનો ધંધો. અરેરે! ક્યાં કોની વ્યાજ-હિસાબ કેના ધંધા? એ બધી ચીજથી ભગવાન આત્મા તદ્દન જુદો છે. આહા..હા..! જુદો એનાથી જુદી ચીજમાં એ છે નહિ અને જુદો એ જુદી ચીજનું કાંઈપણ વેપાર કે ધંધો કરી શકે એ છે નહિ. આ ભારે! મોટો ધર્મ.

'**અજીવ,...**' થી '**અત્યંત જુદો છું...**' પછી આવ્યું '**પુણ્ય,...**' દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ પુણ્યભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા, ભગવાનનું સ્મરણ કરવું એવો જે ભાવ એ પુણ્યભાવ છે. એનાથી આત્મા અત્યંત જુદો છે. આહા..હા..!

મુમુક્ષુ :- શાસ્ત્ર વાંચે એ?

ઉત્તર :- શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ ઉઠે એ પુણ્ય છે. એનાથી એ જુદો છે. આહા..હા..! ખબર ન મળે પણ કોણ છું? વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્માએ કોને જીવ કહ્યો? સાંભળે નહિ, સાંભળવા મળે નહિ. આહા..હા..! સાંભળવા નવરો ન થાય. એકલા પાપના પોટલા ઘૂંચી ગયો છે. ભાઈ! તારી ચીજ છે એ તો પુણ્ય પરિણામ છે, વિકારી ભાવ છે એ તો. એ વિકલ્પની વૃત્તિનું ઉત્થાન છે. વૃત્તિ ઉઠશે. એનાથી અત્યંત

જુદો છે. એને અહીંયાં શુદ્ધ કહીએ અને એને આત્મા કહીએ. એને એવો આત્મા અંદર નજરમાં શ્રદ્ધા, જ્ઞાનમાં આવે ત્યારે એને જન્મ-મરણની મિથ્યાત્વની ગાંઠ ગળે અને મોક્ષના બીજડા સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય. સમજાણું કાંઈ?

'**પુણ્ય,...**'થી અત્યંત જુદો, '**પાપ,...**'થી અત્યંત જુદો.. આ હિંસાનો ભાવ, જૂઠાનો ભાવ, ચોરીનો, વિષય, ભોગનો, આ રળવાનો, પૈસા કમાવાનો, પૈસા વાપરવાનો આ સંસાર ખાતે, ધર્મ ખાતે વાપરે તો એ પુણ્યભાવ છે શુભ. પણ એ શુભભાવથી આત્મા તો તદ્દન અત્યંત જુદો છે. કે પુણ્યભાવથી આત્માને કલ્યાણ થાય, એનો આશ્રય કરવાથી આત્માને લાભ થાય એમ છે નહિ.

મુમુક્ષુ :- કલ્યાણના સાધનો તો મળે પુણ્ય

ઉત્તર :- સાધન કલ્યાણના ક્યાં હતા? કલ્યાણના સાધન તો અહીં છે. બહાર સાધન છે? સાધન તો આત્મા સ્વરૂપમાં એકાગ્ર થઈને સાધન કરે એ સાધન છે. આહા..હા..! ભારે આકરું કામ. જગતને વીતરાગની વાણી, તીર્થંકરદેવનું કહેવું શું છે જીવને માટે? એની પણ ખબર ન મળે અને જિંદગી ગાળે. આહા..હા..! કષાયખાના માંડ્યા તે. એય..! ગિરધરભાઈ! આ બધા કાર્યભાર કરવા. શું કહેવાય? કાર્યકર. એ તો વળી હારી ગયા એટલે બધું ન રાખે નહિતર .. ગયા. ..માં બેઠા હતાને. .. ૪૫ હજાર ખર્ચ્યા. શું કહેવાય એ? શું કહેવાય? આમાં .. ૪૫ હજાર ખર્ચ્યા. પણ એમાં પાછા થયા તો સારું થયું. થોડા નવરા થયા. નવરા સાંભળવા આવ્યા. સારું થયું. મગનભાઈ કહેતા હતા મગનભાઈ નહિ? કે જ્યારે કોર્ટમાં સહી કરી ત્યારે એમ કે આ હારી જાય તો સારું. સહી કરું છું મગનભાઈ કહેતા હતા. નહિતર ઘૂંચાઈ હશે આવા મોટા ને મોટા. આહા..હા..! અરે! કોનો મોટો પ્રભુ! તારી મોટપ તો તારામાં જ છે. આહા..હા..! એ પાપ અને પુણ્યના પરિણામથી અંતર જુદો એ તું મોટો એને અહીંયાં શુદ્ધ કહેવામાં, એને મોટપ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે આવ્યું. '**આસ્રવ,...**' એ શુભ અને અશુભ બેય ભાવ છેને એ બેય આસ્રવ છે. આસ્રવ એટલે? જે વડે નવા આવરણ આવે. વહાણમાં છિદ્ર હોવાથી પાણી આવે એમ ભગવાન આત્મામાં જે પુણ્ય અને પાપના ભાવ બેય આસ્રવ છે. આ-સ્રવ ઉપસર્ગ છે આ. મર્યાદાએ કર્મ આવે. તદ્દન આખો આત્માને બાળી નાખે પૂરો એવું તો આવરણ છે નહિ. પર્યાયમાં પોતે જ્યારે હીણપ કરે છે ત્યારે એમાં નિમિત્ત થાય એટલામાં આવરણ આવે. આહા..હા..! શું કહે છે એ વાત પણ. આ તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો અને જાત્રા કરો. જયંતિભાઈ! તમારે શેત્રુંજય નજીક. એ જાત્રા કરી આવો કહે છે જાવ. ધૂળેય નથી સાંભળને કહે છે. એ જાત્રા કરવામાં જે ભાવ છે શુભરાગ એનાથી ભગવાન જુદો છે અત્યંત. આહા..હા..! અને એ પુણ્ય અને પાપના બે ભાવ આસ્રવ કહેવાય. આ મર્યાદિત

ઉપસર્ગ એનું આવવું. મર્યાદાએ આવરણો જેના કારણે આવે એ કારણને આસ્રવ કહીએ. દયા, દાન, વ્રત, ભક્તિ એ પુણ્ય આસ્રવ છે, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, રળવું, કમાવું એ બધા પાપભાવ છે. બેય આસ્રવ છે એટલે નવા આવરણનું કારણ એનાથી અત્યંત જુદો છે. આહા..હા..!

હવે આવ્યું વધારે. આહા..હા..! આત્મા આવો જે અત્યંત શુદ્ધ ભિન્ન કીધો એનું ભાન થાય દશામાં. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર જે અનંતકાળે થયું નથી એવી દશા થાય ધર્મદશા. સંવર એટલે આસ્રવ વિકાર વિનાની નિર્મળદશા. જેઓએ શુદ્ધ ત્રિકાળી શુદ્ધ છે એનો આશ્રય લઈ, અવલંબન લઈ અને જે નિર્મળ ધર્મદશા પ્રગટ થાય એને સંવર શુદ્ધતા પ્રગટ થાય એને સંવર કહે. એ સંવરની પર્યાયથી અત્યંત જુદો છે. આહા..હા..! હજી તો અહીંયાં દેહથી જુદા માનવામાં પરસેવા ઉતરે. આ દેહથી આત્મા જુદો? બેય જુદા છે? શરીરને ચોંટીયો મારે તો દુઃખ તો આત્માને થાય માટે જુદો ક્યાંથી લાગે? સાંભળતો ખરો હવે. આમ ચોંટીયો ભરે એ તો જડ છે આ. છતાં એને દુઃખ લાગે છે એ તો એને અણગમતી દશા ઉત્પન્ન કરે છે. એ એને કારણે નહિ. એવી દશા ઉત્પન્ન કરે છે એને દુઃખ કહેવામાં આવે છે, પણ એ દુઃખના પરિણામથી વસ્તુ તદ્દન જુદી છે, પણ અહીં તો ધર્મના પરિણામથી પણ જુદી છે એમ સિદ્ધ કરવી એ આકરી વાત છે, ભાઈ! આહા..હા..! એક સમયની ધર્મદશા જેને સંવર કહીએ, પુણ્ય અને પાપનું અટકી જવું, રોકાઈ જવું અને શાંતિ અને શુદ્ધતા દશા અપૂર્વ અનંતકાળે નહિ પ્રગટેલી એ પ્રગટે, જેમાંથી જન્મ-મરણની ગાંઠ ગળે એવો જે સંવરદશા ધર્મ પર્યાય પણ એક સમયની દશા છે એ. એનાથી પ્રભુ અત્યંત જુદો અંદર છે. આહા..હા..!

સંવરવાળો માનવો તો કહે છે અશુદ્ધ છે એમ થઈ ગયું. પુણ્ય-પાપવાળો માનવો એ તો અશુદ્ધ છે, પણ સંવરવાળો એ અશુદ્ધ છે. એનાથી ભિન્ન છે તે શુદ્ધ છે. આહા..હા..! અરે! એના આવા મનુષ્યપણા મળ્યા, એમાં એને આવું સાંભળવાનો પણ વખત ન મળે. એ સમજે કે દિ' અને અંતરમાં રુચિથી પરિણમન કે દિ' કરે અને આ જન્મ-મરણ કે દિ' ટળે? ગોથા ખાધા જ કરે છે. પાંચ-પાંચ હજારના પગારદાર, દસ-દસ હજારના પગારદાર મહિનાના. કહો, બધા માને કે અમે હુશિયાર છીએ, બરાબર જાણીએ છીએ, મૂઢ છો કહે છે. એય..! એ મૂઢતાની પર્યાયથી અત્યંત જુદો. આહા..હા..! આ તે કાંઈ વીતરાગની વાત એણે સાંભળી નથી. એટલે વીતરાગને નામે અજૈનપણું પોષ્યું બધું. આહા..હા..! કેવા છે? ..ના ભાઈ! પણ આ જૈનપણાની વાત છે. જૈન કહીએ કોને? કે જેને પુણ્ય અને પાપના ભાવ અત્યંત શુદ્ધ ધ્રુવ જુદો છે એવું જાણે તેને જૈન કહીએ. આ જાણવાની દશા થાય એનાથી જુદો એને જૈન કહીએ. અરે! ગજબ વાત છેને. વાડામાં જન્મ્યા જૈન તરીકે, પણ

જૈન શું કહે છે એની ખબર ન મળે. ગોખી જાય કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. મંગળિકમાં આવેને મંગળિક? બોલે જાય. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં. કેવળી પણ્ણંતો.

મુમુક્ષુ :- કેવળી..

ઉત્તર :- ક્યાં પણ કે દિ' ..? આહા..હા..! કેવળીએ એમ કહ્યું સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ, સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં. અરે મોટા દેવના લોકના અધિપતિ ઊર્ધ્વલોકમાં શક્રેન્દ્ર, ઈશાન્દ્રદેવ છે. એની હાજરીમાં ભગવાનની વાણીમાં તો આ આવ્યું છે કે ભાઈ! એ તારી ઈન્દ્રપતિ, ઈન્દ્રાદિની દશા અને એમાં તારો થતો પુણ્ય-પાપનો ભાવ, અરે! તને થતી સંવર અને સમ્યગ્દર્શનની દશા. એ તો સમકિતી છે. શક્રેન્દ્ર. સુધર્મ ઈન્દ્ર. કહે છે કે એ દશાથી પણ તું અત્યંત જુદો છો. એવું એને ભાન છે શક્રેન્દ્રને. સમકિતી છે. સમજાણું કાંઈ? ૩૨ લાખ વિમાનનો સ્વામી કહેવાય બહારથી. એક એક વિમાનમાં અસંખ્યાતા દેવ છે, સમકિતી છે. એ અને એની રાણી સ્ત્રી. પતિ-પત્ની બેય બધા સમકિતી અને એકાવતારી છે. ત્યાંથી નીકળી મનુષ્ય અવતાર થઈ મોક્ષ જવાના છે. એ એમ પોતાને માને છે. આહા..હા..! આ ૩૨ લાખ વિમાનથી તો જુદો, ઈન્દ્રાણીઓ, કરોડો ઈન્દ્રાણીઓ. એ તો જુદો પણ એના તરફનો રાગ થાય જરી એનાથી પણ જુદો. એ તો જાગેલો રાગથી રહિત દશા થઈ છે. એનાથી જુદો. આહા..હા..! જૈનમાં સાંભળવું મળે નહિ હજી આ. આ તો કહે વ્રત કરો, દયા કરો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો એકાદવાર જાય આ શું કહેવાય એ? .. શેત્રુંજય. કારતક સુદ પૂનમને દિ' જાય બે. આહા..હા..! લાખ જાત્રા કર હવે સાંભળને. એ તો પર તરફના રાગની વૃત્તિનું ઉત્થાન પુણ્યનો ભાવ છે. જો શુભભાવ હોય તો. એ ભાવથી અત્યંત જુદી ચીજ છે તારી. આહા..હા..!

મુમુક્ષુ :- એ કેવો હશે?

ઉત્તર :- આ શુદ્ધ. એની નજર કરી છે ક્યાં? આહા..હા..! મૂળ વાત જ એને કાને પડી નથી કેટલાકને તો બિચારાને. એમ ને એમ જિંદગી ઘાચીની પેઠે, ઘાણીમાં પીલાતો પાપમાં અને પુણ્યમાં જિંદગી ચાલી જાય છે. મરીને જાશે નીચે. નરક અને નિગોદ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! તારી ધર્મની પર્યાય પ્રગટેલી હોયને જેને ત્રિકાળી એક શુદ્ધ છું, ધ્રુવ છું ત્રિકાળી એવું ભાન થયું એ દશામાં આખું તત્ત્વ આવતું નથી. આહા..હા..! એક સમયની અવસ્થા છે. શરીર અને રાગ .. મારા.. ... અમારા રામજીભાઈએ કીધું હતું. ઓલા ભાઈ ગયા હતાને સુમનભાઈ ત્રણવાર અમેરિકા. .. વહોરવા જઈએ છીએ કહે. ત્યારે આઠ હજારનો પગાર મહિનાનો. રામજીભાઈના દીકરા સુમનભાઈ. ઓળખો છોને આ રામજીભાઈ તમારા રાજકોટના વકીલ. .. એમના દીકરા એક જ છે સુમનભાઈ. ત્યાં છે. એરપોર્ટમાં નોકર

છે. એરપોર્ટ છેને ઓલું .. પેટ્રોલપંપ. આઠ હજારનો છે એમ સાંભળ્યું છે આપણે કોણ જોવા ગયું હતું. કોક કહેતું હતું એનો બેલ્જીયમ ત્યાં લઈ ગયા હતા. દસ હજારનો હતો પછી .. અહીં હશે. બાર મહિના .. માટે છેટે .. બે હજારનો પગાર ઓછો કરીને અહીં રાખ્યા મુંબઈ આઠ હજારનો માસિક. ધૂળમાંય નથી એના આઠ અને દસ. એય..! કાંતિભાઈ! એ પંદરસોનો પગાર હતો કાંતિભાઈને. ઓલા પંદરસોનો પગાર માસિક. નોકરી છોડી દીધી. બાળબ્રહ્મચારી છે. નિવૃત્તિ લઈને સાંભળવા. પંદરસોનો પગાર. અને સોળસોનો જજ. કુંડલામાં .. જજ. છોડી દીધો. કેટલો વખત થયો છોડ્યા એને.

મુમુક્ષુ :- ત્રણ મહિના.

ઉત્તર :- ત્રણ મહિના થયા. આને દોઢ વર્ષ નહિ? પોણા બે વર્ષ થયા હશે? ત્રણ વર્ષ. ત્રણ વર્ષથી છોડી દીધું. છોડ્યા પછી સરકારે ચાર મહિનાનો પગાર પંદરસોનો ઉપર આપ્યો. ... ધૂળમાંય નથી ક્યાંય પંદરસોમાં નથી અને લાખમાં પણ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં કાંઈ ન મળે. સાધારણ માણસ. આપણા વિજયભાઈના છોકરા નથી? દલીચંદભાઈ મોરબીવાળા. એના છોકરાને તો દસ-દસ હજારના પગાર. આઠ હજારના પગાર. ત્રણ છોકરાઓ છેને. મુંબઈમાં છે. મહિનાના આઠ-આઠ, દસ-દસ હજારના પગાર. હવે એમાં ધૂળમાં શું છે? અમેરિકામાં જાય ત્યારે એક એક મહિનાના દસ-દસ હજાર, પંદર-પંદર હજારના પગાર. એ લોકો અહીં કહે છે. પણ હવે ત્યાંના ઢેઢના એ હોય સાંભળને હવે. અમારો છોકરો ભણીને આવ્યો કહે છે. એય..! આનો છોકરો આવ્યોને ભણીને. હિંમતભાઈનો.

મુમુક્ષુ :- બધું મિથ્યાત્વનું ભણતર છે.

ઉત્તર :- હા. એ છોકરો લખતો હતો. આ બધું પાપમાં છીએ, આ બધું વાતાવરણ જુદું છે ઓલો તો આવ્યો હતો. .. આહા..હા..! અમેરિકાથી ચાર-પાંચ.. જાણે મોટો બાદશાહ. ત્યાં બીજાને એમ લાગે. ધૂળેય નથી સાંભળને. નારકીનો કીડો છે. આહા..હા..! જેને ચૈતન્ય ઋદ્ધિ, જેમાં અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત જ્ઞાનદર્શન. જેમાં આખી દુનિયા પ્રતિભાસ થાય, પ્રતિ એટલે સામી ચીજ છે એવું જ એમાં જ્ઞાન થાય. પોતાને લઈને હોં. ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન. આહા..હા..! એક સમયમાં. એ આગળ કહેશે. એ કેવળજ્ઞાન મોક્ષદશા. એનાથી વસ્તુ અત્યંત જુદી છે. કારણ કે દશા પ્રગટેલી તો એક સમયની છે. વસ્તુ તો ત્રિકાળ છે. આહા..હા..! ભારે! મોક્ષવાળો કહેવો એ અશુદ્ધ છે કહે છે. આવું સાંભળે ક્યાં પણ? આહા..હા..! પાપવાળો, પુણ્યવાળોને, આસ્રવવાળો સમજાણું? એ તો સંસાર છે, મિથ્યાત્વ છે અને અજ્ઞાન છે, પણ આ સંવર અને નિર્જરા અને મોક્ષવાળો હું, એક સમયવાળો, એક સમયની પર્યાયવાળો એ? વસ્તુ છે ત્યાં અસ્તિત્વ

જેનું હોવાપણું. છે... છે... છે... પરિપૂર્ણ આનંદ આદિ પરિપૂર્ણ જ્ઞાન, ધ્રુવ સ્વભાવે ભરેલો જેમાં અપૂર્ણ અને પૂર્ણ એવી પર્યાયથી પણ ભિન્ન છે. આહા..હા..! હવે અહીં તો હજી શરીરથી જુદો માનવો એમાં પરસેવા ઉતરે. એલા વાણી વાણીથી બોલાય, તારાથી નહિ. તો કહે એમ હોય? આપણે હોય તો બોલીએ જીભ બોલે છે? સાંભળને હવે.

એક જણે પૂછ્યું હતું. .. નહિ? ત્યાં પૂછ્યું. કે આ મહારાજ બોલે છે એ કોણ? તો કહે તારો બાપ બોલે છે આ? લે આ સાધુ થઈને જવાબ આપ્યો. એવા ફાટેલા મગજવાળા સાધુ. કાંઈ ભાન ન મળે. તારો બાપ બોલે છે. કોણ બોલતો હતો? અહીં સાંભળીને ગયેલો .. .. ગોપાલદાસ. એના આચાર્યને જઈને પૂછ્યું. અહીંનું સાંભળીને પૂછ્યું કે મહારાજ આ બોલે છે કોણ? તારો બાપ બોલે છે આ? ભાષા તો જડ છે આ તો અવાજ છે. અવાજ આત્મામાં છે? આ તો અરૂપી જ્ઞાનઘન ચૈતન્યમૂર્તિ તું છે. એમાં આ પરમાણુનો અવાજ ધ્વનિ ઉઠે છે. એ ધ્વનિ એમાં છે? એ તો જડનું છે. ગિરધરભાઈ! ભારે કઠણ ભાઈ! ઓલા વકીલો અને બધા જજ કાયદા કાઢીને આવતા હશે. આમ કાયદો, આમ કાયદો .. .. એનાથી અત્યંત જુદો છે. આહા..હા..!

મુમુક્ષુ :- અભિમાન કરે છે.

ઉત્તર :- અભિમાન તો કરે છે. અહીં છું એમ ન માને તો અહીં છું એમ માને. ઓહો..હો..! ધ્રુવથી જુદો. અહીં પર્યાયથી જુદો કીધો. આહા..હા..! ભારે કામ ભાઈ!

અરે! મોટપ એને સૂઝી નથી. એનું તત્ત્વ મોટપ અનાદિ-અનંત આનંદનો ઘન છે એ. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિત્યાનંદ પ્રભુ, એવી નિત્યાનંદની ત્રિકાળી શક્તિની અપેક્ષાએ વર્તમાન સંવરની ધર્મદશાથી પણ એ જુદી ચીજ છે. કે ધર્મ એક સમયની અવસ્થામાં આખું તત્ત્વ આવી જાય તો પર્યાય બદલે છે દ્રવ્ય . ધ્રુવનો નાશ થઈ જાય છે. ન્યાય સમજાય છે? એક સમયની ધર્મદશા હોં! અધર્મની તો વાત શું કરવી કહે છે. એ તો વાત જુદી રહી ગઈ. નવેય તત્ત્વના પર્યાયના ભેદ લીધા. .. આત્મામાં આ મોક્ષ થાય, સંવર-નિર્જરા થાય, આ નિમિત્ત હોય, એનાથી થાય. અરે! અરેરે! ક્યાં જવાનો ... એના કારણો પુણ્ય-પાપના ભાવ એ હું છું. ... નિત્યાનંદ પ્રભુ નિરાકુળ વસ્તુ એનો તે અનાદર કર્યો. એની તે હિંસા કરી. એટલે? આત્માનું જે ધ્રુવપણું, નિત્યપણું, અખંડપણું, ટકતું તત્ત્વ જીવતું, એને એમ ન માનતા એને પુણ્ય અને પાપથી તું માન, એક સમયની ધર્મની દશામાં આખો આત્મા આવે .. સંવરદશા થઈ છે એ તો એમ માને નહિ, પણ અહીં તો સમજાવવું છે. સંવરની પ્રગટી દશા.

ત્રિકાળી ધ્રુવ શુદ્ધ એનો અંતર્મુખ થઈ ઊંડે-ઊંડે પેસતા આવે છે કે નહિ? નિયમસારમાં. કળશમાં આવે છે. ઊંડે-ઊંડે પેસતા એટલે ધ્રુવ ચીજ જે નિત્ય છે એમાં જતાં અને આ

બધા ભાવો એને નથી એમાં. આહા..હા..! આકરું કામ છે. અહીં તો એની દયા ને વ્રત ને ભક્તિ ને પૂજા કરે થઈ ગયો ધર્મ. આમ કાંઈક પાંચ-દસ હજાર, પચ્ચીસ હજાર, પચાસ હજાર ખર્ચે મંદિર કરીને. ધર્મધુરંધર. ધૂળેય નથી સાંભળને હવે. આહા..હા..! એય..! ધર્મી તો એને કહીએ અને જન્મ-મરણની ગાંઠ એને ગળી કહીએ અને જેની પૂર્ણદશાની પ્રાપ્તિની સન્મુખ થયો છે એમ કહીએ એ તો પોતાની નિર્મળદશાથી પણ ભિન્ન છે એમ માનનારો હોય એ મનુષ્ય પૂર્ણ પ્રાપ્તિ થવાને સન્મુખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે સ્વસન્મુખ છે એ પૂર્ણ પ્રાપ્તિ તરફ સન્મુખ છે. સ્વ તો આટલો છે શુદ્ધ. અરેરે! વીતરાગની વાણી તીર્થંકરના કથન કાને ન પડ્યા. અને આડી અવળી વાતું ભગવાનની છે એમ માનીને જીવન ગાળ્યા જગતે.

કહે છે કે એ સંવરથી અત્યંત જુદો. ગજબ વાત છે. ધર્મી ધર્મદશા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને મોક્ષમાર્ગ એ સ્વને આશ્રયે પ્રગટ્યો એ એમ માને છે કે આનાથી તો અત્યંત ધ્રુવ ચીજ જુદી છે. એમાં મારી દૃષ્ટિ છે, આમાં નહિ. દૃષ્ટિનો આશ્રય એક સંવર નહિ. આહા..હા..! દૃષ્ટિનું અવલંબન ધ્રુવ છે. દૃષ્ટિને આધાર ધ્રુવનો છે. દૃષ્ટિને આધાર વર્તમાન દૃષ્ટિ પ્રગટી એનો પણ નહિ. આહા..હા..! ભારે વાત ભાઈ! આ બધા .. સાધુ બિચારા આવું સાંભળેને પછી એય..! એ તો નિશ્ચય-નિશ્ચયની વાતું કરે. એમ કે

મુમુક્ષુ :- અમારા જેવા વ્રત એ ક્યા પાળે છે?

ઉત્તર :- વ્રત એ કેવા પાળે સાંભળને. આહા..હા..!

હવે '**નિર્જરા,...**' શુદ્ધિની વૃદ્ધિ થાય આત્મામાં, સંવરમાં શુદ્ધિ કહેવાય. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપ ધ્રુવ એનું અવલંબન લઈને પ્રગટેલી દશા શુદ્ધ એને સંવર કહીએ અને શુદ્ધિની વૃદ્ધિ થાય એને નિર્જરા કહીએ. એવા નિર્જરા તત્ત્વથી અત્યંત જુદો. આહા..હા..! '**નિર્જરા,...**' અહીંયાં અપવાસ બપવાસ કરે, એકાદ, બે કે આઠ દિ' કરે ત્યાં નિર્જરા માને છે. તપસ્યાથી નિર્જરા થઈ તપસ્યા કહેવાય. ધૂળેય નથી સાંભળને. કાયક્લેશ છે.

મુમુક્ષુ :- કાયક્લેશ તો તપમાં આવે છે.

ઉત્તર :- કાયક્લેશ તપ એટલે આ. મૂઢનો તપ છે. પંદર અપવાસ કર્યા હતા, આઠ અપવાસ કર્યા, મહિનાના કર્યા. સાંજી કરે શું કહેવાય એ? સાંજી કરેને માણસ ભેગા કરીને. ગીત ગાય. બેઠી હોય. પાપ છે એ તો. એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે. ધર્મ નહિ.

મુમુક્ષુ :- એમ માને તો શું વાંધો છે?

ઉત્તર :- માને તો વાંધો નથી. .. રખડવા માટે .. મિથ્યાત્વ છે. આહા..હા..! કહો, સુજાનમલજી! ઓલા ડોક્ટર કહે ૩૦ વાંચો, ૪૦ મિનિટ પણ કો.. એ વાંચ્યું હશે એની ખબર નથી. એક કલાક વાંચવાની વાત કરવાની વાત છે અહીં તો. અહીં તો થાક કાંઈ

ખબર પણ પડતી નથી.

મુમુક્ષુ :- એ તો વાત કરવાની પણ ના પાડે છે.

ઉત્તર :- આ કોણ કરે પણ? આહા..હા..!

કહે છે એ નિર્જરા. એ નિર્જરા તો એને કહીએ કે જેને આત્મા ધ્રુવ શુદ્ધ ત્રિકાળ, જેણે દૃષ્ટિમાં લીધો છે એમાં રમતો હોય, એને નિર્જરા કહીએ. આવા અપવાસ કરનારા બધા લાંઘણું કરનારા છે. એય..! ઘરે લાખોપતિની દીકરી, વહુ ને વર્ષીતપ કરે, દીકરીયું કરે બધું એવું હશે? લાંઘણના બાપ છે ત્યાં શું છે? ભાન નથી કે તે આત્મા શું છે? મેં શું કર્યું? કદાચિત્ એમાં રાગની મંદતા કરતો હોય શુભ તો એ પુણ્ય છે, એને નિર્જરા અને ધર્મ માને, મિથ્યાત્વનું પોષણ અનંત સંસારની વૃદ્ધિનું પોષણ છે. ભારે વાત ભાઈ! કહે છે કે એ નિર્જરાથી પણ અત્યંત જુદો.

મુમુક્ષુ :- એમાં સમજવાની શું જરૂર છે? ધર્મ કરવો એમાં.

ઉત્તર :- એ ધર્મ કોને કહે છે? ધર્મ તે કાંઈ ધર્મી ત્રિકાળી ચીજ જ્ઞાયકભાવ અસ્તિ સત્તા મહાપ્રભુ જેનું હોવાપણું ત્રિકાળી ધ્રુવ એના આશ્રય વિના ધર્મ થાય ક્યાંથી? સમ્મેદશિખરની જાત્રા કરે કે શેત્રુંજયની કરે, એનાથી ધર્મ માને એ મિથ્યાત્વને પોષે છે. અનંત પાપને પોષે છે. ભારે આકરું ભાઈ!

મુમુક્ષુ :- બે મત પોષ્યા.

ઉત્તર :- બે. આહા..હા..!

'બંધ,...' થી અત્યંત જુદો છે લ્યો! રાગનું અટકવું અંદર ભાવબંધ હોં! દ્રવ્યબંધ તો અજીવમાં ગયો. રાગ રાગ થાયને દયા, દાન, વ્રત, ભક્તિ વિકલ્પ રાગ છે, એ વૃત્તિ છે ઉત્થાન. એમાં અટક્યો છે એ ભાવબંધ છે. એ ભાવબંધથી અત્યંત જુદી ચીજ અબંધ છે.

મુમુક્ષુ :- મોક્ષથી

ઉત્તર :- છેલ્લે એ આવશે. અને મોક્ષસ્વરૂપ લ્યો. એ કેવળજ્ઞાન થાય, સિદ્ધદશા થાય. નમો સિદ્ધાણં. એ પણ એક દશા છે. પર્યાય છે. હાલત છે એ ત્રિકાળી સ્વરૂપ નથી. આહા..હા..! ભારે આકરું કામ. **'મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો...'** એ વ્યવહારિક નવ તત્ત્વો છે. જે પર્યાયના ભેદ પડ્યા એ બધા વ્યવહારના ભેદ છે. આહા..હા..! હજી તો એને વ્યવહારના શુભરાગથી જુદો માનવો, શુભરાગથી લાભ ન થાય એમાં તો હાય.. હાય.. અરર! અહીં તો નિશ્ચયાભાસી છે બધા. એકાંત થઈ ગયા આ તો બધા. હવે સાંભળને તને ખબર નથી ભાઈ! આહા..હા..! અરે! ભગવાનના ઘરમાં તો સંવર, નિર્જરા ને મોક્ષ પણ નથી કહે છે વજુભાઈ! એય..! આહા..હા..! કહે છે કે જેનામાં એ નથી તે એનો કર્તાભોક્તા પણ નથી નિશ્ચયથી તો. એનો જાણનાર છે. આહા..હા..! ૩૨૦ ગાથામાં આવ્યું હતું. મોક્ષનો કર્તા

આત્મા નથી. મોક્ષ પર્યાય છે. દ્રવ્ય તો દ્રવ્ય છે ધ્રુવ છે ત્રિકાળ. આહા..હા..! આનાથી જુદો અર્થ આવ્યો કે નહિ? આહા..હા..!

પ્રભુ! તું શુદ્ધ ધ્રુવ. છે એની આદિ શું અને છે એનો નાશ શું? છે એને અપૂર્ણતા શું? છે એ અવસ્થામાં આવે ક્યાંથી? ત્રિકાળી ધ્રુવ નિત્ય વસ્તુ આત્મા એને મોક્ષની પર્યાયથી પણ જુદો, એને શુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે વાત! આવી વાત સાંભળીને પછી કેટલાક બિચારા એમ કહે હોં. વ્યવહાર .. નિશ્ચય .. એમ બિચારા એમ કહે. ખબર નથી. એના ઘરની ખબર નથી, બાપુ! તારું ઘર મોટું છે. અને મોક્ષની પર્યાયમાં પણ તું આખો આત્મા આવતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વ્યવહારથી. કેવળજ્ઞાન વ્યવહારથી. સદ્‌ભૂત વ્યવહારનયની પર્યાય છે. કહો, ભગવાનજીભાઈ! જાત્રા આફ્રિકામાં રાડ નાખે ઓલા બધા. ૧૦-૧૦ લાખના મંદિર કરાવ્યા હોય, પૂજા, ભક્તિ દરરોજ કરતા હોય, લૂગડું નાખીને આમ. હવે એને કહે તારી ક્રિયા ધર્મ નથી. ઓય.. મારે! આવું ક્યાંથી? આવે છેને નીકળ્યો હતો .. બિચારાને. હવે તો લાખો માણસ આ ચાર મહિના ફર્યા એમાં લાખો માણસ આવ્યું વ્યાખ્યાનમાં. ૧૨ હજાર તો એક ફતેહપુરમાં. પાંચ-પાંચ હજાર, છ-છ હજાર. મોટી સભા કાંઈ દેખાય નહિ એટલું માણસ. ઈન્દોરમાં ચાર દિ' રહ્યા. બધા આવે, કરોડપતિ સાંભળે. શું કહે છે આ? .. પૂજા કરી આવે ભગવાનની. એટલું કરશું. શું કર્યું પણ તે? પુણ્ય એ તો રાગ છે, શુભભાવ છે. પરમાં પરના વલણમાં જાવું અહીં તો ત્રિલોકનાથ હોય. તીર્થંકરની હાજરીમાં એના તરફની ભક્તિનો ભાવ, વંદનનો ભાવ એ શુભ છે, ધર્મ નહિ. ઓહો..હો..!

મુમુક્ષુ :- ઘરે કહે અમે નવરા જ નથી.

ઉત્તર :- નવરાશ નથી. વખત આવશે મરવા ટાણે એં.. એં.. ટાંગા ઉછાળતા. ડોક્ટર કહે ઈંજેક્શન હવે રહેવા દો, હવે રહેવા દો. હવે જુઓ. છેલ્લી સ્થિતિ જુઓ. એ પહેલાથી કહેવું હતું જાણવું દેખવું છતાં. હમણાં પતિ જશે કલાક, બે કલાક. સનેપાત થયો જુઓ એ તો ફાટ્યો હોય. આહા..હા..! ભાઈ! એ સંવર, નિર્જરા, મોક્ષ. સંવર, નિર્જરા એ મોક્ષનો માર્ગ છે અને મોક્ષ એ મોક્ષ છે સિદ્ધપદ. એ પણ પર્યાય છે હોં! એ ત્રિકાળી ચીજ નહિ અને ત્રિકાળી ચીજ ઉપર દૃષ્ટિ પડ્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ. આહા..હા..! ધર્મની પહેલી શરૂઆત. સમજાણું કાંઈ?

'**મોક્ષસ્વરૂપ જે વ્યાવહારિક નવ તત્ત્વો...**' આહા..હા..! આ લીટી એની મેળે વાંચે તો સમજાય એવું નથી કાંઈ. સૂઝ પડે એમાં? શું લખ્યું છે આ? બાપુ! આ તો વીતરાગની વાણી છે. સર્વજ્ઞ કેવળી પરમાત્મા એની વાણી છે. એ વાણીમાં આમ કહ્યું છે. પ્રભુ તું

તો પૂર્ણ આનંદ છોને, એક સમયનો પ્રગટેલો આનંદ પણ નહિ તું. એનાથી અત્યંત જુદો. આહા..હા..! આનંદ પ્રગટે એ તો જેટલો આનંદ ત્રિકાળ છે એનાથી અનંતમા ભાગમાં, અનંતમા ભાગમાં પ્રગટે. સિદ્ધને પણ. અનંતમા ભાગમાં પ્રગટેલી આનંદની દશા, મોક્ષની દશા એનાથી તદ્દન જુદી ચીજ શુદ્ધ ધ્રુવ અનંતગુણો આનંદ એમાં પડ્યો છે. જેની ધ્રુવતામાં આનંદની મર્યાદા નથી. પરિમિતતા હદ નથી. એવું બેહદ સ્વરૂપ ધ્રુવ એને અહીંયાં મોક્ષસ્વરૂપથી જુદો કહીને શુદ્ધ કહ્યો છે. આ એક શુદ્ધની વ્યાખ્યા ચાલે છે. '**अहमेक्को**' એની વ્યાખ્યા થઈ ગઈ હતી. છેને '**सुद्धो**' ત્રીજો બોલ. '**अहमेक्को सुद्धो**' આ શુદ્ધ એ પર્યાયની વાત નથી. એ શુદ્ધભાવનો અધિકાર આવેને નિયમસારમાં. શુદ્ધભાવ અધિકાર એ શુદ્ધભાવ પર્યાયની વાત ત્યાં નથી. ત્રિકાળી શુદ્ધ છે. આહા..હા..! ત્રિકાળ હોવાપણે જે ધ્રુવ ચીજ એને વર્તમાન પર્યાયથી અત્યંત જુદો કહીને એની ત્યાં નજર કરાવી છે જ્યાં પૂર્ણ છે ત્યાં એ નજરને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શનની પર્યાયથી પણ એ અત્યંત જુદો. આહા..હા..! કહો, ધીરૂભાઈ! આવું છે. સ્થાનકવાસીમાં સાંભળે તો દયા પાળો, અપવાસ કરો, તપસ્યા કરો, દેરાવાસીમાં પૂજા કરો, ભક્તિ કરો, દિગંબરમાં તો આ ખાવું, ન ખાવું, લૂગડા ફેરવો. આહા..હા..!

બાપુ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર એમનો કહેલો ધર્મ જે છે એ ધર્મ તો પુણ્ય, પાપ અને પરમાં તો નથી, પણ ધર્મની પર્યાયમાં ધર્મી આખો નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેટલી ધીરજ જોવે! કે જેને અંતરમાં એના ખ્યાલમાં હજી એને બાંધવું શ્રદ્ધામાં. આ એક સમયની જે પર્યાય ધર્મની છે એથી અંતર જુદી ચીજ એવો ખ્યાલ પરલક્ષી બાંધવો એને કઠણ પડે. આહા..હા..! એવો ત્રિકાળી જ્ઞાયકભાવ અનાદિ-અનંત વસ્તુ છે, સત્ છેને? સત્‌ને અહીંયાં કાળની મર્યાદા નથી. જે કાળની મર્યાદાવાળો મોક્ષાદિ છે, પર્યાય છે એ તો. મર્યાદારહિત છે ત્રિકાળ.

'**મોક્ષસ્વરૂપ...**' છે? સાચો મોક્ષ હોં! નવતત્ત્વના અનુભવ મિથ્યાત્વસહિત જે તત્ત્વ. નવ તત્ત્વમાં અનુભવ તે મિથ્યાત્વ આવે છેને કળશટીકામાં. એ નવ તત્ત્વ આ નહિ. નવ તત્ત્વમાં એ તો અટકેલો જરી રાગાદિ એને સંવર ગણીને તત્ત્વ કહ્યા છે. પ્રકૃતિ ઓછી બંધાયને એ ગુણસ્થાન એ અધિક સંવર, નિર્જરા. કર્મ ખરે છે એટલે નિર્જરા ગણી, એક વિશેષ થયો એને મુક્તિ ગણી. એ અજ્ઞાનીનો.. આ નવ તત્ત્વ તો સાચા છે. એને વ્યવહાર આવી પર્યાય છે એ વ્યવહારમાં જાય છે. આહા..હા..! કેમકે સંસારપર્યાય વિકાર, મોક્ષમાર્ગ પર્યાય નિર્વિકાર અલ્પ, મોક્ષ પૂર્ણ નિર્વિકાર, પણ એ બધી દશાઓની મર્યાદા ત્રિકાળવાળી ચીજ છે. આહા..હા..! મર્યાદાતીત પ્રભુ ચૈતન્ય પ્રભુ એને આનાથી અત્યંત જુદો ગણી. છેને?

'**જે વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી,...**' એમનાથી. એટલે પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષથી એમ છેને શબ્દ? '**તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે,...**'

એકરૂપ ત્રિકાળી જેમાં પર્યાયનો ભેદ સ્પર્શ નથી. એવો **'એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે, અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું;...'** એમ ધર્મી ધર્મ સમજનાર આવા આત્માને શુદ્ધ અનુભવે છે. આહા..હા..!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૮, બુધવાર, તા. ૦૨-૦૮-૧૯૭૨
## ગાથા-૩૮, પ્રવચન-૧૨૦

કોને શુદ્ધ કહેવો? કે જે શુદ્ધનો આશ્રય કરતાં મોક્ષમાર્ગ પ્રગટે એ મોક્ષમાર્ગ પણ શુદ્ધ નહિ. કારણ કે નવ તત્ત્વ જેનું સ્વરૂપ છે એમ આવ્યુંને? **'જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ...'** એવું જેનું સ્વરૂપ છે. સ્વરૂપ અથવા લક્ષણ. ટીકામાં લક્ષણ છે. નવનું લક્ષણ છે ભેદરૂપ. એ બધા વ્યવહારી નવતત્ત્વો છે. પર્યાય ચાહે તો મોક્ષની હો, સંવરની હો કે નિર્જરાની હો એ બધા વ્યવહારિક તત્ત્વો છે. એક સમયની પર્યાય છેને. પુણ્ય અને પાપ, આસ્રવ અને બંધ એ અસદ્‌ભૂત વ્યવહારનયે તત્ત્વો કહેવાય. સંવર, નિર્જરા અને મોક્ષ એ સદ્‌ભૂત વ્યવહારનયે તત્ત્વો છે, પણ બધા વ્યવહારી તત્ત્વો છે. આહા..હા..! એનાથી વ્યવહારિક નવ તત્ત્વો. તેમાનાથી તો વ્યવહારિક શબ્દ વાપર્યોને આ? નવને વ્યવહાર કહ્યા. ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ નિત્યાનંદ એને અહીંયાં ધ્રુવને જીવ કહ્યો અને એને શુદ્ધ કહ્યો. એમાં જેટલા ભેદ પડે જીવની વિશેષદશાઓ એ વ્યવહારિકભાવ. પુણ્ય, પાપ, આસ્રવ, બંધ એ વ્યવહારિકભાવ. સંવર, નિર્જરા અને મોક્ષ એ વ્યવહારિકભાવ, પણ એનો અર્થ એ થયો કે મોક્ષનો માર્ગ એ વ્યવહારિકભાવ થયો.

મુમુક્ષુ :- મોક્ષ વ્યવહાર માર્ગ

ઉત્તર :- માર્ગ મોક્ષ સંવર, નિર્જરા મોક્ષમાર્ગ. શોભાલાલજી! ઝીણું તત્ત્વ બહુ. મોક્ષમાર્ગ એ પર્યાય છે. અને ભેદનું એ લક્ષણ છે, વ્યવહારનું એ લક્ષણ છે. એ ત્રિકાળી નહિ. આહા..હા..! ત્રિકાળી શુદ્ધને એમ કહેવું છે કે એ ત્રિકાળી તે એકરૂપ છે તે શુદ્ધ છે. એનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર થાય. છતાં એ પર્યાય છે એ વ્યવહારિક તત્ત્વમાં જાય છે. આહા..હા..! ભારે ઝીણું! જે નિશ્ચયમોક્ષમાર્ગ છે, વ્યવહારમોક્ષમાર્ગ એ તો પુણ્યમાં જાય

છે, નિશ્ચયમોક્ષમાર્ગ એ સંવર-નિર્જરામાં જાય છે. મોક્ષ એ સિદ્ધપદ મોક્ષમાં જાય છે. એનાથી અત્યંત જુદો એમ છેને?

**'વ્યાવહારિક નવ તત્ત્વો તેમનાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે,...'** એકરૂપ ત્રિકાળ ટંકોત્કીર્ણ એટલે ટાંકણાથી જેમ ખોદીને જે વસ્તુ નીકળે એમ એવી ચૈતન્ય ધ્રુવ વસ્તુ એવા જ્ઞાયકભાવ વડે આવા નવ લક્ષણ, નવ લક્ષણ, નવ સ્વરૂપ, નવ ભેદ એ શુદ્ધની અપેક્ષાએ નવને અશુદ્ધ પણ કહેવાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- અશુદ્ધ એટલે વિકારીને?

ઉત્તર :- એ શબ્દ અહીં નથી. ત્રિકાળી શુદ્ધની અપેક્ષાએ સંવર, નિર્જરા, મોક્ષ પર્યાયને તો અશુદ્ધ કહેવાય છે. વ્યવહાર છેને. એટલે આને શુદ્ધ કહેવાય કે આને અશુદ્ધ એની અપેક્ષાની વાત છે. નવેય તત્ત્વો અને નવ ભાવ એને મલિન પણ કહેવાય. વ્યવહાર છેને? ૧૪મી ગાથામાં કહ્યુંને જ્યાં? દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આનંદસ્વરૂપ છે જેનું જ્ઞાનદર્શન સ્વરૂપ. એવું એકરૂપમાં ત્રણ ભેદ પાડવા એ મેચક છે. મેચક એટલે કે મલિનતા. મલિનતા એટલે કે વ્યવહાર વ્યવહાર એટલે અશુદ્ધતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રિકાળ શુદ્ધની અપેક્ષાએ અશુદ્ધતા એમ. પોતાની અપેક્ષાએ સંવર, નિર્જરા, મોક્ષ શુદ્ધ છે. પણ પર્યાય છેને? ભેદ છેને? એને વ્યવહાર કહ્યો. અહીં તો નવ તત્ત્વનું લક્ષણ વ્યવહારિક કહ્યું હતું. પર્યાયના ભેદો એ ત્રિકાળની અપેક્ષાએ વ્યવહાર તત્ત્વ થયું. એટલે ખરેખર તો એ વ્યવહારને જ્યારે ઉપચાર કહીએ તો એ ઉપચારિક તત્ત્વ થયા, વાસ્તવિક અનુપચાર તત્ત્વ ત્રિકાળ. આહા..હા..! અનુપચારિક ત્રિકાળ જ્ઞાયકભાવ એ જ તત્ત્વ અને એ જ દ્રવ્ય અને એ જ સ્વરૂપ. અને નવ છે એ ભેદરૂપ છે, વ્યવહારરૂપ છે એથી ઉપચારરૂપ છે તેથી અશુદ્ધરૂપ છે, તેથી મલિન છે, તેથી ઉપચાર છે. આહા..હા..! કહો, પંડિતજી! અનુપચાર અભેદ એક શુદ્ધ જ્ઞાયક એને શુદ્ધ કહીએ. આહા..હા..! કે જેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને મોક્ષ એવી પર્યાય જેનો આશ્રય કરવાથી થાય. પર્યાયનો આશ્રય કરવાથી એ પર્યાય થાય નહિ. આહા..હા..! અહીં તો હજી ઓલા વ્યવહારરત્નત્રય તે નિશ્ચય મોક્ષમાર્ગનું સાધન. અને એનું સાધન તે દ્રવ્ય. એમ થયુંને? એથી .. સાધનમાં ત્રિકાળી વસ્તુ પોતે છે. આહા..હા..! .. જાણે છે. આહા..હા..! પર્યાયરૂપે પર્યાયભાવ છે, પણ ત્રિકાળી શુદ્ધની અપેક્ષાએ એને અશુદ્ધ કહ્યો, એને પર્યાય કહ્યો, એને વ્યવહાર કહ્યો, એને મલિન કહ્યો, એને ઉપચાર કહ્યો. સંવર-નિર્જરાનું મોક્ષરૂપ પર્યાય આત્માની એ આત્મા પણ વ્યવહારી આત્મા છે. ઉપચારિક આત્મા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વસ્તુ છે. એક સમયમાં ત્રિકાળ નિત્યાનંદ ધ્રુવ એ સાચો આત્મા એ ધ્રુવ શુદ્ધ એને શુદ્ધ કહીએ. એકરૂપ જ્ઞાયકભાવ એને ધ્રુવ કહીએ, એને શુદ્ધ કહીએ, એને દ્રવ્ય કહીએ, એને આત્મા કહીએ. નિશ્ચય આત્મા. આહા..હા..! ભારે આકરી વાત છે. .. સંવર, નિર્જરાની પર્યાય તે આત્મા એ વ્યવહાર આત્મા. આહા..હા..! વ્યવહાર એટલે ઉપચાર કહ્યું છેને ભાઈ! મોક્ષમાર્ગમાં. એને ચોખવટ કરી નાખી. નિશ્ચય એટલે યથાર્થ. યથાર્થ એટલે નિશ્ચય, વ્યવહાર એટલે ઉપચાર. એ ખટકે છે આમાં બધાને. તમે એ દાખલો ગૃહસ્થનો આપ્યો છે, આચાર્યનો આપો નહિતર આચાર્યનું ખંડન થઈ જાય એમ કહે. આહા..હા..! ભાઈ! એ આચાર્યનું કહે કે એ સમકિતીનું કહે, બધાનું કથન એક જ હોય. તત્ત્વની શ્રદ્ધા અને તત્ત્વની વસ્તુમાં કોઈમાં ફેર હોય નહિ. સ્પષ્ટીકરણ કર્યું છે વધારે. નિશ્ચય તે યથાર્થ છે, વ્યવહાર તે ઉપચાર છે. જુઓ પહેલી શરૂઆત. ત્યારે વ્યવહારથી ઉપચાર તો આવ્યું નહિ આમાં. આ વ્યવહારિક નવ તત્ત્વ ઉપચારિક તત્ત્વ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ તે યથાર્થ તત્ત્વ છે. આહા..હા..! એ શુદ્ધ છે, એ ધ્રુવ છે, એ એક છે, એ નિશ્ચય છે, યથાર્થ છે, તે જ દ્રવ્ય છે. પર્યાય છે તે દ્રવ્યની અપેક્ષાએ અયથાર્થ છે, અભૂતાર્થ કીધીને? '**ववहारोऽभूदत्थो**' તો આ વ્યવહાર શબ્દ છેને? વ્યવહાર નવ તત્ત્વ તે અભૂતાર્થ છે. કોની અપેક્ષાએ? ત્રિકાળ જેનું અવલંબન લેવું છે એ અવલંબન જેનું લેવું છે. અવલંબન લેનાર પર્યાય છે. જેનું લેવું છે એ તે દ્રવ્ય છે, ધ્રુવ છે. ઓહો..હો..! ઘણું નાખ્યું. એનો અર્થ દ્રવ્ય પોતે છે, મોક્ષમાર્ગ સ્વરૂપે નથી, મોક્ષસ્વરૂપ નથી, પુણ્ય-પાપ તત્ત્વ છે નહિ. એની પર્યાયના અસ્તિત્વમાં હોવા છતાં.

મુમુક્ષુ :- પહેલાં પર્યાય જ ક્યાં હતી?

ઉત્તર :- એની પર્યાયમાં અસ્તિત્વ એમ કીધુંને. એની પર્યાયમાં અસ્તિત્વ હોવા છતાં.

મુમુક્ષુ :- એની એટલે કેની?

ઉત્તર :- દ્રવ્યના અસ્તિત્વમાં નથી. પર્યાય તો એની છે કે નહિ? કહે ના. એ પર્યાયથી તદ્દન જુદી ચીજ છે. ભલે પ્રમાણના વિષય તરીકે પર્યાયની અને દ્રવ્યની એને પ્રમાણ કહીએ. પણ પ્રમાણ કાંઈ નિશ્ચયનો નિષેધ કરીને પ્રમાણ વ્યવહારનો વિષય ભેળવે છે એમ નથી. શું કીધું સમજાણું? નિશ્ચય જે એકરૂપ જ્ઞાયક ધ્રુવ એ નિશ્ચય છે એને રાખીને પ્રમાણ એની આ પર્યાય એની છે એમ પ્રમાણ વિષય કરે છે. પણ પ્રમાણનો વિષય જે વ્યવહાર ભર્યો એને અહીં તો ઉપચાર કીધું છે. આહા..હા..! આવું સહન કરવું જગતને. ત્રિકાળી જ્યાં એક સમયની પર્યાય એટલે ભલે મોક્ષ હો, તોપણ અનંત જ્ઞાન એ ત્રિકાળી જ્ઞાનની અપેક્ષાએ તો અનંતમા... અનંતમાં... અનંતમાં... ભાગે છે. કેવળજ્ઞાનનો અંશ છે એ પણ ત્રિકાળી જ્ઞાનગુણની અપેક્ષાએ અનંતમા રાગનો એક સમયનો અંશ છે. પંડિતજી! આહા..હા..! આવી

ધીરજથી જેને શુદ્ધમાં જાવું હોય એની ધીરજ કેટલી હોય? સમજાણું કાંઈ? આહા..હા..!

એ મોક્ષસ્વરૂપ એટલે મોક્ષલક્ષણ. સંસ્કૃતમાં લક્ષણ છેને. એ જીવના વિશેષો એવું જે એનું લક્ષણ એમ. એનું સ્વરૂપ. અજીવનું લક્ષણ. અજીવ અહીંયાં આવતું નથી, પણ અજીવનો વિકલ્પ થાય કે આ અજીવ છે એનું જ્ઞાન થાય એવું એક વિશેષ છે. વિશેષ એનું લક્ષણ છે. વસ્તુમાં નહિ ધ્રુવ. એમ પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ એ અસદ્‌ભૂત વ્યવહાર છે. આસ્રવ છે, મલિન અંશ છે. આહા..હા..! વ્યવહાર મોક્ષમાર્ગ, વ્યવહાર મોક્ષમાર્ગ એ અસદ્‌ભૂત વ્યવહાર તત્ત્વ છે. નિશ્ચય મોક્ષમાર્ગ એ સદ્‌ભૂત વ્યવહાર તત્ત્વ છે. આહા..હા..! કેટલું નાખ્યું છે એમાં? વ્યવહારિક તત્ત્વોમાં પાછા ભેદ પાડ્યા કે પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતાદિનો ભાવ તો વ્યવહારરત્નત્રય છે એ અસદ્‌ભૂત વ્યવહારનું લક્ષણ જેનું છે. પરની અપેક્ષાએ ભલે સ્વ છે એટલે નિશ્ચય, પણ ત્રિકાળની અપેક્ષાએ, અહીં તો ત્રિકાળની અપેક્ષા લેવી છેને? એ અસદ્‌ભૂત વ્યવહાર. ખરેખર એના સ્વભાવમાં એ મલિનતા છે જ નહિ એથી એ અસદ્‌ભૂત અને સંવર, નિર્જરા અને મોક્ષ અથવા મોક્ષનો માર્ગ અને મોક્ષ એ પર્યાય એમાં નિર્મળતા છે, પણ ભેદ છે એથી એને સદ્‌ભૂત વ્યવહાર, પણ અહીં સામાન્ય વ્યવહાર કહીને અસદ્‌ભૂત વ્યવહાર બધો. સદ્‌ભૂત વ્યવહાર અને અસદ્‌ભૂત વ્યવહાર બધો ઉપચારમાં જાય છે, પર્યાયમાં જાય છે. દ્રવ્ય એનાથી તદ્દન જુદું. આહા..હા..! ભારે વાત! આ પૈસા બૈસાનો ધંધો કરે તારો બાપ. એ શું?

મુમુક્ષુ :- એ તો વાત ક્યાંય રહી ગઈ.

ઉત્તર :- આહા..હા..! સમજાણું? જેના ત્રિકાળી હોવાપણાના અપેક્ષાએ એક સમયની અપેક્ષાએ વિકારી કે નિર્વિકારી, અપૂર્ણ કે પૂર્ણ એ બધાને વ્યવહારિક કહ્યો, ઉપચારિક કહ્યો, મલિન કહ્યો, અશુદ્ધ કહ્યો. વ્યવહાર કહ્યો. આહા..હા..! ભેદ કહ્યો એ. જીવનો છેલ્લી ગાથા છેને? એ ખરેખર જીવદ્રવ્ય તો એને કહીએ. ત્રિકાળી એમ કહ્યું છેને ૫૬માં. પંચાસ્તિકાયમાં. દ્રવ્યઆત્મલાભ હેતુ. એને પારિણામિક કહીએ. એ આ. દ્રવ્યનો હયાતીનો, દ્રવ્યના સ્વરૂપની હયાતી, ઓલી પર્યાય બંધના સ્વરૂપની હયાતી નહિ. આહા..હા..! પંચાસ્તિસકાય ૫૬મી ગાથામાં આવે છે. પારિણામિકભાવ કોને કહેવો. કે દ્રવ્યનું સ્વરૂપ એની હયાતી, લાભ એટલે હયાતી છે. દ્રવ્યનું સ્વરૂપ છે આ. એ જ્ઞાયકસ્વભાવભાવ વડે આવા પર્યાયના ભાવોથી, તેમનાથી આ ભાવવડે એ જુદી ચીજ છે. કહો, આ આગમનો સાર છે આ. .. એને જ્યાં સુધી એના લક્ષમાં એ વાત ન બેસે. ધર્મકાર્ય કરવું છેને. અહીં તો ધર્મકાર્ય અને ધર્મકાર્ય જે નહોતું એવું અધર્મ. એ પર્યાય પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ અને ધર્મ પર્યાય કાર્ય થયું. ઓલાનો વ્યય થયો, આનો ઉત્પાદ થયો. પણ એ ઉત્પાદ અને વ્યય બેય વ્યવહાર તત્ત્વમાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનનો વિષય આ નવ તત્ત્વના ભેદ તેમાનાથી એમ. નવ તત્ત્વરૂપી લક્ષણ, ભેદરૂપી લક્ષણ, ભેદરૂપ વ્યવહાર એમનાથી ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવભાવ વડે અત્યંત જુદો છે. .. ધર્મ થઈ જાય. છે એનો સંબંધ એમ કહ્યું. પોતે સમજ્યો ત્યારે આપ્યો એમ કહેવું છે. એ આવે છેને શ્રીમદ્‌માં? 'તે તો પ્રભુએ આપીયો.' આપ્યો એટલે કે જેવું છે એવું જણાવ્યું હતું. જણાવ્યું એવું જાણ્યું. એટલે આપ્યું એમ કહેવામાં આવે છે. એ વ્યવહારના શબ્દો ઉપચારિક શબ્દો છે. તારી ચીજ જે અંદર છે, તું જે છો, આત્મા જેને કહીએ એ તો ત્રિકાળી જ્ઞાયક એકરૂપ શુદ્ધભાવ તેને આત્મા કહીએ. તે ભાવ આત્મ વડે એવા ત્રિકાળી જ્ઞાયક આત્મભાવ વડે એમ. એની અપેક્ષાએ એમ કીધુંને? એના વડે એટલે એની અપેક્ષાએ આ બધા ભાવો તદ્દન જુદા અને એનાથી આ જુદો એમ. સમજાણું કાંઈ? આવી વાત છે. પૂર્ણ સ્વરૂપ આમ છે. પૂર્ણ સ્વરૂપ એટલે આ સ્વરૂપ આમ છે ભેદરૂપ. થોડુંક લખ્યું છે. પાઠમાં લખ્યું છે. '**बन्धमोक्षलक्षणव्यावहारिकनवतत्त्वेभ्यः**' એ પછી નવ લક્ષણ થઈ ગયાને બધા? પૂર્ણ સ્વરૂપ જીવના વિશેષો લક્ષણ અજીવ, પુણ્ય-પાપ એવું લક્ષણ, સંવર-નિર્જરા જેનું લક્ષણ, મોક્ષ જેનું લક્ષણ, મોક્ષ જેનું સ્વરૂપ, સંવર-નિર્જરા લક્ષણ, સંવર-નિર્જરા એટલે એનું સ્વરૂપ. એવા તત્ત્વોથી, એવા ભેદોથી, એવા ભાવથી એ પણ છે તો ખરું.

ભગવાન આત્મા અત્યંત જુદો છું એમ ધર્મી સમજે છે એમ કીધું છેને? ધર્મી આવો છે એમ નથી. ધર્મી એમ માને છે કે માટે હું શુદ્ધ છું. સમકિતી જીવ, ધર્મ પામેલ જીવ આને જીવ માને છે. એમ કહ્યું છેને? એવો શુદ્ધ છે એમ નથી કહ્યું. પ્રગટ થયો છે જેને. એને હું આવો હું શુદ્ધ છું. આવા નવ તત્ત્વના ભેદથી એટલે ભેદથી એટલે તેમનાથી એમ. એક જ્ઞાયકસ્વભાવભાવ વડે આવા સ્વભાવ વડે એની અપેક્ષાએ આ નવ છે એ બધા આવા નવથી ઓલો જુદો છે. કહો, સમજાણું કાંઈ? એવો હું શુદ્ધ છું એમ કીધું છેને? હું '**एक्को सुद्धो**' મેળવી દીધું ત્યાં. '**માટે હું શુદ્ધ છું;...**' એક તો આવી ગયું એમાં. ટંકોત્કીર્ણ એક. પહેલો એક કીધો છે, પણ આમાં ભેળવી દીધું. સમજાણું કાંઈ? આ તો ગંભીર છે ગાથા.

આવા '**અત્યંત જુદો છું માટે...**' એમ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મી જીવ એમ પોતાને શુદ્ધ માને છે કે આવા નવ તત્ત્વના ભેદથી અત્યંત જુદો છું. હવે અહીં બીજે એમ કહે કે પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. પંચાસ્તિકાયમાં એમ આવે છે. દ્રવ્ય વિના પર્યાય ન હોય, પર્યાય વિના દ્રવ્ય ન હોય. જુઓ, અહીં તો કહે કે પર્યાય વિનાનું તે. પર્યાયમાંથી હું અત્યંત જુદો છું. જ્યાં પર્યાય વિનાનું દ્રવ્ય નથી કીધું એ તો પરથી જુદો પાડવા. આ તો પર્યાયથી જુદો પાડવો છે. કારણ કે પર્યાયથી જુદો છે એવી દૃષ્ટિ ન થાય ત્યાં સુધી એને હું શુદ્ધ છું, આવો શુદ્ધ છું એવો એને અનુભવ ન થાય. આહા..હા..! ભારે આકરું

કામ ભાઈ! આ ઓલા દયાથી ધર્મ થાય, વ્રત પાળવાથી ધર્મ થાય, તપસ્યા કરવાથી નિર્જરા થાય. એને તો આ બેસવું ભારે કઠણ. આ અપવાસ બધા કરે, વર્ષીતપ કરે, અઠાઈ કરે લ્યો! મહિનાના માસખમણા. મહિના-મહિનાના અપવાસ. તો કહે છે કે એ તારા અપવાસ રાગની મંદતા હો, તો પુણ્ય છે, પણ એનાથી આત્મા જુદો છે એવું ભાન નથી એથી એ પાપ છે. આહા..હા..!

મુમુક્ષુ :- પાપ શું કહો, મહારાજ!

ઉત્તર :- પાપ છે. પવિત્ર સ્વરૂપ ભગવાન એને એવડો ન માનવો, એનું જીવન ટકતું તત્ત્વ એવડું છે. એવડું ન માન્યું એણે આ કર્યું, પુણ્ય કર્યું, દયા, દાન, વ્રત કર્યા અને એનાથી આને લાભ થાય, એટલે એને આનાથી લાભ થાય. વેરીથી, વિરોધથી આને લાભ થાય. એટલે પોતે લાભવાળી તત્ત્વ ચીજ છે સ્વતઃ એનો નકાર કરીને હિંસા કરી. વસ્તુ આમ છે. સાધારણ સંપ્રદાયની દૃષ્ટિથી તો આકરું બહુ શોભાલાલજી! આહા..હા..! વ્રત અને તપ બે લીધાને? પછી દયા ને દાન. .. કરી, હિંસા ન કરવી થઈ ગયા વ્રત એ ધર્મ. અપવાસ કરવા, ઉણોદરીથી રસ છોડવા આ વિનય કરવો ગુરુનો લ્યોને. દેવનો. એ તપમાં જાય છેને. એ તો વિકલ્પ છે. લ્યો! એય..! ગુરુનો વિનય કરવો, દેવનો વિનય કરવો, શાસ્ત્રનો વિનય કરવો એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી તો જુદો પણ એ વિનય કરવો એ વિકલ્પથી ચીજ જુદી છે. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ અહીં તો હજી ન બેસે એમ કહે છે. આટલું એને બેસવું હજી કઠણ. આવા વ્રત અને તપથી નિર્જરા અને સંવર માને. વજુભાઈ! વસ્તુ એવી છેને વસ્તુ એવી છે. સત્ એવું છે. સત્ છે એ આવડું છે. એક સમયની સત્ કીધું છે. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. એ તો વસ્તુનું પરથી ભિન્ન પાડીને એનું અસ્તિત્વ આટલામાં છે એ બતાવવા, પણ આખી ચીજનું અસ્તિત્વનું સત્ નવ ભેદથી ભિન્ન છે. આહા..હા..! પર્યાયથી ભેદજ્ઞાન કરાવ્યું. પરથી તો જુદો. અહીં તો હજી પરનું કરવું છે, પરનું કરી દેવું છે. ક્યાંનું ક્યાં સ્થૂળતા? અમે છીએ માટે આ કમાઈએ છીએ, વ્યવસ્થા કરતા આવડે. શોભાલાલજી! બીડીયું ને તમાકુ માટે આ પૈસા પેદા થાય છે. અમારી વ્યવસ્થા પર્યાયમાં ઉદ્યમતા, સાવધાની. આહા..હા..! કહે છે કે એ સાવધાનથી તો બહારમાં નથી થયું, પણ સાવધાનીની પર્યાયમાં આખો આત્મા આવતો નથી. આહા..હા..! એ તો સાવધાની મિથ્યા છે, પણ સ્વભાવ તરફની સાવધાની થઈ અને સંવર, નિર્જરા અને મોક્ષ થયો. આહા..હા..! ભારે! આવો ધર્મ હશે કે વીતરાગનો. કોક તો એમ કહે કે આ વીતરાગનો માર્ગ નથી કાંઈક બીજાનો છે. વીતરાગનો માર્ગ તો એવો દયા પાળવી, બ્રહ્મચર્ય પાળવું, વ્રત પાળવા, અપવાસ કરવા એ વીતરાગનો

ધર્મ લ્યો! લાલજીભાઈ! એમ માને છે કે નહિ? મંદિર કરવું, પૂજા દરરોજ કરવી લ્યોને. આહા..હા..! એય..! ગિરધરભાઈ! સંવત્સરીને દિ' ભેગા થાય માણસો હજારો. એય..! બધા ખળભળાટ માણસો. ખીચોખચ ભરાય. એમાં અઠમ કર્યા હોય અને અઠ્ઠાઈ કરી હોય એની સામું જોતાં.. આહા..હા..! પાંચમા આરાનું અઠમ, ચોથા આરાનું માસખમણ. ભારે ધર્મ. કર્યું શું પણ તે એમાં? કદાચિત્ રાગની મંદતાનો ભાવ કર્યો હોય, દુનિયાને દેખાડવા અને દુનિયામાં અમે કાંઈક તપ કરીએ છીએ, એમે કાંઈક ત્યાગી છીએ એમ બતાવવા કર્યું હોય એ તો પાપ છે. પણ રાગની મંદતાના ભાવથી થઈ હોય એ દશા, તો એ રાગ છે. અને એ રાગનો અભાવ કરીને સ્વનો આશ્રય લઈને. આહા..હા..! ગજબ વાતું છે. મોક્ષ પ્રગટે કેવળજ્ઞાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે. લ્યો! દર્શન એક સમયમાં સામાન્ય ત્રણકાળ, ત્રણલોક દેખે, અનંત આનંદ અને અનંત વીર્ય, અનંત ચતુષ્ટય. એ બધો વ્યવહારિક આત્મા છે. ઉપચારિક છે. આહા..હા..! કેમકે મહાપ્રભુ પાછળ છે એની તને ખબર નથી. એ પર્યાયની પાછળ મહા ચિદાનંદ ધ્રુવ અસ્તિત્વ નિત્યાનંદ પ્રભુ છે. આહા..હા..! જેની આવી હયાતી ત્રણકાળ, ત્રણલોકને જાણે એક સમયની પર્યાય હોં! બાકી કાંઈ ન રહે જાણવામાં. એવી પર્યાયથી પણ વસ્તુ જુદી. જુઓ એટલું શુદ્ધમાં સમાડ્યું છે. ત્રિકાળ ભગવાને એટલું કર્યું .. '**अहमेक्को खलु सुद्धो**' '**खलु**' નિશ્ચયથી. એની ટીકા કરતા આટલી ટીકા કરી. આહા..હા..!

મુમુક્ષુ :-..

ઉત્તર :- એનું તો આમાં છે એનું સ્પષ્ટીકરણ કર્યું. આ તો સામાન્યપણે હોય એનું શું કહેવા માગે છે એ વાત ચાલે છે. મૂળ વાત છે આ. આહા..હા..! હજી તો આ શું કહે છે એ એને પકડાવું કઠણ પડે. તો એના પર્યાયના ભેદોથી, તેમનાથી, તેમનાથી આ ભાવ વડે એ દૃષ્ટિ કરી એને એ ભાવ વડે હું આ ભાવથી, આ ભાવ વડે જુદો છું. અત્યંત જુદો છું. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એને તો છે જ ક્યાં? એની તો વાત જ છે નહિ. અહીં તો ધર્મ પામેલો જીવ કેવો હોય એની વાત છે. માથે કહ્યું નહિ? દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણિત થયેલો આત્મા. એના સ્વરૂપનું સંચેતન છે. એનો અનુભવ કેવો હોય એની વાત છે. એકલો આસ્રવ અને બંધ અને પુણ્યના પરિણામમાં રોકાયેલો છે એને તો આત્મા આવડો છે એની ખબર જ નથી. એને તો સંવર-નિર્જરાની પર્યાય નથી. આ તો છે એના માટે આ વાત છે. આહા..હા..! છેને એમાં જુઓને. માથે લખ્યું છે. ગાથા.. લખ્યું છે. '**દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્મા...**' એમ જાણે છે કે. જાણે છે એની વાત છેને. અજ્ઞાની તો જાણતો નથી કાંઈ. સમજાણું કાંઈ? પાઠમાં છેને. '**ण वि अत्थि मज्झ किंचि वि अण्णं परमाणुमेत्तं**

પિ' મને મારામાં હું છું ત્યાં શુદ્ધમાં આવી પર્યાય પણ નથી. આહા..હા..! એમ સમ્યગ્દર્શનમાં ભાસ્યું છે એવો આત્મા આ છું એમ એને ભાસે છે. આહા..હા..! આવી આ વાત ભારે ઉંચી આવી હોં. આવ્યા આઠ દિ' માટે પણ આવી આઠ દિ'માં આવી વાત. એ હમણા તો રજા લઈને આવ્યા છે. ત્યાં રજા નથી. ત્યાં ભણે છે. આહા..હા..!

કઈ રીતે કહેવાય છે અને કંઈક શું છે? એમ જેણે ખ્યાલમાં પણ ન આવે એને આવો આત્મા, આવો જ આત્મા હોય, ધર્મ પરિણમેલાનો આત્મા આવો હોય. આહા..હા..! ધર્મ થયેલો આત્મા આવો હોય. એ એમ માને છે કે મારી ધર્મ પર્યાય જે છે એ નહિ. એનાથી ત્રિકાળ શુદ્ધ છે એવો હું શુદ્ધ છું. સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? પંડિતજી! કહો, આ શું લખ્યું? કેટલા શબ્દો વાપર્યા છે આમાં! આહા..હા..! '**જીવના વિશેષો, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષસ્વરૂપ...**' લક્ષણ. એવા વ્યવહારના નવ તત્ત્વના લક્ષણથી, એના ભેદથી.

મુમુક્ષુ :- પુણ્યના વિશેષો કેટલા હું જીવ છું એમાં..

ઉત્તર :- એ નહિ. હું જીવ છું એ વિકલ્પ નહિ. જીવ તો હું આવું છું એમાં.. એના વિશેષોથી હું જુદો છું એ હું જીવ છું.

મુમુક્ષુ :- આમાં તો જીવના લખ્યા છે.

ઉત્તર :- એ જીવ આ કીધાને. પણ વિશેષો એવા વ્યવહારિક નવ તત્ત્વો તેમનાથી, જીવના વિશેષભાવથી હું અત્યંત જુદો છું. આહા..હા..! એય..! ચેતનજી! આ આવે શું? વૈદ આવે કાંઈક. જીવ વિચારના આવેને એમાં? નવ તત્ત્વ આપણે અહીં જીવમાં અહીં નવ તત્ત્વ અને જીવના ૫૬૩ ભેદ. .. એ બધું આવે. એમ આ બધા ખુશી ખુશી થઈ જાય. આવે છેને શ્રીમદ્‌માં? 'દેવાદિ નથી ભંગમાં જે સમજે શ્રુતજ્ઞાન, માને જિનમત વેશનો આગ્રહ મૂકી વેદાંત.' 'દેવાદિ નથી ભંગનો...' દેવ, મનુષ્ય, નારકી આવા હોય, દેવ આવા હોય, અરિહંત આવા હોય, સિદ્ધ આવા હોય લ્યોને. આહા..હા..! આવે છેને એમાં એ? 'દેવાદિક નથી ભંગમાં જે સમજે શ્રુતજ્ઞાન,...' ભાવશ્રુત જ્ઞાન નથી શ્રુતજ્ઞાન છે એ. 'અથવા વેશનો...' પોતાનો મતનો વેષ હોય. દિગંબરનો નગ્ન વેશ હોય, શ્વેતાંબરનો લાકડી, સ્થાનકવાસીમાં મુહપતી. ... આહા..હા..! નગ્નપણું તો ક્યાં રહી ગયું. પણ આ તો સાધુપણાની દશા જે નિર્મળ સ્વને આશ્રયે થાય એનાથી, એવા લક્ષણ સ્વરૂપથી, એમનાથી ટંકોત્કીર્ણ જ્ઞાયકભાવ વડે, આવા સ્વભાવભાવ વડે હું શુદ્ધ છું. આહા..હા..! .... હું નથી. હું તો શુદ્ધ છું. આવા ભાવવડે હું શુદ્ધ છું. સ્વભાવ વડે હું શુદ્ધ છું એમ નહિ. .. તો વ્યવહારિક તત્ત્વમાં ગયો. આ તો શુદ્ધમાં ગયો. ઉત્પાદવ્યયમાં ગયો. સિદ્ધ ઉત્પાદ થાય છે, સંસાર વ્યય થાય એ બધું વ્યવહારિક છે. પર્યાય વ્યવહાર છે. આહા..હા..! ગજબ વાત છેને.

'**તેમનાથી,...**' જ્ઞાનમાં તો છે. પણ હું છું એમનાથી એક જ્ઞાયકસ્વભાવરૂપ ભાવ વડે અત્યંત જુદો છું માટે હું શુદ્ધ છું એમ. આહા..હા..! આ કારણે હું શુદ્ધ છું. આહા..હા..! કહો, સમજાય છે? આ તો ભાષા તો બહુ સાદી છે, પણ ભાવ ભલે ઝીણા હોય. વસ્તુ ઝીણી છેને. આહા..હા..! એ ત્રણ બોલ થયા. અહંના, એકના અને શુદ્ધના. ગાથામાં છે. હવે '**दंसणणाणमइओ**' એનાથી જુદો છું, પણ છું કેવો? શું છે એ ચીજ શું છે? પરમાણુ એ પર્યાયથી એનું ધ્રુવ જુદું છે. પરમાણુનું એ પર્યાય છે એનાથી એનું દ્રવ્ય જુદું છે, પણ આ હું છું એ છું કોણ? ત્યારે જુદો ભલે પર્યાયથી છું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પર્યાય નથી. ભેદ નહિ. દંસણ જુઓ. '**ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ...**' '**ભાવ વડે, અત્યંત...**' છેને? '**હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મકપણાને ઉલ્લંઘતો નથી...**' મારું ત્રિકાળી સામાન્ય દર્શન-જ્ઞાન જે ઉપયોગ સ્વભાવ એમાં આખો આત્મા આવી ગયો એ. અહીં ઉપયોગને સિદ્ધ કરવો છેને. ત્રિકાળી સામાન્યદર્શન અને ત્રિકાળી વિશેષ જ્ઞાન. ત્રિકાળીની વાત છે. એમ છેને જુઓ. '**ચિન્માત્ર હોવાથી...**' એકલો ચેતનમાત્ર હોવાથી. ચિન શબ્દ એમ છે ચેતનમાત્ર હોવાથી. ચેતનમાત્ર. ચેતાવું એવો જે ત્રિકાળી સ્વભાવ એના બે ભાગ સામાન્ય-વિશેષ. નહિ. નહિ. પર્યાયની નહિ. આ અંદર ગુણની વાત છે. ચિન્માત્ર એ સામાન્ય ત્રિકાળી, ત્રિકાળી સામાન્યની વાત છે. '**ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ...**' છે એમ. ત્રિકાળીની વાત છે. પર્યાયની વાત નથી આ. આહા..હા..!

અહીં તો ચિન્માત્ર શબ્દે ચેતનમાત્ર. ચેતનનો ઉપયોગ લેવો છેને? એટલે ચેતનના બે ભાગ પડ્યા. સામાન્ય અને વિશેષ એવો જે અંદર ઉપયોગસ્વરૂપ, સામાન્ય-વિશેષ ઉપયોગસ્વરૂપ જોયું! પણાને લીધે '**પણાને ઉલ્લંઘતો નથી...**' એ ઓળંગતો નથી. આ પર્યાયને ઓળંગું છું. જીવ એટલે ધ્રુવ એટલે તો અલૌકિક વસ્તુ. આહા..હા..! જેને એક સમયની પર્યાય જેને ત્રણકાળ ગળી જાય એવી અનંતી-અનંતી પર્યાય, અનંતી... અનંતી... અનંતી... ભૂતકાળની પર્યાય અનંતી એનાથી ભવિષ્યની અનંતી. એવી બધી પર્યાયને એક સમયમાં જાણનારો એ જાણનારોનો એક સમયનો પર્યાય તેમનાથી પણ જુદો, ત્રિકાળી સામાન્ય અને વિશેષરૂપ ગુણને ઉપશમ અને જ્ઞાન એવા સ્વભાવને ઓળંગતો નથી, એને એ છોડતો નથી, એના અસ્તિત્વમાં એ નથી એમ નથી. આ પર્યાયના અસ્તિત્વથી જુદો. ત્રિકાળી. આહા..હા..! સમજાણું કાંઈ? અલૌકિક વાત છે. મોક્ષમાર્ગની વાત છેને આ. મોક્ષમાર્ગને પામેલો જીવ કેમ આત્માને માને છે? આત્માને કેવો જાણે છે? હું તો નવથી તો અત્યંત જુદો. હવે જુદો કીધો પણ છે કેવડો ત્યારે એ હવે? ચિન્માત્ર. એટલે ચૈતન્યમાત્ર એમ. ચિન શબ્દે ચૈતન્ય. ચૈતન્યના ભાવ બે—સામાન્ય ચેતન, વિશેષ ચેતન. ત્રિકાળીની વાત છે હોં બધી.

એવા ઉપયોગ સ્વરૂપ. સામાન્ય અને વિશેષનો ઉપયોગ ત્રિકાળી હોં. એવાપણાને ઓળંગતો નથી. દર્શન અને જ્ઞાન મારો ત્રિકાળી સ્વભાવ જે જ્ઞાયકભાવ સામાન્ય કહ્યો હતો એને એનો ચૈતન્યમાત્ર એને બતાવ્યો. ચૈતન્યમાત્ર એટલે દર્શન-જ્ઞાન ઉપયોગ સ્વરૂપ ત્રિકાળ. કેવળજ્ઞાનનો ઉપયોગ એ તો વ્યવહારમાં ગયો, નવ તત્ત્વમાં ગયો. એ નહિ. કેવળજ્ઞાનને તો નિરપેક્ષ પર્યાય કીધી છેને નિમયસારમાં. નિરપેક્ષ પર્યાય કીધી છે. ચાર કર્મની અપેક્ષાએ સાપેક્ષમાં વિભાવ નાખી દીધો. કેવળજ્ઞાનને વિભાવ કીધો. નિયમસારમાં આવ્યું હતું ત્રણ-ચાર જ્ઞાન વિભાવ, કેવળજ્ઞાન એ સ્વભાવ. એ સ્વભાવની પર્યાયથી પણ અત્યંત જુદો. એ તો પર્યાયનું જ્ઞાન કરાવ્યું મોક્ષમાર્ગથી. આહા..હા..! અસહાયમાં આવ્યું હતું. એકબાજુ એમ આવે ક્ષયોપશમનો જે અંશ છે અભવિને કે ભવિને. અંશ છે એ બંધનું કારણ નથી. એકબાજુ એમ આવે કે કેવળજ્ઞાન તે નિરપેક્ષ પર્યાય છે. સ્વભાવિક પર્યાય છે. સ્વભાવિક જ્ઞાનોપયોગ કહો, ચાર જ્ઞાન વિભાવ છે. એકબાજુ એમ આવે કે એ સ્વભાવિક પર્યાયથી એ ભેદ વ્યવહાર છે. આહા..હા..! એ કઈ અપેક્ષાએ?

મુમુક્ષુ :- આ બધું સાચું છે?

ઉત્તર :- બધું સાચું છે. એની અપેક્ષાએ.

મુમુક્ષુ :- એક જ સાચું આ એમ નહિ?

ઉત્તર :- ઓલાની અપેક્ષાએ એ સાચું છે. એય..! ચેતનજી! વ્યવહારની અપેક્ષાએ તો વ્યવહાર સત્ય નથી? આની અપેક્ષાએ એ વ્યવહાર ઉપચારિકને અસત્ કીધો. એની અપેક્ષાએ તો છે કે નહિ? છે એનાથી છે ત્રિકાળી જુદો જાણ્યો.

મુમુક્ષુ :- એટલા બધામાંથી એક થયો

ઉત્તર :- એ તો કીધો આ. સમજાણું? નવ લક્ષણો છે એમનાથી આવો. તો છે કેવો? એનું અસ્તિત્વ, હોવાપણું ધ્રુવનું જ્ઞાયકભાવનું ત્રિકાળી નવના લક્ષણથી જુદો એ શું છે? કે એ દર્શન અને જ્ઞાન ઉપયોગ સ્વરૂપ છે. ત્રિકાળ હોં, ઉપયોગ વેપાર કરે એ અહીં નથી વાત. આહા..હા..! બાર ઉપયોગ જે છે ચાર જ્ઞાન અને ત્રણ જ્ઞાન એ નહિ. એ બાર ઉપયોગ તો પર્યાયના છે. સમજાણું? શોભાલાલજી! પહેલું આવ્યું આ. આહા..હા..!

ભગવાન આત્મા જે ધ્રુવ અને જ્ઞાયકભાવે હું શુદ્ધ છું એ શુદ્ધ છું કેવડો? ક્યા ભાવે? ક્યા સ્વભાવે? કે બાર પ્રકારના ઉપયોગથી ભિન્ન છું, એમ પહેલેથી કીધું. પણ આ સામાન્ય અને દર્શન વિશેષ જ્ઞાન એવું જે ચૈતન્યસ્વરૂપ ત્રિકાળ એવા ભાવને એ વસ્તુ ઓળંગતી નથી. એને છોડતી નથી. ત્રિકાળ જ્ઞાન, દર્શન, સ્વભાવમય એ વસ્તુ છે. આહા..હા..! શ્રુત પરિચિત અનુભૂતા આવ્યું છે. સાંભળ્યું નથી. સાંભળ્યું નથી. આવો સ્વભાવ છે એ તે સાંભળ્યું નથી. પરથી વિભક્ત અને સ્વથી એકત્વ. આહા..હા..! નવથી વિભક્ત. ઠીક! આ તો રાગથી

વિભક્ત અને સ્વભાવથી એકત્વ. એ સ્વભાવનું એકત્વ પણ એ સ્વભાવ કેવડો? આવડો. આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય અને એમાં આ સંતો સિવાય આ માર્ગ ક્યાંય નથી. આહા..હા..! જેની હયાતી સંભાળી લીધી છે. આવડી હયાતી ચૈતન્ય જ્ઞાન અને દર્શન એકરૂપ ઉપયોગ એને એ કોઈ દિ' ધ્રુવ તત્ત્વ, સ્વભાવ તત્ત્વ કોઈ દિ' છોડતું નથી.

કહો, આ સમ્યગ્દર્શનનો વિષય આ આત્મા. સમ્યગ્દષ્ટિના ધ્યાનનું ધ્યેય. આવો આત્મા. બધા કહે ધ્યાન કરીએ... ધ્યાન કરીએ... પણ બાપુ સમજ્યા વિના? આ તો ધ્યાન ધર્મનું ધ્યાન એમ કહે. ત્યાં ઓલા આવ્યા હતા શેઠિયા તમારા એય..! ઓલો છોકરો છેને તમારો? એ કહે ધ્યાન કરો. બોટાદ. હું ધ્યાન કરું કહે. એને શું ખબર ધ્યાનની. એ તો ધ્યાન કોને કહેવું એની તને ખબર નથી ધ્યાન શું છે? .. ધ્યાન. એકદમ આવ્યો હતો હોંશમાં. એકલો. ..થી આવ્યા હતાને. ભાઈ એકલા આવ્યા હતા બધા ગયા પછી. ત્યારે તો ..ભાઈની ચર્ચામાં. એમાં આ .. બધા ઉઠી ગયા પછી એકલો આવ્યો હતો. કે આવું ધ્યાન કાંઈક.. આવું કોણ તને ખબર નથી ધ્યાનની વાત બધી ગપ છે. રજનીશને કહેવું કે એ આત્મા કેવો છે. મારે ગપ્પા આમ કરું ને તેમ કરું. આહા..હા..!

મુમુક્ષુ :- નિર્વિકલ્પ ધ્યાનમાં...

ઉત્તર :- પણ નિર્વિકલ્પનો પર્યાય એનો વિષય કેવડો? આહા..હા..! એની ખબર વિના એમાં ધ્યાન ધ્યેય જાય ક્યાં?

મુમુક્ષુ :- પોતાને

ઉત્તર :- માન્યો હોય, કલ્પ્યો હોય ત્યાં વિકલ્પ શૂન્ય થઈ જાવ, વિકલ્પ શૂન્ય થઈ જાય. કહો, અહીં એ ના પાડે છે જુઓ, વિકલ્પ શૂન્ય થઈ જાવ પણ છે કેવો એ? એના અસ્તિત્વના ભાન વિના વિકલ્પથી શૂન્ય થવાય નહિ. વિકલ્પ કરવાનો વિકલ્પ થવા માંડ્યો. એ ઘણા કહે છે કે આપણે સોનગઢમાં કહે છેને એવું આ કહે છે. આહા..હા..! રજનીશ છેને તમારો એય..! .. તારણસ્વામીમાં હતોને એ. ભૂતકાળ. એમના ભત્રીજા પૈસા બહુ આપતા એને. દાન કરીએ.. આવી ગયો ત્યાં ઈંદોર. એ પછી એને ત્યાં ઉતર્યા હતા. કારખાને છે બહાર. ત્યાં ગયા હતા. અહીં પગલા કરવા. આવ્યા ત્રણ-ચાર દિ'. હવે ફરી ગયું છે હોં પણ. .. પૈસા આપે પુસ્તક બહાર.. પાપના પુસ્તક છે એકલા. આહા..હા..! આવી વાત દિગંબર સંત જૈનદર્શન સિવાય એવી વાત ક્યાંય નથી. ક્યાંય નથી. .. દર્શન-જ્ઞાનને ઓળંગીને નથી એમ આ તત્ત્વ જૈનદર્શન, દિગંબર દર્શન સિવાય ક્યાંય હોતું નથી. ભાઈ સાહેબ ઓલામાં... તારણપંથીમાં. તારણપંથીમાં ... પ્રોફેસર તારણપંથી છે. નહિ. નહિ.

મુમુક્ષુ :- આચાર્ય.

ઉત્તર :- શેના આચાર્ય? આથણાના? આથણાને અચાર કહે છે. આથણું સમજો છો?

આ કેરીનું કરેને. ગુંદાનું. એને અચાર કહે. એ આચાર્ય એવા. આહા..હા..! ફરી ગયેલા આથણા છે. આહા..હા..! આ વાત તો આહા..હા..! .. વિકલ્પ છોડી દે પણ વિકલ્પ શું છે? અને કોને આશ્રયે છૂટે એ છે કેવો? છે શું? એમાં નિમિત્તપણું છે, અને એનો વ્યય થાય તો કોને આશ્રયે થાય? અને ઉત્પન્ન શું થાય? એને જાણ્યા વિના બધું ધ્યાન કરવું .. જડ થઈ જશે. .. આ તો સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ કેવળજ્ઞાની ... વિના ... છેને? સત્સમય .. શ્રીમદ્માં છેને ઓલો? બીજો કે ત્રીજો. ઓલા પાને ત્રીજો. આત્મા આત્મા કેવડો એનાથી જુદો, એ જુદો ત્યારે કેવડો? શું ચીજ છે? સર્વજ્ઞ પરમેશ્વર એમ જાણે છે એ સંતોએ જ્ઞાનીએ એવી અનુભવી છે અંદર. એ અહીં વાત ચાલે છે. આહા..હા..!

**'ચિન્માત્ર હોવાથી સામાન્ય-વિશેષ ઉપયોગાત્મક...'** ઉપયોગસ્વરૂપ એમ કીધું છેને ત્રિકાળી? એવા સ્વરૂપને **'ઉલ્લંઘતો નથી માટે હું દર્શનજ્ઞાનમય છું;...'** આવું મારું અસ્તિત્વ છે. મારું હોવાપણું આમ તો પર્યાયથી પરમાણુ ધ્રુવ છે એ જુદી ચીજ છે, પણ આ પર્યાયથી જુદી છે શું? દર્શન-જ્ઞાનસ્વરૂપે પૂર્ણ. પૂર્ણ ધ્રુવ એકરૂપ સ્વભાવ જેનો. એવું દર્શન અને જ્ઞાન ઉપયોગ સ્વરૂપે આત્મા તે હું. તે હું દર્શનજ્ઞાનમય છું એમ કીધુંને પાછું? દર્શન-જ્ઞાનવાળો છું એમ પણ નહિ. વાળો છું એ ભેદ પડ્યો. ઉપયોગવાળો છું એમાં ઉપયોગસ્વરૂપ જ છું. દર્શન, જ્ઞાન ત્રિકાળી સ્વભાવ સ્વરૂપ જ છું. આહા..હા..! એ ચોથા પદનો અર્થ થયો. **'अहमेक्को खलु सुद्धो दंसणणाणमइओ'** હવે એક **'सदारुवी'** રહ્યો. હું ત્રિકાળ અરૂપી છું. છે એમ કઈ રીતે? એ વ્યાખ્યા કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૯, ગુરુવાર, તા. ૦૩-૦૮-૧૯૭૨
## ગાથા-૩૮, પ્રવચન-૧૨૧

પાંચમો બોલ છે આ. ધર્મી જીવને આત્મા જ્ઞાયકસ્વભાવ એવું અંતર્મુખ અભેદપણું ભાસતા એને જે ભેદથી ભિન્ન હું અભેદસ્વરૂપ જે દૃષ્ટિમાં આવ્યું એ હું શુદ્ધસ્વરૂપ છું અને તે હું

દર્શનજ્ઞાનમય છું એમ અંતર ભાસે, અનુભવમાં આવે ત્યારે એણે આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આટલી જવાબદારી અને શરતું છે એમાં. પહેલા તો વ્યવહાર કહ્યો હતોને? ભેદ વ્યવહાર. એ વ્યવહારને ઉપચાર કહેવો એ તો વાસ્તવિક .. છે પર્યાયમાં. છતાં દૃષ્ટિના વિષયમાં અંતર અનુભવમાં જતાં એ ભેદ એમાં હોતો નથી એથી તેને વ્યવહાર કહીને ઉપચાર કહ્યો છે. પરદ્રવ્યનો આત્મા કર્તા અને આત્માને પરદ્રવ્ય વિકાર કરાવે એ વ્યવહાર અવાસ્તવિક છે એને ઉપચાર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એ તો ઉપચારનો ઉપચાર થયો..

ઉત્તર :- એ તો અવાસ્તવિક છે અને ઉપચાર કરવો એમ. વ્યવહાર તો એને કહે છે. ઘણાં પ્રકારે શાસ્ત્રની શૈલી. અંતર અભેદ સ્વરૂપ તો એની ચીજ જ એ છે. એવી દૃષ્ટિમાં આવતા એના સિદ્ધ અને આ બધા સંવર, નિર્જરા અને જે પર્યાયોને પણ વ્યવહાર કહ્યો. તો એ વ્યવહારના પણ બે ભેદ પાછા કે જે પુણ્ય, પાપ, આસ્રવ અને મલિનતા છે એ અધ્યાત્મ અંતરની દૃષ્ટિએ અસદ્‌ભૂત વ્યવહાર છે. અસદ્‌ભૂતવ્યવહાર. સંવર, નિર્જરા અને મોક્ષ એ સદ્‌ભૂત વ્યવહાર. અને એને ઉપચાર કહીએ ત્યારે એ ભેદ છે એનામાં છે પણ ત્રિકાળી અનુપચાર દૃષ્ટિના વિષયના, અનુભવમાં એ આવતા નથી. અનુભૂતિથી ભિન્ન રહે છે. જે આમાં આવે છેને પાછળ. અજીવ અધિકારમાં. એથી એમ કહ્યુંને હું સદાય શુદ્ધ છું. અહીં કહે હું સદાય જ્ઞાનદર્શનમય છું. અહીં હવે આવે છે. આહા..હા..! અપેક્ષાએ સમજવું જોઈએને. એક જ લાકડીએ કામ લે એમ ન ચાલે. વ્યવહાર તો કહ્યો અહીં. સિદ્ધની પર્યાયને પણ વ્યવહાર કહ્યો અને કર્મને પણ આત્મા બાંધે પરની પર્યાયને એ પણ વ્યવહારનું કથન છે. એ વ્યવહાર-વ્યવહારની વાતમાં ફેર છે.

મુમુક્ષુ :- સગા સગામાં ફેર

ઉત્તર :- હોય. એક ખાવાનો સાળો થતો હોય એ. આહા..હા..!

આ તો પરમાત્મા પોતે અબદ્ધસ્વરૂપે ભેદ વિનાનો એને વ્યવહાર વિનાનો કહીને એ વ્યવહારથી અત્યંત હું ભિન્ન છું. એટલે ઓલો વ્યવહારને ઉપચાર તરીકે કહીએ તો એમાં છે એના ભેદની અપેક્ષાએ ઉપચાર થયો. હવે કર્મને આત્મા બાંધે, કર્મને લઈને વિકાર જીવમાં થાય, કર્મનો અભાવ થાય ત્યારે એને સમ્યગ્દર્શન-જ્ઞાન મોક્ષ થાય એ બધો એ તો અસદ્‌ભૂત વ્યવહાર એટલે કે અવાસ્તવિક છે. એ વસ્તુ વાસ્તવિક નથી જરીએ. આ તો વાસ્તવિક છે. બહુ આકરું કામ. જૈનદર્શન વસ્તુદર્શન નય ગંભીર છે. ઈન્દ્રજાળ કહીને. મહારાજ! તમારી ઈન્દ્રજાળ એકકોર વિકારને નિશ્ચયથી શુદ્ધનયથી જીવનો કહે. પ્રવચનસાર જ્ઞેય અધિકાર. એક બાજુ કહે સિદ્ધ પર્યાય અને રાગાદિ બધો વ્યવહાર છે. એનાથી અત્યંત જુદો છું. અત્યંત જુદો શુદ્ધ ભિન્ન છું. એકબાજુ વ્યવહાર વિકારને પણ અત્યંત ભિન્ન કહે અને એકકોર સંવર,

નિર્જરા, મોક્ષને પણ અત્યંત ભિન્ન કહે. બેમાં ફેર છેને. વિકાર તો એના સ્વરૂપમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ખરેખર નથી. ખરેખર એની પર્યાય જે છે એ તો રાગ વિનાની જ છે. રાગ સાથે એકપણું માન્યું છે એ. એથી કરીને રાગ એક થઈ જાય એમ છે નહિ. એ રાગથી ભિન્ન પડતા, રાગ જ જેમ પરદ્રવ્ય છે શરીર તેમ રાગ પરદ્રવ્ય અને પરદ્રવ્ય બેમાં ફેર. ઓલું પરદ્રવ્ય જે કર્મ છે એ તો બિલકુલ નથી. અને આમાં એ તો સ્વભાવમાં નથી. એક અપેક્ષાએ તેને પરદ્રવ્ય કહેવામાં આવે છે. અને એક અપેક્ષાએ પરદ્રવ્ય ત્યાં કહ્યુંને ૫૦મી ગાથા નિયમસાર. તે પરદ્રવ્ય છે. કેવળજ્ઞાન આઠેય નવ તત્ત્વની જે પર્યાય ભેગી પર્યાય એ નાશવાન છે. અને અવિનાશી ધ્રુવ વસ્તુ એ એક જ અવિનાશી છે. અન્વયરૂપ શક્તિનું વ્યવહારવાળું તત્ત્વ એ એક જ અવિનાશી છે અને વ્યતિરેક ભિન્ન-ભિન્ન પર્યાયનો ભેદ પડે એ બધાં નાશવાન છે. આહા..હા..! એને અહીંયાં વ્યવહાર કહ્યો છે. એ નાશવાનથી અવિનાશી જુદો, આ વ્યવહારથી જુદો એમ કહ્યું. આહા..હા..! જેમ ઓલી સંવર, નિર્જરા એને પરદ્રવ્ય કીધું, અહીંયાં સંવર, નિર્જરાને વ્યવહાર કહ્યો. નિશ્ચયની ત્રિકાળની અપેક્ષાએ એ તો પરદ્રવ્ય વ્યવહાર થઈ ગયો. હું સ્વની અપેક્ષાએ પરદ્રવ્ય છે. એ તો ખરેખર અદ્રવ્ય છે પરવસ્તુ લ્યો! એની અપેક્ષાએ ભલે દ્રવ્ય હો. એમ વ્યવહારની અપેક્ષાએ ભલે વ્યવહાર હો, પણ નિશ્ચયની અપેક્ષાએ તો પરદ્રવ્ય છે એ. આહા..હા..! સ્વને જ્યારે ત્રિકાળી દ્રવ્ય કરીને દૃષ્ટિ કરી એથી એ રાગાદિ નિર્મળ પર્યાય પરદ્રવ્ય તરીકે કીધી. અને એને અસત્યાર્થ અને અભૂતાર્થ કીધી જુઓ. ગૌણ કરીને. એ તો સમજાવવું છે ગૌણ કરીને વ્યવહાર કહ્યો છે. પર્યાયની નિર્મળતા અને રાગાદિને અસ્તિત્વ હોવા છતાં મુખ્યપણું પ્રયોજન સિદ્ધ કરવા દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં પર્યાયની દૃષ્ટિ રહેતી નથી એથી તે પર્યાયદૃષ્ટિને ગૌણ કરીને નથી એમ કહેવામાં આવે છે. આહા..હા..! આટલા બધા પ્રકાર હવે સમજે નહિ અને માનવું મુશ્કેલ પડે.

મુમુક્ષુ :- મુશ્કેલી બધી મટી જાય.

ઉત્તર :- મટી જાય એવી છે આ તો. આહા..હા..! મુશ્કેલી છે જ ક્યાં પણ? એ વસ્તુસ્વરૂપ જ આવું છે ત્યાં. ત્રિકાળી પરમબ્રહ્મ ભગવાન પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનનું એકરૂપ એવું ધ્રુવ અન્વય સ્વરૂપ એ જ વસ્તુ. એ જ નિશ્ચય એ યથાર્થ ત્યારે આ અયથાર્થ જુઓ એને હિસાબે. એમ હતુંને. લ્યો વળી વ્યવહાર કહો, ઉપચાર કહો, નિશ્ચય કહો કે યથાર્થ કહો. આવે છેને સાતમા અધ્યાયમાં મોક્ષમાર્ગપ્રકાશક. નિશ્ચય એટલે યથાર્થ અને વ્યવહાર એટલે ઉપચાર. એ હવે એને ખટે છે હવે તો આમાં. એ તો ગૃહસ્થનું વાક્ય છે. આચાર્યનું ક્યાં છે? આચાર્યના તો બધે ઠેકાણે વાક્ય છે ઘણાં. કર્મનો બંધનો કહેવું ૧૦૫ ગાથામાં. એ તો ઉપચાર છે, વિકલ્પ ભ્રષ્ટ. નિર્વિકલ્પ ભ્રષ્ટ થયેલાનો ઉપચાર છે, અજ્ઞાનીઓનો રૂઢ વ્યવહાર અજ્ઞાની. આહા..હા..!

આ તો જેને પોતાની ચીજ છે એ પ્રાપ્ત કરવી હોય, દુઃખનો ભવનો ભય થયો હોય. શ્રીમદ્‌માં એવું આવે છે ત્યાં ભવ દુઃખ. 'પૂજાદિની જો ભાવના રે, હોય અંતર વ્હાલું ભવ દુઃખ' એમ આવે છે. એકલું એમ દુઃખ નહિ, ભવદુઃખ એમ આવે છે. ચાર ગતિનું આખું દુઃખ જ છે. આવ્યું હતુંને? એ આવે છેને. 'મૂળ મારગ સાંભળો જિનનો રે' એમ આવે છે. 'પૂજા આદિની જો ભાવના રે' કંઈક મોટો છું, મેં કાંઈક કર્યું છે, એમ મને માને, હું કાંઈક બીજાથી અધિક થયો છું એમ લોકો ઓળખે તો એ પૂજાદિની ભાવના કરી. આહા..હા..! અને પોતાનો જે ત્યાગાદિ છે. રાગની મંદતા અથવા બાહ્યનો અભાવ એવા ત્યાગથી અધિકપણે જેને દેખાવું છે બીજાને બતાડવું છે એ બધી ભાવના બીજી છે. એ પૂજાદિની ભાવના, ન હોય પૂજાદિની જે ભાવના અંતર ભવ દુઃખ. મેં અંતરવાલુ અંતરભવ દુઃખ એમ કહ્યું છે. ન.. તો આવે છેને યોગસારમાં. ચાર ગતિ દુઃખથી ડરી. યોગસારમાં આવે છે. ચાર ગતિ દુઃખ. આહા..હા..! અરે! વિકલ્પ અને એ સ્વરૂપ મારું એ ભ્રાંતિનું મહાપાપ છે. એ એને ભવનું દુઃખ હોવું જોઈએ. સમજાય છે કાંઈ? આહા..હા..! આમાં કોની સાથે વાદ કરે? શાસ્ત્રની કહે આમ ચર્ચા કરો, લ્યો! હવે એ ચર્ચા કરવી છે પાછી. આ ચર્ચા બાપા! ચર્ચા કોની સાથે કરવી? તારા આત્માની સાથે કરને. આખી ચર્ચા ખાણિયાની ચર્ચિત થઈ ગઈ. આ એના પુસ્તક ઘરે છે કે નહિ? રામજીભાઈ! ખાણિયા. આ ખાણિયાની ચર્ચા ન થઈ જયપુર? આવે છે આપણે તમે .. નથી? લીધી નથી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એની પાસે તો હોયને એમાં શું છે? .. તમારા પૌત્ર..

મુમુક્ષુ :- ..દીકરાને ભેટ કેમ ન આપ્યું?

ઉત્તર :- આને પૂછ્યું હતું કે છે નહિ? તારી ફઈબા પાસે હશે કીધું. લ્યો હવે એ પણ નથી. લીધું નથી એમ કહોને. આવ્યું નથી નહિ. રામજીભાઈ! આ તમારા પૌત્રને પૂછ્યું હતું કે તારી પાસે છે ત્યાં? ના. તારી ફઈબા પાસે છે. થઈ ગઈ વાત. .. ઘરમાં જ નથી કહે છે લ્યો.

મુમુક્ષુ :- ઘરમાં રાખીને શું કરવું?

ઉત્તર :- એમ હોય? વાંચવું જોઈએને. ..ઓલા ચોપડા કેમ વાંચે છે ત્યાં? એ પણ ત્યાંથી લાવે બધા ..માં આવે એ બધા સાંભળે. .. હાથમાં રાખીને ઉડાડે. આહા..હા..! વાંચેલું છે.. ખાણિયા ચર્ચા હિન્દીમાં છે. એક પહેલામાં પાંચ છે અને બીજામાં બાર છે. સત્તર. વાંચવામાં, વાંચવું તો જોઈએને. વાંચવામાં સ્વાધ્યાય જોઈએને. સ્વાધ્યાય વિના વસ્તુ શું છે? કેમ છે? મારી ભૂલ કેમ થાય છે? અને ભૂલ કેમ ટળે? એ બધી સમજણ વિના એ વાત કેમ બેસે એને? એમ ને એમ અદ્ધરથી એ બેસે આ થઈ ગયું એમ ન ચાલે.

સ્વાધ્યાય તો સંતો, મુનિઓ ત્રણ કષાયનો અભાવ, ધ્યાનમાં ન રહે ત્યારે એને પણ સ્વાધ્યાય હોય છે. છે વિકલ્પ, પણ સ્વાધ્યાય સિવાય તો બીજો ઉપાય હોતો નથી. ધ્યાન અને સ્વાધ્યાય. આહા..હા..!

અહીં કહે છે કે હું તો નવ તત્ત્વના ભેદોથી. તેમનાથી એમ છે. હું તો અત્યંત શુદ્ધ, જુદો માટે શુદ્ધ છે. એમ ધર્મીને આમ અંતર ભાસવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ગિરધરભાઈ! આ દયા પાળે છે, વ્રત પાળે, પોષા કરે છે. એ જૂનીમાં ગયું કહે છે. નવામાં નાગરભાઈ! આમાં વિરોધ હતા. ૯૯ની સાલમાં. નાગરભાઈ એના બાપ. અમીચંદભાઈ અને આ બે. આ ન બેસે. આ વાત.. એમાં કાંઈ વ્યક્તિનું નથી એના પોતાના ભાનની દશા ન હોય ત્યાં એ હોય છે એ રીતે. આહા..હા..! એક શરીરનું કારણ નથી. હવે આવો શાસ્ત્રમાં શબ્દ કે મન અને વચન અને કાયા અને ક્રોધ, માન, માયા એનું હું કારણ નથી. આવે છેને નિયમસારમાં? કર્તા તો નહિ, કરણમાં નહિ, અનુમોદક નહિ, હું કારણ નહિ. કહો. હવે એ આવે છેને કારણ નહિ, કારણ જોઈએ. અરેરે! આવે છેને? પ્રવચનસાર. ત્યાં પણ આવે છે. નિયમસારમાં તો ચોખ્ખા આવા શબ્દો. પ્રવચનસારમાં આવે છે હું શરીરનો કર્તા નહિ, શરીરનું કારણ નહિ, અનુમોદક નહિ. ઓલામાં તો બહું ચોખ્ખું આવે છે. મન, વચન અને કાયા, પુણ્ય અને પાપના ભાવ, વ્યવહારરત્નત્રયનો રાગ એનો હું કર્તા નહિ, કરાવનાર નહિ, અનુમોદક નહિ અને એનું કારણ નહિ. આહા..હા..! એવું ક્યારે ભાસે? ભિન્ન થઈને.

મુમુક્ષુ :- મુનિ હોય તો ભાસે.

ઉત્તર :- અરે સમ્યગ્દૃષ્ટિની અહીં તો વાત ચાલે છે. આહા..હા..! અહીં એ જ લેશે અહીં તો. મૂળવાત તો ત્યાંથી જ લીધી છે એ તો વાત .. ભેદજ્ઞાનથી એમ કીધું જુઓ. .. છેને? આ પણ પરથી ભેદ બતાવે છે એવું ચોથા ગુણસ્થાનથી છે. એ ભેદજ્ઞાનની જ વાત છે. મુનિ છે તો ચારિત્રથી વ્યાખ્યા કરી છે, બાકી પહેલેથી જ ભેદજ્ઞાન કીધું. રાગનો વિકલ્પમાત્ર મારી ચીજમાં નથી. ભેદજ્ઞાન વ્યવહારરત્નત્રયથી થયું છે. એનું નામ સમ્યગ્દર્શન છે. આ વાત છે. અને તે વિના એના જન્મ-મરણની ગાંઠ મિથ્યાત્વની કેમ ગળે ભાઈ એને ખબર પડતી નથી. રોગ આવે ને થાયને ત્યારે એને એમ થાય કે આહા..હા..! અને આકરું જે દુઃખ હોય છે નિગોદનું. હવે એ વખતે તો એને કાંઈ ખબર પણ નથી. નિગોદ, બટાટા, શક્કરકંદ, આલુ, લીલ, ફુગ એમાં અનંતગણું દુઃખ. કારણ કે શાંતિ અને સુખ રાખ થઈ ગયા ત્યાં તો. નારકી કરતા વધારે. નારકીને તો આમ સંયોગ દેખીને એને દુઃખની વ્યાખ્યા કરી, આને તો અંદર ઘાત જ થયો છે. આહા..હા..!

આવો પૂર્ણાનંદ પ્રભુ એનો અનાદર કરી, રાગ અને એક સમયની પર્યાયનો જ્યાં આદર

છે ત્યાં આગળ સ્વરૂપની પૂર્ણ ઘણી ઘાત છે. પૂર્ણનો અર્થ અહીંયાં પર્યાયનો તદ્દન ક્ષયોપશમનો નાશ થતો નથી. ક્ષયોપશમનો અંશ તો નિગોદમાં પણ રહે છે. જ્ઞાન, દર્શન વીર્ય. આહા..હા..! કહે છે કે હું તો શુદ્ધ છું અને હું દર્શનજ્ઞાનમય છું. હવે પાંચમો બોલ આવ્યો. '**સ્પર્શ,...**' આ શરીરનો રોગ આદિ ટાઢો, ઉનો તે જે સ્પર્શના ભેદ છે બધા. કહે છે કે મારા જ્ઞાનમાં એ નિમિત્ત હો, હું એનું જ્ઞાન કરવા પોતાના સ્વભાવથી સમર્થ છું એ નિમિત્ત છે. નિમિત્તે મને સ્પર્શનું જ્ઞાન કરાવ્યું નથી. જુઓ, અહીં તો ઉડાવી દીધું. આ સ્પર્શ શરીરમાં ટાઢો, ઉનો, તાવ આવે. ટાઢા ઉનું સમજો છો? ઠંડો, શીત, ઉષ્ણ, તાવ-તાવ. એ બધું જ્ઞાનમાં નિમિત્ત છે એટલે કે મારા જ્ઞાન પરિણમન કરું છું મારા કારણે એમાં એ નિમિત્ત છે, પણ એનાથી હું પરિણમ્યો નથી અને એ રૂપે હું પરિણમ્યો નથી. સમજાણું કાંઈ? પરવસ્તુ તદ્દન (ભિન્ન) છે.

'**સ્પર્શ,...**' ચાર ભેદ છેને? કર્કશ, સુંવાળો, ભારે હળવો, ટાઢો ઉનો, લુખો ચીકણો આઠ મારા સંવેદનમાં, મારી જ્ઞાનની પર્યાયમાં હો અહીંયાં વાત કરે છે. એ સ્પર્શ મારા જ્ઞાન પર્યાયના પરિણમનમાં, મારા અસ્તિત્વના મારા કાળે થતું જ્ઞાન એમાં એ સ્પર્શ નિમિત્ત હો, પણ એ નિમિત્તપણે હું પરિણમતો નથી. એનો અર્થ કે નિમિત્તપણે હું પરિણમતો નથી અને નિમિત્તે મને પરિણમાવ્યો નથી. આહા..હા..! શરીરમાં તાવનો ભાગ આવે એને એવું જ જ્ઞાન જાણે, પણ એવું જાણે એ તાવની નિમિત્તતાને કારણે નહિ. એથી તો એને નિમિત્ત કહ્યું. આહા..હા..! એ સ્પર્શમાં સંવેદનરૂપે એ મારા જ્ઞાનના પરિણમનમાં એ નિમિત્ત છે એના જ્ઞાનપણે, એના જ્ઞાન નહિ, જ્ઞાન તો પોતાનું છે, પણ એવા સંવેદનરૂપે એમ શબ્દ છેને? એના જ્ઞાનરૂપે એમ નથી. સ્પર્શ જેનું નિમિત્ત છે એવું સંવેદન એમ. જ્ઞાનપણું અહીં જાણવાની પર્યાયની વાત ચાલે છે દેખો. સમજાણું કાંઈ? એમાં તો એ જાણવાની પર્યાયથી પણ હું અત્યંત શુદ્ધ ભિન્ન છે એમ કીધું. હવે અહીં પર્યાયની વાત આવી એય..! ચેતનજી!

એ સ્પર્શ જેનું નિમિત્ત છે એમ લેવું પહેલું. છે એમાં? શોભાલાલજી! જેનું એટલે એક એક શબ્દ ઉપર લેવું પહેલું. '**સ્પર્શ,...**' '**જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો...**' નિમિત્ત છે એ એના જ્ઞાનપણે પરિણમ્યો એમ એવા સંવેદનપણે. એવું સંવેદન કે જે જ્ઞાનમાં સ્પર્શ નિમિત્ત છે. સમજાણું કાંઈ? એ તો ભિન્ન ચીજ છે. સ્પર્શ તો ભિન્ન ચીજ છે. આહા..હા..! જ્યાં જ્ઞાનમાં રાગ ભિન્ન ભાસ્યો અને રાગ હોય જેવું એવું જ અહીં જ્ઞાન થાય તો એ જ્ઞાનમાં રાગ નિમિત્ત છે એમ કહેવાય, છતાં રાગ છે માટે જ્ઞાનરૂપે થયો છે અને જ્ઞાનરૂપે થયું છે માટે રાગરૂપે પણ થયો છે એમ છે નહિ. ભારે વાત. સત્‌નું આવું શરણ છે. ત્યારે કહે ભિન્ન-ભિન્ન પર્યાય દેખાય છેને. પહેલા ટાઢાની દેખાતી ઠંડીની, પછી ઉષ્ણની. જ્ઞાનની પણ. પણ એ તો જ્ઞાન એકરૂપે પરિણમે છે, એકરૂપે પરિણમે છે. પરિણમવાનો તો જેમાં

નિમિત્ત છે એ જાતનું જ અહીં પરિણમન છે. છતાં એ નિમિત્તને લઈને નહિ અને નિમિત્તરૂપે નહિ. સ્પર્શરૂપે હું પરિણમ્યો નથી. હું તો જ્ઞાનની પર્યાયપણે પરિણમ્યો છું. જુઓ, અહીંયાં પર્યાય લીધી ચેતનજી! શું કામ છે એમાં? આહા..હા..! આનંદ છું એવું પરિણમન તો પર્યાયમાં છે. ઓલું તો પરિણમન એની ચીજ છે. કાય વિનાની એની ચીજ છે. વસ્તુ તો આવે ને પણ અંદર એમ કે આ જે હું છું. આવો છું કીધું. શુદ્ધસ્વરૂપી છું, જ્ઞાનદર્શનમય છું, પછી આ વાત લીધી છેને? સમજાવે છે ક્રમે. વસ્તુ તો એક સાથે ત્યાં છે.

**'સ્પર્શ જેનું નિમિત્ત છે...'** જેનું શું? એવું સંવેદનરૂપે. સંવેદન એટલે જ્ઞાનનું પરિણમવું. સં-સમ્યક્ પ્રકારે જ્ઞાનનું વેદવું એટલે જણાવું. જ્ઞાનનું જણાવું. એ જ્ઞાનની પર્યાય જાણે એમાં સ્પર્શ આદિ હોય એમાં નિમિત્ત છે, છતાં હું સ્પર્શપણે પરિણમતો નથી. સ્પર્શનું અસ્તિત્વ તો જડમાં છે. મારું અસ્તિત્વ તો મારા જ્ઞાનની પરિણતિમાં છે. એ જ્ઞાનની પરિણતિમાં એ નિમિત્ત હોવા છતાં એને કારણે સંવેદન નહિ અને હું પોતે સ્પર્શપણે થાઉં એનું જ્ઞાન થયું એવું બરાબર. એવું જ્ઞાન થવા છતાં એ જ્ઞાન ટાઢાપણે, સ્પર્શપણે થતું નથી કોઈ દિ' ત્રણકાળ ત્રણલોકમાં. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ! એ કરતા તો અપવાસ કરવા, વ્રત કરવા, ભક્તિ કરવી અને દાન કરવું, દયા પાળવી જાવ. વ્રત કરવું એ સંવર અને અપવાસ કરવો એ નિર્જરા. અને એનું ફળ મોક્ષ. સુજાનમલજી! અજ્ઞાન છે. વ્રત પાળવા એ સંવર અને તપસ્યા અપવાસ કરવા એ નિર્જરા. સહેલું સટ છે. આહા..હા..!

એ વ્રતનો વિકલ્પ છે એ આસ્રવ છે અને તપ કરું એવો વિકલ્પ ઉઠે એ પણ આસ્રવ છે. એ સંવર, નિર્જરા નહિ. હવે એને સંવર નિર્જરા માને. આટલો તો ત્યાગ કર્યોને. આટલું નિવૃત્ત વસ્તુ છે. જેટલી પરવસ્તુ છૂટી એટલી છૂટી, એટલો ત્યાગ. એ વસ્તુ તો ત્રણે કાળે એનાથી આવી છે. વસ્તુ તો ત્રણકાળ એનાથી આવી જ છે. નિશ્ચયથી તો રાગના ત્યાગવાળી છે કે જેનામાં થાય છે એના ત્યાગવાળી છે. આ તો એનામાં છે જ નહિ એ. આહા..હા..! વસ્તુ છે આ. ધર્મ કરનારને આવી ચીજ હોય. સમજાણું કાંઈ? **'સ્પર્શ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં...'** એવા પરિણમ્યો હોવા છતાં એમ અહીંયાં દેખો! ચેતનજી! આ જીવની પૂર્ણતામાં આ આવ્યું ભેગું પાછું. દ્રવ્ય આવું છે એ જાણ્યું કોણે?

મુમુક્ષુ :- પર્યાયે.

ઉત્તર :- પર્યાયે. તો એ પર્યાયની વ્યાખ્યા કરે છે હવે. આહા..હા..! જાણે તે ધ્રુવ જાણે છે? જાણે છે તો પર્યાય. પર્યાય કહે છે કે હું શુદ્ધ છું. આ પર્યાય પોતે છે એ પર્યાય કહે છે કે મારાથી આ પર્યાય કહે છે કે હું આનાથી જુદો છું. ગજબ વાત છેને. આહા..હા..! પંડિતજી! વર્તમાન પર્યાય એમ કહે છે કે આ પર્યાયથી હું જુદો છું. દ્રવ્યને

ક્યાં હું જુદો છું એમ (જાણવું)? આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાય કહે છે.

ઉત્તર :- હા પણ પર્યાય કહે છે કે હું આ દ્રવ્ય છું, હું શુદ્ધ છું, અભેદ છું, પર્યાય પોતે અશુદ્ધ અને ભેદ તે પર્યાય એમ કહે છે કે હું તો શુદ્ધ છું. આ જે ભિન્ન અત્યંત જુદો તે હું છું. આહા..હા..! આ કાંઈ વાદવિવાદની ચીજ છે? આ કાંઈ મન અને રાગના સારાથી કાંઈ થાય એવી ચીજ છે? એવું છે ભાઈ!

કહે છે કે એવું સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ. ઓલું પરિણમવું તો છે છતાં પણ '**સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી...**' એ સ્પર્શની જે પર્યાય શરીરની છે ટાઢી, ઉની, કર્કશ, ભારે, હળવી, લૂખ્ખી, ચીકણી એ રૂપે હું થયો નથી. એના નિમિત્ત મારા જ્ઞાનમાં, સંવેદનમાં એનું નિમિત્ત છે. એથી એવું જ્ઞાન થાય છે એનો અર્થ કે મારો સ્વભાવ તે કાળે તેનામાં અને સ્વમાં જાણવારૂપે પરિણમું સ્વપરપ્રકાશકપણે. આ પરપ્રકાશકની વાત છેને આ? સ્વપણાનું તો આવી ગયું કે આવો હું શુદ્ધ છું, જ્ઞાનદર્શનમય છું, એક છું, હું છું. એમ આવ્યું. આહા..હા..! ઘણી ગંભીર વસ્તુ. અને ઊંડી ચીજ મહાપ્રભુ જેના પાતાળ, એના તળિયા તપાસતા. આહા..હા..!

એકફેરી શ્રીમદ્ ત્યાં ગયા હતા ભાઈ શું કહેવાય એ મંદિર? ભૂલેશ્વર. પંડિતજી કહેતા હતા. આ પંડિત હતાને કેવા? લાલન. વર્ધમાન. જામનગર. શ્વેતાંબર પંડિત હતા. ૯૪ વર્ષ ત્યાં સુધી અભ્યાસ જ કર્યો છે એણે ૧૬ વર્ષથી તે છેક ૯૪ અભ્યાસ, અભ્યાસ અને અભ્યાસ. અહીં રહ્યા હતા બાર મહિના. લાલન છે આપણે. એ એમ કહેતા હતા કે હું અને શ્રીમદ્‌ને ભૂલેશ્વર મંદિરે ગયા હતા એકફેરી. શ્રીમદ્ ભગવાનની પ્રતિમાના પગને તળિયાના સ્પર્શ્યા. એમ કહ્યું. આ ભૂલેશ્વર મંદિર છેને. અહીં મંદિર બોમ્બે ત્યાં ગયા હતા. શ્રીમદ્ રાજચંદ્ર. લાલન કહે કે હું સાથે હતો. પગે લાગ્યા. તળિયા સ્પર્શ્યા એમ બોલ્યા હતા. આ સ્પર્શતો હશે આત્મા? પગે લાગ્યા કહેતા. શ્રીમદ્ રાજચંદ્ર ભૂલેશ્વર મંદિર. એ પ્રતિમા બીજી છે. બીજી હશે એ તો. ગયા હતા બીજે ક્યાંક. એવું આવ્યું છે. ભોયવાડામાં ગયા હતા. એ આ પ્રતિમા એ અત્યારે ભૂલેશ્વરમાં છે એ. તેરાપંથીની. અત્યારે નવું થયું. પણ એની પ્રતિમા હતી એ ભોયવાડામાં હતી. એ કહેતા હતા કે ભોયવાડામાં ગયા હતા. શુભ વિકલ્પ હોય છે ત્યારે એવી ક્રિયા બહાર એને કારણે હોય છે. પણ એના સ્પર્શનું જ્ઞાન મારામાં થવા છતાં હું સ્પર્શરૂપે આવ્યો નથી, સ્પર્શને અડ્યો જ નથી, સ્પર્શરૂપે થયો જ નથી. આહા..હા..! બોલણી કથન જુદી શૈલી છે. સમજાણું કાંઈ?

એમ સ્પર્શરૂપે એમ '**રસ,...**' રૂપે. રસ લ્યો ખાટો, મીઠો, ગળ્યો એવું એમાં સંવેદનરૂપે, એમાં જ્ઞાનરૂપે તે તે કાળે તે પ્રકારનું જ્ઞાન, જેવો રસ સામે હોય ગળ્યો, મીઠો, ખાટો,

કડવો એવું મારા જ્ઞાન પરિણમનમાં એનું નિમિત્ત છે, પણ હું ખાટાપણે થયો નથી. માણસ નથી કહેતા કે ઉં..હું..હું.. મોઢું કડવું થઈ ગયું. મોઢું કડવું એને લઈને નથી થયું. જ્ઞાન તો કડવું થાય શેનું? આહા..હા..! કહે છેને લોકો ખારા, મીઠું કહેવાયને લવણ. ખારો થઈ ગયો. અફીણ બફીણ હોય તો કડવું... કડવું... કડવું... ઓલા આવે છેને એક નહિ કડવી ચીજ? કાકણીયા. કાકણ. કાકચ. બહુ કડવી હોય. કડવી બહુ હોય. અમારે .. બહુ ખાતા. કડવું મોઢું થઈ ગયું. મોઢું કડવું થાતું હશે? મોઢું તો મોઢા આગળ પડ્યું રહ્યું. આ તો કહે છે કે કડવાનું જ્ઞાન મને થવા છતાં મારા જ્ઞાનમાં કડવાનું નિમિત્ત હોવા છતાં હું કડવાપણે થયો નથી અને કડવાને કારણે સંવેદનપણે થયો તેમ નથી, પણ એ તો નિમિત્ત કીધું. કહો, આ બધા વાંધા. એ આવ્યું અને આમ કેમ થયું? પણ એ વખતે જ્ઞાનનું પરિણમન થવાનો સ્વકાળ જ એવો છે.

મુમુક્ષુ :- .. જ્ઞાન કરાવે

ઉત્તર :- જ્ઞાન. નિમિત્ત થાય છે. છતાં નિમિત્ત પડતા છતાં નિમિત્તરૂપે હું થતો નથી એમ કહે છે. જ્ઞાનીનો. જ્ઞાનીનું પરિણમન અજ્ઞાની તો માને છે જ ક્યાં? ભાન નથી. જ્ઞાનીનું પરિણમન છે. એ તો માને છે. આ કડવું થયું. કડવું સામે આવ્યું માટે મને કડવાનું જ્ઞાન થયું. અહીં તો કહે છે કે જ્ઞાન તો મારા કારણે થયું. છેને?

'**રસ, જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે...**' એના સમ્યક્ પ્રકારે વેદન જે જાણવું એ અરૂપે પરિણમ્યો હોવા છતાં પણ રસરૂપે હું પોતે પરિણમ્યો નથી. રસના અસ્તિત્વમાં હું આવ્યો જ નથી. મારા જ્ઞાનના અસ્તિત્વમાં મારું પરિણમન છે. આહા..હા..! મારું જ્ઞાન જે છે. દર્શન-જ્ઞાન કીધું હતુંને સામું પહેલું? એના પછી આ લીધું છેને. દર્શનજ્ઞાનમય છું. એ તો ત્રિકાળી કીધું તું. હવે એનું વર્તમાન પરિણમન જે થાય છે એની વાત. ઓલું લીધું તો ત્રિકાળી વાત છે. દર્શનજ્ઞાનમય ત્રિકાળ. ત્રિકાળ શુદ્ધ. કર્મ-અકર્મ પર્યાયથી ભિન્ન વ્યવહારીક એનાથી પણ ભિન્ન એકરૂપ છું. એ પણ ત્રિકાળી છે. હવે અહીં તો કહે છે. આહા..હા..! કેટલું સમાડ્યું છે! કુંદકુંદાચાર્યે એક કળશમાં એક આટલી ગાથામાં. એની ટીકા આટલી કરી અમૃતચંદ્રાચાર્યે. એની આવી વધારે ટીકા થાય ત્યારે માંડ સમજાય એને. એ શું કહે છે પણ આવી ટીકા થઈ છે હવે .. પણ આ પણ ક્યાં સમજાય છે? આહા..હા..!

કહે છે રસ જેનું નિમિત્ત છે એવું સંવેદન. મારા જ્ઞાનની પર્યાયનું પરિણમન એમાં એવી જાતનો રસ તે પ્રકારનું મારા જ્ઞાનમાં ઉપાદાનપણે મારાથી પરિણમનમાં એ રસનું નિમિત્ત છે છતાં હું રસરૂપે એના અસ્તિત્વની પર્યાયરૂપે થયો નથી. હું તો મારા જ્ઞાનની પર્યાયરૂપે રહ્યો અને થયો છું. આહા..હા..! અડતો નથી અને છૂતો નથી. ટાઢા, ઉના, કર્કશ, ભારેને આત્મા અડતો પણ નથી. આહા..હા..! વીંછીનો કરડે એ કાળે મારું જ્ઞાન પરિણમ્યું એમાં

એ નિમિત્ત છે, પણ એરૂપે હું થયો નથી, એનાથી હું થયો નથી.

મુમુક્ષુ :- વીંછી કરડ્યો તો છેને?

ઉત્તર :- એ કરડયો પણ નથી. કોને કરડે? વીંછીના રજકણો જુદાં, શરીરના રજકણો જુદાં. એક એક રજકણના અનંતા ધર્મને રજકણ સ્પર્શે ગુણપર્યાયને. પરના ગુણપર્યાયને દ્રવ્યને સ્પર્શે નહિ. સ્વભાવ છે. એ પણ વસ્તુ છેને. આ પણ વસ્તુ છે. ભિન્ન-ભિન્ન કેમ પડે છે? પર્યાયમાં લક્ષણ જ વ્યતિરેક છે. જુદી જુદી જ થાય. એમ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવું સ્વરૂપ છે. એના સ્વરૂપમાં ત્રણ છે. એક અન્વય શક્તિરૂપે ધ્રુવ છે. એ... એ... એ... એ... એ... એક વ્યતિરેક ભિન્ન-ભિન્ન તરીકે પર્યાય છે. ત્રણે ઉત્પાદ, વ્યય અને ધ્રુવ એનામાં, એના ક્ષેત્રમાં, એના અસ્તિત્વમાં, એના ભાવમાં છે. આહા..હા..! કહો, આ ઉત્પાદ, વ્યય અને ધ્રુવને એવી વાત પણ ક્યાં હતી ક્યાંય ગિરધરભાઈ! અપવાસ કરો અને પોષા કરો મરી જાવ જાવ. એય..! વજુભાઈ! આહા..હા..! ઓલા કહે એના બાપનો ધર્મ બદલાવે છે? આપણા બાપનો ધર્મ આ છે. વળી એમ કહે. પરંપરા જે કુળમાં જન્મ્યો, એનાથી બીજો ધર્મ માને ત્યારે કહે તમે બાપના ધર્મને બોળી દીધો. અરે ભાઈ! પહેલો આપણો ધર્મ ક્યા હતો? આત્માનો ધર્મ એ તો છે. કેમ શોભાલાલજી! સ્થાનકવાસી હતાને વળી દેરાવાસી થયા, દેરાવાસી થયા ને વળી દિગંબર થયા, .. થયા, તારણસ્વામી થયા, તારણસ્વામી થયાને વળી આ કરે. બાપના ધર્મને બોળી દીધો. એય..! ..આ ધર્મ હતો? પહેલા તો એના બાપને ક્યાં હતો ધર્મ? નારણભાઈને ક્યાં હતો ધર્મ? ઘોડે બેસીને જાતા ઉઘરાણીએ. આના બાપના બાપ છોટાભાઈ નહોતા? અહીં બેસતાને. એના બાપ હતા નારણ શેઠ. ઉઘરાણીએ જાય. આબરૂ મોટી. પૈસા બહુ થોડા. તે દિ' ૩૫ હજાર રૂપિયા કહેવાતા. ૩૫ હજાર. પણ આબરૂ મોટી. પછી કરોડપતિ કહેવાય. નાના ગામમાં ૨૫-૫૦, ૨૫-૫૦ ગામમાં ધીરે ચારેકોર, ... નારણશેઠ હતા કરોડપતિ. આના બાપના બાપ. એ છોટાભાઈ નહોતા બેસતા અહીં? એના બાપ. એ ગયેલા એકફેરી ઉઘરાણીએ. બે-ત્રણ હજાર આવ્યા હશે. લૂગડા સાધારણ. ઘોડે બેસીને જાતા. એટલે બાપુને ખબર પડી ચોરને. કે આ નારણશેઠ ગયા છે ઉઘરાણીએ આમ ઘોડે ચડીને. કપડા સાધારણ પહેરે. કડીયું-કડીયું હોય. કડીયું પહેરતાને પહેલાના માણસો. મેલું બહુ. પૈસાવાળા માણસ. નારણશેઠ ગયા છે. ડાકુ આવ્યા ચોર. .. કહે છે. એના બાપના બાપ.

મુમુક્ષુ :- હવે મુદ્દાની વાત આવી.

ઉત્તર :- હવે મુદ્દાની વાત આવી. આ બુદ્ધિ કેવી છે! બે હજાર રૂપિયા હતા. તે દિ'ની વાત છે. બે હજારની મૂડી લઈને કડે.. તે દિ' તો રોકડ હતુંને. શું કહેવાય ભાષા! એય..! મા-બાપ! આઘા રહેજો. ત્યારે ઓલા કહે કે આ તો નારણશેઠ નહિ આ તો ભંગી લાગે

છે કોક. બુદ્ધિ કેળવી બુદ્ધિ. એય..! મા-બાપ! આઘા રહેજો કહે. આ નારણશેઠ નહિ. આ તો ભૂલી ગયા. ... મા-બાપ ભંગીયા એમ કહેને? ભંગી એમ કહે. અમે જતા હોયને તો કહે એય..! મા-બાપ દૂર રહેજો. આ પોતે કહ્યું. નારણશેઠની વાત હતીને. સાંભળ્યું હતું? આના પિતાજી હતા. પિતાજીના પિતાજી. આહા..હા..! એ બે હજાર નહિતર ચોરી લેત એટલે તુક્કો કાઢ્યો. એય..! મા-બાપ! એમ .. ઓલો મા-બાપ કહે. એય..! મા-બાપ દૂર રહેજે જરી. પણ આ પોતે કીધું. મા-બાપ દૂર રહેજો. આ નારણશેઠ નહિ. ભંગી છે. એ કળા હતી તો બે હજારથી બચ્યા કે નહિ? એ માનતા હતા એ. એ કળાની પર્યાયનું અસ્તિત્વ એનામાં અને આ બે હજાર રહ્યા એ એનામાં. આને કારણે બે હજાર રહ્યા છે એમ છે નહિ. આહા..હા..!

અહીં કહે છે કે રસ આ પતરવેલિયા કે કેરીનો રસ લ્યો ઉંચો. મોસંબીનો રસ હોય ઉંચો.. એવું અહીં જ્ઞાન થાય. પણ રસના અસ્તિત્વને લઈને અહીં જ્ઞાન થયું છે. એમ નહિ. આ તો નિમિત્ત છે કીધું. એનો અર્થ કે ઉપાદાનમાં તો જ્ઞાન થયું છે તો એનાથી. અને હું નિમિત્તરૂપે થયો નથી. રસરૂપે, ખાટો-મીઠો રસ. એ અવસ્થાના અસ્તિત્વમાં મારું અસ્તિત્વ નથી. આહા..હા..! એ રસ જેનું નિમિત્ત છે એવા સંવેદનરૂપે પરિણમ્યો. દેખો! પરિણમન કહ્યું. પરિણમ્યો હોવા છતાં એમ કીધું. આવી ગાથા કીધી એમાં સિદ્ધપદથી પણ અત્યંત જુદો ત્યાં વળી પાછો કહે હું આવા જ્ઞાનરૂપે પરિણમ્યો છતાં જે દશા છે એનું તો એને જ્ઞાન છેને? આહા..હા..!

એમ 'ગંધ,...' સુગંધ અને દુર્ગંધ. એવું જેને મારા સંવેદનમાં, મારા જ્ઞાનમાં નિમિત્ત છે, પણ એ ગંધને લઈને હું જ્ઞાનપણે થયો છું. કેમ કે ગંધ તો નિમિત્ત કીધી. નિમિત્ત કીધી એટલે નિમિત્તે એ પરિણમ્યો નથી. એ નિમિત્તનું પરિણમન જ્ઞાનનું એ કાર્ય નથી. એ તો મારું કાર્ય છે. નિમિત્ત જેવું છે એવું સ્વને જાણતાં, પરને જાણવાનું પરિણમન મને થયું એ મારાથી થયું છે. એવું જ જ્ઞાન થાય. રસ હોય ખાટો અને ત્યાં જ્ઞાન કડવું થાય? કડવાનું જ્ઞાન થાય? કડવું આમ કડવું તો ન થાય પણ કડવું આખું જ્ઞાન. આ ખાટું તો ખાટું જણાય, કડવું હોય તો કડવું જણાય. કારણ કે જે જાતનું જ્ઞાનનું પરિણમન તેમાં એ નિમિત્ત છે. ખાટા જ્ઞાનપણે પરિણમ્યું તેમાં ખાટો રસ નિમિત્ત છે અને ખાટો રસ છે માટે જ્ઞાન એ રૂપે થયું છે એમ જ્ઞાન પરિણમ્યું એના નિમિત્તમાં નિમિત્તને લઈને આવું. એમ નથી. એ તો મારે લઈને હું પરિણમ્યો છું. નિમિત્તમાં હું આવ્યો નથી. રસમાં હું આવ્યો જ નથી. રસ અડ્યો જ નથી. આહા..હા..! ચુરમું ખાતા ગળ્યું લાગે. ગળ્યું તો જડની દશા છે. એ વખતે જે જ્ઞાન જ પોતે એ જાતનું પરિણમ્યું છે કે ગળ્યું એમાં નિમિત્ત છે. ગળપણપણે જ્ઞાન થયું છે એમ નથી. જ્ઞાન તો સંવેદનરૂપે થયું પોતાથી. એમાં એ ગળપણ નિમિત્ત છે.

ગળપણ સમજ્યા? સાકરની મીઠાશ.

'રસ, ગંધ,...' લ્યો સુગંધ-દુર્ગંધ. નિમિત્ત છે તે એમાં શું થયું? **'વર્ણ જેનું નિમિત્ત છે...'** લ્યો ઠીક! છેલ્લું આવ્યું. રંગ-રંગ. કાળો, ધોળો એવો રંગ જે છે. લાલ, લીલો, પીળો. જ્ઞાનમાં તે જ પ્રકારનું જ્ઞાન પોતાથી થયું છે એમ કહે છે. તે જ પ્રકારનું જ્ઞાન, પણ તે પ્રકારનું જ્ઞાન તેનું નહિ, તેરૂપે નહિ અને તેથી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? મારામાં સ્પર્શ, ગંધનું જે જ્ઞાનપણે થવું એ જ્ઞાનની પર્યાયમાં એ નિમિત્ત છે. નિમિત્તપણે થયો નથી અને નિમિત્તને લઈને થયો નથી. એમ સિદ્ધ કરે છે. પર્યાયની વાત સિદ્ધ કરે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ..તો ઘણીવાર કહે છે.

ઉત્તર :- બહુ સરસ પણ. સ્પર્શ, રસ, ગંધ. રંગ જેનું નિમિત્ત છે.

**'એવા સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી...'** એ સ્પર્શરૂપે તો જડ પરિણમ્યું છે એમ કહે છે. રંગ, સ્પર્શ, ગંધ એરૂપે તો જડ પરિણમ્યું છે. પોતે પરિણમ્યો નથી. આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત નાખી છે. તે તે સમયનું તે તે જ્ઞાન પોતાથી થયું એ સંવેદનરૂપે એમાં એ ચીજ તે કાળની, તે જ પ્રકારની એને નિમિત્ત હોવા છતાં તેનાથી તે જ્ઞાન પરિણમ્યું નથી અને એ જ્ઞાન તે રૂપે થયું નથી. આહા..હા..! આ પર્યાયમાં આટલો પ્રકાર પડી જાય એમ કહે છે. પર્યાયથી ભિન્ન છું એવું ભાન તો થયું. આમ કીધુંને? માટે હું શુદ્ધ છું. એ પર્યાય પોતે કહે છે. એ પર્યાય એમ કહે છે કે હું પોતે તે તે પ્રકારના કાળે તે પ્રકારના નિમિત્તો હો, તે જ પ્રકારે હું પરિણમ્યો છું એ તેને કારણે નહિ, તે રૂપે થઈને નહિ, હું તો મારા જ્ઞાનરૂપે રહીને દર્શન-જ્ઞાનપણે પરિણમ્યો છું. આહા..હા..! આવું જીવનું અસ્તિત્વ એને જીવ કહીએ એમ કહે છે. કહો, ચેતનજી! આમાં તો ચોખ્ખી પર્યાયની વાત આવી.

પરિણમ્યો છું એ પર્યાયનું અસ્તિત્વ મારાથી છે, પરથી નથી. તે જ પ્રકારનું જ્ઞાન એવું જ અહીં થાય એથી કરીને ધર્મ થઈ જાય તો આવું જ્ઞાન થયું માટે એને લઈને અહીં થયું? પહેલાં એવું નહોતું અને પછી આમ કેમ થયું? પહેલા ટાઢાનું જ્ઞાન હતું, પછી જ્યાં ઉનું આવ્યું ત્યાં ઉનાનું જ્ઞાન થયું. તો જ્ઞાન બદલી ગયું, પણ એ તો બદલવાનો તે સમયનો સંવેદનનો પર્યાય પોતાથી જ છે. આહા..હા..! ક્રમબદ્ધ સિદ્ધ કર્યું. પોતાનું જ્ઞાન જે પ્રકારનું વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એના ભેદ જેટલા સ્પર્શ આઠ, રસના પાંચ, ગંધના બે, વર્ણના સાત તો જે એના ભેદ છે એવું જ જ્ઞાન અહીંયાં, એને લઈને નહિ, એ પ્રકારે મારું જ્ઞાન પરિણમ્યું છે તેમાં નિમિત્ત હોવા છતાં તે જ સમયે તેવું જ જ્ઞાન પરિણમ્યું છે. આહા..હા..! છતાં તે નિમિત્તથી નહિ. કારણ કે એનું અસ્તિત્વ એને લઈને નથી અને આના અસ્તિત્વનું જ્ઞાન થયું એ જ્ઞાન નિમિત્તરૂપે થયું છે એમ પણ નથી. આહા..! લ્યો!

**'માટે પરમાર્થે હું સદાય અરૂપી છું.'** ઓલા રૂપી લીધાને બધાય? સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નિમિત્ત છે એ તો રૂપી છે. રૂપીના તે જ પ્રકારનું મારા જ્ઞાનમાં સંવેદનમાં તેરૂપેનું નિમિત્ત હોવા છતાં તે કાળે ભિન્ન-ભિન્ન નિમિત્તો અને તે પ્રકારનું વેદન પણ ભિન્ન-ભિન્ન અહીંયાં હોવા છતાં ભિન્ન-ભિન્ન પરિણમનમાં એ નિમિત્તને લઈને નહિ અને નિમિત્તપણે નહિ. આહા..હા..! કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- અલૌકિક વાત છે.

ઉત્તર :- અલૌકિક વાત છે.

મુમુક્ષુ :- આ સમજ્યા વગર...

ઉત્તર :- જન્મ-મરણ ટળે એવા નથી. આહા..હા..! ચોર્યાસીના અવતાર જન્મ-મરણની મિથ્યાત્વની ગાંઠમાં છે. ભ્રાંતિ. એ ભ્રાંતિને ટાળવાનો ઉપાય આ એક જ છે.

મુમુક્ષુ :- પર્યાય દ્વારા દ્રવ્યને શું કરવા સિદ્ધ કરી?

ઉત્તર :- છે એ વસ્તુ છે આવી એક. અહીં જ્ઞાન થયું છે એવા જ પ્રકારનું માટે એને લઈને નહિ, એનું અસ્તિત્વ ત્યાં છે. પરદ્રવ્ય સિદ્ધ કર્યું ત્યાં. છતાં એ છૂટું કરશે. સામાન્ય વાત કરીને. છેને? સદાય અરૂપી છું. એ વસ્તુ છે સામી. નથી એમ નહિ. વેદાંતવાળા કહેને કે એવું જ જ્ઞાન થાય. ઓલામાં લખ્યું છે જીવન. શું કહેવાય એ? ઓશોવાળો. એમ કે આ જ્ઞાનનો સામું જેવી ચીજ છે એવું જ જ્ઞાન થાય છે. લાકડું હોય તો લાકડાનું જ્ઞાન થાય. એ ચીજ જ્ઞાન જ છે. એ જ્ઞાન જ બધું છે. એકરૂપ જ્ઞાન છે માટે એનું જ્ઞાન છે. વેદાંતવાળા એમ કહે છે. એક ..માં એક હતા કિશોર મશરૂવાળા. કિશોરી કેવા? કિશોર.. આવ્યા હતા અમારી પાસે. ૯૫માં આવ્યા હતા. .. પણ માણસ બહુ અલૌકિક માણસ બહુ. પણ વેદાંતની શ્રદ્ધા. જીવન શોધન. પ્રસંગ વાંચ્યો હતો મેં એ. રાજકોટમાં. પણ એણે આમ કીધું લ્યો આ જ્ઞાનમાં લ્યો આ ચારમાં પાંચ કમ. જ્ઞાન થાય. એવું જ કેમ થાય? એ બધું જ્ઞાન જ છે. આંખને જ્ઞાન થાય છેને માટે આંખ પણ જ્ઞાન છે. નહિતર એને ભેદ નથી એમ કેમ જ્ઞાન થાય? એ બધામાં જ્ઞાન જ છે. અહીં એ કહે છે. એ વસ્તુનું જે જ્ઞાન થાય છે એ વસ્તુના જ્ઞાનમાં એ વસ્તુ નિમિત્ત કહેવાય, એનું અસ્તિત્વ જુદું છે. આહા..હા..! જુઓને વેદાંત પણ જુદું પાડીને સ્પષ્ટ પર્યાયમાં જુદું પાડે. ક્ષણે ક્ષણે પર્યાય ભિન્ન એમ. ક્ષણે ક્ષણે પર્યાય ભિન્ન એટલે નિમિત્તથી નહિ અને નિમિત્તનું અસ્તિત્વ નથી જગતમાં એમ પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! વાહ!

**'આમ સર્વથી...'** લ્યો હવે સરવાળો કર્યો. **'સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો.'** લ્યો! પ્રભુની શક્તિ પ્રતાપ... મારી પ્રતાપતા આ મારે કારણે છે. પરપદાર્થને કારણે નહિ. એમ કહે છે. મારી પર્યાયની પ્રતાપતા પણ. એમ કહે છે. દ્રવ્ય-

ગુણની પ્રતાપતા તો સ્વતંત્ર સિદ્ધ કરી એવો હું છું એમ અનુભવે, પણ મારી પર્યાયની સ્વતંત્રતા એને એવા સ્વરૂપને અનુભવતો. જોયું! **'સર્વથી જુદા એવા સ્વરૂપને...'** એટલે બીજી ચીજ સિદ્ધ કરી. સર્વ વસ્તુ જેટલી છે એ બધાથી હું જુદો છું. એ જ પ્રકારનું મારા જ્ઞાનમાં જ્ઞાન થાય છતાં એ ચીજ જુદી છે અને એ ચીજરૂપે હું થયો નથી. એ ચીજ મારારૂપે આવી નથી. આહા..હા..! ભેદજ્ઞાન. ભેદજ્ઞાનનો અભ્યાસ કરતા ચારિત્ર.. આવે છેને. સમયસારમાં નહિ? ભેદ અભ્યાસ. રાગથી આ બાજુ સ્થિર થવાનો અભ્યાસ કરે છે ત્યારે ચારિત્ર થાય છે. એવી . ગાથા છે સમયસારમાં. નિયમસારમાં છે. સમયસારમાં છે. પાછળ ચારિત્ર અધિકાર.

**'આમ સર્વથી જુદા એવા સ્વરૂપને...'** સર્વથી જુદા એવા સ્વરૂપને, મારા સ્વરૂપને પરથી જુદું. અનંત આત્માઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ અને અનંત પરમાણુઓ એ બધી સરળ ચીજથી, જુઓ! સર્વથી એટલે એક જ ચીજ એમ નથી. ઘણી અનંત છે. **'આમ સર્વથી...'** એટલે અનંત ચીજથી જુદા એવા મને. **'જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું...'** જોયું! આ પ્રત્યક્ષ બતાવે છે. જ્ઞાનમાં આ હું **'પ્રતાપવંત રહ્યો.'** આ હું પ્રતાપવંત રહ્યો. મારી પ્રતાપની અખંડ પર્યાય કોઈ ખંડ ન કરી શકે એવો પર્યાયમાં પણ પ્રતાપવંત આ રહ્યો. પર્યાય પોતે કહે છે. સમજાણું કાંઈ? **'આ હું પ્રતાપવંત રહ્યો.'** લ્યો બીજા દ્રવ્યને સિદ્ધ કર્યું સર્વને. ઓલામાં તો એકલું સ્વમાં જ નાખ્યું હતું સ્પર્શ. પુદ્‌ગલને કીધું. પુદ્‌ગલનું કીધું. હવે આમાં તો બધાને લીધા. .. બધા જેટલા ધર્માસ્તિ, અધર્માસ્તિ જીવો. એ

**'સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. એમ પ્રતાપવંત વર્તતા...'** થકા. **'એમ પ્રતાપવંત વર્તતા એવા...'** મારે કારણે પર્યાયમાં પણ જ્ઞાનના પરિણમનપણે પ્રતાપવંત સ્વતંત્રપણે વર્તતો હું, વર્તતો એવા મને, હું પોતે વર્તું છું પર્યાયમાં એમ કે મારે કારણે. આહા..હા..! **'જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે...'** નિમિત્ત-નૈમિત્તિકનું નાખ્યું છેને ભાઈ! તત્ત્વમીમાંસામાં નહિ? ફુલચંદજીએ. ઉતાર્યું એમાં. નિમિત્ત-નૈમિત્તિક બાહ્ય નિમિત્ત બાહ્યનું શુદ્ધ. .. એમાં. નહિતર તો આ શાસ્ત્રમાં તો એમ આવે છેને બેયને નિમિત્ત કહેવાય છે. ઉપાદાનને નિમિત્ત કહેવાય છે, આને પણ બેય આવે છે. એટલે પછી ઓલું એકલું નિમિત્ત ન નાખતા એણે સુધાર્યું છે તત્ત્વમીમાંસામાં બાહ્ય નિમિત્ત. એમ છેને સ્વરૂપ સંપદા. **'સમસ્ત પરદ્રવ્યો સ્ફૂરાયમાન છે...'** એની વિશેષ વ્યાખ્યા આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૦, શુક્રવાર, તા. ૦૪-૦૮-૧૯૭૨
## ગાથા-૩૮, પ્રવચન-૧૨૨

સમયસાર. ૩૮મી ગાથા. જન્મ-મરણને કરવાની ગાંઠ જે મિથ્યાત્વભાવ એ પરમાં સુખબુદ્ધિ એથી એ પરને શોધવાના જે પ્રયત્ન અનાદિથી કરે છે એ દુઃખી પ્રાણી છે. જે પરમાં શોધે છે એ કાંઈક મને પરમાંથી સુખ મળશે. પૈસાથી, સ્ત્રીથી, કુટુંબથી, નોકરીથી, આબરૂથી કે પુણ્ય-પાપના ભાવથી. એમાં મને સુખ મળશે એ એમાં છે અને એ શોધે. એ અજ્ઞાન છે. એ જ મોટું દુઃખ છે. એ દુઃખથી મુક્ત થનાર કેવો આત્મા કહેવાય? એની વાત કરે છે.

મુમુક્ષુ :- મુક્ત થયેલો કે

ઉત્તર :- મુક્ત થનાર. પહેલો મુક્ત થયો નથી. થનાર એમ શબ્દ આવ્યોને? જુઓ. હું આવો છું, આવો છું એમ કહે છેને ત્યાં સુધી આવ્યું. પૂર્ણ છે નહિ. દુઃખથી મુક્ત થનાર અને દુઃખમાં રહેલ કોણ હોય એની વ્યાખ્યા. પહેલી વ્યાખ્યા આવી ગઈ છે. મોહરૂપ અનાદિ અજ્ઞાનથી ગાંડો થયો, ઘેલો થયો. એ સંસારના અજ્ઞાની પ્રાણીની વ્યાખ્યા કરી. પોતે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ હોવા છતાં એ આનંદ અને સુખને પોતાની ત્રિકાળી ચીજમાં ન શોધતા બીજે શોધે છે તે જ અજ્ઞાન છે, તે જ મૂઢતા છે, તે જ દુઃખી છે. દુઃખની વ્યાખ્યા એવી નથી કે અનુકૂળ સંયોગમાં હોય તો સુખી અને પ્રતિકુળ સંયોગ હોય એ દુઃખી. એ સુખ-દુઃખની વ્યાખ્યા છે જ નહિ. સુખ-દુઃખનું એ સ્વરૂપ જ નથી. શોભાલાલજી!

આત્માના ત્રિકાળી આનંદ સ્વભાવને ભૂલી જેવું એ સ્વરૂપ છે એને ભૂલી પરમાં શોધવા જાય છે આમ. શરીરમાં, સ્ત્રીમાં, કુટુંબમાં, પુણ્ય-પાપના વિકલ્પમાં. એવી ઈચ્છા ઉભી કરે છે તે જ અજ્ઞાન છે. એ સંસાર છે, દુઃખી છે, મિથ્યાદષ્ટિ છે, ભ્રમમાં પડ્યો છે. એ ભ્રમની ભ્રાંતિ જેને ટળી હોય એ કેવો હોય? એની વાત છે. પાંચ બોલ કહ્યા હતા. એક તો હું સમ્યક્ પ્રકારે આત્મા પરમેશ્વર છું. મારામાં ખામી, કમી કાંઈ નથી. ખામી અને કમી કાંઈ નથી. હું પૂર્ણ પરમેશ્વર છું. એવું જેને અંતરદષ્ટિમાં છે એવું ભાસે અને છે એવું ભાસીને પ્રતીત થાય, છે એવું ભાસીને એમાં રમણતા થાય એનું નામ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એને કહીએ. એવા પાંચ બોલ આવ્યા હતા કે હું તો આવો છું. મારી પરમેશ્વરદશાને સ્વભાવને ભૂલી ગયો હતો હું. એમ એણે યાદ કર્યું. બસ એટલી વાત છે. મુઠ્ઠીમાં સોનું હોય અને ભૂલી ગયો. યાદ કરે તો આ રહ્યું. એમ અજ્ઞાનરૂપી મુઠ્ઠીમાં ચૈતન્ય

પ્રભુ અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ નામ શાશ્વત અવિનાશી જ્ઞાન અને આનંદનો પરિપૂર્ણ ભંડાર આત્મા એ આત્મા છે. આહા..હા..!

એવો હું અનુભવથી પ્રત્યક્ષ જણાય છે એમ આવ્યું હતું. હુંપણામાં. એવો હું છું. હું શરીર નહિ, વાણી નહિ, પુણ્ય-પાપના ભાવ અને અલ્પજ્ઞપણે નહિ. મારો પરિપૂર્ણ સ્વભાવ અનુભવમાં આવે છે એવો હું છું. આહા..હા..! પછી તો કીધું હતું એક છું. ક્રમે પ્રવર્તતા ગતિ આદિના ગુણસ્થાન માર્ગના ભાવો, અક્રમે વર્તતા જોગ લેશ્યા ભાવો એવા વ્યવહારભાવથી ભેદપણે પામતો નથી. મારી ચીજ તો અભેદ છે. આહા..હા..! એવા અભેદને લઈને અથવા એવા વ્યવહારિકભાવોથી થતો નથી માટે એક છું. ભારે! કહો, સમજાણું કાંઈ? આ બધું થાય છે પર્યાયમાં. આહા..હા..! અને પર્યાય એમ માને છે, જાણે છે કે ક્રમે પ્રવર્તતી અક્રમે પ્રવર્તતી વૃત્તિઓ એથી હું ભિન્ન છું માટે એક છું. પર્યાય એમ જાણે છે.

મુમુક્ષુ :- કાંઈ સમજાતું નથી.

ઉત્તર :- સમજાતું નથી? આત્મા ત્રિકાળી વસ્તુ એની વર્તમાન દશા જેણે સ્વને જાણીને અનુભવી એવી જે દશા વસ્તુ છે એનો અનાદિનો અનુભવ એને રાગ અને દ્વેષનો છે. આ બધા શેઠિયાઓને બધા પૈસાવાળા બધા દુઃખી છે એમ કહે છે. ભગવાનજીભાઈ! આહા..હા..! પોતાનો આનંદ છે એને ભૂલી ગયો છે અને પરમાં માને છે કે ભ્રમણામાં ભગવાનને ભ્રમણામાં ભૂલ્યો એ દુઃખી છે. ચાહે તો અબજોપતિ હોય અને ચાહે તો રાજા હોય અને ચાહે તો દેવ હોય. એ પોતાની ચીજ જે છે ત્રિકાળી સ્વ-સ્વ સંપદા. એનો અનાદર કરીને અલ્પજ્ઞપણાને કાં રાગ-દ્વેષને પોતામાં સ્વીકારે છે એ જ પોતાનું ત્રિકાળી જીવનનો અનાદર કરનારો ખૂની છે. આહા..હા..! ભારે કામ ભાઈ! એ ચૈતન્યસ્વરૂપ મહાપ્રભુ અનંત જ્ઞાન અને આનંદથી ભરેલું એકરૂપ તત્ત્વ, એનો સ્વભાવનો સ્વીકાર નહિ અને અલ્પજ્ઞાન અને રાગાદિ, પુણ્યાદિ એના ફળનો સ્વીકાર. મોટો આત્માની ચૈતન્યની હયાતીનું ખૂન કર્યું. આહા..હા..! સમજાય છે કાંઈ? એનું ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનનો પિંડ એ તો છે. સાંભળ્યું ન હોય એણે. ધૂળ ને ધાણી. ચંદુભાઈ! એ દુઃખી છે કહે બધા પૈસાવાળા. આહા..હા..!

ભાઈ! દુઃખી કેમ કહેવા? કે જેને પોતાની ચીજમાં સ્વતઃ સ્વયં અનાદિ-અનંત આનંદ છે. એના તરફ તો એની દૃષ્ટિ નથી અને જેમાં આનંદ નથી એવા પુણ્ય-પાપના ભાવ, બંધનભાવ અને એના ફળ આ બધું ધૂળધાણી એમાં જેની બુદ્ધિ છે એ દુઃખી છે. આહા..હા..! કેમ બેસે? ઓલો એક જણો કહેતો હતો મહારાજ અમને દુઃખી કહે છે. ..વાળો મુંબઈમાં. પણ અમે તો ક્યાંય દુઃખી નથી. અમે તો બસ આ . રોટલા રળીએ છીએ, ખાઈએ પીએ છીએ, બાયડી-છોકરા છે. ભાન ન મળે પણ મહા પાગલને. આહા..હા..! સનેપાતિયો હરખ સનેપાત

હોયને જેને. સનેપાતિયો હરખ એ દાંત કાઢે. એ સુખી છે? દાંત કાઢે છેને. હરખ સનેપાત કહે છેને એને? હરખ સનેપાત એનો છે? ત્રિદોષ. .. જોડેનો માણસ જાણે કે આહા..હા..! વેપાર જરી .. હશે. પાગલ છે એ. એમ આત્માના આનંદને ભૂલી પરમાં રાજીપો, ખુશીપો કરે છે એ હરખ સનેપાતની જેવો પાગલ છે. આહા..હા..!

એ અહીં કહે છે કે જ્યારે પાગલપણું મટ્યું. ગુરુએ એને કહ્યું, ભાઈ! તું તો આનંદકંદ છોને પ્રભુ! વસ્તુ છેને? વસ્તુ છેને? તત્ત્વ છોને. અને તત્ત્વ છે એ પોતાના સ્વભાવના પરિપૂર્ણથી ખાલી ન હોય. એવું ગુરુએ કહ્યું એવું એણે અંદરમાં સાવધાનપણે સંભાળ્યો. આત્માને સાવધાનપણે સંભાળ્યો અંદર. ઓહો..! મારું સાવધાનપણું પરમાં જાતું એ અજ્ઞાન અને દુઃખ એ સાવધાનપણું અંદરમાં ગયું એને આત્મા મેં જાણ્યો, એને આત્મા હું શુદ્ધ આનંદકંદ છું એમ એને ભાનમાં આવેલી ચીજને એણે અનુભવી. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ આવું ધર્મનું સ્વરૂપ. .. સેવા કરી, વ્રત પાળવા, અપવાસ કરવા, પૂજા કરવી, જાત્રા કરવી લ્યો! પાંચ-પચાસ લાખ મૂડી હોય તો લાખ-બે લાખ ખરચવા દાનમાં. ધર્મ ન થાય?

મુમુક્ષુ :- સાવ .. ન થાય.

ઉત્તર :- ધૂળમાંય .. ન થાય. સાંભળને. ધર્મ તો વસ્તુનો સ્વભાવ છે. વસ્તુ જે છે એ આત્મા છે. એનો સ્વભાવ તો આનંદ અને જ્ઞાન જેને અનુભવ્યા વિના ધર્મ થાય, ત્રણકાળમાં જન્મ-મરણનો અંત આવે નહિ. આહા..હા..! એ તો કહે છે કે હું તો એક અનુભવી છું, હું એક છું. નવ પ્રકારના ભાવો તત્ત્વો, વ્યવહારોથી ભિન્ન છું. આમાં અજીવથી જુદો આવ્યો, જીવથી જુદો ન આવ્યો, પણ એમાં આવી ગયું. એ પછી પણ આવશે. અપ્રતિબુદ્ધ હતો એ તો એકની વાત કરીને? બીજા બધા અપ્રતિબુદ્ધ ઘણા હતા અને સમજાવ્યા ગુરુએ તો એનાથી જુદો પડ્યો બીજા આત્માઓ. ગુરુ વિરક્ત. તો બીજા ગુરુ નથી અને રાગમાં એકત્વ એવા પણ બીજા છે, પણ એ બધા આત્માથી હું તો જુદો છું. આહા..હા..! બહુ આકરું કાણ પણ આવું હોં. .. કરાવી દીધું. અપવાસ કરવો, દયા પાળો, વ્રત પાળો, રાતે ચોવિહાર કરો. ચોવિહાર કરવો એટલે? ચોવિહાર ન કરવો એમ. .. આહાર.. ભાષા એવી છે. ચાર પ્રકારનો આહાર .. લેવો. ચોવિહાર ચાર પ્રકારનો આહાર છે એમ થયું. ચાર પ્રકારનો આહાર નથી.

મુમુક્ષુ :- ઉપદેશ એમ કહે ચોવિહાર.

ઉત્તર :- ભાષા તો એમ છે. ચોવિહાર એટલે? રાત્રી ભોજન ન કરવો. પાણી, આહાર. કોઈપણ ચીજ દૂધ, કઢા કોઈપણ ચીજની. એનું નામ ચોવિહાર કહેવાય. એ પણ રાગની મંદતા હોય તો એ હોય, પણ એ કાંઈ ધર્મ નથી.

મુમુક્ષુ :- ..નજીક તો આવેને.

ઉત્તર :- નજીક કેવો? નજીક પણ આત્મામાં આવે એને નજીક કહીએ. બહાર રહીને એ પછી વિકલ્પની ખાણમાં વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમારે અત્યારે લ્યો ચોવિહાર કરીએ છીએ લ્યો ચોવિહાર. સંસારમાં પણ આ તો ૫૯ વર્ષ તો આ દીક્ષાના. એ પહેલાં આ તો ચાર-પાંચ વર્ષથી રાતે આહાર-પાણી નહિ. દુકાન ઉપર પણ આહાર-પાણી નહિ. સાંજ પડે આહાર-પાણી બંધ બધું. ૬૪ વર્ષ થયા. લોકો એમ કહે છે કે ઓહો..! જુવાન ઉંમર, દુકાનમાં ધંધા. દુકાન પર દુકાન બંધ થાય પછી રાતે આહાર-પાણી ન લઈએ. રાતે આહાર-પાણી દવા-દારૂ તો નહિ .. પાણી નહિને. ઓહો..! એને એમ થઈ જાય કે આહા..હા..! આપણે તો ધર્મ સારી કરીએ છીએ. શું કર્યું? એમાં આત્મા આનંદસ્વરૂપ એના સમીપમાં આવ્યા વિના એ તો બહાર બહારથી ભટક્યા કરે છે. વજુભાઈ!

મુમુક્ષુ :- એની સમીપમાં ક્યો વિકલ્પ છે?

ઉત્તર :- વિકલ્પ જ નથી એની સમીપમાં જતા. એ તો વસ્તુ જ્ઞાનાનંદ છે એમાં વિકલ્પ કેવો? રાગનો અંશ કેવો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ જાતનો વિકલ્પ નથી. વિકલ્પ છે જ્ઞાનમાં સ્વપરને જાણવાનો એ વિકલ્પ છે. વિકલ્પ છે એમ કીધુંને. વિશેષ જાણ્યું એણે. હું એક છું અને રાગ હું નથી એવું સ્વપરપ્રકાશક જ્ઞાન થયું એ વિકલ્પ છે. એ જ્ઞાનનું સ્વરૂપ જ એ તો વિકલ્પ છે. એય..! એ જ્ઞાનનું સ્વરૂપ એ વિકલ્પ છે, કેવળજ્ઞાન એ વિકલ્પ છે. સ્વપરપ્રકાશક એ વિકલ્પ થયો. પંડિતજી! વિકલ્પનો અર્થ સ્વપરપ્રકાશક જ્ઞાન એનો અર્થ વિકલ્પ છે. એવો વિકલ્પનો અનુભવ હોય. રાગનો વિકલ્પ આદિ એ વસ્તુમાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :- કોક વિકલ્પ તો નજીકમાં હશેને.

ઉત્તર :- કોઈ નજીકમાં નથી. નજીકનો થાય એ નિર્મળ પર્યાય નજીકની છે. એય..! એનો ... આહા..હા..! આ પ્રશ્ન પૂછ્યો હતો ને આ નહિ આત્મધર્મમાં નહિ? કે ભાઈ સમકિત પહેલા શું સમકિત .. શું .. સમકિત પહેલાં એનાથી વિપરીત હોય. આહા..હા..! વસ્તુ છે એને મિથ્યાભ્રમ પરતરફનું લક્ષ છે એને સ્વતરફ કરવું બસ એક જ વાત છે. અરે! એ વાત સાંભળવા મળે નહિ અને આ મનુષ્યપણું ચાલ્યું જાય. ગધેડાની જેમ અવતાર છે માણસના. લાલજીભાઈ! બરાબર હશે? તમે બધા પૈસાવાળા છોને.

મુમુક્ષુ :- પૈસા પૈસામાં રહ્યા આનું આમાં.

ઉત્તર :- તમને સુખી કહે છે. લાલજીભાઈ સુખી છે. એના દીકરા સુખી છે. આ ધંધો કરે છે. એ તો ના પાડે છે મારે ધંધો કરવો નથી. મોટો થાવ હળવે હળવે આહા..હા..!

મારી સત્તા એટલે હોવાપણું હું છું એનું હોવાપણું તો અનંત જ્ઞાન, અનંતદર્શનપણે હુંપણે એને હોવાપણું છે. આહા..હા..! એના હોવાપણામાં પુણ્ય, પાપ, દયા, દાનનો વિકલ્પ પણ નથી. પૈસા ધૂળ તો ક્યાંય રહી ગઈ. આ તો માટી, હાડકા, જડ, ધૂળ. એ તો ક્યાંય એના અસ્તિત્વપણે રહી ગયું. અહીં કહે છે નવતત્ત્વથી ભિન્ન હું શુદ્ધ છું. એ કોણ કહે છે એ ઉપરથી આ પ્રશ્ન ચાલ્યો બધો. કોણ જાણે છે? પર્યાય નિર્મળ થયેલી. પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડેલી વસ્તુ એવી જે નિર્મળ જ્ઞાનદશા ધર્મ થતા એ પર્યાય એમ જાણે છે કે હું તો આ મારા પર્યાયના ભેદથી પણ ભિન્ન છું. ઓહો..હો..! સમજાણું કાંઈ? પર્યાયને જાણવું છેને? દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે. રાગને જાણવાનો સ્વભાવ નથી. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ હો, વિકલ્પ એ તો રાગ છે. એ તો અંધારા છે. આહા..હા..!

ઓલા રાજાની નથી વાત આવતી? પછેડા ઓઢીને જોવા નીકળે ગામમાં. રાજા હોયને રાજા? પોતાની વસ્તીને જોવા નીકળે. ઓઢી લે પછેડો, કાળું કપડું ઓઢી અંધારું. વસ્તીને જોવા નીકળે રાતે અંધારે એકલા. સિપાહી પણ નહિ, પોલીસ નહિ, વેશ લઈ. કાળું લૂગડું હોય અંધારા ખબર ન પડે કે કોણ વાત કરે છે? શું ગામમાં કરે છે? એ પ્રજાને જોવા. ભરતમાં આવે છેને. ભરત રાજા ઋષભદેવના પુત્ર, છ ખંડનું રાજ, છન્નું હજાર સ્ત્રી અને વૈરાગી અંતરમાં. બિલકુલ મારી ચીજ નહિ. હું તો આનંદ અને જ્ઞાન છું. આહા..હા..! ગામમાં ફરવા નીકળ્યા. એક હતો સોની. એ એની વાત કરતો તો ખાનગી. આ બધા ભરતને બહુ વૈરાગી છે, પણ આટલું આટલું તો ભોગવે છે બધું. છન્નું હજાર તો રાણીયું ઘરે અને અબજો-અબજો રૂપિયા એક દિ' ખર્ચ, છન્નું કરોડનું પાયદળ, છન્નું કરોડ ગામ. આ બધાનો ધણી છેને. એને વૈરાગી કેમ કહેવો? સોની વાત કરતો હતો. બીજે દિવસે બોલાવ્યો. એને ખબર નહોતી કે આ જોવા આવ્યા હતા. ભાઈ! તેલનો કટોરો આપ્યો તેલ. છાલિયું. છાલિયું સમજો છો? કળશો નહિ. કટોરો. કળશો હોય તો તો આમ રહે. પણ છાલિયું. એમાં તેલ ભરીને. જુઓ આ તેલનું ભરીને આપું છું. ગામમાં ફરો. કેવું ગામ એને જોવો. આજે નગરીને શણગારી છે. વેશ્યાઓ નાચે છે. એનું ટીપું જરી પડશે તો પાછળ પોલીસ છે. ધડ કાપી નાખશે. એ ટીપું ન પડે એમ જોતાં આખા ગામમાં ફર્યો. કેમ ભાઈ કેવું લાગ્યું? કહે મારી નજર પણ નથી ગઈ. બાપુ! એ રાજમાં અમે એમ રહીએ છીએ. ભરતે કહ્યું. રાજમાં એમ અમે રહીએ છીએ. નાળિયેરમાં ગોટો જુદો પડેલો જેમ રહે એમ અમે જુદા પડીને રહીએ ભાઈ! તને ખબર નથી. આહા..હા..! નાટક આવે છે કે નહિ? એય..! દિલીપ! જોયું છે? નાટક આવે છે. નાટક આવે. આહા..હા..! શરીર મારી ચીજ, શાંતિ સાગરથી ભરેલું. જેમાં પુણ્ય-પાપનો કષાય, અગ્નિ, ભઠ્ઠી એ નથી. એવું જેને ભાન થયું એ જાળવીને ચાલે છે. જાળવીને, સંભાળીને જાય છે એ. પોતાપણે પરને માનતો નથી. આહા..હા..!

'**દર્શનજ્ઞાનમય છું;...**' હું તો દર્શનજ્ઞાન સ્વરૂપ છું. પછી કહે છે. અહીં આવ્યું હતુંને? '**સંવેદનરૂપે પરિણમ્યો હોવા છતાં પણ સ્પર્શાદિરૂપે પોતે પરિણમ્યો નથી માટે પરમાર્થે હું સદાય અરૂપી છું.**' આ સ્પર્શ, રસ, ગંધ જડ છે એનું મને જ્ઞાન છે. એ એનું નથી પણ મારું છે. આહા..હા..! મારા જ્ઞાનમાં હું જાણું એને, એના જ્ઞાનમાં એ ચીજનું નિમિત્ત કહેવાય, પણ એ ચીજ મને જ્ઞાન એનું કરાવે એમ નથી, તેમ એ ચીજરૂપે હું થાવ એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો! '**આમ સર્વથી જુદા...**' આમ શબ્દ લીધો હવે અહીં. એક પુદ્‌ગલથી જુદો પહેલા પાડ્યો એમાં. હવે '**આમ સર્વથી જુદા...**' બધી ચીજો જેટલા અનંત આત્માઓ, અનંત સિદ્ધો, અનંત નિગોદના જીવો, અનંત સાધક જીવો, અસંખ્ય છે સાધક, બાધક અનંત જીવો એ બધાથી જુદો. આહા..હા..! મોક્ષમાર્ગમાં સાધક અસંખ્ય છે. સાધ્ય સિદ્ધ એ કેવળી ભેગા થઈને અનંત છે. સિદ્ધ વિનાના એકલા કેવળી અસંખ્યાતા છે. એ બધાથી હું જુદો છું. આહા..હા..! આવ્યુંને? ગુરુએ જે કહ્યું હતું એ જે વાણી અને ગુરુથી બધાથી હું જુદો છું. આહા..હા..!

'**એવા સ્વરૂપને અનુભવતો...**' '**સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો...**' હું તો મારું આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. એને જાણતો, અનુભવતો એનું નામ ધર્મ. '**આ હું પ્રતાપવંત રહ્યો.**' આ મારી પ્રતાપ સંપદા જે પરથી ખંડિત ન થાય, પરનો આશ્રય ન લે એવી મારી પ્રતાપ સંપદા ચૈતન્યની છે. ભગવાન આત્મા પૂર્ણાનંદની મારી બુદ્ધિની સંપદા એને પ્રતાપવંત રહ્યો. '**એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે...**' દેખો! મારી સિવાય અનેક પદાર્થની સંપદા જડમાં છે, બીજા ચૈતન્યમાં પણ છે. આહા..હા..! અનંત સિદ્ધો એની સંપદા એની પાસે છે. છે આમાં એ આવ્યા કે નહિ? આહા..હા..!

'**બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા...**' સિદ્ધો, કેવળીઓ, સાધક, બાધક અને પરમાણુ અનંતા એની સંપદા સ્વરૂપ એનામાં છે. એ '**વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે...**' મારાથી અનંત પરદ્રવ્યો છે એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? અનંત પરદ્રવ્યો છે એનું જ્ઞાન કરવાનું માપ, અનંત જ્ઞેય છે તેને જાણનારું મારું આ જ્ઞાન છે. એ સર્વ પરદ્રવ્યોથી જુદો અને સર્વ પરદ્રવ્ય છે. જુઓ અહીં તો નીચે પણ એમ કહે છે જોયું! પરદ્રવ્યો સ્ફુરાયમાન છે એનું મને જ્ઞાન છે. સર્વ પરદ્રવ્યો. શરીર, વાણી, મન આ જડ બધા માટી અને અનંતા કેવળીઓ, સિદ્ધો એ બધાની સંપદાસહિત સ્વરૂપ સ્ફુરાયમાન છે. હવે એમાં સ્થિત થયો કે નહિ? એ અનંતને પોતાની જ્ઞાન પર્યાયથી જાણે છે. એ જ્ઞાનમાં એ અનંતા ભલે નિમિત્ત હો, પણ અનંતપણે થતો નથી. અનંત ચીજો જે છે એ અહીં જ્ઞાન કરાવતું નથી. આહા..હા..! આવી વાત શું હશે? કેટલાક કહે. આ જુવાન શરીર હોય, પાંચ-પચાસ લાખ પૈસા હોય,

બાયડી ઠીક હોય અને છોકરા કાંઈક કહ્યાગરા હોય. થઈ રહ્યું. હું પહોળો શેરીની સાંકડી થઈ જાય. આહા..હા..! મૂઢને પોતાની સંપદાની ખબર નથી અને પરની સંપદા ચોરી આ મારી છે એ ચોર છે. આહા..હા..! ગુનેગાર છે. ગુનેગારરહિત ગુણવંત કેવો હોય એની આ વ્યાખ્યા છે. આહા..હા..!

મારાથી જુદાં. એમ આવ્યુંને? '**જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે...**' રજકણોમાં પણ એની શક્તિ છે. અનંત. એક એક પદાર્થ છે એની અનંત શક્તિવાળું તત્ત્વ. એની '**સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફૂરાયમાન છે...**' ઓહો..હો..! જ્ઞાનની પર્યાયમાં બધા દ્રવ્યોનું જ્ઞાન થઈ ગયું એમ કહે છે. પહેલા..

મુમુક્ષુ :- કેવળી થયાને?

ઉત્તર :- કેવળી જ છે. શ્રુતજ્ઞાનની પર્યાયમાં. આહા..હા..! પહેલા ઓલા પુદ્‌ગલને પોતાના જ્ઞાનમાં નિમિત્ત ગણી.. ત્યાં કહે છે બધા મારા અનંત પદાર્થ મારાથી ભિન્ન એ મારા જ્ઞાનમાં જાણવાની શક્તિથી જાણું છું એ પણ વેદનથી એ અનંત પદાર્થો બધા ભિન્ન છે. આહા..હા..! ભારે ધર્મ આવો ભાઈ! એય..! ચંદુભાઈ! આ ક્યાં આમાં સંભાળવું હવે ત્યાં? મંદિરમાં બધું કામ કરે, આમ કરે. જુઓ. પાંચ-પચાસ પેદા થાય. આવો.. આવો.. આહા..હા..! પ્રભુ! પણ તું ક્યાં છો? કેવળો છો? શું છે તારામાં? અને શું નથી તારામાં? એ વાત પહેલી કરી. આહા..હા..! બધા તારા સિવાયના અનંતા પરદ્રવ્યો તારામાં નથી અને તું એમાં નથી પણ એ સંબંધીના જ્ઞાનમાં એ બધા દ્રવ્યો નિમિત્ત છે. પહેલા તો એકલા પુદ્‌ગલનું કીધું હતું. અહીં સર્વદ્રવ્યો એમ કીધુંને? સ્ફુરાયમાન છે ત્યારે એનું જ્ઞાન છે કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમસ્ત પરદ્રવ્યો...**' એમાં અનંતા જીવો, પરમાણું બધું આવી ગયું. '**તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ...**' પાઠ છેને હવે તો? .. અનંત પરમાણુ. '**ण वि अत्थि मज्झ किंचि**' એક રજકણ પરમાણુ અને એક રાગનો અંશ મારાપણે હવે ભાસતો નથી. આહા..હા..! એને ધર્મી અને ધર્મ કરનાર કહીએ. આવું. આવું સ્વરૂપ. સંપ્રદાયમાં સાંભળવા મળે નહિ અને જ્યાં આવું સાંભળવા મળે ત્યાં એને એવું લાગે આ તો કાંઈ તું કેવળી છો? કેવળીની વાત હશે આ. મુનિની. મુનિની નથી અહીં તો આત્માની વાત છે એકલા. હું આવડો છો એ એને આત્માની વાત કરે છે. આહા..હા..! કહો, પંડિતજી! આહા..હા..!

'**પરદ્રવ્યો સ્ફૂરાયમાન છે તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી...**' મારા હોવાપણામાં જે નથી એ મારાપણે કેમ ભાસે? એમ કહે છે. આ રજકણ શરીરનો એક. શ્રીમદ્‌માં આવે છેને? 'રજકણ કે રિદ્ધિ વિમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.' આહા..હા..! 'રજકણ કે રિદ્ધિ' વૈમાનિક દેવની રિદ્ધિ હોં! આ

સાધારણ બાધારણ ચક્રવર્તીની નહિ. 'સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.' બધાનો પુદ્‌ગલ સ્વભાવ છે જડનો. મારામાં નથી. એનાપણે એ છે. મારાપણે કાંઈ ભાસતું નથી. આહા..હા..! દીકરો મરી જાય ૨૪ વર્ષનો એક. પાંચ-બે પાંચ વર્ષની પરણેલી લીલા સાઠા જેવી. ઘરે બાયડ્યું રોવે એની મા. બીજા કહે ભાઈ! આપણા હોય તો જાય કેમ? એમ વાતું કરે. મરતા જે રોવેને બહુ? આપણા હોય એ જાય ક્યાં ભાઈ! એ તો જુદાં હતા અને જુદાં ગયા. એમ રોવે. પણ કોને બેસે છે એ વાત? મરી જાયને એકનો એક છોકરો. ૨૪ વર્ષની ઉંમર, ૨૫ વર્ષની ઉંમર, બે વર્ષનો પરણેતર. રળવા ઉભો થયો હોય, લાખ-બે લાખ રળતો હોય. આહા..હા..! એમાં એની મા રોવે. બીજા એની બાયડ્યું ભેગી થઈને કહે બા! એ આપણા હોય તો ક્યાં જાય? એમ રોવે. એ આ ડહાપણ ક્યાંથી આવ્યું હવે? કહો, ચીમનભાઈ! એ વખતે બાયુ રોતી આપણને ખબર છે આહા..હા..! ભાઈ! તારામાં હોય એ જુદા કેમ રહે? અહીં એમ કહે છે અને જુદા હોય એ તારા કેમ થાય? આહા..હા..!

એ '**પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને...**' જુઓ, ધર્મીને આમ ભાસે છે. '**મને ભાવકપણે...**' જે કર્મનો ઉદય ભાવક થઈને મને ભાવ વિકાર કરાવે એવું હવે રહ્યું નથી. એમ કહે છે. આહા..હા..! આ સાધકપણાની વાત ચાલે છે. હવે મને કર્મ ભાવક થઈ એટલે ઉદય આવીને મને એ પ્રકારનો વિકારીભાવ કરાવે એવું હવે મારામાં રહ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૩૬મી ગાથા એને સંકેલીને અહીં નાખ્યું. '**મને ભાવકપણે...**' એક થઈને એમ. ભાવકપણેની સાથે એક થઈને '**તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને...**' બેય ગાથા આવી ગઈ. રાગાદિ, શરીરાદિ બધા જ્ઞેય છે. રાગ કાઢી નાખો તો અહીં ભાવકભાવ્ય એ સિવાયના બધા જ્ઞેય છે. જ્ઞાનમાં જણાવાલાયક છે ચીજો, પણ એ જણાવાલાયક ચીજ મારાપણે હવે થાય, મોહ ઉત્પન્ન કરે એ મને રહ્યું નથી હવે. આહા..હા..! એક થઈને થયેલું હતું. ત્યારે એમ કીધું હતું હોં. માન્યતામાં એક થઈને મોહ ઉત્પન્ન કરે હવે એવું રહ્યું નથી. ઓલું એક થઈને માન્યું હતું કે મોહ ઉત્પન્ન થતો. આહા..હા..! ભારે ધર્મની વાત આવી ભાઈ!

પ્રથમ ધર્મની વાત છે હોં આ. ધર્મ એવો આત્માનો સ્વભાવ એવો એનો ધરનાર ધર્મી, એને અંતરમાં અનુભવમાં લેતા જે દશા પ્રગટ થાય એ અંદર હતી તે આવી. અંદરમાં તો શુદ્ધતા, પૂર્ણ આનંદ અને જ્ઞાન હતું. એ દશા. આહા..હા..! કહે છે તે મને ભાવકપણે મારી સાથે એમ. '**તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે;...**' આટલી સાક્ષી. આવો છું એ તો જાણ્યું. એ ખબર ન પડે સમ્યગ્દર્શન અને જ્ઞાનની લ્યો. બીજા એમ કહે. અહીં તો કહે છે આવું જાણીને આવું શ્રદ્ધયું, આચર્યું એવો હું છું એમ જાણ્યું હતું. લ્યો ધન્નાલાલજી! એ તો કહે છે કે એય..! પંડિતજી! સમ્યગ્દર્શન-જ્ઞાનની ખબર ન

પડે તો આ તો કહે છે આવો છું એવી ખબર પડી. આહા..હા..!

અને.. એટલું તો ઠીક વર્તમાનની તો. પણ ફરી એક થઈને મોહ ઉત્પન્ન કરે એ રહ્યું નથી. આહા..હા..! ગજબ વાત છે હોં. સમજાણું કાંઈ? આહા..હા..! હું એક જ્ઞાનાનંદ પ્રભુ, રાગ અને પરદ્રવ્યથી ભિન્ન, એવું હોવાપણું મને અંતરથી ભાસ્યુ, ધર્મી એમ ભાસે છે ધર્મીને, પોતાનો ધર્મ ભાસે છે. ભાસવા ઉપરાંત એની દ્રવ્યતા એવી પ્રગટ થાય છે કે દ્રવ્ય ફરે અને ગુણ ફરે તો એ પર્યાય ફરે એમ કહે છે. આહા..હા..! **'એક થઈને ફરી મોહ...'** ફરી એટલે પહેલો મોહ હતો. રાગ અને શરીર ને મારા એમ પહેલો મોહ મિથ્યાત્વ હતો, પણ હવે ફરીને. ઓલામાં આવ્યું હતુંને? તું ભૂલી ગયો હતો ને ફરીને યાદ આવશે. સુવર્ણમાં એમ હતું દાખલામાં. ફરીને યાદ કર્યું. એ અહીં ફરીને આ થાય, એ ફરીને યાદ કરીને પ્રગટ્યું, પણ ફરીને હવે મોહ ઉત્પન્ન થાય. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો હું આ આત્માવંત છું એમ તો કહ્યું પહેલું. છેને? **'સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો,...'** એમ કહ્યું હતું માથે ચોથી લીટીમાં. એ ખબર નથી પડી અને મને ખબર નથી એમ નથી કહ્યું ત્યાં. આહા..હા..! એમ એની સમજણ અને શ્રદ્ધામાં તો લે કે આત્મા જણાય ત્યારે આવો હોય. એને ન ખબર પડે એને ભગવાન જાણે ધર્મ હું પામ્યો છું કે નહિ એમ. ભગવાન જાણે મારામાં ભવ અનંતા કરવાના હશે કે નહિ? આહા..! મૂઢ છો? આહા..હા..! આ વાત છે પંડિતજી! આહા..હા..! હવે કેટલી વાત ટીકામાં નાખી જુઓ ગજબ કરી છે. એય..! તું આવ્યો અને ૩૮ ગાથા પણ સારી આવી.

મુમુક્ષુ :- ઘણાં ..

ઉત્તર :- એમ. પૈસાથી કે આનાથી. મારા ભાગ્ય છે એમ કહ્યુંને. આહા..હા..! ગજબ પણ ટીકા આચાર્યોની વાત. આત્માનો ભાવ જાગ્યો ત્યારે શું હોય એનું વર્ણન છે આ. એને કોઈને પૂછવા જાવું ન પડે કે ભાઈ હવે .. અહીં તો કહે છે કે ફરીને ઉત્પન્ન ન થાયને. એવી દશા પ્રગટી છે. અરે! પંચમઆરાના મુનિ અને સમકિતને આવી વાત હોય? પંચમ આરાને ખબર પડે? આરો આવો ક્યાં આવો ક્યાં ગરી ગયો છે ત્યાં આત્મામાં? આહા..હા..!

**'એક થઈને ફરી...'** એક થઈને ફરીને. એક પહેલા જુદાં તો છે. જુદાંનું ભાન થયું, પહેલાં જુદાનું ભાન નહોતું. હવે વળી પાછું ફરીને એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે. આહા..હા..! વાત જ છેકથી લે. મિથ્યાત્વથી માંડીને પાછું મિથ્યાત્વ.. અભાવ કરાવે. આહા..હા..! **'કારણ કે નિજરસથી...'** મારા પુરુષાર્થની શક્તિથી હું આનંદ અને જ્ઞાનની મૂર્તિ જ્ઞાનસ્વભાવી આત્મા. એવા સર્વજ્ઞ સ્વભાવી આત્માનું ભાન એના બળથી **'મોહને મૂળથી ઉખાડીને...'** લ્યો ભાષા તો ૩૪મી ગાથામાં એમ કહે કે આત્મા રાગનો ત્યાગ કરે એ પરમાર્થે સાચી વાત નથી.

અહીં કહે મોહને ઉખાડી નાખીને. પણ સમજાવવું છે શું? ઉખાડીને એટલે શું ઓલા ગધેડા હોયને એ ખાય ત્યારે આમ ખેંચીને ખાય. મૂળિયું ખેંચીને ખાય. ગાય ખાય એ ઉપરથી ખાય અને ઓલું ખેંચીને ખાય. મૂળિયા ખેંચીને. અહીં તો કહે ગધેડા જેવા એવા હોય, પણ ડાહ્યા આવા હોય. આહા..હા..! ગધેડા ઘાસને મૂળથી ઉખેડીને ખાય અને ગાય છે એ ઉપર ઉપરથી ખાય. ગોચરી કહેવાયને? ગોચરી? સાધુને નિર્દોષ આહાર હોય તો લે. એ દુઃખી થાય એનું ન લે. અને પાછું દુઃખી થાય એવું પણ ન લે. ગધેડા પણ મૂળમાંથી ઉખાડે. આહા..! તો એની સામે ડાહ્યા મોહમાંથી મોહને મૂળમાંથી ઉખાડે. ઓલો ડહાપણવાળો છે ત્યારે ઓલો ગધેડો .. છે.

ફરીને મોહ ઉત્પન્ન કરે એમ નથી રહ્યું. કેમ? કે નિજરસથી મોહને મૂળથી ઉખાડ્યો છે મેં. મારા સ્વભાવના સામર્થ્ય દ્વારા હું આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છું. એવામાં એ હોવાપણામાં મારું હોવાપણું છે. એવું જે મેં મારા સ્વભાવના પુરુષાર્થથી ભાન કર્યું એટલે મોહને મૂળથી ઉખાડ્યો. ઉખાડી નાખ્યો છે. અમારે ભાષા એવી. હિન્દીમાં શું છે? ઉખાડીને. ઉખાડીને. આહા..હા..! '**ફરી અંકુર ન ઊપજે...**' અંકુર ન ઊપજે. આહા..હા..! .. જ્ઞાનસ્વરૂપી પ્રભુ એવા હોવાપણાને અનુભવમાં ભાસ્યો એ દ્રવ્ય જેમ ફરે નહિ, ગુણ ફરે નહિ એમ મારી વર્તમાન પર્યાય ફરે નહિ એમ કહે. સમજાણું કાંઈ? ભાઈ અત્યારે તો.. વળી પાછું શું થાશે? ક્યારે પડી જાય? અગિયારમાં ગુણસ્થાનથી પડી જાય છે. આહા..હા..! આવા નમાલાની વાતું કરે છે એ નમાલો છે. આ તો કહે મારા નિજરસ છે મારો .. મારા આનંદ અને જ્ઞાનના રસની શક્તિ દ્વારા. જુઓ. '**મોહને મૂળથી ઉખાડીને-ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને,...**' '**ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને,...**' ધન્ય મહારાજ! .. ધન્ય કહ્યાને? સમજાણું કાંઈ? ઓહો..હો..! ગજબ વાત છે.

મેં મારા સ્વરૂપને સાવધાનપણે જોયો, જાણ્યો. મારી શક્તિને બળ વડે જાણી એમ કહે છે. .. મોહ નષ્ટ થયો છે એમ નહિ. મારા નિજરસથી જ. નિજરસથી જ. એકાંત કરી નાખ્યો છે. .. નિજરસથી જ. અનેકાંત જોઈએ. થોડું પરના કારણે, થોડું પોતાના બળને કારણે (એમ નથી). આહા..હા..! ગજબ વાત છે. વાત આ છે. ભગવાન આત્મા સત્‌સ્વરૂપ ચિદાનંદ પ્રભુ મારા બળથી જ મેં મોહનો નાશ કર્યો છે. આહા..હા..! '**મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.**' આહા..હા..! ... મહાન જ્ઞાનપ્રકાશ. દેખો! કેવળજ્ઞાન ભલે ન થયું હોય. હું એક આત્મા સર્વજ્ઞ સ્વભાવી પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ તે આત્મા. એમ જેને અનુભવ્યો, જાણ્યો, સત્કાર કર્યો, સ્વીકાર્યો. કહે છે કે મહાન જ્ઞાન પ્રગટ થયું. એ કાંઈ જ્ઞાન જ્ઞાનસ્વરૂપી છે અને ઓલા કહે સમકિત તો ઝીણી વાત છે. પંચાધ્યાયમાં આમ કહ્યું, .. નાશ કરવો અરે સાંભળને એ તો પ્રત્યક્ષનું જ્ઞાન કરાવવા. .. પર્યાય તો એમ પ્રત્યક્ષમાં જણાય છે.

પરોક્ષપણે શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ જેવી ચીજ છે એ. સમજાય છે કાંઈ? પંચાધ્યાયમાં આવે છેને. ભાઈ! ઘણા પ્રકાર બાપુ! એ કઈ અપેક્ષા ભાઈ! એક અંશ છે એમાં નજરે ચડવું પ્રત્યક્ષ એ વાત. પણ આ પ્રત્યક્ષપણું જ છે મતિ અને શ્રુતજ્ઞાનથી આત્માને સીધો જાણ્યો એ પ્રત્યક્ષ જ છે. આહા..હા..! ટીકા તે પણ ટીકા છેને. મોક્ષની ટીકા કરે છે ચાંદલો. આ ટીકા નથી કરતા? ચાંદલા કરીને. .. આહા..હા..!

'**મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.**' જુદો પાડે છે જગતથી. ચૈતન્ય સત્તાનો સાહેબો, આનંદનો નાથ પ્રભુ એવા સ્વરૂપનું ભાન જ્યાં થયું. કહે છે કે એનું જ્ઞાન મને પ્રગટ થયું. મહાન જ્ઞાન મને પ્રગટ થયું એમ છેને? '**महतो**' સંસ્કૃતમાં છે. '**मोहमुन्मूल्य महतो ज्ञानोद्योतस्य**' આહા..હા..! ઉદ્યોત એટલે પ્રગટ થયો છે. ઉદ્યોત પ્રકાશ. '**प्रस्फुरितत्वात्**' એ તો મને-મને એમ આવેને આમાં? હું છેને એમ આવે છેને. '**प्रादुर्भावाय समूलं मोहमुन्मूल्य महतो**' હા બસ એ આવ્યું. '**एवं प्रतपतश्च मम**' એ તો પહેલું આવી ગયું છે. પ્રવર્તતા એવા મને. એક અહીં લીધું એમને જુદું. એમાં મને આવ્યું પહેલું. પણ અહીં ભેગું લીધું પછી. '**एवं प्रतपतश्च मम बहिर्विचित्रस्वरूप-सम्पदा विश्वे परिस्फुरत्यपि**' આહા..હા..! અમૃતના સાગર રેડ્યા છે. આત્મા પ્રસન્ન થઈ ગયો કહે છે. પોતાની સ્વરૂપની સંપદા જોઈ, જાણીને પ્રસન્ન થયો છે. આહા..હા..! એવો મહાનજ્ઞાન પ્રકાશ ઉદ્યોત પ્રકાશ થયો. મને પ્રગટ થયો છે. લ્યો આ એની ટીકા પૂરી થઈ. ઠીક! ટીકામાં તો હતોને આ પહેલું?

જેમ પોતે જણાય નહિ ત્યારે બીજો જણાય છે એ તો પ્રત્યક્ષ એને છેને? રાગ, દ્વેષ, પુણ્ય, પાપ એનું વેદન તો પ્રત્યક્ષ છે કે એ બીજો કોઈ વેદે છે? આહા..હા..! રાગ-દ્વેષ વેદે છે, દુઃખી છે એ પણ એની પોતાની હયાતીમાં પ્રત્યક્ષ છે. એ વાત ગુલાંટ ખાય છે આમ. ગુરુએ કહ્યું કે ભાઈ! તારી ચીજ તો અનંત આનંદ અને જ્ઞાન પરમાનંદ છે. છિદ્રવાળી નહિ, વિકલ્પવાળી નહિ. પૂર્ણાનંદ એવું તારું સ્વરૂપ છે. તું પરમેશ્વર છો. તું પ્રતાપવંત પરમાત્મા છો. આહા..હા..! તને કોઈ હીણો કરે એવી કોઈ ચીજ નથી. અને તું હીણો તને બતાવ એવું વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ટીકા થઈ લ્યો! એ તો પાંચમો દિવસ છે નહિ? સોમવારે શરૂ કર્યું હતુંને? આહા..હા..! છઠ, સાતમ, આઠમ, નોમ અને દશમ. પાંચ થયા.

ભાવાર્થ. અરે! એકે પૂરું છે આ તો ભગવાન એમ કહે છે. '**ભાવાર્થ :— આત્મા અનાદિ કાળથી...**' છે એ ચીજ અનાદિની. વસ્તુ છે એ અનાદિની છે. નવી છે? નવી ઉત્પન્ન થાય? હોય તે ઉત્પન્ન થાય નવું? એમ એને અનાદિકાળથી અજ્ઞાનપણું છે. એનું ભાન નથી. અનાદિથી છે આ. આહા..હા..! '**આત્મા અનાદિ કાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો,...**' મોહ એટલે પોતાનો ભાવ હોં! કર્મની વાત નથી. પરમાં સાવધાનીને

લઈને. એ તો આવી ગયું છે પહેલું. પાઠમાં પણ એ છે. '**अनादिमोहोन्मत्ततयात्यन्तमप्रतिबुद्धः**' જુઓ પહેલોને? '**અનાદિ મોહરૂપ અજ્ઞાનથી ઉન્મત્તપણાને લીધે...**' એમ. એ ઉન્મત્તપણું. કર્મને લઈને નહિ. પોતાના સ્વરૂપના ભાન વિના ગાંડો-પાગલ હતો. આહા..હા..! આ બધા દસ-દસ હજારના પગારદાર મહિનાના. કરોડોપતિઓ કહેવાય. એ બધા એવા હશે?

મુમુક્ષુ :- રાજી ખુશી

ઉત્તર :- રાગીની વાત ક્યાં આ તો સત્યની વાત છે. સત્ જ આવું છે. પરના સંબંધ વિનાનું, સ્વભાવના સંબંધવાળું. એકત્વ વિભક્ત કહ્યુંને. ત્યાંથી શરૂ કર્યું હતું એકત્વવિભક્ત. ... '**અનાદિ કાળથી મોહના ઉદયથી અજ્ઞાની હતો, તે શ્રી ગુરુઓના ઉપદેશથી...**' લ્યો! બહુવચન નાખ્યું. '**ગુરુઓના ઉપદેશ...**' '**પોતાની કાળલબ્ધિથી જ્ઞાની થયો...**' બે વાત નાખે જ્યાં ત્યાં હોં. હવે એ જ્યાં ત્યાં સમ્યગ્જ્ઞાન દિપીકામાં એ બે વાત નાખી. કાળલબ્ધિથી અને ગુરુઓના ઉપદેશથી. એટલે ઓલો કાળલબ્ધિ કહે નહિ. ભગવાન! ...આટલા આટલા પુરુષાર્થ કરું છું પણ વિકલ્પમાં નથી નીકળતું એમાં ભાસતું નથી કાંઈ. એ તો કાળલબ્ધિ વસ્તુ છે. એ કાળે એ કાળ થવાનો હોય તે કાળલબ્ધિ છે. આહા..હા..!

મુમુક્ષુ :- આત્માનું સ્વરૂપ છે.

ઉત્તર :- પોતાનું છેને. કાળલબ્ધિ જે સમયે જે પર્યાય પ્રગટ થવાની એમાં સ્વકાળલબ્ધિ છે. આ એનો કાળ છે, એની મુદ્દત છે. ઓલામાં નથી આવ્યું? કળશટીકામાં. પણ એમાં એ પુરુષાર્થ છે. કાળલબ્ધિનું જ્ઞાન થાય છે એમાં પુરુષાર્થ છે ત્યારે એને જ્ઞાન થાય છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- ..સાથે જ છે?

ઉત્તર :- સાથે જ છે. પહેલા પછી હોય શું? એ તો ઋષભદેવ ભગવાનના આત્માને ન કહ્યું? નોળીયો આદિ ચાર કેટલી છે. ત્યારે સમકિત પામવાનો તમારો કાળ છે. આહા..હા..! મુનિને ખબર પડી ગઈ? જાણવાની તાકાત .. બધું જાણે. .. ઋષભદેવ જીવને પૂર્વ ભવમાં.. મુનિ આવે છે કે નહિ કથામાં? ઋષભદેવ ભગવાન જુગલિયામાં હતા. એ વખતે કહે .. એક મુનિ ગયા હતા નહિ? ઋષભદેવ. આવે છેને?

મુમુક્ષુ :- ઋષભદેવ ભગવાન જોડે જોડે આવ્યા.

ઉત્તર :- .. હતાને. પછી તો મુનિ આહાર આપતા હતા ત્યાં પુણ્ય બંધાઈ ગયું પછી ત્યાં ગયા. જુગલિયા-જુગલિયા. એમાં મુનિ ઉપરથી આવીને એમ કહે છે, અરે! આત્માઓ! તમારો કાળ છે સમકિતી પામવાનો. આહા..હા..! આવે છે. કથામાં આવે છે. આપણે આત્મધર્મમાં નાખ્યું છે. આત્મધર્મમાં. આહા..હા..! બીજા મુનિએ પણ એને કહ્યું એમ કહે છે અહીં. એને યોગ્યતા લાગી કે મારે અહીં આનું આવવાનું કારણ? ઉપરથી ઉતર્યો. કોણ જાણે મને સમજાવવું

હશે એમ થયું. નક્કી આને કાળલબ્ધિ પાકી ગઈ. ઉપદેશ અને કાળલબ્ધિ બેય ભેગી થઈ ગઈ. સમજાણું? બીજા મુનિએ કહ્યું એને એમ કહ્યું. કથામાં આવે છે.

**'શ્રી ગુરુઓના ઉપદેશથી અને પોતાની કાળલબ્ધિથી જ્ઞાની થયો...'** ભાન થયું ભાન. ઉઘડી ગઈ દશા. આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એવું ભાન થયું. એનું નામ જ્ઞાનની દશા અને ધર્મદશા છે. આહા..હા..! **'અને પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું...'** પોતાના સ્વરૂપને પરમાર્થથી જાણ્યું. ઓલા અહંની વ્યાખ્યા છે 'કે હું એક છું,...' એ આવી ગઈ વ્યાખ્યા. 'શુદ્ધ છું,...' પછી જ્ઞાનદર્શનમાં જ્ઞાનમય છું એમ લીધું. પણ અહીંયાં પહેલા આમ લીધું, એ પછી લીધું. **'અરૂપી છું, દર્શનજ્ઞાનમય છું. આવું જાણવાથી મોહનો સમૂળ નાશ થયો,...'** આવું જાણવાથી, આવું જાણવાથી મોહનો સમૂળ નાશ થયો.

**'ભાવકભાવ ને જ્ઞેયભાવથી ભેદજ્ઞાન થયું,...'** ભાવકભાવ એટલે કર્મના નિમિત્તે થતો રાગ એનાથી ભેદજ્ઞાન થયું. અને જ્ઞેયો એટલે પરવસ્તુ એનાથી જુદો પડ્યો. **'પોતાની સ્વરૂપસંપદા અનુભવમાં આવી;...'** પોતાની સ્વરૂપ સંપદા ચૈતન્ય ચમત્કાર. આહા..હા..! એના જેવો ચમત્કાર ક્યાં દુનિયામાં છે? કે જે એક ક્ષણમાં બધા દ્રવ્યને જાણે, કરે નહિ કોઈનું, જાણે (બધું) કોઈનું બાકી રાખ્યા વિના. આહા..હા..! એવો ચમત્કાર ભગવાન **'હવે ફરી મોહ કેમ ઉત્પન્ન થાય? ન થાય.'** હવે એનો શ્લોક કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૩૨

(वसन्ततिलका)

मज्जन्तु निर्भरममी सममेव लोका  
आलोकमुच्छलति शान्तरसे समस्ताः  
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण।  
प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः।।३२।।

શ્લોકાર્થ :— [एषः भगवान् अवबोधसिन्धुः] આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા [विभ्रम-तिरस्करिणीं भरेण आप्लाव्य] વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને

(દૂર કરીને) [प्रोन्मग्नः] પોતે સર્વાંગ પ્રગટ થયો છે; [अमी समस्ताः लोकाः] તેથી હવે આ સમસ્ત લોક [शान्तरसे] તેના શાંત રસમાં [समम् एव] એકીસાથે જ [निर्भरम्] અત્યન્ત [मज्जन्तु] મગ્ન થાઓ. કેવો છે શાંત રસ? [आलोकम् उच्छलति] સમસ્ત લોક પર્યંત ઊછળી રહ્યો છે.

ભાવાર્થ :— જેમ સમુદ્રની આડું કાંઈ આવી જાય ત્યારે જળ નથી દેખાતું અને જ્યારે આડ દૂર થાય ત્યારે જળ પ્રગટ થાય; પ્રગટ થતાં, લોકને પ્રેરણાયોગ્ય થાય કે આ જળમાં સર્વલોક સ્નાન કરો; તેવી રીતે આ આત્મા વિભ્રમથી આચ્છાદિત હતો ત્યારે તેનું સ્વરૂપ નહોતું દેખાતું; હવે વિભ્રમ દૂર થયો ત્યારે યથાસ્વરૂપ (જેવું છે તેવું સ્વરૂપ) પ્રગટ થયું; તેથી હવે 'તેના વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસમાં એકીવખતે સર્વ લોક મગ્ન થાઓ' એમ આચાર્યે પ્રેરણા કરી છે. અથવા એવો પણ અર્થ છે કે જ્યારે આત્માનું અજ્ઞાન દૂર થાય ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય અને કેવળજ્ઞાન પ્રગટ થતાં સમસ્ત લોકમાં રહેલા પદાર્થો એકીવખતે જ જ્ઞાનમાં આવી ઝળકે છે તેને સર્વ લોક દેખો. ૩૨.

આ રીતે આ સમયપ્રાભૃતગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકામાં ટીકાકારે પૂર્વરંગસ્થળ કહ્યું.

અહીં ટીકાકારનો એવો આશય છે કે આ ગ્રંથને અલંકારથી નાટકરૂપે વર્ણવ્યો છે. નાટકમાં પહેલાં રંગભૂમિ રચવામાં આવે છે. ત્યાં જોનારાં નાયક તથા સભા હોય છે અને નૃત્ય (નાટ્ય, નાટક) કરનારા હોય છે કે જેઓ અનેક સ્વાંગ ધારે છે તથા શૃંગારાદિક આઠ રસનું રૂપ બતાવે છે. ત્યાં શૃંગાર, હાસ્ય, રૌદ્ર, કરુણા, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત–એ આઠ રસ છે તે લૌકિક રસ છે; નાટકમાં તેમનો જ અધિકાર છે. નવમો શાંતરસ છે તે અલૌકિક છે; નૃત્યમાં તેનો અધિકાર નથી. આ રસોના સ્થાયી ભાવ, સાત્ત્વિક ભાવ, અનુભાવી ભાવ, વ્યભિચારી ભાવ અને તેમની દૃષ્ટિ આદિનું વર્ણન રસગ્રંથોમાં છે ત્યાંથી જાણવું. અને સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઈચ્છા ન રહે તે રસ છે. તે આઠ રસનું રૂપ નૃત્યમાં નૃત્ય કરનારા બતાવે છે; અને તેમનું વર્ણન કરતાં કવીશ્વર જ્યારે અન્ય રસને અન્ય રસની સમાન કરીને પણ વર્ણન કરે છે ત્યારે અન્ય રસનો અન્ય રસ અંગભૂત થવાથી તથા અન્યભાવ રસોનું અંગ હોવાથી, રસવત્ આદિ અલંકારથી તેને નૃત્યના રૂપે વર્ણવવામાં આવે છે.

અહીં પ્રથમ રંગભૂમિસ્થળ કહ્યું. ત્યાં જોનારા તો સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તેમ જ

બીજા મિથ્યાદૃષ્ટિ પુરુષોની સભા છે, તેમને બતાવે છે. નૃત્ય કરનારા જીવ-અજીવ પદાર્થ છે અને બન્નેનું એકપણું, કર્તાકર્મપણું આદિ તેમના સ્વાંગ છે. તેમાં તેઓ પરસ્પર અનેકરૂપ થાય છે,- આઠ રસરૂપ થઈ પરિણમે છે, તે નૃત્ય છે. ત્યાં સમ્યગ્દૃષ્ટિ જોનાર જીવ-અજીવના ભિન્ન સ્વરૂપને જાણે છે; તે તો આ સર્વ સ્વાંગોને કર્મકૃત જાણી શાંત રસમાં જ મગ્ન છે અને મિથ્યાદૃષ્ટિ જીવ-અજીવનો ભેદ નથી જાણતા તેથી આ સ્વાંગોને જ સાચા જાણી એમાં લીન થઈ જાય છે. તેમને સમ્યગ્દૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી, તેમનો ભ્રમ મટાડી, શાંત રસમાં તેમને લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. તેની સૂચનારૂપે રંગભૂમિના અંતમાં આચાર્યે 'मज्जन्तु' ઈત્યાદિ આ શ્લોક રચ્યો છે. તે હવે જીવ-અજીવનો સ્વાંગ વર્ણવશે તેની સૂચનારૂપે છે એવો આશય સૂચિત થાય છે. આ રીતે અહીં સુધી તો રંગભૂમિનું વર્ણન કર્યું.

નૃત્યકુતૂહલ તત્ત્વકો, મરિયવિ દેખો ધાય;
નિજાનંદ રસમે છકો, આન સબૈ છિટકાય.

આ પ્રમાણે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત) શ્રી સમયસાર શાસ્ત્રની (શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) આત્મખ્યાતિ નામની ટીકામાં પૂર્વરંગ સમાપ્ત થયો.

**અષાઢ વદ-૧૧, શનિવાર, તા. ૦૫-૦૮-૧૯૭૨**
**ગાથા-૩૮, કળશ-૩૨ પ્રવચન-૧૨૩**

(वसन्ततिलका)

मज्जन्तु निर्भरममी सममेव लोका
आलोकमुच्छलति शान्तरसे समस्ताः
आप्लाव्य विभ्रमतिरस्करिणीं भरेण।
प्रोन्मग्न एष भगवानवबोधसिन्धुः।।३२।।

કહે છે આ જીવ અધિકાર ૩૮મી ગાથા છેને. એટલે એનું પૂર્ણ સ્વરૂપ જેવું છે એવું અનુભવમાં આવે ત્યારે એને ધર્મ થયો કહેવાય. એમ વાત છે. આહા..હા..! કેવું એનું સ્વરૂપ છે અને કેમ જાણ્યું? કે '**આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા...**' એમ પહેલી વાત લીધી છે. અંદર આત્મા જે છે વસ્તુ એ તો જ્ઞાનસમુદ્ર ભગવાન છે. એકલો જાણક સ્વભાવથી ભરેલો મહિમાવંત પદાર્થ છે. એ જડ અને શરીર અને રાગ એનાથી તદ્દન જુદો છે. એમ

જ્યાં સુધી જાણવામાં ન આવે ત્યાં સુધી એને જન્મ-મરણ નહિ મટે. ચોર્યાસીના અવતાર અનાદિથી રખડાવ થઈને રખડે છે. એ રખડવું ચૈતન્યનું વાસ્તવિક સ્વરૂપ એક ભગવાન અબદ્ધ ત્યાં લીધું હતું. 'एषः' આ. વસ્તુ એવી છે કે એ તો જ્ઞાનસમુદ્ર પ્રત્યક્ષ થઈ શકે એવો એનો સ્વભાવ છે. એમ કહે છે. આહા..હા..!

'एषः' એટલે પ્રત્યક્ષ. '**જ્ઞાનસમુદ્ર ભગવાન...**' જ્ઞાનનો દરિયો છે. ચૈતન્યના સ્વભાવથી ભરેલો મોટો સમુદ્ર છે. આહા..હા..! એને ક્ષેત્રની જરૂર નથી કે મોટું ક્ષેત્ર હોય તો જ મોટો કહેવાય. એનો સ્વભાવ જ સમુદ્ર જેવો જ્ઞાનથી ગંભીર ભરેલું તત્ત્વ ચૈતન્ય ચમત્કાર છે. જેને સ્વીકારવાથી, જેની શ્રદ્ધા કરવાથી 'एषः' નામ એ આત્મામાં પ્રકાશ નામનો ગુણ છે એથી એ પ્રત્યક્ષ થાય એવો એ જ્ઞાનસમુદ્ર ભગવાન છે. આહા..હા..! ભારે! પંડિતજી! આહા..હા..! કારણ કે બીજી ચીજ છે એ કોની સત્તામાં જણાણી? એ તો એમાં પ્રસિદ્ધિ તો જ્ઞાનસ્વરૂપ આત્માની જ છે. આ શરીર છે, આ લક્ષ્મી છે, આ મકાન છે, આ સમુદ્ર છે, આ પૈસા છે, આ મોટર છે. એ બધું છે એ કોની હયાતીમાં? કોની સત્તામાં? કોની મોજુદગીમાં એ જણાણું? એ જાણનારો એ પોતે ચૈતન્ય સત્તાસ્વરૂપ છે એ અનંતને જાણે એ અનંત જ્ઞેયને જાણનારો જ્ઞાયક તત્ત્વથી અનંત સ્વભાવથી ભરેલો છે. સમજાણું કાંઈ?

કહે છે 'एषः' '**જ્ઞાનસમુદ્ર ભગવાન...**' આમ પાઠમાં લીધું છે. પંડિતજી! આહા..હા..! ચોર્યાસીના અવતારમાં, પોતાના સ્વરૂપના ભાન વિના એ ચોર્યાસીમાં રખડે છે. શ્રીમદ્ પણ એ કહ્યુંને પહેલું? 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' બીજું બધું જાણ્યું. એને જાણનારને જાણ્યો નહિ. આહા..હા..! અને કારખાનાની રીત અને ફલાણીને આની .. વાતું બેસે તો એવી વાતું કરે ઓહો..હો..! જાણે કેવા હશે ડાહ્યા! ગિરધરભાઈ! આહા..હા..! નિજસ્વરૂપના સ્વના જ્ઞાન વિના એનું આવું બધું પરિભ્રમણના કારણનું જ્ઞાન. ભ્રમરૂપ છે. એને ભ્રમણા થઈ જાય છે કે કાંઈક હું જાણું છું હોં પરને. એનું એને અભિમાન. અહીંયાં તો 'एषः' આ આત્મા એમ કીધુંને? ભગવાન આત્મા જે સ્વભાવ મતિ અને શ્રુતજ્ઞાન દ્વારા તેનો સ્વીકાર અને સ્વભાવનો આદર થતાં પ્રત્યક્ષ થઈ શકે એવો એ ભગવાન છે. આહા..હા..!

એવો ભગવાન આત્મા. '**विभ्रम-तिरस्करिणीं भरेण आप्लाव्य**' '**વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને** (દૂર કરીને)...' પહેલું તો એમ કહ્યું કે એને વિભ્રમરૂપી આડ ચાદર હતી એટલે દેખાતો નહોતો. કર્મ આડા હતા અને દેખાતો નથી એમ નથી કહ્યું. ધનાલાલજી! આઠ કર્મ આડા હતા અને દર્શનમોહ હતો. એ તો વિભ્રમ આડી ચાદર. આહા..હા..! પોતાનું સ્વરૂપ પૂર્ણ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનું ધામ અને સ્થાન એવો જે ભગવાન એને ન માનતા એ રાગને અને પુણ્યને અને એના ફળને, અલ્પજ્ઞને માનતો એ વિભ્રમ આડી ચાદર. મોટો સમુદ્ર ભરેલો હોય પાણીથી. પણ કાંઠે જો ચાર હાથની .. કહે છેને? .. લૂગડાની

શું કહે છે તમારે? ચાદર. .. આડી રાખે માણસ આમ જોવે તો આંખે તો ચાદર દેખાય. ઓહો..! આ તો દરિયો ભર્યોને મોટો? નથી એમ છે? એમ વિભ્રમ. એક રાગના કણને પણ ભલો માનવો એ વિભ્રમ છે. આહા..હા..! ભ્રમણા છે. એ ભ્રમણા એણે ઊભી કરેલી છે. કોઈએ કરી કરાવી છે એમ નથી. કર્મના બળે આ થયું છે, ઉપાદાન તો એનું પણ કર્મના બળ વિના કાંઈ થાય? પોતાને ઉંધો કરવાનો ભાવ હોય? અને કર્મ કરાવે. નહિ? અહીં તો કર્મનું નામ પણ લીધું નથી. 'અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા.' આહા..હા..!

'**વિભ્રમ...**' પૂર્ણનો નહિ સ્વીકાર, પૂર્ણ જ્ઞાન અને આનંદનો સ્વભાવ સન્મુખ થઈને, સન્મુખ થવું એ સ્વીકાર છે. એ સ્વીકાર નહિ અને પરસન્મુખમાં થતી લાગણીઓ, પુણ્ય અને પાપની અને એને આ જાણવાનું જ્ઞાન, અલ્પજ્ઞ વર્તમાન પ્રગટ દશા તેટલો હું, તે હું એવા અસ્તિત્વના સ્વીકારમાં એને વિભ્રમ છે. સ્વરૂપનું ભાન નથી. સમજાણું કાંઈ? એ અધર્મ છે એમ કહે છે. જે પોતાનો સર્વજ્ઞ સ્વભાવ. જ્ઞાનસમુદ્ર કીધોને? જ્ઞાનસમુદ્ર. આહા..હા..! એવું જે પૂર્ણ ત્રણકાળ ત્રણલોકને જાણે એવો જેનો સ્વભાવ એવું સ્વતઃ એવું જ્ઞાનસમુદ્ર પ્રત્યક્ષ ભગવાન. એ વિભ્રમની આડી ચાદર હતી. શોભાલાલજી! આહા..હા..! પ્રગટપણાનું જેટલું વ્યક્ત જ્ઞાન એનું એને ભ્રમ હતો કે એ હું છું અને એટલો હું છું. અને દયા, દાન, વ્રતના પરિણામ વિકારી એ મારા છે, એમાં હું છું, એનાથી મને લાભ થશે એવો વિભ્રમ, ભ્રમ ઉભો કર્યો એણે. આહા..હા..! આના પણ વાંધા કે એ ભ્રમ કાંઈ પોતે એકલો કરે? કર્મ હોય તો થાય. કર્મ વિના થાય? કર્મ વિના થાય તો એ સ્વભાવ થઈ જાય. સ્વભાવ જ છે. એનો પર્યાય ધર્મ છે. '**स्वस्य भवनं स्वभावः**' આહા..હા..! પ્રત્યક્ષ થયેલો પ્રત્યક્ષપણે થાય એવો રહેલો, ભગવાન જ્ઞાનસમુદ્ર જેનું અપરિમિત સ્વભાવ જ્ઞાનની મર્યાદા વિનાનો અને જેનો અતીન્દ્રિય આનંદ અનંત અપાર પરિમિત મર્યાદા વિનાનું જેનું આનંદસ્વરૂપ છે. એવું જ્ઞાનાનંદ ભગવાન એ વિભ્રમની આડી ચાદરથી ભૂલાઈ ગયો છે. ક્યાંય પણ પોતાને શાસ્ત્રના જ્ઞાન કે પરનું જ્ઞાન જાણવું. એમાં કાંઈક એને અધિકપણું લાગી જાય. આહા..હા..! ભ્રમ છે. આહા..હા..! અને એ ભ્રમની આડે એને આ અંદર રહ્યા ભગવાન અનંત જ્ઞાન '**एषः**' પ્રત્યક્ષ છે એ. મોજુદગી ચીજ છે. હયાતીવાળી છે અને તે પ્રત્યક્ષ થઈ શકે એવી તે ચીજ છે. આહા..હા..! અને એના જ્ઞાન વિના, એ જ્ઞાનસમુદ્રના જ્ઞાન વિના. આહા..હા..! જેટલા જાણપણા, જેટલી શ્રદ્ધાઓ એ બધી એ મારી છે અને એનાથી હું વધ્યો છું એ રખડવાનો ભ્રમ છે. સમજાણું કાંઈ? આ બહારમાં કાંઈક રળતા વધ્યો, મા-બાપ કાંઈ મૂકી નહોતા ગયા. અમે આ પૈસા બાહુબળે રળ્યા, ભેગા કર્યા, આમ કર્યું, આમ કર્યું. એ તો મૂઢ છે, વિભ્રમ છે. એની આડે રળવાની ચીજ છે એ ભૂલી ગયો.

અહીં તો એક જ શબ્દ. '**આ જ્ઞાનસમુદ્ર...**' ઓહો..! સમુદ્રની ઉપમા આપી જેણે.

એવું પાછું '**ભગવાન આત્મા...**' એમ. આહા..હા..! જેના જ્ઞાનના સ્વભાવ અને આનંદસ્વભાવની મહિમાનો પાર નથી. એવું એનું સ્વરૂપ છે પ્રભુ આત્માનું. એને ભૂલી ગયો તું વિભ્રમરૂપી ચાદરથી. આડ હતી એને એ. આહા..હા..! એક વાત એ કરી. એને '**સમૂળગી ડુબાડી દઈને...**' એ બીજી વાત કરી. અને વ્યય પણ એણે પોતે કર્યો. આહા..હા..! એમાં કર્મનો નાશ થયો દર્શનમોહનો અને ભ્રાંતિ ટળી, વિભ્રમ ગયોને એ વાત તો અહીંયાં યાદ પણ કરી નથી. કેમકે એ તો નિશ્ચયનો ભ્રમ છેને? એટલે ઉપાદાનથી વાત કરે છે. નિમિત્તથી, પણ એ નિમિત્તની વાત કરવાની એમાં યાદ કરવાની જરૂર પણ નથી. હો વિભ્રમમાં નિમિત્ત અને વિભ્રમ ટાળવામાં એનો અભાવ. હો એ તો જ્ઞાન કરવા માટે છે. આહા..હા..!

કહે છે કેટલો શબ્દ વાપર્યો છે! '**આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા...**' એટલા શબ્દમાં કેટલું પડ્યું છે! આહા..હા..! ભાઈ! તારી મર્યાદા વિનાની શક્તિ છે અંદર. ક્ષેત્રને મર્યાદા છે. લોકને આટલી છે. અલોકનું પણ એટલી જાતની મર્યાદા કે અમાપ છે એટલી પણ એક મર્યાદા છેને? આને તો એના જ્ઞાન કરવામાં જેની મર્યાદા જ નથી કહે છે. ત્યાં અટકે છેને. ત્યાં અંતે પણ જાણ્યું ને. એ જાતને જાણવામાં તો અંત આવી ગયોને પોતાને? ત્યાંનો અંત નહિ. પણ અહીં તો કહે છે જાણનારમાં જ્ઞાનમાં અંત વિનાની ચીજ જણાણી. એવું જે ચીજ જણાણું એનાથી અનંતગણું એનામાં માપ છે.

'**આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા...**' એને આ પર મારા, હું એનો એવું વિભ્રમભ્રમ અજ્ઞાન, એ રાગ પુણ્ય મારા અને હું એનો એ અજ્ઞાન, અલ્પજ્ઞપણું મારું અને એમાં હું એ અજ્ઞાન. આહા..હા..! શાસ્ત્રના જાણપણા કર્યા એ પણ મેં કર્યા અને હું કાંઈક વધ્યો એ પણ વિભ્રમ અજ્ઞાન. જ્ઞાનસમુદ્ર ભગવાન અંદર ચિદાનંદ. આહા..હા..! '**एषः**' આમ શબ્દ વાપર્યો છે. ગજબ કર્યા છેને. ભાઈ! તું તારાથી અજાણ્યો કેમ રહે? એવો તું કેમ હો? એમ કહે છે. તું તારાથી અજાણ્યો કેમ રહે? અને તું તારાથી પરોક્ષ કેમ રહે? એવો તું હો કેમ? આહા..હા..! શોભાલાલજી! આહા..! એવું સ્વરૂપ જેનું પ્રત્યક્ષ જ્ઞાનસમુદ્ર મહિમાવંત એવો આત્મા. એની મહિમા ન આવતા પરની કોઈ ચીજની લક્ષમાં લઈને મહિમા આવવી એ વિભ્રમ છે. આહા..હા..! ક્યાંય પણ કોઈ ચીજ મારી પૂર્ણતા સિવાય ક્યાંય મને ઠીક છે ત્યાં ઉલ્લસિત વીર્યથી પોતાનેપણું આ ન જાણતા આમાં મને સંતોષ છે. એ મોટો વિભ્રમ છે. પંડિતજી! ... આહા..હા..!

'**एषः**' '**આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા વિભ્રમરૂપ આડી ચાદરને...**' પહેલી તો હયાતી કહી. એક વિભ્રમરૂપી આડી ચાદર હતી.

મુમુક્ષુ :- પછી..

ઉત્તર :- પછી .. ઉત્પાદ એમાં હતો. ઓલો સોનાનો દાખલો આપ્યો હતોને? મુઠ્ઠીમાં

સોનું હતુંને મુઠ્ઠીમાં? આમ જોવે તો અરે! મરતા, દેહ છૂટતાં એની પાસે પચાસ લાખ, કરોડ, બે પાંચ કરોડ હોય, બાયડી, છોકરા, કુટુંબ. આહા..હા..! શોભાલાલજી! બૈરા બૈરા મરી ગયા ત્યારે બધા નહોતા? પૈસાવાળા હતા આ બધા લ્યોને. કેમ એને જાવા દીધી? કોણ કોને જાવા દે અને કોણ કોને રાખે? આહા..હા..! ચીજ જ્યાં જુદી છે. શ્વાસ એ એનો સગો નથી એમ નથી કહેતા આપણે? શ્વાસ લેવાયને? એ શ્વાસ પણ સગો નથી. શ્વાસ. આહા..હા..! એ શ્વાસ પણ નહિ લઈ શકે. ચોખ્ખી હવા લ્યો. શું કહે છે આ દેવાનું? ઓક્સિજન. ઓક્સિજન. આ બાટલા બાટલા મૂકે છેને. આપણે જોયું નથી. એ મૂકે છે મરતા નહિ? એને શ્વાસ ન લેવાય પછી. આ પ્રભુભાઈએ જોયું હતું લ્યો! ભાઈ! હતાને તમે? નાકથી નાખ્યું હતું. કરોડપતિ માણસ એક. આમ.. ... છ દિ' સુધી ભાન ન મળે. આહા..હા..! ગજબ એલા પ્રભુ! તું આવો કેમ થયો? આ બધા બા, ભાઈ, છોકરા બધા કરોડોપતિઓ. પાક્કા કરોડ હોં! એમ કરોડ ગણવા માટે નહિ. આમ કોઈક પાસે ૫૦-૬૦ લાખ હોય. આ તો કરોડ. ધૂળમાંય કોઈ નહિ.

બાપુ! એ ચીજ ક્યાં તારી હતી તે તું એને રાખે? એ છૂટવાને કાળે એ છૂટી જ પડી છે. ક્ષેત્રથી છૂટી થાય તો તને એમ લાગે છે કે હાય.. હાય.. છૂટી જ છે, તારી નથી, તારામાં નથી. તારે લઈને એ રહી પણ નથી. આહા..હા..! આ શરીર અને આ શ્વાસ આમ રહ્યો છે. એ તારે લઈને રહ્યો નથી એ તો એની અવસ્થાની સત્તામાં લઈને રહ્યો છે. આહા..હા..! સરખો શ્વાસ લેવાય તો મને ઠીક પડે, સરખી હવા મળે મારી માટે તો મને ઠીક પડે. મારે ભ્રમણા તે કેટલી પણ? આહા..હા..! એ બધી વિભ્રમ મોટી આડી ચાદર છે કહે. એ તેં ઊભી કરેલી છે. આહા..હા..! મૂર્ખાઈને તેં ઊભી કરી છે.

એને '**સમૂળગી ડુબાડી દઈને**...' હવે વ્યય કર્યો. એના આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એનું જ્યાં નિજનું જ્ઞાન પ્રત્યક્ષ અંદર થયું એ વિભ્રમને મૂળમાંથી. સમુળગું ન ઉત્પન્ન થાય એમ કહ્યું છેને? એને લઈને એનો શબ્દ બરાબર હશે. સમૂળગી. અંકુર ઉત્પન્ન ન થાય ફરીને. આહા..હા..! જાણ્યો એ જાણ્યો, જાણ્યો એણે માન્યો આત્માને. બાકી તો કહે છે રખડપટ્ટીના રખડમાં. એ વિભ્રમમાં પડેલી ચાદરની આડમાં દેખાતો નહોતો. એને સમુળગી ડુબાડી દીધી. સમયસારમાં છેલ્લી ગાથા નથી આવતું? કળશમાં આવે છેને નહિ? છેલ્લા કળશ નહિ? આ બધું આવું હતું. છેલ્લો કળશ. અજ્ઞાન જ્ઞાનમાં મગ્ન થઈ ગયો. મગન થઈ ગયો નહોતો ખલાસ થઈ ગયો. ડૂબી ગયો હતો ડૂબી. આહા..હા..! અરે! એનો મહિમા, એનું બેહદ સ્વભાવપણું અને એનું પૂર્ણપણું આનંદ અને જ્ઞાન આદિ અનંતગુણનું. એને ન માનતા વિભ્રમ હતો. આહા..હા..! ક્યાંક પણ મને શરીર ઠીક હોય તો ઠીક પડે, શ્વાસ ચાલે ઠીક હોય તો ઠીક પડે, નિરોગતા શરીરમાં હોય તો ધર્મધ્યાનમાં ઠીક પડે સાધન. કેમ હશે એ? પૈસા-બૈસા છે

જુઓ આ તમારા બાપ ત્યાં રહે છે. પૈસા ન હોય તો ત્યાં રળવું પડે કે નહિ?

મુમુક્ષુ :- પૈસા પૈસામાં રહ્યા પ્રભુ.

ઉત્તર :- પણ આ રહે છે એવું કાંઈક સાધન પરિણમ્યું ત્યારે રહે છેને? નહિ? આહા..હા..! પ્રભુ! તારે ક્યાં રહેવું છે? તું ક્યાં રહ્યો છો એમ તે માન્યું છે? ચીમનભાઈ! આવી વાતું છે આ? આહા..હા..!

'**સમૂળગી...**' વિભ્રમ—ભ્રમણારૂપી ચાદર એમ. '**भरेण आप्लाव्य**' પૂરી રીતે ડૂબાડીને. '**भरेण**' એટલે સમૂળગીને? '**आप्लाव्य**' એટલે નાશ કર્યો. ડૂબાડ્યો. '**भरेण**' સમૂળગી-જોરથી ડૂબાડી. '**आप्लाव्य**' નાશ કરી. આહા..હા..! હું એક અખંડ આનંદકંદ પ્રભુ! મારી પુંજી અને મારી હયાતીમાં તો આનંદ અને જ્ઞાન પૂર્ણ છે. એવું જ્યાં અંતરમાં ભાન થયું એણે વિભ્રમની આડને, ચાદરને નાખી દીધી, ડૂબાડી દીધી. પર્યાય છેને એ પણ એક અજ્ઞાન? વ્યય થાય છેને? અંદરમાં જાય છેને એ? અંદરમાં જાય પછી પરિણત થઈ. પર્યાય અજ્ઞાન છેને? તો અજ્ઞાન પર્યાય જાય ત્યારે ક્યાંક જાય કે નહિ? સત્ હતું કે નહિ? એટલે કહ્યું કે ડૂબી ગઈ ડૂબી. જ્ઞાનસમુદ્રમાં ડૂબી ગઈ. આહા..હા..! પારિણામિકભાવ થઈ ગયો. આહા..હા..! ગજબ સંતોની વાતું તે. એક-એક શ્લોકે, એક-એક કળશે ગજબ વાત કરી છે. એમ જ છે.

એ '(**દૂર કરીને**)...' ડુબાડી દઈને એટલે દૂર કરીને અર્થ કર્યો. એ પણ વ્યવહારથી કર્યો છે. ભગવાન પૂર્ણાનંદ અને અખંડ આનંદ એનું જ્યાં અંતરમાં ભાન થયું એટલે એ અજ્ઞાન ઉત્પન્ન થતું નથી. એને ડુબાડી દીધું એમ કહેવામાં આવે છે. આહા..હા..! હજી તો તકરાર બહારમાં, પંડિતાઈની. પંડિત-પંડિત એ તો પર્યાય છે. વસ્તુમાં ક્યાં છે એ? આહા..હા..! એ કહે છે '**प्रोन्मग्नः**' ઊંચો આવ્યો. ઓલો ડૂબી જાતો હતો. પોતે ડૂબી જાતો હતો એને ડૂબાડી દીધો. અજ્ઞાનભાવે પોતે ડૂબી જતો હતો. પોતાની હયાતીનું ભાન નહોતું. એ '**प्रोन्मग्नः**' '**प्रोन्मग्नः**' આવ્યો ઊંચો. ઓહો..! હું અનંત જ્ઞાન અને આનંદનો ભંડાર એવો હું, એવું અંતર ભાન એ પ્રૌઢ મગ્ન '**प्रोन्मग्नः**' આહા..હા..! પ્રો-વિશેષે, ઉન્મગ્ન-ઉછળ્યો. અંતરમાં અનંત જ્ઞાન, આનંદથી, અંતરમાં જ્યાં આમ ભાનમાં આવ્યો એ પર્યાયમાં અનંત જ્ઞાન ઉછળ્યું. આહા..હા..! સમ્યગ્દર્શનમાં એ ઉછળ્યો એમ કહે છે. શક્તિરૂપે જે હતો એ પર્યાયમાં વ્યક્ત પૂર્ણ છું એવું એને ભાન થયું. ઉછળી ગયો. આહા..હા..! દરિયામાં જેમ સમુદ્રમાંથી ભરતી આવે એમ ભગવાનના અનંત આનંદ અને જ્ઞાનની એકાગ્રતા થતાં, ભ્રમણાને નાશ કરતા અભ્રમ એવી દશા '**प्रोन्मग्नः**' ઉત્પન્ન થઈ. '**પોતે સર્વાંગ પ્રગટ થયો છે;...**' એમ લીધુંને? '**प्रोन्मग्नः**' વિશેષે. પ્ર-વિશેષે ઉન્મગ્ન સર્વાંગ પ્રગટ થયો છું. સર્વાંગ અસંખ્ય પ્રદેશે અનંતગુણના આનંદ આદિના ભાનથી પ્રગટ થયો છે. એનું જ્યાં ભાન થાય એને આત્મા જાણ્યો કહેવામાં આવે છે. આહા..! સુજાનમલજી! વાંધા પછી એ. ભગવાન! કોની સાથે વાંધા ઉઠાવે છે

ભાઈ! આહા..હા..!

બીજો મને ભૂલાવે, કર્મ ભૂલાવે, કોઈ ઈશ્વર ભૂલાવે અને બીજો મદદ કરે તો મારી ભૂલ ટળે. બેય જૂઠું છે. આહા..હા..! એકલા પોક હોય અનાજ ચડે ત્યારે તો ઠીક લાગે કે નહિ? તૃષા લાગી હોય અહીં અને એમાં મોસંબીના પાણી આઈસ્ક્રીમ હોય. હા.. એટલું થાય કે નહિ? ન થાય? એટલે એક છોકરાને મોસંબીના પાણી આપતા. ત્રણ ભાઈ વચ્ચે એક જ દીકરો હતો. ગુરુકુળ. ત્રણ ભાઈ હતા પાટીદાર ગૃહસ્થ. ત્રણ ભાઈ વચ્ચે એક છોકરો હતો. અહીં ભણાવતા હતા આ ગુરુકુળમાં. છેલ્લે બિચારાનું ધ્યાન રાખતા-રાખતા કાંઈક એમ કે મોસંબીનું પાણી આપો. ત્રણ મા-બાપ અહીં નહોતા. ત્રણ ભાઈઓ હતા એના વચ્ચે એક જ છોકરો. ત્યાં હતા. ઓલા મકાને. મોસંબીનું પાણી નાખ્યું આમ. નાખ્યા ભેગું તો શ્વાસ ગયો મોસંબી નાખ્યું તો દેહ છૂટ્યો, શ્વાસ છૂટી ગયો. પછી બાળ્યામાં ઘી નાખ્યું. એવું સાંભળ્યું હતું. ગૃહસ્થનો દીકરો હતોને એનો ઓલો ... ઘી નાખે કે ... એ રાખ સિંહ કે વાઘ ખાઈ જાય એમાં એને શુ?

આતો વિભ્રમરૂપી ..અગ્નિને જેણે ઠારી દીધી. આ મરેલા નથી કાંઈ કરતા ત્યાં જાય છેને સ્મશાનમાં લાડવો મૂકવા ને પાણી મૂકવા. સ્મશાનમાં જાય છે અગ્નિ ઠારવા. રખ્યા ભેગી. ગટકું મૂકે, એક લાડવો મૂકે, પછી એને મટકી મૂકે બે પગ વચ્ચે એમ કહે છે. સાંભળેલું છે. આપણે કોઈ દિ' જોયેલું નથી હોં. મરી ગયો હોયને લાશ પડી હોયને એની બે વચ્ચે પથરો મૂકે અને રાખ ઉપર એક ગટકું એટલે શું કહેવાય મટકી. એમાં એક શંકોરું હોય એના ઉપર લાડવો મૂકે.

મુમુક્ષુ :- એને ક્યાં ખબર છે શું કરવા મૂકે છે?

ઉત્તર :- કહો, એને પણ કાંઈ ખબર નથી. ગટકા તો બે પગ વચ્ચે .. નાખીને આમ કહે છે. ફૂટી જાય સીપરું. પાણી ભરેલું હોયને રાખ રહી ગયો એ ઠર્યો. ભ્રમણા તે કેટલી? આહા..હા..! એને પછી મરીને કાગડો થાય એનો બાપ. શ્રાદ્ધ નાખે.

મુમુક્ષુ :- એ તો ..

ઉત્તર :- .. ત્યાં સુધી કાગડો થઈને આવ્યો હશે? મા-બાપ બધા મરીને કાગડા થતા હશે? અરેરે! આવી ભ્રમણા જગતની. હવે એને આત્મા શું એ ક્યાં બેસે? એક તો બહારમાં ઉંચો માથું, પૈસા ને આબરૂમાં, શરીર સુંદર હોય, રૂપાળું હોય, વહુ જ્યાં ઠીક હોય, દીકરા સારા હોય, દુકાન સારી ચાલતી હોય. આહા..હા..! માથામાં દુઃખાવો પણ ન આવ્યો હોય સુંઠ ચોપડવાને બસ આપણે તો. આહા..હા..! સુખી છીએ. મૂર્ખ મોટો છે. એ મૂર્ખાઈને ઊભી પોતે કરી છે કહે છે. એ જાગૃત થઈને એ મૂર્ખાઈને ટાળી. આહા..હા..! અરે જ્યાં હું છું ત્યાં અલ્પજ્ઞ અને રાગાદિ જ્યાં નથી ત્યાં બીજી ચીજની તો ગંધ શેની છે? અને

જ્યાં હું છું ત્યાં અપૂર્ણતા કેમ હોય? આહા..હા..! એવા સ્વભાવનું **'સર્વાંગ પ્રગટ થયો છે;...'** એમ કીધુંને? ઓલો નાશ કર્યો. આ ઉત્પન્ન થયો. આહા..હા..! ગજબ વાત કરે છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. ઉત્પાદ કરેલો ખરો ભ્રમણાનો. એ ભ્રમણાના ઉત્પાદનો વ્યય કર્યો. જે સમયે ઉત્પાદ થયો એ વખતે તો વ્યય ન થાય. બીજે ક્ષણે. આમ જ્યાં ગયો ઠર્યો અંદરમાં. એટલે અજ્ઞાનનો નાશ થયો અને ભગવાન સર્વાંગે પ્રગટ થયો. એટલે એમ કહે છે કે એ સમ્યગ્દર્શન આદિમાં પણ અંશ પ્રગટ થાય એમ નથી. અસંખ્ય પ્રદેશમાં અમુક પ્રદેશે અંશે, બીજે પ્રદેશે એમ કાંઈ (એમ નથી) આખા અસંખ્ય પ્રદેશે પૂર્ણ પ્રગટ થઈ ગયો. આહા..હા..! સર્વાંગ પ્રગટ થયો.

**'अमी समस्ताः लोकाः'** **'તેથી હવે આ...'** એમ. આ **'अमी'** **'अमी'** એટલે આ. સમસ્ત લોક. અરે ભગવાન! અરે જીવો! હવે તેમાં તમે આવો અંદરમાં. એમ કહે છે. સાગમટે નોતરું. લાલજીભાઈ! બધા આત્માઓ અરે આવી ચીજ પ્રગટીને પ્રભુ છેને. એમાં આવો તમે આવો. આહા..હા..! આવો ધર્મ કઈ જાતનો? આહા..હા..! માર્ગનું સ્વરૂપ તો માર્ગનો ધર્મ આ છે. બીજી બધી વાતું કરીને વખત ગાળ્યો તે. આહા..હા..! કહે છે **'अमी समस्ताः लोकाः'** અરે! આ બધા લોકો. એનો અર્થ કે જે પોતાની ચીજ પ્રગટી એમ બધાને કહે છે. બધા આવીને ભાઈ! તમારા સમુદ્રમાં જાવને પ્રભુ! આહા..હા..! તમને ત્યાં શાંતિ મળશે, શાંતિ વળશે, અશાંતિ ટળશે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ આ નવરાશ ક્યાં બહારમાં? પાંચ-પચાસ હજાર મળતા હોય, બે-પાંચ-દસ લાખની મૂડી હોય.

મુમુક્ષુ :- નિરાંતે ધર્મ રાખશું.

ઉત્તર :- પછી રાખશું નિરાંતે. અત્યારે હમણા નહિ. આહા..હા..!

અહીં તો અમી બધા જગતના જીવો શાંતરસે. આહા..હા..! એ તો શાંતિ અકષાયરસનું સમુદ્ર ભગવાન છે. એ શાંતરસે પડો અંદરમાં. છે? એકી સાથે એમ પાછું. આહા..હા..! શાંત... શાંત... શાંત... એ પ્રભુ પોતે તો શાંતરસથી તત્ત્વ ભરેલું છે. અકષાય સ્વરૂપ જ છે. વીતરાગ સ્વરૂપ જ છે, જિન એનું સ્વરૂપ જ છે. જિનસ્વરૂપ કહો, વીતરાગસ્વરૂપ કહો, અકષાય સ્વરૂપ કહો, કે શાંતરસ કહો. એના શાંતરસમાં એમ છેને? શાંતરસે એટલે એના શાંતરસે એમ કહ્યું છે. શાંતરસ એનો પણ શાંત... પુણ્ય-પાપની વિકલ્પની લાગણી તો કષાય છે, અગ્નિ છે. ત્યારે એનો અભાવ કરીને અંદરમાં જ્યાં ગયો શાંતરસે પ્રગટ થયો. અકષાયની શાંતિની રેલ, અકષાયની શાંતિની રેલ ઉછળી. આહા..હા..! 'ઉપશમ રસ...' આવે છેને. 'ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં. ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' એમ આંખ જ્યાં નિર્મળ શાંત ઉપશમ રસ ઝર્યો. આહા..હા..! આને આત્મા કહીએ. ભારે આકરું કામ. એકકોર શું કહે છે એ સમજાવું કઠણ. શું કહે છે આ તે? આવી વાત! ઓલા ..માં તો

એમ કહે છે હોં કે આ બધી વાત કરે તો અમને પકડાતી નથી. શું કહે છે આ? અપવાસ કરવાનું કહે, આ દાન દેવાનું કહે, શીયળ બ્રહ્મચર્ય પાળવાનું કહે આટલા દિવસ પાળવું તો સમજાય પણ ખરું. વ્રત કરવા. હવે આ બધી વાતું શું કરે? કહે છે કે વ્રત ને આ પાળવું આ પાળવું એવો જે તારો વિકલ્પ છે એ તો બધો અગ્નિ છે. એને છોડ અને શાંતરસમાં આવી જા. સમજાણું કાંઈ?

**'શાંત રસમાં...' 'समम् एव' 'એકીસાથે જ...'** એમ પાછું. **'निर्भरम्' 'અત્યન્ત મગ્ન થાઓ.'** પાછું થોડું મગ્ન નહિ એમ. શાંતરસમાં સમગ્રપણે અત્યંત મગ્ન થાઓ અંદરમાં. આહા..હા..! અત્યંત મગ્ન થાઓ. તારા આનંદને માટે કોઈ ચીજની તને જરૂર નથી. એવો આનંદથી ભરેલો શાંતરસથી ભરેલો સમુદ્ર છો. આહા..હા..! **'आलोकम् उच्छलति' 'મગ્ન થાઓ. કેવો છે શાંત રસ? સમસ્ત લોક પર્યંત ઊછળી રહ્યો છે.'** એટલે કે બધાને જાણે છે અથવા આખા જગતની અંદર દરેક આત્મામાં આવો શાંતરસ પ્રગટપણે પરિણમે છે એવી એની શક્તિ છે. આહા..હા..! સમજાણું? **'आलोकम् उच्छलति'** સમસ્ત લોક ઉછળી રહ્યો છે. આખી દુનિયાના અનંત આત્માઓ એ બધા શાંતરસથી ભરેલા જ પ્રગટ થાય છે કહે છે. આહા..હા..! એનામાં શાંતરસ પડ્યો જ છે પૂર્ણ. એનાથી પ્રગટ થાઓ. ઉછળી રહ્યો છે એ તો કહે ઉછળી રહ્યો છે. આહા..! જેને ઉછળ્યો એ ઉછળી રહ્યો છે આખી દુનિયાને એમ કરીને. આવો... આવો.. પ્રભુ આવો.. એ ઘરમાં આવો. એમ કહે છે. આહા..હા..!

**'आलोकम् उच्छलति'** આહા..હા..! સમસ્તલોક .. **'લોક પર્યંત ઊછળી રહ્યો છે.'** બધા જીવોમાં એવો સ્વભાવ જ છે અને કાં જેને આ અજ્ઞાન ટળીને જ્ઞાન થયું એટલે કેવળજ્ઞાનમાં લોકાલોક જણાઈ જાય. સમ્યગ્જ્ઞાનમાં પણ જણાય છે અને કેવળજ્ઞાનમાં પણ જણાય છે. ભાવાર્થ. કહો, આ છોકરાના શરીરમાં આવું હશે? આવો આત્મા! .. ભાન નથી એને. પાંચમી ચોપડી ભણે, છઠ્ઠી ભણે, સાતમી ભણે એમ કહે છેને. શું ભણો છો? સાતમી. અહીં કહે છે કે શું ભણવું છે? આત્મા. આહા..હા..!

**'ભાવાર્થ :— જેમ સમુદ્રની આડું કાંઈ આવી જાય ત્યારે જળ નથી દેખાતું...'** દરિયાની આડમાં કાંઈક આવે તો દરિયો દેખાતો નથી. આડ હોય એ દેખાય. લાકડાનું .. મૂકે છેને. તણાઈને આવે ક્યાંકથી તણાઈને મોટા ઊંચા. લાકડા પડ્યા હોય કાંઠે પાંચ-પાંચ હાથ ઉંચા. દરિયો દેખાય નહિ ત્યાં પહોંચ્યો હોય તો. ઓહો.! **'અને જ્યારે આડ દૂર થાય ત્યારે જળ પ્રગટ થાય;...'** પ્રગટ થાય છે એનો અર્થ? જળ તો પ્રગટ નહોતું ને થયું? જાણવામાં આવ્યું કે ઓહો..! આ દરિયો! છે. ખ્યાલમાં આવ્યો નહોતો અને ખ્યાલમાં આવ્યો એ પ્રગટ થાય છે એમ. આહા..હા..!

**'પ્રગટ થતાં, લોકને પ્રેરણાયોગ્ય થાય...'** પ્રેરણા કરે. દરિયો પ્રેરણા કરે છે એમ કીધું. **'આ જળમાં સર્વલોક સ્નાન કરો;...'** આહા..હા..! **'તેવી રીતે આ આત્મા વિભ્રમથી આચ્છાદિત હતો...'** કર્મથી ઢંકાયેલો હતો એમ નથી કહ્યું. પોતાની ચીજને ભૂલી, ભૂલથી આચ્છાદિત હતો. આહા..હા..! ઓલામાં કહ્યું છેને જિનાજ્ઞા માને તો આવી અનીતિ ન સંભવે. મોક્ષમાર્ગપ્રકાશક. ભાઈ! વિકાસ થાય તો પણ કાંઈ કોઈ ચીજ વિના થાય? ધર્મની પ્રેરણાથી થાય અને એ પ્રેરકતી હોય છે. પ્રેરક કરવું છે. આહા..હા..! જો તું જિનાજ્ઞા માન આવી અનીતિ ન સંભવે. એક જણો તો વળી એમ કહે કે કર્મ છે એ નિમિત્ત થઈને આવે એટલે વિકાર કરવો જ પડે. આહા..હા..! નિમિત્તથી પણ તું કરતો એને નિમિત્ત કહેવાય? ન કર તો નિમિત્ત કહેવાય? હજી જેને વિકારની ઉત્પત્તિની ખબર નથી. આહા..હા..! કેમ ભૂલ્યો છું એની ખબર નથી એને ભૂલ ભાંગવાની તો ખબર નથી લાગી. આહા..હા..! ભારે આકરું કામ. અનાદિથી **'નહોતું દેખાતું; હવે વિભ્રમ દૂર થયો ત્યારે યથાસ્વરૂપ...'** યથાસ્વરૂપ. **'(જેવું છે તેવું સ્વરૂપ) પ્રગટ થયું;...'** હતું તે પ્રગટ થયું. પર્યાયમાં ભાસ્યું પ્રગટ થયાનો અર્થ. પર્યાયમાં નહોતું ભાસતું ત્યારે એ પ્રગટ નહોતું એમ કહેવામાં આવ્યું છે. પર્યાયમાં ભાસ્યું અંતરમાં ત્યારે આ પ્રગટ થયું.

**'તેથી હવે તેના વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસમાં એકીવખતે...'** લ્યો! આ વિશેષણ વાપર્યું. એ ભગવાન આત્મા વીતરાગ વિજ્ઞાનરૂપ છે. કષાયરૂપ તો નથી, પણ વીતરાગ વિજ્ઞાનરૂપ છે. આહા..હા..! **'વીતરાગ વિજ્ઞાનરૂપ શાંતરસ...'** શાંત... શાંત... શાંત... એવા શાંતમાં **'એકી વખતે...'** એક જ કાળે **'સર્વ લોક મગ્ન થાઓ...'** પોતાની મગ્નતા થઈ. એવી ભાવના હોયને. બધા એવા થાવ ભાઈ! ખબર નથી તમને કે અભવિને મોક્ષ ન જાય એને કેમ યાદ ન રાખ્યા? સાંભળને હવે. અહીં તો કહે છે સર્વ લોક મગ્ન થાઓ. સાગમટે નોતરું આપેને જમવાનું? પછી કોઈ માંદો હોયને ન આવે, ક્ષય રોગ થયો હોય ન આવે એ એને કારણે ન આવ્યો. પણ એને તો બધાને સમાવા. આહા..હા..!

કહે છે **'એકીવખતે સર્વ લોક મગ્ન થાઓ એમ આચાર્યે પ્રેરણા કરી છે. અથવા એવો પણ અર્થ છે કે જયારે આત્માનું અજ્ઞાન દૂર થાય...'** બધું. એટલે કેવળજ્ઞાન પ્રગટ થાય. બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાન નહિ. પણ ઓછું જ્ઞાન. અભાવ. એનું જ્યારે નાશ કરે, કેવળજ્ઞાન પ્રગટ થાય. ઝળહળ જ્યોતિ ચૈતન્ય પ્રભુ. ઝળહળ જ્યોતિ છેને શબ્દ? 'ઝળહળ જ્યોતિ સ્વરૂપ કેવળ કૃપા નિધાન. ઝળહળ જ્યોતિસ્વરૂપ.' ચૈતન્ય ઝળહળ જ્યોતિ એવો ભગવાન આત્મા એને અજ્ઞાન દૂર થતાં ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. **'કેવળજ્ઞાન પ્રગટ થતાં સમસ્ત લોકમાં રહેલા પદાર્થો એકીવખતે જ જ્ઞાનમાં આવી ઝળકે છે...'** જણાય છે. આવીને ઝળકે ત્યાં ક્યાં આવવું હતું? જ્ઞાનનો સ્વભાવ જ એવો પૂર્ણ પ્રગટ

થયો. એમાં બધું જીવનું સ્વરૂપ એનું, જેવું છે એવું પોતાની પર્યાયમાં આવી ગયું, જણાઈ ગયું બધું. આહા..હા..! એવડો મોટો.

**'એકીવખતે જ જ્ઞાનમાં આવી ઝળકે છે તેને સર્વ લોક દેખો.'** જુઓ, તે પર્યાયને દેખો એમ કેવળજ્ઞાન પ્રતાપ. લોગસ્સમાં પણ આવે છેને સિદ્ધા સિદ્ધં મમં દિસંતુ. હે શ્રી ભગવાન મને સિદ્ધપદ દેખાડો. દેખાડોનો અર્થ કે કેવળજ્ઞાન થાય ત્યારે સિદ્ધપદ દેખાય. લોગસ્સ આવે છે લોગસ્સ. લોગસ્સ નહિ કર્યું હોય તે. જન્મ્યો દિગંબર થયા પછી. તમે તો કર્યું હશે કે નહિ? સામાયિકમાં? લોગસ્સ ... એમાં આવે છે. હે સિદ્ધ ભગવાન મને સિદ્ધા સિદ્ધં મમં દિસંતુ. મને દેખાડો. ... એનો અર્થ કે હું કેવળજ્ઞાન થાવ ત્યારે સિદ્ધપદને જાણું છું મને કેવળજ્ઞાન થાઓ.

**'આ રીતે આ સમયપ્રાભૃતગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકામાં ટીકાકારે પૂર્વરંગસ્થળ કહ્યું.' 'અહીં ટીકાકારનો એવો આશય છે...'** અમૃતચંદ્રાચાર્ય. **'આ ગ્રંથને અલંકારથી નાટકરૂપે વર્ણવ્યો છે.'** અલંકારથી નાટક વર્ણવ્યું છે એમ. અલંકાર કરીને. નાટકમાં અલંકાર કર્યો છે. **'નાટકમાં પહેલાં રંગભૂમિ રચવામાં આવે છે.'** શું કહેવાય એ? સ્ટેજ. એની .. કરવું એમ આવે છેને. આહા..હા..! **'ત્યાં જોનારાં નાયક તથા સભા હોય છે...'** નાયક અને સભા બે લીધા. **'નૃત્ય (નાટ્ય, નાટક) કરનારા હોય છે...'** ત્રીજા. **'જેઓ અનેક સ્વાંગ ધારે છે તથા શૃંગારાદિક આઠ રસનું રૂપ બતાવે છે.'** શૃંગાર આદિ બતાવેને એમાં? બધું બતાવે. શાંતરસ સિવાય. આહા..હા..! એમાં છે? **'શૃંગારાદિક આઠ રસનું રૂપ બતાવે છે. ત્યાં શૃંગાર,...'** એવા શણગાર પહેરીને આમ શરીર બતાવે છેને ત્યાં? રાજાના કુંવર થાય. દેખાવ એવો હોય છે. આઠ રસ છે. એ નવ રસમાં બીભત્સરસ આદિ. શૃગાંર રસ **'હાસ્ય,...'** રસ. દાંત કઢાવે એવા ખેલ કરેને? **'રૌદ્ર,...'** રસ. એવું રૌદ્રપણું મારે કાપે એટલે લાગે. દેખાવ. રસ. નાટકમાં સમજ્યાને. **'કરુણા,...'** રસ. દયા આવી જાય એવો રસ. એવું બતાવે. **'વીર,...'** રસ. આમાં બધાને લૌકિકમાં નાખ્યા છે હોં. બધા રસને .. સમયસાર નાટક. સમયસાર નાટક ધર્મનું નાખ્યું છે. શૃંગારરસને..

મુમુક્ષુ :- શાંતરસ

ઉત્તર :- રૌદ્ર એ બધાને બતાવ્યા છે. એ ધર્મમાં બતાવ્યા છે ત્યાંતો. અહીં તો આ લૌકિક બતાવવું છેને. કરુણા વીરરસ.

**'ભયાનક,...'** ભય ઉપજાવે આમ .. ઉપજે ખાલી. **'બીભત્સ,...'** દુગંછા ન થાય બીભત્સ.. આદિ. અને **'અદ્ભુત...'** રસ. અહીં તો એ બધા નાખ્યા લૌકિકમાં. એ નૃત્યમાં તેનો અધિકાર નથી. શેનો? શાંતરસનો. **'એ આઠ રસ છે તે લૌકિક રસ છે;...'** અહીં કહેવું છે હોં અહીં. લૌકિક રસ આમાંથી નીકળે છે. ઓલામાં ઉતાર્યા છે પરમાત્મપ્રકાશમાં

એ. ... ...એમાં ઉતાર્યા છે. ધર્મમાં ઉતાર્યા છે આઠેય. એ '**નાટકમાં તેમનો જ અધિકાર છે...**' તેમનો જ અધિકાર છે કહે છે. આ લૌકિક આઠમાં. '**નવમો શાંતરસ છે...**' આહા..હા..! '**તે અલૌકિક છે;...**' આત્મામાં અવિકારી વીતરાગી વિજ્ઞાનદશા પ્રગટ થવી. શાંતરસ, અલૌકિક રસ. જે શાંતરસની આગળ તીર્થંકરગોત્રનો વિકલ્પ પણ અગ્નિ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અગ્નિ છે. એવો અવ્યભિચારી શાંતરસભાવ ભરેલો એનો અધિકાર કહે છે લૌકિકમાં નથી એમ કહે છે.

'**નૃત્યમાં તેનો અધિકાર નથી. આ રસોના સ્થાયી ભાવ,...**' એ જ એનું સ્વરૂપ છે. '**સાત્ત્વિક ભાવ, અનુભાવી ભાવ, વ્યભિચારી ભાવ અને તેમની દૃષ્ટિ આદિનું વર્ણન રસગ્રંથોમાં છે...**' બીજામાં છે '**ત્યાંથી જાણવું.**' સામાન્ય જાણવું એ તો જાણવું હોય એની વાત છે. અહીં તો આ રસ છે એ આત્મામાં સમજાવું છે. '**સામાન્યપણે રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું,...**' લ્યો! જ્ઞાનમાં જે જ્ઞેય આવતા તદાકાર થાય, એકાકાર એને રસ કહીએ. સંસારમાં પણ તદાકાર વિષય, ભોગ, આબરૂમાં થાય તો એમાં તદાકાર તો એ રસમાં પડ્યો કહેવાય. આહા..હા..! છે? '**રસનું એ સ્વરૂપ છે કે જ્ઞાનમાં જે જ્ઞેય આવ્યું તેમાં જ્ઞાન તદાકાર થયું, તેમાં પુરુષનો ભાવ લીન થઈ જાય અને અન્ય જ્ઞેયની ઈચ્છા ન રહે તે રસ છે. તે આઠ રસનું રૂપ નૃત્યમાં નૃત્ય કરનારા બતાવે છે; અને તેમનું વર્ણન કરતાં કવીશ્વર જ્યારે અન્ય રસને અન્ય રસની સમાન કરીને પણ વર્ણન કરે છે ત્યારે અન્ય રસનો અન્ય રસ અંગભૂત થવાથી તથા અન્યભાવ રસોનું અંગ હોવાથી, રસવત્...**' બીજું વર્ણવે એમ કહે છે. '**અલંકારથી તેને નૃત્યના રૂપે વર્ણવવામાં આવે છે.**'

'**અહીં પ્રથમ રંગભૂમિસ્થળ કહ્યું. ત્યાં જોનારા તો સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે...**' લ્યો! આહા..હા..! હવે '**તેમ જ બીજા મિથ્યાદૃષ્ટિ પુરુષોની સભા છે,...**' પહેલું કહ્યું હતુંને એમાં? જોનારા નાયકની સભા હોય છે. આહા..હા..! જોનારા સમ્યગ્દૃષ્ટિપુરુષ છે આત્માનું નાટક જોનારા. આહા..હા..! સ્વપરનું નાટક જે થાય એને જાણનારા ધર્મી જીવ છે. '**તેમ જ બીજા મિથ્યાદૃષ્ટિ પુરુષોની સભા છે, તેમને બતાવે છે.**' એમ કહે છે. ઘણા કહે છેને કે આ સમયસાર મુનિઓને માટે છે. અહીં તો મિથ્યાદૃષ્ટિ સભાને બતાવે એમ કહે છે. આહા..હા..! અપ્રતિબુદ્ધને સમજાવે છે આવે છેને પહેલું? અહીં છે '**પ્રથમ રંગભૂમિસ્થળ કહ્યું. ત્યાં જોનારા તો સમ્યગ્દૃષ્ટિ પુરુષ છે તેમ જ બીજા મિથ્યાદૃષ્ટિ પુરુષોની સભા છે, તેમને બતાવે છે. નૃત્ય કરનારા જીવ-અજીવ પદાર્થ છે અને બન્નેનું એકપણું,...**' જીવ અધિકાર થયોને પૂરો? જીવ અને એક અજીવ અધિકાર ચાલે છેને? હવે અજીવ. એનું એકપણું બતાવે. '**કર્તાકર્મપણું આદિ તેમના સ્વાંગ છે.**' આહા..હા..! આત્મા રાગનો કર્તા

અને પરનો કર્તા એ તો અજ્ઞાનનો એક સ્વાંગ છે. એવું એમાં બતાવે. આહા..હા..! આમાં હોંશિયાર માણસ કામમાં પડ્યા હોય તો દેખાય કે નહિ? સારું કામ ન થાય? ભગવાનજીભાઈ! આ કારખાના હોય લ્યો. એ ધ્યાન રાખે તો આમ થડે સારો માણસ બેઠો હોય તો કામ બધું વ્યવસ્થિત દેખાય. લ્યો નોકર-બોકર. અમારા રાયચંદભાઈને એ હતા. એટલી ઓલી હતી આબરૂ પૈસાવાળા. તે દિ' પાંચ લાખ રૂપિયા હશે. શેરીમાં જ્યાં આવે ત્યાં નોકરો બધા આમ પગ કરીને બેઠા હોય એ શેઠ આવે છે ત્યાં આમ પગ સંકેલીને કપડા બપડા સરખા કરી નાખે. બોટાદ. આખી શેરી અને દુકાન બજાર. છેક નજર પડે કે એ શેઠ આવ્યા. ત્યાં પગ કોઈ આડા કરીને બેઠું હોય.. એકદમ સરખા થઈ જાય. કહો, એટલો પ્રભાવ પડતો હશે કે નહિ? આહા..હા..! બધી વાતું છે. કોનો પ્રભાવ કોના ઉપર પડે? કોઈની કોઈ પર્યાય ક્યાંય ચાલી જાય છે ત્યાં? આહા..હા..!

અહીં તો કહે છે '**એકપણું, કર્તાકર્મપણું આદિ તેમના સ્વાંગ છે.**' જડ અને ચૈતન્ય એક માને એ પણ અજ્ઞાનનું એક સ્વાંગ છે. આત્મા રાગનો કર્તા, દુનિયાના કામનો કર્તા, એ પણ નથી અને કહેવું એક મોટો સ્વાંગ છે. આહા..હા..! તેમના સ્વાંગ એ બધા અધિકાર છે એમાં લઈ લેવા. '**તેમાં તેઓ પરસ્પર અનેકરૂપ થાય છે,- આઠ રસરૂપ થઈ પરિણમે છે, તે નૃત્ય છે. ત્યાં સમ્યગ્દષ્ટિ જોનાર જીવ-અજીવના ભિન્ન સ્વરૂપને જાણે છે;...**' ધર્મી જીવ જ જીવ-અજીવના ભિન્ન સ્વરૂપને જાણે. હું આનંદ અને જ્ઞાન છું એ ધર્મી, રાગાદિ શરીર મારા નહિ, મારામાં નહિ એ સમ્યગ્દષ્ટિ ધર્મી જાણે છે. કહો, સમજાણું? '**તે તો આ સર્વ સ્વાંગોને કર્મકૃત જાણી શાંત રસમાં જ મગ્ન છે...**' રાગાદિ કર્મકૃત છે એમ. આત્મામાં ક્યાં સ્વરૂપ છે એ? કર્મકૃત આવ્યું હતુંને ૧૪માં એમ આવે છે.

મુમુક્ષુ :- છેલ્લે આવ્યું હતુંને?

ઉત્તર :- છેલ્લામાં એ ૧૪મી ગાથામાં એમ આવ્યું હતું પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. .. હા એ. કર્મકૃત રાગાદિ અને શરીરાદિ એથી રહિત આત્મા છે. એને સહિત માનવો એ જ ભવનું બીજ છે.. આહા..હા..! '**અને મિથ્યાદષ્ટિ જીવ-અજીવનો ભેદ નથી જાણતા તેથી આ સ્વાંગોને જ સાચા જાણી એમાં લીન થઈ જાય છે.**' લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ-૧૨, રવિવાર, તા. ૦૬-૦૮-૧૯૭૨**
**કળશ-૩૨-૩૩, પ્રવચન-૧૨૪**

મિથ્યાદષ્ટિ એટલે જેની દૃષ્ટિમાં ધર્મ છે, આત્મા શું છે આનંદસ્વરૂપ એની ખબર નથી. તેને આત્મા સિવાય ક્યાંક ઉત્સાહિત વીર્ય થઈને સ્વભાવિક દૃષ્ટિ દેખાય છે એ બધું મિથ્યાદષ્ટિપણું છે. પોતાની ચીજ સિવાય ક્યાંય પણ રજકણથી માંડીને ઋદ્ધિ વૈમાનિકની કહે. સંયોગોની અવસ્થાઓ સુંદર આદિ એમાં મને કાંઈક આહ્‌લાદ સુખ છે, ઠીક છે એમ ભાસે છે એ મિથ્યાદષ્ટિ છે. '**મિથ્યાદષ્ટિ જીવ-અજીવનો ભેદ નથી જાણતા...**' મારામાં આનંદ છે અને આ બધી ચીજો દુઃખમાં નિમિત્ત છે, દુઃખ છે. રાગાદિના પરિણામ ચાહે તો શુભ હો કે અશુભ એ દુઃખ છે. એ ખરેખર અજીવનું સ્વરૂપ છે એમ જાણતા નથી. '**આ સ્વાંગોને જ સાચા જાણી એમાં લીન થઈ જાય છે.**' શરીરનો સ્વાંગ અજીવનો, પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓનો સ્વાંગ એ રાગમાં આવતો જ નથી. એને જ પોતાના જાણી અથવા સાચા જાણી એમ લેવું. એમાં લીન થઈ જાય છે. કહો, સમજાય છે આમાં?

'**તેમને સમ્યદૃષ્ટિ યથાર્થ સ્વરૂપ બતાવી,...**' લ્યો અહીં તો અહીંથી આમ લીધું છે. ઓલા કહે સમયસાર તો છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને. એને જાણવા માટે છે. અહીં તો સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદષ્ટિને સ્વરૂપ બતાવે છે. ભાઈ! તું જે સ્વાંગ પુણ્ય-પાપનો એના ફળનો બહાર સ્વાંગ એ .. તને પ્રીતિ અને રુચિ અધિક ભાસે તો તું પરને પોતાનું માને છો. એને સમ્યગ્દૃષ્ટિ સમજાવે છે. તેમનો ભ્રમ મટાડે છે. ભ્રમ તો ઓલો મટે છે. ત્યારે એને મટાડે છે એમ કહેવામાં આવે છે. .. છે આમાં. '**તેમનો ભ્રમ મટાડી,...**'

મુમુક્ષુ :- મિથ્યા દ્રવ્યની વાત કરી

ઉત્તર :- મિથ્યા દ્રવ્યની.. અહીં તો એને સમજાવનાર મુનિ અને સમજનાર એ પાત્ર કોણ છે એનો સંબંધ બતાવે છે.

'**તેમનો ભ્રમ મટાડી, શાંતરસ તેમને લીન કરી...**' આ સમ્યગ્દૃષ્ટિ છે. આત્માનો જે શાંત અનાકુળ આનંદ સ્વભાવ એમાં લીન થવું એ સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? જેવો એનો સ્વભાવ ભગવાન આત્મા અનાકુળ આનંદ, જ્ઞાનસ્વરૂપ એવી અંતરમાં પ્રતીત થવી એ ભાસ થઈને પ્રતીત થવી એને શાંતિમાં લીન કરે છે. એનો અર્થ કે અનાદિથી અશાંતિમાં લીન હતો. આહા..હા..! ચાહે તે પંચ મહાવ્રતના પરિણામ

કરતો હોય કે અવ્રતના પરિણામ અનંતાનુબંધીના જે હોય એ બધી અશાંતિ હતી. સુજાનમલજી! આહા..હા..! એ જીવને અશાંતિ મટાડી, બાપુ! એ ચીજ તારી ચીજ નહિ હોં. એ તો કૃત્રિમમાં છે. છે એ ચીજ તારાથી જુદી છે. એમ એને જણાવ્યું ત્યારે '**તેમને લીન કરી સમ્યગ્દૃષ્ટિ બનાવે છે.**' જુઓ, એમાં એમ છે સમ્યગ્દૃષ્ટિ બનાવે છે. ભાષા તો એમ સમજાવામાં શું આવે ભાઈ! સમજાણું કાંઈ?

જે આનંદ અને શાંત જો અવિકારી સ્વરૂપ છે એને છોડીને જે પુણ્ય અને પાપ આદિ વિકલ્પ અને જેના ફળમાં પોતાની ચીજ સિવાય પરની કોઈ ચીજ અનુકૂળ છે એમ ભાસે એ બધો મિથ્યાત્વભાવ અશાંતિમાં લીનતા છે. નવરંગભાઈ! આહા..હા..! એને શાંતમાં લીન કરે છે. બાપુ! તારું સ્વરૂપ તો ભગવાન તું છોને નાથ! તારી મહિમાનો પાર નથી. અને એ તું ક્યાં રાગ અને મહિમામાં રહી જાય છો? એવું સમજાવીને એને બહિર્મુખમાં શાંતિ અને અશાંતિ માનતો એને અંતરમાં વાળીને શાંતિ એમાં છે એમ બતાવે છે.

'**તેની સૂચનારૂપે રંગભૂમિના અંતમાં આચાર્યે 'मज्जन्तु'...**' '**मज्जन्तु**' શબ્દ છેને કળશમાં? '**આ શ્લોક રચ્યો છે. તે હવે જીવ-અજીવનો સ્વાંગ વર્ણવશે તેની સૂચનારૂપે છે એવો આશય સૂચિત થાય છે. આ રીતે અહીં સુધી તો રંગભૂમિનું વર્ણન કર્યું.**' એ અખાડાની રંગભૂમિ. ત્યાં નાચેને નાટકમાં. આ એના સ્થળનું વર્ણન કર્યું એટલે કે જીવના અસ્તિત્વનું વર્ણન કર્યું. હવે અજીવનો સ્વાંગ જે છે એ તારામાં નથી અને નિષેધરૂપે હવે વ્યાખ્યા કરશે.

**નૃત્યકુતૂહલ તત્ત્વકો, મરિયવિ દેખો ધાય;**
**નિજાનંદ રસમે છકો, આન સબૈ છિટકાય.**

'**નૃત્યકુતૂહલ તત્ત્વકો,**' એકવાર કુતૂહલ તો કર. આહા..હા..! આ શું છે પણ આ ચીજ? આટલા આટલા જેના વખાણ કરે, એના વખાણમાં પણ એ આવી શકે નહિ. એથી આવો પદાર્થ શું છે આ? બધાને એ આત્માને ગાયો છેને પણ વસ્તુ સર્વજ્ઞે જોઈને ગાયેલું છે એવી ચીજ બીજે ક્યાંય નથી. એવો જે આ આત્મા કહે છે કે તને મહિમા કેમ નથી આવતી? કુતૂહલ તો કર એકવાર એને જોવાને. દુનિયાની બીજી ચીજની અનુકૂળતા અને રંગબેરંગી ભરેલી ચીજને દેખી તને એમાં પ્રહલાદ, અધિકતા, હરખ અને હોંશ આવે છે. એકવાર આ તો જો અંદર જો. આહા..હા..! શરીર કાંઈક રૂપાળું હોય, પૈસા ઠીક હોય, જુવાની ફાટેલી હોય. એમાં પોતાને તો અનુકૂળ લાગે, પણ બીજાઓ એને દેખીને કહે આહા..હા..! તારા સુખમાં એવું છે હોં! એમ જેને ભાસે છે એ મૂઢ વિકારની લાગણીમાં શાંતરસ ભાસે છે એને. એમાં મારી શાંતિ છે એમ ભાસે છે. એને કહે છે એકવાર ભગવાન અંદર જો. જ્યાં અનંત શાંતિ અને અનંત આનંદ પડ્યો છે એમાં કુતૂહલ કરી તત્ત્વનો.

**'મરિયવિ દેખો ધાય;...'** એકવાર મરીને પણ. મરીને એટલે? બધું ભૂલીને એમ. મરીનો અર્થ એમ છે. આહા..હા..! બહારની બધી ચીજથી એકવાર મરી જા. આને જીવતો જાણ. આહા..હા..! ભગવાન આત્મા અનંત આનંદનો નાથ પ્રભુ. જેના ગાણા સર્વજ્ઞની વાણીમાં પણ એક અપેક્ષાએ પૂરા આવ્યા નથી. એક અપેક્ષાએ. બધું કહ્યું છે ભગવાનની વાણીમાં બહારનું વિસ્મયપણું મટાડી એકવાર અંદરનું વિસ્મયપણાની કુતૂહલતા કર એમ ત્યાં કહે છે. આ ધર્મને કરવાની રીત આ છે. ધર્મ કોઈ બહારથી થતો નથી. અને ધર્મ માટે પરનો આશ્રય કરવો પડતો નથી. આહા..હા..! આવી ચીજ જ એવી છે. કહે છે કે એકવાર મરીને પણ દેખ. આવ્યું હતુંને કળશમાં આવ્યું હતું. મરીને પણ. ગમે તેટલા કષ્ટો, પ્રતિકૂળતા આવી પડે તું ન જો એને. અંતરમાં ઉતરતા, એકાગ્ર થતાં બહારની સગવડતાઓ ગમે તેટલી દેખાય. સગવડતાની સામગ્રીનો અભાવ દેખાય, તોપણ એકવાર એને જો એમ. સુજાનમલજી! આવું છે.

..ચૈતન્યચમત્કાર **'નિજાનંદ રસમે છકો,'** આહા..હા..! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ એના આનંદમાં છકી જા. રસમાં છકો, બીજામાં જેમ છકી ગયો આહા..હા..! આહા..હા..! એમ અહીં એકવાર આહા..!માં આવી જાને. કહો, સમજાણું કાંઈ? નિજાનંદ રસમાં પોતાનો આનંદરસ છે, અસ્તિરૂપ છે, મહાસત્તા છે, જેને હોવાપણે એકલું આનંદપણું જ જેમાં ભર્યું છે. એવા નિજાનંદ રસમાં છકો. **'આન સબૈ છિટકાય.'** અનેરું બધું ભૂલી જા. આહા..હા..! **'આન સબૈ છિટકાય.'** ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ એને કુતૂહલતાથી આ શું છે આ? એમ જોવામાં નિજાનંદમાં છક અને બીજાને ભૂલ. બહુ ટૂંકું કર્યું. આ પ્રમાણે જીવ-અજીવ અધિકારમાં પૂર્વરંગ સમાપ્ત થયો.

# -૧-
# જીવ-અજીવ અધિકાર

## શ્લોક-૩૩

अथ जीवाजीवावेकीभूतौ प्रविशतः।

(शार्दूलविक्रीडित)

जीवाजीवविवेकपुष्कलदशा प्रत्याययत्पार्षदान्
आसंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।
आत्माराममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।३३।।

હવે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય-એ બન્ને એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે.

ત્યાં શરૂઆતમાં મંગળના આશયથી (કાવ્ય દ્વારા) આચાર્ય જ્ઞાનનો મહિમા કરે છે કે સર્વ વસ્તુઓને જાણનારું આ જ્ઞાન છે તે જીવ-અજીવના સર્વ સ્વાંગોને સારી રીતે પિછાણે છે. એવું (સર્વ સ્વાંગોને પિછાણનારું) સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે- એ અર્થરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :— [ज्ञानं] જ્ઞાન છે તે [मनोह्लादयत्] મનને આનંદરૂપ કરતું [विलसति] પ્રગટ થાય છે. કેવું છે તે? [पार्षदान्] જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને [जीव-अजीव-विवेक-पुष्कल-दृशा ] જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજજવળ નિર્દોષ દષ્ટિ વડે [प्रत्याययत्] ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે; [आसंसार-निबद्ध-बन्धन-विधि-ध्वंसात्] અનાદિ સંસારથી જેમનું બંધન દ્દઢ બંધાયું છે એવાં જ્ઞાનાવરણાદિ કર્મોના નાશથી [विशुद्धं] વિશુદ્ધ થયું છે, [स्फुटत्] સ્ફૂટ થયું છે- જેમ ફૂલની કળી ખીલે તેમ વિકાસરૂપ છે. વળી તે કેવું છે, [आत्म-आरामम्] જેનું રમવાનું ક્રીડાવન આત્મા જ છે અર્થાત્ જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે તોપણ પોતે પોતાના સ્વરૂપમાં જ રમે છે; [अनन्तधाम] જેનો પ્રકાશ અનંત છે; [अध्यक्षेण महसा नित्य-उदितं] પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે. વળી

કેવું છે? [धीरोदात्तम्] ધીર છે, ઉદાત્ત (ઉચ્ચ) છે અને તેથી [अनाकुलं] અનાકુળ છે-સર્વ ઇચ્છાઓથી રહિત નિરાકુળ છે. (અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ-એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યનાં આભૂષણ જાણવાં.) એવું જ્ઞાન વિલાસ કરે છે.

ભાવાર્થ :— આ જ્ઞાનનો મહિમા કહ્યો. જીવ-અજીવ એક થઈ રંગભૂમિમાં પ્રવેશ કરે છે તેમને આ જ્ઞાન જ ભિન્ન જાણે છે. જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે તેને સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે તેવી રીતે અહીં પણ જાણવું. આવું જ્ઞાન સમ્યગ્દષ્ટિ પુરુષોને હોય છે; મિથ્યાદૃષ્ટિ આ ભેદ જાણતા નથી. ૩૩.

## શ્લોક-૩૩ ઉપર પ્રવચન

'હવે જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય-એ બન્ને એક થઈને...' બંને એક થઈને એટલે સ્વાંગમાં આવીને 'રંગભૂમિમાં પ્રવેશ કરે છે.' 'ત્યાં શરૂઆતમાં મંગળના આશયથી (કાવ્ય દ્વારા) આચાર્ય જ્ઞાનનો મહિમા કરે છે કે સર્વ વસ્તુઓને જાણનારું આ જ્ઞાન છે તે જીવ-અજીવના સર્વ સ્વાંગોને સારી રીતે પિછાણે છે. એવું (સર્વ સ્વાંગોને પિછાણનારું) સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે- એ અર્થરૂપ કાવ્ય કહે છે :-' લ્યો!

(शार्दूलविक्रीडित)

जीवाजीवविवेकपुष्कलदशा प्रत्याययत्पार्षदान्
आसंसारनिबद्धबन्धनविधिध्वंसाद्विशुद्धं स्फुटत्।
आत्मारामममनन्तधाम महसाध्यक्षेण नित्योदितं
धीरोदात्तमनाकुलं विलसति ज्ञानं मनो ह्लादयत्।।३३।।

ઓહો..! જ્ઞાન એને કહીએ આત્મા જે સ્વરૂપે છે તેનું જ્ઞાન થતાં એ જ્ઞાન એને કહીએ 'मनोह्लादयत्' 'મનને આનંદરૂપ કરતું...' આહા..હા..! એ આનંદના સ્વાદ લેતું જ્ઞાન પ્રગટ થાય એને જ્ઞાન કહીએ. સમજાય છે કાંઈ? બાકી સંસારના ડહાપણ અને શાસ્ત્રના ભણતર એવા ડહાપણ અને ભણતર બધાને જ્ઞાન ન કહીએ. આહા..હા..! જ્ઞાન તો આત્માને હૃદયને, મનને એમ કહે છે. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એનો જ્યાં સ્વીકાર સન્મુખ થઈને થયો કહે છે કે એ જ્ઞાન તો અતીન્દ્રિય આનંદ લેતું પ્રગટ થયું છે. આહા..હા..! શોભાલાલજી! આહા..હા..! એવો આનંદ ક્યાંય સર્વાર્થસિદ્ધના દેવમાં પણ નથી. તીર્થંકરની સમવસરણની ભૂમિકામાં પણ એ આનંદ નથી. એવો ભગવાન આત્મા કહે છે કે એનું જ્ઞાન એનું જ્ઞાન

નહોતું ત્યારે એ દુઃખનું જ્ઞાન, દુઃખવાળું જ્ઞાન હતું. દુઃખાયેલું જ્ઞાન. આહા..હા..! એમાં આકુળતા હતી એવું જે જ્ઞાન ક્ષયોપશમ એકલું પરલક્ષી. એ તો દુઃખને પેદા કરતું જ્ઞાન એ જ્ઞાન નહિ. કારણ કે એ આત્મા નહિ એવો. આત્માનો તો જ્યાં જ્ઞાન છે ત્યાં અતીન્દ્રિય આનંદ છે. જ્યાં અનંત સ્વચ્છતા અને પ્રભુતાથી પડેલું પ્રભુ તત્ત્વ છે. આહા..હા..! જેની આનંદની દશા અંતર્મુખ થઈને સમ્યગ્જ્ઞાનની સાથે પ્રગટ થાય એવું આનંદ કરતું પ્રગટ થાય છે એમ કહે છે. એકલો ક્ષયોપશમ થાય, ઉઘાડ જ્ઞાનનો થાય એ નહિ. આહા..હા..! જુઓ આ ધર્મની દશા, ધર્મનું જ્ઞાન. આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિયનું ધામ આત્મરામ અનંતધામ આવે છેને? આવ્યુંને શબ્દ. આત્મારામ જેને આરામ કરવાનું સ્થાન હોય તો પોતે છે. ત્યાં આરામ કરવાનો. એ માટે તો કહ્યું આ. ક્યા બાપા આમ? અંદર આવ્યું છે. આત્મારામ અનંતધામ. કેવો છે ભગવાન આત્મા? તારા જ્ઞાનમાં આવતા તને આનંદ આવે એવો એ આત્મા છે. આહા..હા..! આને ધર્મ કહીએ. ધર્મ એવી ચીજ નથી કે કાંઈક ધર્મ કરીએ છીએ પણ અંતર આત્માનો આનંદ આવતો નથી. એ ધર્મ નહિ. જેની આનંદની આગળ ઈન્દ્રના ઈન્દ્રાસનો જેની સગવડતાએ એ ધનના ઢીંગલા નથી. હજારો વર્ષે તો જેને ઈચ્છા ઉત્પન્ન થાય આહારની. એની ઈન્દ્રાણીઓ કરોડો એની સગવડતા. કહે છે કે એ અતીન્દ્રિય જ્ઞાન જ્યાં આત્માને પોતાના સ્વભાવ સન્મુખ થઈને પ્રગટ્યું એ આનંદ લઈને પ્રગટ્યું. કેમકે આનંદ અંદર હતો તો એનું જ્ઞાન થતાં આનંદને લઈને એ સ્વર્ગના ઈન્દ્રાસનો પણ સડેલા કૂતરા અને મીંદડા હોય એવું લાગે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો ધર્મ. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જે ધર્મ કહ્યો એ આ ધર્મ. આહા..હા..!

કહે છે કે સ્વતરફનું જ્ઞાન હતું એ તો દુઃખવાળું હતું. ભગવાન આત્માનું જ્યાં જ્ઞાન સ્વસન્મુખ થઈને સ્વીકાર્યું. અરે! છે એને તે રીતે જ્યાં જાણ્યો અને માન્યો એ રીતે જ છે એ. સમજાણું કાંઈ? એવો જ અનંતગુણનું ધામ એની આગળ દુનિયા સારી કેવળજ્ઞાનનો પર્યાય પણ એની આગળ તુચ્છ છે. એવો અનંત આત્મરામ પ્રભુ અસ્તિ અને એવું હોવાપણે જ એ તત્ત્વ છે. આહા..હા..! અરે! માણસોને રાજીપો બહારમાં થાય છેને. કોક કહેતું હતું કે આ અમે પૈસા લાખો ખર્ચીએ છીએ. સોનગઢનો વિરોધ કરવા માટે પંડિતોને આપીએ છીએ. આ તો સમજીએ છીએ અમે. ત્યારે .. હવે પકડાઈ ગયું... કષાય થયો છે અમને. વાત સાચી છે. અરે! આ તે પણ શું? સોનગઢનું ક્યાં છે આ? આ તો આત્માની જ વાત છે. તારામાં છે એની છે, પણ એને આ બહારથી દયા, દાનના, વ્રતના પરિણામથી ધર્મ ન માને એના ઉપર એને પ્રચારમાંથી એનાથી વિરૂદ્ધ પ્રચારમાં આપણે પૈસા ખર્ચ્યા. આહા..હા..!

મુમુક્ષુ :- એકવાર કુતુહલ કરીને અંદર તો આવ.

ઉત્તર :- એ કહ્યું કોઈએ. જેની સાથે વાત થઈ એ નિર્ણય કરી એકવાર તો અમારી પાસે આવ. કષાય અત્યારે તો કષાય કરીએ છીએ. ખબર છે પણ જો ન આપીએ તો મારા નિંદા કરે. અરે ભગવાન! આહા..હા..! આ પંડિતો કોણ નિંદા કરે અને કોણ તારી પ્રશંસા કરે? તારી પ્રશંસા તું કર અને તારી ચીજને ન જાણ તો નિંદા તું કર. સમજાણું કાંઈ? અરેરે! આવી નિધિને તે પડદાની ઓથમાં રાખી દીધી. રાગના પ્રેમમાં તે ભૂલીને જેની સાથે પ્રેમ કરવો જોઈએ એ ચીજ રહી ગઈ પ્રભુ તારે. આહા..હા..!

મુમુક્ષુ :- ભ્રમરૂપી આડી ચાદર

ઉત્તર :- આડી ચાદર. એનું જ્યાં જ્ઞાન થાય જ્ઞાન એને કહીએ, પછી ચાહે તો દેડકો હોય. મંડુક-મંડુક. તોપણ તેનું જ્ઞાન અતીન્દ્રિય આનંદ લઈને પ્રગટેલું છે સમ્યગ્દર્શનમાં. ચેતનજી! સમજાવનાર હોય હજાર માણસને, લાખો માણસ રંજન કરે આમ દેશી એવી ચાલે. આહા..હા..! સર્પ જેમ મોરલીથી ડોલે એમ એને દુનિયા ડોલે, પણ તું ન ડોલ્યોને પ્રભુ! તારી ચીજ અંદર અનંત આનંદનું ધામ. એ નિજનિધિને જોવા, નિહાળવા નવરો ન થયો. કહે છે કે એ નવરો થયો એને આનંદ આવે એ નવરો થયો. આહા..હા..! સુજાનમલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એને નથી .. એણે ખરો રાગની એકતાનો ત્યાગ કર્યો. અને આનંદની એકતામાં આવીને આનંદનો સ્વાદ લીધો. આહા..હા..! આ ત્યાગ વિના બહારના ત્યાગ બધા થોથેથાથા છે. કેમ બેસે? અનાદિથી. અનાદિનો પરિચય આમ પરમાં છેને. એ પરની કાંઈક વસ્તુ ઘટાડે, ઓછી થઈ હોય એમ દેખાય, હું ત્યાગમાં છું. આહા..હા..! ભ્રમ મોટો હોં. ચંદુભાઈ! આમાં કાંઈ પૈસા બૈસાનું આવતું નથી. એય..! કારીગર! શું કહેવાય? ઈજનેર. વજુભાઈ! આહા..હા..! પ્રભુ! તું એવો ઈજનેર છોને. અખંડાનંદ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ તારું છે. અરેરે! તે તારી સામે કોઈ દિ' જોયું નહિ. અરે! તને તારા માહાત્મય કદી આવ્યા નહિ, અને એનું માહાત્મ્ય આવતા કહે છે અતીન્દ્રિય આનંદના સ્વાદ લઈને એનું જ્ઞાન આવે. જુઓ તો વસ્તુસ્થિતિ. આહા..હા..! ભગવાન આત્માનું જ્ઞાન એ સચ્ચિદાનંદ પ્રભુ છે, સત્ છે. શાશ્વત એનો જ્ઞાન અને આનંદ છે. એનું ક્ષેત્ર ટૂંકું છે એમ ન જો. એના ધ્યાન કરવા ટાણે તો એ આમ કરે છે અંદર. આમ જોવે છે. જે તરફ છે જેટલામાં ત્યાં એ આગળ જાય છે અંદર. આહા..હા..! એવો જે ભગવાન આત્મા અનંત જ્ઞાનાદિ સ્વભાવથી ભરેલો પ્રભુ! એકવાર તું જોને તારી સામું. આહા..હા..! જગતને ભૂલી જા. જગત જગતમાં રહ્યું. રાગાદિ વિકલ્પ બધો જગત રાગાદિ હોં! દયા, દાન, ભક્તિ આદિ રાગ એ બધું જગત છે. એ તારું સ્વરૂપ નહિ. આવું પણ બહારમાં બધું દેખાય. એય..! જયંતિભાઈ!

ઓલા સંચા ચાલતા હોય. ક્ષણે ક્ષણે ડબ્બા નીકળે તેલના ૨૦. કેટલી પેદાશ દેખાય. કોને કહેવી પેદાશ! પ્રભુ તને ખબર નથી. તું ત્યાં હણાઈ જા છો હો તને ખબર નથી. તારું નિધાન અનંત આનંદનું ધામ એનો સંચો તે જોયો નથી. આહા..હા..! એને એકવાર હલાવ તો ખરો અંદર. આહા..હા..! તને આનંદ આવશે હોં એમ કહે છે. આહા..હા..! દુનિયા સામું ન જો, દુનિયા શું કહે છે? કેમ માને છે એ એને ઘરે રહી દુનિયા. આહા..હા..! તારા ઘરમાં ક્યાં પરિપૂર્ણતા નથી કે તારે પરથી જોવાનું છે? એમ કહે છે. એકવાર તો જો.. અરે જો! અને કરવાનું હોય તો આ જ છે. બાકી બધું ધૂળધાણી ને વા પાણી છે. આહા..હા..! મોટા મહાત્મા નામ ધરાવે. લાખો માણસ માને એથી શું? અહીં તો કહે છે કે ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનનું ધામ. એવું એક વિકલ્પમાં આવ્યો આ આવો છે. એથી શું? કર્તાકર્મમાં તો એમ જ લખ્યું છેને. આહા..હા..! જેવો પ્રભુ છે. ચૈતન્ય આનંદ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે એવો એ વિકલ્પ દ્વારા લક્ષમાં લીધો. બીજું બધું મૂક કહે છે. પણ વિકલ્પ નામ રાગના પક્ષમાં અને રાગના પક્ષથી આવો હું છું એવો પક્ષ કર્યો રાગનો. એથી શું? એ પણ વિકલ્પ છે, દુઃખરૂપ છે એમ કહ્યું. આહા..હા..! એનાથી નજીક આવતો નથી. આહા..હા..!

ભગવાન તો અંદર નિર્વિકલ્પ અનાકુળ શાંતિ... શાંતિ... શાંતિ... એવી અનંતી શાંતિની ઉપમા આપે તો એ ઉપમા એને લાગુ ન પડે. એવો તે શાંતિ અકષાય રસનો ઘન પ્રભુ છે. પોતે આત્મા એવો છે પણ. આહા..હા..! પોતાની ચીજની ખબર નહિ અને પરચીજની માંડી બધી. સાધુ નામ ધરાવે, વ્રત પાળવા, અપવાસ કરવા, જાત્રા કરવી, ભક્તિ કરવી, જગત પાસે મંદિર બંધાવવા તો અમે મોટા થયા. એય..! શાંતિભાઈ! ધૂળમાંય મોટા નથી, ભગવાન! તને ખબર નથી. આહા..હા..! મોટો તો પ્રભુ અંદર છે. **'मनो ह्लादयत्'** આહા..હા..! જુઓને પહેલો શબ્દ એ લીધો. છેલ્લો શબ્દ છે એ કળશમાં. **'ज्ञानं मनो ह्लादयत्'** જ્ઞાન અને આહ્લાદ ઉપજાવે છે. આહા..હા..! આ તે કાંઈ શબ્દ હશે? એ વાણીથી કહેવામાં આવે છે સમજાવ્યો છે એ? આહા..હા..! ચાહે તો દયા, દાનના, વ્રતના, ભક્તિના, બ્રહ્મચર્યને પાળું છું બાળબ્રહ્મચારી એવો જે વિકલ્પ પણ જ્યાં એને કામનો નથી કહે છે. આહા..હા..! એવો વિકલ્પ પણ જ્યાં એને મદદગાર નથી. એને એ ભગવાન પૂર્ણાનંદ છેને એને આવાની (વિકલ્પની) અપેક્ષા એવો એ પાંગળો ક્યાં છે એ? આ તો એનું જ્ઞાન થાય તો આનંદ આવે એ વાત ચાલે છે. ભગવાનજીભાઈ! આ કહે અમે દુઃખી હતા. મા-બાપ કાંઈ રળીને નહોતા ગયા. અમે ૫૦ લાખ, ૬૦ લાખ, ૭૦ લાખ ઉપજાવ્યા. હમણા અમે સુખી છીએ. ધૂળમાંય નથી સાંભળને મારા. મૂર્ખાઈમાં દુઃખી છો. આહા..હા..! આખી દુનિયાથી ઉંધી વાતું. દુનિયાથી ઉંધી. ઉંધાથી ઉંધી અને સવળી. પોતાની સવળી ઉંધાઈથી વાત.

એકવાર લક્ષમાં તો લે. એકવાર લક્ષનો દોર તો બાંધ. મારા સ્વરૂપનું જ્ઞાન થાય ત્યાં તો આનંદ આવે એનું સ્વરૂપ છે. એના શાસ્ત્રના ભણતર બણતર પણ ત્યાં કામ કરતા નથી. આહા..હા..! અરે! શાસ્ત્રને ભણવાનો વિકલ્પ પણ દુઃખરૂપ. આહા..હા..! ગજબ વાતું છે. સમજાણું કાંઈ? એ શાસ્ત્રથી થતું જ્ઞાન એ દુઃખરૂપ. ગજબ વાત આ તો. શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અધ્યયન-ફધ્યયનની એ વાત નહિ. અંદર ઠરી ન શકે ત્યારે એવો વિકલ્પ આવે એ એક મર્યાદા જણાવી છે. આહા..હા..! એને બીજું ન હોય એમ જણાવ્યું છે. જેને આવી ભૂમિકામાં હોય, અતીન્દ્રિય આનંદનું જ્ઞાન જ્યાં પ્રગટ્યું અંતરમાં. એની સાથે આનંદ આવ્યો એ ભૂમિકામાં ઠરી ન શકે ત્યારે આવો વિકલ્પ નિમિત્તરૂપે હોય એનું જ્ઞાન કરાવ્યું. બીજી વાત છે નહિ ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આગમચક્ષુ છે?

ઉત્તર :- આગમચક્ષુ એ આત્માની આગમચક્ષુ. એવી વાત છે બાપુ! આ તો આત્મા અંતર આનંદસ્વરૂપ એનો ઉઘાડ અંદરમાં સ્વનો આશ્રય થઈને થાય એને આનંદ જ્ઞાન આનંદ જ એકલું આવે. એ અનંતકાળમાં કોઈ દિ' જેને આનંદની ગંધ નહોતી અને એને ઇન્દ્રિય સુખની કલ્પનાની દુઃખની ગંધ હતી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ થતાં દૃષ્ટિ થતાં તેનું જ્ઞાન આનંદ એટલું આવે એમ કહે છે. ગિરધરભાઈ! આહા..હા..! આ દુનિયાથી ભારે ઉંધું હોં. એ અપવાસ મહિના-મહિનાના કરે, એ જાત્રાઓ સમ્મેદશિખરની, શેત્રુંજયની કરે. કહે છે કે એ બધા વિકલ્પ અને શુભરાગ એ અશુભથી બચવા કાળે એવો હો, પણ એ ચીજ નહિ, એ આનંદ નહિ એમાં. આહા..હા..! આનંદ તો પ્રભુ વિકલ્પથી નિર્વિકલ્પ ચીજ જ પોતે ભિન્ન છે એવી ચીજનું જ્ઞાન થતાં આનંદ સાથે આવે. કેવું છે તે?

'**જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને...**' એ ગણધરને એમાં લીધું છેને ઓલામાં ભાઈ! ગણધર જેવી પ્રતીતિ ઉપજાવતું. એમ લીધું છે. '**पार्षदान्**' શબ્દ છેને? '**पार्षदान्**'નો અર્થ ત્યાં ગણધર કર્યો છે. કળશટીકા. સભાના માલિક. '**पार्षदान्**' એમ છેને? સભાના નાયક ગણધર. સંત, મુનિ આત્માના આનંદના લહેરમાં ઉડતા અંદર. આહા..હા..! કહે છે કે એ '**જીવ-અજીવના સ્વાંગને જોનારા મહાપુરુષોને...**' એ વિકલ્પ છે જે રાગ એ પણ એક અજીવ છે. વ્રતનો, ભક્તિનો, પૂજાનો, દાનનો એ ગુણ ગુણીના ભેદનો વિકલ્પ પણ રાગ છે, અજીવ છે એને અને જીવને જુદાં સ્વાંગને જાણતો એ સ્વાંગ મારો નહિ. એને ઠેકાણે આ શરીર કાંઈક સુંદર સારું, મકાન કાંઈક બે-પાંચ લાખના સારા અને એની સામગ્રી શું કહેવાય તમારે? ફર્નિચર. એય..! આ ફર્નિચર. ચાલીસ લાખનો બંગલો, પાંચ લાખનું ફર્નિચર. એમાં એ ખુર્શીએ બેઠો હોય. મહા દુઃખી છે.

મુમુક્ષુ :- એ વખતે કેમ બેઠે?

ઉત્તર :- દુઃખી છે. દુઃખનું ભાન નથી. હરખ. સનેપાતિયો છે. સનેપાતમાં હરખમાં આવે એ વસ્તુ છે? વાત, પિત્ત અને કફ ત્રણે વકરી ગયા એને સનેપાત કહીએ. એમ આને મિથ્યાશ્રદ્ધા, મિથ્યા જ્ઞાન અને આચરણ રાગના ફાટી ગયા છે. ફાટી ગયો છે પ્યાલો એનો ઘેલાછાઈમાં. આહા..હા..! એય..! અરે! આ સડેલા ચામડા માથે ગાર લીધા શરીર ઉપર એવું સડેલું આ શરીર છે. એ હાડકા અને ચામડા ઉપર મઢ્યું છે આ ગાર. હવે એને સારું માને એમ કહે છે. પ્રભુ અંદર આનંદનો નાથ બિરાજે, આને સારો માન્યો તો આનો અનાદર કર્યો. પોતાના આનંદ અને જ્ઞાનનું પરિપૂર્ણ જીવન જે છે ટકવું. જીવંત સ્વામી છે લ્યો! ઓલું સીમંધર ભગવાનનું .. છેને બ્યાનામાં. બ્યાના છેને? આ સીમંધર ભગવાન પધરાવ્યા છે, બિરાજે છે મહાવિદેહમાં સર્વજ્ઞપણે એ પ્રતિમા ઉપર નામ જીવંતસ્વામી લખ્યું છે. બ્યાના છેને. ત્યાં ગયા હતાને. એ પ્રતિમાં ૫૧૬ વર્ષ પહેલાની છે. એમાં લખ્યું છે જીવંત સ્વામી. જીવતા સ્વામી છે આ. બીજા તો સિદ્ધ થઈ ગયા શરીર રહિત. અશરીરી પોતાનું સ્વરૂપ થયું. શરીરમાં રહ્યા છતાં અનંત આનંદને પ્રગટ કરી અને અનંત આનંદનું વેદન અનુભવે એ જીવતા સ્વામી છે. બયાનામાં લખ્યું છે. ભાઈ હતા તમારા. પ્રભુભાઈ. પ્રભુભાઈ ૧૦-૧૦ હજાર રૂપિયા સમવસરણમાં નહિ. પંદરસો આપ્યા. ભાઈ નહોતા પ્રેમચંદ? બ્યાનામાં હતા. ભાઈ હતા. પ્રભુભાઈ હતા. એણે પહેલો અભિષેક કર્યો. દોઢ હજાર રૂપિયા ભાઈએ પ્રભુભાઈએ. એ વખતે છ હજાર રૂપિયા થયા હતા. આ ગયા હતા. .. ભગવાન .. આવ્યા છે. લોકોએ  જીવતા સ્વામી બિરાજે છે. એ જીવતો સ્વામી ક્યા રહેતો હશે? જીવતો સ્વામી તો તું પોતે છો કહે. ટકતું તારું તત્ત્વ, નભતું તારું તત્ત્વ.

ઓલા કહે છેને જીવો અને જીવવા દ્યો. ભગવાનની વાણી છે. અહીં તો ના પાડી. એની ટીકા કરે છે. અરે! ભગવાન સાંભળને ભાઈ! આયુષ્યથી જીવવું અને જીવવા દેવું એ વસ્તુની સ્થિતિ છે? તારો નાથ અનંત આનંદ અને જ્ઞાનથી ભરેલો એને જીવતો રાખ. એને જીવતો રાખ અને જીવતર શક્તિમાં એ આવ્યુંને ભાઈ! આહા..હા..! એને એમ છે તેને જીવવા દે અને બીજાને પણ એ રીતે જીવવા દે. આહા..હા..! આવી ભગવાનની વાણી છે. આહા..હા..! મહાવીરની વાણી જીવો અને જીવવા દ્યો. છોકરાઓ પછી જુવાનિયા રાડ પાડે પાછળ. નહિ? આહા..હા..!

આ તો '**જીવ-અજીવના સ્વાંગને જોનારા...**' ગણધરોને પણ. '**જીવ-અજીવનો ભેદ દેખનારી અતિ ઉજ્જવળ નિર્દોષ દૃષ્ટિ વડે...**' આહા..હા..! અંતરમાં ભગવાન પૂર્ણ સ્વરૂપ પ્રભુ બિરાજે છે એને અતિ કેવી કહે છે? '**જીવ-અજીવનો ભેદ દેખનારી...**' એ વિકલ્પને અને ચિદાનંદ આનંદના નાથને બેને જુદા પાડનારી એને જોનારી '**અતિ ઉજ્જવળ**

**નિર્દોષ દૃષ્ટિ વડે...'** અતિ ઉજજવળ નિર્દોષ દૃષ્ટિ વડે. આ વિશેષણ. જે જ્ઞાનની દૃષ્ટિ અતિ ઉજ્જ્વળ નિર્દોષ. એ વડે ભગવાન અજીવથી ભિન્ન પડેલો ભાસે છે. કહો, સમજાણું કાંઈ? એ શાસ્ત્રથી ભાસે નહિ. આહા..હા..! **'જીવ-અજીવનો ભેદ દેખનારી...'** એ દેખનારી દૃષ્ટિ કેવી? **'અતિ ઉજજવળ નિર્દોષ દૃષ્ટિ વડે...'** અંતરની દૃષ્ટિએ જ્યાં ભગવાનને જોયો. ઓલામાં આવે છેને એક ભજનમાં? 'નયનને આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' હરિ એટલે આત્મા હોં! બીજો કોઈ હરિ નહિ. આહા..હા..! એ ઓલા ભજનમાં આવે. પણ એની એને ખબર ન મળે આ શું છે. 'મેં નયણના આળસે રે મેં નિરખ્યા ન નયણે હરિ.' મારા અંતરના નેત્રન આળસમાં પર જોયું પણ મેં જોયો નહિ. આહા..હા..! જેને જોવાનું છે તેને જોયો નહિ અને જેને ભૂલવાનું છે તેને ભૂલ્યો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈને એમ લાગે આ તો બહુ જુદી વાત છે. બાપુ! પ્રથમ ધર્મ થવાની વાત આ છે. સમજાણું કાંઈ? આ તો મોટી વાત એમ.એ.ની અને એલ.એલ.બી.ની છે. અરે ભગવાન! તારી વાત એલ.એલ.બી. અને એમ.એ.ની તો કોઈ જુદી છે. વીતરાગ વિજ્ઞાન અને કેવળજ્ઞાનની વાતું પ્રગટે એ તો ચીજ જુદી છે. આ તો ફક્ત વિકલ્પનો અજીવનો વેશ એનાથી નિર્વિકલ્પ ભગવાન આત્માને જોનારી દૃષ્ટિની વ્યાખ્યા છે. આહા..હા..! એ દેડકાનું શરીર હોય પણ ભગવાન આત્મા તો જેવડો છે એવડો છે. એ કાંઈ દેડકો થયો છે? આહા..હા..!

કહે છે **'અતિ ઉજજવળ નિર્દોષ દૃષ્ટિ વડે ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;...'** ઓલું જ્ઞાન. આનંદ આપતું ભિન્ન પ્રતીતિ ઉપજાવી રહ્યું એમ કહે છે. ભેગું છેને. પ્રતીત ભાન છેને? વિકલ્પની વૃત્તિ આત્મા છે એ અજીવ છે. ચૈતન્યની જાત નહિ એ. એનાથી ભિન્ન અતિ ઉજ્જ્વળ ઉપદેશ વડે જ્ઞાન, આનંદને આપતું પ્રતીતિ ભિન્ન દ્રવ્યની ઉપજાવી રહ્યું છે. પ્રતીતિ આવીને ભાઈ! વિવેક છેને? 'प्रत्यायत्' પ્રતીતિ. પહેલું હજી એને સ્વરૂપ કેવું છે? એ કેમ ભૂલ્યો છે? એ શું ચીજ છે એની પણ ખબર ન હોય એ અંદરમાં શી રીતે જાય? અંદરમાં માહાત્મ્ય આવ્યા વિના એ માહાત્મ્ય અંતર આ ચીજ છે જેની માહાત્મ્યમાં જગતના બધા માહાત્મ્યો તુચ્છ થઈ જાય. આહા..હા..! દુનિયા માનો, ન માનો એની સાથે સંબંધ નથી. દુનિયા ગણે કે ન ગણે એની સાથે અહીં મેળ નથી. જેણે આત્માને ગણ્યો. આહા..હા..! 'વાંચે કથન અને કરે વિચાર...' એવું આવતું પહેલા. દલપતરામ હતાને કવિ. કદડા આ કવિ દલપતરામ ડાહ્યાલાલ નિશાળમાં. એમાં હતું. 'વાંચે પણ નહિ કરે વિચાર એ સમજે નહિ સઘળો સાર.' એવું આવતું, પણ એ બધું બહાર ભણતરમાં.

આ શાસ્ત્ર વાંચે પણ એનો સાર શું છે એની એને ખબર નથી. કહે છે ભેદ પ્રતીતિ ઉપજાવતું. એ જ્ઞાન જ આનંદને લઈને પ્રતીતિ ઉપજાવતું પાછું એમ. આ આત્મા રાગથી ભિન્ન છે, પરથી ભિન્ન છે. એવું પ્રતીતિ ઉપજાવતું જ્ઞાન, આનંદસહિત અતીન્દ્રિય આનંદના

સ્વાદસહિત પ્રગટ થાય એને સમ્યગ્દષ્ટિ કહીએ, એને ધર્મની શરૂઆતવાળો કહીએ. આ તો શરૂઆતવાળાની વાત છે. દુનિયા તો એવી રીતે ધર્મને ચીતર્યો છેને કે જેને એમ જ લાગે આ તો ભાઈ આ શું છે? આ તો ન કરી શકે. બાપુ! ન કરી શકાય એવો તું રહે? બીજું કરી શકાય, પણ સ્વભાવનું ભાન ન કરી શકાય આ તો મોટું કલંક છે. એવું બોલનારને પણ શરમ નથી આવતી કે આહા..હા..!

અલિંગગ્રહણમાં આવે છેને. પોતે તો પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા જ છે. અલિંગગ્રહણ. છઠ્ઠો બોલ છે. ૨૦ બોલ છેને. ઇન્દ્રિયથી જાણતો નથી, ઇન્દ્રિયથી જણાય એવો નથી અને ઇન્દ્રિયના પ્રત્યક્ષનો એ ભગવાન આત્મા વિષય નથી. અને બીજાઓ દ્વારા અનુમાનથી જણાય એવો એ નથી. એકલો આત્મા અનુમાન કરે એવો પણ નથી. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..! અલિંગગ્રહણના ૨૦ બોલ છે. એક શબ્દ અલિંગગ્રહણ. એના અર્થ ૨૦ છે. એના ૬ અર્થ કર્યા. સમજાણું કાંઈ?

**'ભિન્ન દ્રવ્યની પ્રતીતિ ઉપજાવી રહ્યું છે;... '** **'आसंसार-निबद्ध-बन्धन-विधि-ध्वंसात्'** **'અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ બંધાયું છે...'** અહીં તો છે કર્મથી વાત, પણ એની સાથે રાગની મુખ્ય વાત છે. ભાવકર્મ જે વિકલ્પ છેને રાગ એનાથી અનાદિથી બંધાયેલું એકત્વબુદ્ધિમાં દૃઢ બંધન છે. આહા..હા..! આમાં કર્મની વાત કરી છે. કળશટીકામાં બેય લીધું. કર્મ અને વિભાવકર્મ બેય લીધા છે. કળશટીકામાં. મૂળ તો એ છેને. આ જડને ક્યાં આ તો જડ છે વસ્તુ એની. જડનું બદલવું તો એના પર્યાય પોતાનો સ્વાંગ બદલ્યો છે. એમાં નિમિત્ત ક્યાં છે? નિમિત્ત કહેવાય છે. ખરેખર તો ભગવાન આત્મા સૂક્ષ્મ રાગના કણે એ બંધાયેલો છે એ એને બંધનનું દૃઢપણું છે. સૂક્ષ્મ રાગની સાથે એકત્વબુદ્ધિ છે. એ એનું બંધન છે. આહા..! ભારે વાત ભાઈ! જડમાં તો આઠ કર્મ છે જ્ઞાનાવરણીય, દર્શનાવર્ણીય, કર્મે બાંધ્યો અને કર્મને બાંધે બધી વાતું વ્યવહારની છે સાંભળને. સમજાણું કાંઈ? હીણો કરી જાય એવી વાત છે આ.

કહે છે કે એ ભૂલ એની શું હતી? આ સંસાર એમ. આ એટલે અનાદિથી. **'आसंसार-निबद्ध-बन्धन-विधि'** કર્મ છેને. ભાવકર્મ એ વિધિ છે. ખરું તો એને માટે એ છે. કર્મ જડ છે એ તો બિચારું કાંઈ અડ્યું પણ નથી. એને કર્મને જડથી બંધાયેલો માને ત્યારે ખુશી થાય. આહા..! તું પોતે જ તારી ચીજને ભૂલીને વિકલ્પનો રાગ એની સાથે બંધાયેલો એ તારું બંધન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને બંધનની પણ ખબર નથી. કર્મે બાંધ્યો, કર્મ છોડે, કર્મ છોડે. પંડિતજી!

મુમુક્ષુ :- અસ્તિત્વ તો છે.

ઉત્તર :- એ તો આખી દુનિયામાં છે તો શું છે? એનું જીવને બંધન કર્મનું નથી. એને

બંધન છે રાગના વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ. ભગવાન રાગના વિકલ્પથી નિર્વિકલ્પ જુદી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! અધ્યાત્મની વાતું ઝીણી બહુ. એ ધર્મકથા પણ અલૌકિક વાતું છે, બાપા! દુનિયાના પંડિતોને બહારના ત્યાગીઓ સાથે મેળ ખાય એવો નથી આ. આહા..! ક્ષણ ક્ષણમાં દેહ પલટી જાય. દ્રવ્ય પલટી જાય. આહા..હા..! એ ચીજમાં ક્યાં તારાપણું છે ભાઈ! રાગની વૃત્તિ પણ ક્ષણે ક્ષણે પલટી જાય. એ ભગવાન શાશ્વત ચિદાનંદ પ્રભુ એની એ ક્યાં ચીજ છે? એનું નથી એને મારું માન્યું છે એ બંધન છે. સમજાણું કાંઈ? આવી વાતું પણ આકરી માણસને લાગે. આ સમજાય પણ નહિ કેટલાકને. ભગવાન! તને ન સમજાય તારું એમ કેમ કહેવાય ભાઈ! આહા..હા..! એકલો જ્ઞાનનો પિંડ છે. સમજણનો પિંડ, ચૈતન્ય પિંડ, ચૈતન્ય પૂંજ. એવો જ્ઞાનનો ગંધ એને ખ્યાલમાં ન આવે એમ કેમ બને? સમજાય છે કાંઈ?

**'અનાદિ સંસારથી જેમનું બંધન દૃઢ બંધાયું છે...'** એના નાશથી. છેને? **'ધ્વંસાત્'** આહા..હા..! આઠ કર્મના રજકણો તો જડ છે, પર છે તેના લક્ષે ઉત્પન્ન કરેલો વિકલ્પ જે રાગ એ પોતાના જ્ઞાનના ઉપયોગમાં તેને કરવો, રાગને કરવો એ જ એનું દૃઢ બંધન છે. પોતાની ભૂલથી એ બંધાયેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એણે કર્મે કોઈએ બાંધ્યો નથી. ભારે વાતું ભાઈ આ. શાસ્ત્રમાં તો બહુ લખાણ એવા આવે છે. જ્ઞાનાવરણીએ જ્ઞાનને રોક્યું, દર્શનાવરણીએ. આહા..હા..! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે ભાઈ તને ખબર નથી. આહા..હા..! કહે છે એ અનાદિથી બંધ હતો તેનો નાશ કર્યો છે. અબદ્ધ સ્વરૂપને પ્રગટ થતાં જ્ઞાન અને દૃષ્ટિ પણ ખીલી અને આ રાગનું એકત્વપણાનો નાશ થઈ ગયો. કહો, સમજાણું કાંઈ? આવી કથા કેવી? આવી ધર્મકથા કેવી? બાપુ! તારી વાતું તો આવી છે હોં! આહા..હા..! તને ન બેસે, તને આકરી લાગે અને બીજી સહેલી લાગે. સહેલી તો રાગ જેવી લાગે એવું છે. આ ચીજ તો આ છે હોં!

**'વિશુદ્ધ થયું છે,...'** રાગની એકતાની બુદ્ધિનો સ્વભાવનું જ્ઞાન થતાં એ વિશુદ્ધ પ્રગટ્યું છે. સ્વરૂપ તો વિશુદ્ધ હતું જ. પણ અંદર શક્તિમાંથી વ્યક્તિ પ્રગટ દશા વિશુદ્ધ થઈ છે. લ્યો અહીં તો વિશુદ્ધ શબ્દ એણે વાપર્યો છે. આ તો ઓલા ખાનિયા ચર્ચામાં નથી? વિશુદ્ધ અને વિશુદ્ધિ. સામાવાળાએ કહ્યું છે કે વિશુદ્ધ તે શુભભાવ છે અને સંક્લેશ તે અશુભભાવ છે. ભાઈએ એમાં .. ના એમ નહિ. વિશુદ્ધિ એ શુભભાવને વિશુદ્ધિ કહીએ. આ તત્ત્વ વિશુદ્ધ છે. આહા..હા..! વિશુદ્ધ-વિશેષે શુદ્ધ. જેની દશામાં વિશેષે શુદ્ધતા પ્રગટી છે. એ સમ્યગ્દર્શનમાં વિશુદ્ધતા આવી બહાર. જુઓ કેટલી વાત કરી! આનંદ અનુભવતું જ્ઞાન આવ્યું, .. જ્ઞાન દૃષ્ટિ વડે જેને બેને જુદાં પાડ્યા અને એવી પ્રતીતિ ઉપજાવતું જ્ઞાન અને વિશુદ્ધ થયું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ આવે છેને? એનું મૂળ સમજાય

જાય તો નિહાલ થઈ જાય. આહા..! અહીં કાંઈક પાંચ-પચ્ચીસ હજાર મળે, કરોડ, બે કરોડ, પાંચ કરોડ મળે ત્યાં આહા..હા..! બહુ સુખી છે. ધૂળ. બધા કહે છે પણ અત્યારે બધા. એય..! આ એને બાપ રહ્યા. ત્રણ કરોડ અને ચાર કરોડ. બે દીકરા પાસે. એવા છે પૈસા.

મુમુક્ષુ :- એટલે ગણતરી કરવાની હોય?

ઉત્તર :- ગણતરી તો આ રેતી ઘણી પડી છે બહાર. ઉતાવળ શું કરે છે નગરી? ઉતાવળ નગરી છેને? એમાં રજકણો ઉતાવળા ઘડી ઘડી પલટીને ચાલ્યા જાય. એ કાંઈ તારા નથી અને તારામાં નથી. આહા..હા..! તારી લક્ષ્મીના ભંડારમાં ભરપુર ભંડાર ભર્યો છે. એને જ્યાં અંતર જ્ઞાન એનું કર્યું ત્યાં જ્ઞાન વિશુદ્ધ થઈ ગયું. એનો અર્થ કે પર્યાયમાં વિશુદ્ધ નહોતું. વસ્તુ તો વિશુદ્ધ છે. પર્યાય એટલે હાલત-દશામાં વિશુદ્ધ નહોતું. તે હાલતમાં વિશુદ્ધ થયું. એને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને આનંદની લહેર ઉપજાવતું નિર્મળ દષ્ટિ વડે જીવ-અજીવને જુદું પાડતું એને જ્ઞાન કહેવામાં આવે છે. બાકી બધી વાતું છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૩, સોમવાર, તા. ૦૭-૦૮-૧૯૭૨
## કળશ-૩૩, ગાથા-૩૯-૪૩, પ્રવચન-૧૨૫

સમ્યગ્જ્ઞાન થતા શું થાય? એને શરણ કેમ થાય? ધાર્મિક જ્ઞાન કેવું હોય એમ કહે છે. ધાર્મિક જ્ઞાન કેવું હોય? એના ફળ સ્વરૂપે એમાં શું હોય એની વાત કરે છે. અજીવની શરૂઆત કરવી છેને? અહીં સુધી આવ્યું છે. '**વિશુદ્ધ થયું છે,...**' પોતાનો આનંદસ્વભાવ પોતાની પુંજીનું જેને જ્ઞાન થયું છે. મારી ઘરે આટલી પુંજી છે. એનું જ્ઞાન થયું છે. આત્મામાં અનંત આનંદ અંદર જ્ઞાનાદિ અનંતગુણનો સ્વભાવ પરિપૂર્ણ જે છે. એનો આશ્રય કરીને જે જ્ઞાન થયું. જે જ્ઞાને અશુદ્ધતાનો નાશ કર્યો છે અને વિશુદ્ધ થયું છે. સ્ફૂટ થયું છે. કળી જેમ ખીલે એમ સ્વ સ્વભાવને જાણવાને અને આનંદરૂપી દશાને માણવાને જે ખીલી ગયું છે. આહા..હા..! એને ધાર્મિક જ્ઞાન કહીએ. જે જ્ઞાન થતાં સ્વનો આનંદ સાથે હોય અને નિર્મળ દષ્ટિને આશ્રયે જેમાં પ્રગટ પરિણમન શુદ્ધ થયું હોય. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? સ્ફૂટ. ખીલી નીકળે એટલે શક્તિરૂપે પરમસ્વભાવ પરિપૂર્ણ છે. એને અનુભવતા,

એનો આશ્રય અને એને પડખે ચડતાં શક્તિમાંથી ખીલીને જ્ઞાન વ્યક્ત ખીલેલ થઈ ગયું છે. આવી ભાષા કેવી! આનું નામ જ્ઞાન. પંડિતજી! આનું નામ ધાર્મિક જ્ઞાન. અધર્મથી ઉદ્ધાર નાર તે આનું નામ જ્ઞાન. આહા..હા..!

હવે આવ્યું. ચંદુભાઈ! કહેતા એ આવ્યું. આ આત્મારામ આવ્યુંને આત્મરામ. આત્મારામ. હવે અહીં .. ત્યાં કાલે કહેતા. કે આત્મારામ આવશે કે. મેં કીધું આવતા આવતા આવેને. આ આરામ-આરામ કહે છેને. ક્યો પણ આરામ? એ કહે છે. '**आत्म-आरामम्**' જેને ધર્માત્માને જ્ઞાન પ્રગટ્યું છે એવું કે જે આત્મ-આરામ. આત્મામાં આરામ લે છે, રમે છે એવું જ્ઞાન છે. આહા..હા..! કહો સમજાય છે કાંઈ? '**आत्म-आरामम्**' '**જેનું રમવાનું ક્રીડાવન આત્મા જ છે...**' ધર્મીને પોતાના સ્વસ્વભાવનું સન્મુખ થઈને જે જ્ઞાન થયું એને રમવાનું સ્થાન તો આત્મા જ છે. આહા..હા..! એને પરપદાર્થને તો અડતું પણ નથી, પણ એ પુણ્યના વિકલ્પો જે દયા, દાન, વ્રતના એમાં એ જ્ઞાન રમતું નથી એમ કહે છે. પોતે પોતાના જ્ઞાનને, પૂર્ણ ચૈતન્યપૂંજને અડીને, સ્પર્શીને પ્રગટેલું જ્ઞાન તેમાં જ રમે છે એમ કહે છે. ચાહે તો એને વિકલ્પ આદિ હોય પણ રમણતા આત્મામાં જ છે એની. આહા..હા..! ધર્મી આત્મામાં રમે છે એમ કહે છે. એનું (અજ્ઞાનીનું) જ્ઞાન બહારમાં રમે છે. આહા..હા..!

આત્મારામ. '**જેમાં અનંત જ્ઞેયોના આકાર આવીને ઝળકે છે...**' કહે છે કે અનંત જ્ઞેયો જ્ઞાનમાં જણાય ગયા છે છતાં એ જ્ઞેયમાં રમતો નથી. એ જ્ઞેય સંબંધીનું જ્ઞાન જે પોતાનું છે એમાં એ રમે છે. આહા..હા..! બહુ શરતું આકરી ભારે. આનું નામ ધાર્મિક જ્ઞાન.

મુમુક્ષુ :- અઘરું લાગે.

ઉત્તર :- લાગે એ તો વસ્તુ પરિચય નહિને અનાદિથી. પોતાની જાતની શું કિંમત છે? કેટલી કિંમત છે એ કિંમતને ટાંકવાની દૃષ્ટિ જ કરી નથીને. બીજાને પરખવા માટે પાવરધો. પાવરધો એટલે હુશિયાર. પોતાની ચીજ જેવડી છે મોટી એને પરખવાને નવરો જ ક્યાં થયો છે એ? આહા..હા..! આતે શું છે આ ચીજ? કુતૂહલ આવ્યું હતુંને. એકવાર કુતૂહલ તો કર. એવું જે અંતર વિસ્મયતા અને કુતૂહલનું સ્વના લક્ષે થતું જ્ઞાન એ જ્ઞાનસ્વમાં જ રમવાનું કાર્ય કરે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? નથી એને શરીર, કર્મ કે બાહ્યની ચીજ મકાન કે એની સામગ્રીઓ એમાં અને પુણ્ય-પાપના ભાવો એ ધર્મીનું ધર્મજ્ઞાન એને રમવાને એમાં લાયક જ નથી. આવું ભારે. બીજાને તકરાર ઉઠે ત્યાં સોનગઢમાં આમ. એક આત્મા... આત્મા... આત્મા... આહા..હા..! આટલા આટલા શાસ્ત્રોની કેટલી વાતું ભાઈ! કેટલા નિમિત્તો હોય? કેવો એનો વ્યવહાર હોય. જુઓ. શુભભાવમાં એને સંવર નિર્જરા થાય. સમકિત. જૈન સંસ્કૃત એક આવે છે પુસ્તક. શું કહેવાય? પત્ર. અહીંના વિરૂદ્ધમાં એક . લીધું હતુંને. જૈન સંસ્કૃત. અહીંના વિરૂદ્ધનું નથી ભાઈ તારા વિરૂદ્ધનું છે. ભાઈ! તને સમ્યગ્જ્ઞાનમાં

નિમિત્ત કારણ હોય તો થાય એમ નથી. સમ્યગ્જ્ઞાન કારણ તો કારણપરમાત્મા છે. બહારના ઈન્દ્રિયોને શબ્દો અને ભગવાનની વાણી આદિ એ પણ જ્ઞાન સમ્યક્ ધર્મનું પ્રગટવામાં કારણ નથી. એને પ્રગટવાના કારણ તો પરમાત્મા પોતે છે. કારણ પરમાત્મા. એની ઓથે જતાં બધાની ઓથે આવે એમાં ભાંગી જાય છે. એ આવ્યું હતુંને. સમજાણું? ઈન્દ્રિય વિનાનું જ્ઞાન છે, અનાકુળ છે એ તો માથે શ્લોકમાં આવ્યું હતું. ...

વળી વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ જ્ઞાનને રમવાનું સ્થાન નથી. આહા..હા..! .. એ વિકાર છે. આહા..હા..! ગિરધરભાઈ! આ આવું બધું ભારે. ભાઈ! તારા ભગવાન સ્વભાવની વાત શું કરવી કહે છે. ભગવાન આત્મા એના જ્યાં સ્વભાવનું જ્ઞાન થયું એ જ્ઞાન તો સ્વમાં જ રમે એજ એની સ્થિતિ અને એનું સ્વરૂપ છે. જ્ઞાની ગમે તે રાગાદિમાં દેખાય, બહારની સ્થિતિમાં દેખાય પણ એ બહારમાં છે જ નહિ, બહારમાં એ જ્ઞાન આવ્યું જ નથી. આહા..હા..! જેનું જ્ઞાન છે એ તેમાં રમે છે. જેઠાભાઈ! આહા..હા..! ભારે આવું! હવે ઓલા કહે કર્મ રોકે. અમને કેમ ધર્મ થવા દેતુ નથી. કે કર્મ. અહીં કહે છે કે નહિ. તું તને ભૂલ્યો છો, આવા માહાત્મ્યને ભૂલ્યો છો. એ ભૂલ સ્વભાવને આશ્રયે ભાંગે બીજો કોઈ ઉપાય નથી. આહા..હા..!

આત્મા-આરામ. હવે કહે છે કે પણ આત્મ-આરામ પણ છે કેટલું અને કેવડું એ જ્ઞાન? ત્રિકાળની અપેક્ષાએ. જેમાં રમે. કે એ તો **'अनन्तधाम'** આહા..હા..! **'आत्म-आरामम्' 'अनन्तधाम'** અનંત... અનંત... અનંત... જેનો સ્વભાવ આનંદ અને જ્ઞાન એની મર્યાદા શી? એને હદ શી? એને માપ કરવાની રીત કઈ? એવો ભગવાન આત્મા અનંતધામ જેનો અંત નહિ, છેડો નહિ, માપમાં વિકલ્પ અને રાગથી ન આવે એવું. અનંતધામ. 'સુખધામ અનંત સુસંત ચહી.' શ્રીમદ્‌માં આવે છે છેલ્લે. 'સુખધામ અનંત સુસંત ચહી.' **'જેનો પ્રકાશ અનંત છે;...'** અને **'अध्यक्षेण महसा नित्य-उदितं'** અધ્યક્ષ નામ **'પ્રત્યક્ષ તેજથી જે નિત્ય ઉદયરૂપ છે.'** આહા..હા..! ભગવાન આત્મા વસ્તુ તરીકે જે પૂર્ણ સ્વરૂપ છે એના આશ્રયથી, અવલંબનથી પ્રગટેલું જ્ઞાન પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ જેના તેજ છે. આહા..હા..! પ્રત્યક્ષ જેનું તેજ છે. એવા **'તેજથી જે નિત્ય ઉદયરૂપ છે.'** પ્રગટ-પ્રગટરૂપ જ છે. પર્યાય નિત્ય છે જ્ઞાનની. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

**'વળી કેવું છે? ધીર છે,...'** ધીરું છે. જ્ઞાન પ્રગટ્યું ત્યાં ઉછાળા નથી આકુળતાના એમ કહે છે. **'अतं'** છે. ધીર એવું જે ત્રિકાળી જ્ઞાન એના અવલંબે પ્રગટેલું એ પણ જ્ઞાન ધીર છે. ધીરું છે... ધીરું છે... સમજાણું કાંઈ? એ સમજ્યો છે તે સમાઈ ગયો છે અંદરમાં. એમ કહે છે. સમજાણું કાંઈ? અમે જાણીએ છીએ અને અમને આવડે છે. અમે દુનિયામાં સમજાવનારા નેતા છીએ. આહા..હા..! એ કહે છે જુઓ. સમજાણું કાંઈ? આહા..! જેનો

પ્રકાશ ધીર છે. કેવું છે? ધીર છે. એ જ્ઞાનના શણગાર છે. આનંદરૂપી શાંતિને લેતું, પરિણમતું જે જ્ઞાન પ્રગટ્યું એમાં ધીરપણું એ એનો શણગાર છે. એ એની શોભા છે. કહો, સમજાણું? એ મકાનની શોભા નથી કરતા? ફર્નિચર ને એકાદ-બે કપાટ રમકડાના ભર્યા હોય અને બીજા બહારમાં. મકાન-મકાન. એમાં રમકડા ભરે છેને રમકડા સમજ્યા? માણસ અને સિંહ એવા બધા નથી રાખતા પૂતળા? પૂતળા ભર્યા હોય હવે એ ... કપાટ એકાદ-બે કપાટ એ ભર્યો હોય, ભગવાનજીભાઈ! આવું પહેલું નહોતું હોં.

મુમુક્ષુ :- ..માણસો ક્યાં આવે છે?

ઉત્તર :- કેવા માણસ? ઘરમાં ઓલા એક-બે કપાટ ભરેલા હોય. .. શું કહેવાય? રમકડાં. પોપટ ને માણસને ફલાણું ને ઢીંકણું. આમ મૂકે ને આમ મૂકે. આહા..હા..! એવા એકાદ-બે કપાટ પૈસા પ્રમાણે હોં. એવું બે-ચાર ઘરે છે. .. ભર્યું હોય એકલું.. જ્યાં શાસ્ત્ર ભરવા જોઈએ. કહો, ચીમનભાઈ! આમ દેખાય પાછા. મકાનમાં પહેલાં ગોળીયું લાવતા. ગોળીયું-ગોળીયું સમજ્યા? પીત્તળની, ત્રાંબાની. મોટી-મોટી. અભરાઈમાં ઠામડા, થાળીયું, એમાં એક એક વાટકો, આમ અભરાઈમાં પડ્યું હોય એ. આ બધી લાઈન ફરી ગઈ. કાટ આવી ગઈ.

અહીં તો કહે છે. આહા..હા..! તને જોવે તો તારી અભેરાઈમાં એકલો આનંદ ભર્યો હો/ય એ જોવામાં આવે. આહા..હા..! એને ઠેકાણે આ શું થયું કહે? આહા..હા..! ધીરજ જેની શોભા છે, જે જ્ઞાન પ્રગટ્યું ભગવાન આત્માને અવલંબે સમ્યક્ એનો શણગાર તો ધીરો એ ધીરભાવે શણગાર છે. એ શણગારથી ભરેલો એ આત્મા શોભે છે. કહો, સમજાણું કાંઈ? આ બહારના ટીલા ને ટપકા નથી કરતા? શરીરને સારું દેખાડવા. પછી લટકતા હોય. આહા..હા..! હાડકાના શણગાર. મડદું સ્મશાનમાં રહે એના શણગાર. ભગવાન ચૈતન્ય જ્યોત જેને અંતરમાં ધીરજ પ્રગટી છે કહે છે. આહા..હા..! અંતરની દશા વિકાસવા માટે અશુદ્ધતા ક્ષણે ક્ષણે પલટી જાય છે અને શુદ્ધતા વધતી જાય છે એવું જેનું જ્ઞાન છે. આહા..હા..! એ અસ્થિર એવો ધીરો એવો વિકલ્પ એને અડતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ! એય..! કાંતિભાઈ! આ બધા તમારા જ્ઞાન ને લૌકિક જ્ઞાન બધા મીંડાવાળા છે. મીંડા છે.

**'ધીર છે, ઉદાત્ત (ઉચ્ચ) છે...'** ઉદાત્ત છે એટલે ઉચ્ચ છે. એ આત્માના અંતરમાં પ્રગટેલું સમ્યક્ જ્ઞાન ધાર્મિકનું એ ઉચ્ચપદને પ્રાપ્તને માટે ઉચ્ચ છે. ઉચ્ચ એવો ભગવાન આત્મા એને અવલંબે પ્રગટેલું એ જ જ્ઞાન ઉચ્ચ છે, ઉદાર છે, ઉદાત્ત, ઉદાત્ત છે. આહા..હા..! અંદરમાંથી જેટલું કાઢવું હોય એટલું નીકળે એવો એ ઉદાત્ત છે. સમજાણું? **'અને તેથી અનાકુળ છે...'** આનંદ છે. જેમાં આકુળતા નથી. **'સર્વ ઈચ્છાઓથી રહિત નિરાકુળ છે.'** આહા..હા..! આ મંગળિક કર્યું. જીવ-અજીવના સ્થાનનું વર્ણન બતાવવા ભેદજ્ઞાન આવું

હોય એમ વર્ણન કર્યું. '**(અહીં ધીર, ઉદાત્ત, અનાકુળ-એ ત્રણ વિશેષણો શાંતરૂપ નૃત્યનાં આભૂષણ જાણવાં.)**' લ્યો જોયું! જેણે આત્મજ્ઞાન પ્રગટ્યું છે. આત્મજ્ઞાનને? રાગનું કે શાસ્ત્રનું કે પરનું કે એ નહિ. એ જ્ઞાન ધીરું છે, ઉદાર છે, ઉદાત્ત છે એટલે ઉંચું છે. અનાદિ ઉચ્ચતા સમ્યગ્જ્ઞાન સિવાયની એ ક્યાં હોય કહે છે? '**એ ત્રણ વિશેષણો શાંતરૂપ...**' પરિણમન. એમ કહે છેને અહીંયાં? શાંતિનો સાગર ભગવાન એવા જ્ઞેયમાં લીન થવું એવી જે શાંતિ એનું પરિણમન. નૃત્ય એટલે પરિણમન એના આભૂષણો શોભા છે. '**એવું જ્ઞાન વિલાસ કરે છે.**' જુઓ. '**धीरोदात्तमनाकुलं विलसति**' છેલ્લાનું આવ્યું. આહા..હા..! શબ્દો ટૂંકા પડે છે કહેવાને. તારી શું વાત કરવી? તારા દ્રવ્યની તો શું વાત કરવી? પણ તારા દ્રવ્યનું જ્ઞાન થાય એની શું કરવી વાત? આહા..હા..!

'**ભાવાર્થ :— આ જ્ઞાનનો મહિમા કહ્યો.**' એની મહિમાની કોઈ ચીજ મહિમાને લઈ જાય એવી એ ચીજ નથી. ટૂંકામાં ભગવાન આત્મા એણે જેને સંભાર્યો એવા જ્ઞાનની સંભાળમાં કહે છે કોઈ મહિમા બીજી ચીજ લઈ જાય એટલે કે બીજી ચીજની મહિમા આવે એમ છે નહિ. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એની મહિમા એમાં ન આવે એમ કહે છે. આહા..હા..! એ તો કહે તીર્થંકરગોત્ર બાંધે એ મુક્તિનું કારણ. પણ સોનગઢનું એવું લાગે. સોનગઢનું નથી પ્રભુ! આ તારા ચૈતન્યનું એનામાં કાટ ન હોય. ગમે તેટલો કાળ સોનું પાણીમાં રહે તો કાટ ચડે?

મુમુક્ષુ :- કાદવમાં રાખે તો?

ઉત્તર :- કાદવ ચડ્યો એ તો ઉપરથી દેખાય છે. અંદર એને અડતો પણ નથી. એમ ચૈતન્યમૂર્તિ આવી મહિમાવાળું જ્ઞાન પ્રગટ કર્યું એને કાંઈ અડતું જ નથી.

'**જીવ-અજીવ એક થઈ રંગભૂમિમાં પ્રવેશ કરે છે...**' નાટકમાં. રંગભૂમિ એટલે અખાડો. નાટકનો નાચવાનો અખાડો એટલે જગ્યા. એમાં એક થઈને રંગભૂમિમાં પ્રવેશ કરે છે. આમ બહાર આવે છે એટલે દેખાય છે એને. '**તેમને આ જ્ઞાન જ ભિન્ન જાણે છે.**' એને આ જ્ઞાન જ અજીવ ને રાગના વિકલ્પને ભગવાન આત્માના સ્વભાવને એનાથી ભિન્ન જાણે છે. એ જાણ્યું એ જાણ્યું. એનું નામ જ્ઞાન અને એનું નામ ધાર્મિક જ્ઞાન. આહા..હા..! '**જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે તેને સ્વાંગ કરનારો નમસ્કાર કરી પોતાનું રૂપ જેવું હોય તેવું જ કરી લે છે...**' આ બહુરૂપિયો આવે છેને? જાણી લે કે આ તો કાલે તું આવ્યો હતો સાહેબ થઈને એ આવ્યો આ તો કહે. .. આ બન્યું છે. આટલી ..આવ્યું છે. તમારે ફલાણું છે ને ઢીંકણું છે. રસીદ રસીદ લાવો. કોણ છો તમે? આમ જો તો સામે છે ભીંત, સામે બે તકીયા છે અને .. બે-ત્રણ હાથની દુકાન હતી. એમાં બેઠેલા. ... બીજે દિ' પાછો માગણ થઈને આવ્યો. બહુરૂપિયો એય..! બાપુ! કાંઈક

વધ્યું ઘટ્યું આપો. આ મારો પણ ભીંત દેખે છે. અહીં ચૂલા નથી. અહીં તો દુકાન છે. અહીં શું કહેવાય તમારા ઓશીકાને પડ્યા હોય એ? તકીયા-તકીયા. હવે એને ખબર નથી? પછી એને ખબર આવી જાય. ઓહો..! આ તો મારો કાલે હતો એ. બહુરૂપિયો છે પોતે. અહીં તકીયા પડ્યા છે. ત્રણ હાથમાં દુકાન છે. સામી ભીંત દેખાય છે, બે બાજુ આ .. દેખાય છે માટે આ કાંઈક મા-બાપ! કાંઈક વધ્યું ઘટ્યું આપજો. ભિખારી થઈને આવ્યો. ઓહો..! એ પૈસા લેવા પછી આવે. આહા..હા..! એમ જ્ઞાને જોઈ લીધું. એનું તળિયું તપાસ્યું. આહા..હા..! પોતાના પરિણામથી પાતાળ કૂવાને અંદરમાં જોયો. સમજાણું કાંઈ? પાતાળ જેનું માપ નથી, માપ નથી. આમાં તો માપ ચાલી જાય છે. આનું તો કાંઈ જ માપ નથી. જાણે જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંતગુણની અનંત પ્રમાણિકતા, મહિમા એવા જ્ઞાને પોતાને અને પરને રાગને અને બેને ભિન્ન જાણ્યા છે.

**'જેમ નૃત્યમાં કોઈ સ્વાંગ આવે તેને જે યથાર્થ જાણે...'** જાણ્યું એટલે એ છૂટી જાય એમ કહે છે. જ્ઞાનમાં આનંદસ્વરૂપ છું એવું જે જ્ઞાન થયું, એણે જાણ્યું કે આ રાગ અને શરીર આ તો આસ્રવ અજીવ તત્ત્વ છે. બે ભિન્ન છે. મારામાં એકપણે નથી. એટલે નાચતા-નાચતા એક થઈને છૂટી ગયું. વિકલ્પ આવ્યો એ છૂટી ગયો એમ કહે છે. આહા..હા..! નિશ્ચયની વાત. આગ્રાની ટીકા પણ આવી છે અને આગ્રાના વખાણ પણ આવ્યા છે. .. ત્રણે આવ્યું છે. આગ્રાનું આ. એક ટીકા પણ કરી છે એક જણાએ. આગ્રા આમ છેને તેમ છે. બધા નિશ્ચયના જ વ્યાખ્યાન આપ્યા અને પોતાની મોટપ બતાવતા વિદ્વાનો અને છોકરાઓને ઉડાવતા કેટલીકવાર. ... સાચી સમજણની વાત ગોઠે નહિ અને એમ કે આમાં વ્યવહારું વાત આવ્યા લોકો સમજે શું? એમ કહે છે. વ્યવહાર કેવો હોય? એનો વ્યવહાર કેવો કહેવાય? આ તો એકલું નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... તમે ત્યાં નહોતા. ભગવાનદાસ ગયા હતા. આગ્રા. ભાઈ ગયા હતા. મોઢા આગળ જાય. આમ મોઢા આગળ આવ્યા. કહો, સમજાય છે?

એમ કે નિશ્ચયની વાતું પોતાને સમજાય નહિ અને શાસ્ત્રની એવી વાતું કાઢે કાંઈ મૂઢ જેવા બેસે કહે. એમ આવ્યું હતુ. ઓલો વીર છેને વીર? વીર ચાલ્યું છેને? વીર નહિ. આ .. એમ આવ્યું હતું. બે-ત્રણમાં આવ્યું છે. જૈન ગેજેટમાં. હા જૈન ગેજેટમાં. આહા..હા..! ભાઈ! તું સમજ્યો છો એ જ સમજાવું હોય તો એમાં વિશેષતા શું? એ તો સમજ્યો છે વ્યવહાર ને રાગ ને આ ને તે. એ સમજ્યો છે એ જ જાતની વાત કરે તો એમાં એનું એ જ રહે. તારી ૠદ્ધિ એને તે જોઈ નથી અને જાણી નથી. એ તું ભણ્યો જ નથી. એ અહીં ભણવાની વાત છે આ તો. સમજાણું કાંઈ? અરે! જેમાં જ્ઞાનમાં સંસારના અંત ન આવે અને અનંત એવો આત્મા જ્ઞાનમાં ન ભાસે, સંસારનો અંત ન આવે અને અનંત

એવો ભગવાન ન ભાસે એ જ્ઞાન કેવું? એમ કહે છે. સમજાણું કાંઈ? વિશુદ્ધિમાં આવી ગયું હતુંને. સમયસાર. વિધિ.. આવ્યું હતુંને. .. આહા..હા..!

'**તેવી રીતે અહીં પણ જાણવું. આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પુરુષોને હોય છે;...**' લ્યો! હવે અહીં તો અહીંથી વાત માંડી છે. કેવળજ્ઞાનીને હોય છે એની વાત અહીં છે જ નહિ. આહા..હા..! '**આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પુરુષોને હોય છે; મિથ્યાદૃષ્ટિ આ ભેદ જાણતા નથી.**' બીજી ગાથામાં આવ્યું સમયસાર. '**जीवो चरित्तदंसणणाणठिदो**' એ તો સ્વસમયની વાત કરી. સમ્યગ્દૃષ્ટિથી જ માંડીને વાત કરી. જે સ્વસમય સિદ્ધમાં હોય એ સાંભળનારા બેઠા હોય તો એના વખાણ કરે. અહીંયાં તો બે જ વાત લીધી છે. સમ્યગ્દૃષ્ટિ તે સ્વસમય, મિથ્યાદૃષ્ટિ તે પરસમય. પ્રવચનસારમાં પણ ગાથા નથી આવી? પરસમય. પર્યાય મૂઢા પરસમયા. મિથ્યાદૃષ્ટિ પરસમય છે તે સ્વસ્વરૂપનું ભાન, જ્ઞાન એ જ સ્વસમય એટલે આત્મા થયો. સમજાય છે કાંઈ?

એટલે કહે છે '**આવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પુરુષોને હોય છે;...**' લ્યો! અહીં તો એ વાત કરી છે. '**મિથ્યાદૃષ્ટિ આ ભેદ જાણતા નથી.**' આ સમયસાર એમ કે કોને માટે. અરે પ્રભુ! તારો સ્વભાવ જ એવો છે ભાઈ! આહા..હા..! તને તું નથી જાણતો એને જાણવાની આ વાત છે.

## ગાથા-૩૯ થી ૪૩

अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई।
जीवं अज्झावसाणं कम्मं च तहा परुवेंति।।३९।।
अवरे अज्झवसाणेसु तिव्वमंदाणुभागगं जीवं।
मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवो त्ति।।४०।।
कम्मस्सुदयं जीवं अवरे कम्माणुभागमिच्छंति।
तिव्वत्तणमंदत्तणगुणेहिं जोसोहवदि जीवो।।४१।।
जीवो कम्म उहयं दोण्णि वि खलु केइ जीवमिच्छंति।
अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति।।४२।।
एवंविहा बहुविहा परमप्पाणं वदंति दुम्मेहा।

ते ण परमट्टवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा।।४३।।
आत्मानमजानन्तो मूढास्तु परात्मवादिनः केचित्।
जीवमध्यवसानं कर्म च तथा प्ररूपयन्ति।।३९।।
अपरेऽध्यवसानेषु तीव्रमन्दानुभागगं जीवम्।
मन्यन्ते तथाऽपरे नोकर्म चापि जीव इति।।४०।।
कर्मण उदयं जीवमपरे कर्मानुभागमिच्छन्ति।
तीव्रत्मन्दत्वगुणाभ्यां यः स भवति जीवः।।४१।।
जीवकर्मोभयं द्वे अपि खलु केचिज्जीवमिच्छन्ति।
अपरे संयोगेन तु कर्मणां जीवमिच्छन्ति।।४२।।
एवंविधा बहुविधाः परमात्मानं वदन्ति दुर्मेधसः।
ते न परमार्थवादिनः निश्चयवादिभिर्निर्दिष्टाः।।४३।।

इह खलु तदसाधारणलक्षणाकलनात्क्लीबत्वेनात्यन्तविमूढाः सन्तस्तात्त्विकमात्मानमजानन्तो बहवो परमप्यात्मानमिति प्रलपन्ति। नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानमेव जीवस्तथाविधाध्यवसानात् अंगारस्येव कार्ष्ण्यादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। अनाद्यनन्तपूर्वापरीभूतावयवैकसंसरणक्रियारूपेण क्रीडत्कर्मैव जीवः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। तीव्रमन्दानुभवभिद्यमानदुरंतरागरसनिर्भराध्यवसानसंतान एव जीवस्ततोऽतिरिक्तस्यान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। नवपुराणावस्थादिभावेन प्रवर्तमानं नोकर्मैव जीवः शरीरादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। विश्वमपि पुण्य-पापरूपेणाक्राम कर्मविपाक एव जीवः शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। सातासातरूपेणाभिव्याप्तसमस्ततीव्रमन्दत्वगुणाभ्यां भिद्यमानः कर्मानुभव एव जीवः सुखदुःखातिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। मज्जितावदुभयात्मकत्वादात्मकर्मोभयमेव जीवः कात्स्न्र्यतः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। अर्थक्रियासमर्थः कर्मसंयोग एव जीवः कर्मसंयोगात्खट्वाया इव अष्टकाष्ठसंयोगादतिरिक्तत्वेनान्यस्यानुपलभ्यमानत्वादिति केचित्। एवमेवंप्रकारा इतरेऽपि बहुप्रकाराः परमात्मेति व्यपदिशन्ति दुर्मेधसः, किन्तु न ते परमार्थवादिभिः परमार्थवादिन इति निर्दिश्यन्ते।

હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છે :—

કો મૂઢ, આત્મતણા અજાણ, પરાત્મવાદી જીવ જે,
'છે કર્મ, અધ્યવસાન તે જીવ' એમ એ નિરૂપણ કરે! ૩૯.
વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ-મંદ જે,

એને જ માને આતમા, વળી અન્ય કોઈ નોકર્મને! ૪૦.
કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,
કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧.
કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,
કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.
દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,
તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.

ગાથાર્થઃ- [आत्मानम् अजानन्तः] આત્માને નહિ જાણતા થકા [परात्मवादिनः] પરને આત્મા કહેનારા [केचित् मूढाः तु] કોઈ મૂઢ, મોહી, અજ્ઞાનીઓ તો [अध्यवसानं] અધ્યવસાનને [तथा च] અને કોઈ [कर्म] કર્મને [जीवम् प्ररुपयन्ति] જીવ કહે છે. [अपरे] બીજા કોઈ [अध्यवसानेषु] અધ્યવસાનોમાં [तीव्रमन्दानुभागगं] તીવ્રમંદ અનુભાગગતને [जीवं मन्यन्ते] જીવ માને છે [तथा] અને [अपरे] બીજા કોઈ [नोकर्म अपि च] નોકર્મને [जीवः इति] જીવ માને છે. [अपरे] અન્ય કોઈ [कर्मणः उदयं] કર્મના ઉદયને [जीवम्] જીવ માને છે, કોઈ '[यः] જે [तीव्रत्वमन्दत्वगुणाभ्यां] તીવ્રમંદપણારૂપ ગુણોથી ભેદને પ્રાપ્ત થાય છે [सः] તે [जीवः भवति] જીવ છે' એમ [कर्मानुभागम्] કર્મના અનુભાગને [इच्छन्ति] જીવ ઇચ્છે છે (-માને છે). [केचित्] કોઈ [जीवकर्मोभयं] જીવ અને કર્મ [द्वे अपि खलु] બન્ને મળેલાંને જ [जीवम् इच्छन्ति] જીવ માને છે [तु] અને [अपरे] અન્ય કોઈ [कर्मणां संयोगेन] કર્મના સંયોગથી જ [जीवम् इच्छन्ति] જીવ માને છે. [एवंविधाः] આ પ્રકારના તથા [बहुविधाः] અન્ય પણ ઘણા પ્રકારના [दुर्मेधसः] દુર્બુદ્ધિઓ-મિથ્યાદષ્ટિઓ [परम्] પરને [आत्मानं] આત્મા [वदन्ति] કહે છે. [ते] તેમને [निश्चयवादिभिः] નિશ્ચયવાદીઓએ (-સત્યાર્થવાદીઓએ) [परमार्थवादिनः] પરમાર્થવાદી [-સત્યાર્થ કહેનારા] [न निर्दिष्टाः] કહ્યા નથી.

ટીકાઃ- આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ નહિ જાણવાને લીધે નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા, તાત્ત્વિક (પરમાર્થભૂત) આત્માને નહિ જાણતા એવા ઘણા અજ્ઞાની જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે, બકે છે. કોઈ તો એમ કહે છે કે સ્વાભાવિક અર્થાત્ સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન (અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવપરિણામ) તે જ જીવ છે કારણ કે જેમ કાળાપણાથી અન્ય જુદો કોઈ કોલસો જોવામાં આવતો નથી તેમ એવા અધ્યવસાનથી

જુદો અન્ય કોઈ આત્મા જોવામાં આવતો નથી.૧. કોઈ કહે છે કે અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ તે જ જીવ છે કારણ કે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.૨. કોઈ કહે છે કે તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત (જેનો અંત દૂર છે એવા) રાગરૂપ રસથી ભરેલાં અધ્યવસાનોની જે સંતતિ (પરિપાટી) તે જ જીવ છે કારણ કે તેનાથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી.૩. કોઈ કહે છે કે નવી ને પુરાણી અવસ્થા ઇત્યાદિ ભાવે પ્રવર્તતું જે નોકર્મ તે જ જીવ છે કારણ કે શરીરથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.૪. કોઈ એમ કહે છે કે સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક તે જ જીવ છે કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.૫. કોઈ કહે છે કે શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્ર-મંદત્વગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે જ જીવ છે કારણ કે સુખ-દુઃખથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી. ૬. કોઈ કહે છે કે શિખંડની જેમ ઉભયરૂપ મળેલાં જે આત્મા અને કર્મ, તે બન્ને મળેલાં જ જીવ છે કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. ૭. કોઈ કહે છે કે અર્થક્રિયામાં (પ્રયોજનભૂત ક્રિયામાં) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે કારણ કે જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો નથી તેમ કર્મના સંયોગથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી. (આઠ લાકડાં મળી ખાટલો થયો ત્યારે અર્થક્રિયામાં સમર્થ થયો; તે રીતે અહીં પણ જાણવું.) ૮. આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા અને એવા એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ(અનેક પ્રકારે) પરને આત્મા કહે છે; પરંતુ તેમને પરમાર્થના જાણનારાઓ સત્યાર્થવાદી કહેતા નથી.

ભાવાર્થ :— જીવ-અજીવ બન્ને અનાદિથી એકક્ષેત્રાવગાહસંયોગરૂપ મળી રહ્યાં છે અને અનાદિથી જ જીવની પુદ્‌ગલના સંયોગથી અનેક વિકારસહિત અવસ્થાઓ થઈ રહી છે. પરમાર્થદૃષ્ટિએ જોતાં, જીવ તો પોતાના ચૈતન્યત્વ આદિ ભાવોને છોડતો નથી અને પુદ્‌ગલ પોતાના મૂર્તિક જડત્વ આદિને છોડતું નથી. પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે; કારણ કે પરમાર્થે જીવનું સ્વરૂપ પુદ્‌ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે તેમ જ સર્વજ્ઞની પરંપરાના આગમથી જાણી શકાય છે, તેથી જેમના મતમાં સર્વજ્ઞ નથી તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે. તેમાંથી વેદાંતી, મીમાંસક, સાંખ્ય, યોગ, બૌદ્ધ, નૈયાયિક,

વૈશેષિક, ચાર્વાક આદિ મતોના આશય લઈ આઠ પ્રકાર તો પ્રગટ કહ્યા; અને અન્ય પણ પોતપોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી અનેક પ્રકારે કહે છે તે ક્યાં સુધી કહેવા?

## ગાથા-૩૯ થી ૪૩ ઉપર પ્રવચન

'હવે જીવ-અજીવનું એકરૂપ વર્ણન કરે છે :—'

अप्पाणमयाणंता मूढा दु परप्पवादिणो केई।
जीवं अज्झावसाणं कम्मं च तहा परुवेंति।।३९।।
अवरे अज्झवसाणेसु तिव्वमंदाणुभागगं जीवं।
मण्णंति तहा अवरे णोकम्मं चावि जीवो त्ति।।४०।।
कम्मस्सुदयं जीवं अवरे कम्माणुभागमिच्छंति।
तिव्वत्तणमंदत्तणगुणेहिं जोसोहवदि जीवो।।४१।।
जीवो कम्म उहयं दोण्णि वि खलु केइ जीवमिच्छंति।
अवरे संजोगेण दु कम्माणं जीवमिच्छंति।।४२।।
एवंविहा बहुविहा परमप्पांण वदंति दुम्मेहा।
ते ण परमट्ठवादी णिच्छयवादीहिं णिद्दिट्ठा।।४३।।

આહા..હા..! અહીં તો 'वदंति' લીધું લ્યો! કહે છે એટલે કે જાણે છે ખરેખર. ભાષામાં શું કહેવું?

કો મૂઢ, આત્મ તણા અજાણ, પરાત્મવાદી જીવ જે,
'છે કર્મ, અધ્યવસાન તે જીવ' એમ એ નિરૂપણ કરે! ૩૯.
વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષ્ણ-મંદ જે,
એને જ માને આતમા, વળી અન્ય કોઈ નોકર્મને! ૪૦.
કો અન્ય માને આતમા કર્મો તણા વળી ઉદયને,
કો તીવ્રમંદ-ગુણો સહિત કર્મો તણા અનુભાગને! ૪૧.
કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,
કર્મો તણા સંયોગથી અભિલાષ કો જીવની કરે! ૪૨.

**દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,**
**તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.**

જુઓ, અહીં તો દુર્બુદ્ધિ કહી. પરમાર્થના જાણનાર આને દુર્બુદ્ધિ કહે છે. આહા..!

એની '**ટીકા :- આ જગતમાં...**' 'આ' અસ્તિ કરીને જગત સિદ્ધ કર્યું. જગત છે. લોકાલોક એવી ચીજ છે. આ જગતમાં વસ્તુ છે. એકલો જ આત્મા છે એમ નથી. '**આ જગતમાં આત્માનું અસાધારણ લક્ષણ...**' ભગવાન આત્માનો અસાધારણ જે બીજામાં નથી અને બીજારૂપે નથી. દર્શન-જ્ઞાન એ પણ નહિ. એને અસાધારણ રૂપ. '**લીધે નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,...**' જુઓ, અહીં ભાષા વાપરી. આહા..હા..! કહે છે કે રાગને આત્મા માને. ઘણાં બોલ લેશે. પણ એ રાગથી આત્માને લાભ થાય એમ માને એ જ રાગને આત્મા માને છે. એ જીવ નપુંસક છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ રાગ અને સંયોગથી મને સુખ થાય તો રાગ અને સંયોગને જ એણે આત્મા માન્યો. એ માનનારા કહે છે '**નહિ જાણવાને લીધે...**' એમ કીધું છેને? '**નહિ જાણવાને લીધે...**' ભગવાન આત્મા અસાધારણ જેનો જ્ઞાનસ્વરૂપ ભગવાન, જ્ઞાનના લક્ષણે લક્ષિત જાણવામાં અનુભવમાં આવે એવો, એવો અસાધારણ લક્ષણવાળો એને નહિ જાણવાને લીધે, એવા ભગવાન આત્માને નહિ જાણવાને કારણે '**નપુંસકપણે...**' '**क्लीब**' '**क्लीब**' કીધા છે એને. છેને? '**क्लीबत्वेना**' '**क्लीब**' એટલે નપુંસક. હીજડા, પાવૈયો છો કહે છે. આહા..હા..! હીજડા હોય છેને હીજડા? આહા..હા..! રાગનું અસ્તિત્વ એ મારું, એનો હું કર્તા અને એનો હું ભોક્તા કહે છે કે એ મારા નપુંસક છો. આહા..હા..! માથા કાપે બીજાના કહે છે. શૂરવીર-શૂરવીર. હાથમાં તલવાર. માથું કપાણું હોય પછી પણ બે ઘડી શરીર ધ્રુજે હાથમાં તલવાર હોય. આમ ધડ પડી ગયું હોય. એ બધા શૂરવીર કહેવાય. અહીં કહે છે કે એ બધા નપુંસક છે. આહા..હા..! બીજાના કહે છે તો એવું જ છેને ભાઈ! માતા પણ દીકરાને કહે છે બા! મૂઢ થઈ ગયો છો? ગાંડો છો? આઠ-દસ વર્ષનો ઢગો થયો તોપણ હજી તને ભાન નથી? એમ કહેને? મોટો થઈને પરણાવે ત્યારે વળી એમ કહે કે એલા ઘરે બાયડી છે તોપણ તને ભાન નથી કાંઈ? તારે માથે કેટલી જવાબદારી તું છો. હવે તો જુવાન થયો છો. તારે ઘરે છોકરા થયા છે એમ કહે. એય..! ચંદુભાઈ! છોકરા થયા ખબર પડતી નથી. કેમ રળવું ને કેમ કરવું? એ તો એમ કહેને. એમ આ પ્રભુ અનંત આનંદ જ્ઞાનનું ધામ જેને ખબરમાં નથી, જાણમાં નથી સ્વરૂપમાં. અને બીજા બધા જાણપણામાં પ્રવિણ, નિપૂર્ણ, વિચિક્ષણ અને પાવરધો. સુજાનમલજી!

મુમુક્ષુ :- આપ નવી નવી વાત નિકાલો .. અજબ ગજબની વાત કરો.

ઉત્તર :- ગજબની વાત જ હજમ કરવા જેવી છે. આહા..હા..!

અસાધારણ આત્માનું જે લક્ષણ. આહા..હા..! એને નહિ જાણવાને લીધે. એને આ પુણ્યના ભાવ નિમિત્તથી થાય, મને લાભ થાય એ બધું અસાધારણ ભગવાન જ્ઞાનસ્વભાવી એને નહિ જાણવાનું એ પરિણામ છે. સમજાય છે કાંઈ? એ '**નહિ જાણવાને લીધે નપુંસકપણે...**' એક તો એ ક્લીબ. એને કારણે '**અત્યંત વિમૂઢ થયા થકા,...**' આહા..હા..! ભાષા વાપરી છેને? '**अत्यन्तविमूढाः**' સંત છે. સંત છે. કરુણા છે જગત ઉપર હોં. લખવાનો વિકલ્પ છેને એ કરુણા છે. અરે પ્રભુ! તારી ચીજને તું ન જાણ એ તો નપુંસક છે કહે છે. આહા..હા..! તારી ચીજ રાગને રચે, જે તારું સ્વરૂપ નથી. આહા..હા..! પરને રચે એ તો છે નહિ. આ કારખાના તે બહુ થયા જુઓને મુંબઈમાં. કારખાના ઘણા છે. એવું ત્યાં સાંભળ્યું કે પચાસ હજારની મૂડી હોય તો કારખાનું છે. નોકરી કરી પચાસ હજાર ભેગા થયા તો કારખાનું કર્યું. ફલાણું કર્યું. ... ઢીંકણા. એના બાંધવાના આવતા. .. એવું સાંભળ્યું છે બધું. તમારે બહું છે. પેનનું છે એને. આહા..! ઓલાને ઘડિયાળનું છે. ઉંચા મોટા ૩૦-૩૦ લાખના સંચા. આહા..હા..! અમે તો ક્યાં જઈએ. મોટા ઉદ્યોગો ત્યાં વધી ગયા છે.

અરે તારી ચીજને અંતરમાં તારા ગર્ભમાં તો પડ્યું છે કેવળજ્ઞાન અને સિદ્ધપદ. એને પ્રજા જ્ઞાનની પ્રગટ ન કરતાં આ પરને લઈને હું છું અને મારું ટકવું અને મારું લાભ. આહા..! કાંઈક અનુકૂળ સાધન હોય તો સગવડતામાં ધર્મ થાય. અગવડતામાં થાય? શેઠ! એ ઓલા પૈસા બૈસા .. ક્યાં એકલા આવ્યા હતા. .. ત્યાં રોડ ઉપર દુકાન હતી. અરે ભગવાન! નપુંસક છો કહે છે. આહા..હા..! તારું નભવું તારાથી આનંદથી છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ? બે શબ્દ આકરા છે. વસ્તુને નહિ જાણવાને લીધે. વસ્તુના લક્ષણને અસાધારણ લક્ષણને કે જે બીજામાં નથી એવો ભગવાન આત્મા પોતાના સાધારણ લક્ષણથી એટલે જ્ઞાનથી જણાય એવું જે એનું સ્વરૂપ છે એને નહિ જાણવાથી. બસ એક જ વાત. નપુંસકપણાને લીધે. આહા..હા..! '**અત્યંત વિમૂઢ થયા થકા,...**' અત્યંત મૂઢ થયા. વિમૂઢ પાછું. એકલા મૂઢ નહિ. અત્યંત અને વિમૂઢ. આહા..હા..! ભલે અગિયાર અંગ અને નવ પૂર્વનો ભણનાર હોય, પણ એમાં હું આવ્યો છું કાંઈક વિકાસમાં એમ જેણે જાણ્યું છે. એ નપુંસક છે.

અત્યંત વિમૂઢ. '**અત્યંત વિમૂઢ થયા થકા,...**' એમ લીધું છે. એટલે પોતે પોતાના ભાવને ભૂલી અત્યંત વિમૂઢ થયો થકો. કર્મને લઈને અને ફલાણાને લઈને એ વાત અહીં છે જ નહિ. આહા..હા..! ઓલા કહે કર્મને લઈને થાય. આટલી આટલી ચર્ચા કરી છે તોપણ પાછા મૂકે છે એ? આચાર્ય મહારાજ. વીરસેનાચાર્ય કહે છે જ્ઞાનાવરણીને લઈને જ્ઞાન રોકાણું વાણીનું કાર્ય કારણ જ્ઞાન છે, જ્ઞાન કર્તા અને વાણી કાર્ય એમ વીરસેનસ્વામી કહે છે. મોટા આચાર્ય. .. નયનું જ્ઞાન સમજ્યા વિના કઈ નયનું આ વાક્ય છે સમજ્યા વિના એની ગાર ન બેસે. આહા..હા..! હજી એમ કહે છે.. ભાઈ! એ તારું સ્વરૂપ છે. જ્ઞાનનું કાર્ય કહ્યું લ્યો!

આહા..! અહીં તો કહે છે કે જ્ઞાનસ્વરૂપ ભગવાન એનું કાર્ય તો જાણવું-દેખવું અને આનંદ થાય એ એનું કાર્ય છે.

'**णियमेण य जं कज्जं**' આવે છેને? એ શું કરવાનું? નિશ્ચયથી કરવાલાયક હોય અને કરાય તો સ્વસન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર. નિયમસારમાં આવે છેને. એવા બે-ત્રણ ઠેકાણે આવે છે. છ આવશ્યક તે નિશ્ચયથી તે કરવાલાયક છે. એમ આવે છે એમાં. કરવાલાયક એ છે. કર્તવ્ય તો એ છે. અહીં તો અસ્તિત્વને સિદ્ધ કરવું છે. ભગવાન તારા અસ્તિત્વમાં રાગાદિ, પુણ્યાદિ, શરીરાદિ કોઈ ચીજની ગંધ નથી. હું એમાં છું અને એ મારામાં છે એમ તે પરને આત્મા માન્યો. એવો '**અત્યંત વિમૂઢ થયા થકા,...**' થયા થકા એમ છેને? અત્યંત વિમૂઢનો અર્થ થયોને. પોતે અંતર વિમૂઢ થયો થકો. કર્મને લઈને વિમૂઢ થયો છે એમ છે? તને તારા દોષે પરાધિનતા. નથી આવતા શ્રીમદ્‌માં? સંતની પહેલી શિખામણ. હવે પહેલી શિખામણની ખબર ન મળે લ્યો. તારા દોષે તને બંધન છે. એ સંતની પહેલી શિખામણ છે. કહો, ભીખાભાઈ! કર્મને લઈને આ થાય એમ માનો છો. .. હે પ્રભુ! શું કરો છો આ? આહા..હા..! ગજબ કરો છો હોં! ચૈતન્યને જે લક્ષણે જે અભેદપણે છે એને લક્ષણે એને ન જાણતા બીજી ચીજ જે છે એ વડે હું છું એમ જે માને છે તે નપુંસકથી અત્યંત વિમૂઢ થયો થકો. અત્યંત વિમૂઢ પરિણમ્યો થકો. એ જ્ઞાનાવરણીય કર્મને લઈને, દર્શનમોહને લઈને એમ નથી. આ વાત આકરી પડે માણસને. અહીં તો સીધી વાત લીધી છે. પંડિતજી! ... કર્મને કારણે આત્મા વિમૂઢ થઈ ગયો છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પણ તારાથી તું એમ. પરને લઈને નહિ. આહા..હા..! ભાઈ! અહીં તો શાંતિમાં વાદવિવાદ કેવા? આવી જ્યાં ચીજ છે એ પોતે જ પોતાને ભૂલીને. એમ થયુંને જુઓને. '**નહિ જાણવાને લીધે...**' એટલે ભૂલીને. નપુંસકપણે અત્યંત વિમૂઢ પરિણમે છે. એમાં કર્મ ન આવ્યું કાંઈ. મોહનીય કર્મને લઈને ... '**તાત્ત્વિક (પરમાર્થભૂત) આત્માને નહિ જાણતા...**' દેખો! ભાષા હવે. તાત્ત્વિક આત્મા. હવે આત્મા તાત્ત્વિક અને અતાત્ત્વિક. જેવું એ પરમાર્થે ભગવાન છે, આનંદ અને જ્ઞાનની મૂર્તિ એ પૂરું તત્ત્વ છે. એવું તાત્ત્વિક એટલે પરમાર્થભૂત આત્મા. પરમાર્થભૂત આત્મા અને વ્યવહાર આત્મા એ બધા ભેદ પડી જાય. '**(પરમાર્થભૂત) આત્માને નહિ જાણતા...**' નહિ જાણવાને લીધે '**નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,...**' પરમાર્થભૂત એવો તાત્ત્વિક આત્મા વસ્તુ. એને નહિ જાણતા '**નહિ જાણતા એવા ઘણા અજ્ઞાની જનો...**' લ્યો! ઘણા જીવો લીધા.

'**ઘણા અજ્ઞાની જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે,...**' પરને પણ બહુ પ્રકારે, ઘણા-ઘણા પ્રકારે. પરને પણ. જે એનામાં નથી. પરમાર્થસ્વરૂપ છે એનામાં નથી.

એને એનાથી લાભ માને એનો અર્થ જ એ કે પોતે છે એમ માને એનો અર્થ. સમજાણું કાંઈ? આહા..હા..! '**બહુ પ્રકારે પરને પણ...**' એટલે એમ. પરને પણ આત્મા કહે છે. પોતાને તો આત્મા કહે એ તો જુદી વાત છે, પણ પરને પણ આત્મા કહે છે. 'બકે છે.' એવો અર્થ કર્યો. સમજાણું કાંઈ? '**प्रलपन्ति**' 'બકે છે.' '**परमप्यात्मानमिति**' '**बहवो परमप्यात्मानमिति प्रलपन्ति**' '**प्रलपन्ति**' પ્ર-વિશેષે, લપે છે. લપ કરે છે. એમ. બોલે છે. લપે ચડી ગયો છે મારા. આચાર્યને .. લેવું છેને. આહા..હા..!

એવું પ્રરૂપણા કરો, એવું જ્ઞાન કે જેને લોકો નીતિમાં વધે અને શુભભાવમાં વધે તો શુભને પામે એવું કહો એમ કહે છે. આહા..હા..! ... આત્માની. અધ્યાત્મ સહિત. ... ૧૦-૧૦, ૨૦ હજાર ગામથી લાખો માણસોને તાર્યા. અરે ભગવાન! તરવાનો ઉપાય શું છે અને કરવાનો ઉપાય .. શું છે એની ખબર નથી. એને ઉપદેશીને .. એને તારે, નિમિત્તરૂપે પણ એ ક્યાંથી હોય એમ કહે છે. પ્રવચનસારમાં આવે છે. .. બીજાને તારે અને પરના .. એમ કહ્યું છેને પ્રવચનસાર. શુભ-શુદ્ધભાવ. શુભ અને શુદ્ધ. શુદ્ધભાવવાળો નિરાસ્રવી છે અને શુભભાવ આસ્રવ. એમ બે વાત સિદ્ધ કરી વસ્તુની. શુભથી નથી અને શુભમાં .. પરિણતિ કરી અને શુદ્ધોપયોગી નિરાસ્રવી છે. એ બીજાને તારે છે અને એનો ભક્ત પરમાર્થે પુણ્ય બાંધે છે એમ કહ્યું. સમજાણું? આવે છેને. એનો ભક્તિ કરનાર પુણ્ય બાંધે છે. એની ભક્તિ કરનાર જ્ઞાન પામે છે, મોક્ષમાર્ગ પામે એમ ત્યાં નથી કહ્યું.

અહીં કહે છે કે એવા આત્માને જે પરમાર્થને ન જાણતા પરને જાણે છે, બકે છે. એટલી વાત તો પહેલી સામાન્ય વાત કરી. હવે '**કોઇ તો એમ કહે છે કે સ્વાભાવિક અર્થાત્ સ્વયમેવ ઉત્પન્ન થયેલા રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન (અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવપરિણામ) તે જ જીવ છે...**' એનાથી તો જુદો અમને તો તું લાગતો નથી. છેને? સ્વભાવ.. થાય છે. વિભાવપણું જે દેખાય છે અને એ જ વિભાવ એનો છે અને એ જ આત્મા છે. વિભાવ વિકલ્પ ઉઠે છે. એ જ સ્વયમેવ ઉત્પન્ન થયું છે. જોયું! ભાષા એમ છે. '**રાગદ્વેષ વડે મેલું જે અધ્યવસાન...**' એકલું એકત્વબુદ્ધિની .. વાતું. '**(અર્થાત્ મિથ્યા અભિપ્રાય સહિત વિભાવપરિણામ) તે જ જીવ છે...**' લ્યો એમ કહે છે. વિભાવભાવ તે જ આત્મા છે. વિભાવભાવની એકતાનો અધ્યવસાય તે જ આત્મા છે. '**કારણ કે જેમ કાળાપણાથી અન્ય જુદો કોઇ કોલસો જોવામાં આવતો નથી...**' કાળાપણાથી. જોયું! કાળાપણાથી કોલસો જુદો જોવામાં આવતો નથી. આહા..હા..! '**તેમ એવા અધ્યવસાનથી જુદો અન્ય કોઇ આત્મા જોવામાં આવતો નથી.**' લ્યો! એમ અજ્ઞાની આ રીતે પરને પોતાનું માને છે. વિભાવ એ પરવસ્તુ છે. એની એકતાબુદ્ધિનો અધ્યવસાય તે જ આત્મા છે. એમ માનીને આત્માને ભૂલ્યા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૪, મંગળવાર, તા. ૦૮-૦૮-૧૯૭૨
## ગાથા-૩૯-૪૩, પ્રવચન-૧૨૬

૩૯ થી ૪૩ ગાથા. જગતમાં આત્માનો સ્વભાવ, એના લક્ષણ, સ્વરૂપ આનંદ અને જ્ઞાન લક્ષણથી તે જણાય એવો છે અને એનું લક્ષણ જ એ જ છે ચૈતન્યસ્વરૂપ મહા. સર્વજ્ઞ સ્વભાવી. એવો આત્મા સર્વજ્ઞસ્વભાવી વસ્તુ જે આત્મ છે એને નહિ જાણવાને લીધે, પોતાની ચીજને નહિ જાણવાને લીધે. '**નપુંસકપણે અત્યંત વિમૂઢ થયા થકા,...**' અરે! પોતાનું વીર્ય, પોતાનું બળ પરવસ્તુ છે એને પરને લઈને મને ઠીક પડે છે એમાં એનું બળ રોકાઈ ગયું છે. એથી એને નપુંસક કહેવામાં આવે છે. આહા..હા..! એવા પણાને કારણે '**(પરમાર્થભૂત) આત્માને નહિ જાણતા એવા ઘણા અજ્ઞાની જનો બહુ પ્રકારે પરને પણ આત્મા કહે છે,...**' એનો એક બોલ કહ્યો. અધ્યવસાન તે જીવ છે એમ કહ્યુંને? પહેલો બોલ. કેમકે રાગની અને સ્વભાવની એકતાથી જુદું એને ભાસતું નથી અને એણે માન્યું છે એટલે એને જુદું કેમ ભાસે? રાગના પરિણામ અને સ્વભાવનો ભાવ બે એક માન્યા છે. એને એ જીવ માને છે. સમજાણું કાંઈ?

અધ્યવસાન એટલે એકત્વબુદ્ધિ ત્યાંથી ઉપાડ્યું છે. અધ્યવસાન એ વડે મેલું છે પરિણામ. કોલસો કાળપથી જુદો નથી. કોલસો કાળપથી જુદો નથી એમ એણે દૃષ્ટાંત આપ્યું. અજ્ઞાનીને દૃષ્ટાંત પણ મળી રહે છે અજ્ઞાનમાં. એમ આત્મા એ રાગ-દ્વેષની મેલપની અધ્યવસાયથી જુદો નથી. એ તો એક છે. એમ અનાદિથી અજ્ઞાનમાં એને જ આત્મા માન્યો છે. એક બોલ થયો એ. એમ ઓલી દલીલ કહે છે કે એનાથી જુદો તો જોવામાં આવતો નથી. જુદા જોવાનો પ્રયત્ન કર્યો નથી. બે બોલ છે. આખું તત્ત્વ અધ્યવસાનથી જુદું થઈ આવે તો આવશે ૪૪માં. એને જોવાનો તો એટલે એ કહે છે કે આત્મા એનાથી જુદો અમને તો કાંઈ દેખાતો નથી. અમને આવો આત્મા-આવો આત્મા તમે કહો. બીજો બોલ. આઠ બોલ કહે.

'**કોઈ કહે છે કે અનાદિ જેનો પૂર્વ અવયવ છે...**' કોણ? ક્રિયા કરતું કર્મ. વિકારની ક્રિયા કરતું કર્મ. વિકારની ક્રિયા કર્મ કરે છે. ક્રિયાના કારકો છેને? ક્રિયા જે છેને એને કારકો હોયને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકારણ. તો એ જે ક્રિયાઓ જે થાય છે રાગ-દ્વેષનું. એનું બધું કર્તા આદિ એ કર્મ જ છે. બીજો આત્મા એનાથી જુદો છે એમ અમને જણાતું નથી. આહા..હા.! '**કોઈ કહે છે કે અનાદિ જેનો પૂર્વ અવયવ...**' એટલો

અંશ છે ભાગ. '**અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે...**' બસ એટલો રાગની ક્રિયા એ જ ક્રિયાનું કર્તવ્ય કરનાર કર્મ છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગોમ્મટસારમાં એમ લખ્યું છે તો કહેને.

ઉત્તર :- કાંઈ લખ્યું નથી. એ તો નિમિત્તનું વાતું કરી છે. નય વાક્ય શું છે એ જાણવું જોઈએ કે નહિ? જ્ઞાનાવરણીયને જ્ઞાન રોકાણું છે. આને લઈને આમ થયું છે. એ ક્રિયા કઈ પણ કેની ક્રિયા?

મુમુક્ષુ :- એમાં આપે લખ્યું છે ગોમ્મટસારમાં...

ઉત્તર :- લખે છે તો એ આ બધા કહે છેને આ? જેઠાભાઈ! એમના ગુરુએ બધું એમ કહ્યું હતું. આવો ચર્ચા કરીએ. તો પહેલી એ શર્ત કે કર્મને લઈને થાય એ માનો તો આપણે ચર્ચા કરીએ. આ રહ્યા જેઠાભાઈ. હવે પણ એનો અર્થ શું? કર્મને લઈને વિકાર છે અને એને લઈને જે અનાદિ રખડે છે. પ્રશ્ન એ આવ્યો હતો ત્યાં? કર્મ તૂટે કેમ? કે આ અપવાસ કરે અને વ્રત કરે તો તૂટે. વ્રત કરે તો સંવર થાય, અપવાસ કરે નિર્જરા. સંવર અને નિર્જરા.

મુમુક્ષુ :- ભગવાનના દર્શન કરે તો સંવર?

ઉત્તર :- હા, ૮૦૪ ઘટે એમ કહે. યશોવિજય કહે છે. અરે! પરદ્રવ્યને આશ્રયે થતો વિકલ્પ એની ક્રિયાનો કરનાર તો જીવ પોતે જ છે. એ ચર્ચા થઈ હતીને ૧૩માં. નહિ ૧૩ નહિ. ૧૫ વર્ષ ત્યાં ઈસરીમાં. એ ૬૨મી ગાથા. ભાઈ આ ફુલચંદજી. ૬૨મી ગાથા નાખી તો .. એય..! ઓલામાં નાખી હતી. જયપુરમાં ખાણિયાની ચર્ચામાં. આ તો એવું કહ્યું છે. જીવ અને જડ કર્મ બેય. વર્તમાન જેની વિકારી... એટલે વિકારી પર્યાયની વાત છેને ત્યાં. વિકારી પર્યાયનું કર્તૃત્વ જીવની પર્યાય છે. કર્મ નહિ. ત્યાં તો ત્યાં સુધી વાત છે એટલે ત્યાં કહ્યું હતું. વર્ણીજીની સામે. પંડિતો બેઠા હતા. કાઢો ૬૨મી ગાથા પંચાસ્તિકાયની. કે કર્મની પર્યાય જ્ઞાનાવરણીયપણે થાય એ પર્યાયનું કર્તા એના પરમાણુ છે. એ અહીંયાં રાગ કર્યો છે એ અપેક્ષા રાખીને જ્ઞાનાવરણીય પરિણમે છે એમ છે નહિ. એમ પાઠ છે એમાં. ૬૨મી ગાથા પંચાસ્તિકાય. તે દિ' કહ્યું હતું ૧૫ વર્ષ પહેલા. સમજાણું? પંચાસ્તિકાયમાં આમ છે. પહેલો કર્મ લીધો છે, પછી જીવ લીધો. જીવના ષટ્કારક. આમાં તો કહે છેને કેટલાક પણ આપણે રાગ-દ્વેષ કરીએ ત્યારે કર્મને પરિણમવું પડે છેને? પુદ્ગલને કર્મપણે.

મુમુક્ષુ :- ન કરીએ તો ન થાય.

ઉત્તર :- ન કરીએ તો ન પરિણમે. લ્યો એ પ્રશ્ન હતો ત્યાં છઠ્ઠી સાલમાં રાજકોટ. એ ના પાડે છે કે તે રાગ-દ્વેષ કર્યા તેથી મોહનીય કર્મને પરિણમવું પડ્યું એમ છે જ નહિ. ૬૨ ગાથામાં છે. પંચાસ્તિકાય. એ તો એ વખતે એ પરમાણુની એરૂપે કર્મની અવસ્થા થવાને

યોગ્યતાને કારણે થઈ છે. એને અહીંયાં રાગ-દ્વેષની અપેક્ષા રાખ્યા વિના થઈ છે. એવો પાઠ છે. શેઠ! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ જ્ઞાનાવરણીયની પર્યાય, દર્શનાવરણીયની પર્યાય, મોહનીયની અને આયુષ્યની. જુઓ, એવા ભાવ થયા તો આયુષ્ય ત્યાં બંધાણું. સ્વર્ગનું કે તીર્થંકર પ્રકૃતિ બંધાણી લ્યોને. એવા ભાવની ભાવની અપેક્ષા રાખીને તીર્થંકરની પ્રકૃતિ બંધાણી. બીજાને કેમ બંધાતી નથી? પંડિતજી!

મુમુક્ષુ :- સાક્ષાત્ દેખાય તો છેને.

ઉત્તર :- એ એમાં એમ છે નહિ. એ પંચાસ્તિકાયમાં છે. પંચાસ્તિકાય છેને? ૬૨ ગાથા કરી . ગુલાબભાઈ બેઠા હતા. હિંમતભાઈ હતા કે નહિ? હા. રામજીભાઈ હતા. આ ૬૨ ગાથા ... ૬૨.

**कम्मं पि संग कुव्वदि सेण सहावेण सम्मपण्णां।**
**जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण।।६२।।**

‘**નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી કર્મ અને જીવ સ્વયં સ્વરૂપના (-પોતપોતાના રૂપના) કર્તા છે એમ અહીં કહ્યું છે.**’ ષટ્કારકો..

મુમુક્ષુ :- એ તો નિશ્ચયની વાત થઈ.

ઉત્તર :- પણ નિશ્ચયની વસ્તુ એટલે નિશ્ચય એટલે યથાર્થ. નિશ્ચય એટલે યથાર્થ, નિશ્ચય એટલે સત્ય, નિશ્ચય એટલે પરમાર્થ, નિશ્ચય એટલે વાસ્તવિક સ્થિતિનું જે સ્વરૂપ છે તે. આહા..હા..! જુઓ છેને એ તો પાઠ છેને?

‘अत्र निश्चयनयेनाभिन्नकारकत्वात्कर्मणो जीवस्य चं स्वयं स्वरूपकर्तृत्वमुक्तम्। ’ મોહનીય કર્મ જે બંધાય એ આત્માએ મિથ્યાત્વભાવ કર્યો માટે બંધાય છે એમ નહિ એમ કહે છે. આહા..હા..! ગજબ વાત છેને.

મુમુક્ષુ :- પછી મિથ્યાત્વ ન કરે એને કેમ બંધાતું નથી?

ઉત્તર :- એનો અર્થ શો? તે સમયે તે પરમાણુના જે વર્ગણા છે કર્મ વર્ગણા. એમાં તે જ પરમાણુ અને તે પર્યાયપણે પરિણમવાના સમયનો એનો કાળ છે તે તેનાથી થાય છે. જીવની અપેક્ષા નહિ.

‘**એ પ્રમાણે જીવ પણ (૧) ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો,...**’ ઠીક! પોતાથી થયો છે. પરની અપેક્ષા નહિ. પાઠ છે જુઓ. ‘**એવો—સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતો થકો અન્ય કારકની અપેક્ષા રાખતો નથી.**’ વિકાર હોં નિરપેક્ષ. આહા..હા..! ભારે આ જૈનદર્શનમાં કર્મ વિનાનું થાય આ માન્યતા રાખવી એ ભારે આકરી. અમારે પણ એકલું કરવાની. ભારે ગડબડ થઈ હતી લાઠી. ૭૧ની વાત. ત્યારે આ મૂક્યું હતું કે કર્મને લઈને વિકાર બિલકુલ નહિ. વિકાર પોતે પોતાથી થાય અને પોતાના ઉંધા પુરુષાર્થથી

થાય અને સવળાથી ટળે એક જ વાત છે. ખળભળાટ... ખળભળાટ... અમારા ગુરુ હતા એ સાંભળતા હતા. કાંઈ બોલતા નહિ. એ ભગવતીનો દાખલો આપતા. દામોદર શેઠ હતા. દામનગર. ઓળખતા હતા? કેશુભાઈ! દામનગર ૨૮ વર્ષ પહેલા માં ગુજરી ગયા. ૨૮ વર્ષ થઈ ગયા. એ હતા એણે ખાનગી વિરોધ ઉઠાવ્યો. મારી સામે નહિ. સામે તો બોલી શકે નહિ. ખાનગી ઉઠાવ્યો કે આ મહારાજ આવું કેમ કહેવા માંડ્યા? કે વિકાર પોતાથી થાય? પરની અપેક્ષા રાખ્યા વિના? ભગવાનજીભાઈ! આ શું પાઠ છે જુઓને. '**स्वयमेव षट्कारकीरूपेण**' ષટ્કારકરૂપથી. '**व्यवतिष्ठमानो न कारकान्तरमपेक्षते।**' બીજા કારકોના અંતર એટલે અનેરા, અનેરા કર્તાકર્મની પર્યાયની અપેક્ષા છે જ નહિ.

મુમુક્ષુ :- પુણ્યકારકની અપેક્ષા નથી.

ઉત્તર :- નથી. આહા..હા..! આવી વસ્તુ. પણ વસ્તુ. એનો ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ છે એ ઉત્પાદ-વ્યય એના ગુણનો થાય, એનો એનાથી થાય ત્યારે પરથી ઉત્પન્ન થાય? એ આમાં કહે છે. અજ્ઞાનીની એવી માન્યતા કે એ કર્મના અવયવને લઈને એ બધી ક્રિયા છે. એ ક્રિયા જે ફરવું અંદર રાગાદિનું એ ક્રિયાનો કર્તા કર્મ છે અને એને લઈને આ સંસાર ઉભો થયો. એનાથી છુટો પડે એ ચીજ છે જ નહિ.

મુમુક્ષુ :- એમ હોય તો વાત રહે નહિ.

ઉત્તર :- છએ કારકોનું જીવનુ સ્વરૂપ, જીવનો વિકાર જે મિથ્યાત્વનો થાય અને રાગ-દ્વેષનો થાય એમાં દ્રવ્ય-ગુણ તો કારણ નહિ, કર્તાકર્મ તો નહિ, પણ એમાં કર્મનો ઉદયનું નિમિત્ત કર્તાકર્મ ષટ્કારકપણે નહિ. પરની અપેક્ષા રાખ્યા વિના. આવો ભગવાન ઉંધો પડ્યો પણ તારી ઉંધાઈ છે. કોઈ કર્મને લઈને છે નહિ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? એ બહુ વ્યાખ્યા સરસ છે. અને અહીં તો એમ લીધું છેને ભાઈ ઓલા ૧૬મી ગાથા પ્રવચનસાર. અર્થમાં ભર્યું છેને ભાઈ એ બહુ સરસ. વ્યવહાર ષટ્કારક તે અસત્ય છે એમ કહ્યું છે. ત્યાં તો અસત્ય કીધા, જૂઠાં છે.

મુમુક્ષુ :- .. પંડિતે કીધું.

ઉત્તર :- હા, જયચંદ પંડિતે.

મુમુક્ષુ :- હેમરાજ પંડિત.

ઉત્તર :- હા. એ વખતે તો આ કાંઈ નાખ્યું પણ નહોતું.

મુમુક્ષુ :- અસત્ય નહિ લખ્યું હોય.

ઉત્તર :- અસત્ય લખ્યું છે. આ પ્રવચનસાર છેને.

મુમુક્ષુ :- એમાં તો આપણે લખ્યું છે. ઓલામાં હેમરાયચંદજીએ.

ઉત્તર :- હા પણ એણે લખ્યું છે. એનો જ આ અર્થ કરીએ છીએ. ઘરનો નહિ. જુઓ.

'**પરમાર્થે કોઈ દ્રવ્ય કોઈનું કર્તાહર્તા થઈ શકતું નથી માટે આ વ્યવહાર છ કારકો અસત્ય છે.**' જુઓ, આ વાંચો. હિન્દીમાં છે. આ હિન્દીનો અર્થ છે ગુજરાતી. જુઓ, '**અસત્ય છે. તેઓ માત્ર ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. નિશ્ચયથી કોઈ દ્રવ્યને અન્ય દ્રવ્ય સાથે કારકપણાનો...**' કારકપણાનો હોં! કર્તાકર્મના નિમિત્ત કારકપણાનો '**સંબંધ છે જ નહિ.**' આવું પ્રત્યક્ષ પડ્યું અને વસ્તુ એવી જ છે.

મુમુક્ષુ :- આવું તો સોનગઢ જ છપાવે.

ઉત્તર :- સોનગઢે છપાવ્યું કે ઓલામાં એનું છે પ્રવચનસાર. આ છપાવ્યું એમાં શું થઈ ગયું? છેને? લાવોને. એના જ પંડિતના જ શબ્દો છે જુઓ. શ્રીમદ્દે છપાવ્યું છેને પુસ્તક. શ્રીમદ્ રાજચંદ્ર. છેને એ તો બધા. આ ક્યાં જોયા હતા તે દિ'. ૭૧ની વાત છે. નહિ કીધું વસ્તુ નહિ. વિકારની પર્યાય. લ્યો આ હિન્દી છે એનું પોતાનું છે હોં. આ અહીંનું છપાવ્યું નથી. જુઓ. '**વ્યવહાર છ કારકો અસત્ય છે. તેઓ માત્ર ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે.**' એ કારણે અસત્ય છે. આ તો શ્રીમદ્ તરફથી છપાવ્યું છે. અને પહેલું છે એમાંથી છપાવ્યું છે. આપણે આમાં છેને એ? શું કહેવાય આ? મોટું આવું જાડું પુસ્તક નહિ? એ તો સમયસાર. આ પહેલું. બહાર પાડ્યું. જુઓ, વ્યવહાર છ કારક એટલે આત્મા વિકાર કરે તો કર્મની પર્યાય થાય એવો જે વ્યવહાર ષટ્‌કારક છે એ તદ્દન જૂઠો છે. અને આત્મા... જુઓ. પંડિતજી! જુઓ દેખો!

'નિશ્ચય છ કારક પોતાથી જ જોડાય છે માટે સત્ય છે.' સત્ અને અસત્ બે વાત કરી. પણ એ નિશ્ચયથી જુઓ તો સ્વદ્રવ્ય છે તે સત્ છે અને પોતાની અપેક્ષાએ પરદ્રવ્ય અસત્ય જ છે. અદ્રવ્ય છે, અદ્રવ્ય કહો કે અસત્ કહો એક જ વાત છે. એમ જ્યારે કર્મના પર્યાયો જેવું અહીંયાં આયુષ્યના ભાવ હોય એવા ત્યાં આયુષ્યના પરમાણુ બંધાય. છતાં કહે છે કે એ આયુષ્યના પરમાણુની પર્યાયને આ ભાવની અપેક્ષા છે જ નહિ. એનો ઉત્પાદ એનો ભાવ છે એમાં આની અપેક્ષા શેની હોય? એમ કહે છે. આહા..હા..! જુઓ, આવા ભાવ હોય તો આયુષ્ય બંધાય એ ભાષા બધી વ્યવહારની છે. વ્યવહાર ષટ્‌કારક તદ્દન જૂઠા છે. આહા..હા..! સુજાનમલજી! આવું તો સાંભળ્યું પણ ન હોય ત્યાં. આહા..હા..! આવો ભગવાન પોતે ભૂલે તોપણ વિકારી પર્યાયનો કર્તા અને કર્મ એક સમયમાં. એક સમયની પર્યાયમાં કર્તાપણું દ્રવ્ય-ગુણને લઈને નહિ. નિમિત્તની અપેક્ષા નહિ. કર્તાપણું કર્મ કાર્યપણું કરીને રાખવાપણું, પોતાથી થયું, પોતાને આધારે એ બધું એક સમયના ષટ્‌કારક છે. આહા..હા..! સમય એક, વિકાર અંશ એક, ષટ્‌કારક છે એક સમયનો. એમ કર્મના પણ એક સમયમાં જ્ઞાન, મતિજ્ઞાનની હીણીદશાપણે જીવ પરિણમ્યો ત્યારે ત્યાં આગળ કર્મનું પરિણમન પણ ત્યાં મતિજ્ઞાનાવરણીએ થયું. પૂર્વોદય નિમિત્તે વળી એકકોર રાખે. અહીંયાં તો મતિજ્ઞાનાવરણીય

જે થઈ એ પર્યાયને અહીંયાં મતિજ્ઞાનની હીણતાની અપેક્ષા નથી. કહો, સમજાણું કાંઈ? એમ જીવના પરિણામને વિકારમાં કર્મની અપેક્ષા નથી. એ પોતે કર્તા થાય તો તે પોતે પુરુષાર્થથી તેને ટાળી શકે. પણ એકેય વાતનું કાંઈ ઠેકાણું નહિ બધી વાતું. અને એમ ને એમ ધારી લે વાતને એ પણ વસ્તુસ્થિતિ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાંભળવાનું શાસ્ત્ર તો બહુ ભણ્યા છે. હજારો શાસ્ત્રો ભણ્યા છે. પણ એમાં આ અંદર ગતિ જ ત્યાં જાય છે. વિચારની ગતિ ત્યાં જાય છે. બહુ સરસ વાત છે. ભાવાર્થ ભર્યો છે મોટો. બહુ સરસ. ષટ્કારક દેખાડે છે જુઓ. '**પોતાનામાંથી, પોતાનામાં કરતું હોવાથી આ નિશ્ચય છ કારકો જ પરમ સત્ય છે.**' આ તો હેમરાજજી પંડિતનું લખેલું છે પહેલાનું છે.

મુમુક્ષુ :- પહેલાનું છેને એ કાંઈ અમને માન્ય થોડું હોય? અત્યારનું બતાવો.

ઉત્તર :- લે આ પણ પાઠ આ બતાવ્યોને. ગાથામાં આમાં પણ એમ છે.

**तह सो लद्धसहावो सव्वण्हू सव्वलोगपदिमहिदो।**
**भूदो सयमेवादा हवदि सयंभु त्ति णिद्दिट्ठो।।१६।।**

ભગવાને એમ કહ્યું. પોતાના પુરુષાર્થથી, ઉપાદાનથી, રાગાદિનો નાશ કરીને, સ્થિરતા પ્રગટ કરીને પોતે સ્વયંભૂ થયો. આહા..હા..! એ પંચાસ્તિકાયનું આચાર્યનું કથન હતું. પંચાસ્તિકાય. એ આચાર્યનું કથન છે. ગાથા છે જુઓ. .. એ તો પ્રવચનસાર છે. આ તો પંચાસ્તિકાય છે. .. બતાવ્યો છે. ૬૨. ૬૨ ગાથા. એ ત્યાં મૂકી હતી તે દિ'.

મુમુક્ષુ :- એ તો અભેદકારક.

ઉત્તર :- અભેદ પણ અભેદનો અર્થ? કે પરની અપેક્ષા રાખ્યા વિના...

મુમુક્ષુ :- એનું નામ જ અભેદ.

ઉત્તર :- એનું નામ અભેદ. કર્મપણે પરિણમવાનો એક એક પરમાણુની પર્યાય જ્ઞાનાવરણીપણે થાય, દર્શનાવરણીપણે થાય, અંતરાયપણે થાય, એની પરમાણુની વર્તમાન પર્યાયની અપેક્ષાએ થાય છે. આની કોર કાંઈક વીર્ય હીણું થયું માટે અંતરાયકર્મ બંધાણું એ વસ્તુના સ્વરૂપમાં છે નહિ. આ તે ગજબ વાત કરે છે. સમજાણું કાંઈ? કાંટો છે આ કાંટો. કાંટામાં એકકોર છે તોલું પાંચ શેર અને એક બાજુ છે અઢીશેર માલ. તો એ કાંટો આમ નીચે રહે. ઊંચો થાય. માલવાળો ઊંચો રહે અને ઓલો નીચે. એનો અર્થ શું આને લઈને ઊંચો રહ્યો છે? ના એમ કહે છે. એય..! તોલ કરેને તોલ ત્યારે અહીં પાંચ શેરી હોય અને અહીં અઢીશેર હોય. તો પાંચ શેરવાળું હોય એ નીચે રહે અને ઓલું અઢીશેરવાળું આમ રહે. પણ કહે છે કે આની અપેક્ષા છે આવી માટે આમ ઊંચું રહ્યું છે. એ ઊંચા રહેનારની આ અપેક્ષા

છે જ નહિ. આહા..હા..! આ તે કાંઈ વાત! સમજાણું કાંઈ?

એ પ્રશ્ન થયો હતો અમારે ત્યાં ૮૭-૮૮. જામનગર દામોદર શેઠ સાથે ચર્ચા કરી હતી. કે જુઓ કાંટામાં કેટલી શક્તિ છે! .. આમ કરી શકે આમ તોળીને? કાંટો તો બરાબર માપ આપે અહીં પાંચ શેર હોય તો પાંચ શેરનું માપ આપે. અંદર સળિયો હોયને સળિયો આમ? બરાબર આમ થાય. તો કોને લઈને થાય કીધું? આ તોલ અહીંયાં પાંચ શેર અને અહીં પાંચ શેર છે માટે ત્યાં થાય છે. એય..! ભગવાનજી! એ જામનગરના. ... એ વિનંતી કરવા આવ્યા છે. એ અહીં જેવું પાંચશેર પડ્યું છે. એવું અહીં શાક પડતું જાય એમ નમતું જાય ત્રાજવું. આમ ઊંચું હોયને હળવું એ નમતું જાય. જેમ જેમ ઓલું પડતું નાખેને .. બરાબર. કહે છે કે અહીં પડ્યું માટે આ અહીં હીણું થયું છે. એમ છે નહિ. એય..! શેઠ! આવું. એય...! ચંદુભાઈ! આ તો તમારા ઘરનું .. ગિરધરભાઈ! આહા..હા..!

કહે છે કે રોટલીનો ટૂકડો થાય છે આમ એટલે આ દાઢ એને અડે છે એ કર્તા થઈને થાય છે એવી અપેક્ષા એને છે જ નહિ. આહા..હા..! આ તે કાંઈ વાત છે? એને બેસવું જોઈએને. આહા..હા..! એવો જ હું ભગવાન આત્મા દ્રવ્યે સ્વતંત્ર, ગુણે સ્વતંત્ર અને પર્યાયની વિકારી-અવિકારી એમાં પણ એ સમયની સ્વતંત્ર છેને? કહો, સમજાણું કાંઈ? એ આ કહે છે જુઓને. '**कम्मं पि संग कुव्वदि सेण सहावेण**' આ કોઈ વળી એમ સ્વભાવ-સ્વભાવ કરે છેને? એ તો સ્વભાવ થઈ ગયો. તો અહીં એ જ કીધું છે જુઓ. જીવો પણ કર્મસ્વભાવભાવથી. ઠીક! બરાબર પોતાને કરે છે. લ્યો! એ પણ કર્મ સ્વભાવ છે એનો વિકારી કર્મસ્વભાવ. સ્વભાવ છે એનો એ. સમજાણું કાંઈ? કૌંસમાં લખ્યું છે. એ કર્મસ્વભાવવાળો છેને? એટલે ઔદયિકાદિભાવથી. ઉદય આદિ ભાવથી. એ ઉદયભાવ પોતાનો છે. એના ભાવથી એ બરાબર પોતાને કરે છે. આહા..હા..! વાસ્તવિક છે વિચાર કરવો નથી અને વાસ્તવિક આગ્રહ છે એ છોડવો નથી. વાસ્તવિક સમજવું મળે તો એને છોડવું નથી. એવા છ કારક એક જીવમાં અને એક એક કર્મના ઉતાર્યા છે આ પ્રવચનસાર. અને આ મૂળ પાઠમાં. ત્યાં તો એને કહ્યું. અરે! બાહ્ય સામગ્રી ગોતવામાં પરતંત્ર શું કરવા થા છો તું? ૧૬માં કહ્યું છે. તારા અંદરમાં પુરુષાર્થથી આત્માની વિકારી પર્યાય કે અવિકારી. ત્યાં તો અવિકારીની વાત છે શુદ્ધ ઉપયોગની. એ શુદ્ધ ઉપયોગનો પુરુષાર્થ તારો છે અને તારાથી થાય છે. કોક નિમિત્તનો અભાવ થાય અને કાંઈક સારા નિમિત્ત મળે તો આવું થાય એ શું કરવા પરતંત્ર થા છો હાથેકરીને. આહા..હા..! સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો ૪૭ નય છે એમાં ઈશ્વર અને અનિશ્વર નય આવ્યું હતું. એમાં એમ કહ્યું છે. ઈશ્વરનય એટલે પરાધિન થઈને પોતે જ કર્મરૂપે પરિણમે છે, વિકારરૂપે. પરાધિન થઈને. અનિશ્વરમાં સ્વતંત્ર થઈને વિકારરૂપે ન પરિણમવું એ સ્વતંત્રપણે પોતાથી છે. સમજાણું

કાંઈ? આહા..હા..! એની પોતાની યોગ્યતા છે. ઈશ્વરનયમાં એમ લીધું છે. ઈશ્વર એટલે ઈશ્વર છું એમ નહિ. પરાધિન લીધું છે. ધાવમાતાનો દાખલો આપ્યો હતોને? ધાવમાતાનો. બાળકને પરવશ થઈને ધાવમાતા હોયને. ધાવમાતા. ધવડાવનારી માતા. શું કહે છે? ધાય કહે છે. એ બાળક હોયને એને ધવરાવે. તો બાળક એને પરાધિનપણે ત્યાં એ પ્રમાણે જ કરે છે. .. પરાધિનપણે, પણ એ સ્વતંત્ર છે કહે છે. સમજાણું? રાગપણે કે દ્વેષપણે થવું એ એનો સ્વતંત્ર ઈશ્વરધર્મ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! ઈશ્વરમાં પરાધિનતા નથી. નહિતર ઈશ્વરમાં આમ ભાષા એવી ઉઠે જાણે. સમજાણું કાંઈ? ઈશ્વરનયે પોતે પોતાને કારણે વિકારપણે સ્વતંત્ર થઈને પરિણમે છે એવો જ એનો પર્યાયનો તે સમયનો ધર્મ છે. ગણધરો પણ એ રીતે જાણે અને માને છે. આહા..હા..! ભારે કર્મ ભાઈ!

અહીં એ કહે છે કોઈ કહે કે એ તો કર્મનો અવયવનો અંશ છે એને લઈને આ બધી ક્રિયાનો કર્તા કર્મ છે અને એનાથી આત્મા જુદો. અમને બેસતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**એક સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું...**' ક્રિયાના કારકો બનાવવા છેને? તો કારક તે કર્મ છે એ ક્રિયાનો કારક એમ. એ જ છે અનાદિ-અનંત એમ કહે છે. અવયવ કીધુંને અનાદિ-અનંત. અનાદિ-અનંત એ રીતે જ ક્રિયાનો કર્મ કર્તા છે. એ ક્રિયાઓ થાય છે એ સંસાર છે. એને કોઈ દિ' મુક્તિ થાય અને જીવ જુદો પડે એવું અમને બેસતું નથી. આહા..હા..! કહો, સમજાણું? ઓલા વાંસનો દાખલો આપ્યો છેને? પંચાસ્તિકાયમાં નહિ? કે પહેલો જે ચીતરેલ છે અને પછી અચીતરેલ છે. ઢાંકેલો ભાગ છે એ ચીતરેલ છે અને સામે ખુલ્લો છે એ અચીતરેલ છે. ઓલો ખુલ્લો છે એ ચીતરેલ છે અને બીજો.. બધાને એક દેખે છે. બધું ચીતરેલ જ છે. ભવિષ્યનું આમ ઢંકાયેલું છેને, એટલે એ પણ ચીતરેલું જ છે. જેટલું જેમ ચીતરવવાનો ભાળે આમ ઢાંકેલું શા માટે? ચીતરેલ છે એમ ભાળે. વાંસ-વાંસ સમજો છો? વાંસ. વાંસ નથી સમજતા? વાંસ. આ વાંસ નથી થતાં? નીચે ચીતરામણ છે અને ઉપર ખુલ્લો છે અમુક ભાગમાં. પણ ત્યાં બંધ છેને આ મુઠ્ઠીમાં એ બંધ છે એટલે એમ લાગે કે આ ચીતરામણ. એવું ચીતરામણ ત્યાં છે. એમ અનાદિનો એમ છે એમ કહે છે એ. વિકારનું પરિણમન અનાદિની ક્રિયાનો કર્તા પરિણમવું એ અનાદિનો એમ ને એમ છે. કોઈ દિ' ખુલ્લો થાય એમ નથી. આહા..હા..! ત્યાં તો ખુલ્લાનો દાખલો આપ્યો છે ભાઈ! ભવિષ્યમાં ખુલ્લો જ છે. ભવિનો દાખલો છેને ત્યાં. અભિવનું શું કામ ત્યાં? ભવિષ્યનો કાળ જે અનંત છે તે રાગની ચીતરામણ વિનાનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભૂતકાળના રાગનું ચીતરામણ છે એ એનું છે એનામાં. માટે એ ચીતરામણ રાગનું કાયમ રહે, અનાદિ-અનંત અવયવ કર્મ છે એમ રહે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેવો વર્તમાન ભાળે એવો જ ભવિષ્યમાં હોય. પર્યાયની વાત છે હોં! અરે આવું પણ

સમજવું ભારે. એ કરતા વ્રત કરે અને તપ કરે, જાત્રા કરે. આહા..હા..! ધૂળેય કરે નહિ સાંભળને. એ જાત્રા ફાત્રા શેની તારી? આ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ. આહા..હા..! એની જાતને અંદરમાં જાણ્યા વિના એની કિંમતું કર્યા વિના, પરની કિંમતું હૃદયમાંથી નહિ જાય. એટલે રખડવાનું તારું ટળશે નહિ. આહા..હા..! ભારે કામ આકરું!

અહીં તો કહે છે કે એ કર્મ પૂર્વ અવયવ છે અનાદિ. '**અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ તે જ જીવ છે...**' એમ અજ્ઞાની માને છે. આહા..હ..! અનાદિ-અનંત ક્રિયા જે કરે છે એ કર્મ જ કરે છે અને એ ક્રિયા તે સંસારનો અવયવ છે, એ જ જીવનો અવયવ અને એ જ જીવનો અંશ છે. આહા..હા..! એ અવયવનું કાર્ય આનું છેને. એ જ વસ્તુ છે એમ કહે છે. એનાથી જુદો. આહા..હા..! ભારે કામ આકરું જગતને. કર્મને માથે જ આ બધી પડી છેને જુઓને. જૈનમાં એ નાખે છે. અન્યમાં ઓલો ઈશ્વરકર્તા અને ઈશ્વર કરે, ઈશ્વર કરે એ થાય ભાઈ પાંદડું પણ ન હલે. એકફેરી ગયા હતા ત્યાં અહીં ગઢડામાં. કોક સાથે હતું. મકનભાઈ કે કોક. સંસારની વાત છે. ૬૯ની સાલ. ૬૯ની સાલ. એક સાધુ આમ ને એમ બેઠેલા. શરીર દેખે, પુણ્ય પ્રકૃતિ દેખે, વળી વાત સાંભળે ત્યાં આહા..! આ પણ કાંઈક સાધુ થવાના છે. ૬૯ની વાત છે. એ સાધુ હતો સ્વામીનારાયણનો. ... માં. એમ કહે આ પાંદડું પણ ઈશ્વર વિના હલે નહિ કહે છે. અમને દેખીને. એમાં આવે છેને શ્લોક? અગ્નિનો નહિ? વેદમાં એ શ્લોક છે .. છે પ્રાણી. એને શું ખબર પડે કે મારે અહીં સ્વર્ગમાં જાવું કે નર્કમાં? એ તો સ્વર્ગમાં-નર્કમાં જવામાં ઈશ્વર જ કરનારો છે. ખોટી વાત છે. પણ એને માની એવી છે. આહા..હા..! કહો, સમજાણું? એ બીજો બોલ થયો.

'**એક સંસરણરૂપ (ભ્રમણરૂપ) ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું જે કર્મ તે જ જીવ છે કારણ કે કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' વળી કર્મથી જુદી ક્રિયાવાળો આત્મા. આ શું છે? બે બોલ થયા. '**કોઈ કહે છે કે તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત (જેનો અંત દૂર છે એવા) રાગરૂપ રસથી ભરેલાં અધ્યવસાનોની જે સંતતિ (પરિપાટી) તે જ જીવ છે...**' શું કહે છે એ? કે હા. રાગ છે એ મંદ થાય, તીવ્ર થાય, પણ રાગનો અભાવ થાય એવું અમને ભાસતું નથી. એને જીવ માન્યો.. પુણ્યના પરિણામ થાય દયા, દાન, ભક્તિ, વ્રતાદિ બસ. અને કાં હિંસા, જૂઠું, ચોરી એવા છેને? '**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,...**' અનુભવમાં મંદરાગ અને તીવ્રરાગ એના '**અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત (જેનો અંત દૂર છે એવા)...**' પણ અંત નહિ આવે કહે. રાગની મંદતા થાય માટે અંત આવશે એમ નહિ. એ તો મંદ અને તીવ્ર, મંદ અને તીવ્રમાં રખડ્યા કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'કોઈ કહે છે કે **તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ...**' ભેદ પડ્યોને અનુભવમાં? મંદનો અનુભવ અને તીવ્રનો અનુભવ. એમ '**ભેદરૂપ થતાં, દુરંત (જેનો અંત દૂર છે એવા)...**' મંદ અને તીવ્રના અંત આવી જાય, અભાવ થાય એવું અમને દેખાતું નથી. આહા..હા..! એમ કહે છેને મોક્ષમાં જાય તો એ મોક્ષમાં રાગ તો સાથે છે. અને ફરીને અમુક કાળ થાય એટલે વળી પાછો અવતાર ધારણ કરે. ધૂળેય ન કરે સાંભળને. વર્તમાનમાં જ્યાં રાગની એકતા તોડીને રાગને પોતાનો માનતો નથી એને રાગ સર્વથા ગયા પછી રાગ એને થાય અને સંસારમાં અવતાર ધારણ કરવો પડે, મિથ્યા ભ્રમ અજ્ઞાનીનો છે. વસ્તુની સ્થિતિની ખબર ન મળે અને હાંકે જાય એમ ને એમ ગાડા. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? 'કોઈ કહે છે કે **તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,...**' મંદ અને તીવ્રનો ભેદ પડે ભલે. રાગની મંદતા થઈ જાય. એવી મંદતા થઈ જાય. અને તીવ્રતા પણ થઈ જાય. કસાઈખાના માંડે અને મંદરાગ એવો થાય લાખ પ્રતિકૂળતા એને આવે અને ગાળું કરોડો દો પણ ક્રોધ ન કરે. તીવ્રતા રાગની કરે નહિ. એવો મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... બસ એમ થાય. રાગ અને વિકારની ઓછપ અને ઘાટપ, ઓછપ અને ઘાટપ બે થાય. એનાથી જુદો પડે એવું અમને દેખાતું નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! અજ્ઞાનીનું અજ્ઞાન આમ છે રખડવાનું. ચોર્યાસીના અવતાર. એ મોક્ષ જાય તો સર્વથા વિકાર ટળી ગયો છે એમ નહિ. ત્યાં પણ થોડો વિકાર તો રહે છે સાથે એમ કહે છે. વળી પાછો અમુકકાળ થાય તો અવતાર ધારણ કરે. એ છેને માન્યતા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..હા..! એ તીવ્ર-મંદનું દુરંત છે કહે છે. વિકારની મંદતા ઓછપ થાય અને ઘાટપ થાય, પણ એનો અભાવ થાય દુરંત એનો અંત આવે એવું અમે માનતા નથી. આહા..હા..! એથી કષાયની તીવ્રતા-મંદતાથી ભિન્ન ભગવાન એને અમને બેસતું નથી. આહા..હા..! એ તો ત્યાં જ ચોંટ્યો છે. મંદતામાં આવ્યો અને વળી કહે તીવ્ર થશે. આ પાણી ભરવાનું હોય છેને આ શું કહેવા એ? કૂવામાં ચક્ર. રેંટ-રેંટ. એ નીચેથી ભરાય અને ઉપરથી ઠલવાય. પણ ભર્યા વિના રહે નહિ એમ કહે છે. રેંટ. રેંટ સમજો છો? પાણી ભરેલા હોય ચારેકોર. એ નીચેથી ભરાતા હોય અને ઉપરથી ઠલવાતા જાય. વળી પાછા અહીં ભરાય. પણ ભરાયા વિનાના રહે એ અમને બેસતું નથી. આહા..હા..! એમ આત્મા અખંડાનંદ પ્રભુ, મંદરાગ કરે અને પુણ્ય બાંધે. તીવ્ર રાગ કરે તો પાપ, પણ એ મંદ અને તીવ્રથી બહાર નીકળી જાય એવું અમે માનતા નથી. આહા..હા..! એને એ જીવ માને છે લ્યો! ખરેખર તો એ આસ્રવ છે એ તો. આસ્રવતત્ત્વની મંદતા અને તીવ્રતા એ જીવ? આમાં ખુલાસો કરશે પછી.

એની સંતતિ. એ તો એમ કીધુંને? '(જેનો અંત દૂર છે એવા) **રાગરૂપ રસથી ભરેલાં અધ્યવસાનોની...**' મંદરાગ અને તીવ્રરાગરૂપી એકતાની બુદ્ધિ છે એનાથી તૂટે નહિ કોઈ દિ' એમ કહે છે. આહા..હા..! પહેલો સામાન્ય અધ્યવસાય કહ્યો હતો. અહીંયાં મંદ અને તીવ્રની એકતા એમ. ભેદ પાડ્યો છે. એ પણ છેને એકતા? અનાદિનો કર્મવાળો છે એને કર્મનો અભાવ કેમ થાય? એ મંદ-તીવ્ર થાય. મંદ કરો શુભભાવ, તીવ્ર કરો તો અશુભ. બસ એ શુભ-અશુભભાવની રમતુંમાં રમે એને અમે જીવ કહીએ છીએ. આહા..હા..! એ અજ્ઞાની આમ માને છે મૂઢ. નપુંસક છે કહે છે એ. ભગવાન આત્મા મંદ-તીવ્રના રાગથી તો તદ્દન ભિન્ન છે. એને સંબંધ જ એની સાથે નથી. નિશ્ચયથી યથાર્થપણે વિકાર સાથે સ્વભાવને સંબંધ જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ એક જ ભવમાં જુઓને કેટલાકને પાંચ-પચ્ચીસ લાખ હોય અને એ જ ભવમાં પાંચ-પચ્ચીસ લાખ જાય તો જીવન કેવું થઈ જાય છે? આહા..હા..! પચાસ લાખનો આસામી એ વખતે જે એના જીવનમાં મજા માણતો હોય અને દેખતો હોય એ કહે છે કે જાય ત્યારે પણ હીણું તોપણ હીણી દશામાં રહે. એ લક્ષ્મી વિનાનો થઈ જાય એવો આત્મા નથી દેખતા એમ કહે. અને આ આઘાત. પચાસ લાખ, કરોડ રૂપિયા હોય અને એ સંપદામાં માણી હોય અને એ જ્યારે બધા જાય એ વખતની દશા, 'સમય પલટાય છે ત્યારે બધું પલટાય છે.' એ પલટાય પણ એ બહારની ચીજ છે એ ક્યાં તારામાં પલટી છે? આહા..હા..! માણસો એમ કહે કે ભાઈ એ વખતે હતો ત્યારે આ પુરુષ હતો અને અત્યારે આવો ગરીબ થઈ ગયો તોપણ એ પુરુષ લ્યો! એકને મેં વાત કરી કે ભાઈ પૂર્વના પુણ્યને લઈને સામગ્રી મળે. એમાં આત્માનો પુરુષાર્થ કાંઈ કામ કરે નહિ. ત્યારે હું તો બાવો થઈ ગયો છું. એમ કહ્યું. મેં તો બરાબર ધ્યાન ન રાખ્યું એટલે બાવો થઈ ગયો છું. સમજાણું કાંઈ? ખોટી વાત છે કીધું. બાવો સમજ્યા? પૈસા વિનાનો થઈ ગયો. આહા..હા..!

અહીં કહે છે કે તીવ્ર-મંદનો રસ તે જ આત્મા. એની સંતતિ એમ કીધીને? પરિપાટી. મંદ-તીવ્ર... મંદ-તીવ્ર... રાગ, રાગ કષાયની મંદતા-તીવ્રતા, મંદતા-તીવ્રતા એ સંતતિ પરિપાટી રહે. એને અમે જીવ કહીએ, પણ એનાથી જુદો ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે એ વાત એને સાંભળવી ગોઠતી નથી. આહા..હા..! પડદા પાછળ પુણ્ય અને પાપની તીવ્રતા-મંદતાના ભાવ પાછળ અવિકારી સ્વરૂપ ભગવાન ચૈતન્યકંદ છે. એની એને ખબર નથી. આહા..હા..! લાખ ભક્તિ કરે અને લાખ ગાણા ગાય ભગવાન તોપણ એ બધા રાગના ભાવ છે. આહા..હા..! આપણે તો સદાય ભગવાન પાસે જઈએ તો ભગત જ રહેવાના એમ કહે કેટલાક. એય..! ભગવાન પાસે જઈએ તો આપણને જુઓ લાડવા બધા આપ્યા છે ભક્તોને તો ત્યાં ભગવાન આપણને લાડવા આપશે. વૈકુંઠમાં. અહીં જો રોટલા નહિ આપ્યા હોય તો નહિ મળે ત્યાં.

હજી મોક્ષમાં લાડવા લેવા અને થાળીયુંને શરીર આ તે પણ ભાન વિનાના. અમારા સાધુને આપો, લાડવા જમાડો જેથી મોક્ષમાં પણ થાળીમાં લાડવા પડશે. નહિતર સૂકા રોટલા આપશે ત્યાં. કહો, વૈકુંઠમાં એ હશે. આહા..હા..! કહે છે કે એને જીવની શું ચીજ છે એની ખબર નથી. આહા..હા..! મોક્ષમાં જાય તોપણ એમ ત્યાં કહે છે હોં. વાતું સાંભળી છે બધી. સાધુને પેટ ભરાવવા તમને ત્યાં મળશે લાડવા. ત્યાં શરીર હશે? વૈકુંઠમાં. વ્યંતર જેવા ભૂતડાની કોઈ ગતિ હશે એમ માની હશે. આહા..હા..! ત્યાં પછી ભગવાન લાડવા આપશે. બહુ સગવડતા મળશે, પણ એ સગવડતા-અગવડતાનો ભાવ એ જ આત્માનો ક્યાં છે? આહા..હા..!

મુમુક્ષુ :- .. ચિઠ્ઠી લખી આપે છે.

ઉત્તર :- છેને. વોરામાં એમ છે. લોટિયા વોરાને એમાં .. હોય એને ચિઠ્ઠી લખી આપે. એક જણાને પૂછ્યું એના સાધુએ. અહીંના સાંભળનારા હતા બિચારા. ... એ મહારાજે કીધું કે ભાઈ! તમે તો મોક્ષમાં જાશો. ત્યારે એ કહે છે કે મહારાજ! તમે તમારું નક્કી કર્યું? અહીંનું સાંભળવા આવતાને બિચારા. મોહનભાઈ હતા. ગઢડાના. ગૃહસ્થ મોટા રાજાઓને .. ગુજરી ગયા અહીં. ઈસરીમાં. છેલ્લા આવ્યા હતા. એને એક સાધુએ કીધું કે મોહનભાઈ! તમે તો મોક્ષમાં વૈકુંઠમાં જનારા હોં. તમારી ભક્તિને આ. કે મોહનભાઈ કહે કે નહિ આવું ક્યાંથી સાંભળ્યું તમે? કાંઈ ખબર ન મળે. ભક્તિ કરે અને આ કરે માટે મોક્ષ થાય. ધૂળેય નહિ થાય સાંભળને. રાગની મંદતા અને તીવ્રતાની જાતમાં આત્મા ક્યાં છે? એને એ આત્મા માને છે.

'જે **સંતતિ (પરિપાટી) તે જ જીવ છે કારણ કે તેનાથી અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી.૩. કોઈ કહે છે કે નવી ને પુરાણી અવસ્થા ઈત્યાદિ ભાવે પ્રવર્તતું જે નોકર્મ તે જ જીવ છે...**' લ્યો ઠીક! આ શરીર-શરીર. શરીર જીર્ણ થાય તો આત્મા પણ જીર્ણ. શરીર પુષ્ટ રહે તો આત્મા પણ પુષ્ટ. અમે તો શરીરને જ આત્મા માનીએ છીએ. આ જડ, માટી જડ એને અમે આત્મા માનીએ છીએ. એમ કેટલાક કહે છે. ક્યાં ભાન પણ છે ત્યાં? મજૂરી કરીને મરી જાય છે. આહા..હા..! 'કોઈ કહે છે કે **નવી ને પુરાણી અવસ્થા ઈત્યાદિ ભાવે પ્રવર્તતું...**' કોણ? નોકર્મ એટલે શરીર. 'કારણ કે **શરીરથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' શરીર જીણું પડે, હળવું પડે તો આત્માનો પુરુષાર્થ રહેતો નથી શરીરથી કામ કરવાનો. શરીર પુષ્ટ હોય તો આત્માથી કામ કરવાનું રહે છે. એનો અર્થ શું થયો? શરીર અને આત્મા એક છે. આહા..હા..! દિગંબર ..માં એ છે. જીવતા શરીરથી ધર્મ થાય કે નહિ? અરર! આવી વાત. આ તો મડદું છે, માટી છે આ તો. પરમાણુ જડ છે. રાખમાંથી ઉત્પન્ન થયા અને રાખમાં ભળી જવાના છે. આહા..હા..!

તો કહે છે કે એ શરીરની પુરાણી અને ઝીણી અવસ્થા. એ દાખલો આવ્યો છે શાસ્ત્રમાં. ... કે ભાઈ એક શરીર તમને દેખાય. કેમ? કે આ ઉપાડે છેને શું કહેવાય? કાવડ. કાવડ

ઉપાડે છેને. કાવડ નથી સમજતા? બે બાજુ. કાવડ જીર્ણ હોય તો માણસ ગમે તેવો પુષ્ટ હોય પણ એનો ભાર નહિ ઉપાડી શકે. એ કાવડ સારી નથી. આમ હોયને. પાણીના બેડા આમ ન ઉપાડે એટલે પછી કાવડમાં રાખીને પાણી ઉપાડે અને બાયુ આમ ઉપાડે માથે પાણીના બેડા. ઓલા આદમી ન ઉપાડી શકે ભરવાડને એ બધા. બાયડી ઘરે ન હોય, બાયડી હોય તો બહાર નીકળે નહિ પાણી. એ કાવડ રાખે. વાંસડો લાંબો, નીચે બે ઓલા, પાણીના .. ભરે બે બાજુ. માથે ઉપાડીને લઈ જવાય? કહે. એ કાવડ સારી હોય કાવડ સમજ્યા? ઉપાડવાનું લાકડાની. તો કામ કરી શકે અને કાવડ સારી ન હોય તો એનો અર્થ શું થયો? શરીર સારું હોય તો કામ થાય અને શરીર ન સારું કામ ન થાય આત્મા ક્યાં જુદો હોય તો આવું કેમ હોય? એય..! ચંદુભાઈ!

મુમુક્ષુ :- માંદા પડો તો કાંઈ કામ થાય?

ઉત્તર :- ખાટલે પડ્યો હોય એ પછી કારખાને જઈ શકે? માટે અમારે તો એ શરીર જીર્ણ અને પૂર્ણ કે નવીન. એ બધી અવસ્થાવાળો આત્મા તે અમને તો જુદો દેખાતો નથી. આહા..હા..! સમજાણું? એ કાવડનો દાખલો આપ્યો. .. તીર કામઠું હોય. પોલું. જીર્ણ તો ગમે તેવો જુવાન માણસ હોય તો આમ ખેંચી નહિ કરી શકે કારણ કે કામઠું જીર્ણ થઈ ગયું છે. કામઠું સમજો છો? તીર કામઠું. તીર જ જ્યાં એવું હશે, કામઠું એવું હશે. એ જીર્ણ હોય તો ક્યાંથી આમ મારે? શી રીતે કરી શકે? ત્યારે એનો અર્થ કે સારું જો કામઠું હોય તો સારું કામ કરી શકે અને મંદ હોય તો. એમ શરીર સારું હોય તો સારું કામ કરી શકે, માટે શરીર અને આત્મા એક છે. ત્યારે શ્રીમદ્દે દાખલો આપ્યો છે. કૃશદેહમાં આવે છેને. 'પરમ બુદ્ધિ કૃષ દેહમાં' એમ કહે છે. આ કૃશ શરીર જીર્ણ હોય અને બુદ્ધિ તીવ્ર હોય અને 'સ્થૂળ દેહ મતિ અલ્પ.' મોટું શરીર હોય અને મતિ હોય જાડી બધા રાજા કેટલાક હોય છેને. બધા દેખાય મોટા આમ બુદ્ધિના બારદાન હોય એવા. કેટલાક હુશિયાર હોય એ જુદી વાત છે. ... પણ કેટલાક એવા હોય.

એક માણસ હતો વહીવટદાર મોટો હુશિયાર. અહીંયાં બોટાદમાં. પંદરસોનો પગાર તે દિ' હોં.! ઓલાને કીધેલું કે નવ ટાંક ઘી લઈ આવ. પાંચ રૂપિયા. નવ ટાંક કીધું ને પાંચ રૂપિયા લાવ્યો તું? બેય સરખું. નવ ટાંક ઘી પહેલા પાંચ રૂપિયા નવ ટાંક પાંચ રૂપિયા આપું ઘી લઈ આવ. પણ તને નવ ટંક પાંચ રૂપિયા આપ્યા અને તું નવ ટંક લાવ્યો? એ નવ ટંક આને પાંચ રૂપિયા બેય એક જ સરખા છે. નવ ટાંક એટલે પૈસા નવ. નવ પૈસા ભાર, પાંચ રૂપિયાભાર કહો એ તો એક જ છે. આ નવટંક હોય છેને? નવ ટંક પૈસા છે. નવ પૈસા, નવ પૈસાનો ભાર એ પાંચ રૂપિયાનું તોલું બેય સરખું. પણ તને કીધું હતું કે પાંચ રૂપિયા ભાર અને નવ ટંક કેમ લઈ આવ્યો? સાહેબ મારી ભૂલ થઈ. જાણ્યું

નહિ ભાન ન મળે કાંઈ. આહા..હા..! એમ આ શરીરના કામથી સારા કામ થાય તો એ બધા આત્માએ કર્યા. શરીરથી ન થાય તો કહે આત્મા એક જ હતો અને શરીર અને આત્મા માટે એનાથી થયા નથી. એમ અજ્ઞાની એની શરીરની સ્થિતિને જ આત્મા માને છે. આહા..હા..! એમ થાય છે ત્યારે એમ થાય જુઓને હવે તો અમે જીર્ણ થઈ ગયા હોં. શરીર જીર્ણ થાય તો એમ માને. હવે તો અમે જીર્ણ થઈ ગયા હોં. ઓઠીંગણ વિના બેસાય નહિ, આંખે દેખાય નહિ, જીભે બોલવું ન થાય. કહો, સમજાણું? આહા..હા..!

એક જણે વળી લખ્યું હતું કાંઈક કે ભગવાને જીભ એક આપી છે અને કાન બે આપ્યા છે. માટે બોલવું ઓછું અને સાંભળવું ઘણું. બોલવા માટે એક જીભ આપી છે. આહા..હા..! કાન બે અને જીભ એક છે. એનો અર્થ કે ઓછું બોલવું અને સાંભળવું વધારે. કોણ બોલે અને કોણ સાંભળે? આહા..હા..! કઈ રીતે શરીરને અને રાગને પોતાનું માનો. એ લાકડા પડ્યા છે કહે છે. એ સંસારમાં રખડવાના બધા ચોર્યાસીના ગોદા ખાવાના ભાવ છે બધા. આહા..હા..! એ શરીર આવું થાય... આવું થાય... એ થયો.. ચોથો બોલ થયોને?

**'કોઈ એમ કહે છે કે સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક તે જ જીવ છે...'** હવે અહીં તો શુભાશુભભાવ બે જુદા પાડીને બતાવ્યા. ઓલામાં તીવ્ર-મંદ પાડ્યું હતુંને? અહીં તો પુણ્ય અને પાપના ભાવ બે અશુભભાવ તે પુણ્ય અને અશુભ તે પાપ. એનાથી અન્ય જુદો જીવ આત્મામાં જણાતો નથી. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કરીએ એ પુણ્ય, હિંસા, જૂઠું, ચોરી આદિ એ પાપ. બસ બે ભાવથી વળી જુદો, પુણ્ય-પાપથી જુદો આત્મા. આહા..હા..! સમજાણું? એ કર્મનો જે વિપાક શુભ-અશુભભાવ. **'સમસ્ત લોકને પુણ્યપાપરૂપે વ્યાપતો જે કર્મનો વિપાક તે જ જીવ છે કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.'** આહા..હા..! પુણ્યના ભાવથી જીવ જુદો! શુભભાવથી એમ અજ્ઞાની. શુભભાવથી તો સંવર-નિર્જરા થાય. સંવર-નિર્જરા તો આત્માનું સ્વરૂપ છે. એ આવ્યું છે એમાં કાલે. જૈન..

ભગવાન પૂર્ણાનંદનો નાથ જેના અનંત સ્વભાવ શાંતિ અને આનંદ અને જ્ઞાન જેનું અનંત સ્વરૂપ છે પ્રભુ આત્માનું. એમાં અંતરમાં એવો વિશ્વાસ અને અનુભવ કર્યા વિના કલ્યાણ ત્રણ કાળમાં થાય એવું નથી. કહો, સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના ભાવથી, પુણ્યથી કલ્યાણ થાય અને પાપથી નરકમાં જાવું પડે એવું છે નહિ. બેય સંસાર છે એમ કહે છે અહીં. ઓલો માને છે એ. શુભાશુભભાવ. તે કેવો છે? એ કર્મનો પાક છે અહીંયાં. કોઈ શુભભાવ થાય અને કોઈ અશુભ થાય. એનાથી વ્યાપ્ત સમસ્ત એ અન્ય જુદો કોઈ જીવ દેખાતો નથી. લ્યો! એમ અજ્ઞાનીની દલીલ છે. એ પાંચ બોલ થયા. બીજા વિશેષ લેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ-૧૫, બુધવાર, તા. ૦૯-૦૮-૧૯૭૨**
**ગાથા-૩૯-૪૩-૪૪, પ્રવચન-૧૨૭**

સત્ તત્ત્વથી વિપરીત માને છે. છઠ્ઠામાં સુખ-દુઃખની ભોક્તાની વાત છે કે આત્મા તો શાતા-અશાતા સુખ-દુઃખને ભોગવે. વળી આત્માનો આનંદ ભોગવે એવું કાંઈ છે નહિ. શાતા-અશાતાને કારણે અનુકૂળ-પ્રતિકુળ સંયોગ હોય એના તરફના હરખ અને શોક ભોગવે. તે આત્મા. બરાબર છે? ખોટાને માટે બરાબર છેને એમ કહે. એ ખોટાને માને છે એ બરાબર છે. શેઠ! સુખ-દુઃખનું ભોગવવું એ આત્માનું એમ કહે છે. અને શુભાશુભભાવ એનું કર્તવ્ય છે અને એ જ એની પર્યાયનું આચરણ છે. એનું નામ આત્મા એમ અજ્ઞાની માને છે. જીવ છેને ભાઈ જીવમાં જીવતો જીવ છે એમ નથી કહેતા માણસો? તો કાંઈ કર્યા વિના રહે એ? રાગ ને દ્વેષ ને શુભાશુભભાવને કર્યા વિના ન રહે. જીવતો જીવ કાંઈ કરે કે નહિ? એમ કાંઈક ચાલે છેને. આપણે કાઠિયાવાડમાં ચાલે છે. આમાં હશે હિન્દીમાં તો હશે કાંઈક. જીવતો જીવ છે ભાઈ કાંઈક એ કર્યા વિના રહે? પણ જીવતો જીવ શું કરે? એ કહે છે પુણ્ય અને પાપના કારણરૂપ શુભાશુભભાવ જ કરે બસ. એનું નામ જીવ. એમ અજ્ઞાની માને છે. આહા..હા..!

અને શાતા-અશાતાથી ઉત્પન્ન થયેલું સુખ-દુઃખ જે છે એને ભોગવે. **'અન્ય જુદો કોઈ જીવ દેખવામાં આવતો નથી.'** અનુકૂળ સામગ્રી મળે તો કલ્પનાથી સુખ ભોગવે. એ કલ્પનાથી કહેતો. એ તો સુખ ભોગવે એ જ એનું સ્વરૂપ છે એમ કહે છે. અને પ્રતિકૂળ મળે. આહા..હા..! બે-પાંચ કરોડ રૂપિયા હોય. શરીર સારું હોય, બાયડી ઠીક હોય, છોકરા ઠીક. પધારો... પધારો... પધારો... ખુરશી આપે પહેલી ચાંદીને બેસવાની. પધારો પધારો. સુખ છે કે નહિ કાંઈ? મજા છે કે નહિ? એમ માને છે કે મને સુખ છે એ જ જીવ બસ. અને પ્રતિકુળ વખતે ઘેરાઈ ગયેલા અશાતાના ઉદય વખતે ઘેરાવામાં તો દુઃખ લાગે, દુઃખ લાગે એને દુઃખ. એ દુઃખનું વેદવું એ જ આત્મા. ભાઈ એ સુખ-દુઃખના ગર્ભમાંથી બીજી ચીજ અંદર આત્મા છે. આને આત્મા માને એ જડને માને એમ અહીં સિદ્ધ કરવું છે. અજીવ-જીવની વ્યાખ્યા છેને? જીવનો એ અજીવનો સ્વાંગ છે. શુભાશુભભાવ એનું કરવું અને હરખ-શોકનું ભોગવવું એ જીવ ઉપર વિકૃત સ્વાંગ છે, અજીવનો સ્વાંગ છે, અજીવનો વેશ છે. આત્માનો નથી. પણ એને જ આત્મા માને છે. એ છ બોલ થયા.

**'કોઈ કહે છે કે શિખંડની જેમ ઉભયરૂપ મળેલાં જે આત્મા અને કર્મ, તે બન્ને મળેલાં જ જીવ છે કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.'** ઓલી પહેલી ક્રિયારૂપ કીધો હતો એનો. ભવિષ્યનો અવયવને એ. આ કર્મ આખું કર્મ લીધું. કે જુઓ આનો કરનાર કર્મ ભવિષ્યમાં છે એમ લીધું હતું. કર્મ કર્મથી જીવ જુદો જોવામાં આવતો નથી. કર્મસહિત જ હોય. ચાહે તો મોક્ષ-મોક્ષ કહે એને પણ કર્મ તો સાથે હોય જ. અનાદિનો જે સંબંધ છે એ ભવિષ્યમાં કેમ છૂટે? એમ કહે છે. અનાદિની વસ્તુ છે લ્યો! ચણ્યો ઉગે વળી વાવે-ઉગે... વાવે-ઉગે... વાવે-ઉગે.. હવે એ કે દિ' ઉગ્યા વગરનો રહે? એમ કહે. એમ આ કર્મ થાય અને વળી કર્મમાં અહીં ગતિ મળે એ કર્મને લઈને ઉપજ્યા કરે એવો જ આત્મા છે. કર્મ વિનાનો આત્મા આવે છેને દ્રવ્ય કર્મથી ભાવ કર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ. એ શાસ્ત્રમાં પણ છે. દ્રવ્યથી કર્મ ભાવ કર્ણ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ લ્યો! એ મોટી ચર્ચા થઈ હતી અમારે ૮૩માં. ઓલા આવ્યા હતાને ૧૨ જણા. .. ઓલા ધીરૂભાઈને નહોતા રાણપરવાળા. ધીરૂભાઈ હતા. બહુ રૂપિયાવાળા હતા. ગુજરી ગયા. ધીરૂભાઈના બાપ નહોતા કેશુભાઈ ત્યાં રાણપરમાં રહેતા. કેશવલાલ. કેશવલાલ લોયાવાળા. એના બાપ ત્યાં રહેતા. એ ત્યાં ભણેલો ત્યાં. .. પછી મોટો અધ્યાપક થયો. પછી લઈને આવ્યો હતો ૮૩માં. ૨૦ છોકરાઓ હતા .. એ શ્રદ્ધાવાળા છે ખરાને એટલે એને પૂછયું. ... કેમ ભાઈ આ જુઓ કર્મ હોય, કર્મનો ઉદય આવે અને વિકાર થાય એ વિકાર થાય અને કર્મ બંધાય એ વાત બરાબર છે કે નહિ? તો કહે હા. ૮૩ની વાત છે. કહ્યું ક્યાં હા.. હા.. કરે છે એ! એ તો કરે વિકાર તો કરે ત્યારે કર્મ નિમિત્ત હોય અને વિકાર કરે તો એને કર્મબંધનના પરિણામ પરમાણુ હોય પણ કરે વિકાર કર્મ એ ક્યાંથી લાવ્યા? હા પડાવી છોકરાઓ પાસે. છોકરાને બિચારાને ખબર નહિ. છેને બ્યાવરમાં છોકરા? ગુરુકુળ છે. આ ગુરુકુળમાં ગુરુએ આમ શીખવાડ્યું બધું. કર્મ હોય એટલે નિમિત્ત થઈને આવે અને જીવને વિકાર કરવો જ પડે. અને વિકાર કરે એટલે પાછા નવા પાછા કર્મ બંધાય, વળી બંધાયેલા ઉદય આવે તો વિકાર કરવો જ પડે. થઈ રહ્યું એ તો ત્યાં ને ત્યાં રહ્યો.

મુમુક્ષુ :- એ તો નિમિત્ત થઈને આવે છે.

ઉત્તર :- ધૂળેય નથી નિમિત્ત થઈને આવતો. આહા..હા..! પોતે વિકાર કરે જ્યારે સ્વભાવને ભૂલીને ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે. શું થાય પણ વાત એટલી બધી ઉંધે રવાડે ચડી ગઈ છે કે એને પાછું ફરવું મુશ્કેલ પડે છે.

કહે છે. શિખંડની જેમ ખાટું અને મીઠું જેમ બંને મળેલા છે. એમ અમે તો માનીએ છીએ કે કર્મ અને આત્મા બે મળેલા ભેગા જ છે. એ શિખંડમાંથી મીઠાશ કાઢી નાખો અને ખટાશ જુદી પડી જાય એમ આવતું હશે કાંઈ? એમ કર્મ જુદા પડી જાય અને આત્મા

એકલો રહે એવું અમને તો લાગતું નથી. માન્યતા છેને મૂળ તો જગતની. અનાદિની એ માન્યતા છે. આ તો અધ્યવસાયથી વાત કરે છે. આઠ છે. બાકી તો ઘણા છે. કહો, સમજાણું? એ છઠ્ઠો બોલ થયો એ. છઠ્ઠો થયોને? સાત. આ શિખંડનો સાતમું થયું. ઓલો છઠ્ઠો.

મુમુક્ષુ :- વિકાર ...

ઉત્તર :- એ નહિ અજીવભાવ છે. એ હવે આવશે. એ આવ્યું નથી. પહેલા તો છઠ્ઠામાં એ આવ્યું કે આત્મા સુખ-દુઃખનો ભોક્તા સિવાય જુદી ચીજ નથી અને છઠ્ઠામાં એમ આવ્યું કે કર્મ અને જીવ બે ભેગા જ હોય છે. જુદાં પડતા નથી. એમ. લ્યો! હવે સાતમું એ.

'કોઈ કહે છે કે **અર્થક્રિયામાં (પ્રયોજનભૂત ક્રિયામાં) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે કારણ કે જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામા આવતો નથી તેમ કર્મના સંયોગથી અન્ય જુદો કોઈ જીવ જોવામાં આવતો નથી.**' ખાટલો હોયને ખાટલો શું કહે છે? ચાર પાઈ. ચાર લાકડા હોય છેને? બે આમ, બે આમ અને ચાર અને ચાર પાયા. એમ આઠ થઈને ખાટલો થાય. હવે ખાટલામાં જુદો માણસ છે. એ ખાટલો એ જ આત્મા એમ કહે. એમ આઠ કર્મ ભેગા થઈને થયો એ જ આત્મા. આવે છેને ઓલા .. ઉત્પન્ન કરે એમાં. ચારવાક. .. ઉત્પન્ન થાય એ જીવ ઉત્પન્ન થાય એને જીવ કહેવાય. કહે છેને મોટો છે એ .. સરદાર શહેરમાં. સરદાર શહેરમાં એક છે મોટો બ્રાહ્મણ છે. બહુ હુશિયાર અને મોટો માણસ. એ ભાઈ કહેતા હતા શેઠિયા. મોટો માણસ છે એ. .. છે જ નહિ. ચારવાક. સરદાર શહેર છેને. શેઠિયા છે બધા. દીપચંદ શેઠિયા ગામમાં. એ .. એ તો બધા ચારવાક જ છે. આવું જે જીવ રાગવાળો અને ભોગવવાળો અને કર્મને લઈને વિકાર થાય અને એ વિકાર આત્માને ભોગવવો જ પડે એ બધા ચારવાક જ છે. એ આત્માને માનતા નથી. આહા..હા..! આત્મા એવો હોય જ નહિ. કહેશે ઉત્તર સામે.

અહીં તો કહે છે કે અર્થ ક્રિયામાં આઠેય કર્મ ભેગા થાય ત્યારે એને અર્થ ક્રિયા થાય. ત્યારે કામ થાય આત્મામાં એમ કહે છે. એટલે એ જ આત્મા. 'કારણ કે **જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો...**' આઠ લાકડા હોયને આઠ? ચાર પાયા બે ઈંધણ અને બે શું કહેવાય એ? એનાથી એ જુદો ખાટલો હોય? એમ આઠ કર્મથી કાંઈ જુદો ખાટલો હોય એમ કહે છે. અનેક મત છે. '**અર્થક્રિયામાં (પ્રયોજનભૂત ક્રિયામાં) સમર્થ એવો જે કર્મનો સંયોગ તે જ જીવ છે કારણ કે જેમ આઠ લાકડાંના સંયોગથી અન્ય જુદો કોઈ ખાટલો જોવામાં આવતો નથી...**' લ્યો! આઠ થયા. '**(આઠ લાકડાં મળી ખાટલો થયો ત્યારે અર્થક્રિયામાં સમર્થ થયો; તે રીતે અહીં પણ જાણવું.)**' એ રીતે અહીં પણ આઠ કર્મ ભેગા થાય ત્યારે જ એને આત્મા ઉત્પન્ન થાય એમ તમે કહો તો એ આત્મા કર્મ જ છે. કર્મથી જુદી કોઈ ચીજ છે નહિ.

**'આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા અને એવા એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ...'** છેને. **'પરને આત્મા કહે છે;...'** બેની એકતાને આત્મા કહે, કર્મની ક્રિયા થાય ક્રિયાનો અવયવ જે અનાદિ-અનંત એનું કારણ કર્મ એ જ આત્મા છે. પ્રકાર આવ્યાને બધા એ? કોઈ કહે કે તીવ્ર-મંદ ભાવ થયા જ કરે, તીવ્ર-મંદથી રહિત થઈ શકે નહિ એમ. અને કોઈ કહે કે શરીર એ જ મંદ અને પાતળું, જીર્ણ થયા જ કરે છે. એની સાથે આત્મા પણ એવો હીનબળવાળો થાય છે માટે આત્મા અને શરીર બે એક છે. શરીરથી જુદો નથી. કોઈ કહે કે ભાઈ કર્તા આત્મા જ છે શુભાશુભનો. એ શુભાશુભ પરિણામ જ કરે, વળી એનાથી રહિત થાય આત્મા એવું છે નહિ. ઓલો કહે સુખ-દુઃખને જ ભોગવે. આ સંસારી હોં! ઓલો કહે બે ભેગા થઈને રહ્યો છે. કર્મ આત્મા. કોઈ કહે કે ભાઈ આઠેય કર્મ ભેગા થઈને આત્મા છે, બીજો કોઈ આત્મા છે નહિ.

કહે છે **'આ પ્રમાણે આઠ પ્રકાર તો આ કહ્યા અને એવા એવા અન્ય પણ અનેક પ્રકારના દુર્બુદ્ધિઓ (અનેક પ્રકારે) પરને આત્મા કહે છે; પરંતુ તેમને પરમાર્થના જાણનારાઓ સત્યાર્થવાદી કહેતા નથી.'** સાચું માનનારા, સાચું કહેનારા એને કહેતા નથી એમ કહે છે.

**'ભાવાર્થ :— જીવ-અજીવ બન્ને અનાદિથી એકક્ષેત્રાવગાહ સંયોગરૂપ મળી રહ્યાં છે...'** એક ક્ષેત્રમાં સંયોગરૂપે હવે છે. એકક્ષેત્રાવગાહ હોવા છતાં એકરૂપ તો છે નહિ. **'અને અનાદિથી જ જીવની પુદ્‌ગલના સંયોગથી અનેક વિકારસહિત અવસ્થાઓ થઈ રહી છે.'** સંયોગ ઉપર લક્ષ છે એટલે એનો વિકાર પણ અનાદિથી થઈ રહ્યો છે એમ જુઓ પોતામાં અર્થ કર્યો છે. **'પરમાર્થદૃષ્ટિએ જોતાં, જીવ તો પોતાના ચૈતન્યત્વ આદિ ભાવોને છોડતો નથી...'** હવે એ તો જ્ઞાયકસ્વરૂપ, આનંદસ્વરૂપ ત્રિકાળ એકરૂપ જ છે. એ વસ્તુ છે એ કોઈ દિ' વસ્તુપણું છોડતું નથી. કહો, સમજાણું? **'આદિ ભાવોને છોડતો નથી અને પુદ્‌ગલ પોતાના મૂર્તિક જડત્વ આદિને છોડતું નથી. પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે;...'** સંયોગથી થયેલો ભાવ તે સંયોગીભાવ છે. સુખ-દુઃખની કલ્પના, શુભાશુભનું કરવું, બેની એકતા એ પણ બધું સંયોગીભાવ છે. ભેદ છે, જીવ માથે. જીવને માથે એ તો અજીવનો સ્વાંગ છે. એ કાંઈ જીવપણું નથી. આહા..હા..! ભારે આકરું પડે જીવને. જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો. પ્રવચનસાર. .. ગાથા છેલ્લે. એ તો છે એ જ રહ્યો છે. જ્ઞાયક ચૈતન્યરસ. જ્ઞાયક સ્વભાવ ઝળહળ જ્યોતિ ચૈતન્યસ્વરૂપ જ અનાદિથી એવો ને એવો રહ્યો છે. એને માન્યતામાં અધ્યવસાયે અનેક કર્યો એમ કહે છે. અનેરી રીતે અધ્યવસિત માન્યો છે. વસ્તુ તો ચૈતન્યરસ. જ્ઞ સ્વભાવી છે. જુઓને સર્વજ્ઞ સ્વભાવી છે. ત્યારે કહ્યું હતુંને અભવિને સર્વજ્ઞ ગુણ હોય કે નહિ? એય..!

સવારમાં પૂછયું હતું નહિ શાંતિભાઈને. આ શું કહેવાય? કે અભવિને સર્વજ્ઞ હોય કે નહિ શક્તિ ગુણ? એમ જો સર્વજ્ઞ શક્તિ ન હોય તો જીવ જ ન હોય. તો એકલો જ્ઞ... જ્ઞ... જ્ઞ કહો કે પૂર્ણ જાણવું કહો એવો સ્વભાવનું અસલ વસ્તુ છે.

આજ બીજું કહ્યું હતું સવારમાં. કે જીવને કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ હોય કે નહિ અભવિને? હોય. અભવિને. કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ જડ નહિ. છે. પાંચેય પ્રકૃતિ છે અભવિને. જ્ઞાનાવરણીય પાંચેય પ્રકૃતિ છે. એને ખુલી ન થાય માટે પ્રકૃતિ પાંચ નથી એમ છે નહિ. પંડિતજી!

મુમુક્ષુ :- ન હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય.

ઉત્તર :- ના. ના. એ પ્રકૃતિ એમ કે કેવળજ્ઞાન નથી થતું માટે કેવળજ્ઞાનાવરણીય નથી. મોટો પ્રશ્ન આવ્યો હતો. ૮૭ની સાલ. ૮૫ વીંછીયા .. નારણભાઈ. ૮૫ મોહનલાલજી સાથે. મોહનલાલજી સાથે મણિલાલજી. એ કહે કે પણ એમ કેમ હોય? એને ઉગે નહિ કેવળજ્ઞાન કોઈ દિ' તો પ્રકૃતિ કેમ હોય? રહે ન રહે એનું શું કામ છે? પાંચ પર્યાયો જ્ઞાનગુણની છે એમાં એક પર્યાય છેલ્લી રહે. એક પર્યાય છે એ કેવળજ્ઞાનની પર્યાય પ્રગટપણે નથી એને આવરણ છે. આવરણ છે તો આવરણ તો છેને. એનો અર્થ કે એની હીણીપર્યાયપણે પરિણમન છે. આહા..હા..! આવું તો ઘણા વર્ષથી ચાલતું હતુંને. કર્મ અને વિકાર વચ્ચે તો બધાને વાંધા. એકે એકને. સ્થાનકવાસીને પૂછો તો વાંધા, દેરાવાસીને પૂછો તો વાંધે, દિગંબરને પૂછો તો વાંધા. બધા કર્મને માથે નાખે. કર્મને લઈને આમ થાય... કર્મને લઈને આમ થાય... આહા..! અને એ થાય એ જ જીવનું સ્વરૂપ છે. એ કહે છેને. કર્મને લઈને જે થાય. થાય પોતાથી. એ તો કહે છે કે એને લઈને થાય.

અહીં તો કહે છે કે કર્મને લઈને પણ પોતાની યોગ્યતાથી થાય એ પણ જીવસ્વરૂપ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો અજીવનો સ્વાંગ છે એમ કહેવું છે અહીં તો. ભેખ છે. ભેખ લઈને આવે નાટકમાં. ડાહ્યો માણસ કળી જાય કે આ તો આ મેનેજર આવ્યો હતો એ હતો. બ્રાહ્મણ મોટો હતો. એ પછી પીંગળાનો વેશ લઈને વેશ પહેરતો હતો. પીંગળા નહિ આ ભર્તૃહરિની રાણી. ભર્તૃહરિ નથી આવતો આ પીંગળા રાણી. મોટું નાટક આવે છે. રાણી પીંગળા હતીને એને એક વેશ્યા પાસે એક ઊંચું ફળ લાવ્યું. અમૃત ફળ. પછી નામ આપ્યું. અમૃત તો હતું ક્યાં? નામ આપ્યું ઊંચું હશે એટલે. વેશ્યા પાસે હતું. વેશ્યાએ રાજાને આપ્યું. આહા..! .. રાજા. રાજાએ આપ્યું પીંગળાને. એની રાણી. એના ઉપર પ્રેમ હતો. સાંભળ્યું છે? નાટક મોટું અમે તો જોયું છે. પછી પીંગળા પ્રત્યે એને પ્રેમ હતો એટલે પીંગળાને આપ્યું, પીંગળાને અશ્વપાળ ઉપર પ્રેમ હતો. ત્યાં ઘોડાનો મોટો ઉપરી. અશ્વ-ઘોડાનો ઉપરી એના ઉપર પ્રેમ હતો પીંગળાને. વ્યભિચારિણી બાઈ હતી રાણી. એણે તેને આપ્યું. એને વેશ્યા ઉપર પ્રેમ હતો. વેશ્યાને આપ્યું. વેશ્યાને આના ઉપર

હતો વળી આવ્યું અહીં. અરે! આ શું? મેં તમને આપ્યું હતુંને અહીં કેમ પાછું? એ બધી ખુલ્લી વાત પડી ગઈ. રાજા.. મોટો બાણું લાખ માળવાનો અધિપતિ 'દેખ્યા નહિ કુછ સાર જગત મેં દેખ્યા નહિ સાર.' નાટક આવે છે મોટું.

વૈરાગ્યના પહેલા આવતા. આ તો અત્યારે તો ફિલ્મમાં તો બધા કાળા કેર થઈ ગયા છે. પહેલા તો વૈરાગ્યના એવા નાટક. ભર્તૃહરિ આમ છે. આમ બોલે છે જ્યારે ગાય છે ત્યારે. વેશ .. પહેરે છે બાવો થાય. બાણુ લાખ માળવાનો રાજા. આહા..હા..! આ દશા. સંસારની. મેં જેને અર્ધાંગના તરીકે રાણી કહી અને મેં બધા રાણીના અગ્રેસર એ રાણી વ્યભિચારી? મને મૂકીને અશ્વપાળ સાથે! આહા..હા..! અરે સંસાર! 'દેખ્યા નહીં કુછ સાર જગત મેં દેખ્યા નહીં કોઈ સાર.' ગાયન બોલે છે. આ શબ્દ બોલે છે. 'પ્યારી મારી પીંગળા અશ્વપાળ સે પ્યાર' આ વહાલામાં વહાલી પીંગળા તો અશ્વની સાથે. આહા..હા..! છોડી છે જોડે રાણી એ આવે છે. અરે! બાપુ! શું કર્યું તમે આ? 'બાપુજી આ વેશ શાને તે ધર્યો?' એમ આવે છે ગાયન ભૂલી ગયા. ચોપડી. 'બાપુજી આ વેશ શાને ધર્યો?' એમ કહે. એની પછી આવે છે. રાણી પાસે જાય છે. .. છોડી કહે છે બાપુજી મારી મા તો ગુજરી ગયા, પિતાજી તમે જાવ છો. હું તો લગનને યોગ્ય થઈ ગઈ છું. મારું શું થાશે? એમ કહે છે. બેટા! મેં પ્રધાનને કહ્યું છે બાપ! હું તો બાવો છું, હું તો જોગી મને તો ક્યાંય હવે સંસારમાં રસ નથી. હું તો બાવો છું, જોગી છું. આહા..હા..! એ ગાયન આવે છે. 'ગુજરી ગઈ છે માત, વળી જાવ તાત, પિતા ઓથ કોની છે? ઓરમાન મા.' આ પીંગળા ઓરમાન એટલે. સગી મા મરી ગઈ છે. દીકરા! બેટા! હવે મને રાજમાં કાંઈ ચેન પડતું નથી. મારી લાઈન હવે ઉદાસ થઈ ગઈ છે બધેથી. ક્યાંય હવે મને રસ બહાર દેખાતો નથી. બેટા મેં પણ પ્રધાનને ભલામણ કરી છે. તારું બધું સગપણ લગન કરશે. આહા..હા..!

પછી એના ગુરુ કહે છે ભર્તૃહરિના ગુરુ. પોતે બાવા થઈ ગયા. રાણી પાસે જાવ ભીખ માગવા. ભીક્ષા લેવા જા. બાવાનો વેશ અને મોટો રાજા. આમ વેશ પહેર્યો તો લોકો તો આમ વિસ્મય પામી ગયા. આહા..હા..! આ શું રાજા? રાજા જોગી થઈ ગયા. અંદર જાય છે એની પીંગળા પાસે રાજમાં. માતા! મને આહાર દે એમ કહે છે. ઓલો ભર્તૃહરિ 'ભીક્ષા દેને મૈયા પીંગળા.' હે પીંગળા માતા! મને ભીક્ષા દે. અરે! રાણી કહે મને માતા ન કહો, રાજન! માતા! મારા ગુરુએ મને ભીક્ષા લેવાનું કહ્યું છે તારા ઘરેથી જ પહેલું. હું આવ્યો છું લાવ તું. હું ચોકમાં છું. રાજ કાંઈ કર્યું નથી. ઘડી ઉભા રહો તો ખીર બનાવું. ખીર-ખીર. ખીર સમજો છો? ખીર નથી સમજતા? આ દૂધપાક તો.. પણ આપણે ખીર હોયને દૂધ અને ચોખા? પા-અડધા કલાકમાં તૈયાર થઈ જાય. પાણી નાખી અડધો કલાક થાય તો ચોખાની ખીર બનાવે. એ આવે છે. ઉભા રહો તો રાજા ખીર બનાવું ક્ષણ એકમાં.

'ખીર બનાવું ક્ષણ એકમાં' એવું કાંઈક આવે છે. ભૂલી ગયા. એ વખતે હતું. માતા! હું ક્ષણ પણ ઉભો નહિ રહી શકું. મારું યોગી. શું કહેવાય એ? યોગી જાયને. .. ઓલા જાય છે બધા એની સાથે મારે જાવું છે. હું ક્ષણ પણ ઉભો નહિ રહી શકું. ઓલી રોવે છે. મારી જમાત જાય છે. હા એ. ભૂલી ગયો હતો તમારી. જમાત જાય છે મારી. મારે તેની સાથે જવાનું છે ચાલીને. ક્યાંય ઉભા રહેવાનું નથી. વયા ગયા થઈ રહ્યું. ત્યાં ક્યાં અમારે. ઓલી રોવે છે પીંગળા. આહા..! આ શું? એવો વૈરાગ્ય બતાવતા હતા જેઠાભાઈ! એમાં એ પીંગળા રાણી થઈને આવી અંદરનો રાણીનો વેશ પહેર્યો હતો ઓલો કોણ એનો મેનેજર. એમાં એ થઈ તકરાર બહાર. ગામમાં વોરા રહે છેને. એમાં જોવા આવ્યા કેટલાક એટલે એમ ને એમ બહાર આવ્યો. વેશ હજી પહેરેલો હતો કપડુંને. એમ ને એમ કપડા પહેરેલા. અરે આ તો મેનેજર કીધું. એ રાજા ભર્તૃહરિ બન્યો હતો એ જ પાછો પીંગળા બન્યો છે. આહા..હા..! એમ વેશ ધારણ કર્યા બીજા. પણ એ વખતે વૈરાગ્યના નાટક હતા. ભલે અન્યમતના હોય.

અરે આ પણ બધા ભેખ કર્યા છે કહે છે અજીવના માથે. એમ કહે છે. એ કાંઈ એનું સ્વરૂપ નથી. આહા..હા..! રાજા જ્યારે જોગીનો ભેખ પહેરે ત્યારે દુનિયાને તો આમ વિસ્મય લાગે. એમ જીવે આ અજીવના સંગે રાગ-દ્વેષનો સંગ ભેખ પહેર્યો છે. આહા..હા..! વિસ્મય છે કે ભાઈ! તારે ઘરે આ શું થયું એમ કહે છે. તને આવો આત્મા ભાસે છે એ શું તને થઈ ગયું છે? આ મહારાજા પ્રભુ! આહા..હા..! આવ્યું છેને ૧૭-૧૮માં. જીવરાજ. એવું જીવરાજા. ધનાર્થી હોય એ રાજાની સેવા કરે, પછી એને રાજા જાણે, પછી શ્રદ્ધે પછી એમાં આવ્યું હતું. એમ જે મોક્ષાર્થી છે એણે જીવરાજને જાણવો પહેલો. આહા..હા..! અનંતા-અનંતા આનંદ આદિના ગુણોથી શોભિત રાજતે ઈતિ શોભતે એવો પ્રભુ છે. એને આ શું છે લપ? એને તું આત્મા માને છે? આ મૂઢ છો તું હોં. કીધુંને નીચે? દુર્બુદ્ધિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અનંત-અનંત ગુણની રાશિનો ગંજ પ્રભુ. અનંત મહા સાગરમાં જેમ મોતી પડ્યા હોય એમ અનંતાગુણોનો ચૈતન્ય રત્નાકર. એવા ચૈતન્ય સ્વરૂપને માથે આ ભેખ બધા. આહા..હા..! રાગને પોતાનો માનવો અધ્યવસાય એ ભેખથી મિથ્યા ભેખ છે. એમ દરેક ક્રિયા કર્મની થાય એને પોતાની માનવી. સુખ-દુઃખની કલ્પનાનો ભોક્તા એટલો જ આત્મા માનવો. પુણ્ય-પાપનો કર્તા એટલો જ માનવો એ બધા અજીવના ભેખને માનનારા છે. એને જીવની શ્રદ્ધાની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બિચારો બહાર આવ્યો હતો ભેખ લઈને તકરાર કાંઈક થઈ હતી. એમાંથી કરીને વળી પાછો પહેરવા ગયો, પછી પીંગળા થઈને આવ્યો. આહા..! આ પણ ભેખ જ પહેર્યા છેને બધા? પડદાની પાછળ. ઘડીકમાં બાયડીનો ભેખ, ઘડીકમાં

આદમીનો, ઘડીકમાં ગધેડાનો. આ કોણ કહેતું હતું એક જણો ગધેડાનું. ઓલું આવશેને ૧૭મી ગાથામાં. રમણિકભાઈ કહેતા હતા. ગયા? ૧૭-૧૮માં આવે છેને કે નહિ જાણેલાની શ્રદ્ધા ગધેડાના શિંગડા જેવી છે. એમ કે ક્યાંક ખરગોશને કેમ ન નાખ્યું? ભાઈ એને શિંગડા હોતા નથી. ખરગોશ-સસલા. આ ગધેડા. આહા..હા..! ગામડામાં તો છે. જંગલમાં રહેતા હોય. ગધેડા તો ગામોગામ હોય. આહા..હા..! એવો દાખલો આપ્યો છે. ભાઈ! ગધેડાની શિંગડાની જેમ શ્રદ્ધા ખોટી. કેમકે શિંગડા છે જ નહિ. એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો રસકંદ પ્રભુ દ્રવ્યસ્વરૂપ આખો વીતરાગી પિંડ જિનસ્વરૂપ. એને જ્ઞાનમાં આવ્યો નથી અને આ આત્મા એમ શ્રદ્ધવું એ ક્યાંથી આવશે? આહા..હા..! સમજાણું કાંઈ? અને એ શ્રદ્ધા કરવી જાણ્યા વિનાની એ તો ગધેડાના શિંગડાની શ્રદ્ધા કરવા જેવી છે. એમ કહ્યું છે ત્યાં તો. આહા..હા..!

જગતમાં પ્રસિદ્ધ થયેલું જે તત્ત્વ આખું ચૈતન્ય રસ વાળું પ્રસિદ્ધ જ છે. એવા આત્માને જ્ઞાનમાં ન આવ્યો, જ્ઞાનમાં પ્રસિદ્ધપણે ન જણાણો અને એને માનવું કે આત્મા છે એ તો ગધેડાના શિંગડાની શ્રદ્ધા જેવું છે કહે છે. આહા..હા..! એ ૧૭-૧૮માં એમ છે. સમયસાર. ૧૭-૧૮ ગાથા છેને. એમાં આવે છે. ગધેડાના શિંગડા-જાણ્યા વિનાની ચીજને માનવી એ ગધેડાના શિંગ જેવી છે. જુઓ ત્યાં વજન જ્ઞાનને આપ્યું. એકલી શ્રદ્ધા-શ્રદ્ધા નહિ. શ્રદ્ધાનું પણ વજન છે એક અપેક્ષા .. મોહનો ભાગ છેને. મોહનો ભાગ છે પરમાં સાવધાની છે એ બતાવવા એને શ્રદ્ધામાં વિરુદ્ધ બતાવીને સમકિતમાં.. સાવધાની બતાવી છે, પણ એ એને જાણ્યા વિના સાવધાની આ ક્યાંથી આ સાવધાની કરીને ક્યાંથી જાણ્યું? સમજાણું?

કહે છે કે આવા આત્માને જે કોઈ માને છે એ બધા દુર્બુદ્ધિઓ. આઠ બોલ કહ્યાને? ચૈતન્યસ્વભાવ વડે જીવ ભેદજ્ઞાન વડે સ્વયં ઉપલભ્યમાન છે. એ તો ૪૪માં આવ્યું નહિ? **'પરંતુ જે પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે;...'** લ્યો આ સિદ્ધાંત. મુદ્દો અહીં છે. જે નવો અંદર ભેખ આવ્યો કે રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો નવો ભેખ છે. એ કાંઈ આત્મા નથી અને એને એમ કહે છેને કે એ શુભભાવથી ધર્મ થાય, અજીવથી જીવ થાય. આહા..હા..! ગજબ વાત છે!

મુમુક્ષુ :- એ તો સમ્યગ્દષ્ટિને શુભભાવ છે ત્યાં મિથ્યાદષ્ટિને ન થાય.

ઉત્તર :- મિથ્યાદષ્ટિને.. થાય નહિ ભાવ. સમ્યગ્દષ્ટિને થાય એ કોઈને નહિ. આહા..હા..!

કહે છેને. **'પરમાર્થને જાણતા નથી તેઓ સંયોગથી થયેલા ભાવોને જ જીવ કહે છે;...'** આ સિદ્ધાંત છે આખો. આ તો બહુ ટૂંકામાં લખ્યો છે. સંયોગી ચીજ કર્મ આદિ અને સંયોગી ચીજ કર્મના નિમિત્તથી થયેલા પોતામાં શુભાશુભ પરિણામ અને સુખ-દુઃખની કલ્પના. એને અજ્ઞાનીઓ જીવ માને છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? 'કારણ કે **પરમાર્થે જીવનું સ્વરૂપ પુદ્‌ગલથી ભિન્ન સર્વજ્ઞને દેખાય છે...'** એક વાત. '**તેમ જ સર્વજ્ઞની**

**પરંપરાના આગમથી જાણી શકાય છે,...**' એ તો પરોક્ષ છેને એટલે આગમનો આશ્રય લીધો એમ. સર્વજ્ઞનું પ્રત્યક્ષ જણાય છે, નીચે મતિજ્ઞાનથી જણાય છે પણ પરોક્ષ છે. આખું સ્વરૂપ જણાતું નથીને એ અપેક્ષાએ પરોક્ષ બાકી જ્ઞાન તો પ્રત્યક્ષ છે. પણ છતાં એના આવા અસંખ્ય પ્રદેશી, આ અનંતગુણ એવું એ જ્ઞાનમાં જણાય નહિ. મતિજ્ઞાનમાં ન જણાય. માટે એને આગમ પરંપરા.

'**આગમથી જાણી શકાય છે, તેથી જેમના મતમાં સર્વજ્ઞ નથી...**' દેખો હવે. '**તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે.**' આહા..હા..! જેમના મતમાં સર્વજ્ઞ નથી એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણે એવી સર્વજ્ઞતા જેના સ્વીકારમાં નથી, જેના મતમાં નથી એ પોતાની કલ્પનાથી જીવનું સ્વરૂપ કહ્યા કરે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કેમકે જીવ પોતે સર્વજ્ઞસ્વભાવી છે. સમજાણું કાંઈ? મોહનો અભાવ થતાં જીવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સુખ પ્રગટે છે. એથી તો ક્યાંક એમ કહ્યું છે. મોહનો અભાવ થતાં સમકિત એકલું લીધું સિદ્ધને ભાઈ! સિદ્ધમાં આઠ ગુણ કહ્યાને એમાં સમકિત લીધું છે. અને આમાં એ તો ભેગા આવી ગયા છે. અને જ્યાં અનંતચતુષ્ટય લીધા છે ત્યાં સુખ લીધું છે. એ સુખમાં સમકિત અને ચારિત્ર બે સમાઈ જાય છે. અનંત જ્ઞાન. કેમકે સર્વજ્ઞ સ્વભાવમાં અનંતજ્ઞાન પડ્યું છે એ પ્રગટ થાય છે. અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ. એ સુખમાં સમકિત અને ચારિત્ર સમાય જાય છે.

મુમુક્ષુ :- આ બોલમાં એમ આવ્યું.

ઉત્તર :- છેને એ. જુદા જુદા. .. મોહનો અભાવ .. ઓલામાં. સમકિતમાં ચારિત્ર સુખમય. સમ્યક્‌નું જોર આપ્યું ત્યાં સિદ્ધનું. સમ્યક્‌માં બળે એ ઈચ્છતા નથી સંસારને. એમ આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકને. એ રાગને ઈચ્છતા નથી સમકિતનું બળ છે એમ કહ્યું છે. હવે ઓલા કહે કે કર્મ નથી માટે વિકાર થાતો નથી. હવે બેના કથનમાં ફેર કેટલો? સિદ્ધમાં કેમ વિકાર નથી? એય..! ચેતનજી! તમારા વિવેકસાગર. કેવા? હા એ કહેતો હતો ત્યાં ઈડરમાં. કર્મ વિકાર નથી જીવને એ તો સિદ્ધને કર્મ નથી માટે વિકાર નથી. જ્યાં કર્મ છે ત્યાં વિકાર હોય જ. કર્મને લઈને હોય એમ. આહા..હા..! તો આ કહે છે કે કેમ વિકાર થતો નથી સિદ્ધને? કે એને સમકિતનું બળ છે. અનંતગુણા આવા છે એનું બળ વર્તે છે. એથી એ રાગરૂપે થતા નથી. એમ કહે છે લ્યો! કર્મ નથી માટે રાગરૂપે થતા નથી એમ નહિ. એમ વાત એ. આહા..હા..! ઓલા કહે કે સિદ્ધને કર્મ નથી માટે વિકાર નથી થતો. એમ નહિ. એને અનંતગુણનો આનંદકંદનો નાથ એવો સ્વીકારમાં આવી ગયો છે શ્રદ્ધામાં. આઠ પોતાનું અનંત પૂર્ણ સ્વરૂપ જેને પ્રતીતમાં, અનુભવમાં આવી ગયું છે. એને લઈને એને રાગની ઈચ્છા અને સંસાર નથી. આહા..હા..! કથન તો જુઓ એ. બેયમાં ઉગમણો-આથમણો ફેર છે.

સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં છે એ. છેને. ૯માં અધિકાર. ૩૨૩ પાનું. વાચનારા થઈ ગયા બધા ઘણા. ૩૨૩ નીકળ્યું લ્યો. એ ૩૨૩ પાનું જ નીકળ્યું. કોણે કહ્યું? ધનજીભાઈ! ધનજીભાઈને ક્યાંથી યાદ રહ્યું? ૩૨૩ પાને બરાબર છે. જુઓ.

'કેવળી સિદ્ધ ભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી.' આહા..! જુઓને શૈલી તો જુઓ. 'અને સંસાર અવસ્થાને ઈચ્છતા નથી. તે આ શ્રદ્ધાનનું બળ જાણવું.' આ કહે કે સિદ્ધને વિકાર કેમ થતો નથી? કર્મ નથી માટે. આહા..હા..! કેવળી સિદ્ધ ભગવાન બેયને હોં! રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસાર અવસ્થાને ઈચ્છતા નથી તે આ શ્રદ્ધાનનું જ બળ જાણવું. લ્યો! સમ્યગ્દર્શન હોય ત્યારે પૂર્ણ કેવળજ્ઞાનમાં કેમ ... અહીં કહે છે **'સર્વજ્ઞની પરંપરાના આગમથી જાણી શકાય છે,...'** આગમ શબ્દે ઓલા શાસ્ત્રો એમ નહિ હોં! એણે કહ્યું હતું એવું અંતરમાં જાણ્યું ત્યારે આગમથી પ્રત્યક્ષ દેખાણું એટલે આગમથી જાણ્યું એમ કહેવામાં આવે છે. **'જેમના મતમાં સર્વજ્ઞ નથી તેઓ પોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી કહે છે. તેમાંથી વેદાંતી,...'** એમ કહે છે આ આઠમાં મેં આ રીતે કહ્યું હતું. ફેરફાર છે થોડો. ઓલો અધ્યવસાની એકપણું માને છેને? અધ્યવસાયી એકપણું માને છે એકપણું માનીને બધું એક છે એમ. એને વેદાંતી કહ્યા છે. મીમાંસક કહ્યા. કર્મથી કર્મને કર્મની ક્રિયા વિનાનો આત્મા હોઈ શકે નહિ એ આવે. એ લોકોમાં આવે છે કર્મની ક્રિયા વિનાનો આત્મા હોઈ શકે નહિ. કર્મ ક્રિયા.. આવે છે.

**'સાંખ્ય, યોગ, બૌદ્ધ, નૈયાયિક, વૈશેષિક, ચાર્વાક...'** છેલ્લો ઓલો આઠ લાકડાનો. **'આદિ મતોના આશય લઈ આઠ પ્રકાર તો પ્રગટ કહ્યા; અને અન્ય પણ પોતપોતાની બુદ્ધિથી અનેક કલ્પના કરી અનેક પ્રકારે કહે છે તે કયાં સુધી કહેવા?'** એમ કહે છે. કંઈક કંઈક અજ્ઞાનીઓ પોતાના સ્વરૂપની ભાન દશા વિના અને સર્વજ્ઞની પરંપરાની દશામાં આવ્યા વિના કંઈક કલ્પે જીવને જીવ જીવ તો બધા કહે છે ઓલા ચાર્વાક સિવાય. પણ એ જીવનું જે સ્વરૂપ છે એવું છે વાસ્તવિક એ સર્વજ્ઞના પંથ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? એ તો અન્યમતની સાથે પણ આને સમન્વય કરો.

મુમુક્ષુ :- બે કરો.

ઉત્તર :- ના બે છે. સમન્વય છે. બે છે. બે છે. છે અપેક્ષાએ સમન્વય છે બે સાચા છે. એમ નહિ. આહા..હા..! ત્રણકાળ ત્રણલોક જેને જાણવાની પર્યાય શક્તિ હતી એ પ્રગટ થઈ. શક્તિમાં તે બધું હતું એ. જેટલી કેવળજ્ઞાનની પર્યાય પ્રગટી એક સમયમાં. એવી એવી અનંતી પર્યાય બધી દ્રવ્યમાં શક્તિરૂપ પડી જ છે. સમજાણું? એ કાંઈ બહારથી આવતી નથી. એક સમયની એક અવસ્થા અને બીજી અવસ્થાઓ જે સર્વજ્ઞની થવાની એ બધી દ્રવ્યરૂપે અંદર છે. એવું દ્રવ્ય એ છે. સમજાણું કાંઈ? એવડો આત્મા જેનામાં નથી અને

એવી પર્યાય જેને પ્રગટ થઈ નથી એના સર્વજ્ઞ સિવાયના મતમાં આવું તત્ત્વ હોઈ શકે નહિ. આહા..હા..! ભગવાનનો અનેકાંત માર્ગ છે. ભગવાને કહ્યું એ પણ હોય અને બીજાએ કહ્યું એ હોય. બીજાને મેળવો, ભેળવો. શેઠ! એમ કહે છે. આહા..હા..! અને આ બધી ટૂંકી નજરવાળા જુઓ તમારી સભામાં માણસ કેટલા થાય? સો, બસ્સો, પાંચસો, હજાર, બે હજાર માણસો. ઓલા પચ્ચીસ-પચ્ચીસ હજાર માણસો. જવાહરલાલજી આવ્યા હતા ત્યારે બે લાખ થયા. જવાહરલાલજી આવ્યા. એથી શું પણ? આ જવાહરલાલજી ગુજરી ગયાને? એની સાથે. બે લાખ માણસ સાંભળવા. એમ કે આપણું કલ્યાણ, આપણું હીત કરવા માટે. લોકો માને બિચારે. એ કોણ કરે? કોણ કરે? આહા..હા..!

## ગાથા-૪૪

कुतः —

एदे सव्वे भावा पोग्गलदव्वपरिणामणिप्पण्णा।
केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वृच्चंति।।४४।।
एते सर्वे भावाः पुद्गलद्रव्यपरिणामनिष्पन्नाः।
केवलिजिनैर्भणिताः कथं ते जीव इत्यच्यन्ते।।४४।।

यतः एतेऽध्यवसानादयः समस्ता एव भावा भगवद्भिर्विश्वसाक्षिभिरर्हद्भिः पुद्गलद्रव्यपरिणाममयत्वेन प्रज्ञप्ताः सन्तश्चैतन्यशून्यात् पुद्गलद्रव्यादतिरिक्तत्वेन प्रज्ञाप्यमानं चैतन्यस्वभावं जीवद्रव्यं भवितुं नोत्सहन्ते; ततो न खल्वागमयुक्तिस्वानुभवैर्बाधितपक्षत्वात्तदात्मवादिनः परमार्थवादिनः। एतदेव सर्वज्ञवचनं तावदागमः। इयं तु स्वानुभवगर्भिता युक्तिः—न खलु नैसर्गिकरागद्वेषकल्माषितमध्यवसानं जीवः तथाविधाध्यवसानात् कार्तस्वरस्येव श्यामिकाया अतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खल्वनाद्यनन्तपूर्वापरीभूतावयवैकसंसरणलक्षणक्रियारूपेण क्रीडत्कर्मैव जीवः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु तीव्रमन्दानुभवभिद्यमानदुरन्तरागरसनिर्भराध्यवसानसन्तानो जीवस्ततोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु नवपुराणावस्थादिभेदेन प्रवर्तमानं नोकर्म जीवः शरीरादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु विश्वमपि पुण्यपापरूपेणाक्रामन् कर्मविपाको जीवः शुभाशुभभावादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु सातासातरूपेणाभिव्याप्तसमस्ततीव्रमन्दत्वगुणाभ्यां

भिद्यमानः कर्मानुभवो जीवः सुखदुःकातिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खलु मज्जितावदुभयात्मकत्वादात्मकर्मोभयं जीवः कार्त्स्न्यतः कर्मणोऽतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वात्। न खल्वर्थक्रियासमर्थः कर्मसंयोगो जीवः कर्मसंयोगात् खट्वाशायिनः पुरुषस्येवाष्टकाष्ठसंयोगादतिरिक्तत्वेनान्यस्य चित्स्वभावस्य विवेचकैः स्वयमुपलभ्यमानत्वादिति।

એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી તે કહે છેઃ-

પુદ્‌ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ
સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪.

ગાથાર્થ :— [एते] આ પૂર્વે કહેલાં અધ્યવસાન આદિ [सर्वे भावाः] ભાવો છે તે બધાય [पुद्गलद्रव्यपरिणामनिष्पन्नाः] પુદ્‌ગલદ્રવ્યના પરિણામથી નીપજ્યા છે એમ [केवलिजिनैः] કેવળી સર્વજ્ઞ જિનદેવોએ [भणिताः] કહ્યું છે [ते] તેમને [जीवः इति] જીવ એમ [कथं उच्यन्ते] કેમ કહી શકાય?

ટીકા :— આ અધ્યવસાનાદિ ભાવો છે તે બધાય, વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન (વીતરાગ સર્વજ્ઞ) અર્હંતદેવો વડે, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી, તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્ગલદ્રવ્યથી અતિરિકત(ભિન્ન) કહેવામાં આવ્યું છે; માટે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે તેઓ ખરેખર પરમાર્થવાદી નથી કેમ કે આગમ, યુકિત અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે. તેમાં, 'તેઓ જીવ નથી' એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુકિત છેઃ- સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન અધ્યવસાન છે તે જીવ નથી કારણ કે, કાલિમા(કાળપ) થી જુદા સુવર્ણની જેમ, એવા અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પ્રત્યક્ષ ચેતન્યભાવને જુદો અનુભવે છે. ૧. અનાદિ જેનો પૂર્વ અવયવ છે અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે એવી જે એક સંસરણરૂપ ક્રિયા તે-રૂપે ક્રીડા કરતું કર્મ છે તે પણ જીવ નથી કારણ કે કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૨. તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં, દુરંત રાગરસથી ભરેલાં અધ્યવસાનોની સંતતિ પણ જીવ નથી કારણ કે તે સંતતિથી અન્ય જુદો

ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૩. નવી પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું જે નોકર્મ તે પણ જીવ નથી કારણ કે શરીરથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.૪. સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે તે પણ જીવ નથી કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૫. શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ તે પણ જીવ નથી કારણ કે સુખ-દુઃખથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૬. શિખંડની જેમ ઉભયાત્મકપણે મળેલાં જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૭. અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ તે પણ જીવ નથી કારણ કે, આઠ કાષ્ઠના સંયોગથી (-ખાટલાથી) જુદો જે ખાટલામાં સૂનારો પુરુષ તેની જેમ, કર્મસંયોગથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે. ૮. (આ જ રીતે અન્ય કોઈ બીજા પ્રકારે કહે ત્યાં પણ આ જ યુકિત જાણવી.)

(ભાવાર્થઃ- ચૈતન્યસ્વભાવરૂપ જીવ, સર્વ પરભાવોથી જુદો, ભેદજ્ઞાનીઓને અનુભવગોચર છે; તેથી જેમ અજ્ઞાની માને છે તેમ નથી.)

---

## ગાથા-૪૪ ઉપર પ્રવચન

'એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી તે કહે છે :—' આવા માનનારા જૂઠાં છે એમ કેમ માનવું? એનો ખુલાસો ૪૪મી ગાથામાં કરે છે.

एदे सव्वे भावा पोग्गलदव्वपरिणामणिप्पण्णा।
केवलिजिणेहिं भणिया कह ते जीवो त्ति वुच्चंति।।४४।।
પુદ્‌ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ

**સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા? ૪૪.**

જુઓ, એ લોકો તો કહે છે કે કર્મને લઈને શુભાશુભભાવ થાય. અહીં એમ કીધું લ્યો. કર્મને લઈને શુભાશુભભાવ એમ કીધું અહીં તો. કઈ અપેક્ષાએ છે? આહા..હા..!

'**ટીકા :— આ અધ્યવસાનાદિ ભાવો છે...**' પાછું છે ખરા એ ભાવ. અજીવનો સ્વાંગ જીવ ઉપર આવો હોય છે. '**તે બધાય, વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન** (વીતરાગ સર્વજ્ઞ)...' આહા..હા..! વિશ્વ નામ સમસ્ત જગત લોક અને અલોક. બધા પદાર્થ છેને? વિશ્વ એટલે બધા પદાર્થ. આકાશ .. લોક અને અલોક આવી ગયું. આહા..હા..! જેની જ્ઞાનની પર્યાયમાં '**(સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા...**' ભવિષ્યની પર્યાયને સાક્ષાત્ દેખતા હશે? ભવિષ્યની પર્યાય ક્યાં થઈ. નથી આવી. છેલ્લી કઈ છે? છેલ્લી જાણી ભગવાને? છેલ્લી જાણી? હોય નહિ ને જાણે કોણ? આહા..હા..! સાદિસાંતમાં પણ અનાદિશાંત નહિ હોં. એણે એમ જાણી. અનાદિ આદિ નથી માટે અહીંથી થઈ એમ જાણે તો એણે જાણ્યું કહેવાય? તો અહીંથી થઈ તો આદિ થઈ ગઈ. વસ્તુમાં તો વસ્તુ આદિ છે જ નહિ. વસ્તુ અનાદિ છે. છે એને આદિ આ તો અલૌકિક જૈનદર્શન છે ભાઈ! જેના એક એક બોલને અંતરથી સમજવા, માનવા એ તો અલૌકિક વાતું છે. અંતરથી સમજવા-માનવા હોં. આહા..હા..!

કહે છે '**(સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા...**' અનંત શબ્દ છેને? આવી જેને શ્રદ્ધા થાય એવા જીવ તો સમકિતી હોય એમ કહે છે. આહા..હા..! જેને સર્વ પદાર્થને સાક્ષાત્ દેખનારા ભગવાન વીતરાગ પ્રભુ '**અર્હંતદેવો વડે,...**' આટલા શબ્દ વાપર્યા છે. સાક્ષાત્ દેખનારા ભગવાન અર્હંતદેવો. એ વડે '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' એ પુણ્યના, પાપના શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ બધા પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ છે. એમ કહ્યું. ગજબ વાત છેને બેય. એકકોર ઉદયભાવ જીવતત્ત્વ કહેવો. તત્ત્વાર્થસૂત્રમાં. પાંચ ભાવ. જીવનું તત્ત્વ છે. આની પર્યાયમાં છેને એ અપેક્ષાએ. વસ્તુમાં નથી. વસ્તુ એવી નથી. એમ વાત કરી. આહા..હા..! પર્યાયના અંશમાં છે એ તો અંશમાં છે. વસ્તુ એ કહે છે. એ આવ્યા હોવાથી એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ કહેવામાં આવ્યા છે. ભગવાનના માર્ગમાં એકકોર સર્વજ્ઞ સિદ્ધ કર્યા, એની વાણી એટલે આગમ સિદ્ધ કરી અને એ આગમમાં આ કહ્યું છે. આહા..હા..! લ્યો આ જેઠાભાઈ! આ કર્મને લઈને વિકાર થાય છે. પુદ્‌ગલના પરિણામ છે ઓલા પણ એમ કહે છે અને અહીં તમે આમ કહો છો. એ વાત જુદી છે. એ તો કહે છે કર્મ હોય તો વિકાર થાય. એ તો એનું કર્મને લઈને અસ્તિપણું પર્યાયનું એને લઈને સ્વીકાર્યું. અહીં તો કહે છે કે એને લઈને સ્વીકાર્યું હોવા છતાં, પોતાને લઈને સ્વીકાર્યું હોવા છતાં વસ્તુમાં એ નથી. સમજાણું કાંઈ?

એથી એને જેના નિમિત્તથી નિમિત્તના લક્ષે આલંબને થયા એ એના છે, એ જીવના

નથી. એમ કહ્યું. સ્વભાવને આશ્રયે થાય? એને આશ્રયે લક્ષ થયું છે. એના પરિણામમાં થાય. આત્માના સ્વભાવમાં ક્યાં છે? સ્વર્ગના સુખને અનુભવવું, નરકના દુઃખને અનુભવવું, જે ભાવે તીર્થંકરપ્રકૃતિ બંધાય એ ભાવનું કરવું. એ પુદ્‌ગલના પરિણામ. કહો, સમજાણું? આ તો બીજા ઘણા વિચાર આવ્યા છે કે જે ભાવ છે પુદ્‌ગલ કર્મ બાંધવામાં .. એ ભાવ જાણે જીવ નહિ અને પ્રકૃતિ બંધી એ પણ જીવ નહિ. કારણ કે પ્રકૃતિ બંધી એ પણ પ્રતિજીવી શું કહેવાય? પ્રતિજીવી ગુણની પર્યાયમાં વિપરીત નિમિત્ત છે. એ પ્રકૃતિનો નાશ થાય. છે ત્યારે પણ આત્માની આનંદી પ્રતીજીવી ગુણની પર્યાયને બંધરૂપ છે નિમિત્તરૂપ. નાશ થાય ત્યારે શું થાય એ? તીર્થંકર નાશ થાય તો તીર્થંકરપણે પ્રકૃતિનો નાશ થાય એટલે કેવળજ્ઞાન થાય? એના નાશથી તો નામકર્મની પ્રકૃતિ નાશ થઈને અરૂપી આહા..હા..! એનો નાશ થાય તો અરૂપી. નામકર્મમાં ભાગ છેને? નામ કર્મનો નાશ થાય તો શું થાય? ઉપશમપણું થઈ જાય. એમ ત્યાં નથી કીધું નામકર્મનો નાશ થાય તો કેવળજ્ઞાન થાય. તીર્થંકરનો નાશ થાય. તીર્થંકરની હયાતીમાં કેવળજ્ઞાન થાય અને નાશ થાય એ વાત જ ક્યાં? એ તો પરચીજ છે. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ તો અપેક્ષાએ જણાવે છે કે આવી એક ચીજ છે. એ વસ્તુના સ્વરૂપને શું સંબંધ છે? ચૈતન્ય ભગવાન સર્વજ્ઞદેવે તો એ પરિણામને પુદ્‌ગલના પરિણામ કહ્યા જુઓ. આહા..હા..! ષોડશકારણ ભાવના. એય..! પંડિતજી! આહા..હા..! તારા ચૈતન્ય આનંદના જ્ઞાનસ્વભાવની અપરિમિતતાની સાથે એ રાંકાનો મેળ ક્યાં છે? આહા..હા..! એ પુદ્‌ગલ પરિણામ છે, તું મહારાજા છો. .. આનંદનો નાથ જ્ઞાનના સ્વભાવથી ભરેલો અરે! તને એના ભરોસા નહિ અને આ રાગના ભરોસા. સમજાણું કાંઈ? એને લઈને મને તીર્થંકર પદવી બંધાણી અને પછી તીર્થંકર પ્રકૃતિ પરંપરા મુક્તિનું કારણ છે એવું આવે શાસ્ત્રમાં. એય..! જયસેનાચાર્યમાં આવે છે સમયસારમાં. આવે. આવે બાપુ! એ ..ભાઈ! હજી તને એ પરિણામ પ્રભુ એના છે. એનાથી જુદો એમ જાણવામાં ન આવે અને તને પરિણામ અને પરિણામની પ્રકૃતિ અને એનાથી લાભ થાય તો અજીવને જીવ માન્યો છે. આહા..હા..! ભારે કામ આકરું. રીતને જાણી નથી, ભાઈ! તું કોણ છો અંદર.

કહે છે કે જેટલા પરિણામ શુભ-અશુભના થાય એ મહાવ્રતના પરિણામ થાય એ પુદ્‌ગલના પરિણામ છે કહે છે. એય..! શ્રીમદ્‌માં પણ આવે છેને જે બાદ કરતા બાકી રહે તે આત્મા. .. અબાધ્ય અનુભવ જીવ છે. એ રાગને બાદ કરીને અહીં તોડે છે એ. આહા..હા..! સમજાણું? આ બધા પૈસાવાળાને બધાને ગણવા કેવા? કહે છે. અને પૈસાવાળા છે એ કેવા જીવ કહેવાય છે? એ અજીવ કહેવાય. પણ પૈસાવાળા .. ઓલામાં નહોતું કહ્યું? એક ઓલા શાંતિભાઈએ

૬૧ હજાર આપ્યા. તમારા જોબાલિયાએ ત્યાં. વાંકાનેર. સુરેન્દ્રનગર. ૬૧ હજાર જયચંદભાઈએ આપ્યા. .. છેને. એ તો એને નથી. એ તો એની બૈરાના એની મા માટે એના છોકરાએ કાઢેલા માન ખાટ્યું એમાંથી આપ્યા. જુદા આપ્યા નથી. અંદર કાઢેલા. કાઢેલા ત્યારે તો .. અને એમાંથી આપ્યા ત્યારે માન ખાટ્યું. ગિરધરભાઈ! પણ આ તો રામજીભાઈ કહેતા એની પાસે માગે, બે-ચાર જણા શેઠિયાઓ જાય. એ એને આપે. અહીં તમે કાંઈ માગો નહિ તો તમને શેના આપે પૈસા?

મુમુક્ષુ :- ...ગોઠવવું જોઈએ.

ઉત્તર :- ગોઠવવું જોઈએ. તમારા જેવાને મોઢા આગળ લઈ જાય. ગિરધરભાઈ જેવાને મોઢા આગળ લઈને બેસાડે બે-ચાર જણા મોટા શેઠિયાઓને. ઓલા આવે. એ તો બિચારા શરમાઈ જાય. પણ તમે અહીં રહેનાર આવા ... અને તમે આવા શેઠિયા અને તમારે નામે કાંઈ ન આવે તો એનો અર્થ શું? અમારે બીજા પાસે માગવા શી રીતે? એવી વાતું કરેને. લ્યો! આ તમારા શાંતિભાઈ. આહા..હા..! ૬૧ હજાર એના વેવાઈએ આપ્યા. ઓલા જયચંદભાઈ છેને. ત્યાં જોરાવરમાં. આવ્યા હતા. ૬૧-૬૧ હજાર કાઢ્યા. મનમાં એમ થયું હતું હોં જરી. આ . એ વગર કીધે કેમ આપવા.. આટલા બધા. ત્યાં બે-ચાર જણા મોઢા આગળ જાય સરખાયના અને પહેલેથી આમ ખંખેરો કર્યો હોય. હવે શેઠિયા પાસે જાશું એટલે મળશે. શેઠિયા છે એ પૈસાવાળા છે. એમ કેમ લેવાય? આમ ક્ષયનું મોટું કારખાનું કરવું છે. આ તો નજીકમાં છે. શેઠિયા જે .. એના નજીકમાં આવું થાય એ માયલા નજીકવાળાને તો દેવું જ પડે. અમે બહારથી માગશું બીજે. પણ આવી રકમ પહેલી ભેગી થઈ હોય. એમ કરીને વાતું કરે બધાએ. આહા..હા..! અરે! એ માગે મળે નહિ અને આવ્યા વિના રહે નહિ એવી વાત છે અહીં તો. એ આત્માને કારણે કાંઈ નથી એમ કહે છે. ક્ષયનું ઓલું ટીબીનું મોટું એક કરોડનું કરવાના છે. .. એમાં કાંઈ નહિ. એ તો ઠીક છે. એ જ્યાં થવાનું હોય ત્યાં થાય. એ તો જે ઠેકાણે.. આત્મા એને લાવી શકે અને બનાવી શકે એ આત્મા નહિ. પૈસા ભેગા કરી શકે અને એનાથી બનાવે એ આત્મા નહિ એમ કહે છે. ભારે વાત! એ બધા પુદ્ગલના પરિણામ ઉભા થવાના અને અહીં રાગ થયો દીધા-લેવાના એ પુદ્ગલના પરિણામ છે. આહા..હા..! એક જ સાથે. . હોય છેને? અરે! મહાપ્રભુ ચૈતન્ય મહારાજા. એ પોતાના અનંત... અનંત... અનંત... અનંત... પવિત્ર ગુણોથી શોભાયમાન એને આ રાગના પરિણામ કહે છે પુદ્ગલના નહિ ભાઈ! જીવના નહિ એ તો પુદ્ગલના છે. આહા..હા..! એ પુદ્ગલના પરિણામ પોતાના સ્વીકારે એ તો અજીવ છે. જેઠાભાઈ! આહા..હા..! ભારે આકરું!

મુમુક્ષુ :- .. પણ અજીવની વ્યાખ્યા...

ઉત્તર :- એની બધી એ અજીવ જ છે. જીવ એને કહીએ ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવથી ભરેલું એને જીવ કહીએ. આ અજીવ છે. આ જીવ છે એ તો અજીવ છે. રાગ પણ અજીવ અને શરીર અજીવ એમ. એ બધાને મારા.. શરીર આવ્યું. શરીર જીર્ણ અને નવું થાય એવો આત્મા.. કારણ કે એમાં બળ ઘટી જાય છે. જીર્ણ થાય ત્યારે બળ ઘટી જાય છે. પુષ્ટ થાય તો વધી જાય છે. એ ચાલ્યું જ નથી. આ શરીરના બળ સાથે આત્માના બળને શું કામ?

કહે છે અર્હંતદેવો વિશ્વને સાક્ષાત્ દેખનારાઓ ભગવાન. આહા..હા..! એ બધા પરિણામને **'અર્હંતદેવો વડે, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી, તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી...'** જુઓ, આવ્યું પાછું. આહા..હા..! એ શુભરાગના પરિણામ દયા, દાન, શુભભાવ એ ચૈતન્યસ્વભાવમય, ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય એમ. આહા..હા..! એ એવા થવા સમર્થ નથી. **'ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય...'** કે જે જીવદ્રવ્ય ચૈતન્યભાવથી શૂન્ય. જીવદ્રવ્ય ચૈતન્યભાવ છે એનાથી શૂન્ય. **'એવા પુદ્ગલદ્રવ્યથી અતિરિકત (ભિન્ન)...'** શુભભાવમાં ચૈતન્યસ્વભાવ એવું જીવદ્રવ્યથી શૂન્ય છે એ ભાવ. પહેલા પુદ્‌ગલ પરિણામ અસ્તિ કર્યું. જીવદ્રવ્યના સ્વભાવથી શૂન્ય એવા પુદ્‌ગલ દ્રવ્યથી ભિન્ન કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? **'ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્ગલદ્રવ્યથી અતિરિકત(ભિન્ન) કહેવામાં આવ્યું છે;...'** આહા..હા..! વિશેષ વાત છે એમાં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૧, ગુરુવાર, તા. ૧૦-૦૮-૧૯૭૨
## ગાથા-૪૪, પ્રવચન-૧૨૮

૪૪ ગાથા. જીવ-અજીવ અધિકાર. ટીકા ફરીને. **'આ અધ્યવસાનાદિ ભાવો છે...'** અસ્તિ છે. કહે છે કે પુણ્ય અને પાપ, શુભ-અશુભભાવ એની એકત્વબુદ્ધિ એવો અધ્યવસાય એ ભાવો છે. પછી બધા આઠેય બોલ લીધા. અધ્યવસાન આદિ. અધ્યવસાનથી ઉપાડ્યું છે. ખરેખર તો ચૈતન્યનો જ્ઞાયક ત્રિકાળી શુદ્ધ સ્વભાવ એની સાથે વિભાવરૂપ પરિણામોની

એકતા એ અધ્યવસાન છે. એ અધ્યવસાન '**તે બધાય,...**' અને શુભ-અશુભભાવ પુણ્ય-પાપના. કોઈ કહે કે ભાઈ એકત્વબુદ્ધિને જ પુદ્‌ગલના પરિણામ કહ્યા છે. પણ અહીંયાં તો એકત્વબુદ્ધિ લઈને પછી જુદી જુદી વાત કરી છે. શુભ અને અશુભભાવ અને એનું કરવું અને એનું ભોગવવું એ જીવના અસ્તિત્વમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વિશ્વને (સમસ્ત પદાર્થોને) સાક્ષાત્ દેખનારા ભગવાન...**' સર્વજ્ઞ પરમેશ્વરે જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પ્રત્યક્ષ પર્યાયે પૂર્ણતામાં દેખ્યા. એ ભગવાન '**અર્હંતદેવો વડે, પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' આહા..હા..! વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના ભાવ, પંચ મહાવ્રતના ભાવ, શાસ્ત્રને ભણવાના વિકલ્પનો ભાવ એ પુદ્‌ગલ દ્રવ્યના પરિણામ. પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય. એને જુદાં પાડવા છેને? આમ તો જ્યારે કહે ત્યારે એમ કહે કે ભાઈ! પરિણામ અને પરિણામી જુદા ન હોય. પરિણામ એનું કર્મ છે અને કર્તા એ આત્મા છે. જ્યારે પરથી જુદું પાડવું હોય ત્યારે એમ આવે છેને? પ્રવચનસારની. જે પરિણમનની ક્રિયા અને પરિણામ એનાથી પરિણામી કાંઈ જુદો નથી. એ પરથી જુદું પાડવાની વાત છે. અહીં તો વિભાવના પરિણામથી જુદું પાડવાનું પ્રયોજનભૂત આ છે. આહા..હા..!

ચૈતન્ય ભગવાન અધ્યવસાનાદિ ભાવો પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી. મય કહેવામાં આવ્યા છે ભગવાનથી એમ કહે છે. સર્વજ્ઞની વાણીમાં આ આવ્યું છે. ત્યારે ઓલું આવ્યું છેને વળી? એ જીવના પરિણામ છે. એ સર્વજ્ઞની વાણી છે. પણ એ વાણી વ્યવહારની છે અને આ યથાર્થ નિશ્ચયની છે. અધ્યાત્મની દૃષ્ટિએ નિશ્ચયની હોં. આગમની નિશ્ચયની દૃષ્ટિમાં તો એ પરિણામ જીવના જ છે. જીવના જ છે, પરના નહિ. આરે! આટલી બધી અપેક્ષાઓ ભારે! આહા..હા..! ભગવાન સર્વજ્ઞદેવે અર્હંત ભગવાને જે શુભ-અશુભભાવ એ આકુળતાના ભાવ. એ સુખ-દુઃખ આવ્યુંને ભાઈ! એ બધા ભાવોને પુદ્‌ગલમય પરિણામ કહેવામાં આવ્યા છે. એનો અર્થ કે એ પરિણામ અને પરિણામી અભેદ છે. એ પુદ્‌ગલની સાથે એનું જાય છે અભેદપણું. આત્માની સાથે નહિ. આ ભારે વાતું આકરી.

'**તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી...**' ભગવાન ચૈતન્ય સ્વભાવમય આત્મા એપણે પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કે હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસનાના ભાવ ચૈતન્યસ્વભાવમય જીવ થવાને લાયક નથી. આહા..હા..! લ્યો! શું આ તમારા વર્ષીતપ ને ઉપધાનને એમાં રાગની મંદતા હોય તોપણ ચૈતન્યસ્વભાવ જીવમય થવાને લાયક નથી એમ કહે છે. આહા..હા..! '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી,...**' ભગવાને તો એને પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવાથી ચૈતન્યસ્વભાવમય એકલો જાણનાર-દેખનાર જ્ઞાયકસ્વભાવમય એવો આત્મા. એના '**જીવદ્રવ્ય થવા સમર્થ નથી...**' હવે એ

ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી. ત્યારે પર્યાય થવા સમર્થ હશે? આહા..હા..! સમજાણું કાંઈ? આ શરીર, વાણી, મન અને આ બધું દેખાય જેટલું એ તો બધું પુદ્‌ગલની વિભાવિક પર્યાય. ઇન્દ્રિયોથી જે કાંઈ દેખવામાં આવે. અરે! એ શરીર, વાણી .. છે લ્યો. બધી પુદ્‌ગલની વિભાવી અવસ્થા. એનાથી તો જુદો.

જગતને આંખથી દેખવામાં આવે તે પુદ્‌ગલની વિભાવિક પર્યાય. એનું પરમાણુ કે એના ગુણોપણે એને દેખવામાં આવે નહિ. આહા..હા..! એ પણ એને દેખે એમ કહેવું એ વ્યવહાર છે. એની પર્યાયમાં એક સાથે એ પ્રમાણે જ્ઞાને આવું અસ્તિત્વ છે એમ જાણવાપણે પરિણમે છે છતાં કહે છે કે એ ચીજથી અને જ્ઞાનનું જે જાણવું પરિણમવું થવું અસ્તિત્વ છે બધું, એવા જ્ઞાનના ભાવથી પણ એ જુદી ચીજ છે. પરલક્ષી છેને એ? આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ સ્વભાવ માર્ગ અલૌકિક છે. અનંતકાળથી હાથ ન આવ્યો એ માર્ગ તો વિરૂદ્ધ જ હોયને. અશક્ય ન હોય. અશક્ય ન હોય. અને અપૂર્વ હોયને. આહા..હા..! કહે છે એ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાને કારણે એમ પાછું.

'**તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી** કે જે **જીવદ્રવ્ય ચૈતન્યભાવથી...**' જે જીવદ્રવ્ય એટલું બસ. જીવદ્રવ્ય કેવો છે ભગવાન! જે '**ચૈતન્યભાવથી શૂન્ય એવા પુદ્ગલદ્રવ્યથી અતિરિક્ત(ભિન્ન) કહેવામાં આવ્યું છે;...**' આહા..હા..! ભગવાન આત્મા. જીવદ્રવ્ય એને ભગવાને કીધું. કે જે પુણ્ય અને પાપના ભાવ આદિ. એ ચૈતન્યસ્વભાવથી શૂન્ય છે. શરીર, વાણી, મન, કર્મ અને પુણ્ય-પાપના ભાવ અને પુણ્ય-પાપ તે મારા, શુભભાવ મારા એવી એકત્વબુદ્ધિ. એ બધા ચૈતન્યસ્વભાવથી શૂન્ય છે એ ભાવ. સમજાણું કાંઈ? આહા..હા..! ચૈતન્ય પ્રકાશનો પુંજ પ્રભુ એવું જે જીવદ્રવ્ય એમ કીધુંને. ચૈતન્યસ્વભાવથી શૂન્ય એવા. એમ. પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ, દયા, દાન, વ્રતાદિનો ભાવ એ ચૈતન્યસ્વભાવથી ખાલી છે. શું? ભાવ. એ ચૈતન્યસ્વભાવથી ખાલી છે. એવા પુદ્‌ગલદ્રવ્ય છે એ તો. આહા..હા..! એનાથી જીવદ્રવ્યને તો અતિરિક્ત કહેવામાં આવ્યું છે. આહા..હા..! કાને પડવા મુશ્કેલ પડે અને .. અંદર હા પાડવી. આહા..હા..! પંડિતજી! કરો, વ્યવહાર અને પછી નિશ્ચય પમાશે. વ્યવહારની દિશા જ પર ઉપર જાય છે એનાથી સ્વ ઉપર જાય એવું કાર્ય થાય? આહા..હા..!

કહે છે. બે વાત સિદ્ધ કરી કે '**પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા હોવાથી, તેઓ ચૈતન્યસ્વભાવમય જીવદ્રવ્ય થવા સમર્થ નથી** કે જે **જીવદ્રવ્ય...**' હવે. કોણ? ઓલા પરિણામ પુણ્ય-પાપના એ ચૈતન્યસ્વભાવમય જીવ છે એ થવાને લાયક નથી. હવે જીવ કેવો? આહા..હા..! જીવદ્રવ્ય એવો છે, ભગવાને એવો કહ્યો છે. સર્વજ્ઞ પરમેશ્વરે એવો કહ્યો છે. આગમમાં એ જ રીતે કીધું છે. સમજાય છે? અનુભવમાં એ રીતે આવે. ત્રણ

વાત કરશે. આગમ, યુક્તિ અને અનુભવ. કહે છે. આહા..હા..! (જીવને) વિકલ્પથી શૂન્ય કહેવામાં આવ્યો છે અને વિકલ્પથી અભેદ પુદ્ગલના પરિણામ કહેવામાં આવ્યા છે એને તો. જુઓ આ અજીવનો ભેખ. જીવે પહેર્યો એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? એ શૂન્ય ચૈતન્યસ્વભાવથી ખાલી છે એ તો. એવા જે પુદ્ગલદ્રવ્ય. એને પાછું પુદ્ગલ દ્રવ્ય લઈ લીધું આખું. આ જીવદ્રવ્ય, ઓલું પુદ્ગલદ્રવ્ય. પહેલા સાધારણ પરિણામે વાત કરી હતી. પણ પરિણામ તન્મય અભેદ છે પુદ્ગલની સાથે. એથી તે પુદ્ગલદ્રવ્યથી ચૈતન્યસ્વભાવવાળું જીવદ્રવ્ય લીધો છે. અને ચૈતન્ય સ્વભાવ તે એનાથી ખાલી એ ભાવ છે માટે એનાથી ભગવાન અતિરિક્ત નામ ભિન્ન છે. કહો.

**'માટે...'** ઓહો..! એક વાત જાણે .. જુઓ અહીં તો ઓલી શરીરની ક્રિયાથી ભિન્ન. એ શરીરની ક્રિયાથી ધર્મ થાય કે નહિ? આવા પ્રશ્ન પંડિતજી! વાંચ્યા કે નહિ? ખાણિયા ચર્ચા. ખાણિયા ચર્ચા. એમાં છેને. વાંચ્યું? વાંચ્યું છે. એમાં બીજો પ્રશ્ન છે. બીજો પ્રશ્ન. ૧૭ પ્રશ્ન છે. પંડિતો તરફથી સામા પક્ષને.

મુમુક્ષુ :- પંડિતોનું...

ઉત્તર :- .. ફુલચંદજી એમ કહેતા હતા. પંડિતોમાં કેટલું જ્ઞાન છે એ .. પ્રકાશે. એમાં બીજો પ્રશ્ન એ છે. વિકાર કરે છે એ કર્મને લઈને છે કે નહિ? એ છે. બીજો પ્રશ્ન આ છે જીવિત શરીરથી ધર્મ થાય કે નહિ? અરે ભગવાન! શું તું કહે છો આ? અહીં તો રાગના પરિણામ એ પુદ્ગલમય કહ્યા એનાથી જીવ નથી. આહા..હા..! આ તો પંડિતોના પાણીના માપ આવી જાય. જીવિત શરીર એટલે આ જડ. એને તો પુદ્ગલ કહ્યું, પણ પુણ્ય-પાપના ભાવ પણ પુદ્ગલમય પરિણામ છે એ. અભેદ છે એ પુદ્ગલ પછી અહીં છેવટે કીધું કે એ પુદ્ગલ દ્રવ્ય છે. ચૈતન્યસ્વભાવથી ખાલી છે એ તો. ઓહો..હો..! કથન તે કથન! ભગવાન એમ કહે છે એમ કહે છે. ૪૬માં પાછું આવશે. ભગવાને પણ એને વ્યવહારને એના કીધા છેને. પણ વ્યવહારે એટલે એની પર્યાયમાં છે. પર્યાયદૃષ્ટિથી જોવો તો. વસ્તુ દ્રવ્યથી જુઓ તો વસ્તુદૃષ્ટિએ એમાં નથી. આહા..હા..! અરે! આ પૈસા તો નથી આત્મામાં. શેઠ! તમારી મૂડીયું બધી. ૪૦-૪૦ મોટરું, મોટા મકાન ૬-૬ લાખના. એ તો આત્મામાં નથી. એ તો પુદ્ગલમય છે બધા. આહા..હા..!

મુમુક્ષુ :- ચૈતન્યસ્વભાવમાં ખાલી છે.

ઉત્તર :- ખાલી છે એ તો. મોમ્બાસામાં હતાને મકાન ક્યાં હતા? નાઈરોબી? નાઈરોબીના મકાનનું દોઢ લાખ રૂપિયા તો ભાડું આવતું હતું. પછી એમ જાણ્યું કે .. વેંચી નાખ્યું. દોઢ લાખ રૂપિયાનું ભાડું હોં! ભાડું સમજ્યાને? ભાડું એટલું ઉપજતું હતું. ધૂળ એ કહે છે કે ખાલી છે. એ તો ચૈતન્યના સ્વભાવથી ખાલી છે. એ ચૈતન્યના સંબંધમાં ક્યા છે? આહા..હા..!

મુમુક્ષુ :-...

ઉત્તર :- નિશ્ચયનો ઓલો અર્થ કર્યો છેને નિશ્ચયનો? નય. ફુલચંદજીએ નિશ્ચયનો અર્થ ચયથી રહિત. ભગવાન આત્મા ગુણપર્યાયના ભેદથી પણ રહિત માટે નિશ્ચયતત્ત્વ એમ કહે છે. શરીર, વાણીથી તો રહિત, પુણ્ય-પાપના પુદ્‌ગલ પરિણામથી પણ રહિત એમ ભગવાને કહ્યું. પણ એમાં નિશ્ચય. ચય વિનાનો છે એ. ચય ધાતુ છેને. એકઠું છે. ગુણપર્યાય એવા છે ભેદો. એવા જે ચય એનાથી રહિત તે આત્મા નિશ્ચય છે. આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાયથી...

ઉત્તર :- એ પર્યાયથી ભેદથી રહિત છે. ચય છેને? સમુદાય છેને? ગુણપર્યાયનો સમુદાય, ભેદ, સંયોગ, સંબંધ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ બધાથી તે સંબંધવાળો નથી એ, રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને નિશ્ચય કહીએ. ઓલાએ વળી ઉપાદાન અને નિમિત્તની વ્યાખ્યા કરી. રતનચંદજી. એણે આ કરી વ્યાખ્યા. .. આણે આ કરી. આહા..હા..! નિમિત્ત તો જુદું પણ નિમિત્તના લક્ષે વિકલ્પ ઉઠે એ ચય જુદો, પણ ગુણ અને પર્યાયના ભેદ પડે એનાથી ચયથી રહિત છે. આહા..હા..! ગજબ વાત છે. વસ્તુસ્થિતિ આવી છે ત્યાં. અભેદનો આશ્રય લીધા વિના એને સત્યનું પ્રયોજન સિદ્ધ થાય જ નહિ. જેમ આ સુખી થવું છે. એટલે કે સમ્યગ્દર્શન છે એ સુખી થવાનો રસ્તો છે. સમ્યગ્દર્શન એ સુખનો પંથ છે. એ સમ્યગ્દર્શનનો વિષય તો ભેદ પણ નથી. આહા..હા..! સમજાણું? ત્યાં પછી આ. પુણ્ય-પાપના પરિણામ તો પુદ્‌ગલના પરિણામમય હોવાથી જીવદ્રવ્ય થવાને લાયક નથી. અને જીવ દ્રવ્ય પણ ચૈતન્યથી શૂન્ય એવા પુદ્‌ગલથી અતિરિક્ત કહેવામાં આવ્યું છે. આહા..હા..! એ એક જ પંક્તિ સમજેને. એક જ આ.

**'માટે જેઓ આ અધ્યવસાનાદિકને જીવ કહે છે...'** આ કારણે. એ પુણ્યના ભાવને જીવથી લાભ થાય, શુભભાવથી જીવને લાભ થાય એમ જે કહે છે **'તેઓ ખરેખર પરમાર્થવાદી નથી...'** જૂઠાં છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાર્થને સમજનારા, કહેનારા નથી એટલે પરમાર્થને સમજનારા નથી. **'ખરેખર પરમાર્થવાદી નથી...'** આહા..હા..! આવું પરમસ્વરૂપ. જેને હજી દૃષ્ટિ અને શ્રદ્ધામાં, વ્યવહાર શ્રદ્ધામાં પણ જોતાં ન આવડે એને નિશ્ચય સમ્યગ્દર્શન ત્રણકાળમાં થાય નહિ. આહા..હા..! આવી ચીજ છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે આમ કહ્યું. ત્યારે પ્રશ્ન ઉઠશે આગળ ૪૬માં. આ પણ અરિહંતદેવે કહ્યું છે. આહા..હા..! ઓલો વ્યવહાર કહ્યો છે, ભાઈ! આહા..હા..! એ સ્વરૂપમાં નથી અને સ્વરૂપ થવાને લાયક એ રાગ નથી. અને રાગથી રહિત જ એનું સ્વરૂપ છે જીવનું. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું પડે પહોંચી શકે નહિને અંદર. હજી હા પાડવામાં પહોંચી શકે નહિ તો અંદરમાં ક્યાં જાય? એય..! ઓલો કહે કર્મથી વિકાર થાય શુભભાવ, કર્મથી અંદર શુભભાવથી આત્માનો

ધર્મ થાય. આહા..હા..! ગજબ વાત છેને. જડથી ધર્મ થાય આત્મામાં એનો અર્થ થયો. શોભાલાલજી! આહા..હા..! પુદ્‌ગલદ્રવ્યથી અતિરિક્ત ચૈતન્યને કહેવામાં આવ્યો છે એમ કીધું. જીવદ્રવ્યને. ભગવાને એમ કહ્યું છે. આહા..હા..! ત્રિલોકનાથ ભગવાને એમ કહ્યું છે.

**'માટે જેઓ આ અધ્યવસાનાદિકને...'** આઠ બોલ છેને આ? એને જીવ કહે છે એટલે કે એ જીવમાં છે, જીવના છે, જીવને એનાથી લાભ થાય છે **'તેઓ ખરેખર પરમાર્થવાદી નથી કેમ કે આગમ, યુકિત અને સ્વાનુભવથી તેમનો પક્ષ બાધિત છે.'** એય..! પ્રકાશદાસજી! આ શું કીધું? સાહેબની ભક્તિ અને ગરીબને દાન, ભૂખ્યાને આ કબીરનો માર્ગ. આ બધા કબીરના સાધુને માને. કબીર સાહેબે તો આમ કહ્યું છે. વળી એ તો ભાઈ ઉંચો ઉંચો જૈન કહે છે પરમેશ્વર.. એનાથી ઉંચો, પણ અહીં હજી ઠેકાણું તારું નથી અને ઉંચો ક્યાંથી આવ્યો? 'કબીર કહે કમાલ કો દો બાતા સીખ લે.' એમ આવે છેને? 'કર સાહેબકી બંદગી, ભૂખ્યા કો કુછ દે.' લ્યો! આહા..હા..! એય..! વળી એકકોર એમ કહે કે જૈન .પરમેશ્વર આમ છે, ઉંચા છે, એનાથી અમારા પરમેશ્વર ઉંચા છે. એથી આગળ એના સાહેબના સાહેબ છે. એક અપેક્ષાએ તો એ સિદ્ધ છે એનાથી પણ ભિન્ન છે. વાત સાચી. તત્ત્વજીવ એવું છે, પણ એ એને ખબર નથી એટલે. સિદ્ધપદની સ્થિતિથી પણ આત્મા જુદી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અરે! તારે પ્રયોજન સુખનું, સમકિતનું પ્રગટ કરવું હોય એ પ્રયોજન છે જીવનું. બંધનમાં તો રખડે છે. હવે એને બંધનથી મુક્ત થવાનું પ્રયોજન શું? હેતુ શું? એ કારણે પ્રયોજન સિદ્ધ થાય એમ. આહા..હા..! કે આવો ભગવાન રાગથી શૂન્ય અને રાગથી ચૈતન્ય શૂન્ય. રાગથી ચૈતન્ય શૂન્ય અને રાગ ચૈતન્યથી શૂન્ય. આહા..હા..! સુજાનમલજી! આ બધા.. આહા..હા..!

ભોગના સુખની કલ્પના કહે છે કે એ તો પુદ્‌ગલના પરિણામ છે એમ કહે છે. આહા..હા..! એ આત્મા નહિ, ભગવાન! કેમકે એ ભોગના સુખની કલ્પના એ ચૈતન્યસ્વભાવથી શૂન્ય છે અને પુદ્‌ગલ પરિણામમય છે એ. માટે એ પુદ્‌ગલ દ્રવ્ય છે. આહા..હા...!

મુમુક્ષુ :- નય છે માટે.

ઉત્તર :- અભેદ છે માટે. સમજાણું કાંઈ? આવો આત્મા છે એ ક્યાંય સાંભળ્યો પણ નથી. આત્મા કોને કહેવો? આ ત્રસ. હાલે ચાલે એ ત્રસ અને સ્થિર રહે એને સ્થાવર. ત્રસ અને સ્થાવર એની આ વ્યાખ્યા. એય..! ચેતનજી! જીવ વિચાર કરે કે આટલા ભેદ જીવના. આહા..હા..! અહીં તો ગુણપર્યાયનો ભેદ પણ વ્યવહારનો વિષય છે. અભૂતાર્થ છે. આહા..હા..! **'વવહારોऽભૂદત્થો'** કીધુંને? સદ્‌ભૂત વ્યવહારનય પણ વ્યવહાર છે. એ પણ અભૂતાર્થ છે. એ છતી ચીજ નહિ. એકરૂપ જીવદ્રવ્ય ભગવાન જ્ઞાયકભાવ જે રાગથી અને નિમિત્તથી તો જુદું પણ પર્યાયના ભેદથી જુદી ચીજ. એવો જે જ્ઞાયક ચૈતન્યદ્રવ્ય સ્વભાવ,

ભગવાને પુદ્‌ગલમય પરિણામથી જુદો કહ્યો કેમ કે એ પુદ્‌ગલ પરિણામમય ચૈતન્યસ્વભાવથી શૂન્ય છે. કહો, આમાં તો બેને બે ચાર જેવી સીધી વાત છે. પણ માણસને વાદવિવાદ કરે અરેરે! આવો કાળ માંડ આવ્યો. આંખો મીંચાઈ જઈને ચાલ્યો જશે ક્યાંક. ચોર્યાસીના ઘાટમાં. જાળવીને ચાલજો. ... નથી આવતો? .. આવે છેને? શું તમારે? ઘાટ આવે છેને. .. નીચે મોટા ખાડા. ખીણ હોય, આમ ત્રણ ત્રણ મોટા ડુંગરા ઊંચા. મોટી પંદર માઈલ .. આવે છેને. ઘાટ-ઘાટ. બીજે કોઈ સીધી સડક ન હોય ત્યાં. ત્યાં ક્યાં સીધી સડક હોય? ત્યાં તો આડાઅવળા પડ્યા હોય ઓલા આમ... આમ... ધ્યાન રાખવું જોઈએ બહુ. નહિતર સડક.. મોટરના ભુક્કા થઈ જાય. એકફેરી ગયા હતા તો મોટર અથડાણી હતી. પડી હતી. ચાલવાનું માંડ-માંડ. નહિ નીચે? ત્યાં વળી મોટર બોટર જોઈ. ઊંચી મોટર છે ઉંચા માર્ગ છે. માર્ગ કરીને ચાલવું. ... અથડાણી. અરેરે! અંદરથી.. પડી નીચે. આ મોટો ચોર્યાસીની ખાડ છે કહે છે. મોટો ઘાટ. એને ઓળંગવાનો માર્ગ તો જ્ઞાયકસ્વભાવ અભેદ એ જીવદ્રવ્ય એનું અવલંબન લેવું એ ઓળંગવાનો માર્ગ છે. સમજાણું કાંઈ? એવું ઘણે ઠેકાણે ઘાટ આવે છે. આપણે તો આ એક જોયો છે. ઊંડો ઊંડો હોય. સડક આમ ચાલી જાતી હોય.

આ નવનીતભાઈને ઓલા. નવનીતભાઈને એ? એનો દીકરો એમ મરી ગયોને? .. જાતો હતો એક જ હતો મરી ગયો.. ગયો તો ઘડો અને છોકરો બેય પડ્યા નીચે ખીણમાં. ખીણમાં. થઈ રહ્યું. ત્યાં કોણ લેવા જાય? એમ ને એમ છોકરો .. ગયો ત્યાં નીચે. ઊંડી ઊંડી ખાણું. ઝાડના પાર ન મળે. આહા..હા..! ઓલા ચોર્યાસીના અવતાર ઊંડી ખાણ છે. ક્યાં અવતરશે? ક્યાં જાશે? કાંઈ પત્તા નથી. આહા..હા..! એને ઉતરવાનો આરો હોય તો આ એક છે કહે છે. જે પુદ્‌ગલ પરિણામમય રાગાદિ એનાથી ચૈતન્યસ્વભાવ ભિન્ન છે. આહા..હા..! એની અંતર દૃષ્ટિમાં પ્રસાર કરવાથી સમ્યગ્દર્શન થતા ભવના અંતના ભણકાર વાગે છે. ભવ જ નથી ત્યાં વસ્તુમાં કેવા? ભવ અને ભવનો ભાવ જ પુદ્‌ગલમય છે ત્યાં આત્મામાં એ ક્યાં? આહા..હા..! એ તો નિર્વાણપુરી છે. ભગવાન તો નિર્વાણપુરી પોતે. નિર્વાણ. નિર્વાણનગરમાં પેસતા આ એની પર્યાયમાં નિર્વાણતા છે. બાકી કોઈ માર્ગ નથી.

મુમુક્ષુ :- નિર્વાણનગર આપ કોને કહો છો?

ઉત્તર :- આત્માને. એમાં જે નિર્વાણપર્યાય થાય છે એ આખું સ્થાન પોતે નિર્વાણનગર છે. આહા..હા..! કહે છે કે એને અમે જીવદ્રવ્ય કહીએ. બીજી ભાષાએ કહીએ તો દ્રવ્યને મુક્ત કીધો છેને? જીવદ્રવ્ય એ મુક્તસ્વરૂપ છે. પર્યાયમાં મુક્તિ નથી, પણ એ મુક્તસ્વરૂપ જ છે. બીજી ભાષાએ કહીએ તો અબંધને જુઓ તો અબંધ પરિણામ થાય એ અબંધ એટલે મુક્તસ્વરૂપ છે એ. એ બીજી બીજી રીતે વાત કરી છે. ભગવાન મોક્ષસ્વરૂપ જ છે. આહા..હા..! એ આવે છેને આપણે ૩૨૦ ગાથામાં નહિ. ભાઈ! અહીં તો મોક્ષપર્યાય થાય

એની વાત છે. પણ વસ્તુ તો મોક્ષસ્વરૂપ જ છે. એની પર્યાય મોક્ષની થાય એનો એ કર્તા દ્રવ્ય નથી. મુક્તસ્વભાવ મુક્તની પર્યાયનો એ કર્તા નહિ. આહા..હા..! આવી વાત! ક્યાં વિચાર કરે એવું લાગે માણસને. ઓલી તો એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિયા પંચેન્દ્રિયા. આવડે છે કે નહિ ઇચ્છામી પડિક્કમણું? જીવિયા વહોરવિયા મિચ્છામી દુક્કડમ જાવ. તસ્સઉત્તરી કરણેણં તાવકાયં અપ્પાણં વોસરે જાવ. આહા..હા..!

અહીં તો ભગવાન અરિહંત દેવોએ તો એમ કહ્યું છે કે એને જીવ કહે છે રાગને, પુણ્યને એનાથી જીવને લાભ કહે છે એ બધા જીવને આવો માનનારા છે એમ કહે છે. એ પરમાર્થવાદી નથી. આગમ, યુક્તિ અને સ્વાનુભવથી તેમનો પક્ષ વિરોધ પામે છે, બાધિત છે. આહા..હા..! **'તેમાં, 'તેઓ જીવ નથી' એવું આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે...'** કહો, સમજાણું કાંઈ? એ પુણ્ય અને પાપ, દયા અને દાન શુભરાગ આદિ જીવ નથી. એ તો આગમનું વચન છે. કહો, સમજાણું કાંઈ? એ સર્વજ્ઞનું વચન છે માટે આગમ છે. સમજાણું કાંઈ? પરમાગમ. કહો, સમજાણું કાંઈ? માથે કામ આવી પડે તો અહીંયાં કામમાં રોકાવું. મારે મારી નાખ્યો. કામ આવી પડેને બધા બહારના સંચા કર્યા ને ઢીંકણા કર્યા અને ફલાણા કર્યા. એય..! આ તમારા ભાઈની વાત. એમ બીજા બધા લ્યો. માથે કામ આવી પડે તો. આહા..હા..! કહે છે કે સર્વજ્ઞનું વચન એ છે કે તેઓ જીવ નથી એમ કીધું છે. તો આગમમાં, પરમાગમમાં એ શુભભાવને જીવ કહ્યો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- જીવ નથી એમ કહ્યું છે.

ઉત્તર :- જીવ નથી એમ કહ્યું આગમમાં. તો એવું સાંભળ્યું હતું પહેલાં? ઉપધાન કર્યા. કેટલા કર્યા? બે-ત્રણવાર? ઉપધાન-ઉપધાન. ચારવાર. ઉપધાનની મજૂરી કરી ઉઠ-બેઠ કરે ભગવાનના. પગે લાગે. માંડ કંટાળો આવી જાય તો પાપ થઈ જાય. આહા..હા..!

ભગવાન તો કહે છે કે એ વિકલ્પ છે એ આકુળતા છે અને પુદ્‌ગલના પરિણામ હોવાથી એ પુદ્‌ગલ છે અને જીવ એ થવાને લાયક નથી કેમકે જીવના સ્વભાવથી એ શૂન્ય છે. આ જીવનો સ્વભાવ છે તો જ્ઞાયકભાવ ત્રિકાળ ધ્રુવ છે. આહા..હા..! **'આ સર્વજ્ઞનું વચન છે તે તો આગમ છે...'** લ્યો આ નિશ્ચયનું આ આગમ. નિશ્ચય વચન તેને અહીંયાં પરમાર્થ આગમ કહીએ. વ્યવહારના વચનોને જાણવાના કહ્યા છે-છે એમ જાણવું. જાણવાનું. સમજાણું કાંઈ? **'અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુકિત છે :-'** યુક્તિ અને અનુભવ બે ભેગા નાખે છે હવે. આગમ કહ્યું. વીતરાગના સર્વજ્ઞના મુખમાંથી વાણી નીકળી એને એમ કહ્યું કે એ રાગ અને પુણ્ય દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ જીવ નથી. તું હોંશ કરીને એમાં રહેતો હોય તો એ જડમાં રહે છે એમ કહે છે. આહા..હા..! ભારે! સમ્મેદશિખરના એક પગલાના દર્શન થાય તો સમ્યગ્દર્શન લાભ થઈ જાય. કહે છે કે એના

દર્શનમાં તો રાગ શુભભાવ છે. આહા..હા..! બહુ ઉત્સાહથી અને હોંશથી ગાતો આવા ભગવાન, આ ભગવાન એ બધો રાગ તો પુદ્‌ગલ છે કહે છે. આહા..હા..! એવું સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. આગમમાં આમ કહ્યું છે એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે એ જણાવ્યું છે, પણ એ છે આ એમ નહિ. એ જીવ નથી પછી બહાર તો આખી દુનિયા પડી છે અને રાગ એ બધી આ દુનિયામાં જાય છે. વ્યવહારરત્નત્રય જગતમાં વિશ્વ. વિશ્વ એટલે અનેક સ્વભાવ એમાં એ જાય છે. ભગવાન એક સ્વભાવી વસ્તુ છે. સમજાણું કાંઈ? આમાં પરદેશના માણસો બિચારા અરે! રળવા જાયને અમેરિકા, ઓસ્ટ્રેલિયા એ રખડી મરે બિચારા. ૧૦-૧૦ હજારના પગાર અને ૧૫ હજારના પગાર. હવે ત્યાં તો ઢેઢને પણ પંદર હજારનો પગાર હોય સાંભળને હવે. ત્યાં જાય તો આહા..હા..! ક્યાંય ચડ્યા અને જાણે ક્યાંય વધી ગયા છોકરા મારા. એય..! કેટલાય પૈસા આપ્યા હતા ત્યાં એના દીકરા માટે. સુમનભાઈએ. એ બધા પૈસા ઉપરાંત ખાવું-પીવું કાઢીને પચાસ હજાર લઈને આવ્યો લ્યો હવે. અમેરિકાથી. ૫૦-૬૦ હજાર તો ભણાવવામાં રોકડા આપ્યા હતા. એ સિવાયનો ખર્ચ કાઢ્યો ત્યાં. પાંચ-પાંચ હજાર આહા..હા..! એક એક મહિનાનો હોં ત્યાં ખર્ચ. બધો કાઢ્યો અને વળી પચાસ હજારનો નવો માલ લઈને અહીં ... ઓહો..હો..! શું કરીને આવ્યા જાણે! ધૂળેય નથી કર્યું સાંભળને. ઝેર પીધા છે એકલા. આહા..હા..! એય..! જડને ચૈતન્ય માન્યો છે. તો એ બિચારો વઢતો હોય .. અરે! અમે આવી પડ્યા છીએ. આમાં ક્યાંય નથી ધર્મ હોં! આહા..હા..!

અરે! અમૃતનો સાગર તેને કાંઠે જાવું ગોઠે નહિ અને આવા વિકારના ઝેરના ભરેલા દરિયા એના સમીપમાં ઘૂંટડા પીવા એના અને એને માનવો હુશિયાર છે. ભગવાનજીભાઈ! કહ્યુંને એકમાં ઉતર્યા મકાનનું વાસ્તુ લીધું હતું. તે દિ' અમે ત્યાં હતા અને એના મકાનમાં ઉતર્યા અમે. અમેરિકાથી ભણીને જો આવે પચાસ હજારની કન્યા બે દેવી છે. એક જણ આવ્યો.. માગણું આવ્યું છે અમદાવાદનું હરિભાઈ. ખબર છે. ત્યાં ઓલામાં ઉતર્યા હતાને અમે નવા મકાન કર્યા ત્યાં. તે દિ' વાત આવી હતી. કન્યાને પરણાવી છે પણ જો અમેરિકાથી કોઈ ઉતર્યો હોય પચાસ હજાર... ત્યાં હતી. ..ભાઈને.. ત્યાં રહે છેને. એ આવ્યા તા. બેય આવ્યા હતા. આપણે આંકડિયા હતાને બેય આવ્યા હતા. અરેરે! પણ આમાં શું સ્થિતિ છે ભાઈ! શું તમે કમાણા આમાં? શું તમે એમાં રળ્યા? કર્મની પૂંજી ગુમાવી છે. આહા..હા..! ત્યાં પાછા હરખજમણ કરે. ચાર-પાંચ વર્ષે અમેરિકાથી આવ્યા છે. બનાવો લાપસી. ઢોકળા, ભજીયા, કેરીનો વખત હોય તો કેરીનો રસ. રસ અને ઘીની પુરી. કેરી હોયને રસ? ઉંચી કેરીનો રસ અને પુરી ઘીની. બસ આમ ખાય પીવેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય નથી. ઝેર છે. એમાં આત્મા તો આવ્યો નહિ ક્યાંય. આહા..હા..! સુજાનમલજી! ભગવાન એમ કહે છે જુઓ! આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકરદેવ સો ઇન્દ્રના પૂજ્ય પ્રભુ. એની વાણી કે એ રાગ એ જીવ નહિ હોં નાથ. તારે રક્ષા કરવા જેવી એ ચીજ નહિ, રાખવા જેવી નહિ, તારામાં નથી માટે રાખવા જેવી નહિ. આહા..હા..! જાણવા જેવી તો હોય એ તો કીધુંને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન. એ તો જાણવા જેવું તો આખી દુનિયા હોય, એમાં શું? ભેગી એ પણ ચીજ હોય.

**'અને આ (નીચે પ્રમાણે) સ્વાનુભવગર્ભિત યુકિત છે :-'** સર્વજ્ઞનું વચન ગ્રહ્યું આગમ. હવે યુક્તિ. **'સ્વયમેવ ઉત્પન્ન થયેલા એવા રાગ-દ્વેષ વડે મલિન...'** કહે છે કે રાગ-દ્વેષ તો એની મેળાએ ઉત્પન્ન થયેલા છે આ દ્રવ્યસ્વભાવમાં છે નહિ. આહા..હા..! આ અધ્યવસાનની વાત પહેલી છે હોં! રાગ-દ્વેષ સ્વયમેવ ઉત્પન્ન, સ્વયમેવ ઉત્પન્ન થયેલા છે. પોતાની મેળાએ સ્વયં નિશ્ચયથી ઉત્પન્ન થયેલા એવા **'રાગ-દ્વેષ વડે મલિન અધ્યવસાન છે તે જીવ નથી...'** આહા..! **'કારણ કે, કાલિમા (કાળપ)થી જુદા સુવર્ણની જેમ,...'** ઓલું એમ કહ્યું હતું કે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના પરિણામ, કોલસાથી કાળપ જુદી ન હોય એમ ભગવાન આત્માથી પુણ્ય-પાપના પરિણામ જુદા ન હોય. એમ અજ્ઞાનીએ એમ સિદ્ધ કર્યું છે. કોલસા-કોલસા. આહા..હા..! આવી ધર્મકથા કેવી ભાઈ આ તો. ક્યાંય ઊંડે-ઊંડે લઈ જાવું છે. આહા..હા..! કહો, વજુભાઈ! હતું ત્યાં? નથી. ઘાટકોપર ઉપર નહિ. મુંબઈ છેને.

કહે છે કે એ પુણ્ય-પાપના ભાવ કોલસાથી કાલપ જુદી નથી એમ એ પુણ્ય-પાપના ભાવ જીવથી જુદા નથી એમ અજ્ઞાની મૂઢ કહે છે. તેની સામે દલીલ આપી કે ભાઈ સર્વજ્ઞદેવો તો એને જીવ કહેતા નથી. જીવ નથી એમ કીધું અને અનુભવમાં પણ **'કાલિમા (કાળપ)થી જુદા સુવર્ણની જેમ, એવા અધ્યવસાનથી જુદો... '** દેખો! આહા..હા..! **'અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ...'** અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ. એ પુણ્ય અને પાપના એકત્વબુદ્ધિ અધ્યવસાય મેલો એનાથી **'અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ...'** પાછી વ્યાખ્યા કરી કે જીવ કેવો? કે ચિત્સ્વભાવરૂપ. જીવ તો ચિત્સ્વભાવરૂપ છે. પોતે દ્રવ્ય છે, આ ભાવ છે એમ. ઓલો સ્વભાવવાન છે આ સ્વભાવ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! ગજબ વાત છેને. ભાઈ! તું તો ભગવાન છોને. આહા..હા..! ભગવાન કહેતા આકરું પડે છે એને.

કહે છે કે પ્રભુ તું તો **'ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...'** ભાષા દેખો! જેમ કાળપ તે સુવર્ણથી જુદી છે. લ્યો એ યુક્તિ આપી. અનુભવમાં આવ્યું **'અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...'**

આહા..હા..! સમ્યગ્દૃષ્ટિઓ વડે સ્વયં-સ્વયં. રાગ એમાં નથી એવો આત્મા સ્વયં અનુભવમાં આવે છે. તેને રાગની અપેક્ષા નથી એમાં, રાગની અપેક્ષા હોય તો અનુભવમાં આવે એ વાત છે નહિ. આહા..હા..! આવો વ્યવહાર હોય પહેલો ભાઈ! રાગની મંદતા દયા, દાન, વ્રત, ભક્તિ એમ પરિણામ કરતાં-કરતાં નિર્મળ પરિણામ થઈ જાય તો તત્ત્વાર્થશ્રદ્ધાન સમકિત થાય લ્યો. એમ એક જણો કહેતો હતો. પોતે માંડ માંડ મુનિપણું લઈ લીધું અને એમાં નીકળ્યા સોનગઢની સાથે વાત. માર્યો હડસેલો કે આ નહિ તારા પરિણામ .. વાત. પછી બચાવ કરવો પડ્યો હવે શું કરવું છે પણ તારે? એવા શાસ્ત્રજ્ઞાન અને આ વ્રતાદિ પરિણામ એ ચારિત્રના પરિણામ. એ કરતાં-કરતાં તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થશે. અરે પ્રભુ! શું કરે છે તું? અનંતા અરિહંતોથી તારી વાત તો બીજી પડી. અનંતા સર્વજ્ઞો એને તો એ રાગની ક્રિયા અને એ શાસ્ત્રના જ્ઞાન અને એ બધાને ચૈતન્ય પરિણામ કહ્યા નથી. કે જેથી એને ચૈતન્ય પરિણામ એવું સમકિત પ્રાપ્ત થાય. સમજાણું કાંઈ? લાલજીભાઈ! બહુ ઝીણું પડે એટલે પછી માણસોએ ત્યાંથી કાઢી નાખ્યું. દિલીપ તો કહેતો હતો બિચારો હોં. આહા..હા..! આ તે વાતું બહુ ગજબ છે કહે. છોકરો. વાતું .. ઝીણું આવ્યું હતુંને? ૩૮મી ગાથા નહિ? અને સવારમાં ઓલી ૫૦મી આવી હતી. સાતમને દિ'. શનિવાર અને રવિવારે તો આપણે... આહા..હા..!

કહે છે કે '**ભેદજ્ઞાનીઓ વડે...**' દાખલો અનુભવનો આપ્યો એ યુક્તિ. સોનું જેમ કાળપથી જુદું છે એ યુક્તિ અને અનુભવ. અનુભવીને અંદરમાં રાગથી જુદો આત્મા જાણવામાં આવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાને કહ્યું કે એ જીવ નથી. કહો, સમજાણું કાંઈ? એ તો ભગવાને કહ્યું. એક વાત. એથી આગમમાં એમ કહ્યું. યુક્તિ કે જેમ સોનામાં જેમ મેલ નથી, કાળપ નથી એમ ભગવાન સોના સમાન ચૈતન્ય પ્રભુ એમાં એ શુભ-અશુભભાવ મેલપ કાળપ એ કોલસાની કાળપનો ત્યાં દાખલો આપ્યો તો એ તો અભેદથી આપ્યો હતો, અમે તો ભેદથી કહીએ છીએ કે સોનામાં કાળપ છે જ નહિ. એમ ભગવાન આત્મામાં સોનાના દાખલે પુણ્ય અને પાપના વિકલ્પો ભગવાને તો કહ્યા અને યુક્તિથી પણ સાબિત થાય છે. અનુભવથી અનુભવિઓને અંદર ભેદજ્ઞાન દ્વારા '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' આહા..હા..! સમયસાર તે સમયસાર છેને. રાગથી ભિન્ન પડેલું તત્ત્વ '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' જેને કોઈ પરની અપેક્ષા નથી. એવું અનુભવમાં ભેદજ્ઞાનમાં આવે છે. આહા..હા..! '**સ્વયં ઉપલભ્યમાન...**' ભગવાન આત્મા સ્વયં રાગથી ભિન્ન પ્રાપ્ત થાય છે. કહો, વ્યવહારથી પણ એ વસ્તુ ભેદજ્ઞાનીઓને સ્વયં પ્રાપ્ત થાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**તેઓ પ્રત્યક્ષ ચેતન્યભાવને જુદો અનુભવે છે.**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ ભેદજ્ઞાની

જીવ એ વ્યવહારના વિકલ્પના ભાવથી પ્રત્યક્ષ જુદો અનુભવે છે. એના મતિ અને શ્રુતજ્ઞાનના પ્રત્યક્ષમાં એ જુદો દેખાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે એમાં એ પ્રકાશ નામનો ગુણ છે, એવો ગુણનો ધરનાર આત્મા રાગનો ધરનાર નથી એમ જ્યાં અંતરમાં અભેદ દૃષ્ટિ થતાં ભેદજ્ઞાનીઓને સ્વયં રાગથી ભિન્ન પ્રાપ્ત થાય છે. વસ્તુ આવી છે એમ પ્રાપ્ત થાય છે. આમ છે એના અંદરના ભાનમાં આવે છે. અમુકને નથી આવતું એમ નહિ એમ કહે છે. આહા..હા..! ઓલા કહે ના ચોથે જાણવામાં ન આવે. એ તો આઠમે જાય ત્યારે. આહા..હા..! બહુ થયું બહુ થયું ભાઈ તને નુકસાન છે. આવું જૈનશાસન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જૈનશાસન તો અબદ્ધસ્પૃષ્ટને જૈનશાસન કહે છે. રાગ થાય બંધવાળો એ નહિ, ભેદવાળો નહિ. આહા..હા..! એને અંતરના ભેદજ્ઞાનથી જાણવો એને જૈનશાસન કહે છે. સમજાણું કાંઈ? વચ્ચે વ્યવહાર આદિ હોય અને કર્મનો સંબંધ પણ વ્યવહાર એટલે હોય એ જાણવાલાયક છે, જાણવાલાયક છે. જાણેલો પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? એ આત્માના છે એમ જાણેલો પ્રયોજનવાન નહિ. આહા..હા..! સમકિત સાવન આવ્યો કહે છેને. .. નથી બોલતા? આ શ્રાવણ સુદ એકમ છે આ. એવું આવે છે કાંઈક નહિ? સમકિત શ્રાવણ આવ્યો. એવું આવે છે. સમકિત સાવન આવ્યો. બહુ બોલે સભામાં.

મુમુક્ષુ :- આપ બોલો એક કડી તો...

ઉત્તર :- બોલોને તાણીને બોલોને. બોલે એમાં શું છે? આહા..હા..! સમકિત શ્રાવણ આવ્યો. આ વરસાદ વરસેને, મેઘ વરસે, અનાજ પાકે, અંકુરા થાય. મનુષ્યપણું, પશુ ક્રિડા કરે, કિલ્લોલ કરે એમ ભગવાન આત્મા ભેદજ્ઞાની વડે આત્મા ભિન્ન છે એ શ્રાવણ મહિનો આવ્યો એને સમકિત આવ્યું કહે છે. શેઠ! કહો, સમજાણું કાંઈ? મેઘવરસેને એવું બહુ આવે છે એમાં.

મુમુક્ષુ :- આ કડી શ્રાવણના મહિનામાં...

ઉત્તર :- શ્રાવણ મહિનો તો ઓલા નવરા હોય ધંધેથી એટલે. આહા..હા..! હજી તો આગળથી સમાચાર આવશે કેમ તમારા કેમ... .. બહુ માણસો આવે છે પાંચસો-પાંચસો. આ ચાર મહિના ફર્યા છેને ખૂબ. શ્રાવણ મહિનામાં નવરા હોય, વેપાર-ધંધા મંદ હોય તો આ ધંધે આવે. સાંભળવા તો આવે. આહા..હા..! ઓલા કહે કે ભાષણ કરે. મેં કીધું આમાં મહેનત ક્યાં છે કાંઈ? આ તો વાતું કરવાની વાતું છે. ..ભાઈ! આવું વ્યાખ્યાન હોય? ઝપટ મારતા હોય. આમ છે ને આમ છે. દાખલા બહારના આપે. લોકો રાજી થાય અને દાંત કાઢે. બાપુ! એ હરખના રસ્તા તો પરથી ભેદ પાડવો એ ભેદજ્ઞાનના હરખના રસ્તા છે. સમજાય છે કાંઈ?

**'અધ્યવસાનથી જુદો અન્ય ચિત્સ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...'** અધ્યવસાનથી જુદો અન્ય **'સ્વયં ઉપલભ્યમાન...'** આત્મા થાય છે. **'તેઓ પ્રત્યક્ષ ચેતન્યભાવને જુદો અનુભવે છે.'** ત્રણ વાત કરી. એક તો સર્વજ્ઞ ભગવાનની વાણી છે કે જીવ નથી, અધ્યવસાન રાગ પુણ્યાદિ. એમ ભગવાને એમ કહ્યું છે. ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! રાણાને કહ્યું ને કે હું તો ગોપી હતી હે રાણા! ત્યાંથી ચ્યુત થઈને હું આવી ગઈ અહીં મારા બાપના ઘરે અને તને મને પરણાવી. હું તો બીજી ચીજ છું હોં. મારો ગિરધર. એની સાથે મેં તો લગન કર્યા છે. ગિરધર પરમાત્મા પોતે આત્મા એમ. ઈશ્વર. એમ અહીંયાં કહે છે કે ભેદજ્ઞાનીઓએ લગન આત્મા સાથે કર્યા છે. સમજાણું કાંઈ? લ્યો અહીં તો ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે આ. કે આ છઠ્ઠાની, સાતમાની હશે આ બધી? આઠમાની? ઓલો અધ્યવસાય એક માને એને તો સમજાવે છે અહીં. અપ્રતિબુદ્ધને સમજાવે છે. આહા..હા..! અરેરે!

મુમુક્ષુ :- છઠ્ઠા-સાતમે ઉત્પન્ન થાય એ ચીજ શું છે એ તો સમજ્યો નથી.

ઉત્તર :- આહા..હા..! શ્વેતાંબરમાં એક એવું આવે છે. .. કેમ સ્થાપું? કે એને બીજામાં ઘણામાં આવી વાતુંમાં રોકાવું પડે છે એટલે નવરા થઈને અંદરમાં.. સાચી-ખોટી વાતુને કહેવી પડે એને કે આ સાચી છે અને આ ખોટી છે ને આ છે ને તે છે. એને યુક્તિ કાઢીને, તર્ક કાઢીને સમજાવું. એમ આવે છે. એ તો એવું કાંઈ નથી. એવું તો ક્યાં ... લ્યો! કાંઈ નથી. પૂર્વનું થઈ ગયું છે એ જાતનું. એમ કે ત્રણેનો સ્વભાવ વ્યવહારનયે.. જાતિસ્મરણ પૂર્વના ભવનું જ્ઞાન મુસલમાનને આવે છે. જાત એ આત્માની જાત. એનું યાદ કરવું, અનુભવવું અને પછી એનું સ્મરણ કરવું. આહા..હા..!

મુમુક્ષુ :- સ્વ જાતિ.

ઉત્તર :- એ સ્વજાત ચૈતન્યની. કહે છે કે રાગથી, પુણ્યથી અને વ્યવહારના વિકલ્પથી પુદ્‌ગલમય પરિણામથી ભેદજ્ઞાની જુદી જાણે છે. પ્રત્યક્ષ ચૈતન્યભાવને જુદો અનુભવે છે એમ કહે છે. એક બોલની વ્યાખ્યા થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ-૨, શુક્રવાર, તા. ૧૧-૦૮-૧૯૭૨**
**ગાથા-૪૪, પ્રવચન-૧૨૯**

૪૪મી ગાથા. આઠ બોલ એક આવ્યો. બીજો બોલ. ઓલો કહે છે કે જે આ ક્રિયાનું તારું જે કર્મ છેને એ જીવ છે. આ બધી ક્રિયાઓ થાયને અંદર રાગની, દ્વેષની ગતિની એ ક્રિયાનું કારણ તો કર્મ છે અને એ ક્રિયાનું કારણ તારું એ જીવ છે. જુદો વળી જ્ઞાયકભાવ અને ચૈતન્ય ને આવી વાતું બધી એ અમને બેસતું નથી. કહો, સમજાણું કાંઈ? '**૧. અનાદિ જેનો પૂર્વ અવયવ છે...**' કર્મની ક્રિયાનો '**અને અનંત જેનો ભવિષ્યનો અવયવ છે...**' અનંતકાળ એમ ને એમ રાગની ક્રિયાઓની કર્મની ક્રિયા થયા જ કરશે. '**એવી જે એક સંસરણરૂપ ક્રિયા...**' એમ. '**તે-રૂપે ક્રીડા કરતું કર્મ છે...**' એ રૂપે પરિણમતો. '**તે પણ જીવ નથી...**' એ જીવ નહિ. ગતિ આદિની અને રાગાદિની ક્રિયા એ જીવ નથી. '**કારણ કે કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ...**' કર્મથી જુદો એવો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ. પાછી વ્યાખ્યા આપી કે જીવ કેવો? કે ચૈતન્યસ્વભાવરૂપ છે એ તો. જાણક સ્વભાવ... જાણકસ્વભાવ. એમાં દર્શન અને જ્ઞાન બેય આવી ગયું. એવો '**ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' લ્યો અહીં તો નીચલી દશામાં એમ કહે છે. કેવળજ્ઞાનીની વાત નથી આ.

'**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' રાગ અને ગતિની ક્રિયાનું કારણ કર્મ એનાથી ભિન્ન ભગવાન છે. સમજાણું કાંઈ? વર્તમાનમાં એનાથી ભિન્ન પડીને ચૈતન્યની પ્રાપ્તિ કરે છે એવા ભેદજ્ઞાનીને પ્રત્યક્ષ ચૈતન્ય સ્વભાવ જીવ અનુભવમાં આવે છે. લ્યો આ વસ્તુ. એમાં પૈસા અને શરીર ને બરીર કાંઈ નથી એમ કહે છે. આ તો એની અસ્તિત્વમાં ગતિ અને રાગાદિની ક્રિયા એનું કારણ એ કર્મ. એ વસ્તુમાં નથી. ચૈતન્યસ્વભાવ અંતર જોતાં રાગ અને ગતિ આદિના ભાવથી ભિન્ન પાડતા ચૈતન્ય સ્વભાવરૂપ આત્મા જ્ઞાનીઓ વડે, ભેદજ્ઞાનીઓ વડે. હજી નીચલી દરજ્જાની વાત છે અહીં. તે પ્રત્યક્ષ. છે? આહા..હા..! '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' આહા..હા..! ભારે! ત્યારે એણે આત્માને માન્યો કહેવાય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગથી અને દેહની ગતિની ક્રિયા આદિથી આવ્યું હતુંને ગુણસ્થાન આદિ ભેદ. એ બધા ભેદથી ભિન્ન. અંતર્મુખ થઈને તેનું લક્ષ છોડીને ત્રિકાળ જ્ઞાયકમાં દૃષ્ટિ આપતા પણ

ભેદજ્ઞાનને પ્રધાન કરીને. અંતરમાં જોતા એ ચૈતન્યસ્વભાવરૂપ આત્મા જ અનુભવમાં આવે છે. એ પ્રત્યક્ષ અનુભવમાં આવે છે. એને કાંઈ રાગની કે મનની કે અપેક્ષા રાખીને જણાય છે એમ નથી. કારણ કે એ તો ચૈતન્યસ્વભાવરૂપ આત્મા છે. એ રાગ અને ગતિના ભાવરૂપ આત્મા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત ભાઈ આવી! આવો આત્મા પહેલો તો સમજવો બેસે નહિ એમ કહે. પહેલો સાંભળવા મળે નહિ અને કહે તો બેસે નહિ શું કહે છે આ? આહા..હા..!

મહાપ્રભુ ચૈતન્યસ્વભાવથી ભરેલો, ચૈતન્યસ્વભાવરૂપ જીવ છે વળી. ભરેલો બે ભાગ ક્યાં એ? સમજાણું કાંઈ? એવો '**ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' સ્વયં પોતાના સ્વભાવથી પ્રાપ્ત થાય છે. એને પરની અપેક્ષા નથી. આહા..હા..! આવો અંદર ભગવાન આત્મા એને અહીંયાં આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે. બીજો બોલ થયો એ.

ત્રીજો. '**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,** દુરંત...' રાગનો અંત લાવવો એ મુશ્કેલ છે. એવા '**દુરંત રાગરસથી ભરેલાં અધ્યવસાનોની સંતતિ...**' શુભ અને અશુભ... શુભ અને અશુભભાવ, મંદ અને તીવ્ર ભાવની સંતતિ પરંપરા એ '**પણ જીવ નથી...**' ત્યારે '**તીવ્ર-મંદ અનુભવથી ભેદરૂપ થતાં,...**' એટલી વાત એક. અને '**દુરંત રાગરસથી ભરેલાં...**' એ રાગની મંદતા અને તીવ્રતાનો અંત ન આવે એવી એ ચીજ છે. એને ઓલો કહે કે આ આત્મા છે. કારણ કે રાગ કરે મંદ કરે, તીવ્ર કરે, મંદ કરે, તીવ્ર કરે. અહીં કહે એનાથી ભિન્ન. લ્યો! '**અધ્યવસાનોની સંતતિ પણ જીવ નથી કારણ કે તે સંતતિથી અન્ય જુદો ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે...**' લ્યો! ગુરુ વડે જણાય છે કે તીર્થંકરની વાણી વડે જણાય છે એમ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એના નિમિત્તે

ઉત્તર :- પણ એનો અર્થ શું થયો? એના ઉપર લક્ષ છે ત્યાં સુધી તો પરલક્ષ છે. એનાથી ભિન્ન પાડીને અંતરમાં અનુભવમાં ભેદજ્ઞાનીને પરની અપેક્ષા વિના અનુભવમાં આવે છે. આહા..હા..! ઘણું સમાડ્યું છે. થોડા થોડા શબ્દોમાં. પ્રત્યક્ષ અનુભવમાં, એનું વેદન પ્રત્યક્ષ છે. એમ નહિ કે આ આ. એ પોતાની પ્રસિદ્ધિથી પ્રસિદ્ધ થાય છે એમ કહે છે. એને પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..! લ્યો! જુદો ચૈતન્યસ્વભાવ '**તેઓ તેને પ્રત્યક્ષ અનુભવે છે.**'

'**નવી પુરાણી અવસ્થાદિકના ભેદથી પ્રવર્તતું...**' હવે શરીર આવ્યું. શરીર જીર્ણ થાય, વૃદ્ધ થાય લ્યો! એ બધી શરીરની ક્રિયાવાળો જીવ. એમ માનનારને કહે છે કે ભાઈ એમ નથી. ચૈતન્યની મહાસત્તા એવી શરીરની અવસ્થાથી ભેદથી પ્રવર્તતું '**જે નોકર્મ તે પણ જીવ નથી...**' આહા..હા..! લ્યો આ તો શરીરથી ભિન્ન છે એમ કહે છે. શરીરની

ક્રિયાથી ધર્મ થાય કે નહિ? આહા..હા..! અરે અહીં છે ભિન્ન. .. વાત ક્યાં છે? એય..! રાજમલજી! ભાઈ આ તો નિશ્ચયની વાત છે, પણ વ્યવહારે? પ્રવચનસારમાં આવે છેને. ધ્યાન રાખતા જરી. જીવને અજ્ઞાનમાં શરીર એકમેક થઈ જાય તો આલોચના કરવી એની. પ્રવચનસાર ભાઈ! પ્રયત્નથી ચાલતા છતાં પ્રમાદ ન હોવા છતાં. પ્રમાદમાં આવતો નથી, પણ પ્રમાદ એટલે આ ગ્રહણ કરવાનું. આમ તો શુભરાગ છે. શુભરાગ છે. પણ પ્રમાદ એટલે કે તીવ્ર રાગની આસક્તિ વિના હું એમ. જીવ હણાય જાય કોઈ તો એને શરીર નિમિત્ત થયુંને એટલું? નિમિત્તપણું થયુંને એટલો સંબંધ થઈ ગયોને? એટલી અપેક્ષાએ એને આલોચના કરવી. કે આ છે એમ જાણવું બસ એટલું. એવો પાઠ છે. ધન્નાલાલજી! પ્રવચનસાર. આહા..હા..!

અહીં તો કહે છે કે એનાથી લક્ષ છોડતાં એ ચાલતા વખતે એ કાંઈ પ્રાપ્ત ન થાય. ચાલવાની ક્રિયા વખતે પ્રાપ્ત ન થાય. એ તો અંતરમાં કીધુંને એલચીકુમાર દોરડે નાચતા કેવળજ્ઞાન થયું. શ્વેતાંબરમાં આવે છેને.

મુમુક્ષુ :- પહેલા શુક્લધ્યાન થઈ શકે

ઉત્તર :- એ શુક્લધ્યાન પણ જાણવું અંદરમાં આવી ગયું એટલું. દોરડા ઉપર હતો. પગ દોરડા ઉપર હોય અદ્ધરને એવી રીતે ધ્યાન કેવી રીતે થતા હશે? એ શ્વેતાંબરમાં આવે છે. આપણે ઓલામાં આવે છે એ વિરોધ કરવામાં. કે આવા આવા કીધા એ બધું ખોટું છે. એલચીકુમાર જ્ઞાતૃત્વ.. મોટો કરોડપતિનો છોકરો નટડીને પરણવા માટે એના બાપે કહ્યું હતું કે તું નાચ એવું કર કે રાજને ખુશી કર તો તને કન્યા પરણાવું. આહા..હા..! એવો નાચ્યો દોરડા ઉપર. દોરડા ઉપર પહેલા નાચતા હોં! અમારે ઉમરાળામાં આવેલા. વાંસ મોટા બબ્બે વાંસ બાંધે અને ઉપર ચાલે એ વાંસે ચાલે. હાથ જાલીને. એ ત્યાં અમારે ઊંચો છેને ડેલો દરવાજો. ત્યાં બેસે માથે, પછી વાંસ બાંધે. ત્યાંથી નાચતા લ્યો બજારમાં ચોકમાં હોય. જોયું હતું અમે. એ વાંસ ઉપર કાંઈ બાંધેલું ન હોય, પણ એ અંગુઠો એવો ભરાવે આમ. પણ ઓલો વાંસ બાંધ્યો હોય એટલે. વાંસ ઉપર ચાલે. એને બદલે દોરડા બાંધ્યા હોય તો દોરડા ઉપર ચાલે. એ જોયું છે એ વખતે. નાની ઉંમરમાં બહુ આવતું હતું. દોરડા ઉપર નાચતા. આમ જાણે એકલું દોરડું બાંધ્યું હોય અહીંથી ત્યાં ચાલે. અરે! ઉંધે માથે ચાલે મારા દોરડામાં. કાંઈક વાગી થાળી. થાળીને હલાવતા જાય. આહા..હા..! આવી મહેનતું અજ્ઞાનમાં. પણ એને આ આત્મા નિરાલંબી એને જાણવાનો પ્રયત્ન કર્યો નહિ. જે જાણવાનું છે એને જાણ્યું નહિ. જાણનારને જાણ્યો નહિ, બાકી બધી વાતું. આહા..હા..! જોનારને જોયો નહિ. આહા..હા..! એની કિંમત ન કરી. મહાપ્રભુ જ્ઞાનથી બિરાજમાન આનંદથી શોભિત. રાગ અને ક્રિયાથી ભિન્ન, મંદ અને તીવ્રથી ભિન્ન એવો ધર્મી જીવને, ભેદજ્ઞાનીને ભેદજ્ઞાન વડે સ્વયં પોતાથી પ્રાપ્ત થાય છે. સ્વભાવથી જે પ્રત્યક્ષતા થાય છે. એ આવ્યુંને? એ આવી

ગયું અહીં જુઓને. અલિંગગ્રહણમાં છઠ્ઠો બોલ છેને. આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આ એ બોલ છે. છઠ્ઠો બોલ છે. આત્મા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ આ કાઢે છે. એના જ્ઞાનસ્વભાવથી અને એ પ્રત્યક્ષ. એવો જેનો સ્વભાવ છે. એવું જ એનું સ્વરૂપ. આવો જ્યાં પ્રતીતમાં આવે એટલે ત્યાં પ્રત્યક્ષ થયા વિના રહે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ તો બધી નિશ્ચયની વાતું કરી. પણ એનો કોઈ ઉપાય હશે કે નહિ? સાધન-બાધન વ્યવહારના કોઈ? સુજાનમલજી! સાધન એનું નિશ્ચય એ સાધન છે. ત્યારે પછી પૂર્વનો રાગાદિ મંદ હોય એને વ્યવહાર સાધનનો આરોપ અપાય. આરોપ ત્યારે પણ હોં! આહા..હા..! શરીરની અવસ્થાથી પણ જુદો એને પ્રત્યક્ષ અનુભવે છે. ચાર બોલ થયા એ.

**'સમસ્ત જગતને પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે તે પણ જીવ નથી કારણ કે શુભાશુભ ભાવથી અન્ય જુદો...'** એ કર્મનો વિપાક છે શુભાશુભભાવ. અને એ જ આત્મા છે એમ માને છેને? આહા..હા..! પણ એ તો કર્મના નિમિત્તે, અવલંબે, લક્ષે થયેલો ભાવ એ બધો શુભાશુભ પુદ્‌ગલ અને વિપાકનું ફળ છે. ચૈતન્યનો વિપાક થાય અને શુભાશુભ થાય એમ હોઈ શકે નહિ. આહા..હા..! પહેલું તો હજી વ્યવહાર શ્રદ્ધાના પણ ઠેકાણા ન મળે. વ્યવહાર શ્રદ્ધા એટલે? પરલક્ષી જ્ઞાનમાં વ્યવહારથી રાગથી લાભ થાય એ તો પરલક્ષી શ્રદ્ધા પણ ખોટી હતી. સમજાણું કાંઈ? શુભરાગથી શુદ્ધતાની પ્રાપ્તિ થાય એવી જેની શ્રદ્ધા એ તો વ્યવહાર શ્રદ્ધા પણ ખોટી. આહા..હા..! એનું જ્યાં આ પ્રમાણે જ્ઞાન ન આવે એ રાગથી નહિ, સ્વભાવથી પ્રાપ્ત થાય એવી શ્રદ્ધા કરે ત્યારે એને વ્યવહાર શ્રદ્ધા કહેવાય, પછી અંતરમાં જઈને ભેદજ્ઞાન વડે પ્રાપ્ત થાય ત્યારે નિશ્ચય શ્રદ્ધા કહેવાય. આહા..હા..! આ તો આંખ ન હોય એને પણ આવું થાય. કહો, મગનભાઈ! શું કીધું? આંખ ન હોય સરખી તો એને આવું થાય એમ કહે છે. ભેદજ્ઞાન વડે જાણવામાં કાંઈ આંખની જરૂર નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લક્ષ છોડ. .. દેખાય છે કે નથી દેખાય એમ નહિ, પોતે દેખનારો અંદર જુદો છે. આહા..હા..! પોતાના જાણવાના-દેખવાના સ્વભાવથી પ્રાપ્ત થાય છે આ. કહો, સુજાનમલજી! આવું વસ્તુનું સ્વરૂપ. આહા..હા..!

મુમુક્ષુ :- 'ગુરુ ગોવિંદ દોનો ખડે કિસકો લાગુ પાય, બલિહારી ગુરુદેવકી ગોવિંદ દીયો બતાયે.' આપના વગર શું જાણતા? એકલો વ્યવહાર કર્યો.

ઉત્તર :- એ ચાર બોલ થયા. આ પાંચમો ચાલે છે. **'પુણ્યપાપરૂપે વ્યાપતો કર્મનો વિપાક છે...'** ભાષા તો જુઓ! એ શુભ-અશુભ પરિણામ જે થાય છે એ.. **'ચૈતન્યસ્વભાવરૂપ**

જીવ ભેદજ્ઞાનીઓ વડે...' લ્યો આમાં તો એ આવ્યું કે ભગવાનની ભક્તિ કરે, શેત્રુંજય કેવા? સમ્મેદશિખરની જાત્રા કરે તો એનાથી આ પ્રાપ્ત ન થાય એમ કહે છે. શુભભાવ છે એ. કર્મનો વિપાકનો ભાવ છે. વળી મોટા દેરાસર બનાવે. .. બધા થઈ ગયા. એક ઓલું સાંભળ્યું છે ભાઈ ત્યાં બેંગ્લોરમાં કહે પાંચ લાખ ખર્ચીને. અઢીલાખ રૂપિયા ભાઈએ આપ્યા છે. કેવા? જુગલરાજજી. અને અઢી લાખ ઓલા ભભૂતમલ અહીંનો મુમુક્ષુ છેને. ગૃહસ્થ છે. મારવાડી છે આવે છે. ત્યાં પણ આવ્યા હતા. એ તો અહીં પણ આવે છે. બેયે અઢી-અઢી લાખ રૂપિયા આપ્યા છે. મકાન મંદિર બનાવવું છે. અઢી લાખની જમીન લીધી. કોક કહેતું હતું. બરાબર છે? કોક કહેતું હતું. હમણા કોક આવ્યું હતું. બેંગ્લોરથી. પાંચ લાખ રૂપિયા. અઢીલાખ આપ્યા જુગલરાજજીએ અને અઢી લાખ એ ભભૂતમલ અહીંના મુમુક્ષુ છે મારવાડી આવે છે એ. મોટો પૈસાદાર. ૫૦-૬૦ લાખ રૂપિયા પેદા કરે છે. પાંચ લાખનું. .. કેવું કરાવ્યું હતું. અઢી લાખની જમીન. અઢી લાખની તો જમીન લીધી. ... ત્યાં પછી નવું મકાન થાય છે એટલે આવો ત્યાં પ્રતિષ્ઠા કરવા. રામજીભાઈ ના પાડે. આ તો એ માટે વાત છે. એવું સાંભળ્યું હતું હોં કોક કહેતું હતું. કોક કાલે જ કહેતું હતું. બેંગ્લોરમાં આમ થયું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ .. નવું કાંઈક સંભળાવો. એમ માણસને થાયને. બેંગ્લોરનું હતું કોણ હતું કોક? એણે કીધું ત્યાં આમ થયું છે. મકાન થવાનું છે મંદિર. આપણા તરફથી દિગંબર મંદિર. થવા કાળે થાય એમાં કાંઈ કોઈ મટાડી દે એવું છે? કોઈથી થાય છે ત્યાં? અને ઓલો શુભભાવ એ કર્મનો વિપાક છે એનાથી પણ કાંઈ આત્માને લાભ નથી અને એનાથી તો થયો નથી, પણ કર્મના વિપાકથી થયેલો એમ કીધું અહીં તો. આહા..હા..! ગજબ વાત છેને. એય..! મંદિરથી શુભભાવ થયો નથી એમ કહે છે. લાલજીભાઈ! કલકત્તામાં તો ઘણા મંદિર ત્યાં હોયને. આ તો અહીં કહે જુઓ.

કહે છે કે એ મંદિર અને દેવ-ગુરુ-શાસ્ત્રને કારણ નિમિત્ત થયા એ શુભભાવ થયો નથી. આહા..હા..! એ તો કર્મના પાકથી થયેલો છે. આહા..હા..! ગજબ વાત છેને. એવા શુભ-અશુભભાવ એનાથી જુદો.. આહા..હા..! એટલે કે બહારને કારણે, એને કારણે શુભભાવ થયો નથી અને શુભભાવથી અહીંયાં શુદ્ધતા થતી નથી એમ. એનાથી ભેદ પાડે ત્યારે પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું કાંઈ? થોડું પણ સત્ય હોવું જોઈએને. મોટું લાંબુ હોય ઘણી વાતું. સત્ય હોવું જોઈએ. જેવું સત્ય છે તેનું શરણ લે તો સત્ય પ્રાપ્ત થાય. આહા..હા..! આ તો નિશ્ચયથી સત્ય આવું જ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અન્ય જુદો, શુભાશુભભાવથી જુદો. કર્મનો વિપાક કેમ નાખ્યો? એ તો એને પોતાની પર્યાયમાં પોતાના અપરાધથી થાય

છે શુભાશુભભાવ. પણ એ શુભાશુભભાવનું નિમિત્ત અવલંબન ત્યાં હતું એનાથી થયું માટે એનાથી પાક થયું એમ કીધું. વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જેના લક્ષે, જેના અવલંબે, જેને આશ્રયે થયું એ એના પાકથી થયું એમ કહીને એને ભિન્ન બતાવ્યું. કહો, પંડિતજી! આહા..હા..!

ભગવાન! તારો આનંદસ્વભાવ અને જ્ઞાનસ્વભાવ નિત્ય... નિત્ય... નિત્ય... અનાદિ-અનંત એમ કહેવું એ એ કાળથી અનાદિ અનંત લાંબુ-લાંબુ થઈ ગયું. પણ એકલો એક સમયમાં જ્ઞાયકભાવ ધ્રુવ. સમજાણું? આહા..હા..! એને આશ્રય કરતા પરથી જુદો પડતાં એનો પ્રત્યક્ષ અનુભવ થાય એવો એ આત્મા શુભાશુભભાવ કર્મનો વિપાક. ભાષા તો જુઓ! એકકોર કહે એ તો ઉદયની ચીજને શુભભાવ અડ્યો પણ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રથી થયો નથી પણ ઉદય જે છે એને અડ્યો નથી. એ શુભભાવ પોતાથી થયો છે. ષટ્કારકથી. આવે ને પંચાસ્તિકાય? વિકાર ૬૨મી ગાથા. પોતાને કારણે વિકાર પુણ્ય-પાપનો વિકલ્પ એ પોતાની પર્યાયને કારણે ષટ્કારકથી ઉભો થયેલો છે, પણ એ તો પર્યાયદૃષ્ટિને સમજાવવા એ વાત છે. વસ્તુદૃષ્ટિને સમજાવવા અને પ્રગટ કરાવા એ સાધન છે નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એથી જુદો '**ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**'

'**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો...**' આ ભોક્તા અને ઓલો કર્તા હતો. શુભાશુભભાવનો કર્તા થઈને ભેદજ્ઞાન થાય એમ નથી. કારણ કે એનું કર્તાપણું સ્વરૂપમાં છે જ નહિ. એનો કર્તા કર્મ જ છે. આહા..હા..! આ અપેક્ષાએ હોં! સમજાણું કાંઈ? ચૈતન્યગોળો આખો આનંદનો ધામ પ્રભુ ત્રિકાળ વસ્તુ એવી ને એવી જ્યાં છે એમાં આ એક સમયનો વિકાર એ તો કર્મના પાકનું ફળ છે એમ કહે છે. પ્રભુ આત્માના આનંદનો આશ્રય કરીને ફળ આવે એ નહિ આ. એના આશ્રય કરીને ફળ આવે એ તો આનંદ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પાંચ બોલ થયા.

હવે છઠ્ઠો. '**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ...**' અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગો જે શાતા-અશાતાથી મળે તેના લક્ષમાં અનુકૂળતામાં ઠીક એવો જે દુઃખરૂપ વિકલ્પભાવ અને અશાતાના ગંજ ભરેલા મહા ઉદયના પ્રસંગ, સંયોગો અશાતાના ઘેરાયેલા સાતમી નરક જેવા. આહા..હા..! કહે છે એના ફળથી જુદું. '**તીવ્રમંદપણારૂપ ગુણો તે વડે ભેદરૂપ થતો જે કર્મનો અનુભવ...**' એમ ભગવાનનો અનુભવ જુદો છે. એ શાતા-અશાતાના લક્ષે અનુભવ થાય એ અનુભવ જીવ નહિ. એ આત્મા નહિ. અલિંગ ગ્રહણમાં તો કહ્યું છેને વિષયનો ભોક્તા આત્મા નથી. બારમો બોલ છે અલિંગગ્રહણ. ઈન્દ્રિયના વિષયનો ભોક્તા આત્મા નથી. ભોક્તા તે આત્મા નથી એમ કહે છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આ બધા પૈસા ને છોકરા ડાહ્યા

હુશિયાર કરે એને સાંભળીને આમ ફડકો આવે ઠીકનો. કહે છે કે એ જીવ નહિ. એય..! શેઠ!

મુમુક્ષુ :- એ છે કોણ?

ઉત્તર :- એ જડ. અજીવ. આહા..હા..! અને છોકરો પરણતો હોય અને બહારમાં બબ્બેલાખ ખરચે સાધારણ માણસ હોં. આ શેઠિયા જેવાની વાત નથી, પણ સાધારણ માણસને લાખ-લાખ ખર્ચવા પડે. આ બાજુ લાખ ખરચે. દીકરા તરફના લાખ, કન્યા તરફના લાખ. અને અત્તર ને ચાંદીની અત્તરદાની એટલે અત્તર નાખે આમ. અંદર અત્તર.. અત્તરદાની કહેવાયને? હા એ અત્તરદાની .. ત્યાં ફતેહપુરમાં. સભા એની ભરાતીને ભગવાન વખતે. નાખતો હતો.. ભાઈ સાહેબ આનીકોર લાવીશ નહિ. એ અત્તરના મહાપાપ અંદર હોં! આજે એક મોટું લખાણ આવ્યું છે જૈનપ્રકાશમાં. ભેળસેળનું ભાઈ! બધી ચીજોમાં ભેળસેળ ઝેર-ઝેર. ભેળસેળ હળદરમાં એમ કે.

મુમુક્ષુ :- ભાવનગર..

ઉત્તર :- એ તે દિ' એક આવ્યું હતુંને. આ તો હમણાં એક કોક લેખ હતો જૈનપ્રકાશમાં. બહુ વાત. બધી લાઈન ફેર છે. ઝેર રંગીલા રંગ ચડાવીને .. ઘોડાની લાદને રંગ ચડાવીને .. નાખે હળદરમાં કે ફલાણામાં એમ બધું નાખે. મરીમાં. સમજ્યાને. શું કીધું? પપૈયાના બી. પપૈયાના બી મરી લાગેને તીખા, .. કાળી મીર્ચ, એમાં પપૈયાના બી. એવી ઘણી ચીજ નાખી. આજે જૈનપ્રકાશ આવ્યું છે.

મુમુક્ષુ :- દુનિયા બહુ આગળ વધી.

ઉત્તર :- આગળ વધી છે કે પાછળ. રંગબેરંગી હોય તો સારું લાગે આમ. ચામાં પણ રંગીલી ચા હોય. એ ઝેર છે માથે રંગ ચડાવવું. અહીં બહુ લખ્યું છે. એ લોકોને પસંદ પડે માણસને આંખે આમ સારું દેખાયને. એવા ઘણામાં નાખ્યા છે હોં. .. ભાવનગરમાં. મ્યુનિસિપાલિટી તરફથી એક ગાંધીની દુકાનેથી ૪૦-૫૦ નમુના લઈ આવેલા એમાં સાત-આઠ વસ્તુ ચોખ્ખી હતી. બાકી બધી ભેળસેળ. બધામાં નાખ્યા. દાખલો આપ્યો છે બહુ. .. પણ એવી બધી ચીજ હોય એમાં નાખે. આ પત્થરનો લોટ, ચિરોડીનો લોટ. મોંઘુ પડે પણ સાધારણ છે બાપુ! ઉંચી ચિરોડી હોયને શું કહેવાય એ? ચિરોડી બોલ્યા હતા. પત્થર-પત્થર. બહુ ઉંચી ચીજ હોય છે. એનો લોટ લશ્કરને આપે. એ હાડકા મજબુત થવા માટે. અહીં છેને આપણે કુંડલામાં હતુંને. જયચંદભાઈના દીકરા. મોહનભાઈ! તમારા ભત્રીજાનું હતું. એ જોવા ગયા હતા ત્યાં હોં લઈ ગયા હતા જોવા. .. શું કહેવાય એ ચિરોડી. બહુ ઉંચી આવી આમ. લોટ કરીને લશ્કરના માણસમાં આપે. પૈસા બહુ લે. પણ આ સાધારણ ચિરોડીનો લોટ ક્યાંક મેળવે. ઘઉંના લોટમાં કાંઈક કહ્યું છે. ભાષા એવી નાખી છે. કાંઈક લખ્યું છે. ઘણાં નામ આપ્યા. ઘઉંના લોટમાં ફલાણું ભેળવે, હળદરમાં ફલાણું ભેળવે. કહો, ઓહો..હો..!

હવે આ ખોરાક જગતના થઈ ગયા. આત્માના અનુભવનો ખોરાક મૂકી દઈને રાગનો અનુભવ પણ એનો નહિ એમ કહેવું છે. આહા..હા..!

અહીં તો પરમાત્મા પોતે એનો અનુભવ તો પુણ્ય-પાપના ભાવથી ભિન્ન છે. શુભાશુભના કરવાપણાથી ભિન્ન છે અને ભોક્તાપણે પણ ભિન્ન છે. એવો એ આત્મા છે. એવો આત્માને અંતર્મુખ થઈને જોવે જાણે, અનુભવમાં આવે ત્યારે એને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! અરે! જેને કરવાનું છે એ કર્યું નહિ. અને મોથાફોડ બીજી. એમાં વાદવિવાદ પાછા. આહા..હા..! દુઃખનો અનુભવ કરે અને વાદવિવાદ નહિ એ શુભભાવથી થાય. છેલ્લે શુભભાવ હોય કે નહિ? છેલ્લે ક્યો ભાવ હોય ત્યારે ધર્મ થાય? એય..! છેલ્લો શુભભાવ હોય? સાંભળને હવે. હવે એનું લક્ષ છોડીને થાય ત્યારે થાય. એને રાખીને થાય? આ શું કહે છે?

શુભાશુભભાવથી વ્યાપ્ત અનુભવ. તીવ્રમંદરૂપ અનુભવ. '**તે પણ જીવ નથી કારણ કે સુખ-દુઃખથી જુદો...**' આહા..હા..! '**શાતા-અશાતારૂપે વ્યાપ્ત જે સમસ્ત તીવ્રમંદપણારૂપ ગુણો...**' સુખ-દુઃખમાં શાતા-અશાતા નિમિત્ત કીધું એ સામગ્રી. એ તરફની સુખ-દુઃખની કલ્પના. તૃષા લાગી હોય, મોસંબીના પાણી આવે. હાશ! કહે છે કે એ ભાવ જડનો છે. આહા..હા..! અને વીંછી કરડે આ અનુકૂળ, અશાતાના ઉદયનો યોગ. કાળો વીંછી હોય કાળો. કેવો કહેવાય એ? કાંકરીયો. કાંકરીયો વીંછી આવો મોટો લાંબો. અમારે બહુ નજર સામે જોયો છે બહાર. એકલા પહેલા તો બહાર જતાને. લાંબો. મારી નાખે. ગઢળામાં મરી ગયો. એક છોકરાને કરડ્યો હતો. કરડ્યો હતો જુવાન.. એવા વીંછી થાય. એ વીંછીના કરડ વખતે વ્યાપ્તો જે દુઃખનો ભાવ એનાથી ભગવાન ભિન્ન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ધર્મી જીવને પ્રતિકૂળ સંયોગનો તો અનુભવ નથી, અજ્ઞાનીને નથી. પણ આમાં તો સુખ-દુઃખની કલ્પનાનો અનુભવ ધર્મીને નથી. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..! ભારે!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ત્યાં પંદર લાખનું મકાન. સંચો. શું કહેવાય એ? પ્લાસ્ટિકનું કારખાનું મોટું જોર કરે આ કરે. થાનમાં તો એમનું પણ છે અને એક આનું છે ..ભાઈનું. પોપટભાઈ આવવાના છે કે નહિ હવે હમણા? આવશે આ તો ભણતર છે એમાં આવશે. આ ક્લાસ છેને એટલે આવશે. કોક કહેતું હતું નહિ? ચીમનલાલ કહેતા હતા તમારે ભાઈ કહેતા હતા. એ કહેતા હતા. મોટું લાદીનું કારખાનું છે થાનમાં. અને ભગવાનજીભાઈનું આનું પ્લાસ્ટિકનું છે. થાન.

મુમુક્ષુ :- એ ભગવાનજીભાઈનું ક્યાં છે? એના દીકરાનું છે.

ઉત્તર :- આ તો એક વાત છે. એ તો એના દીકરાનું કરતા હોય. .. એના પૂછ્યા વિના .. વાતું .. અહીં તો એક જ એવા બીજા તો ઘણાય છેને એને તો. ઘણા મોટા

ગૃહસ્થ એ ક્યાં પંદર લાખમાં આવે છે. મોટા પૈસાવાળા માણસ છે. .. કરી છે. આહા..હા..! એના તરફનો વિકલ્પ છે. ઠીક અને અઠીક એવો વિકલ્પ છે એ પણ જીવનો નહિ. એ જીવનો અનુભવ નહિ. આહા..હા..! એ જડનો છે, અજીવનો ભેખ પહેર્યો મારે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આમાં છે એ વ્યાખ્યા ચાલે છે હોં આ. કોઈ કાંઈ અદ્ધરથી પોતાની મેળે નહિ. ચેતનજી! છે એમાં? આનંદે ઘેર્યો જીવને એ જીવનું સ્વરૂપ છે. સુખ-દુઃખની કલ્પનાથી ઘેરાઈ જાય એ જીવ નહિ. આહા..હા..!

એ '**સુખ-દુઃખથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ...**' અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ. એ તો પહેલેથી કહ્યું હતું કે પુણ્ય-પાપનો ભાવ છે એ ચૈતન્યસ્વભાવથી શૂન્ય છે. એ પુદ્ગલી અનેરો જીવ છે. ભારે વાતું! આહા..હા..! સિદ્ધના પાડોશી થવાની વાતું છે આ તો. આહા..! કોઈ અટકાવે છે. અટકાવ્યો છે. સિદ્ધ ઉપરથી નહિ આવે હું આવું છું હવે. આહા..હા..! આવો માર્ગ આત્માનો વીતરાગનો. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકર. હવે એ સાંભળવા મળે નહિ અને બિચારા દયાઓ પાળે, વ્રત કરવા અને અપવાસ કરવા, મરી ગયા કરી કરીને અજ્ઞાનમાં. લ્યો એની વાત કરે નહિ એ તો નિશ્ચયાભાસ છે જાવ. એવા .. આ શું કહે છે અહીં? શુભાશુભપરિણામનો અનુભવ એ આત્માનો નહિ. આહા..હા..! કહો, સમજાય છે? એનું કર્તાપણું તો નહિ, પણ એનો અનુભવ પણ નહિ. કર્તા અને ભોક્તા પુણ્યના પરિણામનો શુભનો એ બધો જડ છે. છ બોલ થયા. '**તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' ક્યાંક સ્વયં નાખ્યું છે અને પોતે બેય નાખ્યું છેને. ક્યાંક સ્વયં નાખ્યું છે. ક્યાંક પોતે નાખ્યું છે. આહા..હા..! આતમરામ તારી વાતું આવી છે. આહા..હા..! આતમરામ રમતો ચૈતન્યમાં રમે તેને આત્મા કહીએ. રાગમાં રમે તેને અનાત્મા કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલો રાવણ કહે આ સીતા પ્રસન્ન પડતા નથી હોં કહે. કે રાવણ રામનું રૂપ લે તો સીતાજી પ્રસન્ન થાય. ભાઈ! જ્યાં રામનું રૂપ લઉં ત્યાં માતા દેખાય છે. રામ થાવ એની તો વાત જ ક્યાં રહી? તો તો એને પરનું ક્યાં છે? રામનું રૂપ જ્યાં લવ છું ત્યાં સીતા જેને પસંદ કરું એ તો માતા દેખાય છે. એમ અહીં તો વિકલ્પથી તો નિર્ણય કરે અને અનુભવે એ તો હજી રામનું રૂપ છે. આતમરામ અંદર રમતો રામ પ્રભુ એ અનુભવથી પુણ્ય-પાપના શુભાશુભભાવના ભાવથી ભિન્ન છે ચૈતન્ય. આવી વાત બહુ પણ આ તો. પહેલા દરક્ષ્નાની વાતમાં આવી વાત! કોઈને એમ લાગે કે પણ એ વસ્તુ જ આવી છે ત્યાં. એ તો કહે છે કે ચૈતન્યસ્વભાવરૂપ ભગવાન જે શુભાશુભના અનુભવથી ભિન્ન વસ્તુ જ એવી છે ત્યાં પ્રશસ્ત ન હોય આમ. એને તો આત્મા કહેવો. નહિતર તો જીવને પુણ્ય-પાપના ભાવ બધા બીજા છે? એ તો બધા અજીવમાં જાય.

સાતમું. '**શિખંડની જેમ ઉભયાત્મકપણે મળેલાં...**' શિખંડમાં જેમ ખટાશ અને મીઠાશ બે ભેગી દેખાય છે એમ ઉભયપણે મળેલાં '**જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી...**' બે ભેગા થઈને મિશ્રપણું એમ કહે છેને? આહા..હા..! રાગ અને શુદ્ધતાનો અંશ બે મિશ્રિત. એનાથી મોક્ષમાર્ગ થાય. શુભભાવમાં મિશ્રિત પર્યાય કહે છેને? ખાણિયા ચર્ચામાં આવ્યું છે. એય..! માણેકલાલજી! ખાણિયા ચર્ચા વાંચી છે કે નહિ? વાંચી છે? જરી અક્ષર ઓલા ઝીણા. ઝીણા અક્ષર છે. કહો, સમજાણું કાંઈ? એને કહ્યું છે કે શુભયોગ મિશ્રિત છે. થોડીક શુદ્ધતા છે અને થોડીક અશુદ્ધતા છે. શુભયોગમાં. કહો, ઠીક!

મુમુક્ષુ :- શુદ્ધ અને અશુભ બે લીધું.

ઉત્તર :- હા બે લીધું. જે શુદ્ધતાનો અંશ છે એ શુભમાં. બનારસીદાસે નથી કહ્યું? શુભયોગમાં અશુદ્ધનો અંશ છે. પછી એમાંથી પ્રશ્ન તો એક છે પાછો? કે શુભયોગમાં શુદ્ધનો અંશ છે નહિતર યથાખ્યાત ન થાય. પછી અશુભયોગ વખતે શું? એ તો ઘણા વખતથી પ્રશ્ન છે. તો પછી શુદ્ધ ન હોય તો તો એનો અંશ જો વ્યક્ત ન હોય તો ત્યાં યથાખ્યાતમાં પહોંચતું હોય એ કોણ પહોંચાડે એમ મારું કહેવું છે. હું કહું છું સમજાય છે? જ્યારે શુભયોગમાં શુદ્ધનો અંશ ન હો. ત્રિકાળી શુદ્ધ છે એ નહિ. પર્યાયની અશુદ્ધતાનો અંશ ન હોય તો એની તાકાત નથી કે એકલો અશુદ્ધતા યથાખ્યાતને પામે. તેનો અશુભ વખતે પણ અમુક તો શુદ્ધતાનો અંશ છે. અશુભને લઈને નહિ, પણ એ પોતાનો એવો ભિન્ન સ્વભાવ જ છે. નહિતર જો એકલા અશુભકાળે શુદ્ધનો અંશ ન હોય તો એ શુદ્ધનો અંશ વ્યક્તપણે ન હોય તો પછી શુભવખતે વ્યક્ત ક્યાંથી થયો? અને એ શુદ્ધનો અંશ ન હોય તો ચારિત્ર યથાખ્યાત કેમ પામે? એક ગુણને બીજો ગુણ ન પમાડી શકે. એવી શૈલી છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો આ તમારું ઓલું અશુભયોગનું આ આવ્યું પાછું. અરે! એની વાતું બાપા!

વિકલ્પથી ગમ્ય નથી, ભણતરથી ગમ્ય નથી. આહા..હા..! સ્વયં ભગવાન આનંદનો નાથ. આહા..હા..! કહે છે કે એને અશુભયોગ વખતે શુભયોગ નથી. પણ શુભ અને અશુભ યોગનો અનુભવ જ એને નથી. આહા..હા..! અહીં તો શરીર જરી રૂપાળુ મળ્યું હોય માખણ જેવું એને જાણે કે શું કરીએ આ શરીરને? બટકા ભરી લઈએ કે એનું શરીર જાણે આત્મામાં નાખી દઈએ આ શરીરમાં. એ શરીરમાં હું સમાઈ જાવ? આહા..હા..! મૂર્ખાઈના તે માપ હશે કાંઈ? એની અશુદ્ધતા જ બડી. આવે છેને. અનુભવપ્રકાશમાં. તેરી શુદ્ધતા ભી બડી, તેરી અશુદ્ધતા ભી બડી. ઓહો..હો..! અશુદ્ધતાના પરિણામમાં ઘેરાયેલો. હોંશને હરખે ચડેલો ચૈતન્ય ભગવાન કોણ છે એનો અનાદર કરી રહ્યો છે. એમ કહે છેને અહીં? સમજાણું કાંઈ?

ધર્મીને વિષય ભોગ વાસનાને કાળે પણ એનો અનુભવ નથી એમ કહે છે. એ તો જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયું છે. એય..! આહા..હા..! એને તો અંદરમાં... અંદરમાં... અંદરમાં... હું જાઉ.

સમાઈ જાઉ. એમાંથી નીકળું જ નહિ. ક્યાંક આવ્યું હતુંને નીકળવું નહિ. શેમાં? દૃષ્ટિમાં આવ્યું હતું નહિ? ...માં એમાં આવ્યું હતું. ..માં આવ્યું હતું. કોણ ક્યાં.. આહા..હા..! જ્યાં .. આનંદમાં પ્રવેશ છે ત્યાં નીકળવું કેમ? આનંદમાંથી નીકળીને રાગમાં દુઃખમાં આવું? એ છેલ્લે આવે છેને સમયસાર. ભવિષ્યની આ બધી .. આનંદમાં જાવ. બહાર કેમ નીકળીને? અહીંયાં પણ આવે છે નહિ હોં! સમયસાર છેલ્લામાં આવે છે. પોતાના આનંદમાંથી બહાર કેમ નીકળે એ તો. આવો ને આવો સમય ભવિષ્યમાં અનંત જાવ. મોટી વાતું લાગે, પણ મોટો બાપુ આ તારી વાતમાં તું ન આવે એવો મોટો છો. અરે! તારી શુદ્ધ પરિણતિમાં ન આવે એવડો મોટો છો. આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પરિણતિમાં ન આવે. આહા..હા..! અનુભવ પરિણતિનો છે, અનુભવ કાંઈ ધ્રુવનો નથી. ધ્રુવનો અનુભવ ન હોય. આહા..હા..! અલિંગગ્રહણમાં તો કહ્યું છેને. છેલ્લો બોલ નહિ? શું છેલ્લા શબ્દો? પર્યાય. પ્રત્યભી. કેવો? એ ખરું પણ એની ભાષા શું છે? પ્રત્યભીજ્ઞાનનું કારણરૂપ. પ્રત્યભીજ્ઞાનના કારણરૂપ એવો જે સામાન્ય દ્રવ્ય. અહીંયાં શબ્દો હોય. પ્રત્યભીજ્ઞાન આનો આ... આ... આ... આ... એવો જે પ્રત્યભીજ્ઞાનના કારણરૂપ એવો સામાન્ય દ્રવ્ય તેને નહિ સ્પર્શતી એવી શુદ્ધ પર્યાય છે. એ શુદ્ધ અનુભવની પરિણતિ તે આત્મા છે ત્યાં એમ કીધું લ્યો! એ અહીં કહે છે. શુભાશુભ પરિણતિ તે આત્મા નહિ, એનો અનુભવ એ આત્મા નહિ. શુદ્ધ પરિણતિ તે આત્મા છે. આહા..હા..! અરે! એની વાછટ તો આવવા દે કહે છે. વરસાદ આવે ત્યારે વાછટ આવેને થોડી? ફુવાર.

કહે છે કે એ પ્રભુ આત્મા શુભાશુભ પરિણામને ભોગવતો નથી. એમ આ શિખંડની જેમ બેને ભેગા થઈને પણ ભોગવતો માનતો નથી. તદ્દન જુદી ચીજ છે. આહા..હા..! કર્મથી જુદા. લ્યો! મળેલો આત્મા '**જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો...**' કેમકે કર્મ એ આત્મામાં છે ક્યાં? રાગ આત્મામાં નથી એ તો વળી કર્મ એ તો પર સ્વતંત્ર દ્રવ્ય છે. એ કાંઈ આત્મામાં છે નહિ. એ તો એનામાં છે, એનામાં છે. આત્મામાં ક્યાં છે? એ કર્મથી જુદો. '**શિખંડની જેમ ઉભયાત્મકપણે...**' ઉભયસ્વરૂપપણે '**મળેલાં જે આત્મા અને કર્મ તે બન્ને મળેલાં પણ જીવ નથી કારણ કે સમસ્તપણે (સંપૂર્ણપણે) કર્મથી જુદો...**' એમ. કર્મથી જુદો સંપૂર્ણપણે, પૂર્ણપણે એમ પાછું. કાંઈક કર્મ છે અને કાંઈક નથી એવું કાંઈ નથી. આહા..હા..! '**(સંપૂર્ણપણે) કર્મથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે...**' વળી અહીં સ્વયં લીધું. ઓલો પોતે અનુભવે છે. '**સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' એ સ્વરૂપની વ્યાખ્યા કરી. '**અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ**

**અનુભવે છે.**' આહા..હા..! એ સાતમો બોલ થયો..

આઠમો. '**અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ...**' ઓલું કહ્યું હતુંને ખાટલાના આઠ હોયના પાયા ચાર લાકડા. એ હોય એ ખાટલો. '**અર્થક્રિયામાં સમર્થ એવો જે કર્મનો સંયોગ તે પણ જીવ નથી કારણ કે, આઠ કાષ્ઠના સંયોગથી (-ખાટલાથી) જુદો જે ખાટલામાં સૂનારો પુરુષ...**' લ્યો! ખાટલામાં સુનારો પુરુષ ખાટલાથી જુદો છે. આહા..હા..! ખાટલાને અડ્યો પણ નથી એમ કહે છે. '**ખાટલામાં સૂનારો પુરુષ તેની જેમ, કર્મસંયોગથી જુદો અન્ય ચૈતન્યસ્વભાવરૂપ જીવ ભેદજ્ઞાનીઓ વડે સ્વયં ઉપલભ્યમાન છે અર્થાત્ તેઓ પોતે તેને પ્રત્યક્ષ અનુભવે છે.**' લ્યો! બહુ સરસ અલૌકિક વાત છે. આને આત્મા કહીએ એમ. નવતત્ત્વમાં આને આત્મા કહીએ. .. આવે છેને. નવ તત્ત્વને ભૂતાર્થથી જાણવા. એનો અર્થ? કે ભૂતાર્થથી પોતાને જાણતા નવને જાણે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

'**(આ જ રીતે અન્ય કોઈ બીજા પ્રકારે કહે ત્યાં પણ આ જ યુકિત જાણવી.)**' ખાટલા શું કહેવાય? ઢોલિયા. પલંગ-પલંગ. ઢોલિયા અમારે કાઠિયાવાડી ભાષા. હીરાના પલંગ. એ પોઢ્યા નરકે ગયા સાતમી. અહીં દેવો ખમ્મા-ખમ્મા. અને હીરાના પલંગમાં પોઢ્યા હતા આમ. જાવ પોઢો નરકમાં. આહા..હા..! ત્યારે મોટા હોયને એમ એને મરી ગયા એમ ન કહે. પોઢ્યા એમ કહે. બહાર એમ ન કહે રાજા મરી ગયા. મરી ગયા એમ ન કહે. અરે મરી ગયા અને આવા..

મુમુક્ષુ :- આત્મા મરતો નથી પછી ક્યાં.

ઉત્તર :- એ આત્મા મરતો નથી એ માટે ક્યાં છે? એવા મહાપુરુષો રાજા ખમ્મા-ખમ્મા જેને. આંખો ફરતા દુનિયા ડોલતી હોય આમ. આહા..હા..! ઘોડાગાડી નીકળે માથે. મોટા ઘોડા મોઢા આગળ બે માણસ દોડે. ગામમાં આવે ત્યારે બહાર. ઘોડાના મોઢા આગળ. નહિતર એમ કે ઘોડા મોટા હોય ઊંચા કદાવર મોઢા આગળ. અમારે ગારિયાધારમાં આવતા. .. માનસિંહ હતોને. પોતે આવતો આમ માથે ઘોડાગાડીમાં. ગામમાં બેસે. ઘોડા મોટા થોડા ઊંચા. દસ-દસ હજારના ઘોડા. મોઢા આગળ આમ આહા..હા..! જાણે અમે આત્માને કઈ રીતે સુખી છીએ અને કઈ રીતે અમે આ સામગ્રીવાળા છીએ! આહા..! મારી નાખ્યો જીવને. માનસિંહજી હતા. આ બહાદુરસિંહજીના બાપ. બહાદુરસિંહજી. આથી બીજી રીતે પણ જીવને કહેતા હોય તો આ યુક્તિથી એને સમજાવવું. કહેવું.

'**(ભાવાર્થઃ- ચૈતન્યસ્વભાવરૂપ જીવ, સર્વ પરભાવોથી જુદો, ભેદજ્ઞાનીઓને અનુભવગોચર છે;...**' અનુભવગોચર છે. '**તેથી જેમ અજ્ઞાની માને છે તેમ નથી.)**' વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્લોક-૩૪

इह खलु पुद्गलभिन्नात्मोपलब्धिं प्रति विप्रतिपन्नः साम्नैवैवमनुशास्यः।

(मालिनी)

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृ:त सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धिः।।३४।।

અહીં પુદ્‌ગલથી ભિન્ન આત્માની ઉપલબ્ધિ પ્રત્યે વિરોધ કરનાર (-પુદ્‌ગલને જ આત્મા જાણનાર) પુરુષને (તેના હિતરૂપ આત્મપ્રાપ્તિની વાત કહી) મીઠાશથી (અને સમભાવથી) જ આ પ્રમાણે ઉપદેશ કરવો એમ કાવ્યમાં કહે છેઃ-

શ્લોકાર્થ :— હે ભવ્ય! તને [अपरेण] બીજો [अकार्य-कोलाहलेन] નકામો કોલાહલ કરવાથી [किम्] શો લાભ છે? [विरम] એ કોલાહલથી તું વિરક્ત થા અને [एकम्] એક ચૈતન્યમાત્ર વસ્તુને [स्वयम् अपि] પોતે [निभृतः सन्] નિશ્ચળ લીન થઈ [पश्य षण्मासम्] દેખ; એવો છ મહિના અભ્યાસ કર અને જો (-તપાસ) કે એમ કરવાથી [हृदय-सरसि] પોતાના હૃદયસરોવરમાં [पुद्गलात् भिन्नधाम्नः] જેનું તેજ-પ્રતાપ-પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે એવા [पुसः] આત્માની [ननु किम् अनुपलब्धिः भाति] પ્રાપ્તિ નથી થતી [किं च उपलब्धिः] કે થાય છે.

ભાવાર્થ :— જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય; જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય. પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે, પણ ભૂલી રહ્યો છે; જો ચેતીને દેખે તો પાસે જ છે. અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો જ વખત લાગે. તેનું થવું તો અંતર્મૂહૂર્તમાત્રમાં જ છે, પરંતુ શિષ્યને બહુ કઠિન લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે. જો સમજવામાં બહુ કાળ લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે; તેથી અન્ય નિષ્પ્રયોજન કોલાહલ છોડી આમાં લાગવાથી જલદી સ્વરૂપની પ્રાપ્તિ થશે એવો ઉપદેશ છે. ૩૪.

**શ્રાવણ સુદ-૩, શનિવાર, તા. ૧૨-૦૮-૧૯૭૨**
**કળશ-૩૪, પ્રવચન-૧૩૦**

કળશ છે. ૩૪મો કળશ. ૪૪મી ગાથા થઈ. એનો કળશ કહે છે.

(मालिनी)

विरम किमपरेणाकार्यकोलाहलेन
स्वयमपि निभृ:त सन् पश्य षण्मासमेकम्।
हृदयसरसि पुंस: पुद्गलाद्भिन्नधाम्नो
ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धि:।।३४।।

'**શ્લોકાર્થ :— હે ભવ્ય!**' ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત સાચા ભાવલિંગી હતા. કુંદકુંદચાર્યના કેડાયત એના અર્થ કરનારા, ટીકા કરનાર. આહા..હા..! '**હે ભવ્ય!**' સંબોધન કર્યું છે. હે જીવ! એમ કહે છે. '**તને બીજો નકામો કોલાહલ કરવાથી શો લાભ છે?**' આ જીવ પુણ્યથી લાભ થશે, પાપથી નુકસાન થશે. પુણ્ય-પાપના ભાવ એ જીવના છે. એવા બધા કોલાહલથી તને શું કામે છે ભાઈ! '**अकार्य**' છેને? એ તો અકાર્ય છે. અંદર પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે એ મને લાભ કરશે અથવા એ હું છું એવા '**अकार्य**' મફતનું જેમાં કાર્ય થાય નહિ એવા કોલાહલથી શું કામ છે? કોલાહલ છે. કોલાહલ. અકાર્ય. અકાર્ય કોલાહલ એમાં. આહા..હા..! શુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ એ શુભભાવ હિંસા, જૂઠ, ચોરી, વિષય આદિ એવા ભાવથી તને શું? એ તો અકાર્ય કોલાહલ છે. આહા..હા..! એમાં જીવ નથી અને એ જીવના સ્વરૂપે નથી અને જીવના સ્વરૂપને એ લાભદાયક નથી. કહો, સમજાણું કાંઈ? આ તો ગુજરાતી ભાષા સમજાય એવું છે. બહુ આકરી ભાષા નથી. કહો, પંડિતજી! આહા..હા..!

કહે છે '**બીજો નકામો કોલાહલ...**' શા માટે? આ બીજો કહેવાય. તારું કામ છે એ કરને. આહા..હા..! તારામાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ શુભાશુભ થાય એ મને લાભ કરે છે, મને નુકસાન કરે છે એ બધા કોલાહલથી તારે કામ શું છે કહે છે. તારા સ્વરૂપમાં એ નથી. આહા..હા..! આવી વાત ભારે કામ આકરું. સચ્ચિદાનંદ નિર્મળાનંદ સ્વરૂપ છો પ્રભુ. અતીન્દ્રિય આનંદનો ભંડાર આત્મા છે. એવા કાર્યને છોડી દઈ આ બીજું આવું '**अपरेण**' કેમ? '**अपरेण**' એટલે બીજો આવા કોલાહલમાં કેમ પડ્યો છો? અકાર્ય કોલાહલ

છે એ તો. આહા..હા..! તેમાં તારું કાર્ય કાંઈ થાય નહિ. આહા..હા..! વ્યવહારના ક્રિયાકાંડના પરિણામ એનાથી મને લાભ થાય એ તને આ કોલાહલ ક્યાં સૂઝયો? કહે છે. '**अपरेण**' છેને? તારી ચીજ અંદર સચ્ચિદાનંદ પ્રભુ છેને. નિર્વિકલ્પ અભેદ અનુપચાર-જેનો ઉપચાર નથી એવી ચીજ અંદર અખંડ અને જ્ઞાનનો પુંજ છે એ. એને છોડીને '**अपरेण**' આ બીજા વિકલ્પોની કોલાહલમાં ક્યાં રોકાણો ભાઈ! આહા..હા..!

'**નકામો કોલાહલ કરવાથી શા લાભ છે?**' એવા હઠથી તને હઠ કેમ પડ્યો આવો? ઓલામાં એમ લખ્યું છે કળશટીકામાં. આ તને હઠ શું છે આ કે મને અંદર શુભભાવ કરતા-કરતા શુભભાવથી આત્માને ધર્મ થશે આવો નકામો હઠ તને શું છે આ? સમજાણું કાંઈ? આ બાળક હોય છેને હઠે ચડેને. બાળક, ઘોડો, સ્ત્રી ત્રણે કહે છેને. બાળહઠ, સ્ત્રી હઠ અને .. બાળહઠ એટલે ... બાળ હઠ એવો હોય છે, . હઠ અને ઘોડાનો એવો હોય એમ તને આ હઠ શું કરવા છે ભાઈ! આહા..હા..! જ્ઞાનનો પુંજ પ્રભુ છેને. એ તો નિર્વિકલ્પ આનંદનો કંદ આત્મા છે. એનાથી અનેરો '**अपरेण**' નામ બીજા વિકલ્પની જાળ. એમાં હઠમાં કેમ તું આવ્યો છો? એમ કહે છે. નકામો શો લાભ છે?

'**विरम**' હઠ છોડ હવે. કહો, સમજાણું? '**विरम**' વિરક્ત થા. ભાઈ! તારી ચીજ તો અંતર આનંદસ્વરૂપ છેને. ચૈતન્ય મહાપ્રભુ અનંત પ્રભુતાના સ્વભાવથી ભરેલો પ્રભુ છે એ. અરેરે! એવા વિકલ્પોથી આ આવો છે ને આ આવો છે એ વિરક્ત થા. આહા..હા..! '**अकार्य-कोलाहलेन अपरेण**' વિરક્ત થા. એ શુભ-અશુભ વિકલ્પ જે રાગ એનાથી વિરક્ત થા. એમાં તારો આત્મા છે. આ અત્યારે જુઓને ચાલે છેને આમ. આ કરો... આ કરો.. દયા કરો, વ્રત પાળો, પૂજા કરો, ભક્તિ કરો. કરતાં-કરતાં આત્મા પ્રાપ્ત થશે. એમ ધૂળેય નહિ થાય. એ તો રાગ છે.

મુમુક્ષુ :- આપણે તો મંદિર બંધાવ્યું.

ઉત્તર :- કોણ બંધાવે છે? કોઈ બંધાવતું નથી. એ તો એને કાળે થાય છે. આ તમારા ગિરધરભાઈ બંધાવાના છે. કાલે વાત થઈ હતી. ભાઈ! કોક કહેતું હતું. ઘણા વખતથી કહેતા હતા. સાંભળ્યું. અઢી લાખ અને અઢી લાખ પાંચ લાખ કાઢ્યા છે. બેંગ્લોર. ઓલા જુગલરાજજી છેને જુગરાજજી? જુગરાજજી નહિ ગૃહસ્થ સ્થાનકવાસી. સ્થાનકવાસી છે. અહીંયાં .. શેઠે ૭૦-૮૦ લાખ રૂપિયા છે. મોટું મુંબઈમાં મહાવીર માર્કેટ છે. આમ જુઓ તો કાંઈ લાગે નહિ. અઢી લાખ આણે આપ્યા અને અઢી લાખ બીજો મારવાડી છે. ભભૂતમલ એણે આપ્યા. પાંચ લાખનું મકાન. બેંગ્લોરમાં દિગંબર મંદિર બનાવવાનું છે. અઢી લાખની તો જમીન લીધી છે. હવે અઢી લાખ..

મુમુક્ષુ :- કોલાહલ...

ઉત્તર :- એ તો એને કારણે થાય અને એમાં વિકલ્પ આવે કે એનાથી મને લાભ થાય એ તને લાભ નથી એમ કહે છે. આહા..હા..! વાત એ છે. એ વિકલ્પ હોય અને એનું નિમિત્ત પણ ત્યાં દેખાય. પણ એને કારણે અહીંયાં સમ્યગ્દર્શન થાય એમ નથી. સમજાય છે કાંઈ? ગૃહસ્થ માણસ છે. એય..! ગિરધરભાઈ! આ પણ કરવાના છે. આ તો તમારા ઓલા બે જણા અઢી-અઢી લાખ કાઢ્યા. તમારા ગામમાં તો બે જણા મોટા ૫૦-૬૦-૬૦ લાખવાળા બે જણા છે. કેવા? ભગવાનજીભાઈ? રમણીકભાઈ અને નાનો ... મોટા પૈસા છે ઘણા. ૬૦ લાખ છોકરા બે છે. આપણા અહીંના મુમુક્ષુ છે. એ તો હોય છે એવો વિકલ્પ અને એ બહારની ચીજ બનવી છે એ કાંઈ વિકલ્પ છે માટે બને છે એમ નથી. એ તો એના બનવાના સમયે જે કાળે પરમાણુનું પરિણમન એ ક્ષેત્રે એ રીતે થવાનું હોય ત્યાં થાય છે. બનાવવાનો ભાવ જેનો છે એનો શુભભાવ છે.

મુમુક્ષુ :- એ કોલાહલમાં આવે કે ન આવે?

ઉત્તર :- એનાથી લાભ થાય એ કોલાહલમાં આવે. ઓલો વિકલ્પ આવે એને એ જાણે. આહા..હા..! એવી વાત છે. એનાથી લાભ થાય એમ કીધું છે. નકામો કોલાહલથી લાભ શો? હોય ભલે. એ કાળે. શુભને કાળે શુભભાવ હોય, અશુભથી બચવા માટે. પાઠ આવે છેને. અશુભ વંચનાર્થં. અશુભથી બચવા માટે. પંચાસ્તિકાયમાં છે અસ્થાનેથી ખસવા માટે, બચવા માટે એવો શુભભાવ હોય, પણ એ શુભભાવ પુણ્યબંધનું કારણ છે. ધર્મ નહિ.

મુમુક્ષુ :- અભિપ્રાયમાં એનો નકાર છે.

ઉત્તર :- અભિપ્રાય એ તો વાત નકારની એ વસ્તુ જ મારી નથી. મારાથી થતી જ નથી. આહા..હા..! એ તો એને કારણે થાય, એમાં જે શુભભાવ આવે એ મારું ખરું પરમાર્થે કર્તવ્ય નથી. આહા..હા..! વ્યવહારે પરિણમન છે એટલે છે એમ કહેવાય. પરિણમન છેને? શુભ વખતે શુભ પરિણમન આવે છેને? પ્રવચનસાર. શુદ્ધ, શુભ અને અશુભ. ટીકામાં એમ છે. શુભે પરિણમેલો શુભ કહેવાય, અશુભે પરિણમેલો અશુભ કહેવાય, શુદ્ધે પરિણમેલો શુદ્ધ કહેવાય. આહા..હા..! ગજબ વાતું છે. એવા શુભ-અશુભના વિકલ્પો એનાથી ચૈતન્યને ધર્મ થશે, જન્મ-મરણ ટળશે અને સમકિત થશે એ વાત રહેવા દે. એ કોલાહલ છોડ. આહા..હા..! ભારે જગતથી જુદું ભાઈ! આવો વીતરાગમાર્ગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરે જ છેને એ તો કહે છે. '**अपरेण अकार्य-कोलाहलेन**' ભાષા જુઓને વાપરી છેને. બાપુ! એ તો બીજું કાર્ય છે. તારું કાર્ય નહિ એ. શુભાશુભભાવ કરવા અને એને હરખ-શોકથી ભોગવવા, પ્રભુ! એ તારું કાર્ય નહિ. ભગવાનના ઘરે આ વાત ન હોય. એમ શ્રદ્ધા અને જ્ઞાનમાં તો લે. આહા..હા..! દુનિયા તને નહિ તારે કે બરાબર દુનિયા રાજી

થાય છે મારી આ ક્રિયાથી, શુભભાવથી. એ તને પસંદ કરે છે, લોકો મને ધર્મી કહે છે. એથી શું છે ભાઈ! છોડ, હઠ છોડ હવે કહે છે. આહા..હા..! વિરક્ત થા. એકવાર દૃષ્ટિમાં પુણ્ય અને પાપના શુભ-અશુભ વિકલ્પથી વિરક્ત. રક્ત છો એ વિરક્ત થા એમ કહે છે. કામ તો આવું છે, ભાઈ! ધર્મનું સ્વરૂપ આવું છે. દુનિયાએ જોયું છે અને કહ્યું છે એવું નથી સ્વરૂપ. આ તો બીજી જાત છે. અનંતકાળમાં સંસારનો અંત અને અનંત અનંત કાળ આનંદ રહે એવું જેનું ફળ એવો જે ધર્મ આત્માનો પર્યાય એની શું વાત કરવી? આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે **'વિરક્ત થા અને...'** **'एकम्'** **'स्वयम् अपि'** **'એક ચૈતન્યમાત્ર વસ્તુને...'** ભગવાન તો જાણનાર-જાણનાર-દેખનાર એવી વસ્તુ છે એ તો. ચૈતન્યમાત્ર ભગવાન આત્મા વસ્તુ. સ્વયં **'પોતે...'** **'निभृतः सन्'** **'નિશ્ચળ લીન થઈ...'** એ વિકલ્પની જાળને છોડી. આહા..હા..! નિશ્ચળ. નિશ્ચળ પુરુષોને જ પ્રાપ્ત થાય છે એમ કહે છે. વિકલ્પની જાળમાં ગૂંથાયેલાને આ આત્મા પ્રાપ્ત થતો નથી. એને સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! જગતથી બહુ જુદી ચીજ. હવે આવા માર્ગને બીજા સાથે સમન્વય કરવો. બીજાને ઠીક છે. ધૂળેય ઠીક નથી. એક વીતરાગ સર્વજ્ઞ સ્વભાવ. વીતરાગે કહેલો એ આત્મા, તે પણ વીતરાગે કહેલો. એણે જાણેલો, જોયેલો અને એ કહ્યો તે પ્રભુ ચૈતન્ય સ્વભાવી ભગવાન એની દૃષ્ટિ કરને. આવા વિકલ્પથી નિશ્ચળ ચિત્ત કરીને સ્પષ્ટ અનુભવ કર.

**'છ મહિના અભ્યાસ કર...'** આટલી મુદ્દત મારી. છ માસ. ઝાઝી એમાં ઝાઝી નાખશે તો છ માસ લાગશે તને. ઉત્કૃષ્ટ. અંતર્મુહૂર્તમાં એ તો પ્રભુ પ્રાપ્ત થાય છે. એ વિકલ્પની જાળથી રહિત હું આત્મા એવો અનુભવ અંતર્મુહૂર્તમાં થાય, પણ તને અણઅભ્યાસે બહુ આકરું લાગતું હોય કહે છે તો છ માસ સુધી તો એની આ જ માર્ગ છે, આ જ માર્ગ છે, આવો માર્ગ છે એમ ઘુંટ. ઓહો..હો..! આહા..હા..! ઘુંટ સમજ્યા? વારંવાર. એમાં વારંવાર એની તું રુચિ કર. ઓહો..! એકલો જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા છ માસ સુધી એમાં ધારામાં ક્યાંય ખંડ ન પડવો જોઈએ રુચિમાં એમ કહે છે. એ રુચિ જો ત્યાં જામી તો છમાસે તો તને આત્મા પ્રાપ્ત થશે જ.

મુમુક્ષુ :- વારંવાર પાઠ કરે તો ચાલે?

ઉત્તર :- પાઠની વાત નથી. આ તો શાસ્ત્રનું શ્રવણ છે. એને રટ-રટ એમ કહ્યું. આહા..હા..! ભારે આકરું કામ છે અને એ સમ્યગ્દર્શન વિના બધું એકડા વિનાના મીંડા છે.

મુમુક્ષુ :- મીંડા એટલે?

ઉત્તર :- શૂન્ય. અંક વિનાની શૂન્ય. આહા..હા..! આ ચીજ જેને કરવા જેવી મનુષ્યપણું પામીને. ન્યાયતે ઈતિ મનુષ્ય. જાણનાર ભગવાન આત્મા એને છ મહિના સુધી તો એનો

આદર કરવાને મથને એમ કહે છે. સમજાણું કાંઈ? આચાર્યે મુદ્દત મારી. ઓલો છ માસનો અર્થ એવો નથી કર્યો કળશ ટીકાકારે. અનુભવ કર. અહીં છ માસ સુધી તો એટલે અમુક સુધી એનો અનુભવ કર. ઓલી મુદ્દત નથી મારી કળશટીકામાં. જીવ ઉપર આ ભેખ છેને અજીવનો એમ કહે છે. શુભ-અશુભ વિકલ્પનો જે ભેખ છે એ અજીવનો ભેખ છે. એ તારી ચીજ નથી. આહા..હા..! વ્યવહાર મોક્ષમાર્ગનો રાગ શુભરાગ એ પણ જીવ નહિ હોં! એ અજીવનો ભેખ છે ભાઈ! આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! અતીન્દ્રિય આનંદનો સાગર એમાં રાગનો ભાગ એ તો દુઃખ અને આકુળતા છે. એને છોડી એકવાર અંતરમાં આ વાદ અને વિકલ્પની જાળ નહિ. હું તો ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય છું. .. છું... લ્યો આ સમકિત સાવન આવ્યો. ભજન નથી ભજન? 'અબ તો અબ સમકિત સાવન આવ્યો.' સમકિતરૂપી સાવન આવ્યો. આ શ્રાવણ માસ છેને. આહા..હા..! ઘનઘોર વરસાદ પડે, મોરલા ટહુકે, સાધક જીવો ત્યાં ટહુકે અંદર. ધોધમાર વરસાદ પડે અંદરમાં નિર્વિકલ્પ સ્વરૂપ હું નિર્વિકલ્પ સ્વરૂપ. આહા..હા..! દુનિયા ગમે તે માનો અને ગમે તે કહો, મારે એની સાથે કાંઈ સંબંધ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે '**છ મહિના અભ્યાસ કર અને જો (-તપાસ) કે એમ કરવાથી પોતાના હૃદયસરોવરમાં...**' '**पुद्गलात् भिन्नधाम्नः**' એ વિકલ્પથી.. એ પુદ્ગલ છે એ કીધુંને વિકલ્પને પુદ્ગલ પરિણામ કહ્યાને? એવા પુદ્ગલ પરિણામ એવા વિકલ્પથી '**भिन्नधाम्नः**' જેનું તેજ. ચૈતન્યના તેજ એનો પ્રકાશ પુદ્ગલથી ભિન્ન છે. સમજાણું કાંઈ? '**એવા આત્માની...**' '**ननु किम् अनुपलब्धिः भाति**' શું એની શોભા પ્રાપ્ત ન થાય? આહા..હા..! અવશ્ય. '**ननु किम् अनुपलब्धिः भाति**' કેમ એની પ્રાપ્તિની શોભા ન થાય? આહા..હા..! એ પુણ્ય અને પાપના વિકલ્પના રાગથી પ્રભુ એ શોભતો નથી. એ તો કલંક છે. આહા..હા..! શરીર તો કિચડ છે આ તો. હાડ-માંસનો કોથળો છે આ. કોથળો સમજો છો? બોરા.

ભગવાન આત્મા વિકલ્પની જાળ. આહા..હા..! એનાથી એની શોભા નથી કહે છે હોં! અને તું એનું મનન કર અને એની શોભા પ્રગટે નહિ એમ ન થાય, એમ ન થાય. આહા..હા..! અનુપલબ્ધિ પ્રાપ્તિ ન થાય એમ નહિ. સમજાય છે કાંઈ? એનો અર્થ એ છે. શોભાની પ્રાપ્તિ ન થાય? કે શોભાની પ્રાપ્તિ થાય જ. સુંદર ભગવાન આત્મા આ કરવાનું નથી? એ જ કરવાનું છે. સુંદર સ્વભાવી ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન અતીન્દ્રિય સુખનો સાગર એના તરફના વલણના ઘુંટણથી એની શોભા છે. સમકિત એને લઈને પ્રાપ્ત થશે અને સમકિતનો શણગાર એને શોભે છે. મિથ્યાત્વ અને રાગ એને શોભા આપતું નથી. નુકસાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! તો પછી અમારે રળવું કેવી રીતે? ત્યારે આ ન કરવું તો? બાયડી, છોકરા હાથ .. વાળાના પકડ્યા છે કે આ મારી બાયડી છે, આ મારા

છોકરા છે. આહા..હા..! વિકલ્પની જાળે વળગ્યો કહે છે.

એક બે પગવાળો હતો, બાયડી થઈ ચાર પગવાળો થયો. સમજાણું કાંઈ? આ બે પગ છે કે નહિ? બે પગ છે. તો સ્ત્રી થઈ તો ચાર પગ થયા. ઢોર થયો. ચાર પગ થયાને? પશુ થયો. મારા છે એમ માનેલી હોં! એને થયું છોકરું એના બે પગ થયા છ પગ થયા એ થયો ભમરો. ભમરો-ભમરો. એને છ પગ હોય છે. ષટ્પગ. ભમરો થયો. લાલજીભાઈ! એકના બે અને બેના ત્રણ. આહા..હા..! અને એમાં વળી એનું સગપણ કર્યું. બે પગવાળી છોકરી આવી. આઠ પગ થયા. કરોળિયો થયો. કરોળિયો સમજ્યા? મકડી. કરોળિયાને આઠ પગ હોય છે. આ કોલાહલ... કોલાહલમાં ચોંટ્યો. આહા..હા..! એકલો ચૈતન્ય ભગવાન એને આવા બેકલાથી, એકડે એક અને બગડે બે. એક સ્વરૂપી ભગવાન એમાં આવા વિકલ્પથી બગાડ થાય છે. કારણ કે એ બીજી ચીજ છે. કહો, ભગવાનજીભાઈ! આ ઓલા પૈસાવાળાને આવું બધું? કોલાહલ છે? આહા..હા..!

મુમુક્ષુ :- તમે કહો છો તો કોલાહલ જ છે.

ઉત્તર :- અંદર કોલાહલ છે. એ પર મારા અને હું એનો અને અંદર દયા, દાન, વ્રતના, શુભરાગના ભાવ એ મને લાભદાયક છે, એ મારી જાતના છે, હું આત્મા છું એ. એ મિથ્યાત્વનો કોલાહલ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! એ ભ્રમણાની ભ્રાંતિને ભગવાન છોડને હવે કહે છે. આવો ભગવાન છે એને તું આમાં ક્યાં મથ્યો? નિભ્રત થા, ચંચળતારહિત થા, નિશ્ચળ થા. તારો પ્રભુ તારી પાસે છે. તારા વિકલ્પની પાછળ તારો પ્રભુ બિરાજે છે. સમજાય છે કાંઈ?

એ બનારસીદાસ કહે છેને 'મેરો પ્રભુ હૈ' 'મેરો ધણી હૈ મેરી પાસે. મોહીમેં હે મોકુ સુજતની કે. મેરો ધણી હૈ મેરે મે એ મેરે સુજત નીકે.' નીકે એટલે? નજીક. આહા..હા..! એ સમયસાર નાટકમાં આવે છે. 'મેરો ધણી નહીં દૂર દિશાંતર મોહી મેં હૈ મોહી સુજત નીકે.' આહા..હા..! 'મોહી મે હૈ મોહી સુજત નીકે.' સમજાણું કાંઈ? 'મેરો ધણી નહીં દૂર દિશાંતર.' એ મેરુ પર્વત ઓલા સમ્મેદશિખરમાં મારો આત્મા નથી ભગવાન. ત્યાંથી પ્રાપ્ત ન થાય એમ કહે છે. શેત્રુંજયની જાત્રાથી પ્રાપ્ત ન થાય એમ કહે છે. આહા..હા..! 'મેરો ધણી નહીં દૂર દિશાંતર, મોહી મેં હે મોહી સુજત નીકે.' મેરે સુજત નીકે. બરાબર છે. આ આત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે આ બધું કરીએ છીએ એમાંથી નહિ મળે? આ દાન કરીએ, દયા પાળીએ, વ્રત પાળે, ભગવાનની ભક્તિ, મંદિરો. જીવ મંડળના દયા મંડળના અગ્રેસર થાય, પૈસા ઉઘરાવે. એય..! ગિરધરભાઈ! આ ગિરધરભાઈ જેવા મોઢા આગળ પડે શેઠિયા તે પૈસા દેવા પડે ત્યાં જાય તો. ભેગા કરે પછી એનાથી કલ્યાણ થાય કે નહિ? એય..! આહા..હા..! એના દીકરાએ એક લાખ રૂપિયા કાઢ્યા છે. એની મા મરી

ગયા પાછળ. તો એમાંથી ભાગ પાડીને જાણે એમાંથી લાભ લઈ લીધા. મલુપચંદભાઈ. એને દીકરા છેને બે. ૩-૩ કરોડ રૂપિયા એક પાસે.

મુમુક્ષુ :- બહુ કિંમતી છે.

ઉત્તર :- ધૂળેય કિંમતી નથી. પણ એની મા મરી ગઈ એટલે આને ઘરેથી ત્રણેએ લાખ કાઢ્યા. લાખમાં ક્યાં બીજાને કેટલાને ભાગ પાડીને ખુશી કરશે. કોકને તેર હજાર, કોકને પાંચ હજાર આ વળી પચાસ હજાર આપે ત્યાં કાંઈક તમારે. સુરેન્દ્રનગર થાય છેને શિબિર. ઓલા .. પણ એલા એ તો તે કાઢ્યા હતા એમાંથી આપ્યા એમાં શું તે કાઢ્યું? મારે હારે ભારે ભાઈ! આહા..હા..! અરે! લાખ શું તારા કરોડ કાઢને એ તો જડ છે. એમાં કદાચિત્ રાગની મંદતા કરે તો પુણ્ય છે. એ કાંઈ દાન છે માટે ત્યાં ધર્મ થાય છે (એમ નથી). તો તો નિર્ધન પૈસા વિનાના માટે પૈસા ગોતવા માટે. પૈસા ઝાઝા હોય તો આપણને ધર્મ થાય. ધૂળેય નથી સાંભળને તારા હવે. અબજ હોય કે કરોડ હોય કે. આહા..હા..! કહે છે કે અબજપતિ છેને આપણે એક અહીંયાં વાણિયા. ઘણાને નભાવીએ છીએ વળી એમ કહે. બે અબજ ચાલીસ કરોડ.

મુમુક્ષુ :- ... રૂપિયા ક્યાં છે?

ઉત્તર :- એ લોકો એમ કહે છે. વાતું કરતા હતા. એના બનેવી જ વાત કહેતા હતા આપણે તો એ સાંભળ્યું હોયને પોપટભાઈ. આપણે અહીંના છેને. એની દીકરી બ્રહ્મચારી છેને. એ કહે આ અમારા શાંતિલાલ પાસે આટલું ધન છે. ત્યાં સુધી એ તો કહેતા હતા કે એક દિ'ની પાંચ લાખની પેદાશ છે કહે. એ વાત કરેને. ઓળખો છો? પોપટભાઈ નહિ લીંબડીવાળા આવે છે એક. એના બનેવી. ગોવા. એના બનેવી. કરોડપતિ. એનો સાળો છે એ. એ વાત કરે. આપણને તો ક્યાં બધી ખબર. આમ છે. ધૂળેય નથી હવે કાંઈ. આહા..હા..! એય..! બાબુભાઈ! ઓલું જોયું કે નહિ? સંસારમાં શું છે? હોળી છે ત્યાં. પૈસા હોય તોપણ હોળી છે અને કષાય છે. એને વાપરવામાં પણ કષાયનો ભાવ છે, રાખવામાં પણ કષાયનો ભાવ છે અને રળવામાં પણ કષાયનો ભાવ છે. આહા..હા..! કષાય અગ્નિથી સળગે છે. પ્રભુ એના વિકલ્પથી ભિન્ન છે આ આત્મા. આહા..હા..! એની પ્રાપ્તિ માટે આવા વિકલ્પ અને આવા કામની જરૂર નથી. આહા..હા..! એ તારા વ્રત પાળીએ છીએ હમણા. આ કહે ધૂળેય નથી સાંભળને મારા તારા વ્રત કહેવા કોને? એ તો હજી બહારના છે તો વિકલ્પ શુભરાગ છે. એ તો ધર્મ ક્યાં છે? આહા..હા..!

સર્વજ્ઞ પરમેશ્વર.. આમ બોલે ખરા સાંજ-સવાર 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. અરિહંતા શરણં.' લાલજીભાઈ! આ બધા અગ્રેસરો તમે કલકત્તામાં લ્યો શેઠિયાઓ. 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં, અરિહંતા શરણં, સિદ્ધા શરણં, શાહુ શરણં, કેવળી...' પણ કેવળી પણ્ણંતો

ધર્મ કહેવો કોને એની ખબર છે તને? આહા..હા..! એય..! રામજીભાઈ! આ આત્મા અનંત આનંદનો નાથ અતીન્દ્રિય એને આ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પાડીને અનુભવવો એનું નામ ધર્મ અને કેવળી પણ્ણંતો ધમ્મો એને કહીએ. બાકી બધી અજ્ઞાનની વાતું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનુભવ એ મોક્ષનો માર્ગ છે, અનુભવ એ ધર્મ છે. એ વિકલ્પ બિકલ્પ એ વ્રતના એ કાંઈ ધર્મ નથી. એ તો પુણ્યભાવ છે. પુણ્યભાવનો વિકલ્પ છે એ કોલાહલ છે. આહા..હા..! કઠણ ભારે ભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ જેની હાજરીમાં ઈન્દ્રો. લોકના સ્વામી અર્ધલોકના સ્વામી ઈન્દ્રો જેને ઘરે દસ-દસ અનેક કરોડો તો અપ્સરાઓ. એની સામે ભગવાન આમ કહેતા હતા. સમજાય છે કાંઈ? અરે! ભાઈ! હઠ છોડને પ્રભુ! અને તારી શોભા છે ત્યાં આવને. આહા..હા..! ઈન્દ્રના ઈન્દ્રાસનો અને દસ-દસ કરોડો અપ્સરાઓ એ તારી શોભા નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિના, પૂજાના વિકલ્પ રાગ એ તારી શોભા નહિ. ભારે કઠણ. બિચારા શું કરે? અહીં સુધી ઘુંચી ગયો હોય .. ઓલામાં એને આ કહે તો ઘા પડે. આ તે વળી વીતરાગનો માર્ગ આવો હશે? કે આ તે નવો માર્ગ કાઢ્યો હશે આ? આ નાગરભાઈએ તો સાંભળ્યો પણ નહોતો આવો. આહા..હા..!

ભાઈ! તું અનંત આનંદના શાંતિના સાગરથી ખાલી નથી. એ પુણ્ય અને પાપના રાગથી ખાલી છો. ખાલી સમજ્યા? શૂન્ય. તારું વસ્તુ સ્વભાવનો ધર્મ, વસ્તુ તે આત્મા એનો સ્વભાવ જ્ઞાન, આનંદ અને શાંતિ એનો સ્વભાવ. એમાં એકાગ્ર થવું તે ધર્મ છે. આહા..હા..! વીતરાગનો આ ધર્મ છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે પરમાત્મા આમ કહેતા હતા. એ વાત છે આ. આહા..હા..!

મુમુક્ષુ :- થતો કેમ નથી?

ઉત્તર :- દરકાર કરી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરમા રુચિ થઈ ગઈ છે બહુ. ..માં ક્યાં? રુચિમાં પોષાણમાં માલ ન આવે જ્યાં સુધી ત્યાં સુધી એ સાંભળ્યું એ તો... આહા..હા..! સાંભળ્યું કે ત્યાંથી એક લાખના મગ લઈ આવીએ તો એમાંથી ત્યાં સાડા ત્રણના મળે છે અને અહીં ચાર થાશે એમ સાંભળે એમાંથી આટલો લાભ થશે. પણ સાંભળ્યું એમાં શું થયું? એમ આ સાંભળ્યું ત્યારે કહીએ. આહા..હા..! નહિતર તો પ્રભુ કહ્યું નહિ ચોથી ગાથામાં ભગવાન! '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।**' એ શુભરાગની ઈચ્છાને રાગ એને કરવો અને એને ભોગવવો પ્રભુ એ વાત તો તે અનંતવાર સાંભળી છે. આહા..હા..! એ પુણ્યનો ભાવ જે રાગ એને કરવો અને એને ભોગવવો. સંસ્કૃત ટીકામાં એ શબ્દ પડ્યો છે. '**कामभोगानुबद्धा कथा**' અનુબંધ

છે. આ સંસ્કૃતમાં છે અહીં છેને. પાંચમી ગાથાને? ચોથી-ચોથી. ચોથી છે. '**कामभोगानुबद्धा कथा**' પાનું છે તેર. પહેલી લીટી સંસ્કૃતની. '**कामभोगानुबद्धा कथा**' અમૃતચંદ્રાચાર્યનું સંસ્કૃત છે. '**कामभोगानुबद्धा कथा**' ભગવાન! કામ નામ પુણ્યના પરિણામ રાગાદિ એને કરવા અને એને ભોગવવા એવો અનુબંધ જેમાંથી રાગનો અને વિકારનો જ અનુબંધ જાગે. એવી વાર્તા તો તે અનંતવાર સાંભળી પ્રભુ તે. આહા..હા..! પંડિતજી! '**कामभोगानुबद्धा कथा। इदं तु नित्यव्यक्तयान्तःप्रकाशमानमपि कषायचक्रेण** ' એ લાંબી વાત છે. આહા..હા..! ભગવાન તું જેવડો અંદર છો એવડો અને એટલી કિંમતની માલવાળો તે સાંભળ્યો નથી. આહા..! સમજાય છે કાંઈ?

આ તો વીતરાગ માર્ગ છે. તો કહે છે કે એ રાગ જે વિકલ્પ છે દયા કરવી ને દાન ને ભક્તિ ને પૂજા ને વ્રત એવો જે રાગ એ તો તે અનંતવાર સાંભળ્યો છે. રાગના અસ્તિત્વથી મને લાભ થશે એવું અનંતવાર સાંભળ્યું છે. અરે! પરિચયમાં આવી ગયો છે એમાં. આહા..હા..! અનુભવમાં આવી ગયો છે. '**सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।** ' કામભોગની બંધકથા પરંપરા-પરંપરા રાગ જ થાય ને વિકાર થાય અને આકુળતા થાય. આહા..હા..! ભારે વાત ભાઈ! આવી વાત! સમજાણું કાંઈ? શેઠ! રાગ કરવો અને ભોગવવો, શુભ હો કે અશુભ. આહા..હા..! એ કરવું અને ભોગવવું એ વાત તો તે અનંતવાર સાંભળી છે. અનંતવાર કરી છે. તારા વેદનમાં, અનુભવમાં એ વિકારની વેદના અનંતવાર કરી છે તે, પણ એનાથી ભિન્ન ભગવાન આત્મા. એ વિકલ્પ જે રાગ છે એને માણસ એમ માને છે કે આ અમે ધર્મ કરીએ છીએ. આહા..હા..! અને મનાવનારા એમ માને મનાવે છે ઉપદેશકો. લાલજીભાઈ! ત્યાં એ સાંભળ્યું હતું? બીજું શું સાંભળ્યું કલકત્તા? આહા..! આ વ્રત પાળો, અપવાસ કરો, આઠમના કરો, .. કરો, માસખમણું કરો અને પછી અમે ઉજવીએ, રથ કાઢીએ. ધૂળેય ધર્મ નથી સાંભળને. આહા..હા..!

આ તો ધર્મનું સ્વરૂપ ભગવાન ધર્મી એવો આત્મા એમાં જે અનંત જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ એને વિકલ્પથી છોડીને એકવાર જો તો ખરો. તારી પ્રભુતાની સંપદાએ શોભતો અંદર પડ્યો છો. સમજાય છે કાંઈ? તારી પ્રભુતાની સંપદાથી શોભતો અંદર છો. આવા રાગની શોભાથી તને કાંઈ શોભા નથી ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આવી કરૂણાથી મુનિઓ વાત કરે છે હોં! આહા..હા..! અરે! એકવાર તો જો ભાઈ! તને આ હઠમાં કેમ આવી ગયો? આ તને શો હઠ થઈ ગયો? એ ક્રિયાકાંડમાં રાગની મંદતાથી તને ધર્મ થાય? આવો હઠ કેમ થઈ ગયો છે તને? આહા..હા..!

મુમુક્ષુ :- કજીયાવાળો છોકરો છે.

ઉત્તર :- કજીયાળો છોકરો છે. કજીયાળો છોકરો કોઈ દિ' હા પાડે જ નહિ. તરબુચ

હોયને તરબુચ. આ એમાં પણ આવ્યું છે. અત્યારે તો ચારેકોર ભેળસેળ. તરબુચને કાપેલ બતાવે ત્યારે છરી હોય એ સાકરવાળી કરીને કાપે. ગજબ કરી એ. ગળી લાગે. આવું હોય? છરીએ સાકર રાખે.

મુમુક્ષુ :- સાકરવાળી નહિ સેક્રીન રાખે.

ઉત્તર :- સેક્રીન હશે સાકર નહિ. અને ત્યાં સુધી આવ્યું પાછું ઓલું લાલચોળ બતાવવું હોય તો ભેગું લાલ રંગ ચડાવે છે. લાલ રંગ બતાવે. જુઓ આ ચીર. ચીર સમજ્યાને? આખામાંથી કાઢેલું. અધમણ તરબુચ હોય. શેઠ! આ શોભાલાલજી જેવા શેઠ લેવા ગયા હોય પછી બરાબર એને એ રીતે આવું અધમણ તરબુચ. તરબુચ સમજો છો? તરબુચને શું કહે છે? તરબુચ હોયને આમ ડગળી કાઢીને. ડગળી કરી નીચેથી આમ ખેંચે. આમ-આમ. એ છરી જે હોય તે અંદર સાકર અને રંગ એ બેય ચડાવીને મારી હોય અંદર તો ધોળું તરબુચ હોય તો લાલ દેખાય. ગજબ! ત્યાં પણ દગા. કાલે આવ્યું હતું. જૈનપ્રકાશમાં. ઘણું આવ્યું હતું બહુ મારે ભારે દગા થઈ ગયા અત્યારે. આહા..હા..! દગા અને રાગની દગા વિનાની ચીજ તારી છે. રાગથી ધર્મ મનાવે એ દગો છે હોં. આહા..હા..! ભાઈ! તને ખબર નથી. તું ખુશી થઈ જઈશ. ઓલી રંગને મારેલી છરી રંગ પાછા એ રંગ એવો હોય કે મારી નાખે, ઝેર ચડે. હળવે હળવે આમ નુકસાન થાય કહે છે. એમ લખ્યું છે હોં! આહા..હા..! એ લખ્યું છે એવા રંગ આવે છે. દેખાય ખરો પણ અંદરમાં નુકસાન કરે. આહા..!

આવું એક છેને સૂર્યનો ધડાકો આવ્યો છે તો એના પરમાણુ આવશે તો લોકો વૃદ્ધ થઈ જશે અને કેન્સર થશે. હવે કેન્સર થવા દેને થાવું હશે બધું. અહીં મારને. એ માણસ બહુ વાંચે છે લ્યો! સૂર્યમાં ધડાકો થયો છે. છાપામાં આવ્યું છેને. એવો ધડાકો થયો કે આ દુનિયા જેટલી છે એનાથી ત્રણ ગણો ખાડો પડી ગયો. આ જગતથી મોટો સૂર્ય એમ કહે છેને તમારા વિજ્ઞાનમાં? સૂર્યથી આ પૃથ્વી તો ઘણી નાની. સૂર્ય તો આ પૃથ્વી જેટલી છે એનાથી તો ઘણો મોટો. કેટલા ખાડો પડ્યો? કે આ પૃથ્વી જેટલી એટલી ત્રણ ગણો તો ખાડો પડ્યો. હવે એથી તો કેવડો મોટો હશે! આહા..હા..! પ્રભુ! તું ચૈતન્યસૂર્ય છો. આ વિકલ્પ અને પુણ્યની ક્રિયાથી લાભ થાય મોટો ખાડો પાડ્યો છે હોં એણે. એ ચૈતન્યના સૂર્યમાં ધડાકો માર્યો છે તે. બહારની વાત તો એને ઘરે રહી. આહા..હા..! ભાઈએ નાખ્યું છે ફુલચંદે. **'कामभोगानुबद्धा'** શબ્દ સંસ્કૃતમાં છે. **'कामभोगानुबद्धा'** રાગની પરંપરા વધારનારી. વિકારની. આવે છેને ભાઈ ઓલું? .. છે એ. દ્વાદશાંગમાં. બાર ભાવનામાં. શુભભાવ, આસ્રવ એ અનર્થનો કારક છે, પરંપરા અનર્થનો કારક છે. આહા..હા..! હવે આ કહે કે શુભભાવની ક્રિયાથી અમને કલ્યાણ થાય. ગજબ વાત છે! તે આત્માને હણી નાખ્યો ભાઈ! ભગવાન જેને રાગની મંદતા એની પણ અપેક્ષા નથી જેને સ્વરૂપની પ્રાપ્તિમાં એવો નિર્લેપ નિરપેક્ષ.

અરે! કબુલાતમાં ક્યાં આવે છે એને? આ બેસે એં.. એં.. લથડિયા.

આવો ભગવાન આત્મા જો તો ખરો કહે છે. **'ननु अनुपलब्धिः' 'ननु अनुपलब्धिः'** શું ન પ્રાપ્ત થાય? તારી શોભા શું તને ન પ્રગટ થાય? ન હો. થાય જ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ ગાય છે અમારે કાઠિયાવાડમાં. ઓલો પરણવા આવેને વર. દુલ્હો-દુલ્હો. ત્યારે. નાણાનો બળિયો હોઈ કોઈ. એવું કાંઈક બોલે છે. એની પહેલા શું કહે? નહિ પાછો વળે શું કહે છે નહિ? નાણાનો બળિયો એવી ભાષા. એના પહેલા છેને. ભૂલી ગયા. એકફેરી સાભળ્યું અમે કુંવરભાઈ પરણવા આવ્યા હતા ગઢડા. અપાસરામાં હતાને .. ૭૨માં આ .. ૭૨ની સાલની વાત છે. પાછો નહિ ફરે. નાણાનો બળિયો એવું આવે છે કાંઈક. એમ ભગવાન નાણાં એટલે આ જ્ઞાન. એનો બળવંત પ્રભુ એને રસ્તે જતા એ પાછો નહિ ફરે કહે. આહા..હા..! જેને જ્ઞાનનું બળ છે સ્વરૂપ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એનું જેને બળ છે એ મોક્ષથી પાછો નહિ ફરે. એ મોક્ષમાં મોક્ષ થશે એનો. આહા..હા..! સમજાણું કાંઈ? આવો તે વીતરાગ ધર્મ હશે? ભાઈ અત્યારે તો અમે એમ સાંભળ્યું દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા. આ પર્યુષણમાં આઠ દિ' તાણવા-ખેંચવા અપવાસમાં પર્યુષણ. બાયુ પછી એ... આહા..હા..! મારી નાખ્યા બિચારાને. એ શુભરાગ કરે કદાચિત્ એમાં હોં! માન માટે કરે અને એ માટે કરે તો એને પાપ છે. પણ એની.. માન માટે કરે અને એ માટે તો એને પાપ છે. પણ એની બુદ્ધિમાં ધર્મને હેતુ એ કરે. તો એ શુભરાગ છે, પુણ્ય છે, ઝેર છે. એમાંથી ભિન્ન પડને પ્રભુ! આહા..હા..! અમૃતનો સાગર ડોલે છેને ત્યાં અંદર. એવા અમૃત પાસે આ શોભા આ રાગની ન શોભે. તારી પ્રાપ્તિ થાય એ શોભે તને. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો!

**'ભાવાર્થ :— જો પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય;...'** છેને? વસ્તુ છે એને પ્રાપ્ત કરવી એમાં ન મળે એમ કેમ થાય? આત્માને રજકણનો બનાવવો હોય આત્મા કે પરમાણુને પોતાનો બનાવવો હોય તો ન બને. કેમકે એની ચીજ નથી. રાગરૂપે બનાવવો હોય આત્માને તો એની ચીજ નથી નહિ બને એ. પુણ્ય-પાપનો વિકલ્પ રાગ છે, રાગરૂપે બનાવવો હોય તો નહિ બને એ. પણ પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ જરૂર થાય, જરૂર બને. આહા..હા..! એ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ બિરાજે છે એ ભગવાન કહેતા એ પામરને આકરું પડે છે. આહા..હા..! રાંકાઈ વેદી છેને. રાંકાઈ કરી છેને અનાદિથી. સાધુ થયો તોપણ રાંકા ભિખારા બિચારા. એ ક્રિયાકાંડના રાગી અને એ રાગના ભિખારા એનાથી ધર્મ થાય એમ માનનારા. સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! આવી વાત છે અહીં તો. બહારમાં તો આહા..હા..! મોટો વરઘોડો કાઢ્યો હતો, વર્ષીતપ કર્યા સો જણાએ એમાં મુંબઈનો વરઘોડો. ઘોડાગાડીઓ, મોટરું, ધજાઓ, મોટા.. આહા..હા..! ફલાણાની દીકરીએ મોટો તપ કર્યો હતો, ફલાણાની વહુએ મોટો તપ કર્યો હતો. તપ કેના હતા? લાંઘણું હતી

સાંભળને. ભગવાન આનંદનો નાથ જેને અંતરમાં નજરમાં પડતો નથી અને એવી ક્રિયાકાંડની વિકલ્પની જાળમાં કરોળિયો સલવાઈ ગયો છે. કરોળિયો સમજ્યા? મકડી. આઠ પગવાળો. આ આઠ આવરણવાળો. થઈ રહ્યું. .. આહા..હા..!

કહે છે **'પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય; જો પરવસ્તુ હોય તો તેની તો પ્રાપ્તિ ન થાય.'** રાગને, રજકણને પોતાનો કરવો હોય તો એ નહિ બની શકે. કારણ કે એ ચીજ પર છે. આહા..હા..! એને તો એવું લાગે કે આ વાત બહુ ઊંચા દરજ્જાની છે. આ તો એમ.એ. કેટલાકને એવું લાગે. હજી તો ધર્મ પહેલો પામવાની આ રીત છે. પ્રાથમિક ભૂમિકાની વાત છે. આ તો ઓહો..હો..! ક્યાંય લોકો. પુણ્ય પણ નહિ ધર્મમાં? હો પુણ્ય, પણ એ ધર્મ નહિ. પુણ્ય કરવાની ના પાડે છે. વળી એમ કહે છે. કરવાની ના કોણ પાડે? છોડવાની ના કોણ પાડે? પણ ધર્મ એને સાંભળને. એય..!

**'પોતાનું સ્વરૂપ તો મોજૂદ છે,...'** ભગવાન આત્મા જ્ઞાન અને આનંદથી તો હયાતીવાળું તત્ત્વ છે એ તો. છે તેની પ્રાપ્તિ કરવી છે અંતરમાં. એ ન મળે એમ કેમ બને? આહા..હા..! પણ એનો એને વિશ્વાસ આવતો નથી. સમજાણું? આવડો મોટો કેવો? કારણ કે પર્યાયની આડમાં આખું પર્યાયવાન તત્ત્વ આખું ગુપ્ત રહી ગયું. **'पज्जयमूढा हि परसमया'** આવે છેને? એ પર્યાયનો અર્થ શરીરનું એમ થયું. પણ એ પર્યાયમૂઢનો એક સમયની અવસ્થામાં મૂઢ થયો. એમ સરવાળો તો એવો છે. એવો અર્થ કરવો પડે છે. પર્યાયમૂઢનો અર્થ. પર્યાય એટલે શરીર, એમાં મૂઢ થઈ ગયેલો. શરીર તો હવે જડ છે સાંભળને. ત્રણલોકનો નાથ એક સમયની પર્યાયવાળો અને પર્યાયવાળો અને પર્યાયસ્વરૂપ હું છું એ મૂઢતા છે. આહા..હા..! એ પરસમય અનાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહા..! સમજાણું કાંઈ? પછી ભલે સાધુ નામ ધરાવતો હોય. બાયડી, છોકરા છોડીને બેઠો હોય, ભીખ માંગીને ખાતો હોય. પણ કહે છે કે એ બધી જડની ક્રિયાઓ શરીરની. એને મારાથી થાય એમ માને અને એમાં રાગની મંદતા હોય, એ મારું સ્વરૂપ અને ધર્મ થાય. મૂઢ છો. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ! બાપુ! તું તો છોને. પણ ભૂલી ગયો છો. દાખલો આવ્યો હતોને ૩૮ ગાથાનો નહિ. મુઠ્ઠીમાં સોનું ભૂલી ગયો. એમ ભગવાન આનંદસ્વરૂપ જ્ઞાન છે એ ચૈતન્ય હીરલો ભૂલી ગયો છે. પુણ્ય અને પાપના પરિણામ ભિખારા રાંકા ઝેરના પરિણામ એને પોતાના માન્યા. સમજાણું કાંઈ? આ રહી ગયું છે એ આ.

**'જો ચેતીને દેખે તો પાસે જ છે.'** અંદરમાં ચેતીને, જાગૃત થઈને રાગના અવલંબનને છોડી દઈને ચેતીને જો તો જાગૃતસ્વરૂપ બિરાજે છે કહે છે. એને ક્યાંય બહાર નથી કે જે ન મળે અને તારું હયાતી નથી એમ નથી. ન મળે એમ કેમ બને? સમજાણું કાંઈ? આહા..હા..! એ પાસે જ છે. **'જો ચેતીને દેખે તો પાસે જ છે.'** આ તો પુરુષાર્થથી વાત કરી.

ભાઈ કર્મ ઘટે અને કાંઈક રાગની મંદતા થાય ને મળે એમ વાત ન કરી. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ ત્રિલોકનાથ એની વાણીમાં આ આવ્યું. એણે સાંભળ્યું નહિ કોઈ દિ' મારે ગણકાર્યો નહિ. આહા..હા..! નનૂર થઈ ગયો નનૂર. નૂર નામ ચૈતન્યના તેજ વિનાનો. આહા..હા..! હિજડા કેટલાક હોયને માણસની બાયડીયું. કાંઈક બહુ વાંક હોયને પછી .. મારે માથે. ઓલી શું કહેવાય નેતરની. નેતરની સોટી હોયને. હુંકારો ન કરે પાછો એમ કહે નનૂર છે હિજડો થયો. આવું સાંભળેલું જોયું છે હોં! નીચે સાસુ-સસરા બેઠા હોય એટલે માથે મારતો હોય એનો ધણી. હુંકારો ન કરી શકે. શું છે મા? મીંઢડી થઈ ગયો છે? એમ અહીં કહે છે કે મીઢડો થઈ ગયો મારા. ... મીઢડો અમારી ગુજરાતી ભાષા છે. મીઢડાનું શું હશે? એય..! શું હશે એ મીઢડાની ભાષા. મુગો. આટલો આટલો માથે પ્રહાર પડે પણ મારો જાગતો નથી. એ ગુજરાતી ભાષા એ પ્રમાણે આવવું જોઈએ અહીં તો.

**'અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો જ વખત લાગે. તેનું થવું તો અંતર્મૂહૂર્તમાત્રમાં જ છે,...'** આહા..હા..! એક અંતર્મુહૂર્તની અંદર આત્માનો અનુભવ થાય એની એ ચીજ છે. પણ પહેલી શ્રદ્ધામાં લે કે આ રાગ અને વિકલ્પની બધી ક્રિયાઓ મારી નહિ. એમ અંતરમાં અનુભવ કરે તો અંતર્મુહૂર્તમાં પ્રાપ્ત થાય એવો છે. **'પરંતુ શિષ્યને બહુ કઠિન લાગતું હોય તો તેનો નિષેધ કર્યો છે. જો સમજવામાં બહુ કાળ લાગે તો છ મહિનાથી અધિક નહિ લાગે; તેથી અન્ય નિષ્પ્રયોજન કોલાહલ છોડી...'** આવ્યું હતુંને એ? **'આમાં લાગવાથી જલદી સ્વરૂપની પ્રાપ્તિ થશે એવો ઉપદેશ છે.'** લ્યો! હવે વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)